# મીરાતે એહમદી.

અથવા.

# ગુજરાતનો ઇતિહાસ.

પોલિટિકલ ભોમીઆ ઉપરથી

પઠાણ નીઆમખાન નુરખાન વકીલ.

સને ૧૯૧૩.

નકલ ૫૦૦ આવૃતી પહેલી.

કીંમત રૂ. ૫—૦—૦

પ્રગટ કર્ત્તાએ સર્વ હક સ્વાધીન રાખ્યા છે.

અમદાવાદ—"ધી અમરસિંહજી પ્રી. પ્રેસમાં,
પઠાણ નીઝામખાન નુરખાન વકીલે છાપ્યું.

# Brief History of the life of

# H. H. the Shaikh Saheb

## OF MANGROL.

Shaikh Mohmad Jehangeermia Saheb the present Shaikh of Mangrol comes of a very ancient family of the Siddiki line of Arbia who appeared on the Western coast of Kathiawar somewhere in the 14th century in the time of the Emperor Firoz Tughluk.

Although it is belived that Sultan Mahmood Ghuznavi on his way to Somnath Pattan reduced Mangrol and left territory in the hand of his Gohil Chief in return for an annual tribute, the proper period from which Mangrol is found to be in the undisturbed possession of the Mohamedan rulers is in the time of Firoz Tughluk whose General Ayazuddin bin Aram Shah really finally conquered it.

Shaikh Jalaluddin an ancestor of the Shaikh Saheb was a prominent personality in that conquering army. He was given a Sanad by the Emperor as a law giver.

In 1531 Sultan Mohmad Begda of Ahmedabad captured Mangrol, but none on his behalf settled there. In 1592 Ghoga, Mangrol, Somnath and sixteen other ports were brought under the Imperial Throne on Dehli and a Fauzdar was set on them.

In 1727 Shaikh Fakhruddin a later ancestor of of the Shaikh Saheb secured the independance of Mangrol from the Imperial throne and set up an oligarchy in Mangrol. Twenty two years later Shaikh Mia the power of whose sword and political sagacity is well known in Kathiawar proclaimed himself the first Shaikh of Mangrol. Mangrol therefore is the most senior Mohamedan State in Kathiawar.

The present Shaikh is the sixth successor and fifth descendant of the famous Shaikh Mia, who founded the Mangrol principality.

Shaikh Jehangeer Mia was born in 1860 and is at present 53 years of age. He succeeded his brothe Shaikh Husain Mia Saheb who died issueless in 1908. Joining the Rajkumar College in 1872 whicl fact secured of him to-day the honour of being on of the few old Rajkumar College old boys in Kathia war. He completed his College education somewher in 1880. His brilliancy in the College and ancien name of the family secured for him the single honou of being selected by H. E. Lord Reay's Governmen as the first Mohamedan in the statutary civil servic in Bombay Presidency.

He was an assistant collector at Ahmedabad an passed his departmental examination with credi His experience of Revenue and Judicial work whi in service has made him a ruler, the like of who is not often seen in Native States in India.

The Shaikh Saheb's interest in the education Mohamedans is worthy of mention. An old admir

f the late Sir Syed he is an unostentatious but a incere advocate of all Aligarh movements.

The handsome donation of Rs. 10000 inspite f the indebted condition of the State and the practial welcome he gave to the Muslim University Deputation a few years ago sufficiently prove his genuine nterest in the progress of education. In Mangrol lso he has a Madrassa which is put on sound basis fter taking daily pains. When he came on the adi the Anglo Vernacular School in Mangrol aught only upto the fifth standard but only after hree years of his reign he has raised that institution to a High School, besides increasing the number f schools in his State.

When he came to the Gadi the State was eavily indebted. But by his Judicious administraon he has considerably reduced the indebtedness d immensely improved financial condition as well credit of the State.

Over and above being a competant administrar the Shaikh Saheb is a keen sprtsman and takes eat interest in Mechanical Science and last but t the least he can not be excelled in his social alities.

His affable position has made him dear to all stes and creeds of his subjects.

The Shaikh Saheb has four promising sons the lest of whom, the heir apperant Kumar Shri dul Khalik who having passed with honour the ploma at the Rajkumar College, lately Joined the perial Cadet corps at Dehra Dun.

# ૭૮૬

## રયાસત માંગરોળ (કાઠીઆવાડ)ના નામદાર દરબારશ્રી

# શેખ મોહમ્મદ જહાંગીર મીયાં

## સાહેબ બહાદુરનું

# ટુંક જીવનવૃત્તાંત.

માંગરોળના હાલના દરબાર સાહેબ શ્રી શેખ મોહમ્મદ જહાંગીર મીયાં સાહેબ ફીરોજ તઘલખ બાદશાહના વખતમાં ચૌદમી સદીમાં કાઠીઆવાડના પશ્ચિમ કિનારા ઉપર આવી ચઢેલાં અરબસ્તાનની સીદ્દીકી ખાનદાન ઓલાદમાંથી છે.

જો કે એમ માનવામાં આવે છે કે સુલતાન મોહમ્મદ ગઝનવીએ સોમનાથ પાટણપર સ્વારી કરતાં રસતામાં માંગરોળ સર કરી લીધું હતું, અને તે પ્રદેશ વાર્ષિક ખંડણીની શરતે પોતાના એક ગોહીલ સરદારની હકુમત નીચે મુકયો હતો. તો પણ મુસલમાન રાજ્ય કર્ત્તાઓની સત્તા નીચે સુખશાન્તિથી હસ્તી ભોગવતાં માંગરોળનો વાસ્તવિક સમય તો ફીરોઝ તઘલખના સરદાર અયાઝુદ્દીન બીન આરામ શાહે આખર ખરી રીતે માંગરોળ જીત્યું ત્યારથી ગણવામાં આવે છે.

હાલના શેખ સાહેબના એક વડવા શેખ જલ્લાલુદ્દીન તે વિજેતા લશ્કરમાં એક ફતેહમંદ આગેવાન પુરૂષ ગણાતા હતા, બાદશાહ તરફથી તેમને ધારા શાસ્ત્રી "કાઝીની" સનદ આપવામાં આવી હતી.

૧૫૩૧ માં અમદાવાદના સુલતાન મહમદ બેગડાએ માંગરોળ જીત્યું, પરન્તુ તેના તરફથી કોઇ ત્યાં રહ્યું નહીં. ૧૫૯૨ માં ધોઘા, માંગરોળ, સોમનાથ અને બીજાં સોળ બંદરો દીલ્હીની સાર્વભૌમ સત્તા નીચે મુકવામાં આવ્યાં હતાં, અને તેમના ઉપર એક ફોજદાર નીમવામાં આવ્યો હતો.

૧૭૨૭ માં શેખ સાહેબના એક જૂના પૂર્વજ શેખ ફકરૂદ્દીને સાર્વભૌમ સત્તામાંથી માંગરોળ સ્વતંત્ર કર્યું અને માંગરોળમાં એક સત્તા સ્થાપી.

ત્યાર પછી બાવીસ વર્ષે પોતાની તલવારનાં બળે અને રાજ્યતંત્ર કૌશલ્યથી કાઠીઆવાડમાં પ્રસિદ્ધિ પામેલા શેખ મીયાં સાહેબ માંગરોળના પહેલા શેખ તરીકે તખ્તનશીન થયા.

માંગરોળ સ્વસ્થાન સ્થાપનાર આ પ્રખ્યાત શેખ મીયાં સાહેબના હાલના શેખ સાહેબ છઠ્ઠા વારસ અને પાંચમા વંશજ છે.

શેખ શ્રી મોહમ્મદ જહાંગીર મીયાં સાહેબનો જન્મ ૧૮૬૦ માં થએલો છે, અને હાલમાં તેઓ સાહેબની ઉમ્મર ૫૩ વર્ષની છે. ૧૯૦૮ માં જન્નત નશીન થએલ પોતાના અપુત્ર ભાઇ શેખ શ્રી હુસેન મીયાં સાહેબ પછી તે નામદાર તખ્તનશીન થયા છે.

૧૮૭૨ માં તેઓશ્રી રાજકુમાર કોલેજમાં દાખલ થયા હતા, અને રાજકુમાર કોલેજના કાઠીઆવાડના થોડાજ પ્રથમના રાજકુમારો પૈકીના એક તરીકે માન ભોગવે છે; કોલેજમાં પોતાની હુંશીયારી અને પોતાના પુરાતની ખાનદાન વંશના પ્રતાપે નામદાર લોર્ડ 'રે' ના રાજ્યકારોબારમાં મુંબઇ ઇલાકામાં સીવીલ સરવીસના પહેલા મુસલીમ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

તેઓ નામદાર અમદાવાદના આસી૦ કલેકટરના હોદ્દા ઉપર હતા, અને પોતાના ખાતાંની પરીક્ષા ઘણે ઉંચે નંબરે પસાર કરી હતી.

પોતાની નોકરી દરમીયાનના રેવન્યુ–મુલ્કી અને જ્યુડીશીઅલ–દિવાની અનુભવથી એક એવા રાજ્યકર્ત્તા નિવડ્યા છે કે હિંદુસ્તાનના દેશી રાજ્ય કર્ત્તાઓમાં તેવા ભાગ્યેજ જોવામાં આવે છે.

ના. શેખ સાહેબની મુસલમાન કોમ તરફની લાગણી ઘણી ધ્યાન ખેંચવા જેવી છે. તેઓશ્રી મરહુમ સર સૈયદના એક જુના પ્રશંસક છે, અને અલીગઢની તમામ હીલચાલોના એક સાદા અને સાચા હીમાયતી છે.

સ્ટેટની દેવાદાર સ્થીતી હોવા છતાં પણ રૂા. ૧૦૦૦૦) દસ હજાર રૂપૈયાની ઉમદા બક્ષીસ, અને થોડાં વરસ પહેલાં મોસ્લેમ ડેપ્યુટેશનને આપેલા ઉમદા સત્કારથી તેઓ સાહેબ કેળવણીની પ્રગતિ તરફ કેવી નેક લાગણી ધરાવે છે, તે સંપૂર્ણ રીતે સિદ્ધ થઇ શકે છે. દિવસોના દિવસો સુધી જાતીશ્રમ ઉઠાવીને પોતે માંગરોળમાં પણ એક મક્કમ પાયાની મદ્રેસા સ્થાપી છે. જ્યારે તેઓશ્રી ગાદી ઉપર આવ્યા ત્યારે માંગરોળની એંગ્લો

વર્નાક્યુલર સ્કૂલ ફક્ત પાંચમા ધોરણ સુધીજ શીખવતી હતી; પરન્તુ પોતાના રાજ્યનાં ત્રણજ વર્ષ પછી તે નામદારશ્રીએ તે સંસ્થાને એક હાઇસ્કૂલના રૂપમાં મુકી દીધી છે, અને તે ઉપરાંત પોતાનાં સ્વસ્થાનમાં નિશાળોની સંખ્યા પણ વધારી છે.

જ્યારે તેઓ રાજ્યાસન પર આવ્યા ત્યારે સ્ટેટ દેવામાં ડૂબી ગયું હતું પરન્તુ પોતાના દીર્ઘ દ્રષ્ટિવાળા રાજ્ય વહીવટથી તેઓશ્રીએ રાજ્યનું ઘણું ખરૂં દેવું પતાવી દીધું છે અને રાજ્યની મુલ્કી સ્થીતીમાં ઘણો સારો સુધારો અને આબરૂમાં મોટો વધારો કર્યો છે.

પોતે એક બાહોશ રાજ્યકર્ત્તા ઉપરાંત શેખ સાહેબ તનમનની ખીલવણીને લગતી ઘણી જાતની રમતો રમવામાં કુશળ છે; અને 'મીકેનીકલ સાયન્સ'માં આગળ પડતો ભાગ લે છે. તે ઉપરાંત તેઓશ્રી સામાજીક સદ્‌ગુણોમાં પણ ઘણાં વખાણ પામેલા અને પ્રજાપ્રિય છે.

પોતાના મીલનસાર સ્વભાવને લીધે તેઓ પોતાની પ્રજાની તમામ જાતોમાં અને જનસમાજમાં પ્રીતિપાત્ર થયા છે.

ના. શેખ સાહેબને ચાર પુત્રો છે જેઓ ઘણા ચાલાક જણાય છે. તેમાંના યુવરાજ કુમારશ્રી અબ્દુલ ખાલીક સાહેબ રાજકુમાર કોલેજની ડીપલોમા કલાસની પરીક્ષા સારે નંબરે માન ભરી રીતે પસાર કરી 'દેરાદુન'માં રાજ્યકીય તાલીમી લશ્કરમાં થોડા વખતથી જોડાયા છે.

# મિરાતે એહમદીનું અસલ ફારસીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કર્ત્તા

# જીનાબ નિઝામુદ્દીન ફારૂકી ચિશ્તિનું

# લઘુ જન્મ ચરિત્ર.

અમીરૂલ મોમનીન ફારૂકે આઝમ ઉમર ખત્તાબ સાહેબના વંશના સુલતાન ઇબ્રાહીમ અધહમ તથા કાબુલના બાદશાહ શાહ ફર્રૂખ કાબુલીના કુટુંબમાં તેતાલીસમી પેઢીએ ભાષાંતર કર્ત્તાનો જન્મ અહમદાવાદ શહેરમાં થયો, ખાનદાનમાં પેગમ્બર સાહેબથી સોળમા મોટા પીરખાજા અજમેરી અને ખાજા સાહેબથી ઓગણીસમો પુરૂષ કર્ત્તા છે, એ કુટુંબમાં તેમજ મોટા પીરાન પીરદસ્તગીરના કાદરી ખાનદાનમાં આ કુટુંબની બારમી પેઢી છે, ખાજા પીર તથા મોટા પીરના ખાનદાનની કન્યાઓ વડીલાઓને અપાયાથી ચોખો આત્મિક તેમ શરીર સંબંધ આ ઊંચા કુટુંબોથી ચાલતો આવેલો છે; એ કુટુંબીઓના ખાનદાનમાં મોટા મોટા બાદશાહો તથા અમીર ગરીબ મળી લાખો માણસો સેવક છે. સુલતાન અહમદ, સુલતાન મેહમુદ બેગડો તથા દિલ્હીના કેટલાક બાદશાહોના રાજગુરૂ હોવાનું માન આ ખાનદાન ધરાવે છે.

સુલતાન ઇબ્રાહીમ અધહમ તથા શાહ ફર્રૂખ કાબુલી વિગેરેએ રાજ્ય ત્યાગ કરેલો તે વખતથી આ ખાનદાનમાં ધન દોલત ન રાખતાં ભક્તિની પુંજી ભેગી કરવાની આજ્ઞા માન્ય ગણાય છે, પિતાજીએ દોઢ વર્ષની ઉમરમાં ભાષાંતર કર્ત્તાને પારણામાં મુકી પરલોકનો વાસ કર્યો, મહા સંકટો–દુઃખ વેઠી માતુશ્રીએ ઉછેરી ફારસી અરબીનું શિક્ષણ અપાવ્યું. દશ વર્ષની ઉમરે દક્ષિણ હૈદરાબાદે મુસાફરી થઇ ત્યાં અરબી ફારસીમાં સંતોષકારક અભ્યાસ કર્યો તથા તેનો અનુભવ મેળવ્યો. ચઉદપંદર વર્ષે ગુજરાતી અંગ્રેજી અભ્યાસમાં પગ મુકી ચોવીસ પચીસ વર્ષની ઉમરમાં મુનશી ને એફ. સી. ઇ. ની પરિક્ષાઓ પાસ કરી મેટ્રીકથી આગળ વધ્યા, ગુજરાત જી. પી. કોલેજ તથા હાઇસ્કુલ તથા મિશન સ્કુલમાં અભ્યાસ

પૂર્ણ કર્યો. તે વખતના શિક્ષકો દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલ, લાલશંકર ઉમીયાશંકર, પ્રોફેસર કે. ટી. બેસ્ટ સાહેબ, રેવરંડ મેકમોર્ડી સાહેબ, રેવરંડ યંગ ટેલર સાહેબ, ઘણો પ્રેમ રાખી અભ્યાસ કરાવતા, કવિતમાં કવેશ્વર દલપતરામ ડાહ્યાભાઇ મોટી મહેરબાનીથી કવિતા રસ રસના સરસ રસિક કાવ્યથી પ્રિત " પુરો પ્રેમ રાખી શીખવતા, પરિક્ષાઓમાં ફારસી તથા લાટીન, અરબી, સંસ્કૃત વિગેરેને વારા ફરતી પસંદ કરવાને યોગ્ય ગણી કામ લેતા."

નવાબ મીર કમાલુદ્દીન હુસેન ખાન બહાદુર તથા ભાષાંતર કર્તા મામા ફઇના ભાઇઓ હોવાથી મલ્હારરાવ મહારાજના પદભ્રષ્ટ થયા પછી સર ટી. માધવરાવે તેનાતી સરંજામના સર સુબાના અવલ કામદારની જગ્યા આપી ને સર સુબાની ગેરહાજરીમાં ઇનચાર્જ સર સુબાનું પણ કામ કર્યું એ કારખાનું પાકું થયા પછી માન સાથે સરટીફિકેટ અને ગ્રેચ્યુઇટી લઇને વડોદરા સરકારની નોકરી મુકી દીધી.

તે પછી રેલ્વે એંજીનીરીંગમાં પરમેનંટ વે તથા બ્રિજમાં સંતોષકારક નોકરી કરી અલગા થઇ ભક્તિ ભૂષણ અંગે ધર્યું. કુટુંબીઓએ ઠામેઠામ ટંટા બખેડા ઉભા કર્યાથી ગૂર્જરદેશમાં દ્વેષ જોઇ દક્ષિણ હૈદરાબાદે આજે ઓગણીસ વર્ષથી વાસ કર્યો છે. નોકરી મુકી દઇ સઘળોકાળ દેશસેવા, ધર્મ-સેવા, વિગેરેમાં ગતિત્ થાય છે એમના રચેલાં પુસ્તકો Words pronounced alike but differing in spell and meaning, મસનવી બેનજીરનો ગુજરાતી કવિતામાં તરજુમો, ફસાને અજાયબનો ગૂજરાતી તરજુમો, રાજનગરમાં રેલનો રોળ, વડોદરાવિલાપ, તથા વડોદરા વિલાપ, ફારૂકે આઝમ, વિગેરે જગ પ્રસિદ્ધ છે.

હૈદ્રાબાદમાં રહ્યાથી ને બચ્ચાંઓ અરબી ફારસીનો અભ્યાસ કરે છે તેથી હાલમાં ત્યાંની શાળાપદ્ધતિ સુધારવાના યત્ન પ્રારંભ્યા છે ને કેટલાંક પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે જેમાંથી તકમિલ્લુત તદરીબ હાલ કમેટીમાં પાસ થઇ પ્રસિદ્ધ કરવાનો પ્રેસીડંટનો ઠરાવ થયો છે.

હાલમાં મિરાતે સિકંદરીનું ગુજરાતી ભાષાંતર તૈયાર કરેલું છે ને અહમદી તથા સિકંદરી મળી પૂર્ણ ઇતિહાસ થઇ શકતો નથી તેથી હિંદુ અવસ્થા, અને સિકંદરીનો સાર સને ૧૦૦૦ હીજરી સુધીનો તથા અહમદીનો

સાર ૧૧૨૮ સુધીનો ને તે પછી ઇ. સ. ૧૯૧૩ સુધીનો ઉર્દુ તથા ગુજરાતી તૈયાર કરી નામદાર નવાબ મુહમ્મદ જલાલુદ્દીન ખાનબહાદુરના નામથી મિરાતીજલાલી નામ આપ્યું છે મતલબ કે લોકોપયોગી કામ કરી પોતાની કલમથી ગુજરાતી સાહિત્યનો દીનપરદીન વધારો કરવાનો શ્રમ ચાલુ છે.

ફાયલાલોજીકલ સોસાયટીએ ગુજરાતમાં ઉર્દુ ભાષા કેવી રીતે પ્રસરેલી છે તે પુરવાર કર્યાથી જે થેંક્સ આપ્યા છે તે હેઠળ પ્રમાણે છે.

THE TRANSLATOR.

No. 745 of 1899.

*Ahmedabad 17th Marth 1899.*

The Collector has the honour to represent his compliments to Mr. Nizamudin Pirsahib Kazi and to thank that gentleman for the help he so kindly accorded to Doctor Taylor with reference to the language return of Ahmedabad.

(Signed) M. C. GIBBS,
Collector.

## ભાષાંતરકર્તા અને દરબારશ્રી જહાંગીરમીયાં સાહેબ.

જહાંગીરી રાજ્યાભિષેક વિશે સંવત કાઢી ભાષાંતર કર્તાએ કવિત લખાણમાં હેઠળ પ્રમાણે વર્ણન કરેલું.

ગુલશને ઉમ્મેદમેં આઇ બહાર, ઓર હુઇ શાખે તમન્ના બારદાર;
અબ કહાં લાલા રહાહે દાગદાર, અબ નહીં સોસન કાબમા સોગવાર.
અબ્રે રહમતકી ઝડી હે ચારસિમ્ત, ધુલ ગયા બરગો શજરસે સબગુબાર,
કુમરીયુંને મસ્ત બુલબુલસે કહા, કુમ-લના હાઝો ઝેમાનુલ ઇન્તેશાહ;
આઇ કબઝેમેં હે અબ ઉસકે ઇનાં, ફતહકે મેદાં કાહેજો શહ સ્વાર,
ઝી ફહમ ઝીઅલ્મો અદલો રહમદિલ, ખુશ રઇયત જીસકા એસા શહરયાર.

સાયા અફગન ફઝલેહક લુતફે રસૂલ, ઔર મદદપર હેં નબીકે ચારયાર,
કિસ્તીએ મહતાબમેં અંજુમકે દુર, જલ્દ લ ઝોહરા હે કિસકા ઇન્તેઝાર;
હે હસીનું મેં તુઝે બસ બરતરી, ઇસ લીએ તારીખ આઇ ઝેરનિગાર,
અય નિઝામી યું લિખો સાલે જુલુસ, હુસ્ને યુસુફકો મુબારક ચારબાર.

૧૩૨૬ હીજરી.

શ્રીમંત સરકાર-ફલક ઇકતિદાર ગરદું કબાબઆલી જનાબ ગુણગંભીર વિદ્યાવીર શ્રીમંત દરબારશ્રી જહાંગીરમીયાં સાહેબ બહાદુર ગુર્જર ભૂમી ઉપર પેહેલા મુસલમાન આસિસ્ટંટ કલેકટર થઇને આવ્યા અને આ શહેરમાં આનંદ વરતાયો. તેઓ વિદ્વાન અને મુસલમાનોના ખરા શુભેચ્છક તથા વિદ્યાવૃદ્ધિના ખંતી તેથી એક અંજુમન, લાયબ્રેરી કુતુબખાને જહાંગીરી, ચાર મદરસા, એક આફતાબેઆલમતાબનું પ્રેસ તથા શમસુલઉલુમ માસિક ચોપાનીઆને જન્મ આપ્યો, આ ચોપાનીઆમાં મિરાંતે સિકંદરીથી લઇ તે કાળ સુધી ગુજરાતનો સંપૂર્ણ ઇતિહાસ રચાવવાની ખુશી હતી પરંતુ તેઓ સાહેબ પોતાને સ્વદેશ પધાર્યાથી આ સઘળાં કામો અપૂર્ણ રહી ગયાં. ઇનસાફની નજરે નિહાળતાં એજ શ્રીમંતનું નામ મુબારક આ પુસ્તકને અમર શોભા આપે એવી ગુજરાતીઓની આશા પૂર્ણ પ્રફુલિત થયાથી ચારે તરફથી ઝિંદહ બાશી મરહબાના નાદો શ્રવણે પડવા લાગ્યા છે.

## દોહરા.

સર્વ જ્ઞાને ગુણપતિ, વળી વિદ્યાનો વીર;
જગમાંહી જીવો ઘણો, જશવંતો જહાંગીર.
રાજરૂઢી તુજ અકબરી, ધર્મે આલમગીર;
બળમાં બહાદુર તું ખરો, વળી આસિફ તદબીર.
રૂપ સરૂપમાં શોભતી, તેજસ્વી તસવીર;
તુજ આગળ પાણી ભરે, પારસને કશ્મીર.
શત્રુ થરથર કાંપતો, નેણે ઢાળે નીર;
રણ જીતી પાછી ફરે, પળમાં તુજ શમશીર.
શિષ્ય સમાન લખાય છે, ટોડરમલને બીર;
શિશ નમાવે સનમુખે, બાબર ને નાદીર.
તાંબાને સોનું કરે, નેણુ નજર તાસીર;
કાંતો તે પારસમણી, કાંતો તે અકસીર.
આવી ચઢે દરબારમાં, જો લાચાર ફકીર;
લઇ ઇનામો નીકળે, મોટો બની અમીર.
સંકટ ટાળે મુળથી, દ્રઢ બંધાવે ધીર;
તુજ સરખો કો ના મળે, સદ્દગુણે ગંભીર.
કરૂણ ઢાંકે કોપને, તું સ્વભાવે સ્થિર;
દયા થકી કૃપા કરે, માફ કરે તકસીર.
રાજ્ય નગર અતિ ઓપતું, અરબસમુદ્ર તીર;
ધન ધન ધન એ નૃપતિ, ધન ધન અમીર વજીર.
આકાશે જઇને અડ્યા, મહેલો ને મંદીર;
છાંયા શિર ઉપર કરે, નિત્ય વલી ને પીર.
એક નવ અગનોતિરે, આ પુસ્તકની છાપ;
ગુર્જર જનોને ઉપજ્યો, હેતે હર્ષ અમાપ.
જગ જીવે ત્યાં લગ જીવો, મંગરોલી મહીપાલ;
સુખી સંબંધીને વળી, સુખીઆ બાળગોપાળ.
કહે નિઝામી નિશદિને, સાંભળ જગકૃતાર;
એક વર્ષનો એક દિન, એવા વર્ષ હજાર.

# ભાષાન્તર કર્તાની.

# પ્રસ્તાવના.

મિરાતે અહમદીનો કર્તા અહમદાબાદમાં રહેતો, બાદશાહી દીવાનનો વહુવો હતો તે અલી મુહમ્મદનો પુત્ર હતો ને કેટલાક દીવસ સુધી ખંભાતમાં બાદશાહી અધિકાર ભોગવતો હતો તે ધર્મે શીઆ હતો. પરંતુ રાજ્ય અને વસ્તી સુન્નીઓની હોવાથી શીઆઓનો શીઆ પંથ જમાવટમાં આવવા પામ્યો નહી ને તેથી તેમને સુન્નીઓ સાથે ભાઇચારા સિવાય છુટકો નહોતો.

મિરાતનું હસ્ત લખાણ બાદશાહી દીવાનને ત્યાંથી શહેરમાં ફેલાએલું અને તેની જુજ નકલો મોટા મોટા મુસલમાનો ને વિદ્યામાં આગળ વધેલા નાગર વગેરે લોકોમાં હયાતી ભોગવતું હતું પરંતુ એક પડદેનશીન કન્યાની પેઠે એ પડદે કદી જોવામાં ન આવ્યાથી કોઇ શ્રીમંતે તેને છપાવી પ્રસિદ્ધ કરી છે.

મિરાતનો કાપી નવીસ કોઇ વિલાયતી પરદેશી હોવાથી તેમજ નકલ નવીસને અક્કલ ન હોય તે કહેવત પ્રમાણે જોડણી તથા જગ્યાઓનાં નામોમાં ઘણી ભુલો કરી છે તે જો કદી ગણાય તો પાંચસો સાતસોથી ઓછી નહિ હોય.

કર્તા ઉંચી કેળવણીની યોગ્યતા ધરાવતો પ્રવીણ મહા મુનશી હતો. ને તેની ભાષા અરબી મિશ્ર તે આ કાળમાં બરાબર સમજવા ને હાલની કેળવણી કામ કરી શકતી નથી એમ માનવાને કંઇ પણ સંદેહ નથી. ગુજરાતી ભાષામાં કેટલાક શબ્દોનો અર્થ બરાબર શબ્દો ન હોવાથી તેમજ ફારસી-ગુજરાતી કોષનો આજ સુધી જન્મ નહી થયાને લીધે ભાષાંતર કરવાને ઘણી અડચણ પડે એ ખુલ્લું છે.

મુસલમાની દોરમાં નવા શબ્દો ઘડાએલા, ને તે પછી તે શબ્દોગત થઇ ગયેલા તે ફારસી કોષોમાંથી પણ મળી શકે તેમ નથી એ પણ એક મોટી અડચણ ભાષાંતર વખતે નડેલી વળી ઇતિહાસ "ઇનશામાં" રચા-

એલો કે જે કર્ત્તા, કર્મ અને ક્રિયાપદની વચ્ચે ઘણાં વિશેષ વાકયોથી ગદ્યને શણગારે છે ને એ રચના કોઇ પણ બીજી ભાષામાં ન હોવાથી ખરેખરી ફારસીની ખુબી વર્ણવી શકાતી નથી. આ બીના પણ મોટા મોટા વાકયના જુદા જુદા કકડા કરાવે છે તેથી વાકય રચનાની સુંદરતા ગોથાં ખાઇ જાય છે.

ગુજરાતી ભાષા જે આજથી પચાસ વર્ષ ઉપર સીધી સાદી હતી. તે હવે નવા ધ્રડેલ શબ્દોના આભૂષણથી શોભાયમાન છે. ને તે શબ્દો સંસ્કૃતમાંથી આણવાની જરૂર પડી જાય છે જેથી હિંદુઓ સીવાય મુસલમાનો તથા પારસી વીગેરે લોકોને સમજવાને ઘણી અડચણો આડે આવી કેટલીક વખતે પરિક્ષાઓમાં ગરીબ વીદ્યાર્થીઓને ભારે મહેનત લીધા પછી નાપાસ થવાનો ઘા વેઠવો પડે છે તેમજ વગર અર્થ આપે ફારસી અરબી શબ્દો વપરાયાથી હિદુ પ્રજા અજાણી રહી જાય છે.

ભાષાંતરની ભાષા સરળ અને સર્વેને સહેલાઇથી સમજાય એવી રાખવાને બનતાં સુધી ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. ઉપરની અડચણો ધ્યાનમાં રાખી તથા મારો વાસ દક્ષિણ હૈદ્રાબાદમાં હોવાના કારણથી કોઈ પણ ગુજરાતી પુસ્તક મારી પાસે નહી તેમજ જ્યાં ગૂજરાતી બોલનારા પણ પાંચ દશ એવા મળે કે જેમને ભાષા વિષે પુરૂ જ્ઞાન નહીં એટલુંજ નહી પણ શબ્દ શુદ્ધતાથી પણ કાળા કોસે ! ! ! ! આ શઘળું વાંચક વર્ગ ધ્યાનમાં લઇને કંઇ અશુદ્ધતા અને ખોડ ખાપણ રહી ગઇ હોય તેને સુધારવા અમને જાણ કરવાથી ઉપકાર સાથે અંગીકાર કરીશું.

ભાષાંતર કર્ત્તા.

# પ્રસ્તાવના.

"મીરાતે એહમદી અથવા ગુજરાતનો ઇતિહાસ" એ નામજ પુસ્તકની કીંમત અને તેનો યથાર્થ અર્થ બતાવવાને બસ છે. પ્રાચીન ગુજરાતમાં મુસલમાન બાદશાહો કયા કયા થયા અને તેઓએ પોતાનાં જીવનની નીશાનીઓ તરીકે કેવાં કેવાં સત્કર્મો કર્યાં છે તેનું આબેહુબ તવારીખી દિગ્દર્શન કરવાના ઇન્તેજારો જાણી શકશે કે મુસલમાન બાદશાહોએ હિંદમાં પોતાની સત્તા જમાવ્યા બાદ ગુજરાતમાં પણ પોતાનાં પરાક્રમોનો દ્રઢ પાયો નાંખ્યો હતો. દુનીઆની કેટલીક કોમો તરફથી મુસલમાન બાદશાહો તરફ કેટલાક અણઘટતા આક્ષેપો નાંખવામાં આવ્યા છે તેમાં કેટલું સત્ય છે તે તો મુસલમાન બાદશાહની પુરાતની આવી તવારીખો ઉપરથીજ નિષ્પક્ષપાતી વ્યક્તિઓથી જણાય છે.

"मुंडे मुंडे मतिर्भिना" એ સંસ્કૃત કહેવત અનુસાર અમુક મતની ખેંચતાણથી અને સ્વમત સ્થાપિત કરવાના માનવ સ્વભાવના દુરાગ્રહથી મુસલમાન પાદશાહો તરફ વગર સમજે કોઇ અસભ્યતા દરશાવે તો તેમનાં મોં બંધ કરી શકાય તેમ નથી, પરન્તુ દીલગીરી તો એટલીજ છે કે કેટલાક વિદ્વાનો પણ મુસલીમ મજહબના સ્તુત્ય સિદ્ધાંતો જોયા જાણ્યા વગર પોતાની ક્ષુદ્ર વૃત્તિઓને તૃપ્ત કરવા અને પોતાનાં જ્ઞાનનો આડંબર પ્રકાશમાં લાવવાના હેતુથીજ નાહક તાણાતાણમાં પડે છે; પરન્તુ જો તેવા સાહેબો મુસલમાનોની અસલ તવારીખોવાળાં આવાં પુસ્તકો અને મુસલમાન ધર્મના અસલ સિદ્ધાંતો અવલોકવાની જરા પણ તસ્દી લે તો બેશક એક બીજી કોમો તરફ જે અણગમા ભરેલી લાગણીઓ જમાનાથી ફેલાવા પામી છે તેનો અંત આવે અને સત્ય બીના સર્વાનુમતે સિદ્ધ થઇ શકે.

દૂર દેશોમાંથી હિંદનો રાજ્યદંડ હાથમાં લેનાર મુસલમાન પાદશાહોએ હિંદના ભલા અર્થે કેટલો શ્રમ ઉઠાવ્યો છે તેનું નીરાકરણ કરવાનું અમો બીજા કરતાં ન્યાય નીતિજ્ઞોનેજ સોંપીશું; અને તે સાથે એટલી દલીલ પણ કરીશું કે, મુસલમાન પાદશાહોની રાજ્યનીતિએ પોતાના ધર્મ અને શાસ્ત્રના ઉમદા સિદ્ધાંતો ઉપર શ્રદ્ધા રાખી નિષ્પક્ષપાતપણે જે રાજ્યતંત્રો ચલાવ્યાં હતાં તેવાં બીજી કોઇ પણ પ્રજા ચલાવી શકી નથી.

પ્રસ્તુત પુસ્તક દિલ્લી શહેનશાહ તરફથી ગુજરાતમાં નીમાએલા મુસલમાન સુબાઓની શરૂઆતથી છે. તેમના સમયમાં ગુજરાતના પાટનગર નીચે કેટલો પ્રદેશ હતો. દરેક પ્રદેશને કેટલા પરગણાઓમાં વિભક્ત કર્યો હતો દરેક પરગણાની શી શી આવક હતી તથા તે સમયે ગુજરાત જેવી રમ્ય ભુમીમાં કેવા કેવા કળાકૌશલ્યના અને હુન્નર ઉદ્યોગોની બહાર હતી તે સવિસ્તર બીના આ ઇતિહાસ ઉપરથી મળી આવે છે. તે ઉપરાંત વખત જતાં જુદા જુદા મુસલમાન પાદશાહોના સમયમાં ગુજરાતની ઉત્તરોત્તર કેવી ઉન્નતિ થતી ગઇ તે તમામ હકીકત મીરાં તે એહમદીમાંથી મળી આવે છે.

સદરહુ પુસ્તક વાંચનારને સ્વતઃસિદ્ધ થઇ શકશે કે તે સમયમાં ગરવી ગુજરાતની જે જાહોજલાલી અને આબાદી હતાં તથા તે સમયે તેની જેટલી વાર્ષિક ઉપજ ગણાતી તે ત્યાર પછીના કોઈ જમાનામાં જણાઇ નથી. મુસલમાન પાદશાહોને "જુલમી" નામનાં ઉપનામમય જે કલંક ઇસ્લામના ઉપલીકીયા દ્રષ્ટિથી જોનાર એક તરફી દ્રષ્ટિઓ તરફથી લગાડવામાં આવ્યું છે તે હવે આ પુસ્તક પાસે કેટલું ટકી શકે છે તે સુજ્ઞ વાંચકોએજ વિચારી જવું. અમો એમ નથી કહેવા માગતા કે તમામ મુસલમાન પાદશાહો અતિ પવિત્ર અને કુશળ રાજ્યકર્તાઓ થઇ ગયા છે. પરન્તુ દરેક પ્રજામાં અને દરેક રાજ્યોમાં દરેક જમાનામાં જોવામાં આવે છે તેમ મુસલમાની પાદશાહતમાં પણ કોઇ આડે રસ્તે દોરવાઇ ગએલા એકાદ બે પાદશાહ થયા હોય તો તેથી સમગ્ર ઇસ્લામી પાદશાહત ઉપર એવો આક્ષેપ નાંખવો શું વ્યાજબી ગણાય? અફસોસ માત્ર એટલોજ છે કે દુનિઆ અન્યનાં છીદ્રો ( Black sides ) તપાસવામાં જેટલી કાળજી કરે છે તેથી એક ચતુર્થાંશ દરકાર તેમના સદ્‌ગુણો ( White sides ) શોધવામાં કરે તો દુનિઆમાં ક્ષણે ક્ષણે જે જે દખલો નડે છે તેનો જલ્દી નાશ થાય.

ટૂંકામાં અમે એટલુંજ વિનવી વિરમીશું કે મુસલમાન પાદશાહત તરફ વક્ર દ્રષ્ટિથી જોનારા જરા મુસલમાન પાદશાહોએ શું શું સારાં કામો કર્યાં છે તેનું આવી તવારીખો ઉપરથી પુરતું જ્ઞાન પ્રાપ્ત કરી પોતાનો મત દર્શાવવા ડહાપણ ભરી હિંમત કરશે તો અમો તેમનો ઉપકાર માનવાની સાથે અમારો આ પુસ્તક પ્રકાશમાં લાવવાને પરિશ્રમ સફળ થયો સમજીશું.

સુજ્ઞોને સુવિદિત છે કે તવારીખો લખવાનો રીવાજ મુસલમાન પાદશાહોના સમયથી દાખલ થયો છે. દરેક પાદશાહતમાં રાજ્ય દરબારમાં વિદ્વાન મીર મુનશીઓ રાખવામાં આવતા અને તેઓનો ધંધો રાજાઓના અને રાજ્યના ઇતિહાસો લખવાનો હતો. તે ઉપરાંત એટલું પણ સુચવીશું કે બીજી કોમો જેમ તવારીખ કર્ત્તાઓ કેટલુંક મીઠું મરચું ભેળવી અતિશયોક્તિમય જુઠાણું ભેળવી દે છે, તેમ મુસલમાન તવારીખ કર્ત્તાઓના સંબંધમાં નથી; કારણ કે કોઇપણ સત્ય બીનામાં સુધારો વધારો કે અતિશયોક્તિ કરવાનું કામ ઇસ્લામનાં પવિત્ર ફરમાન વિરૂદ્ધ ગણાય છે અને તેથી તે સમયના વિદ્વદ્‌લલામ લેખકોએ દરેક પાદશાહતના વખતની સત્ય બીના નોંધી છે.

દિલગીરી ફક્ત એટલીજ છે કે મુસલમાન પાદશાહોના સમયના તમામ ઇતિહાસો અસલ ફારસી ભાષામાં લખાએલા છે અને તેથી ગુજરાતી જાણનાર ઇસ્લામી આલમ તેવા અમુલ્ય સાહિત્યના ખજાનામાંથી પોતાનો હિસ્સો અદા કરવા હજુ બેનસીબ છે, બલ્કે અંધારામાં છે. તોપણ તેવાં અનેક તવારીખી પુસ્તકો પૈકી ખાસ ગુજરાતી ભાષા જાણનાર ઇસ્લામી બીરાદરોની બહેતરી ખાતર રાજ્યદરબારોમાં અને સરકારી કામકાજોમાં માર્ગ દર્શક રૂપે મનાતાં આ મીરાતે એહમદી નામના ઇતિહાસનું અમો ઘણા વખતની મહેનતને અંતે ફારસીમાંથી ગુજરાતીમાં ભાષાન્તર કરાવવા શક્તિમાન થઇ શકયા છીયે. સદરહુ પુસ્તક ફારશી ભાષાના એક સારા વિદ્વાને અમને લગભગ ત્રણેક વર્ષથી તૈયાર કરી આપ્યું હતું; પરન્તુ સાહિત્યના હજુ ઓછા શોખવાળી ઇસ્લામી દુનિઆની મદદની રાહ જોતાં અમારે તે પ્રકાશમાં લાવવાનું મુલ્તવી રાખી કેટલોક વખત બેશી રહેવું પડયું અને આખરે તે છપાવ્યા બાદ પ્રથમ વધાવી લેવાને કોઈ ઇસ્લામી નરવીરની પવિત્ર પહેલની પર નજર કરવાની રહી. આખર પોતાના પવિત્ર મઝહબમાં પાબંદ રાજ્યવીર માંગરોળ મહીપ નામદાર શેખ જહાંગીરમીયાં સાહેબની સેવામાં આ બીના નીવેદન થઇ અને આવા અમુલ્ય પુસ્તકની તારીફ અને ઉમદા કદર કરી તેઓ સાહેબે અમોને આશ્રય અર્થે પોતાનો ઉદાર હાથ લંબાવી આ પુસ્તકને પ્રકાશમાં લાવવાની મહેરબાની ભરી મંજુરી આપી ભાગ્યશાળી કર્યા.

આ સંબંધે પ્રસંગોપાત એક બાબતનું સ્મરણ થાય છે તે એકે પોતાની અમદાવાદ જીલ્લાના ડેપ્યુટી કલેકટર તરીકેની કારકીર્દી દરમીયાન

નામદાર શેખ મોહમદ જહાંગીરમીયાં સાહેબે અમો જો ભુલતા ન હોઇએ તો પોતાના મિત્રવર્ગમાંના એકની પાસે મીરાતે એહમદીનાં ભાષાંતરની અતિ અગત્ય જણાવી હતી અને કુરતના ચીતિ શક્તિ અને માનસીક વિદ્યુત—વિજળીક તત્વો વહેલાં મોડાં ઇચ્છાનુસાર બંધાય તે ને દાખલાની સત્યતા અનુભવસીદ્ધ જોઇ અમારે મગરૂર થવા જેવું છે કે તેજ ગૃહસ્થના હાથે થએલ ભાષાન્તર તે સંબંધે સુચના કરનારનેજ ( ના. શેખ મોહમદ જહાં-ગીરમીયાં સાહેબનેજ આજે અર્પણ થાય છે અને તેમનાજ ઉદાર આશ્રય તળે સદરહુ પુસ્તક પ્રગટ થાય છે, આ બાબત અમો એકનેજ નહી પરન્તુ અમારા વાંચક વર્ગને પણ ખુશ થવા જેવી છે.

ઇસ્લામમાં હજુ આવાં અનેક કિમતી પુસ્તકો ફારસી ભાષામાં હોઇ ગુજરાતી વાંચક વર્ગથી તદન અજાણ્યાંજ છે તો પણ ઇસ્લામની બહે-તરી તરક્કીને અર્થે અહોનિશ મહેનત લેનારા અને ઇસ્લામના ઉદાર અને પવિત્ર આશ્રયની શીળી છાયા નીચે બેઠેલા અમોને જહાંગીરમીંયા સાહેબનું અનુકરણ કરી ઇસ્લામી અન્ય નરવીરો પણ આવાં કામોમા પોતાનો આ-શ્રય આપી વખતોવખત આભારી કરશે તો અજ્ઞાન ગંભીર અંધારામાં અથડાતી ગુજરાતી જાણનારી ઇસ્લામી આલમની સેવામાં મઝહબી અને તવારીખી અનેક આવાં અમુલ્ય પુસ્તકોનું પુરાતની અસલ ફારસીમાંથી સંશોધન કરાવી ઇસ્લામની ઓર જયાદા રોશની રૂપે ઇન્શાઅલ્લા મુકી શકીશું.

છેવટમાં અસલ ફારસી ઉપરથી અમોને ગુજરાતીમાં નિઃસ્વાર્થ વૃ-ત્તિથી તરજુમો કરી આપનાર મહેરબાન જનાબ મોહમદ નીઝામુદીન ચિસ્તી ફારૂકી સાહેબનો અંતઃકરણ પૂર્વક આભાર માનવાની સાથે કેવળ ઇસ્લામી બહેતરીની ખાતર દીનની દાઝ જાણીને તેઓએ જે પરિશ્રમ ઉઠાવ્યો છે તેની ખાતર ઇસ્લામી આલમ તરફથી અનેક ધન્યવાદ અને દુવા આપીએ છીયે.

ભાષાન્તર કર્તાની માતૃભાષા ગુજરાતી નહી હોવાને લીધે તેમાં શબ્દ સંકલના કે વ્યાકરણ દોષ રહી જવા પામ્યો હોય તો તે વિવેકી વાં-ચકો તરફથી ક્ષંતવ્ય છે તેની સાથે વાંચકગણને વિનંતિ કરીએ છીએ કે પોતાને તેમાં જણાએલી કોઇ જાતની ભુલચુક કે ખોડખાપણની અમોને મહેરબાની રાહે સુચના કરશે તો તે આભાર સહીત સ્વીકારી તેની બીજી આવૃત્તિ પ્રસંગે તેમાં યોગ્ય સુધારો કરવા ચુકીશું નહીં. આમીન !

# મીરાતે એહમદી.

## સાંકળીયુ

| વિષય. | પાનું. |
|---|---|
| ગુર્જર દેશના રાજ્યની સ્થાપના અને પાટણ શહેર વસાવવાની બીના | ૧ |
| ઇસ્લામી સત્તાની સ્થાપના ... ... ... ... ... | ૧૧ |
| ગુજરાતની બાદશાહતનો પ્રારંભ ... ... ... ... | ૧૮ |
| સુલતાન મુહમદશાહ ... ... ... ... ... | ૨૯ |
| સુલતાન કુતબુદ્દીન ... ... ... ... ... | ૩૧ |
| સુલતાન દાઉદ ... ... ... ... ... ... | ૩૩ |
| સુલતાન મેહમુદ બેગડો ( ગુજરાતી અકબર ) ... ... ... | ૩૪ |
| સુલતાન મુઝફ્ફર હલીમ ખલીલખાં ... ... ... ... | ૪૩ |
| સુલતાન સિકંદર-સિકંદરખાં ... ... ... ... | ૫૦ |
| સુલતાન બહાદુર-બહાદૂરખાન ... ... ... ... | ૫૨ |
| બીજો સુલતાન મેહેમૂદ-મેહેમુદખાન ... ... ... | ૬૪ |
| સુલતાન એહમદ-એહમદખાન ... ... ... ... | ૭૭ |
| દિલ્લીનું-દોર ... ... ... ... ... ... | ૮૮ |
| અમીર તેમુર, સાહેબ કિરાન અને ગુજરાત ... ... ... | ૮૯ |
| ગુજરાત અને અકબર બાદશાહ ... ... ... ... | ૯૧ |
| નુરૂદ્દીન મુહમ્મદ જહાંગીર બાદશાહ ... ... ... ... | ૯૧ |
| શાહજહાન બાદશાહ ... ... ... ... ... | ૯૨ |
| મુહેયુદ્દીન ઔરંગઝેબ-આલમગીર ... ... ... ... | ૯૨ |
| કુતબુદીન મુહમ્મદ મુઅઝ્ઝમ શાહેઆલમ બહાદુર ... ... | ૯૩ |
| મુઈઝુદ્દીન જહાંદાર મુહમ્મદશાહ ... ... ... ... | ૯૩ |
| શાહેશહીદ મુઇનુદ્દીન મુહમદ ફરોખશીયર બાદશાહ ... ... | ૯૪ |
| મુહમ્મદ રફીઉદ્દરજાત બાદશાહ ... ... ... ... | ૯૪ |
| મુહમ્મદ રફી ઉદ્દવલા ઉર્ફે બીજો શાહજહાન... ... ... | ૯૪ |
| નાસિરૂદ્દીન મુહમ્મદશાહ બાદશાહ ... ... ... ... | ૯૫ |
| મુજાહીદુદ્દીન અહમદશાહ બાદશાહ ... ... ... ... | ૯૬ |

| વિષય | પાનું. |
|---|---|
| અઝીઝુદ્દીન મુહમ્મદ ઉર્ફે આલમગીર બીજો ... ... ... | ૯૬ |
| બીજા શાહજહાનનું રાજ્યાભિષેક થવું ... ... ... | ૯૬ |
| અકબરશાહ અને ગુજરાત... ... ... ... ... | ૯૭ |
| ગુજરાતની ગરબડ ... ... ... ... ... | ૯૯ |
| અકબરને પધારવાનું આમંત્રણ ... ... ... ... | ૧૦૦ |
| અકબરની સ્વારી ... ... ... ... ... | ૧૦૧ |
| ગુજરાતની રાજ્ય સમાપ્તિ ... ... ... ... | ૧૦૨ |
| પહેલો સુબો મીરજાકોકા ... ... ... ... ... | ૧૦૫ |
| સરનાલની લડાઇ ... ... ... ... ... | ૧૦૮ |
| સુરત બંદરના કિલ્લાની ફતેહ ... ... ... ... | ૧૧૦ |
| રાજા માનસીંગ ખરો શુભેચ્છક ... ... ... ... | ૧૧૩ |
| બાદશાહની ગુજરાત દેશ જીત્યા પછી આગ્રા (રાજધાની) તરફ સ્વારી... ... ... ... ... ... ... | ૧૧૪ |
| મીરઝા અઝીઝ કોકલ તાશની અહમદાબાદની સુબેદારી અને વજીરૂલ-મુલ્કની દીવાની પહેલો સુબો. ... ... ... ... | ૧૧૫ |
| અકબર બાદશાહની બીજી સ્વારી ... ... ... ... | ૧૧૭ |
| કડીની લડાઇ ... ... ... ... ... ... | ૧૧૯ |
| અહમદાબાદ આગળની લડાઈ ... ... ... ... | ૧૧૯ |
| અકબરની જવાંમરદી ... ... ... ... ... | ૧૨૩ |
| ગુજરાતમાં બંડ કરનારાઓને શીક્ષા અને શીખામણ આપી રાજધાની તરફ બાદશાહનું પાછું ફરવું ... ... ... | ૧૨૮ |
| વજીરૂલ્લમુલ્ક ગુજરાતીની ગુજરાતના સુબાના દિવાન તરીકેની નિમણુક ... ... ... ... ... ... | ૧૨૯ |
| બીજો સુબો મીરઝાખાન ... ... ... ... ... | ૧૩૦ |
| વજીરૂલ્લમુલ્કની બદલીમાં બ્યાદદાસની દીવાની ... ... | ૧૩૧ |
| ઇબ્રાહીમ હુસેન મીરજાના દીકરા મુઝફ્ફર હુસેન મીરજાનું બંડ ... | ૧૩૨ |
| શૂરી બેગમનું યુદ્ધ ચાતુર્ય... ... ... ... ... | ૧૩૪ |
| કેદીઓ દરબારમાં ગયા ... ... ... ... ... | ૧૩૪ |
| મુઝફ્ફર હુસેન મીરઝાનું બીજી વખતનું તોફાન અહમદાબાદ ઉપર ઘેરો અને બાદશાહના ભાગ્ય પ્રતાપે હુલ્લડનુ નાશ પામવું ... | ૧૩૪ |
| ત્રીજો સુબો શહાબુદ્દીન અહમદખાન... ... ... ... | ૧૩૬ |

| વિષય. | પાનું. |
|---|---|
| સૈયદ અબુતુરાબનું હજમુખી નીમાવું અને શ્રી પેગમ્બર સાહેબનાં પગલાંનું અત્રે લઇ આવવું ... ... ... ... | ૧૩૬ |
| ચોથો સુબો એતેમાદખાન ગુજરાતી ... ... ... ... | ૧૩૯ |
| શાહપુર દરવાજા બહાર ઉસમાનપુર આગળ નદી ઉપરની લડાઈ... | ૧૪૬ |
| કાઠીઓએ કરેલી લૂંટ ... ... ... ... ... | ૧૪૭ |
| ઝોટાણાની લડાઇ... ... ... ... ... ... | ૧૪૮ |
| પાંચમો સુબો મીરઝાખાન ... ... ... ... ... | ૧૫૧ |
| છઠ્ઠો સુબો ઇસ્માઇલ કુલીખાન ... ... ... ... | ૧૭૨ |
| સાતમો સુબો ખાને આઝમ ( મોટા )... ... ... ... | ૧૭૨ |
| જકાત ( ટેકસ ) ન લેવા વિષે બાદશાહી ફરમાનની નકલ ... | ૧૭૩ |
| નવાનગરના જામ જમીનદારની ઉશ્કેરણીથી સુલતાન મુજફ્ફર નહનુતું યુદ્ધ મચાવવું અને તેમાં હારીજવું ... ... ... ... | ૧૭૭ |
| જુનાગઢના કિલ્લાની ફતેહ... ... ... ... ... | ૧૮૦ |
| મોટાખાનના પ્રયત્નથી ગુજરાતના છેલ્લા સુલતાન મુજફ્ફર નહનુતું પકડાવું અને આપઘાત કરવો ... ... ... | ૧૮૩ |
| આઠમો સુબો સુલતાન મુરાદ ... ... ... ... | ૧૮૬ |
| નવમો સુબો મોટોખાન મીરઝા અઝીઝ કોકલતાશ ... ... | ૧૮૭ |
| નુરૂદદીન મુહમ્મદ જહાંગીર બાદશાહનું રાજ્ય... ... ... | ૧૮૮ |
| અગ્યારમો સુબો સૈયદ મુરતદાખાન બુખારી ... ... ... | ૧૯૨ |
| બારમો સુબો મોટોખાન મીરઝા અઝીઝ કોકલતાશ ... ... | ૧૯૩ |
| તેરમો સુબો અબ્દુલ્લાખાન બહાદુર ફીરોઝજંગ ... ... | ૧૯૪ |
| ચૌદમો સુબો મુકર્રબખાન ... ... ... ... ... | ૧૯૬ |
| પંદરમો સુબો શાહજહાં ... ... ... ... ... | ૧૯૬ |
| સોળમો સુબો સુલતાન દાવર બક્ષ ... ... ... ... | ૨૦૧ |
| સત્તરમો સુબો ખાનજહાન... ... ... ... ... | ૨૦૫ |
| શાહબુદદીન શાહજહાન ... ... ... ... ... | ૨૦૬ |
| અઢારમો સુબો શેરખાન તુવેર ... ... ... ... | ૨૦૬ |
| ગુજરાતનો મોટો દુકાળ ... ... ... ... ... | ૨૧૦ |
| ઓગણીસમો સુબો ઇસ્લામખાન ... ... ... ... | ૨૧૨ |
| વીસમો સુબો નજમસાની બાકરખાન ... ... ... | ૨૧૩ |
| એકવીસમો સુબો સીપેહદારખાન ... ... ... ... | ૨૧૪ |

| વિષય. | પાનું. |
|---|---|
| બાવીસમો સુબો સેફખાન ... ... ... | ૨૧૪ |
| તેવીસમો સુબો આઝમખાન ... ... ... | ૨૧૬ |
| નવાનગરના જામ જમીનદાર ઉપર આઝમખાનની ચઢાઇ પેશકસીની વસુલાત અને તેની ટંકશાળનું બંધ પાડવું ... | ૨૧૯ |
| ચોવીસમો સુબો મીરઝા ઇસાતરખાન ... ... | ૨૨૨ |
| આઝમખાન ઉપર પત્રિકા ... ... ... | ૨૨૨ |
| પચીસમો સુબો શાહજાદા મુહમ્મદ ઔરંગઝેબ ... ... | ૨૨૬ |
| છવીસમો સુબો શાઇસ્તાખાન ... ... ... | ૨૨૮ |
| સત્યાવિસમો સુબો શાહજાદા બહાદુર મુહમ્મદ દારા શિકોહ ... | ૨૩૦ |
| અઠયાવીસમો સુબો શાઇસ્તખાન ... ... ... | ૨૩૩ |
| ઓગણત્રીસમો સુબો બાદશાહજાદા મોહમદ મુરાદબક્ષ ... | ૨૩૯ |
| ઓઝક મોહોરવાળા બાદશાહજાદા મુહમ્મદ મુરાદ બક્ષના હુકમની નકલ | ૨૪૬ |
| મુહેયુદ્દીન અબુલ મુઝફ્ફર મુહમ્મદ ઔરંગજેબ—આલમગીર બહાદુરનું રાજ્ય ... ... ... | ૨૪૭ |
| ગુજરાતની સઘળી કોમનાં માણુસોનાં મનની શાન્તિ અર્થે શ્રીમંત બાદશાહનાં ખુશાલી ભર્યો ફરમાનની નકલ ... ... | ૨૪૯ |
| ત્રીસમો સુબો મીરઝા શાહનવાઝખાન અફવી ... ... | ૨૫૦ |
| એકત્રીસમો સુબો મહારાજા જસવતસીંહ ... ... | ૨૫૩ |
| દાણાના મહેસુલ વિષે બાદશાહી ફરમાન અને બીજી વખતની તખ્તની તખ્તનશીનીનો રાજ્યાભિષેક ... ... | ૨૫૬ |
| સઘળાં રાજ્યમાં ઇસ્લામી ધર્માધિકારીઓની નીમણુક ... | ૨૫૮ |
| બાદશાહી ફરમાનની નકલ ... ... ... | ૨૫૯ |
| બત્રીસમો સુબો મહોબતખાન ... ... ... | ૨૬૨ |
| નવાનગરની જીત અને બાદશાહી હુકમથી તેનું ઇસ્લામનગર નામ આપવું | ૨૬૨ |
| દારાસીકોહનું નામ ધારણ કરનાર બખુચનું શીક્ષાએ પહોંચવું... | ૨૬૪ |
| સુરત બંદર ઉપર શીવાજી મરાઠાની લુંટ અને સુબાના અધિકારીનું તેની સામા જવું ... ... ... | ૨૬૪ |
| એકતાલીસ બેતાલીસના હીસાબે રોકડ મહેસુલનો ઠરાવ ... | ૨૬૭ |
| હરામ વસ્તુ ( માફ કરેલું મહેસુલ ) ની મનાઇ વિષેનો હુકમ... | ૨૬૭ |
| ચઉદ માસ ( વજન ) નો એક દામ ગણવા વિષે ઠરાવ ... | ૨૭૩ |
| એકતાલીસના મહેસુલ વિષે મુસલમાનોને માફી ... ... | ૨૭૪ |

| વિષય. | પાનું. |
|---|---|
| મનસબદારોના માલની જપ્તી ... ... ... | ૨૭૫ |
| તેત્રીસમો સુબો બહાદુરખાન ઉર્ફે ખાનજહાં કોકા ... | ૨૭૬ |
| જકાત (મહેસુલ) લેવા વિષે બાદશાહી ફરમાન ... ... | ૨૭૬ |
| દંડા રાજપુરી વાળા યાકુતખાન હબશીનું સરકારી સેવામાં આવવું | ૨૮૧ |
| દિલેરખાનનું ગુજરાતમાં આવી સોરઠની ફોજદારીપર નીમાવું. | ૨૮૨ |
| ચોત્રીસમો સુબો મહારાજા જસવંતસીંહ ... ... | ૨૮૫ |
| તેત્રીસ કલમોના કાયદાવાળુ બાદશાહી ફરમાન ... ... | ૨૮૬ |
| માફ કરેલી જકાત નહીં લેવા વિષેનાં ફરમાનની નકલ ... | ૨૯૫ |
| પાંત્રીસમો સુબો ઉમ્દતુલમુલ્ક મુહમ્મદ અમીનખાન ... | ૨૯૮ |
| ઉદેપુરના રાણાના પુત્ર ભીમસીંહનું આ દેશમાં આવવું અને વીસલનગર તથા વડનગર ઉપર લુંટ ચલાવીને પાછા ફરવું, ઇડરના રાજાનું પોતાની જગ્યાએ કાયમ થવું, પાછળથી બેહલોલ શેરવાનીએ કરેલી ઇડર પરની ચડાઇમાં નાસી જઇ મરણ પામવું ... | ૩૦૩ |
| આખા રાજ્યમાં ગેર મુસલમાન આશ્રિત પ્રજા ઉપર જીઝ્યા-વેરો નાખવા વિષે સરકારી ઠરાવ ... ... | ૩૦૫ |
| મુસલમાનો પાસેથી જકાત વસુલ કરવા સંબંધી મદારૂલ મહામ ઉમદુતુલમુલ્ક અસદખાનન મોહોરવાળા ફરમાનની નકલ | ૩૦૮ |
| જકાત વસુલ કરવાનાં ધોરણોની શરતો ... ... | ૩૦૯ |
| દુઃખદાયક દુકાળ અને ભયંકર હુલ્લડ ... ... | ૩૧૦ |
| છત્રીસમો સુબો મુખ્તારખાન ... ... ... | ૩૧૪ |
| સોરઠનું સરકારપદ બાદશાહજાદા મુહમ્મદ આઝમશાહના નામ ઉપર ઠરાવવા વિષે... ... ... ... | ૩૧૭ |
| પોતખાનાના ધારા અને રૂપીઆનું વજન ... ... | ૩૧૯ |
| સાડત્રીસમો સુબો કારતલબખાન... ... ... | ૩૨૩ |
| વેચાણવાળી જગ્યાએ જકાત (મહેસુલ) લેવાનો ઠરાવ ... | ૩૩૦ |
| ભરૂચમાં મતિયા લોકોનું તોફાન ... ... ... | ૩૩૧ |
| દરકદાસ રાઠોડની અરજનો સ્વીકાર તથા સુલતાન બુલંદ અખ્તર અને સફીતુન્નીસા બેગમ ( બાદશાહ જાદા મુહમ્મદ અકબરનાં પુત્ર-પુત્રી ) ને સજાઅતખાનની મારફતે હજુરમાં મોકલી આપવાં અને સુલતાનની સાથે મજકુર રાઠોડનું હજુરમાં જવું ... ... ... ... | ૩૪૫ |

| વિષયા | પાનું. |
|---|---|
| નીવારસી માલના ખજાનાની અમીની રાજ્યના કાજીની કચેરીમાં સોંપી આપવા વિષેનું ફરમાન ... ... | ૩૫૧ |
| ખરીદીની જગ્યાએ તથા અરબી સમુદ્ર તરફ જતાં માલ ઉપર જકાત લેવાનો ઠરાવ ... ... ... | ૩૫૩ |
| કાળાં લુગડાં ઉપર મહેસુલ લેવાનો ઠરાવ ... ... | ૩૫૬ |
| આડત્રીસમો સુબો બાદશાહજાદો મુહમ્મદ આજમશાહ... | ૩૬૦ |
| સફદરખાન બાબીનું આવવું અને દરકદાસ રાઠોડનું ન્હાસવું તથા તેની પુંઠે લસ્કર મોકલવાનો ઠરાવ ... | ૩૬૩ |
| શીયળવંત–સ્ત્રી જાનીબેગમનો દેહ ત્યાગ ... ... | ૩૬૭ |
| બાદશાહજાદા મુહમ્મદ આજમશાહની સ્વારીનું હજુર હુકમાનુસાર બુરહાનપુર તરફ રવાના થવું ... ... ... | ૩૭૩ |
| ધના જાદવ વીગેરેની સરદારી હેઠળ મરેઠી લસ્કરનું આવી પહોંચવું, સુબાના દીવાન ખાજા અબ્દુલ હમીદનું તેની સામા લડવા જવું, દક્ષિણીઓના હાથમાં તેનું પકડાઇ જવું અને કેટલાક તેહનાતી મનસબદારોનું ધાયલ થઇ મરણ પામવું ... ... | ૩૭૫ |
| નવા સુબા ઇબ્રાહીમખાનના સુબેગીરી ઉપર આવતાં સુધી હઝુર હુકમ પ્રમાણે શાહજાદા મુહમ્મદ બેદારબખ્તનું આવી પહોંચવું ... | ૩૮૮ |
| ઓગણુચાલીસમો સુબો ઇબ્રાહીમખાન ... ... | ૩૯૫ |
| અમદાવાદની સુબેગીરીની નીમણુક કરતી વેળાએ જે સરકારી ફરમાન પ્રગટ થયું તેની નકલ... ... ... | ૩૯૫ |
| બાલાજી વિશ્વનાથનું ભારે સૈન્યથી ચઢી આવવું અને ધણા પરગણુાઓ ઉપર લુંટફાટ કરી અમદાવાદમાંથી બે લાખ બે હજાર રૂપીયા ખંડણીના લેઇ પાછા ફરવું ... ... | ૩૯૭ |
| અબુનનસ્ર કુતબુદ્દીન મુહમ્મદ મુઅઝમ શાહેઆલમ બહાદુરશાહ ગાઝીનું રાજ્ય ... ... ... ... | ૪૦૦ |
| તખ્તનશીની તથા બંદોબસ્ત કાયમ રાખવા માટે ઇબ્રાહીમખાન ઉપર આવેલ બાદશાહી ફરમાનની નકલ ... ... | ૪૦૧ |
| શાહેઆલમ બહાદુર બાદશાહ ગાજીના સીક્કાની વીગત ... | ૪૦૨ |
| ચાલીસમો સુબો ગાજીઉદ્દીન બહાદુર ફીરોઝજંગ ... ... | ૪૦૩ |
| ફીરોઝજંગખાન સુબાનો અંતકાળ અને માલ ઉપર જપ્તિ ... | ૪૧૦ |
| મુહમ્મદ બેગખાનની માંહોમાંહેની લડાઇનો બનાવ ... | ૪૧૪ |

| વિષય. | પાનું. |
|---|---|
| અબુલફતહ મુઇજ્જુદ્દીન જહાંદારશાહનું રાજ્ય ... ... | ૪૧૭ |
| એકતાલીસમો સુબો આસેફુદ્દૌલા અસદખાન ... ... | ૪૧૯ |
| સૈયદ અકીલખાનની નાયબદિવાની ... ... | ૪૨૦ |
| મુહમ્મદ ફરૂખશીઅર બાદશાહનું રાજ્ય ... ... | ૪૨૨ |
| બેતાલીસમો સુબો શુહામતખાન ( બાદશાહી ફરમાનની નકલ) ... | ૪૨૨ |
| તેતાલીસમો સુબો દાઉદખાનપની ... ... ... | ૪૨૫ |
| સુરત બંદરના મુસદ્દી મોહતરીમખાન અને કિલ્લેદાર અહમદ જમાખાન વચ્ચે ઝપાઝપી તથા ખાલસાના દિવાન મોતેમીદખાનનો મૃત્યુકાળ ... ... ... | ૪૨૬ |
| દાઉદખાનપની ( સુબો ) એ દક્ષિણમાંથી અત્રે આવી પહોંચ્યો, અને નાયબ સુબા અબ્દુલ હમીદખાને તેને લેવા માટે સામે જઇ તેની મુલાકાત લીધી ... ... ... | ૪૨૬ |
| મોમીનખાન અને સુરત બંદરના કિલ્લેદાર જયાખાનની વચ્ચે થએલી લડાઇ ... ... ... ... | ૪૩૪ |
| મોહતરીમખાનની તજવીજથી ચાલુ થએલા આંટા-વહેવારનું બંધ પડવું અને મુહમદઅલી વકતા તથા કપુરચંદ ભેંસાલીનું હજુર દરબારમાં રવાના થવું ... ... ... | ૪૩૪ |
| નવા સુબા ઇબ્રાહીમખાનના સુબેગીરી ઉપર આવતાં સુધી હજુર હુકમ પ્રમાણે શાહજાદા મુહમ્મદ બેદારવખ્તનું આવી પહોંચવું | ૩૮૮ |
| ઓગણ ચાલીસમો સુબો ઇબ્રાહીમખાન ... ... | ૩૯૫ |
| અબુનનસ્ર કુતબુદ્દીન મુહમ્મદ મુઅઝ્ઝમ શાહેઆલમ બહાદુરશાહ ગાઝીનું રાજ્ય ... ... ... ... | ૪૦૦ |
| ચાલીસમો સુબો ગાઝીઉદ્દીન બહાદુર ફીરોઝ જંગ ... ... | ૪૦૩ |
| જન્નતવાસી શાહેઆલમ બહાદુરશાહ બાદશાહ ગાઝીના દીકરા અબુલફતહ મુઇજ્જુદ્દીન જહાંગીરનું રાજ્ય ... ... | ૪૧૭ |
| એકતાલીસમો સુબો અસોફુદ્દોલા મુહમ્મદ ફરૂખશિઅર બાદશાહનું રાજ્ય ... ... ... ... | ૪૨૨ |
| સુરત બંદરના મુસદ્દી મોહતરિમખાન અને કિલ્લેદાર અહમદ જમાખાન વચ્ચે ઝપાઝપી, તથા ખાલસાના દિવાન મોતેમીદખાનનો મૃત્યુકાળ ... ... ... ... | ૪૨૬ |

# ગુજરાત દેશનું સામાન્ય વર્ણન.

સુજ્ઞ માહિતગાર અને સુચક તિક્ષ્ણ દ્રષ્ટિવાળા સજ્જનો ઉપર ગુપ્ત નથી કે, ગુજરાત દેશ હિન્દુસ્તાનના સુબાકિય[1] ભાગોમાંથી મોટા ભાગ છે અને આ બીજો ખંડ છે, કે જેનો સંબંધ બૃહસ્પતિથી[2] છે અને તેની હવા ઘણીજ સમતુલ્ય છે, પરંતુ કેટલીક જગ્યાઓ કે જે ખારા સમુદ્રના કાંઠા પર છે તેમાં કેટલોક ફેરફાર છે. એમાંથી મુખ્ય કરીને **વડનગર કસબો, ઉમરેઠ** અને **ઓલખ સોરઠ**માં સ્ત્રીપુરૂષો સઘળાં એવાં તો ચંપકવર્ણાં તથા ફુટડાં છે કે, તેમની ઉપર દ્રષ્ટિ પડતાંજ પ્રાણપર ઘાત આવે અને વાત કરવાથી પ્રાણપ્રાપ્તિ થાય. તે વિષેનું કથન કેવું સારૂં કહ્યું છે—

ભુગોળ, રૂપ, ઉત્પત્તિ, ફળદ્રુપ પાક અને વડોદરા રાજ્ય.

**દોહરો.**

પુષ્પમુખી ગુજરાતીઓથી કેમ બચો એ યાર,
જે ચંદ્રમુખિઓને ઇશ્વરે આપ્યું રૂપ અપાર.

અહિંની ધર્તિ (જમીન) ઘણીખરી રેતાળ છે અને દરેક જાતનું અનાજ પુષ્કળ નિપજે છે; પરંતુ તેમાં બાજરીની પેદાશ ઘણી થાય છે. તે બાજરીપર કચ્છી ઘોડાઓના આહારનો આધાર છે. તેમજ ઘણા ખરા લોકો પણ તે ઉપર પોતાનું ગુજરાન ચલાવે છે. પ્રાચીન કાળમાં ચોખા સારા થતા નહોતા પણ હાલમાં તો પુષ્કળ અને સારા થાય છે. કેટલાક મહાલમાં ખરીફ અને રવિની ઉત્પત્તિ[3] સેળભેળ છે અને કેટલેક ઠેકાણે તો કુવા તથા વર્ષાદથી ખરીફ અને રવિને ઉપજાવે છે; તેમજ ખેતરો તથા ગામડાંની વસ્તીની ચોતરફ ફરતી થોરીઆંની વાડ કરે છે, કે જે લાંબો કાળ ગુજરતાં એક મજબુત કોટ(ગઢ)રૂપ થઇ જાયછે. **પાટણથી**

---

૧. મોગલ બાદશાહોએ આખા હિન્દુસ્તાનમાં અમલ જમાવ્યા પછી સુબાઓમાં તેના ભાગ પાડેલા, જેમકે બંગાલાનો સુબો તથા ગુજરાતનો સુબો.

૨. મુસલમાન ભુગોળવેતાએ પૃથ્વિના સાત ખંડ કરીને એક એક ગ્રહની હેઠળ એક એક ખંડને મુકયા છે. તેમાં ગુજરાત વિભાગ બૃહસ્પતિની તળે ગણેછે.

૩. વર્ષની ત્રણ રૂતુઓ છે.—બારાન (વર્ષાદ), ખરીફ અને રવી (રબી).

વડોદરા સુધીનો જે સો (૧૦૦) કોસનો વિસ્તાર છે તેમાં આંબાનાં તથા રાયણુ વિગેરેનાં ફળવંત તથા ફળરહિત વૃક્ષો પુષ્કળ-જથાબંધ થાય છે, કે જે સોરઠ દેશમાં થતાં નથી. ટેટીઓ અને નાશપાતીઓ[૧] ઘણી ઉત્તમ નિપજે છે. અને હિંદીકર્માં વિગેરે જે નદિઓના કીનારાપર વાવવામાં આવેછે તે શિયાળા તથા ઉનાળાની દરેક મોસમના બે મહિનામાં પુષ્કળ નિપજે છે. તે સિવાય જાતજાતનાં સુગંધી ફુલોનાં વૃક્ષો તથા તરેહવાર જાતનાં ફળો અને તરકારીઓ કે જેમનું વર્ણન લંબાણ થઇ પડે તેવી રીતથી વાવવામાં આવે છે.

સોરઠ તથા ગુજરાતમાં ઘરબાંધણીની રીત, કછી ઘોડા, ગુજરાતી બળદ, શિકારી જાનવરો અને ભેંસો.

ગુજરાતમાં ઘરની દીવાલો પાકી ઇંટોથી અને છાપરૂં સાગ તથા નળીઆંથી કરે છે, અને સોરઠમાં ઇંટની જગ્યાએ પથરા વાપરે છે. **કચ્છી ઘોડાઓ** વેગમાં અને ચાલાકીમાં શરીરનો બાંધો, કદ અને દેખાવમાં અરબી તથા એરાકી ઘોડાઓની બરાબરી અને સરખી તાબેદારી ઉઠાવે છે, તેમજ તેઓથી પુરતા મળતા આવેછે, **ગુજરાતી બળદની** ચાલ ઘણીજ રેવાલ હોયછે, તેઓ ઘણે ભાગે રંગે સફેદ અને આંખને મનગમતા લાગે છે, અને તે વિષે ખરૂં કહેલું છે કે, તેમનો રંગ જોનારને આનંદ આપેછે,[૨] **શિકારી જાનવરોમાં** ચિત્તાઓ ઘણી ઉંચી જાતના થાયછે અને ભેંસો પણ આ ભૂમિમાં પેદા થાયછે.

રાજપીપળા અને દાહોદના જંગી હાથીઓ, સિરોહીની તલવાર, તીરના સાંઠાઓ અને ખંભાતી અકીક તથા હાથી-દાંત.

મોટા જબરદસ્ત હાથીઓ કે જેમનો શિકાર **રાજપીપળા અને દાહોદની** હદમાં થતો હતો પરંતુ હાલમાં પર્વતની તળેટી પસંદ કર્યાથી તેઓ ખસી ગયેલા છે. હથિયારોમાં સિરોહીની તલવાર જગતપ્રસિદ્ધ છે અને તીરના સાંઠાઓ અહિં કરતાં સારા કોઇપણ દેશ કે શહેરમાં થતા નથી, ખરૂં પુછો તો હિન્દુસ્તાનમાંથી તીર બનાવીને ઇરાની શહેરોમાં લઇ જાયછે, અને યમન દેશના નગીનાજેવા માળાઓ, પ્યાલાઓ અને છરીઓ, તલવારો

---

૧. નાશપાતી ( આ એક જાતના મેવાનું નામ છે ) હાલમાં તેનો ગુજરાતમાંથી નાશ થયેલો છે તેથી તેને જોઈને લોકો કદાચ ઓળખી શકશે પણ નહિ.

૨. કુરાનમાં પીળા રંગ વિષે બની ઈસ્રાઇલના બળીદાનના નંદ (વાછરડો)નું મુસા તથા બની ઈસ્રાઈલના વાદ પ્રત્યે વર્ણન છે તેને બદલીને ગ્રંથકર્તાએ ઘણુંજ ટુંકું અને છટાદાર રીતે વર્ણવેલ છે.

તથા ખંજરો વિગેરેના દસ્તાઓ અકીકના પથરથી, જુદા જુદા રંગના કબજાઓ વિગેરે હાથીદાંતની વસ્તુઓ જે ખંભાત બંદરમાં થાયછે તે વેપારી લોકો બીજાં બંદરો તથા સમુદ્રો માર્ગે લઇ જઇને તેનો લાભ લે છે.

વસ્ત્રમાંથી હિન્દી મહાસાગર અને ઇરાની અખાતથી અરબસ્તાન, આફ્રિકા, તુર્કસ્તાન અને ફરંગીસ્તાન[1]નેવાસ્તે વણાટ તથા રંગાટ થાય છે. બીજી પેદાશ **નિમક** (મીઠું) ની છે. જોકે ખારા સમુદ્રને કાંઠે આવેલી આ દેશની સઘળી વસ્તીમાં ક્યારીઓ કરી શિયાળામાં ડોહાળીઓથી કામ લઇ પાણી ભરે છે અને તે જામી જાયછે, પરંતુ જે મીઠું **ખંભાત બદંર** વિગેરેમાં થાયછે તે કઠણ રેતી સરખું હોયછે, કેમકે સમુદ્ર ત્યાંથી ઘણો નજીક છે તેથી તે કહેવત પ્રમાણે કે, હિન્દુસ્તાનમાં કડવું મીઠું થાય છે. તે ખરૂં છે કે, જરા કડવું હોયછે, અને કર (મીઠું) તથા હિન્દી મીઠું જેને કાળું મીઠું અથવા હિન્દીમાં સંચળ પણ કહેછે. ખંભાત બંદરમાં, મોડ નામનું ઘાસ મેળવીને બંધ પકવ્યાથી થાયછે, અને સંચામાં પકવ્યાથી ઘંટીના પાટ જેવું થાયછે, તેને આસપાસના દેશોમાં સમુદ્ર અને જમીનને રસ્તે લઇ જાયછે. જે મીઠું ઝીંઝુવાડાના અગરમાં થાયછે તે વીરમગામ તાબામાં છે અને સમુદ્રથી ઘણું દૂર છે, તે પણ પહેલાંની રીત પ્રમાણે કુવાનાં પાણીથી કરેછે. તે દેખાવમાં સાકર જેવું ધોળા રંગનું, ખારૂં અને ફાયદાકારક છે, તેને માળવાવિગેરે દેશોમાં લઇ જવામાં આવેછે. તેમજ ત્યાંનાં મહેસુલથી પુરા રૂપિયા મજકુર પરગણામાં જમા થાયછે.

ઇરાન, અરબસ્તાન, તુકસ્તાન, આફ્રિકા અને ફરંગીસ્તાન તરફ લુગડાંનો વેપાર, શેજરતી ખંભાતી અને ઝીંઝુવાડાનું મીઠું.

બીજું કારખાનું કાગળનું છે. જોકે દોલતાબાદી અને કાશમીરી સારા પોતના હોયછે, પરંતુ સફેદી અને ધોળાશમાં અમદાવાદીને પહોંચી શકતા નથી. તે ઘણી જાતના થાયછે; પણ ખરૂં પુછતાં એ દેશ રેતાળ હોવાથી કાગળ બનાવતી વખતે રેતીનાં રજકણો તેની અંદર આવી જાયછે તે મોહરા કરતી વખતે બહાર નીકળી જાયછે અને ઝીણાં

અમદાવાદી કાગળ, સાગવાન, શિશમ અને ઈડરના પથરા.

---

૧. ફરહંગ એટલે બુધ્ધિમાન, અહિં યુરોપનો વેપાર ઘણોજ વખણાયાથી યુરોપિયનોને ફિરંગી કહેતા તેમજ ફરંગીસ્તાન એટલે યુરોપખંડ.

ઝીણાં કાણાં પડી જાયછે તે એક જાતની ખોડ છે. તેને દર વર્ષે ધોળા રંગને લીધે રૂપિયા આપીને હિન્દુસ્તાન, અરબ અને રૂમના શહેરોમાં કનકપત્રની માફક લઇ જાયછે. **સાગવાન** કે જે ઉપર છાપરાંઓ, થાંભલાઓ વિગેરે ઇમારતી કામ અને વહાણોની બાંધણીઓનો આધાર છે, તે પણ પેદા થાયછે. **શિશમ**નાં લાકડાં કે જે પુરેપુરી રીતે જોવા તથા ફાયદામાં આબનુસનાં લાકડાંથી સંબંધ રાખેછે તે રથવિગેરે બનાવવાના કામમાં આવેછે, **પઠાલી પથરાઓ** કે જે ઇડરના પહાડોના ખાણોમાં થાયછે. તે બીજી જગ્યાએ થતા નથી. તે પથરાને પકવીને તેનો ચુનો કરીને જ્યારે દીવાલોનાં ધોળાં અસ્તરો, ઇમારતોની છતો, બગીચાઓ અને રોજાઓ વિગેરે ઉંચા ઘુમટોના કામમાં લઇને ઘુંટેછે ત્યારે તે આરસસમાન ચળકતા થાયછે. જેમકે શાહજહાં બાદશાહના હુકમથી **શાહજહાંબાદ** (નવી દિલ્લી)ના અરકન કિલ્લાની ઇમારતો બનાવતી વખતે મજકુર પથરાનો ચુનો ગુજરાતથી લઇ જઇને વાપરવામાં આવ્યો છે, અને પીર ઓલીયાના ઘુમટો વિગેરે, તથા હિન્દુ લોકોનાં ધર્મસ્થાનો અને સુપ્રસિદ્ધ મકાનો વિગેરે જેનું થોડું ઘણું વર્ણન જાણ પ્રમાણે કાળ—નવરાશ આવેથી રચવાનો ધારો છે તે સમાપ્તિમાં લખવામાં આવશે. તે સિવાય ઘણી નેહરો, તળાવો અને અગણિત વાવો આ દેશમાં છે. ઘણી ખરી જગ્યાએ પાણીના કુવા ખારા છે. જો સંપૂર્ણ રીતે આ દેશનાં વખાણ લખું તો એક જુદું મોટું પુસ્તક ભરાય તેમ છે. દુનિયાના જુદા જુદા ભાગોમાંથી આવતા જતા લોકોમાંથી ઘણાખરાના મોઢેથી ઘણી વેળા સાંભળેલ છે કે, બીજા દેશો કરતાં આ દેશ ઘણોજ ચઢીઆતો દેશ છે.

બાદશાહી વખતનો બંદોબસ્ત.

આ સુબાનો બંદોબસ્ત આ વખતે જો કાંઇ બીજી હરકત ન હોય તો દરેક મહાલના ફોજદારોની સન્યા શિવાય અને સુબાની તહેનાત સિવાય પાંચહજાર સ્વારો કે જેમને જમેબંધી વખતે સુબાનો નાઝીમ ભેગા કરેછે તે પૂરતા છે.

ગુજરાત—સંવત ૧૬૨૭.

ગુજરાતના સુલતાનોના વખતમાં ગુજરાતના સુબાની ઉપજ અને વિશાળતા તથા ખાલસા અને જાગીરો, કે જે સને ૯૭૯ હિજરી એટલે સંવત સોળસો સત્યાવીશમાં હતી તેનું વર્ણન—

બે લાખ ને ત્રણ હજાર સવારોનું લશ્કર હતું, તેમજ પાંચ અબજ, ચોરાશી કરોડ અને પચાસ લાખ ટંકચા ગુજરાતી ઉપજ હતી. તે વખતે એક રૂપિયાના ૧૦૦ ટંકચા ગણાતા હતા. આ વખતે એક રૂપીયાના ચાલીશ ટંકચા ચાલે છે. તે સમયે ટંકચા એટલે દોકડાનું ચલણ હતું. તે હાલના હિસાબે પાંચ કરોડ અને સુડતાલીશ લાખ રૂપીયા થાયછે. તે વખતે એ પેદાશ હતી અને પચીસ લાખ હુન તથા એક કરોડ દોબેતી ઇબ્રાહીમી કે જેનો ટોટલ પાંચ કરોડ, બાસઠ લાખ અને પચાસ હજાર રૂપિયા થાયછે તે દર વર્ષે દક્ષિણના બાદશાહો ફિરંગીનાં બંદરો અને અરબસ્તાનના દેશથી પેશકશી દાખલ વસુલ આવતા હતા તેનું ખુલાસાવાર વર્ણન આગળ કરવામાં આવ્યું છે.

અરબસ્તાન, યુરોપિયન બંદરો અને દક્ષિણની ખંડણી.

જ્યારે **સુલતાન** બહાદુરે સને ૯૫૫ હિજરીમાં રાણાનો પરાજય કરીને **ચિતોડ**ના કિલ્લાની ફતેહ કરી તેજ વખતે **નસિરૂદ્દીન હુમાયુ** બાદશાહે તે સુલતાનને નસડયાથી તે નાસીને **દીવબંદર** કે જ્યાં સમુદ્રમાં ઘણોજ મજબુત કિલ્લો છે ત્યાં ભરાઇ બેઠો અને ત્યાંના ફિરંગીઓએ તેને દગાથી મારી નાખ્યો. તે વખતથી દીવબંદર ફિરંગી (પોર્ટુગીઝ) લોકોના કબજામાં આવ્યું અને હજી સુધી પણ તેઓનાજ તાબામાં છે. તે વિષેની વધુ હકીકત મજકુર સુલતાનના રાજ્ય વર્ણનમાં વર્ણવવામાં આવશે તે ઉપરથી જાહેર થશે.

બહાદુરશાહે ચીતોડ જીત્યું અને રાણાનો પરાજય થયો.

ગુજરાત રાજ્યને ઘણું નુકશાન પહોંચ્યું અને મજકુર પેશકશીઓ (ખંડણીઓ) બંધ થઇ. જ્યારે ગુજરાતી સુલતાનોની સત્તા અને જોર દીવસે દીવસે વધવા લાગ્યું ત્યારે ઘણીખરી સરકારો અને આસપાસનાં બંદરો જીતી લઇને પોતાના કબજામાં રાખી ગુજરાતના તાબા તળે મુકયાં, મતલબ કે રાજની સાથે જોડી દીધાં. તેમાં પચીસ [1]સરકારો હતી તેનાં નામ.

ગુજરાતની બાદશાહત તાબેના જીલ્લાઓ અને બાદશાહતની વિશળતા.

---

૧ હાલમાં જેને જીલ્લા કહે છે તેને બાદશાહી વખતમાં સરકાર કહેતા.

| | | | |
|---|---|---|---|
| ૧ જોધપુર | સરકાર | ૧૪ અમદાવાદ | સરકાર |
| ૨ જાલોર | ,, | ૧૫ વડોદરા | ,, |
| ૩ નાગોર | ,, | ૧૬ ભરૂચ | ,, |
| ૪ બસઇ | ,, | ૧૭ નાંદોદ | ,, |
| ૫ મુંબઇ | ,, | ૧૮ સુરત | ,, |
| ૬ દમણુ | ,, | ૧૯ ચાંપાનેર | ,, |
| ૭ દામનગર | ,, | ૨૦ પાટણુ | ,, |
| ૮ ડુંગરપુર | ,, | ૨૧ સોરઠ | ,, |
| ૯ બાંસવાડા | ,, | ૨૨ નવાનગર | ,, |
| ૧૦ શિરોહી | ,, | ૨૩ ગોધરા | ,, |
| ૧૧ કચ્છ | ,, | ૨૪ મલબાર | ,, |
| ૧૨ સોંથ | ,, | ૨૫ નઝરબાર (નંદનબાર) | સરકાર |
| ૧૩ ડંદાર ચિતપુરી | ,, | | |

**નોટ**—૧૧,૦૯,૫૦,૦૦૦ રૂપીયા દર વર્ષે આપણા દેશમાં વપરાતા હતા. લોકો સોનામાં નહાતા હતા. રૈયત રાજી હતી, દેશ આબાદ હતો અને સર્વત્ર જય જયકાર વ્યાપી રહ્યો હતો.

**સુલતાન મુજફ્ફર** વિગેરેના જાતીકા બત્રીશ મહાલ હતા અને તેની ઉપજ નેવું લાખ રૂપિયા એટલે નેવું કરોડ ગુજરાતી ટંકચાની હતી, તે સરકારી ઉપજથી જુદી હતી. **સુલતાન**ના જાતીકા દશ હજાર સ્વારો હતા અને તેત્રીશ કરોડ ટંકચા હતા. **અલગખાન હબશી** (સીદી) ની જાગીરની ઉપજ પાંત્રીશ કરોડ ટંકચા અને ચાર હજાર સ્વારો હતા. **ઝુઝારખાન**ની જાગીર છ કરોડ દોકડાની અને પચીસસો સ્વારો હતા. **મલેક શરક**ની જાગીર ચાર કરોડ દોકડા અને પંદરસો સ્વારો હતા. અને **વજીહુલ મુલ્ક** તથા **મુમતાઝુલ મુલ્ક** વિગેરેની પરચુરણ જાગીર ચાર કરોડ દોકડા અને બે હજાર સ્વારોની હતી. ખાનગીના બત્રીશ મહાલો કે જે ખાલસા વિગેરેમાં હતા તેમાંથી શહેર અમદાવાદના સાયર વિગેરેની ઉપજ પંદર કરોડ પચાસ લાખ ટંકચાની હતી. કે જેના પંદર લાખ ને પચાસ હજાર રૂપિયા થાય છે, અને તે ટોટલમાંથી કસબાની પડતર જમીનની ખેતી બાબત પચાસ લાખ ટંકચા સાયર માંડવી બાબત, દશ કરોડ ટંકચા અને ટંકશાળ બાબત ત્રણ કરોડ ટંકચા–કુલ એકંદર

તેર કરોડ પચાસ લાખ ટંકચા, કોટવાલી–પોલીસ બાબત પંદર હજાર ધરીચા, પાંચ હજાર રૂપિયા તારકશીના કંટ્રાક્ટના, દશહજાર રૂપિયા અફિણના, પાંચ હજાર રૂપિયા રેશમના, અઢાર હજાર ભારબરદારીના ભાડાંના ટેક્સના, પાંચ હજાર ટપાલના ઠેકાના, પંદસો રાજ્યની છુપી પોલીસ મારફત, પાંચ હજાર રૂપિયા દુકાનોના ભાડાંના, પુરાંઓના દરવાજાઓનું હાંસલ પંદર હજાર, શહેરના દરવાજાઓનુ હાંસલ ત્રણ હજાર પાંચસો અને પુરાંઓની આવદાની તેર હજાર, મુઠી અને ચુંગી વગેરેનું મહેસુલ ચૌદહજાર રૂપિયા અને ભાડાંના પાંચહજાર બે કરોડ ટંકચા કે જેના બે લાખ રૂપિયા થાયછે તે જમે થતા હતા.

સુલતાન વિગેરેની ખાનગીમાં જે પરગણાં હતાં તેની ઉપજઃ—**પેટલાદ પરગણું**—૨૭૬ ગામ અને વીશ કરોડ ટંકચા એટલે વીશ લાખ રૂપિયા ઉપજે છે. **ખંભાતપરગણું**–૬૦૦ ગામ અને ચાર લાખ પચાસ હજારની ઉપજ થાય છે; તે પૈકી **દેવાન** તથા **મેહમુદપુર** વિગેરેની ખેતી બાબત પચાસ હજાર રૂપિયા, અને **માંડવી** શહેરના ટેક્ષો (કર–વેરા) તથા સમુદ્ર વિગેરેની આવદાની ચાર લાખ રૂપિયા, **મહુદા પરગણું** કે જે ઝુઝારખાનની જાગીરમાં હતું તેમાં ચોરાશી ગામો હતાં, તેની ઉપજ પાંચ લાખ રૂપિયાની હતી. **મહેમુદાબાદ** વિગેરે પરગણામાં ૭૫ પંચ્યોતેર ગામો હતાં તેની ઉપજ સાત લાખ રૂપિયાની હતી. **નડિયાદ પરગણું**–તેમાં ૩૬ છત્રીશ ગામો હતાં તેની ઉપજ ચાર લાખ રૂપિયાની હતી. જુમલે ચાલીશ લાખ ને પચાસ હજાર રૂપિયાની આવદાની હતી.

ખાલસા પરગણાઓ અને તેમની આવક.

બંદરોનું હાંસલ ત્રેવીસ મહાલ–તેમાંથી એક **ખંભાત બંદરની** હકીકત લખવામાં આવી છે ને તેનું સવિસ્તર વર્ણન ચિતરેલું છે, અને બાવીશ બંદરોની ઉપજ ચોત્રીશ લાખ રૂપિયાની હતી, તેમાંથી ગુજરાતના તાબામાં **ભરૂચ બંદર, સુરત બંદર, ઘોઘા બંદર, ગંધાર બંદર, રાંદેર બંદર** મળી પાંચ મહાલ થાયછે તેની ઉપજ વીશલાખ રૂપિયાની હતી.

ગુજરાતનાં બંદરોની ઉપજ.

સોરઠ સરકારના તાબાનાં બંદરો, અને **દેવીબંદર** તથા **પોરબંદર** ના બે મહાલો, **મહુવાબંદર** એક મહાલ, **પાટણ દેવ** એક મહાલ, **મંગલોરબંદર** બે મહાલ, **તલાચા બંદર** ચાર મહાલ તે સિવાય **નાગસર**

સોરઠનાં બંદરોની ઉપજ.

**બંદર** મહાલ, **કોડીનાર બંદર** મહાલ, **દેવનગર બંદર** મહાલ, **સખાપુર બંદર** મહાલ, અને **ચીખલી બંદર** મહાલ, જુમલે સત્તર બંદર તેની જમાબંદી ચઉદ લાખ રૂપિયાની હતી.

અમીરોની જાગીર વિષે–**ઈખતિયારૂલ મુલ્ક** કે જે કાયમ દશહજાર સ્વારોથી નોકરી કરતો હતો તેની જાગીરમાં **અહમદનગર પરગણું** હતું. તેમાં ૪૪ ગામડાં હતાં. તેની ઉપજ ચાર લાખ રૂપિયાની હતી. **પ્રાંતીજ** પરગણું–તેમાં એંશી ગામડાં ને પાંચ લાખ રૂપિયાની ઉપજ હતી. **ઝાલાવાડ પરગણું**–એમાં ૧૯ ઓગણીશ ગામડાં ને બે લાખ રૂપિયા વસુલાત હતી. **હરસોલ પરગણું** એમાં ૮૪ ચોરાશી ગામડાં ને ત્રણ લાખ રૂપિયા ઉપજ હતી. **મોડાસા પરગણું**–એમાં ૧૬૨ એકસો બાસઠ ગામડાં ને આઠ લાખની ઉપજ હતી. **મેધરેજ પરગણું**–એમાં ૨૪૫ બસો પીસ્તાલીશ ગામડાં, કે જે પૈકીનાં પચાસ ગામડાં ઇડરના રાજાનાં ઇનામનાં અને પચાસ ગામડાં ડુંગરપુરના રાજાના ઇનામનાં બાદ જતાં બાકીનાં એકસો પીસ્તાલીશ ગામડાં ને બેલાખ રૂપિયાની આવક હતી. **ચીપલોદ** પરગણું–એમાં છત્રીશ ગામો ને ત્રણ લાખ રૂપિયાની ઉપજ. **કઠનાલ (કઠલાલ) પરગણું**–કે જેને **મંસુરઆબાદ** પણ કહેછે તેમાં ૪૪ ચુમાલીશ ગામો ને ચાર લાખ રૂપિયાની ઉપજ હતી. **બીરપુર પરગણું**– એમાં ૧૬૫ એકસો પાંસઠ ગામડાં ને ચાર લાખ રૂપિયાની ઉપજ હતી. **ભીલ પરગણું**–એમાં ૧૩૮ એકસો આડત્રીશ ગામડાં ને દશ લાખ રૂપિયાની આવદાની હતી. જુમલે ૧૧ અગિયાર મહાલો અને ઉપજ ગુજરાતી ત્રીશ કરોડ ટંકચાની હતી.

અમીરોની જાગીરો.

આબાદ કરેલી જાગીરની ઉપજ સાઠ કરોડ ટંકચા એટલે સાઠ લાખ રૂપિયાની હતી. **સૈયદ મીરાં વા સૈયદ હામેદ**, સૈયદ મુબારકખાનના દીકરા કે જે ચાર હજાર સ્વારોથી નોકરી કરતા હતા તેમની જાગીરનું ધોળકા પરગણું હતું. તેમાં ત્રણસો પંદર ગામડાં હતાં. અને તેની આવદાની સોળ કરોડ ટંકચાની હતી. શેરખાન પોલાદીની જાગીર સાતહજાર સ્વારોના બદલામાં અને હસન તથા જમાલની જાગીર પાંચ હજાર સ્વારોના બદલામાં ધોકરખાન શેરવાનીના પાંચ હજાર સ્વારોની અને રાજકુંવરના પગાર પેટે પાંચ હજાર સ્વારો અને ત્રણ હજાર સુધી રજપુતો નોકરીમાં હાજર રહેતા હતા.

પાટણ—શહેર તાળાની ખેતી અને બાંડીની પડતર જમીન સાયર ને કોટવાળીની મળીને એક લાખ સાઠ હજારની ઉપજ હતી અને પાટણતાબે તેની આસપાસ ૪૧૯ ચારસો ઓગણીશ ગામોની આવકની વીશલાખ પચાંસ હજાર રૂપિયાની હતી.

વડનગર પરગણું—તેર પુરાંઓ મળીને ૮૫,૦૦,૦૦૦ રૂપિયાની વસુલાત થતી હતી.

વીશનગર પરગણું—એક કસ્બાની ૪૫,૦૦૦ રૂપિયાની આવકની હતી.

બીજાપુર પરગણું—તેમાં ૯૮ અઠાણું ગામડાં હતાં અને ૬,૭૦,૦૦૦ રૂપિયાની ઉપજ હતી.

ખેરાલુ પરગણું—તેમાં એકસો દશ ગામડાં ને પાંચ લાખ એંશી હજારની આવક હતી.

પાલણપુર પરગણું—એમાં એકસો એંશી ગામડાંઓની ૫,૨૫,૦૦૦ રૂપિયાની આવક હતી.

ડીસા પરગણું—એમાં ૨૩ ત્રેવીશ ગામડાં અને ૨,૮૫,૦૦૦ રૂપિઆની આવક હતી.

ઝાલાવાડ પરગણું—એમાં ૪૦૦ ચારસો ગામડાં અને ૨૬,૦૦,૦૦૦ રૂપિયાની વસુલાત હતી.

કડી પરગણું—એમાં ૨૯૯ બસો નવાણું ગામડાં અને ઉપજ ૨૮,૦૦,૦૦૦ રૂપિયાની હતી. તેના કુલ ૧૦ દશ મહાલો હતા.

ટંકચાનું ચલણ ગુજરાત કરતાં પાટણ વિગેરે જીલ્લાઓમાં ઓછું હતું અને કડી તથા ઝાલાવાડમાં અમદાવાદ પ્રમાણે ચલણ હતું. તેથીજ તેમાં ૧,૧૬,૦૦,૦૦,૦૦૦ ટંકચા કે જે એક કરોડ અને સોળ લાખ રૂપિયા થાયછે તે પેદાશ હતી.

ઇમાદુલ મુલ્કના દીકરા રૂસ્તમખાન અને ચંગીઝખાન કે જેઓ પચીસ હજાર સ્વારોથી નોકરી કરતા હતા તેઓને પાંચ થાણાં સોંપેલાં હતાં; તે દરેક થાણામાં પાંચ હજાર સ્વારો રહેતા, તેના ખર્ચમાં ૬૯ ઓગણોતેર મહાલો અને બે કરોડ પચીશ હજાર ચંગેઝી મહેમુદીની ઉપજના એટલે અમદાવાદના ટંકચાના હિસાબથી ૧,૬૨,૦૦,૫૦,૦૦૦ ટંકચા એટલે એક કરોડ, બાસઠ લાખ ને પાંચસો રૂપિયા થાય તે તેમના ખર્ચમાં કાપી આપેલા હતા; તે પૈકી નીચે મુજબ છે:—

**સુરત બંદર**–બંદર, માંડવી અને કસ્બાની પડતર જમીનની ખેતી શિવાય એકત્રીશ મહાલો જેમાં ૯૯૬ ગામડાં હતાં. તેની ઉપજ પચાસ લાખ ચંગેઝીની હતી.

**વડોદરા સરકાર**–શહેર, માંડવી અને કસ્બાની પડતર જમીનની ખેતી સહિતનો મહાલ અને પાંચ લાખ ચંગેઝીની ઉપજ હતી. તે સિવાય વડોદરા હવેલીનું પરગણું, તેમાં ૨૦૮ ગામડાં હતાં અને અઠાવીશ લાખ ચંગેઝીની ઉપજ હતી.

**ડભોઇ પરગણું**–૪૪ ચુંમાળીશ ગામડાંની આઠ લાખ ચંગેઝીની ઉપજ.

**સીનોર પરગણું**–૪૬ છેતાળીશ ગામડાંની પાંચ લાખ ચંગેઝીની ઉપજ.

**બહાદુરપુર પરગણું**–૨૭ સિત્તાવીશ ગામડાંની બે લાખ ચંગેઝીની ઉપજ.

**સોનગઢ પરગણું**—૮૨ બ્યાશી ગામડાંની બે લાખ ચંગેઝીની ઉપજ.

એકંદર ૭ મહાલો–ચારસો આઠ ગામડાંની સાઠ લાખ ચંગેઝીની પેદાશ હતી.

**નાંદોદ સરકાર**—૧૨ મહાલોની પચીસ લાખ ચંગેઝીની ઉપજ.

**ભરૂચ સરકાર**—હવેલી પરગણું, ભરૂચ શહેર સુદ્ધાં તથા બંદર સિવાય ૧૬૧ એકસોને એકસઠ ગામડાંની ત્રીસ લાખ ચંગેઝીની ઉપજ.

**હાંસોટ પરગણું**—૩૬ છત્રીશ ગામડાંની ચાર લાખ ચંગેઝી ઉપજ.

**ધીચવારા પરગણું**—૧૨ બાર ગામડાંની એક લાખ, પચાસ હજાર ચંગેઝીની ઉપજ.

**કોરલીઆરા પરગણું**–૧૨ બાર ગામડાંની બે લાખ ચંગેઝીની ઉપજ.

**ઓરપાડ પરગણું**—૧૩૬ એકસો છત્રીશ ગામડાંની બાર લાખ ચંગેઝીની ઉપજ.

**ઝરમાંડવી પરગણું**—૧ એક ગામની પચાસ હજાર ચંગેઝીની ઉપજ.

**કલ્લાસી પરગણું**—૬ ૭ ગામડાંની ચાર લાખ ચંગેઝીની ઉપજ.

**જંબુસર પરગણું**—૫૬ છપન ગામડાંની આઠ લાખ મહેમુદી ચંગેઝીની ઉપજ.

**ઉકલેસર પરગણું**—૫૫ પંચાવન ગામડાંની ૭ લાખ ચંગેઝીની ઉપજ.

**અંતલસ પરગણું**—૩૬ છત્રીશ ગામડાંની બે લાખ ચંગેઝીની ઉપજ.

**તારકેશ્વર પરગણું**—બાર લાખ ચંગેઝીની ઉપજ હતી.

**આમોદ અને મકબુલાબાદ પરગણું**—૩૬ છત્રીશ ગામડાંની ચાર લાખ ચંગેઝીની ઉપજ.

જુમલે ૧૨ બાર મહાલ, ને ૪૮૯ ચારસો નેવ્યાશી ગામડાંની પંચ્યોતેર લાખ ચંગેઝીની ઉપજ હતી.

**સરકાર હવેલી ચાંપાનેર**—૮૭ સત્યાશી ગામડાં.

**સાંવલીમહાલ પરગણું**—૫૪ ચોપન ગામડાં.

**દાહદ પરગણું**—૧૦૦ એકસો ગામડાં.

**હાલોલમહાલ પરગણું**—૩૪ ચોત્રીશ ગામડાં.

**તેમુરીઆ પરગણું (ત્રણ મહાલો સહીત)**—૧૦૬ એકસો છ ગામડાં.

**રાલોદમહાલ પરગણું**—૨૫ પચીસ ગામડાં.

**ઝાલોદમહાલ પરગણું**—૧૭ સત્તર ગામડાં.

જુમલે આઠ મહાલ, જેમાં ૪૨૫ ચારસો પચીસ ગામડાંની પંદર લાખ ચંગેઝીની જમાબંધી થતી હતી.

**નાસિરૂલ મુલ્ક**-કે જે બાર હજાર સ્વારોથી નોકરી કરતો હતો તેની જાગીરમાં:—

**નઝરબાર (નંદનબાર)**-પચીસ લાખ ચંગેઝીની ઉપજ.

**સુલતાનપુર પરગણું**-પંદર લાખ ચંગેઝીની ઉપજ.

**હસાના હમારા પરગણું**-દશ લાખ ચંગેઝીની ઉપજ.

જુમલે ત્રણ મહાલ, તેની જમાબંધી પચાસ લાખ ચંગેઝી બરાબર, પચીસ કરોડ ટંકચા એટલે પચીસ લાખ રૂપિયા થાય, તે નક્કી કરી આપ્યા હતા.

**ભરજી જમીનદાર**-પોતાના કબજામાં બકલાણાનો મુલક મલેરનો કિલ્લો અને સાયર રાખતો હતો ને ત્રણ હજાર સ્વારોથી નોકરી કરતો હતો.

**કામિલુલ મુલ્ક**-ની જાગીર સરકાર ગોધરાના બાર મહાલો હતાં; તે પૈકી બે મહાલ **સોંથ**ના જમીનદાર તથા **ચિત્રાલ**ના કોળીને-નોકરી પેટે

તેનું મહેસુલ માફ કર્યું અને બાકીના દશ મહાલની જમાબંધી પચીસ લાખ ચંગેઝી કે જેના વીશલાખ રૂપિયા થાયછે તે નીચે જણાવેલ પેટાં પ્રમાણે છેઃ-

**ગોધરા હવેલી** પરગણું-૧૭૧ એકસો એકોતેર ગામડાંની વીસ લાખ ચંગેઝીની ઉપજ.

**સહરા** પરગણું-૨૪ ચોવીશ ગામડાંની પાંચ લાખ ચંગેઝીની ઉપજ.

**મેરાલ** પરગણું-ચાર લાખ ચંગેઝીની ઉપજ.

**સમધા ઉર્ફે નાસીરઆબ** પરગણું-૪૨ બેતાલીશ ગામડાંની આઠ લાખ ચંગેઝીની ઉપજ.

**દુદીઆ** પરગણું-૩૨ બત્રીશ ગામડાંની બેલાખ ચંગેઝીની ઉપજ.

**અંબાલા** પરગણું-૪૨ બેતાલીશ ગામડાંની બેલાખ ચંગેઝીની ઉપજ.

**છાલોદ** પરગણું-૮૪ ચોરાસી ગામડાંની આઠ લાખ ચંગેઝીની ઉપજ.

**મોરદા** પરગણું-૨૪ ચોવીશ ગામડાંની દશ લાખ ચંગેઝીની ઉપજ.

**લુહાના** પરગણું-૨૪ ચોવીશ ગામડાંની બે લાખ ચંગેઝીની ઉપજ.

**હામોદ** પરગણું-૧૨ બાર ગામડાં, બેલાખ ચંગેઝી જાગીરમાં આપેલાં હતાં.

**ગઝનવીખાન** (મલેકખાનજી જાલોરીના દીકરા)ની જાગીર-તે સાત હજાર સ્વારોથી નોકરી કરતો હતો અને તેના બદલામાં નીચે બતાવ્યા મુજબ દશ કરોડ ટંકચા એટલે દશ લાખ રૂપિયા પોતાના કબજામાં રાખતો હતો.

**જાલોર**—ટંકશાળ, માંડવીનું હાંસલ અને પરગણાની ઉપજ કે જેના અગિયાર મહાલો અને ૬૦૦ છસો ગામડાં હતાં તેના ત્રણ લાખ ને સિત્તેર રૂપિયા જોધપુર તાબામાંથી વસુલ લેવાતા અને સુલતાનના ખાલસામાં આવતા હતા તથા ચોથા ભાગના જમીનદારોને અપાતા હતા. ત્રણ હજાર સ્વારો ગઝનીખાનની નોકરીમાં હાજર રહેતા હતા અને તેની પેદાશ બે લાખ ને પંચ્યોતેર રૂપિયાની હતી.

**નાગોર શહેર**-આ શહેર કેટલાંક વર્ષથી ઉજડ હતું, અને મલેકખાનજી પઠાણની ભલામણથી પડી ગયેલા કિલ્લાને નવેસરથી મરામત કરી આબાદ કરેલો તથા અડધી જમીન ગામડાં તથા પરગણાની રજપુતોની વતનદારીમાં આપેલી કે જેઓ બેહજાર સ્વારોથી ગઝનવીખાનના તાબામાં નોકરી કરતા હતા. તેની પેદાશ બેલાખ ને પચાસ હજાર રૂપિયાની હતી.

મરેઠા તાલુકા—આ પરગણામાંથી નાગોર સરકારમાં અર્ધું પરગણું જમીનદારો ( ગરાસીયાઓ ) ના તાબામાં હતું, તથા બધા ગામોમાંથી ગરાસીઆ લોકો ચોથો ભાગ ખાતા હતા અને બે હજાર સ્વારોની જમીઅત ( લશ્કર ) થી ગઝનવીખાનના તાબામાં હાજર રહેતા હતા. જે વખતે અમદાવાદનો ધણી કાંઇપણ કામગીરી કરે તે વખતે બીજા ત્રણ હજારનું લશ્કર લઇ તેની કુમકે આવી પહોંચતા અને મીરઠા તાલુકામાંથી બે લાખ, ચુંમાલીશ હજાર આઠસો પંચાવન રૂપિયા વસુલ થતા હતા.

**રાજપીપળાનો રાજા સંગ**—આ ગરાસીઓ એકસો સ્વારો અને એક હજાર પ્યાદાથી અમદાવાદના બાદશાહની નોકરી કરતો હતો. તેની પેશકશી ( ખંડણી ) માફ હતી.

**ફતેહખાન અને રૂસ્તમખાન વિગેરેની જાગીરો**—આ બલુચા લોકો ચઉદ હજાર સ્વારોથી નોકરીમાં હાજર રહેતા હતા.

**રાધનપુર પરગણું અને માંડવી**—પંદર લાખ મહેમુદી.

**સમી પરગણું**—પાંચ લાખ મહેમુદી.

**મુંઝપર પરગણું**—આઠ લાખ મહેમુદી.

**કાંકરેજ પરગણું**—સાત લાખ મહેમુદી.

**તીરવાડા પરગણું**—આઠ લાખ મહેમુદી.

**ગોરવાડા પરગણું**—ચાર લાખ મહેમુદી.

**સાંથલપુર પરગણું**—ત્રણ લાખ મહેમુદી.

**થરાદ પરગણું**—માંડવી વિગેરે સહિત પંદર લાખ મહેમુદી.

**મોરબી પરગણું**—દશ લાખ મહેમુદી.

જુમલે નવ મહાલોની ઉપજ પંચ્યોતેર લાખ મહેમુદી એટલે ૩૦ ત્રીસ લાખ રૂપિયા કાયમ ઠરાવેલા હતા.

નીચે જણાવેલ રજપુતો તથા ગરાસીયાઓ પોતાનાં વતનોની ઉપજ પોતે નોકરી બદલ પોતાની પાસે રાખતા હતા અને તેમની ખંડણી માફ હતી.

**ઇડરનો જમીનદાર પુંજો રાઠોડ**—બે હજાર સ્વારોના લશ્કરથી.

**ડુંગરપુરનો જમીનદાર રાણો સહસમલ**—એક હજાર સ્વારોના લશ્કરથી.

**વાઘેલા ઝાલા**—ઝાલાવાડનો સઘળો ગરાસ તેના કબજા–ભોગવટામાં હતો અને તે એક હજાર સ્વારોના લશ્કરથી નોકરી કરતો હતો.

**વસ્તા જામ વિગેરે**—ના કબજામાં સોરઠના ચારસો ગરાસો હતા અને ચાર હજાર સ્વારોના લશ્કરથી નોકરી બજાવતા હતા.

**ભુજનો જમીનદાર મહારાવ ખેંગાર**—તેના તાબામાં એક હજાર ચારસો ઓગણપચાસ ગામડાં હતાં; તે પાંચ હજાર સ્વારોના લશ્કરથી નોકરી કરતો હતો.

**અમીનખાન, ફતેહખાન અને તાતારખાન ગોરી**—એમના તાબામાં જુનાગઢ પૈકી નવ હજાર ગામડાંઓ અને સત્યાસી મહાલો-કે જે પૈકી, બંદરોના ૧૭ સત્તર મહાલો જે જુદા દર્શાવવામાં આવ્યા છે તે બાદ જતાં બાકીના ૭૦ સિત્તેર મહાલો, કે જેમાં પરગણાઓના ૬૦ અને કસ્બાઓના દસ મહાલો હતો તેની જમાબંધીમાંથી એક કરોડ રૂપિયા વસુલ થતા હતા.

**સુલતાન બહાદુરના** વખત સુધી બંદોબસ્ત વગરની જગ્યાઓથી ખંડણીઓ વસુલ થતી હતી. તે આવદાની એક કરોડ ઇબ્રાહીમી તથા પચીસ લાખ હુનની હતી, અને સઘળાં બંદરો મળીને ૮૪ ચોરાશી*મહાલો હતા તેમાંથી ગુજરાત તાબાના ૨૩ ત્રેવીશ મહાલો અને સોરઠ સરકાર કે જેનું વર્ણન જુદું થઇ ગયું છે તે બાદ કરતાં બાકીના ૬૧ એકસઠ મહાલોની ખંડણી નીચે મુજબ એક કરોડ ઇબ્રાહીમી વસુલ થતી હતી.

**મલેક અયાઝ** અને **મલેક તોગાન**ના કસ્બાઓ પૈકી સોરઠના **દીવબંદર** વિગેરે.

**દીવબંદર, ભીમબંદર, વ્યાપુરબંદર, કાજપાટણ**—આ ચાર મહાલોની ઉપજ બે લાખ ઇબ્રાહીમી હતી.

**દમણબંદર**—સુરત જીલ્લામાં ૧૭ ગામડાંની તેતાલીશ લાખ ઇબ્રાહીમી.

**ફીરંગીઓના બંદરોના** ત્રેવીશ મહાલો કે જેની ઉપજ ત્રેવીશ લાખ ઇબ્રાહીમીની થતી હતી તેનાં નામ નીચે મુજબ છેઃ—

| | | | |
|---|---|---|---|
| ચેવલ બંદર, | દાભોલ બંદર, | બિલાવલ બંદર, | વસઇ બંદર, |
| ડંડા બંદર, | પનવેલી બંદર, | અકાસી બંદર, | સરાબ બંદર, |
| કલ્યાણ બંદર, | ભીમડી બંદર, | ડંડારાજપુરી બંદર, | લોઇયા બંદર, |
| મુંબઈ બંદર, | ધરીકોટ બંદર, | કાહલણ બંદર. | કોખા બંદર, |
| રવાસ બંદર, | કાલપની બંદર, | મેલબાર બંદર, | માલદીવ બંદર, |
| ધોરા બંદર, | નંદસ્ત બંદર, | અને નવાનગર બંદર. | |

* "ચોરાશી બંદરનો બાવટો" એ કહેવત આ ઉપરથી કહેવાય છે.

તે સિવાય અરબસ્તાન વિગેરેના મળી સિત્તાવીશ મહાલોની ઉપજ પચીસ લાખ ઇબ્રાહીમીની આવતી હતી.

**મસ્કત તાબાનાં બંદરોની** ખંડણીની વસુલાત બે લાખ ઇબ્રાહીમીની થતી હતી તે બંદરોનાં નામે નીચે મુજબઃ—

| | | | |
|---|---|---|---|
| મકરાણુ બંદર, | બસરા બંદર, | લોભી બંદર, | લાહરી બંદર, |
| હુરમુજ બંદર, | સાદા બંદર, | સેકો બંદર, | ધનાસરી બંદર, |
| મલકત બંદર, | મકીના બંદર, | મલતી બંદર | સ્વાલ બંદર, |
| સુદરહા બંદર, | પુનામા બંદર, | બદ્રીખાન બંદર, | બેદર બંદર, |
| મીરભાઇ બંદર, | અલસ બંદર, | ચીન બંદર, | બલાખા બંદર, |
| બદરસા બંદર, | ગુલીસ્તાન બંદર, | દમાર બંદર, | રાકલ બંદર, |

અને જાવા બંદર.

તે સિવાય અંગ્રેજોનાં ચાર બંદરો અને વલંદાના બે મહાલો મળી કુલ ૬૭ મહાલોની ખંડણીની બેલાખ ઇબ્રાહીમી વસુલ થતી હતી.

**નિઝામશાહ**–બેહરી, **આદિલશાહ**–બીજાપુરવાળો, **હાસમશાહ** બરાર અને ઇલીચપુરવાળો, **કુતુબશાહ**–ગોવલકુંડાવાળો અને **રાજા અલીખાન**–બુરહાનપુરવાળો એ બધા દર વર્ષે પચીસ લાખ હુન ખંડણી ( પેશકશી ) દાખલ પહોંચાડતા હતા.

જોકે આ હકિકતનું વર્ણન ઘણાખરા લોકોને અચંબો પમાડે છે, પરંતુ તેઓ જો **મીરાતે સિકંદરીના** ઇતિહાસ ઉપર દૃષ્ટી નાખશે તો, વૈભવ, સત્તા, રાજકારકીર્દી, અપાર સન્યા, બળ, ભંડાર અને દ્રવ્ય કે જે ગુજરાતના સુલતાનોનું હતું તેથી પૂર્ણ રીતે વાકેફ થશે, કેમકે તેમાં ઘણા વધારાથી વર્ણવેલું છે. તે પૈકી સુલતાન મેહમુદ બેગડાના **અયાઝ** નામના ગુલામની સન્યા કે જે, રાણા સાથેના યુદ્ધમાં દર્શાવેલી છે તે તેપરથી માલુમ થાય છે.

બીજું સરકારી મહેલોની ઇમારતો અને કિલ્લાઓ તથા મસ્જીદો, વાવો અને તળાવો કે જે હમણાસુધી સહી સલામત છે તે ઉપરથી જાહેર થશે કે, શહેરની સરહદમાં કોઇ ઠેકાણે પર્વત નથી. તે સઘળી ઇમારતો ઘણા દૂરના દેશાવરથી લાવવામાં આવેલા કઠણ પથરાની બાંધવામાં આવેલી છે. તે સિવાય સરકારોનું વર્ણન તથા પેશકશીની હકિકત જે, ઉપર લખવામાં આવેલી છે તે બંદોબસ્તખાતાના સીરસ્તેદારના દાદા

**મુળચંદ**ના દફતરેથી લેવામાં આવી છે; તે સિવાય બીજું કોઇ પુસ્તક મારી દૃષ્ટીએ આવેલ નહિ હોવાથી બંદરોવિગેરેનાં કેટલાંક નામો લખવામાં ખામી રહી ગઈ છે.

કહેછે કે, **સિકંદર બેહલોલશાહનો** દીકરો–**દિલ્લીનો બાદશાહ** ઘણીખરી વાર એવું કહેતો હતો કે–"દિલ્લીના બાદશાહોનો પ્રાણાધાર ઘઉં તથા જુવાર છે અને ગુજરાતના બાદશાહોનો મુગા તથા મોતી ઉપર છે, કેમકે તે ચોરાશી બંદરોનો ધણી છે. પણ ખરૂં ખોટું તો ખુદા જાણે.

**અકબર બાદશાહે** ગુજરાત જીત્યા પછીની સંવતોમાં પુરેપુરી વસુલાત અને જમીનની રેવન્યુ જમાબંધી તથા બંદરો, પરગણાંઓ, ગામડાં, સરકારો અને સુબાની સરહદની ચતુરસિમાની લંબાઇ–પહોળાઇ નક્કી કરવામાં આવેલી તેનું વિવેચનઃ–

**પુર્વ**—૨૯૦ બસો નેવું કોસ. તેથી આગળ માળવા દેશ.

**પશ્ચિમ**–શહેર ( અમદાવાદ ) થી દ્વારકાં ઉર્ફે જગતપુર સુધી એકસો સિત્તેર કોશ. તેથી આગળ ખારો સમુદ્ર.

**ઉત્તર**—શહેરથી વડગામ સુધી કે જે અજમેરના સુબા નજીક છે, એકસો દસ કોસ.

**દક્ષિણ**—શહેરથી સુરતબંદર સુધી એકસો દસ કોસ, અને સુરતથી કતલખાનાપુર સુધી કે જે ખાનદેશમાં કલ્લાણુ પાસે છે, એંશી કોસ.

**અકબરશાહની** જય વખતે ગુજરાતના તાબામાં પચીસ સરકારો (જીલ્લા) હતા, જેમનું વર્ણન ઉપર આવી ગયું છે. તે પૈકીના ૯ નવ સરકારોને બીજા સુબા પાસેથી જીતી લીધા હતા અને તેમને બાદશાહના હુકમથી **શહાબુદ્દીન એહમદખાન**ના અમલમાં એટલે સને ૯૮૬ હિજરીમાં અસલ મુલકના તાબે દરવામાં આવ્યા. **જોધપુર** સરકાર, **જાલોર** સરકાર અને **નાગોર** સરકારને અજમેરના સુબામાં જોડી દીધા. **મલેર** તથા **નંદનબાર** સરકારને ખાનદેશમાં મેળવી દીધા. **વસઇ** સરકાર, **મુંબઇ** સરકાર અને **દમણ** સરકારને ફિરંગીઓને હવાલે કરી દીધા. દંડા **રાજપુરી** ગામને બીજા દેશમાંથી લાવેલ હતા, કેમકે તેતો દોલતાબાદની ખડકીના ચોકીદારે પોતાની પુત્રીના કન્યાદાનમાં આપેલ હતું તેને સુલતાન બહાદુર ગુજરાતીએ આ સુબાને હવાલે કરીને સરકારી રાજ્યના ખંડણિયાત દફતરના સિરસ્તામાં દાખલ કરીને સુરત સરકારના જુદા તાલુકામાં ત્યાંના મુસદ્દીના કબજામાં સોંપ્યું.

અકબરશાહે કરેલો ફેરફાર.

**અમદાવાદ** મહાલના **સરકારી** સુબાની દીવાનીના તાબામાં, **ભરૂચ** તાબે ૧૪ ચઉદ મહાલો, **પાટણ** તાબે ૧૭ સત્તર મહાલો, **વડોદરા** તાબે ૪ ચાર મહાલો, **નાંદોદ** સરકાર તાબે ૧૨ બાર મહાલો, **ચાંપાનેર** સરકાર ૧૩ તેર મહાલો, **ગોધરા** સરકાર ૧૧ અગીઆર મહાલો, **સોરઠ** સરકાર ૬૩ ત્રેસઠ મહાલો અને **ઇસ્લામનગર**ના ૧૭ સત્તર મહાલો કે જે, શાહઆલમ બહાદુરશાહના વખતમાં તાબે થયા, જે ઉપર ત્યાંનો જામ જમીનદાર કબજો રાખેછે. મુંબઇની સઘળી સરકારોના ૧૮૪ એકસો ચોરાશી મહાલો હતા તેમાં પરગણાં અને શહેરો પણ શામેલ હતાં; તથા પંદર બંદરો અને દસ હજાર ચારસો સાડી પાંસઠ ગામડાં, અને બે પુરાંની વસુલાતની સવાઈ, જમીનદારોના ઉપયોગમાં લેવાતી હોવાથી દફતરી સિરસ્તામાં આવતી નહોતી.

**અકબર બાદશાહ**ના વખતમાં પરગણાની જમીનોની માપણી **રાજા ટોડરમલે** બાદશાહના હુકમથી ૭ મહિનામાં કરી હતી. તે માપણી ૧,૨૩,૬૦,૫૯૪ વીઘા ને ૯ નવ વસાની હતી. તે પૈકી ૮૩,૪૭,૪૯૮ વીઘા અને ૩ ત્રણ વસા ખેડાણ (ખેતી લાયક) અને બાકીની જમીન વસ્તી તથા જંગલ વિગેરેમાં ગણાયેલી હતી. આ હિસાબમાં સોરઠ, ગોધરા, અને ઇસ્લામનગર શામેલ નથી; અને બીજા મહાલો પૈકી ૪૯ ઓગણ પચાસ મહાલોની માપણી થઇ નહોતી, જેથી તેનો રકબો સરકારી સિરસ્તાથી જણાતો નથી.

રાજા ટોડરમલની જમીન–માપણી

હવે જે સરકારો જમેથી બાતલ અને જમીનદારોના તાબામાં હતી અને જેમની પાસેથી સુબાનો અમલદાર લશ્કરના બળવડે ખંડણી વસુલ કરતો હતો તે સરકારોનાં નામ–ડુંગરપુર સરકાર, બાંસવાડા સરકાર, સુલેમાન નગર એટલે કચ્છ સરકાર, શિરોહી સરકાર, સોંથ સરકાર અને રામનગર સરકાર, તેમાંથી રામનગરની ખંડણી સુરતના મુસદ્દી સાથે સંબંધ રાખેછે. જો કે પહેલાંના રાજ્યોના વખતમાં કોઇ વખતે મજકુર ખંડણી ઉપર સુબાની દીવાનગીરીની સત્તા હતી. સુરત સરકાર સિવાયની વધઘટની તજવીજ કરતાં ૭૯,૯૬,૪૫,૨૧૩ દામોની આવક હતી, અને તે **મુહમ્મદશાહ**ના વખત સુધી આવતી હતી. તે પૈકી ૨૦,૮૨,૦૦,૩૪૨ દામો સરકારી ખાલસામાં અને ખાનગી ખર્ચમાં ઠરાવેલા હતા, ૨૦,૨૦,૦૦,૦૦૦

દામો બંદોબસ્તની શરતોના ઠરાવ પ્રમાણે તાબાના અંગની જાગીરોમાં અને જમીનદારોની સવાઇ ખંડણીમાં તથા ચોવીશલાખ રૂપિયા બંદોબસ્ત ખાતાંના અમલદારને ત્યાં જમા થતા હતા. તે સિવાય બાકીના દામો, અમીરો, કારકુનો, હજુરના મનસદારો ( મંડળીવાળા ) અને તેહનાતીઓ તથા નોકરીયાતો કે જેઓને આ સુબાના ફોજદારોની નોકરીની શરતથી રાખેલા હતા તેઓના પગારમાં અપાતા હતા. લગભગ એક કરોડ ને વીશ લાખ દામો તથા પચાસ હજાર વીઘા જમીન, એકસો ત્રણ ગામો અને સરકારી ખજાનામાંથી અમલદારોનાં ઇનામ શિવાયના એક લાખ ચાલીસ હજાર રૂપિયા રોકડા મોટા સાદાતો તથા વીરોના વંશજોનાં પાલણ પોષણ તેમજ ઇનામોમાં, માસિક-રોજીંદાં ફરમાનો, સનદો, હજુર પુસ્તક, દીવાની અને સદર હુકમ કચેરીઓ વિગેરેમાં વપરાતા હતા.

દર મહિનાની વચગાળે પ્રગટ થતું

માસીક

# ફયઝે આમ.

જેની અંદર, ઘણાજ રસિક વિષયો આપવામાં આવે છે.

લવાજમની વીગત

વર્ષ એકના અગાઉથી

ટપાલખર્ચ સહિત

| | |
|---|---|
| સ્થાનિક | રૂ. ૧-૮-૦ |
| હિંદુસ્તાન | રૂ. ૧-૧૨-૦ |
| પ્રદેશ | રૂ. ૨-૦-૦ |

છુટક નકલના ૪ આના

સારા ઉમ્દા ગ્લેઝ કાગળ ઉપર, જુદા જુદા વિષયોવાળું ચારથી પાંચ ફારમ સુધીનું સુશોભીત છપાઇ તથા બાઇન્ડીંગ સાથનું હોવા છતાં લવાજમ માત્ર બાજુ મુજબ અગાઉથી લેવામાં આવે છે. માટે દરેક ગૃહસ્થે એક વર્ષ માટે અજમાયશી ઓરડર આપવામાં પછાત રહેવું ન જોઇએ.

લખો મેનેજર— **ફયઝે આમ–અમદાવાદ.**

# પોલિટિકલ ભોમીઓ.

મશહુર છે કે "પોલિટિકલ ભોમીઓ" એ એક ગુજરાતી ભાષામાં દર શુક્રવારે અમદાવાદમાં પ્રગટ થતું અઠવાડીક પેપર છે, કે જેના એડીટર પઠાણ નુરખાન અમીરખાન વકીલ છે. મજકુર એડીટરે ત્રીસ વરસ સુધી વકીલાતનું કામ કરેલ છે અને વકીલ વર્ગમાં પણ તે એક બાહોશ વકીલ તરીકેનું તેનુ કામ અને નામ મશહુર છે. વકીલ તરીકેનું માન ભરેલું કામ છોડી દઈ એડીટરનું કામ જે પસંદ કરેલ છે તે પૈસા પેદા કરવા માટે નહીં પરંતુ ચાલતા જમાનાને અંગે ઇસ્લામીભાઇઓના મઝહબી, તેમજ રાજદ્વારી હકોની લડત ચલાવવા અને તેમની ઉન્નતીના હરેક કામો કરવાની ઉમેદથી તે કામ અખત્યાર કરેલ છે.

કહેવાની ભાગ્યેજ જરૂર છે કે માત્ર થોડાજ વખતમાં સરકાર અને ઇસ્લામી કોમ વચ્ચેના વહેવારમાં તે કીમતી સેવા બજાવવાના માટે કબુલ કરવામાં અને કીમતી ગણવામાં આવે છે.

થોડાજ વખતમાં મઝહબ તરફની બજાવેલી સેવાની કદરદાનીમાં "ઓલ ઇન્ડીઆ મોહમેદન એજ્યુકેશનલ કોન્ફરન્સ" કરાંચી અને "ધી રંગુન મોસલીમ એસોશીએશને" ઘણા કીમતી સોનાના ચાંદો એનાયત કરેલા છે. તેમજ દુનીયાના ઘણા ભાગોમાંથી માનપત્રો પણ મળેલાં છે એજ તેના કામની પુરતી સાબેતીઓ છે.

ઇસ્લામી કોમને ચાલતા જમાનાને અનુસરીને ગુજરાતી વર્ગના માટે જે ખોટ હતી તે ખોટ તે પેપરથી પુરી પડી છે. કોમના તેવા સાધનની ઘટતી કદર કરવી અને તેને ટકાવી રાખવાનો આધાર કોમની કદરદાની ઉપર છે. સઘળા ઇસ્લામી ભાઇઓ કદર કરે તો હજુ વધુ ખંતથી કામ કરવાની ઉમેદ રાખવામાં આવે છે. જે ખંત અને કાળજીથી જોખમ ભરી સેવા બજાવવામાં આવે છે તેના પ્રમાણમાં પેપરનું લવાજમ ઘણું સસ્તું છે એટલેઃ—

| | | |
|---|---|---|
| હિંદુસ્તાન માટે એક વર્ષનું ટપાલ ખર્ચ સહિત | રૂા. | ૩—૦—૦ |
| દરીયાપાર માટે | ,, | ૪—૦—૦ |
| સ્થાનીક | ,, | ૨—૦—૦ |

પત્રવહેવાર નીચેને સરનામે કરવો.

મેનેજર

**પોલિટિકલ ભોમીઓ.**

**કાલુપુર મસ્કતી કાપડ મારકીટ,—અમદાવાદ.**

# મીરાતે એહમદી

અથવા

## ગુજરાતનો ઈતિહાસ.

## ગુર્જર દેશના રાજ્યની સ્થાપના અને પાટણ શહેર વસાવવાની બીના.

### દોહરો.

કોણે પાયો નાખ્યો ? કોણે ચણી દીવાલ;
કોણ આવીને ભોગવે, સઘળો જહોજલાલ.
એહમદશાહે પાયો રચ્યો, અકબરે કરી દીવાલ;
એ ઘરમાં આવી વસ્યા, અંગ્રેજ મહીપાલ.
ચક્ર ફરે છે કાળનો, હેઠે ચઢે કપાય;
બુદ્ધિથી રચના રચી, ચાલ્યો નહીં ઉપાય.

એવું કહે છે કે પેહેલાંના વખતમાં ગુજરાત દેશ રાજપુતો અને કોલીઓના ભોગવટામાં હતો અને દરેક પોત પોતાની જગ્યાએ સત્યાધારી હતો, તેઓ એક બીજાની તાબેદારી નહોતા કરતા તેમ કોઇનો હુકમ પણ માન્ય નહોતા કરતા, પરંતુ વર્ષો વર્ષ કનોજનો રાજા ભોરદેવ કે જે, તે વખતે હીંદુસ્તાનના બધા રાજાઓમાં ઘણો જોરાવર રાજા હતો; તેનું લશ્કર આ તરફ આવતું હતું અને પેશકશી ( ખંડણી ) માં કોઈ વસ્તુ લઇને જતા હતા. મજકુર રાજાએ **સામતસીંગ** નામના ગુલામને કૃતઘ્નતા અને ખટપટને લીધે મારી નાખી ખેદાન મેદાન કરી નાખ્યો હતો, તેની સ્ત્રી ગર્ભ-

વંતી હતી. તે પોતાના ધણીના કપાયા પછી ઘણી બીક અને નિરાશાને લીધે વગડાનાં અસહ્ય સંકટો સેહેવા લાગી, કુદરતના સંજોગે કરી તે ગુર્જરદેશમાં આવી પહોંચી; ગરીબી અને લાચારીના વખતમાં વનવગડામાં તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. એક દીવસે સબલદેવ (નામના સત્તાધારી) તે તરફ આવી નીકળ્યો, અને તે સ્ત્રીપર વિતેલું સઘળું સાંભળી દુઃખ તેનું અંતઃકરણ ભરાઈ આવ્યું અને પોતાના એક આજ્ઞાંકિતને સોંપી રાધનપુર લઈ ગયો ને તેણીના પુત્રની સારવાર કરવા માંડી. જ્યારે તે છોકરો પુખ્ત ઉમરે પહોંચ્યો ત્યારે હલકા લોકોની અને ભ્રષ્ટ વિચારના માણસોની સોબતથી ડેકાયટી અને લુટફાટનું કામ પસંદ કર્યું. કહેલું છે કે—

### દોહરો.

મિત્રો સારા ખુદ થકી નિત્યે ખોળો યાર,
ધર્મ અને બુદ્ધિતણો વધે જેથી વિસ્તાર;
બદ સંગત કમ બેસજો તમને કહુ ખચિત,
ખોટી સંગત પવિત્રને છેવટ કરે પલિત;
દીનકર મોટાને જુઓ જેમાં તેજ અપાર,
નાની સરખી વાદળી લપટી કરે અંધકાર.

ભોગજોગે ગુજરાતના ધણીની તીજોરી કનોજ જતી હતી તે તેણે લુંટી લીધી અને ભાગ્યશાળી થવાનો લેખ તેના કર્મમાં લખાએલ હતો તેથી ઈશ્વરેચ્છાએ તેના મુસ્તક ઉપર હાથ મુકયો; ને તે ઇચ્છા એ હતી કે આ દેશમાં જુદીજ રાજસ્થાપના થાય. ચાંદીઆ નામનો એક વાણીઓ પણ તેની સોબતમાં આવી મળ્યો, અને તેણે તેને ખોટાં કૃત્યથી રોકી સુમાર્ગ ભણી દોર્યો, જેથી પચાશ વર્ષમાં રાજ્યકર્ત્તા થયો અને પોતે વનરાજનું નામ ધારણ કરી પાટણ શેહેર વસાવી પોતાનું રાજ્યસ્થળ ઠરાવ્યું અને તે વખતથી અમદાવાદ વસ્યું ત્યાંસુધી તે ગુજરાતની રાજધાનીનું શેહેર હતું.

પાટણ વસાવ્યું સંવત ૮૦૨ જગ્યાનું બળ.

કહે છે કે જ્યારે એક સમયે તે રાજા પાટણ વસાવવાનું નક્કી કરી જગ્યા શોધવાને વાસ્તે સેલ અને શિકાર કરવા નિકળ્યો ત્યારે એક અનહલ નામના રબારીએ રાજાના હેતુથી માહિતગાર થઇ એક યોગ્ય ભૂમી એવી શરતથી બતાવી કે તે વસ્તી મારા નામથી પ્રખ્યાત થાય, અને વળી એવું કહેવા લાગ્યો કે આ જગ્યાએ એક સસલે ઘણી જવાંમરદીથી એક

કુતરાના મોમાંથી પોતાનો બચાવ કર્યો હતો. આ ઉપરથી તે જગ્યાને વસાવી તેનું **નામ અણહિલવાડ** પાડ્યું તે પછી ધીમે ધીમે તેનું નામ નહરવાલા[1] થઈ ગયું. જ્યારે વસ્તી ભરાઇ અને રચના સારી થઇ ત્યારે તેને પાટણ કહેવા લાગ્યા; કેમકે હિંદી બોલીમાં મુખ્ય વસ્તીને પાટણ કહે છે, અને રાજધાનીનું શેહેર પણ પાટણ કહેવાય છે. **સંવત ૮૦૨** વિક્રમકૃત તે પ્રમાણે **સને ૧૮૩ હીજરી.** કેટલાક કહે છે કે **સને ૨૦૨ હીજરી** હતી.

વૈશાખ શુદ અખાત્રીજના દીવસે બાવીશ ઘડીને પીસ્તાળીસ પળે પાયો મુકાયો; હિંદી ખગોળશાસ્ત્રીઓ અને જોશીઓએ મજકુર વેળા પસંદ કરી આપી હતી તેથી તે પ્રમાણે તેનો પાયો નંખાયો, અને **સિંહરાશિમાં** તેની બાંધણી થઇ, બીજા કોઠામાં **કન્યા, ત્રીજામાં તોલા, ચોથામાં વરચિક ને કેતુ, છઠ્ઠામાં મકર, સાતમામાં કુંભ, આઠમામાં મીન અને શુકકર, નવમામાં મેખ, બુધ અને રવી હતા,** દશમો **કોઠો વૃષનો અને તેમાં સોમ, શની અને મંગળનો સંગમ હતો, અગીઆરમો કોઠો મીથુનનો અને બારમો કોઠો કરકનો.** પાટણ વસાવતી વખતે આ પ્રમાણે સાતે ગ્રહકુંડળી હતી.

જોશ કુંડળી.

હવે એ પણ યાદ રાખવાજોગ છે કે ત્રણ કુળ રાજાઓનાં આ દેશના રાજ્યાધારી થએલાં, **૧ ચાવડા, ૨ સોલંકી, ૩ વાઘેલા** કુળો, દરેક કૂળની સંખ્યા અને કેટલા વર્ષ રાજ્ય ભોગવ્યું તેમાં મને ઘણો ફેરફાર માલુમ પડ્યો તેથી **આઇનેઅકબરી** પુસ્તક જેનો કર્તા **શેખ અબુલ-ફઝલ** છે તેમાંથી ટાંકી વર્ણન કરૂંછું.

યાદ રાખવું જોઇએ કે ત્રણે કુળોમાં પાંચસો પંચોતેર વર્ષ ને ચાર મહીના સુધી ત્રેવીશ રાજાઓએ રાજ કર્યું તે પછી તે નરમ પડી ગયા ને મુસલમાનોના હાથમાં રાજ્યસત્તા ગઈ.

ગુજરાતના રાજ્યની સ્થાપના અને ચાવડા વંશ.

**ચાવડા** એ કૂળમાં સાત રાજા થયા **૧ વનરાજ** મૂળપુરૂષ છે કે જે ગુજરાત દેશના રાજ્યના રાજ્યાસન ઉપર બિરાજ્યો. ખુલ્લી રીતે જોતાં તેની ઉમર સાઠ વર્ષની હશે.

**૨ યોગરાજ**—અખાત્રીજને દહાડે પોતાના પિતાની રિતી પ્રમાણે ગાદીએ બેઠો પાંત્રીશ વર્ષ એણે

---

[1] ફારસીમાં પાટણનું નામ નેહેરવાલા કહેવાય છે.

રાજ કર્યું.

૩ **ભેમરાજ** જેને **ભીમરાજ** પણ કહે છે તેણે પચીશવર્ષ રાજ કર્યું.

૪ **પૃથુરાજ**–ઓગણત્રીશ વર્ષ રાજ કર્યું.

૫ **રાજા વજેસિંગ**–પચીશ વર્ષ રાજ કર્યું.

૬ **રાવતસિંગ**–પંદર વર્ષ રાજ ભોગવ્યું.

૭ **રાજા સાવતસિંગ**–ચાવડામાંનો છેલ્લો; એણે સાત વર્ષ રાજ ભોગવ્યું.

ચાવડાની પડતી અને સોલંકીઓમાં રાજ જવા વિશે.

એકસો છન્નું વર્ષમાં એ લોકોના રાજની સમાપ્તિ થઈ. એ કૂળથી સોલંકીઓમાં રાજ જવાનું એ પ્રમાણે થયું છે કે, રાજા સાવતસીંગ જે એ કૂળનો છેલ્લો રાજા હતો તેને એક કન્યા હતી તેને એક સોલંકી જોડે પરણાવી દીધી હતી. તે કન્યા એક બાળકને જન્મ આપતી વખતે મૃત્યુ પામી તેણીનું પેટ આડું કર્યું, તેમાંથી એક પુત્ર પેદા થયો, તે વખતે ચંદ્ર મૂળ નક્ષત્રમાં હતો તેથી તેનું નામ **મૂળરાજ** પાડ્યું અને સાવતસિંગે તેને પોતાનો પાટવી ઠરાવ્યો અને તેને ઉછેરવાનો શ્રમ લેવા માંડ્યો. જ્યારે તે કુંવર પુખ્ત ઉમરે પોહોંચ્યો ત્યારે રાજા દારૂના નિશામાં તેને પાટવી કુંવર ઠરાવતો અને જ્યારે ભાન આવતું ત્યારે જળસ્થિતિમાં કહેલાં વચનોને ઇન્કાર કરી જતો. તે એટલે સુધી બન્યું કે આખર એવીજ અવસ્થામાં મરણ પામ્યો. આ વેળાનો લાભ લઈ મૂળરાજ ગાદી પચાવી પડ્યો. આ વંશમાં દશ પુરૂષો છે તેમણે બસો, છપ્પન વર્ષ ત્રણ મહિના અને બે દિવસ રાજ ભોગવ્યું.

સોલંકી વંશ

૧ **રાજા મૂળરાજ**–એણે છપ્પન વર્ષ રાજ કર્યું.

૨ **રાજા નીમંદ**–બાર વર્ષ, ચાર મહીના બે દિવસ રાજ ભોગવ્યું.

૩ **રાજા બળીઆ**–ફક્ત સાત મહીનાજ રાજા રહ્યો.

૪ **દોલારાજા**–રાજા નીમંદનો ભાઇ, એ આઠ વર્ષ ગાદી ઉપર રહ્યો.

૫ **રાજા ભીમદેવ**–બેતાલીસ વર્ષ ગાદી ભોગવી.

૬ **રાજા કરણ**–એકત્રીશ વર્ષ રાજ કર્યું.

૭ **રાજા સિધરાજ જેસીંગ**–પચાશ વર્ષ રાજ ભોગવ્યું.

૮ **રાજા કુંઆરપાલ**–ત્રીશ વર્ષ, ત્રણ મહીના અને ત્રણ દિવસ રાજા રહ્યો.

**૯ રાજા અજેપાળ**–ત્રણ વર્ષ, એક મહીનો અને બે દિવસ પોતાના પાટવીને ઝેરથી મારી ગાદી ભોગવી.

**૧૦ રાજા લખુ મૂળદેવ**—ભીમદેવના ભાઇએ વીશ વર્ષસુધી ગુજરાતની ગાદી ભોગવી. નીમંદ સોલંકી ગુજરાતમાં રાજ કરતો હતો તે વખતે સને ચારસો સોળ હીજરી[1]માં **સુલતાન મેહમુદ ગઝનવી**—ધર્મ કાર્યને મુલતાનની વાટે **સોમનાથ** તરફ ઝુંડો ઉડાડતો આવ્યો, ને તેનો રસ્તો પાટણની હદમાંથી નિકળ્યો, રાજા નીમંદે તેની સાથે યુદ્ધ કરવાની પોતામાં આય ન દીઠી તેથી પાટણ મુકી નાસી જવાની તેને ફરજ પડી. સુલતાન મેહમુદે પાટણ સર કર્યું, અને સેનાની જે ખોટ હતી તે ત્યાં પુરી કરી સોમનાથ તરફ કુચ કરી ગયો, અને મજકુર વર્ષના જીલકઅદ મહિનામાં ત્યાં જઈ પોહોંચ્યો. સોમનાથ ઉપર જય મેળવ્યા પછી તેને ખબર થઈ કે પાટણનો રાજા નીમંદ જયવંત બાદશાહના ત્યાં પધારતી વખતે નાસી ગયો હતો તે હાલમાં એક કિલ્લામાં ભરાઇ બેઠો છે, અને અહીંથી તે કિલ્લો પીસ્તાલીસ ગાઉ થાય છે. સુલતાન મેહમુદને તે કિલ્લો જીતી લેવાની ઇચ્છા ઉત્પન્ન થઇ અને તે તરફ વધ્યો, જ્યારે તેની હદમાં ગયો ત્યારે ત્યાં જુએ છે કે, અતીશે ઉંડા અને પોહોળાં પાણીએ મજકુર કિલ્લાને ઘેરી રાખેલો છે, આ જોઇ તેણે બે તારૂઓને બોલાવ્યા અને પાણી કેટલું ઉંડું છે તે તેમને પૂછ્યું, તેઓએ ઉત્તર આપ્યો કે હાથીઓથી જ જઇ શકાય છે. જો જતી વખતે સમુદ્રમાં ભરતી આવશે તો સઘળા નાશ પામશે. સુલતાન મેહમુદે ભવિષ્યકાલના મંત્ર ભણી ખુદા ઉપર ભરૂસો રાખી તમામ લશ્કરસહિત પાણીમાં ઘોડો નાખ્યો અને સહિસલામત કિલ્લાની દીવાલે જઇ પોહોંચ્યો. જ્યારે રાજા નીમંદે તેઓને જોયા ત્યારે એકલો જાતે નાસી ગયો, લશ્કરીઓને ભારે લુટ મળી અને કિલ્લાવાળા સઘળા માર્યા ગયા. **રોઝનુસ્સફા** નામના ઇતિહાસકર્તાએ આ જગ્યાએ એક નવાઇ સરખી કહાણી લખી છે.

## સુલતાન મેહમુદ ગઝનવીનું સોમનાથ સર કરવું.

**કહાણી**—એવું કહેછે કે જ્યારે સુલતાને સોમનાથ ઉપર જય મેળવ્યો ત્યારે એવું મનમાં આવ્યું કે થોડાક વર્ષ ત્યાં વિશ્રામ લેવો, કેમકે તે રાજ ઘણું જ સુંદર અને વિશાળ હતું; વળી પણ બીજી નવાઇસરખી

[1] ઈ. સ.

વાત એ હતી કે તે રાજના પડોશમાં સોનાની કેટલીક ખાણો હતી, કે જેમાંથી કાચું સોનું નિકળતું હતું. આખા હિંદુસ્તાનમાં પણ લંકાજેવી માણેકની નીપજ હતી. દરબારીઓએ કહ્યું કે ખુરાસાનનો ત્યાગ કરી સોમનાથમાં રાજધાની કરવી તે ડહાપણ ભરેલું નથી; તેથી સુલતાને પણ પાછું ફરવાનું નક્કી કરીને ફરમાવ્યું કે આ રાજના રક્ષણ અને બંદોબસ્તને વાસ્તે કોઇને સ્થાપવો જોઇએ. દરબારીઓએ અરજ કરી કે આ દેશ સત્તાતળે ટકી શકે તેમ નથી તેથી અમને એમ માલુમ પડે છે કે, આ દેશમાંથી જ કોઇને તે સત્તા સોંપવી. જેથી સુલતાને પોતાના ભરૂસાના દેશીઓની તે વિશે સલાહ લીધી તેમાં કેટલાએક કહેવા લાગ્યા કે અહીંના દેશી રાજકુટુંબોમાંથી કોઇપણ કુટુંબ વંશાવળીમાં તેમના પુર્વજોને પોહોંચી શકતું નથી, પરંતુ કુટુંબીઓમાં એક પુરૂપ જ છે, કે જે, બ્રહ્મતપેશ્વરી થઇ ગયો છે, ને તે જપ તપમાં સઘળો વખત ગાળે છે. જો સુલતાન રાજ્યાભિષેક કરશે તો તેમાં યોગ્યતા છે, કેટલાએક લોકોએ એ મતથી જુદા પડી અરજ કરી કે **દાબુ સલીમ સુરતાજ** ઘણા ખોટા સ્વભાવનો માણસ છે અને એના ઉપર ઇશ્વરી કોપ છે, તેમજ તેની ભક્તિ તથા સદાચરણ એની મન ઇચ્છાથી થએલાં નથી પરંતુ કેટલીક વખત તેના ભાઇઓના હાથે હાર ખાઈ પકડાઇ ગએલો અને જીવ ઉપર આવી પડ્યાથી લાચાર થઇ આ જગ્યાએ વિશ્રામ લીધો છે, પરંતુ એજ નામનો બીજો માણસ છે અને તે એનોજ સગો છે, તે ઘણો વિદ્વાન અને બુદ્ધિવાળો છે, તેના ગુણોથી બ્રહ્મીલોકો તેને માન દેછે તે હાલમાં કોઇ ઠેકાણે રાજકર્ત્તા છે. જો સુલતાન તેને આ રાજનેવાસ્તે તેડાવી આ જગ્યા સોંપે તો તે અત્રે આવે, અને જેવી જોઇએ તેવી આ રાજની ગોઠવણ તથા મજબૂતી કરે; એજ ઠીક જણાય છે, અને તે એવો તો સત્યવાદી તથા ખરા સ્વભાવનો છે કે, જ્યારે ખંડણીની કબુલત કરશે તો ઘણું લાંબું અંતર છતાં પણ ગઝનીમાં આવશે એ પ્રમાણે ઠીક જણાય છે. સુલતાને કહ્યું કે જો તે મારી રૂબરૂ આવે અને અરજ કરે તો તે પ્રમાણે બની શકે, પરંતુ કોઇ હિંદુસ્તાનની ભુમીમાં રાજ કરતો હોય, ને એ પ્રમાણે મોટા રાજાઓની સેવા ન કરેલી હોય, ને રાજના પાસા ન સેવ્યા હોય તેને આવું મોટું વિશાળ રાજ શી રીતે સોંપવું? છેવટે **દાબુસલીમ સુરતાજ**ને બોલાવ્યો અને તેને રાજા સ્થાપ્યો, અને તેની સાથે ખંડણીનો બંદોબસ્ત કર્યો. તેણે અરજ કરી કે જે પ્રમાણે હુકમ થશે તે

પ્રમાણે કરવાને બંધાએલો છું તેમ આખી ઉમરમાં પણ તેથી કદી વિરૂદ્ધ થશે નહીં અને સઘળું સોનું, માણેક જે ભરતભૂમીની ખાણોમાંથી નિકળશે તે ગઝનીમાં સુલતાની ભંડારમાં દાખલ કરીશ, પરંતુ મારા સગામાં બીજો માણસ દાબુસલીમ નામનો છે તે મારી સાથે ઘણી શત્રુતા રાખે છે, અને કેટલીકવાર મારી અને તેની વચ્ચે ભારે લડાઇઓ પણ થઈ છે; એમાં કંઇપણ સંદેહ નથી કે, જો તેને સુલતાનના પાછા ફરવાની ખબર સાંભળશે તો મારા ઉપર ચઢી આવવાનો મનસુબો કરશે, અને મારા રાજ્યઉપર ચઢી આવી તેને જીતી લેશે. જો સુલતાન તેની તરફ જાય અને તેનો ભય મારા માથેથી દૂર કરે તો ખુરાસાન અને કાબુલની ઉપજની જેટલી ખંડણી થશે તેટલી દરેક વર્ષે ગઝનીના ખજાનામાં મોકલતો રહીશ. સુલતાને કહ્યું કે અમે ધર્મના હેતુથી આવ્યા છીએ અને ત્રણ વર્ષ થયાં ગઝની ગયા નથી. હવે તો માત્ર ત્રણ વર્ષ ઉપર છ મહીના થાય તો થાય એમ કહી તે દેશ ઉપર ચઢાઇ કરી. સોમનાથના લોકોએ દાબુશલીમ મુરતાજને કહ્યું કે તેં આ સારૂં કામ કર્યું નથી કે સુલતાનને આવી રીતે લલચાવી આ કૃત્ય કરાવ્યું. જે માણસને ખુદાએ વહાલો કર્યો અને આબરૂ તથા માનને પાત્ર કર્યો તે તમારી ખટપટથી હલકો થશે નહીં. આ વાયકાને સુલતાન સુધી પોહોંચાડી તેથી ગુંચવણમાં પડયો, પરંતુ તેણે સઘળી સામગ્રી કરી લીધી હતી તેથી વિચાર બદલ્યો નહીં, ટુંકમાં તે રાજમાં દાબુશલીમનું રાજ જીતી લીધું, અને તેને કેદ કરી દાબુશલીમમુરતાજને સોંપી દીધો, અને ભલામણ કરી કે અમારા શાસ્ત્રમાં રાજાઓને મારવામાં લાંછન છે, અને કેટલાક તો રાજકર્ત્તાને મારી તેના ઉપર સઘળો સત્તાધિકાર ચલાવે છે અને આ દેશનો એવો ધારો છે કે જ્યારે શત્રુઉપર જય મેળવાય ત્યારે તો પોતાના રાજ્યાસન તળે એક અંધારૂં ઘર કરે છે, અને તેને ત્યાં ગાદી ઉપર બેસાડે છે, અને તેનાં સઘળાં દ્વારો બંધ કરે છે, તેમાં એક ગોખલો ખુલ્લો રાખે છે તેને દરરોજ ખાલી કરેછે તે પછી ભરી લેછે. તે રાજા જ્યાંસુધી રાજ ભોગવતો જીવે ત્યાંસુધી તેને તે પ્રમાણે રાખે છે, કે જેથી તેનો શત્રુ આ પ્રમાણે પોતાના દહાડા ગાળે. હવે મને એટલી સત્તા નથી કે તેને આ પ્રમાણે કેદ કરી રાખું, તેમ તેને મારી પાસે મોકલવાથી તેને આ પ્રમાણે બંદીવાન કરવાની શક્તિ નથી. જો સુલતાન પોતાની સ્વારી સાથે ગઝની લઇ જાય તો આ દેશનો હું ખાત્રીપૂર્વક બંદોબસ્ત કરીશ. સુલતાનની કૃપાથી આ ઉપકાર કંઇ મુસ્કેલ નથી. સુલતાને આ

પ્રમાણે કબુલ કર્યું અને કુચનો ડંકો વગડાવ્યો ને દાબ્શુશલીમને સાથે લીધો. ત્યારબાદ દાબ્શુશલીમ મુરતાજ સોમનાથની ગાદીપર બેઠો, અને સુલતાનના ગયા પછી તેને ભેટ સોગાદો મોકલતો રહ્યો. સિવાય સુલતાનના દરબારીઓને જુદી જુદી રીતે સેવા કરી રાજી રાખતો. એવી રીતે રાજઉપર તેની સત્તા જામી. રોકડ અને ઝવેરાત સુલતાનની સેવામાં મોકલી પોતાના શત્રુને પાછો મેળવવા માગણી કરી, સુલતાને તેને મોકલવા અખાડા કર્યા તેમ નિરપરાધીને શત્રુના હાથમાં આપવાનું તેનું મન નહોતું; પરંતુ દાબ્શુશલીમ મુરતાજે નાણાની છુટથી દરબારીઓને પોતાના કરી લીધા હતા તેથી બધાએ અરજ કરી કે અધર્મી ઉપર શાવાસ્તે દયા કરવી જોઇએ? અને સુલતાને પોતાનાં વચનથી ફરવું ન જોઇએ. તેમ કર્યાથી દાબ્શુશલીમ મુરતાજ સાથે વેર ઉતપન્ન થશે અને સત્તાતળેથી રાજ નિકળી જશે. તેપર સુલતાને અમીરોનો અભીપ્રાય લઇ તે માણસને દાબ્શુશલીમ મુરતાજના માણસોને સ્વાધિન કર્યો અને હિંદુસ્તાનના રાજકર્ત્તાઓ ઉપર હુકમ મોકલ્યો કે, તેને સોમનાથની સરહદ સુધી પોહોંચાડી દે; જ્યારે તે મજકુર સરહદ ઉપર પોહોંચ્યો ત્યારે દાબ્શુશલીમ મુરતાજે હુકમ કરી રાજ્યાસન તળે કેદખાનું તૈયાર કરાવ્યું. સોમનાથ દેશનો એવો ધારો હતો કે જ્યારે શત્રુ તેની કરેલી રાજધાનીની જગ્યાએ પોહોંચે ત્યારે એક મજલ બહાર નિકળી આવી સરકારી થાળ અને છાગલ[1] તેના માથા ઉપર મુકી ઘોડાની આગળ તેને દરબાર દ્વારસુધી દોડાવવો; તે પછી રાજા પોતાના રાજ્યાસન ઉપર બેસે અને દુશ્મનને બંદીખાને લઇ જઇ કેદ કરે અને તેને વાસ્તે બનાવેલી ગાદી ઉપર બેસાડે. આ નિયમાર્થે દાબ્શુશલીમ મુરતાજ બહાર આવ્યો અને શત્રુ સ્વાધિન થવાને વાર હતી તેથી તેણે તેટલો વખત શિકારમાં કાઢવા નક્કી કર્યું. રાજા અને લશ્કરી લોકો ચારે તરફ વિખરાઈ ગયા અને ઉનો વા ફુંકવા લાગ્યો. લશ્કરીઓ જગ્યા જોઇ વિસામો લેવા ઠેકાણે પડયા. દાબ્શુશલીમ મુરતાજ એક ઝાડ હેઠળ ઉતર્યો અને રાતો રૂમાલ મોઢે મુકી નિંદ્રાવશ થયો. તે જંગલમાં તિક્ષણ ચાંચવાળાં ઘણાં પક્ષીઓ વસતાં હતાં તેમાનાં એક પક્ષીએ ઉડતાં ઉડતાં રાતા રૂમાલને માંસનો કકડો સમજી, ઉપરથી હેઠળ આવી રૂમાલને ચાંચ મારી અને ચાંચવડે ઉંડું ખોતર્યું તેથી એક આંખ ચાંચના મારથી કાણી થઇ ગઇ; આથી લશકરમાં ખળભળાટ ઉઠયો. આ ખબર પેલા માણસને થઈ.

---

૧ ઈબ્રીક.

દરબારીઓએ જોયું કે દાઉશલીમ મુરતાજમાં ખોડ આવી ગઈ અને મોઢું વિચિત્ર થઈ ગયું છે ત્યારે પેલા જુવાન સિવાય બીજો કોઇ હકદાર અને રાજને લાયક નહોતો તેથી તરતજ તેને રાજ્યમાન આપ્યું અને કેટલાક માણસો જે તેના વિરૂદ્ધ હતા તેમને કેદ કર્યા અને તેજ તાસક ને છાગલ કે જે પેલા જુવાનનેવાસ્તે લાવેલ હતા તે દાઉશલીમ મુરતાજના માથા ઉપર મુકી તેને રાજ્યમંદીર સુધી દોડાવ્યો અને ત્યાંથી તેનાજ બનાવેલા બંદીખાનામાં મોકલી દીધો. ઓ પાક પરવરદીગાર ! એક આંખ ફુટતાં પેગમ્બર સાહેબનું કથન સિદ્ધ થઇ ગયું ! ! **જે કોઈ પોતાના ભાઇને-વાસ્તે કુવો ખોદે તો તેમાં તેજ પડવાનો.** તેનો અર્થ **અમીરખુસરોએ** કર્યો છે—

**દોહરો.**

વેર ભાવે કુવો કરે, મધ્ય માર્ગમાં કોય,<br>
તે પેહેલાં પોતે ખરો, પડેલ તેમાં હોય.

જ્યારે પાટણના રાજ્યની ખબર રાજા **ભીમસેન**ને પોહોંચી ત્યારે **સુલતાન મુઇઝુદ્દીન શામ કે જેને શહાબુદ્દીન** પણ કહેછે. તેણે પોતાના ભાઈના નાયબના અધીકારથી સને **૫૭૦** હિજરીમાં ગઝન્વીની સત્તા મેળવી, ત્યારબાદ સને **૫૭૪** હિજરીમાં ઉચ્છ ઉપર લશ્કર લઇ ગયો, અને તે દેશને **કરામતા** લોકો પાસેથી જીતી લીધો; તે સંબંધથી **મુલતાન** પણ હસ્ત કર્યું અને રેતીના રણને રસ્તે ગુજરાત ઉપર ચઢી આવવાનું તે ધારતો હતો, **રાજા ભીમદેવ** સામો થયો અને યુદ્ધ તથા કાપાકાપીની અગ્નિ પ્રગટી ઉઠી, છેવટે સુલતાનની હાર થઇ અને ઘણી મેહેનત અને ભારે સંકટથી પોતે ગઝન્વી પોહોંચ્યો.

**સને ૫૮૯ હિજરી મલેક કુતબુદ્દીન અબેક** કે જે, સુલતાનના નાયબના નાયબની પદવી ઉપર હિંદુસ્તાનમાં હતો તેણે **દીલ્લીને રાજધાની સ્થાપી** તે દિવસથી દિલ્લી બાદશાહોના તખ્તની જગ્યા થઈ, તે પાટણ ઉપર લશ્કર ચઢાવી લાવ્યો અને જેવી રીતે જોઇએ તેવી રીતે સુલતાનનું વેર રાજા ભીમદેવથી લીધું. જ્યારે રાજા **સિધરાજ જેસીંગ**ને ગાદી મળી ત્યારે તેણે માળવા તથા બુરહાનપુર સુધીના દેશો જીતી લીધા અને મોટા મોટા કિલ્લાઓ વિગેરે ઇમારતો બાંધી; જેમકે **ભરૂચનો કિલ્લો,** ડભોઇ વિગેરે **અને પાટણમાં સહ-**

**મલીંગ તળાવ અને વીરમગામ તથા સોરઠમાં બીજાં તળાવો બંધાવ્યાં** અને તેમને ફરતી પથરાની પાળ કરી. સિધપુર કે જે તેજ રાજાનું વસાવેલું ગામ છે, **તેમાં જગત્પ્રસિદ્ધ રૂદ્રમાલનું દેવળ બંધાવ્યું.** એવું કહેછે કે જ્યારે રૂદ્રમાલ બનાવવાનું નક્કી કર્યું ત્યારે તેની મહુર્તઘડી જોશીઓ પાસે માગી ત્યારે તેમણે ભવિષ્ય ભાખ્યું કે, આ ઇમારતને **સુલતાન અલાઉદ્દીન** નામનો બાદશાહ કે જે દીલ્લીનો તખ્તપતિ થશે તેનાથી અકસ્માત આંચકો લાગશે. રાજાએ જોશીઓનું ભવિષ્ય માન્ય કરી સુલતાનથી કરારનામું કર્યું સુલતાને કર્યું કે જો કરારપ્રમાણે ખેદાન મેદાન નહીં કરૂં તો શરેહની નિશાની ઉભી કરીશ કેટલેક વખત પછી જ્યારે સુલતાનને રાજ્ય મળ્યું ત્યારે તે તરફ લશ્કર લાવ્યો અને શરેહની નિશાનીઓ કે જે મસીદ તથા મીનારા છે તે કાયમ કરી. ઘણાં દેવળ તથા તળાવો કે જે પથ્થરથી બાંધેલાં છે અને જેમનું વર્ણન મોટા વિસ્તારવાળું છે તે, તે જ રાજાનાં કરાવેલાં છે.

સોલંકીઓથી રાજ બદલાઈ વાઘેલામાં જવાની હકીકત આ પ્રમાણે છે, કે જ્યારે છેલ્લા રાજા લખુ મૂળદેવને રાજ ચલાવે એવો પુત્ર નહોતો, તેથી વાઘેલાઓમાં આ દેશનું રાજ ગયું. આ કુટુંબના છ રાજાઓએ એકસોછવ્વીશ વર્ષ, એક માસ ને પંદર દહાડા રાજ કર્યું. — વાઘેલા વંશ.

**૧ રાજા ઇદાલ મૂલદેવ**—બાર વર્ષ ને પાંચ માસ રાજ કર્યું.

**૨ રાજા વિસલદેવ**—ચોત્રીસ વર્ષ ને છ માસ રાજ કર્યું, **વિસનગર** તેનું વસાવેલું છે.

**૩ રાજા ભીમદેવ**—બેતાલીસ વર્ષ રાજ કર્યું.

**૪ રાજા અરજુનદેવ**—દશ વર્ષ રાજ કર્યું.

**૫ રાજા સારંગદેવ**—એકવીશ વર્ષ રાજ કર્યું.

**૬ રાજા કરણ**—સાઠ વર્ષ ને અઢી માસ રાજ ભોગવ્યું.

# ઈસ્લામી સત્તાની સ્થાપના.

હવે આ દેશમાં ઇસ્લામી ધર્મ અને પેગમ્બરસાહેબનો પંથ પ્રગટ થાય અને પ્રકાશિત પંથના આશરો આપનારા અને ઉંચા ધર્મ-શાસ્ત્રના રક્ષકોના સ્વાધીનમાં જાય, તેમ તે પ્રસિદ્ધ ધર્મના સૂર્યનાં કિરણો આ અંધકારમય અધર્મ દેશમાં ચારે તરફથી ચળકાટ મારે કે જેથી ખરો કુદરતી બોલ ખુલ્લી રીતે ગડગડે અને નુકશાનકારક મના કરેલ કૃત્યોથી લોકો દૂર રહે. જે કૃત્ય કરવાની જે મનુષ્યજાતીની ફરજો છે તે તેમને લાયક છે જેથી લોકો ભયભરેલા માર્ગને મુકી આનંદ ઉપજાવનારા માર્ગ ઉપર જ દોરાઇ આવે. આ બોલનું વિવેચન અને તેનાં લઘુ વર્ણનની ટીકાનો સાર એ છે કે—**સુલતાન અલાઉદ્દીન ખીલજી** રાજ્ય-સત્તાથી દિલ્લીના તખ્ત ઉપર બિરાજતો હતો. તે બાદશાહ ન્યાયી ને પ્રજાપાળક હતો[૧] અને મુસલમાન ધર્મશાસ્ત્રનો પ્રચાર કરવાનો ઘણો શ્રમ લેતો, જેથી કરી તે વખતના મુસલમાન વિદ્વાનો તેને **પયગ-મ્બરી પંથના શુરવીર**ના નામથી અસાધારણ રીતે ધાર્મીક ભાષણોમાં પોકારતા હતા. આ પદવીને તે પાત્ર હતો. **સને ૬૯૬** હિજરીમાં અલગખાન કે જેને ગુજરાતીઓ અલપખાન કહેતા તેની તથા **નુસરતખાન**ની સરદારી તળે ગુજરાત જીતવાનેવાસ્તે સુલતાને લશ્કર તૈયાર કર્યું. મજકુર ખાનો (સરદારો) એ આખા પાટણ તાબાના દેશને સર કરી લીધો અને રાજા કરણ કે જે વાઘેલા વંશનો છેલ્લો રાજા હતો તેણે પોતામાં સામા થવાની સત્તા ન જોઇ તેથી તે દેવગઢચાંદા તરફ નાસી ગયો, અને તેની સ્ત્રીઓ, દીકરીઓ, રોકડ અને હાથીઓવિગેરે ઇસ્લામી શૂરાઓના હાથમાં ગયાં. ખંભાતના રાજા પાસેથી પણ ઘણો માલ અને ઝવેરાત હસ્ત કરી લઇ સોમનાથની મૂર્તિ કે જે, સુલતાન મેહમુદ ગઝનવીના ભંગ કર્યા પછી ફરીથી બેસાડવામાં આવી હતી તેને પાછી ખંડન કરી માલ, રોકડ, હાથીઓ અને રાજા કરણની સ્ત્રીઓ તથા દીકરીઓ સાથે

---

૧ ફક્ત ગુજરાત ઉપર ચઢાઇ કરવાને લીધે તેનો મહા દોષીત ગણ્યો છે તે ઠીક નથી. લખના, દિલ્લી, પંજાબ, બંગાળા અને દક્ષિણ બરમા ઉપર અંગ્રેજી જે ચઢાઇઓ થઇ તે રાજના પ્રકરણો છે, તેમજ એ પણ હતું.

સુલતાનની સેવામાં દિલ્લી મોકલવામાં આવી. મજકુર રાજાની દીકરી કે જેનું નામ **દેવળદેવી** હતું તે બીજા કેદીઓની સાથે દિલ્લી પોહોંચી તે વખતે **ખિઝરખાન સુલતાન અલાઉદ્દીનનો કુંવર** તેના સ્વરૂપ ઉપર મોહી ગયો. એઉના પ્રેમની સુલતાનને જાણ થઇ તેથી સુલતાને ખિઝરખાનનું લગ્ન દેવળદેવીથી કરી દીધું અને દેવળદેવીની માને પોતે નિકાહ પઢી ઘરમાં રાખી. **અમીરખુસરૂ** કવીએ **ઇશ્કીઆ** એટલે પ્રેમપોથીમાં ખિઝરખાનની દેવળદેવીથી થએલ પ્રિતીની વાર્તા કવિતમાં લખી છે તે જગતપ્રસિદ્ધ છે; પરંતુ એમ પણ જણાય છે કે, આ ફતેહની વખતે દેવળદેવી નાની ઉમરની હતી અને ઘણી રૂપવાન હતી તેથી અલગખાને તેને પોતાની દીકરી કરી ઘણી સંભાળથી રાખી હતી અને છેવટે સુલતાનના હુકમથી ખિઝરખાન જોડે પરણાવી દીધી.[૨] કવિતાની કેટલીએક ટુંકો કે જે ખિઝરખાન અને દેવળદેવી રાણીના વર્ણન વિષે ઇશ્કીઆમાં છે તે અત્રે ટાંકવામાં આવી છે. ( જેનું ભાષાંતર, કર્ત્તાએ ગુજરાતી કવિતમાં આપ્યું છે)

## ભુજંગી છંદ.

દેવલદેવી આ કાળની નામ નામી, ભરત ભૂમીનો મોર ઉપમાને પામી.
હિંદી જોશથી નામ તેનું રખાયું, દેવળદેવી નાનાપણેથી કહાયું.
તે દેવીથી દેવોને સંબંધ ભારે, મનુષ્ય જાદુ તેપર ન ચાલે લગારે.
મને એજ ઉપમા છે લાગી વહાલી, કે હિંદીની ઝંડી જગતમાં જ હાલી.
એક અડચણને વચમાંથી દીધી છે ટાળી, દેવી મંડપને કીધી શણગારવાળી.
જેને હોય સત્તા ને દોલત તે રાણી, મેં તેથી દવલ રાણી તેને વખાણી.
થયું ખાનનું નામ પ્રિયેની સાથે, લીધું રાશીએ ગુણ ગાવાનું માથે.

## દોહરો.

આ પ્રિતી પુસ્તક તણી વાતો ઠામે ઠામ,
દેવલ રાણી ને ખિજરખાં રહ્યું જગતમાં નામ.

અલગખાન પાટણ જીત્યા પછી અને રાજા કરણને કાઢયા પછી ત્યાંના રાજ્યબંદોબસ્તમાં પડી ગયો; તે દીવસથી અમલદારો હુઝુર દીલ્લીથી અહિંઆં નેમાતા હતા અને મોટી મસજીદ કે જેને જુમામસજીદ કહેછે તે

---

૨ આ હકીકતથી ઉલટી હકીકત ઇતિહાસોમાં કોણ જાણે શા હેતુથી દાખલ થઇ છે !!

સુંદર પથ્થરની ને તે હાલસુધી કાયમ જ રહી છે. તે વિષે એવું કહેવાય છે કે તે સુલતાનની જ બનાવેલી છે, અને લોકોમાં પણ એવું પ્રસિદ્ધ છે કે તે ઘણા બાદશાહોના વખતમાં બંધાઇ છે. કેટલાક ભુલભરેલી રીતે પણ વર્ણન કરેછે ને કહેછે કે, તે એક દેવલ હતું તેને બદલીને મસીદ કરી છે; ખરૂં જોતાં તે ઘણી ઉંચી પદવીની મસજીદ છે. તે વખત તે વસ્તીના મધ્યમાં હતી અને આ વખતે વસ્તીથી વેગળી પડી છે. પાટણ શહેરની મોટાઇ પોહોળાઈ કે જે જુના વખતમાં હતી તે, તેના જુના વખતનાં ખંડેરોથી જણાઇ આવેછે. તે શહેર ત્રણ ગાઉસુધી હાલની વસ્તીથી આસપાસ ફેલાએલું હતું. હાલમાં ઇંટો અને રોડા કે જે આ કથનને સિદ્ધ કરી આપેછે તે ઠામોઠામ જંગલમાંથી મળી આવેછે, અને જુના બાર બુરજોની નિશાનીઓ પણ કેટલીક જગ્યાએ રહી ગઇ છે. કાળ વિત્યાથી ઘણોખરો ફેરફાર વસ્તીમાં બમણીવાર થઇ ગયો ને ધીમે ધીમે જુનાં ખંડેરો ગુમ થઈ ગયાં. રાજાઓની છેલ્લી હકુમતના વખતે ડેરાંઓ વિગેરે ઇમારતો બાંધવાનેવાસ્તે એટલા બધા આરસપથ્થરો અજમેરથી લાવવામાં આવેલા કે તેમાંથી વધેલા હાલસુધી ખોદવાથી ભોંયમાંથી નિકળી આવેછે. શહેર એહમદાબાદ વિગેરેમાં વપરાએલા સઘળા આરસપથ્થરો ત્યાંથી જ લાવવામાં આવેલા.

ટુંકમાં અલગખાન વીશ વર્ષની મુદતસુધી ગુજરાતના સુબાકિય ભાગના દેશના બંદોબસ્તમાં ગુંથાએલો રહ્યો, ને સુલતાનની હુકુમતના છેલ્લા દિવસોમાં સુલતાને તેને હુજુરમાં બોલાવ્યો, અને મલેક નાયબની દુશ્મની અને અદેખાઇને લીધે તેને મારી નાખવામાં આવ્યો. આ વખતે મલેક નાયબ (મુખ્ય પ્રધાન) આ રાજાની ગુપ્ત કામગીરીથી પુરો વાકેફગાર હતો અને તેની જ ઉશ્કેરણીથી ખિઝરખાનને પણ ગ્વાલીઅરના કિલ્લામાં કેદ કરી દીધો. તેના થોડા દિવસ પછી સુલતાનને જલંદરનો રોગ ઉત્પન્ન થયો, ને એકવીશ વર્ષ રાજ કરી સને ૭૧૭ હિજરીમાં આ દુનિયાનો ત્યાગ કર્યો.

### દોહરો.

નોબત કાળની ડણ ડાંગે, ને નાસમ નાસી થાય,
પરવે જે ખુશરૂ આ ગયા, જુઓ જમશેદ આ જાય.

કહેછે કે સુલતાનને મલેકનાયબે ઝેર દઇ માર્યો હતો, અને ખિઝર-

ખાન, મલેકનાયબની હીણી બુદ્ધિથી રાજ્યહકથી બાતલ થયો હતો તેથી સુલતાનના નાના કુંવર શહાબુદ્દીનને રાજ્યાધિકારનો હકદાર ઠરાવ્યો અને તેને માત્ર નામનો જ સુલતાન ગણી પોતે બાદશાહતના સઘળા અધિકારો ભોગવતો હતો. કેટલાક માણસોને મોકલી તેણે ખિઝરખાનની આખોમાં ઝેરની સળી ફેરવી દીધી. જ્યારે એક માસ ને પાંચ દહાડા આ કારસ્તાન ઉપર વિતી ગયા, ત્યારે સુલતાન અલાઉદ્દીનના કેટલાક ગુલામોએ મલેકનાયબને ઠાર કરી નાખ્યો.

### દોહરો.

ખોટાં કૃત્ય કીધા પછી, શું સુફળની આશ.
અંધ ભુજંગના મુખ થકી, ક્યાંથી અમૃત વાસ.

## સુલતાન અલાઉદ્દીનના દીકરા સુલતાન કુતબુદ્દીન મુબારકશાહનું રાજ્ય.

અઢાર વર્ષની ઉમરમાં સુલતાન કુતબુદ્દીન મુબારકશાહ ( સુલતાન અલાઉદ્દીનના કુંવર)ને અમીરો તથા દરબારીઓએ બંદીખાનેથી કાઢી લાવી તખ્ત ઉપર બેસાડ્યો. જે વખતથી સુલતાન અલાઉદ્દીને અલગખાનને ગુજરાતથી તેડાવી મારી નાખ્યો હતો અને પછી પોતે પણ મરણ પામ્યો. જે વિષે વર્ણન કરવામાં આવ્યું છે, તેથી રાજ્યબંદોબસ્તમાં નુકશાની આવી ગઇ અને ગુજરાતમાં ટંટાઓ ને ગેરબંદોબસ્તી જોરમાં વધી પડી, તેમ દરેક ઠેકાણે રાજ્યવિરૂદ્ધ લોકો ઉભા થયા. હવે સુલતાન કુતબુદ્દીન મુબારકશાહ તખ્તનશીન થયો. તેણે મજકુર ગરબડ અને બેદાદી દૂર કરવાનેવાસ્તે **મલેક કમાલુદ્દીન**ને નેમ્યો, જેથી તે ગુજરાતમાં આવ્યો ત્યારે તેને કોઇએ મારી નાખ્યો તેથી વધારે ભયંકર બનાવો બનવા લાગ્યા. સુલતાને એ લડાઈ ઉપર **એનુલમુલ્ક મુલતાનીને** મોટાં તૈયાર લશ્કર સાથે મોકલ્યો, તેણે ઘટતો બંદોબસ્ત કરી દેશમાં સુખશાંતિ ફેલાવી દીધી. આ બંદોબસ્ત થઇ રહ્યા પછી સુલતાને પોતાના સસરા **મલેક દીનારને ઝફરખાનની પદવી** આપી ગુજરાતનો નાઝિમ (મેનેજર) ઠરાવ્યો. મજકુર ખાનસાહેબે ત્રણ ચાર માસની ટુંક મુદતમાં સારી પેઠે ગુંથાઇ જઇ જેવો જોઇએ તેવો બંદોબસ્ત કર્યો અને સઘળા રૂપીઆ સુલતાનના ખજાનામાં મોકલી દીધા. હવે સુલતાને તેને બોલાવી લીધો, કેમકે તે દરબારનો એક અમીર હતો અને કંઇપણ કસુર કર્યા શિવાય

હુજુરમાં તેને ઠાર કરાવી નાખ્યો.

હવે સુલતાનના પ્યારા **ખુસરૂખાન** નામના માણસની મા તથા ભાઇની સગાઇનો એક શખ્સ **હિસામુદ્દદ્દીન** નામનો હતો તેને ઝફરખાનનું સઘળું લાવ લશ્કર આપી રવાને કર્યો. જ્યારે હિસામુદ્દીન ગુજરાતમાં આવ્યો ત્યારે પોતાના તથા ખુસરૂના નાતભાઇઓ **પરમારોને** ભેગા કરી રાજ્ય સામા થવાનો મનસુબો કર્યો, તેમાં જે અમીરો તથા બીજા લોકો સગાતે હતા તેઓએ આ ખોટા મનસુબાથી વાકેફ થઈ તેને કેદ કર્યો અને સુલતાનની હજુરમાં મોકલી દીધો.

સુલતાને હિસામુદ્દીનની જગ્યાએ **મલેક વજીહુદ્દદ્દીન કુરેશીને** કે જે રાજકારભાર અને શૂરવીરતામાં ખ્યાતી પામેલો હતો, તેને ગુજરાત ઉપર મોકલ્યો, તેણે હિસામુદ્દીનની બગાડેલી ગુજરાતને દુરસ્ત કરી. સુલતાને પોતાના છેલ્લા દીવસોમાં મલેક વજીહુદ્દીનને હુજુરમાં તેડાવીને મુખ્ય પ્રધાનની પદવી અને **તાજુલમુલુક** ( રાજ્ય મુકુટ ) ની પદવી આપી.

ખુસરૂખાન પરમાર જાતનો હિંદુ પુત્ર હતો અને તે ઘણો ફુટડો હોવાથી સુલતાન તેની ઉપર પ્રેમ રાખતો હતો, તેમ સુલતાનની હજુરમાં તેની ભારે વગ હતી તેથી તેણે ગુજરાતના મુલકને પોતાનું રાજ્ય કરી લીધું; છતાં તેથી તૃપ્ત ન થતાં દીલ્લીની બાદશાહત લઇ લેવાનું નક્કી કર્યું. **સુલતાનને મારી નાખી તખ્ત ઉપર બેઠો,** પોતાના જાતીઓને ભેગા કરી પોતાનું નામ **નાસીરૂદ્દદ્દીન** ધારણ કર્યું. કુતુબુદ્દીન મુબારકશાહનું રાજ ચાર વર્ષ અને ચાર માસ હતું.

અલાઉદ્દીનના અમીરોમાંથી **ગાઝીઉલમુલ્ક** નામનો માણસ હતો. તેને જ્યારે ખુસરૂના કુકર્મની ખબર થઇ ત્યારે તેની લાગણી ઉશ્કેરાઇ ગઇ. અમીરો અને લશ્કરને ભેગું કરી પરબારી લડાઇ કરી. ખુસરૂને પકડયો અને તેના કકડે કકડા કરી માલીક પાસે મોકલ્યો.

હવે અલાઉદ્દીનની અવલાદમાં કોઇ રહ્યો નહોતો; તેથી અમીરોએ રાજ્યલાયક ગાઝીઉલમુલ્કને ગણી રાજ્યાભીષેક કર્યો અને તેને **ગ્યાસુદ્દદ્દીન તુગલકનું ઉપનામ** આપ્યું, તેણે પોતાના છેલ્લા કાળમાં ગુજરાત ઉપર સ્વારી કરી અને **તાજુદ્દદ્દીન જાફરને** ગુજરાતના બંદોબસ્તવાસ્તે નેમી દીધો. જ્યારે ચાર વર્ષ અને કેટલાક માસ તેને રાજ કરતાં થઇ ગયા, કે એકાએક મેહેલની છત પડી ગઇ અને બીજા છ જણા સાથે ખુદાની

કૃપાને પામ્યો.

## ગ્યાસુદ્દીન તુગલકના દીકરા સુલતાન મુહમ્મદનું રાજ.

સુલતાન મુહમ્મદ (ગ્યાસુદ્દીન તુગલકનો દીકરો) તખ્ત ઉપર બેઠો. આ બાદશાહે ઘણી તિક્ષણ બુદ્ધિને લીધે ઘણી વિદ્યાઓ સંપાદન કરી હતી. ઘણા ઘણા ઉંચા અને લાંબા ખ્યાલ બાંધતો હતો. જે વિષે ઇતિહાસોના પુસ્તકોમાં પુરેપુરૂં લખેલું છે અને નવાઇજેવા દાવાઓ તેણે કરેલા. **મલેક** નામનો શખ્સ જેને માન નામ **ખાનજહાં નાયબ બખત્યાર** મળેલું હતું. તે જાતે ઢાઢી ગવૈયો હતો ને ગુજરાતનો સુબો તેને ઠરાવ્યો હતો. ગુજરાતના રૈયકા અમીરોએ તેને લુંટી લીધો અને મલેક એકલો નાસી પાટણમાં આવ્યો. સુલતાનને એની ખબર થએથી ઘણો રોષે ભરાઇ લશ્કર લઇ ગુજરાત ઉપર ચઢયો, બે વર્ષ ગુજરાતમાં રહી ગીરનારસુધી ચોખ્ખું કરી નાખ્યું. **કચ્છનો રાજા ખેંગાર** સેવામાં હાજર થયો; પાછા ફરતી વખતે **નિઝામુલમુલ્ક**ને ગુજરાતનો સુબો નીમ્યો; રસ્તામાં સુલતાન માંદો થયો, થોડા દહાડામાં કાળનો કાસદ આવી પોહોંચ્યો અને દુનિયાથી કૂચ કરી ગયો.

### દોહરો.

પદવી પામેલ અરસલાં, મસ્તક વસે આકાશ;
મૃત્યુ પામ્યા અરસલાં, ધૂળ ટટાઈ લાશ.

મુહમ્મદશાહ તુગલકનું રાજ ૨૭ વરસ રહ્યું.

## સુલતાન ફીરોઝ ( સુલતાન મુહમ્મદના પિત્રાઈ )નું રાજ.

મુસલમાનોનો એકસંપ, જાતે ખરો વારસ અને સુલતાન મુહમ્મદની વિરૂદ્ધતાથી મોહરમમાસની ચોથી તારીખ **સને ૭૫૨ હિજરીમાં** સુલતાનફીરોઝ તખ્તઉપર બેઠો અને રાજ્યકારભાર, બાદશાહતનો બંદોબસ્ત, રાજ્યને ઘટતા કાયદાઓ, ધર્મની રક્ષા અને કાયદા ધારાઓ જેની જરૂર હતી તે સઘળા બાંધ્યા, અને ઘણે ઠેકાણે તે ફત્તેહ પામ્યો. જ્યારે સુલતાન **નગરકોટની ફત્તેહ પછી ગુજરાતમાં આવ્યો** ત્યારે **ઝફરખાનને સુબો ઠરાવી** નિઝામુલમુલ્કને બરતરફ કર્યો અને સને **૭૭૩** માં ઝફરખાન ગુજરાતમાં મૃત્યુ પામ્યો. તેનો દીકરો પોતાના બાપનું માન પામી બાપની જગ્યાએ નિમાયો.

આ વખતે **શમશુદ્દીન દામગાનીએ** સુલતાનને અરજ કરી કે ગુજરાતની અસલ જમાબંદી કરતાં ચાલીસ લાખ વધારે, અને સો હાથીઓ સાથે, બસે તાજી ઘોડા અને ચારસો દાસ દર વર્ષે આપવાને હું કબુલ કરૂંછું. સુલતાને કહ્યું કે જો ઝફરખાનનો નાયબ **શમશુ દીન અનવરખાન એ કબુલ કરે** તો તે શિવાય બીજાને નહીં અપાય. આ ઠરાવ શમશુદ્દીન અનવરખાંએ કબુલ ન કર્યો તેથી શમશુદ્દીન દામગાની સુબો ઠર્યો. હવે કરારપ્રમાણે પુરૂં કરવાની તેનામાં સત્તા નહોતી તેથી સુલતાનથી બદલી બેઠો. સુલતાને લશ્કર તેની ઉપર મોકલ્યું તેમાં તે માર્યો ગયો. તેને માર્યા પછી સુલતાને **મલેક ફરેહ**ના તાબામાં ગુજરાત દેશને મુકયો અને તેને છેલ્લા વખતમાં માન નામ-**ફરહતુલમુલ્ક રાસ્તીખાન મળ્યું.** સુલતાન ફીરોઝ સને ૭૯૦માં મૃત્યુ પામ્યો. તેનું રાજ આડત્રીશ વર્ષ ને નવ મહિના રહ્યું.

## ગ્યાસુદ્દીન ( ફતેહખાન ફીરોઝશાહનો દીકરો ) નું રાજ.

( એને પણ ફીરોઝશાહ બીન કહે છે. )

ફીરોઝશાહનો કાળ થયા પછી ફીરોઝી લોકોએ મજકુર સનમાં **ગ્યાસુદ્દીન બિન ફતેખાં બિન ફીરોઝશાહ**ને તખ્ત ઉપર બેસાડયો, અને તેને **ફીરોઝશાહ**ના નામનું માન આપ્યું જુવાનીના જોરનેલીધે એશ આરામ અને નાચ રંગમાં સુલતાન ગુંથાઇ ગયો અને પ્રજા ઉપર કેર વરતાવવા લાગ્યો, **સને ૭૯૧ હિજરી**માં **મલેકરૂકન નાયબે તેને મારી નાખી** દરબાર **આગળ તેનું મસ્તક ટાંગી દીધું.** ૭ માસ અને અઢાર દિવસ તેણે રાજ કર્યું.

## અબુબકરશાહ ( ફીરોઝશાહના કૂળનો ) અને મુહમ્મદશાહ બિન ફીરોઝશાહનાં રાજ્ય.

સુલતાન ગ્યાસુદ્દીનના મરાયા પછી અમીરોએ અબુબકર નામના ફીરોઝશાહના પૌત્રને ઘરમાંથી લાવી તખ્તઉપર બેસાડયો, અને તે **મુહમ્મદશાહ બિન સુલતાન ફિરોઝ**ના હાથમાં પકડાઇ કેદ થયો, અને બંદીખાનામાંજ મૃત્યુ પામ્યો. તેણે એક વર્ષ ને ૭ માસ રાજ ભોગવ્યું. જ્યારે **મુહમ્મદશાહે** જીત મેળવી તે વખતે ગુજરાત તથા ખંભાતની રૈયતે **રાસ્તીખાન**ના જુલમ અને ગેરબંદોબસ્તીની અરજ કરી, સુલતાને **ઝફરખાન બિન વજીહુલમુલ્ક**ને સૂબો નિમ્યો. તારીખ ૨ રબીઉલઅવ્વલ **સને ૭૯૬ હિજરી**ને દિવસે જે રોગ સુલતાનને લાગુ થયો હતો તે રોગનો ભોગ થયો. તેણે ૭ વર્ષ ને સાત મહીના તખ્ત ભોગવ્યું.

# ગુજરાતની બાદશાહતનો પ્રારંભ.

## ઝફરખાન બિન વજીહુલમુલ્કની હુકુમત.

### ગુજરાતના સુલતાનોની બાદશાહતની સ્થાપના.

હવે **આ** પાનાઓ લખવાનો મૂળ હેતુ એછે કે જે બીના ગુજરાતના **સુલતાનો**ના રાજ્યની સમાપ્તી અને શ્રીમંત હુજુર સ્વર્ગ[1] ઉમરાની ( અકબર બાદશાહ ) આ દેશમાં સત્તા સ્થપાયા પછી સુબાઓની સુબાગીરીમાં જે બનાવો બન્યા તેમની નોંધ છે. તે બનાવો આ દેશની ઉથલપાથલનાં મૂળ કારણો અને આવા શણગારાએલા મુલકના સુખચેનને બરબાદ કરી દુર્દશામાં લાવવાના સાહિત્યરૂપ હતા. આ દેશના રાજકર્ત્તા રાજાઓના રાજ્યના પ્રારંભથી ગુજરાતના સુલતાનોના રાજ્યસુધી વાર્તાની માળા પોહોંચી છે; તેથી હવે જોકે ગુજરાતી સુલતાનોના વખતના બનાવોની નોંધના મણકાને કેટલાક પૂર્વે થએલા સુજ્ઞ વિદ્વાનોએ લખાણરૂપી દોરા ( ગળામાં ) પરોયા છે, જેમકે—

[2]**મુઝફ્ફરશાહી**—અને તે પછી

**અહમદશાહી**—હુલવી શીરાઝી નામના કવિએ આ પુસ્તક કવિતમાં લખ્યું છે, તે અતિશે મીઠાશભરેલું સંભારણું મુકી ગયો છે.

**મેહમુદશાહી**—આ પુસ્તક સુલતાન મેહમુદ બેગડાના નામથી લખાયું એનો કર્ત્તા **અઝીઝી** છે.

**બહાદુરશાહી**—કોઇએ સુલતાન બહાદુરના નામથી આ પુસ્તક રચ્યું છે.

આ પુસ્તકો દરેક સુલતાનની રાજ્યસત્તાની વખતે પ્રસિદ્ધ થએલ તેથી કોઇપણ પુસ્તક આદીથી અંતસુધી સંપૂર્ણ હકીકત સમાવેશ થએલું જણાતું નથી પરંતુ **મિરાતે સિકંદરી** નામનો ઇતિહાસ કે જે, ગુજરાતી

---

૧ બાદશાહને મરી ગયા પછી માનનામ આપે છે, અકબરનું આ માનનામ છે.
૨ મિરાતે સિકંદરી તથા મિરાતે એહમદી શિવાય બીજાં પુસ્તકોનો પત્તો લાગતો નથી.

સુલતાનોના રાજ્યની સમાપ્તિ થયા કેડે **૪૦ વર્ષે** લખાયો છે તેમાં તે લોકોના રાજ્યની હકીકત રાજ્યના અંતસુધીની પૂર્ણ છે; પરંતુ વચનનો મોહ અને વાર્તાના સાંધણને વાસ્તે કે રખે તે કંઈ ભંગ થાય, તેથી થોડું થોડું દરેકના રાજના વર્ણનમાં દર્શાવવામાં [1]આવ્યું છે, અને આ બધું વર્ણન છે, જેને સુવિસ્તાર જોઇએ તે મજકુર પુસ્તકને વાંચે.

એ લોકોમાંથી મુસલમાની ધર્મમાં પેહેલો પવિત્ર થનાર પુરૂષ **સાધારણ એટલે વજીહુલમુલ્ક, ટાંક જાતનો રજપુત હતો અને તેમનું મૂળ કૂળ ક્ષત્રી છે**, અને તેમની વંશાવળી શ્રી રામચંદ્રજીને પોહોંચે છે કે જેમને હિંદુઓ પ્રભુ માની પુજે છે, ટાંક અને વોકલા[2]ના મુસલમાન થવાનું વર્ણન અને એ શબ્દની મૂળ ઉત્પત્તિ ગુજરાતના ઇતિહાસમાં પુરી લખેલી છે. આ લઘુ પુસ્તકમાં તેનો સમાવેશ લંબાણ થઇ જાયછે.

જ્યારે દિલ્લીની બાદશાહતનો વખત સન **૭૯૦** માં ગ્યાસુદ્દીન તુગલકના પિત્રાઇ ભાઇ ફીરોઝશાહનો આવ્યો તે વખત **વજીહુલમુલ્ક**ની અમીરીનો વૈભવ ઘણો વધ્યો, **સને** સને ૭૯૨ હિજરી. **૭૯૨** માં નિઝામ મુઝફર કે જેને રાસ્તીખાનનું માનનામ મળેલું હતું તેના રાજ્યવિરૂદ્ધ, જુલમી તથા પાપી કારકિર્દીની ખબર દરબારમાં પોહોંચી. એ અમલદારને ગુજરાતના દેશની હુકુમત સોંપેલી હતી. **રબીઉલ અવ્વલ માસની બીજી તારીખે મજકુર સનમાં**–સુલતાને ઝફરખાનને **આઝમ હુમાયુ** (એટલે મોટો પ્રતાપી) એ માનનામ આપ્યું, અને રાતો પડદો કે જે મોટી બાદશાહી માનભરેલી બક્ષીશ છે તે આપી રાસ્તીખાનને બોધ આપવા ગુજરાત ઉપર નિમ્યો. મજકુર ખાનબહાદુરે દિલ્લીથી કુચ કરી ખાસ બાદશાહી હોજ ( સરોવર ) ઉપર તંબુ તાણી પડાવ કર્યો, મજકુર મહીનાની ચોથી તારીખે સુલતાન મુહમ્મદશાહે વિદાય કરવા આવી ખાનઆઝમ હુમાયુને છેલ્લો વિદાય કર્યો, અને તાતારખાનને પોતાનો દીકરો કરી હુજુરમાં રાખ્યો. કેટલીક મજલો ગયા પછી ખબર થઇ કે **તાતારખાનની સ્ત્રીએ એક સુલક્ષણા પુત્રનો જન્મ આપ્યો અને તેનું નામ એહમદ[3] રાખ્યું છે.** કુચપર કુચ કરી ચાલવા માંડયું અને જ્યારે **નાગોર શેહેરમાં** પોહોંચ્યો ત્યારે ત્યાં આગળ

---

૧ અવકાશ મળશે તો તેનું પણ ભાષાંતર થવામાં સંદેહ નથી. ૨ વોકલાયાં.
૩ એ પુર્વે થનાર સુલતાન એહમદ. (એહમદાબાદ વસાવનાર.)

રાસ્તીખાનના જુલમથી રડતી ખંભાતની રૈયત પોકો મુકતી ઇન્સાફ માગવા આવી પોહોંચી, તેમને ધારણા દઇ ત્યાંથી રવાને થયો, ત્યારબાદ પાટણ પોહોંચી **સુલતાનના શરણે થવાનો હુકમ લખ્યો.** રાસ્તીખાન પાંસરો ઉત્તર ન દેતાં યુદ્ધ કરવાને અર્થે ડંકો ગગડાવી પાટણ તરફ આવ્યો, છેવટે પાટણ તાબાના **કાંભુ** ગામની હદમાં લડાઇ થઇ. તેમાં ઝફરખાન જીત્યો, અને રાસ્તીખાન માર્યો ગયો, તે પછી ખાન પાટણમાં આવ્યો. આ લડાઈ સને ૭૯૪ હિજરીમાં થઇ, ત્યારપછી રૈયતના સુખના તેમજ તાબાના માણસોને ન્યાય આપવાના કામમાં ગુંથાયો અને જે ઠેકાણે ફતેહ થઇ હતી ત્યાં એક ગામ વસાવ્યું જેનું નામ **જેતપુર** છે

સને ૭૯૪ હિજરી:

ખરો શ્લોક ( મુસલમાની કલમો ) ફેલાવવાને ઘણી મેહેનત લીધી, પાટણદેવ એટલે સોમનાથના દેવળને સર કરવા તે ભણી લશ્કર મોકલ્યું, અને ઇસલામ શું છે તે ઘણી જગ્યાએ પ્રસિદ્ધ કર્યું અને ગુજરાતના સઘળા શેહેરો ઉપર કબજો કરી લીધો, અને રાસ્તીખાનના જુલમના વાગેલા ઘા ઉપર કૃપારૂપી મલમની પટીઓ ચોપડી દીધી અને ઉંચથી નીચ સુધી અને બળવાનથી ગરીબો સુધી સઘળાઓને રાજી ખુશી કરી દીધા.

જ્યારે સને **૭૯૬ માં** સુલતાન મુહમ્મદશાહે દેહત્યાગ કર્યો અને દિલ્લીના રાજ્યકારભારમાં ગડબડ થઈ ત્યારે **તાતારખાન બિન ઝફરખાન** કે જેને સુલતાન નાસિરૂદ્દીન મેહમુદ બિન, સુલતાન મુહમ્મદશાહનો વજીર ઠરાવવામાં આવ્યો હતો, તે **ઇકબાલખાનના** બળથી કંટાળી પોતાના પિતા પાસે ગુજરાતમાં આવ્યો. હવે આ વખતે ઝફરખાન તથા તાતારખાન ઇકબાલખાનનું વેર લેવા સારૂ લશ્કર ભેગું કરતા હતા, તે વખતે ખબર પોહોંચી—કે **શ્રીમંત સાહેબે કિરાન[1] અમીર તેમુર ગોરગાન દિલ્લીની સરહદમાં પધાર્યા** છે અને તેથી કરી તે જગ્યામાં ભારે તોફાન ઉભું થયું છે, અને ત્યાંથી ઘણાખરા લોકો નાસી ગુજરાતમાં આવી ભરાયા.

૭૯૬ હિજરી.

તે વખતની બાદશાહત ભોગવતો **સુલતાન નાસીરૂદ્દીન મેહ-**

---

૧ સાહેબ કિરાન, સાહેબ=ધણી કિરાન=કાળ, કાળનાથ.

**મુદશાહ પણ દિલ્લીથી નાશી ગુજરાતમાં આવી પોહોંચ્યો.** અહીં એનું કંઈ ન વળ્યાથી નિરાશ થઇ માળવે ગયો, જ્યારે સાહેબેકિરાન તેમુરશાહ હિંદુસ્તાનથી સમરકંદ તરફ ગયો, અને ઇકબાલખાન પાછો આવી દિલ્લી ઉપર કબજો કરી બેઠો, ત્યારે તાતારખાંએ પોતાના પિતાને કહ્યું કે **ખુદાની કૃપાથી આપણી પાસે ઘણું લશ્કર છે, અને પુરી સત્તા છે, હવે મને એમ ઠીક જણાય છે કે ઇકબાલખાનથી વેર લઈ દિલ્લીને તેનાથી મુક્ત કરીએ, કેમકે રાજ્યપર કોઇનો વારસો નથી, ઝફરખાંએ પૂર્વ વિચાર અને કેટલાંક કારણોને લીધે એ સલાહ પસંદ કરી નહીં,** તેમાં ભારે વાદવિવાદ થઇ ઝફરખાંએ રાજનો ત્યાગ કરી, લાવ લશ્કર, સારસરંજામ, ઠાઠમાઠ સઘળું પોતાના પુત્રને આપી એકાંત સ્થિતી પસંદ કરી.

પરંતુ ખરી હકીકત એ છે કે તાતારખાં પોતાના પિતાને કેદમાં નાખી **મુહમ્મદશાહ**[1] નામ ધારણ કરી **સને ૮૦૬ હિજરી જમાદીઉલ અવ્વલમાસમાં અસાવલ કસબામાં તખ્ત ઉપર બેઠો** અને લાવલશ્કર શણગારી, તેજ અઠવાડીઆમાં **નાંદોદના** અધર્મીઓને શિક્ષા આપવા નિકળ્યો ને ત્યાંથી દિલ્લી તરફ ગયો, આ ઓચીંતી ગભરાવનારી ખબરથી ઇકિબાલ ઘણો બીધો, પરંતુ એકાએક શુબરાત મહીનો અને મજકુર સાલમાં સુલતાન મુહમ્મદના શરીરની સુખાકારી ઘણી દુર જતી રહી અને સારા વૈદ્યોએ રામબાણ ઔષધો આપ્યાં પરંતુ કંઇ તેની અસર થઇ નહીં. પરંતુ જગતપ્રસિદ્ધ અને વખતો વખત ગુજરાતી લોકોમાં સત્યપૂર્વક સિદ્ધ થએલું છે તે એ છે કે સુલતાનના મૃત્યુનું કારણ એ હતું કે સુલતાને બેઉ ભવમાં જે કલ્યાણકારી છે તેનું ધ્યાન ન રાખ્યાથી સુલતાનના કેટલાક સોબતીઓ કે જે અંદરપેટે ઝફરખાનને માટે બળતા હતા તેઓએ સુલતાનના પ્યાલામાં ઝેર મેળવી દીધું, અને કેટલાક એમ પણ કહેછે કે તેના પિતાએ આ કામ કરવાને ગોઠવણ કરાવી હતી, મતલબ કે, સુલતાનમેહમુદના શબને લાવી પાટણમાં ધરતીમાતાને સ્વાધીન કરવામાં આવ્યું, અને તેના મૃત્યુ પછી તેને **'ખુદાયગાં શહીદનું' માન નામ અપાયું.**

સને ૮૦૬ હિજરી.

ત્યારપછી ઝફરખાન લશ્કરમાં આવ્યો અને દરબારીઓ તથા અમીરો

---

[1] ગુજરાતનો પેહેલો સુલતાન.

તેની સત્તાને સ્વાધિન થયા, અને પ્રથમ મૃત્યુની દિલગીરી અને ત્યાર પછી સંતોષીસ્તુના વચન બોલ્યા. ખાન દરેકને દિલાસો દઇ પોતાની રાજધાની તરફ તેઓની સાથે ગયો. કહેછે કે તે દિવસથી ખાન પોતાના છેલ્લા કાળસુધી રહતા હતો.

હવે દહાડે દહાડે દિલ્લીની રાજ્યસત્તાં ફીરોઝશાહના વંશમાં નિર્બળ થતી ગઇ તે એટલેસુધી કે તેઓમાંનો કોઇ પણ રહ્યો નહીં, અને ઇકબાલખાન ખિઝરખાનની સાથે લડતાં માર્યો ગયો, ત્યારે દરબારીઓ અને રાજ્ય કારભારીઓએ ઝફરખાનને અરજ કરી કે, ગુજરાત દેશનો બંદોબસ્ત-અને સત્તાની મજબૂતી બાદશાહતના દબદબા અને દબાણ શિવાય ટકી શકે તેમ નથી, અને હાલ એ કામને લાયક આપ ધણીશિવાય બીજો કોઇ જણાતો નથી. આ શુભેચ્છકોની માગણી કબુલ રાખી, સુલતાન મુહમ્મદશાહના મૃત્યુ પછી ત્રણ વર્ષ ને સાત મહીને **સને ૮૧૦ હિજરીમાં ઝફરખાન શેરપુરમાં તખ્તઉપર બિરાજમાન થયો અને પોતે મુઝફ્ફરશાહ નામ ધારણ કર્યું અને સિકકો તથા ખુતબો[1] પોતાના નામના કર્યા.** પોતાના પૌત્ર એહમદખાનને પાટવી કુંવર ઠરાવી પોતે ન્યાય અને બંદોબસ્તમાં રોકાયો. તે મુસલમાની ધર્મ ફેલાવવાની ગોઠવણો કરતો અને રાજદ્રોહી લોકોનો નાશ કરવામાં ગુંથાયો. તે એટલેસુધી કે, **સુલતાન મુહમ્મદ તાતારખાંનો દીકરો એહમદખાં કે જે, મુઝફ્ફરશાહનો પાત્ર હતો.** સને આઠસોમાં...[2] આ વર્ણનને મિરાતે સિકંદરીએ ભરૂસાલાયક ગણ્યું છે કે **અસાવલ** કસબાના કોળીઓ સત્તાના સામા થયા હતા, અને લુટફાટનો ધંધો ચાલુ કર્યો હતો તે વખતે સુલતાન મુઝફ્ફરે પોતાના પૌત્ર એહમદખાંને ભારે સન્યા સાથ તેઓ સામે રવાને કર્યો કે જેથી કરી તે લોકોને શિક્ષા થાય, હવે એહમદખાંએ પાટણ શેહેર બહાર નિકળી સરોવર ઉપર ઉતારો કર્યો અને મોલવીઓને બોલાવી પ્રશ્ન કર્યો કે **હાલના મોલવીઓ આ બાબતમાં કહે છે કે જો કોઇએ કોઇના બાપને વગરવાંકે મારી નાખ્યો હોય તો તેનો દીકરો તેનો બદલો લઇ શકે છે, સઘળાએ કહ્યું**

---

૧ શુકરવાર અને ઈદ વિગેરેની નીમાજ વખતે અધ્યક્ષ બાદશાહના કલ્યાણનાં જે વચન ઉચ્ચારે છે તે. ૨ આ ઠેકાણે ફારસી પુસ્તકમાં કંઇ રહી ગયું છે કેમકે વાકય રચના કડી આપેછે.

**કે સત્ય છે.** ઉત્તરપત્ર સહુએ લખી દસ્કત કર્યા. ખાને કાગળ ઉઠાવી લઇ પોતાની પાસે રાખ્યો, તેના બીજે દિવસે એકાએક શેહેરમાં આવી સુલતાન મુઝફ્ફરને બંદીખાને કેદ કર્યો અને પ્યાલામાં ઝેર મેળવી પાઇ દીધું. સુલતાને કહ્યું "ઓ દીકરા ! તેં ઘણી ઉતાવળ કરી, આ સઘળું તો તારૂંજ હતું." ઉત્તર દીધો કે વખત આવી પોહોંચ્યો. સુલતાને કહ્યું કે કેટલાંક શીખામણનાં વચનો હું કહું તે સાંભળ, કે જે તને લાભકારી થાય. **પ્રથમ** જે માણસે તને આ કામનેવાસ્તે ઉશ્કેર્યો તેનાથી લાભની આશા રાખીશ નહીં અને તેને તું મારી નાખ. **બીજું**–મદ્યપાન કરવો નહીં, કેમકે રાજકર્તાઓને એનો ત્યાગ ઘણી જરૂરનો છે. **ત્રીજું–શેરમલેક તથા શેખમલેકને** મારી નાખવા. કેમકે એઉ જગતપ્રસિદ્ધ ખટપટી છે. બીજી કેટલીક શીખામણની વાતો કહી નિરાશી પ્યાલો પી ગયો. સફર મહીનાની છેલ્લી તારીખે મજકુર સનમાં આ સંસારમાંથી તે સદાનેમાટે સલામતદુનિયાતરફ કુચ કરી ગયો અને પાટણના કિલ્લામાં તેને ભૂમીદાઘ આપ્યો.

કહેછે કે પોતાના દાદાના કાળ પછી **સુલતાન એહમદને** ઘણો અફસોસ થયો અને તેની હુકુમત અઢાર વર્ષ તેમજ બાદશાહત ત્રણ વર્ષ આઠ માસ અને સોળ દહાડા રહી.

ગુજરાતના સુલતાનો પૈકી તેર અથવા ચઉદ માણસો કે જેમાં મતભેદ છે તે પૈકીના મુઝફ્ફરશાહના તખ્તનશીન થયા પછી સને ૮૧૦ **હિજરી**થી તારીખ ૧૪ રજબ સને ૯૮૦ સુધીના એકસો એંશીવર્ષમાં વધતું ઓછું રાજ્ય ચાલ્યું.

દોહરો.

જે કોઇ આવ્યો જગ વિશે, નક્કી પામે નાશ;
જે રહે નિત્યે જીવતો, તે છે એ અવિનાશ.

## એહમદખાં ( માનનામ સુલતાન એહમદ બિન મુઝફ્ફરશાહ )નું રાજ્યાભિષેક થવું.

હવે એ જાણવું જોઇએ કે ગુજરાતી સુલતાનોનો એવો ધારો હતો કે પોતાના પુત્રોના નામની સાથે ખાન શબ્દ વધારતા હતા, અને જે રાજનો ધણી થઇ રાજ્યાસન ઉપર બિરાજે તેને માનનામ 'સુલતાન' અપાતું.

જ્યારે સુલતાન મુઝફ્ફરનો દેહત્યાગ થયો ત્યારે **તા. ૪ માહે**

**રમજાન સને ૮૧૩ હિજરીમાં** એહમદખાં, [1]**સુલતાન એહમદ** નામ ધારણ કરી તખ્તઉપર બિરાજ્યો.

પેહેલું તોફાન જે આ રાજમાં ઉભું થયું તે સુલતાનના પિત્રાઇ ભાઇ **મોદુદ બિન ફિરોઝખાન**નું હતું અને તે વખત તે વડોદરામાં હુકુમત કરતો હતો. ૫રતા ઠાકોરોને મળી જઇ હુંપદના અભિમાનમાં કોઇને ગણતો નહોતો, તે સુલતાનની સામો થયો, સુલતાન લશ્કર લઇ તેની સામો થયો, ભારે કાપાકાપી પછી એ વખત હાર પામી મોદુદ પાછે પગે નાઠો અને ભરૂચના કિલ્લામાં ભરાઈ બેઠો, છેવટે ત્યાંથી સુલતાનને શરણે આવ્યો. સુલતાન ત્યાંથી પાછા ફરતી વખતે જ્યારે **અસાવલ કસબામાં** પોહોંચ્યો ત્યારે તેણે **આશા ભીલ**ને તાબે લેવાની ગોઠવણ કરી.

૮૧૩ હીજરી.

એજ લાભકારી વર્ષમાં તત્વ શોધકોના શ્રેષ્ટ સત્યવાદીઓના દીપક **શેખ[2] એહમદ ખટુ ગંજબખશ**ની આજ્ઞા લઇ મહા વિશાળ [3]એહમદાબાદ શેહેર બાંધવાનું કામ પ્રારંભ્યું, એની લંબાઇ પોહોળાઇના વિસ્તારનું વર્ણન જો ખુદા સહાય થશે તો આ પુસ્તકની **સમાપ્તિ** (બીજા ભાગ) માં કરીશું.

**સને ૮૧૪** માં ઇડર ઉપર ચઢાઇ કરી ત્યારે ત્યાંનો રાજા નાસી ગયો તેથી પોતાના કૃત્યથી ઝંખવાણો પડી સંતોષકારી ખંડણી કબુલ કરી, સુલતાને તેની કસુરોની ક્ષમા કરી.

૮૧૪ હીજરી.

હવે એ જાણવું જોઇએ કે ગુજરાત દેશના દર્પણને અધર્મી કાટ લાગેલો તેને સુલતાન અલાઉદ્દીનની પાણીવાળી તલવારે દુર કર્યો. જો કે પાટણ શેહેરથી ભરૂચના કિલ્લાસુધી જે પ્રકાશ ફેલાયો હતો, તેમ આસપાસ અધર્મનું અંધારૂં છાઇ રહ્યું હતું તે છેવટે ગુજરાતી સુલતાનોના પ્રયત્નથી ધીમે ધીમે ચોખ્ખું અને ચળકાટ મારતું થઇ રહ્યું; તેમાંથી કેટલાંક મથકો, સુલતાન એહમદની મેહેનતથી ઇસલામનો પ્રકાશ પામી ચકચકિત થઇ ગયાં.

---

૧ અમદાવાદ (એહમદાબાદ) એણેજ વસાવેલું. ૨ સરખેજના મોટા રોજાવાળા પીર. ૩ ખરો શબ્દ-અહમદ-આબાદ છે. અમદાવાદ નિરર્થક છે.

**સને ૮૧૭** હિજરીમાં **ગિરનારના** અધર્મીઓ ઉપર ચઢાઈ કરી તે ગીરનાર સોરઠનો પ્રખ્યાત કિલ્લો છે. ત્યાંનો **રાજા મંડલીક** લડાઇમાં હાર પામ્યો અને કિ- ૮૧૭ હીજરી.
લ્લામાં ભરાઇ બેઠો, એવું કહેછે કે અત્યારસુધી તે દેશ ઇસલામી દીપકથી પુરેપુરો પ્રકાશ પામ્યો નહોતો, પરંતુ **જુનાગઢનો કિલ્લો** કે જે ગિરનારની તલેટીમાં છે તે સુલતાનના હાથમાં આવ્યો, સોરઠના જમીનદારોએ સુલતાનના શરણે આવી ખંડણીઓ (પેશકશીઓ) કબુલ કરી.

૮૧૮ હિજરીમાં **સિધપુરના** દેવલને હસ્ત કર્યું. (જમાદીઉલ અવ્વલ માસ) ૮૧૮ હીજરી.

ધાર ઉપર ચઢાઇ કરી **૮૧૯** માં. ૮૧૯ હિજરી.

**૮૨૧** જીકઅદ માસની પહેલી તારીખે સોનગઢના રાજ ઉપર ફત્તેહ મેળવી અને **૮૨૨** ના સફર માસમાં **સેખડાનો કોટ બાંધ્યો** અને મોટી મસીદ બંધાવી અને ૮૨૧ હિજરી.
ધર્મ પ્રગટ કરવાને કાજી તથા ખુતબાની ક્રિયા ૮૨૨ હિજરી.
કરનાર ઉપદેશી[1] ઠરાવ્યા અને ઇસ્લામી ધર્મને ચાલુ કર્યો.

તેજ વર્ષમાં **સુખડ તાબે માનકની**નો કોટ બંધાવ્યો અને તેની ચોકીને વાસ્તે લસ્કરી ટુકડી મુકી અને હુકમપ્રમાણે સુલતાન એહમદના કાકા **શમસખાન દંદાની** કે જે નાગોરમાં હુકુમત કરતો હતો તેને ત્યાં બદલ્યો, શમસખાનને દંદાની[2] એટલાવાસ્તે કહેછે કે તેના આગલા દાંતની ચોકડી બહાર નીકળી આવી હતી.

સને **૮૨૩**માં પોતાના રાજના કામકાજમાં સુલતાન ગુંથાયેલો રહ્યો, જ્યાં જ્યાં ખટપટ હતી તે દૂર કરી દેવળોને તોડ્યાં અને તેમની જગ્યાએ મસીદો કરાવી, અને કિલ્લાઓ ૮૨૩ હિજરી.
બનાવી તેની ચોકીને વાસ્તે લોકોને મુકયા **૧ સીનોર તાબાનો ચીતોડનો કિલ્લો બાંધ્યો**, ત્યારપછી દાહોદ કસબાને

---

૧ ખતીબ—શુક્રવાર તથા ઇદોમાં ઊંચી જગ્યાએ ચઢી ખુદાની બંદગી કરનાર.
૨ દંદાન એટલે દાંત (ફારસી.)

ડુંગરામાં વસાવ્યા. અને ત્યાં તેનો કોટ બાંધ્યો, ત્યારપછી **કારીઠા કસબાને** કે જે સુલતાન અલાઉદ્દીનના વખતમાં અલ્લગખાંએ સન ૭૦૪માં વસાવેલો હતો તેને મરામત કર્યો અને તેનું નામ **સુલતાન આબાદ** રાખ્યું.

**૮૩૦** હિજરીમાં ફરીથી **ઈડર** તરફ લશ્કર લઇ જઇ ચઢાઇ કરી ત્યાંનો રાજા નાસીને ડુંગરોમાં સંતાઇ ગયો, સુલતાને **હાથમતીના કાંઠા ઉપર** ઈડરથી દશ ગાઉ ઉપર ગુજરાતની સરહદ આગળ **શહેર એહમદનગર** વસાવ્યું અને તેની આસપાસ કઠણ પથ્થરનો કોટ બંધાવ્યો અને પોતાને જાયુક રહેવાની તે જગ્યા બનાવી. ૮૩૦ હિજરી.

સને **૮૩૧** હિજરીમાં લશ્કર કટને વાસ્તે નીકળેલું હતું તે વખતે **ઈડરના રાજા પુંજાએ** તે લશ્કર ઉપર ચડાઇ કરી લશ્કરનો સેનાપતિ હાર પામી ગયો અને સન્યા સાથેના હાથીને પુંજો લઇ ગયો, છેવટે વિખરાએલી ટુકડી ભેગી થઇ પુંજાની પુંઠે ગઇ ભોગજોગે એક ઘાંટી આગળ પહોંચી કે જેની એક બાજુએ પર્વત છે કે જેની ટોચ આકાશે અડેલી છે અને બીજી બાજુએ ખો છે કે જે પાતાળે ગઇ છે અને વચમાં એટલોજ માર્ગ છે કે જેમાંથી એક સ્વાર ઘણી અડચણે જઇ શકે, જ્યારે તે સાંકડી ગલીમાં સપડાયો અને સુલતાનનું લશ્કર પાછળથી આવી પહોંચ્યું, ત્યારે હાથીવાળાઓએ હાથીઓનાં મસ્તકો ફેરવી દીધાં અને પુંજા ઉપર હાંકી દીધા પુંજાનો ઘોડો ભડકયો અને ખોમાં પડયો; પડતી વખતે તરત જ પ્રાણત્યાગ કર્યો. સુલતાનના તેજ લશ્કરના માણસો હાથીને ઝાલીને લઇ આવ્યા, પરંતુ પુંજાની શી વલે થઇ તેની કોઇને ગમ પડી નહીં, બીજે દિવસે એક કઠીયારો તેનું માથું વાઢી સુલતાનના દરબારમાં લાવ્યો. ત્યારપછી બે વર્ષસૂધી પોતાની રાજધાનીમાંજ સુલતાન રહ્યો, ને પોતાના રાજના બંદોબસ્ત શિવાય બીજાના મુલકની કંઈ પરવા કરી નહીં અને લશ્કરનો બંદોબસ્ત તથા રાજનો વહીવટ પ્રમાણીક પ્રધાન અને શુભેચ્છક સરદારોના અભિપ્રાયથી એવી રીતે કર્યો કે સીપાઇઓ અડધા પગાર પેટે જાગીર લે અને અડધો પગાર રોકડો લે, કેમકે આખો પગાર રોકડો આપે તો રોકડ ખરચ કરતાં વધે નહીં અને સીપાઇઓ ખરચની તંગીમાં રહે અને દેશરક્ષા તરફ લક્ષરહીત રહે ને જો અડધા પગારમાં જાગીર મળે તો જા- ૮૩૧ હિજરી.

ગીરમાંથી કાડી ઘાસનો લાભ લેતા રહે અને ખેતી તથા ઈમારતનો પ્રયત્ન કરે તો તેનો ફાયદો મેળવે અને તેથી કરી દેશના રક્ષણાર્થે તનમનથી તત્પર રહે, અને અડધો પગાર દર માસે વગરઢીલે અને વાટ જોયે તેમને પહોંચતો રહે અને જો કંઇ ખોટ પડે તો દેવું કરવાની જરૂર રહે નહીં. ગમે તો દૂર દેશની મુસાફરી હોય કે સ્વદેશ સ્વારી હોય તેમાં કંઇપિણુ સંકટજેવું બને[1] નહીં અને એપણ બનવાજોગ છે કે દૂરની ચઢાઇમાં પગાર પુરો પડે નહીં તેથી સરકારીખાતામાંથી અડધો ખરચ આપવો કે જેથી જે કાંઇ જોઇએ તેનેવાસ્તે મન ઉચાટ થાય નહીં. દેવાનો બોજ સિપાઇ ઉપર પડે નહીં અને ઘરના તરફની ચિંતા રહે નહીં; કેમકે જમીનની ઉપજમાંથી ખરચ ખુંટણુ ચાલે.

તે વીલદારનો કાયદો એવો બાંધ્યો કે જે સરકારી ભરૂસાનો નોકર હોય અને અસીલ મુશર્રફ[2] હોય તો બેઉ એક બીજાથી મળી જાય અથવા સગાઇ કે સંબંધ ઉભો કરી રોકડને ઉડાડી દે, અને જો બેઉ સરકારીદીવાણુસ હોય તેપણુ તેમજ કરે અને સરકારી હોદેદારોને પણુ એવીજ રીતે નેમ્યા અને આ ધારો **સુલતાન મુઝફ્ફર હલિમ બિન મેહમુદ બેગડાના** રાજના છેલ્લા વખતસુધી ચાલુ હતો **સુલતાન બહાદુરના** વખતમાં બહારનું લશ્કર ઘણું ભરતી કરવામાં આવેલું તેથી કરકસર કરનાર પ્રધાનોએ તેહસીલ પુરી લેવા માંડી, કેટલાક મહાલો એકથી દશસુધી વધી ગએલા ને કેટલાક નવ, આઠ ને સાતસુધી દશથી આવેલા પચીશ મહાલોથી ઓછા નોહોતા. ત્યારપછી ફેરફારનો ચક ફર્યો, બંદોબસ્ત કોરાણે મુકાયો અને ગુજરાત દેશમાં ટંટા તોફાનો ઉભા થયા, કે જે તેની જગ્યાઉપર લખવામાં આવશે

ત્યારપછી સુલતાન દરવર્ષે ઇડરનું રાજ દુરસ્ત કરવા અને કોઇ વેળા **નસીરખાન** બિન[3] રાજા **અસીરના રાજકર્તાને** શિખામણુ દેવા અને કદી **સુલતાન એહમદ બેહમનીને** શાંત રાખવા કોઈ વેળા મેવાડ દેશને સર કરવા લશ્કર મોકલતો અને કેટલીક વેળા પોતે પણુ જતો હતો દરેક ચઢાઇમાં ફતેહ તેના ઘોડાના પેગડાસાથે બંધાએલી હતી, તેની રાજકિરદીમાં કદી પરાજય થયો નથી. ગુજરાતનું સૈન્ય સદાકાળે માંડુગઢ,

---

૧ એવી જાગીરો ગુજરાતમાં ઘણી હતી. ૨ મુશર્રફ—એટલે અમીન, આબરૂદાર રૈયત પૈકી. ૩ બિન—દીકરો, વલદ.

દક્ષિણ **અને** અસીરગઢ ઉપર તેમજ મેવાડ અને તેની આસપાસના અધ-ર્મીઓ ઉપર ફતેહ મેળવી હતી.

**સને ૮૪૫** હિજરીમાં **અહમદાબાદ મુકામે** કાળરૂપી કાસદ આવી પહોંચ્યો અને સદાકાળ રહેવાના સાર સરંજામને અવિનાશી દેશ તરફ તાણી લઇ ગયો. ૮૪૫ હિજરી **અને માણેકચોકના રોજામાં** કે જે જુમામસ્જીદ આગળ છે ત્યાં ભુમીદાધ આપ્યો.

**સુલતાનનો જન્મ**—તારીખ ૧૯ જીલહજની રાત્રે સને **૭૯૩** માં થયો હતો. પોતાની ઉમરના વીશ વર્ષે તખ્તઉપર બેઠો અને બત્રીશ વર્ષ, ૭ માસ અને બાવીશ દિવસ રાજ કર્યું. ને ઉમર બાવન વર્ષઉપર કેટલાક માસની હતી. **શેખ રૂકનુદ્દીન કાને શકરપીરનો મુરીદ**[૪] **( સેવક ) હતો.** ન્યાય, આચાર વિચાર, પરોપકાર અને ઉદારતામાં સુલતાનની તે વખતે કોઇ જોડી નહોતી.

**વાર્તા**—એવું કહેવાયછે કે સુલતાનના જમાઇએ જુવાનીના અભિમાનમાં અને સુલતાનની સગાઇના ગર્વમાં કોઇએક ગેરવ્યાજબી ખુન કર્યું હતું. સુલતાને તેને બાંધી કાજીની પાસે મોકલી દીધો. કાજી મરી ગએલાના વારસોને ૪૦ ઉંટ લઇ ખુન માફ કરવાનું ઠરાવી સુલતાનની આગળ લાવ્યો. સુલતાને કહ્યું કે—**જો કે મરનારના વારસો બદલો લેવાને રાજી થયા છે પરંતુ તે હું કબુલ રાખી શકતો નથી ને મારે કબુલ રાખવું પણ ન જોઇએ કેમકે પૈસાવાળા દંગલ લોકો પોતાની સત્તાના ઉભરામાં આવી લોકોનાં વિનાકારણે ખુન કરશે, તો આ ઠેકાણે ખુનનો બદલો આપવા કરતાં મારી નાખવો મને યોગ્ય લાગેછે. તેથી ખુનીને બજાર વચ્ચે ખુનના બદલામાં શુળીએ ચઢાવ્યો ને તે એક રાત ને એક દીવસ લટકતો ર**હ્યો. બીજે દિવસે હુકમ કરી તેને ઉતારી લઇ દાટી દીધો. આ દૃષ્ટાંત જોઈ રાજ્યના પ્રારંભથી તે અંતસુધી અમીરો અથવા સીપાઇઓમાંથી કોઇએ ગેરવ્યાજબી ખુન તરફ હિમ્મત કરી નહીં.

૪ રૂકનુદ્દીન કાને શકર અને ભાષાંતર કર્ત્તા એજ કુટુંબ ફારૂકીના છે એ પીરની કબર પાટણશહેરમાં છે, તેમજ હિંદુસ્તાનના ફારૂકીઓ શાહ ફરીદ કાબુલીની કેડવા છે કે જે સુલતાન મેહમુદ ગઝનવીના ભાણેજ થતા હતા.

**વાતો**—આ રાજ્યાસન તળે સાબરમતી નદી વહે છે. તેમાં એક દિવસ સુલતાન પોતાના મેહેલની એક બારીમાંથી બેઠો બેઠો જુએ છે. તે એ કે પાણીનો ચઢાવ છે તેમાં કંઇ કાળી કાળી વસ્તુ પાણીઉપર વહેતી દીઠી તેથી હુકમ કરી તેને કાઢી પોતાની રૂબરૂ મંગાવી. તે એક કોઠી હતી જેમાં કોઇ મડદાંને ઘાલી પાણીમાં વહેતી મુકી હતી, સુલતાને હુકમ કરી શહેરના સઘળા કુંભારોને હાજર કરાવ્યા અને પૂછયું કે આ કોઠી કોણે કરી છે? તેમાંથી એક બોલ્યો કે એતો મારી ઘડેલી છે અને અમદાવાદ તાબાના ફ્લાણા પરગણાના એક ગામના મુખીને વેચાતી આપી હતી. સુલતાને મજકુર પટેલને હાજર કરવા હુકમ આપ્યો. તે આવ્યો ને તજવીજ કરતાં માલુમ પડયું કે તે પટેલે એક વાણીઆને મારી નાખ્યો હતો અને કોઠીમાં ઘાલી પાણીમાં વહેતી મુકી હતી. સુલતાને હુકમ આપ્યો કે મરનારના ખુનના બદલામાં તે પટેલને મારી નાખો.—આ બેજ ગેરવ્યાજબી ખુન સુલતાનની આખી રાજકિર્દીમાં થયાં હતાં.

સુલતાન એહમદની તર્કશક્તિનું, કવિતતરફ પણ વલણ હતું. એ બેત (દોહરો) બુરહાનુદીન **કુતુબે આલમ બિન સૈયદ મેહમુદ નાસીરૂદદીન બિન સૈયદ જલાલ મખદુમ જહાંની જેમના આત્માને ખુદા પવિત્રતા આપે.** જે સુલતાનના વખતમાં હતા તેમના વખાણમાં લખેલ છે.

**બેત ( દોહરો. )**

[1] કુતબે ઝમાન એમા, બુરહાં બસરત મારા,
બુરહાન ઓ હમેશા, ચું નામ થા આશકારા.

**અર્થ**—અમારા વખતના જગાધાર, બુરહાન જોઇએ અમને કે જેના તર્કો તેમના નામ પ્રમાણે પ્રકાશિત છે.

# સુલતાન મુહમદશાહ.

## ( સુલતાન એહમદના કુંવર )નું રાજ્ય.

સને **૮૪૫** હિજરીમાં સુલતાન એહમદના મૃત્યુ પછી સુલતાન મુહમ્મદશાહ તખ્તઉપર બિરાજમાન થયો અને એશઆરામ તરફ પોતાનું લક્ષ આપ્યું. તે પોતે રાજ કરવાની કંઇ પણ દરકાર કરતો નહોતો, જો ખરૂં કહીએ તો તેના

૮૪૫ હીજરી.

1 શાહે આલમના મોટા દાદા થાય.

ગુણો રાજ કરવાની ઉંચી પદવીઓસુધી પહોંચી શકતા નહોતા, પરંતુ તે ઘણા ઉદાર સ્વભાવનો હતો અને ઘણું સોનું દાન કરતો તેથી લોકો તેને **કનકદાની** એ માનનામથી કહેતા હતા.

એજ વર્ષમાં ઇડરના રાજાઉપર ચઢાઇ કરી તે નાસીને ડુંગરોમાં જતો રહ્યો અને ત્યાંથી કેટલાક પ્રતિનિધીઓને સુલતાનની સેવામાં મોકલ્યા અને પાછલી ગેરવર્તણુંકની માફી માગી **અને પોતાની કન્યાને સુલતાનની સેવામા મોકલી દીધી.** સુલતાન તેના રૂપઉપર મોહીત થઇ ગયો અને રાણીની સીફારશ સાંભળી તેના પિતાને ઇડરનું રાજ્ય બક્ષીશ કર્યું. અને ત્યાંથી **બાખડાના દેશઉપર** લશ્કર લઈ ગયો અને તેને ઉલટપલટ કરી પોતાની રાજધાની તરફ આવતો રહ્યો.

અને સને **૮૪૯** માં તત્વજ્ઞાની પવિત્ર ખુદાના ભેદના જાણનાર ધર્મ ગુરૂઓના [1]પ્રમુખ **શેખ એહમખટુ જે, ગંજબખશના નામથી** પ્રસિદ્ધ છે તેમણે આ નાશવંત સંસારમાંથી તે અવિનાશ જગતભણી કૂચ કરી, ૮૪૯ હીજરી. સુલતાન મુહમ્મદે મોટી ઇમારત તથા રોજો તેમની કબરઉપર બનાવ્યો.

**૮૫૪** હિજરીમાં **ચાંપાનેર** ઉપર ચઢાઈ કરી પાછા ફરતી વખતે **સાંવલી તાબાના** ગામ **ગોઠડામાં** પહોંચ્યો અને ત્યાં તેની પ્રકૃતી બગડી ત્યાંથી અહમદાબાદ આવી મોહરરમ ૮૫૪ હીજરી. માસની તારીખ **૨૦** ને દહાડે સને **૮૫૫** હિજરીમાં આ સંસારનો ત્યાગ કરી પેલા સંસારમાં પહોંચી ૮૫૫ હિજરી. ગયો બાપની કબરના ઘુમટમાં તેની દેહ દટાઇ. તેણે નવ વર્ષ અને કેટલાક માસ રાજ ભોગવ્યું. કેટલાક કહેછે કે સાત વર્ષ ને ચાર માસ રાજ કર્યું, સુલતાનના મૃત્યુનું બીજું પણ કારણ કહેવાયછે કે જે વિસ્તારથી મિરાતેસિકંદરીમાં લખાએલું છે.

---

૧ સરખેજના મોટા રોજાવાળા પીર-મજકુર ઇમારતો સુલતાને બનાવી છે, ગુજરાતી સુલતાનો ટાંક રજપુતો અને ઇડરના રાજા રજપુત. માત્ર ધર્મનો ફેર. એ લગ્ન ગેરવ્યાજબી ગણાય નહીં.

# સુલતાન કુતબુદ્દીન.

## (જલાલખાં તે મુહમ્મદશાહનો કુંવર) તેની બાદશાહતનો વખત.

માહે મોહરરમ સને ૮૫૫ હિજરીમાં સુલતાન કુતબુદ્દીન બિન મુહમ્મદશાહ કે જે તે વખતે **નડીઆદ**માં હતો તે પ્રધાનો તથા અમીરોના તેડવાથી આવી તખ્તઉપર બેઠો અને તેના બાપદાદાના ધારા પ્રમાણે લસ્કરીઓને પોશાક તથા ઇનામ આપી ખુશ કર્યા.

૮૫૫ હીજરી.

આ વખતે **માલવાનો** બાદશાહ **સુલતાન મેહમુદ ખિલજી** ગુજ**રાતનો દેશ** જીતવાને મનસુબે પોતાની રાજધાનીથી નિકળી આ તરફ સૈન્ય ચાલુ કરી અને **સુલતાનપુર**ની હદમાં આવી ઉતર્યો અને ત્યાંથી કુચઉપર કુચ કરી દેશ ઉજ્જાડ કરતો ચાલ્યો, આ વેળાએ સુલતાન મેહમુદને ખબર થઇ કે સુલતાન કુતબુદ્દીન તૈયાર થઇને મહી નદી ઉપર **ખાનપુર**માં બેઠો છે, એથી આ ખબર સંભળી મેહમુદ ખિલજી **કપડવંજ**ને રસ્તે પડયો અને મજકુર કસબાની હદમાં બેઉનો મેલાપ થયો અને સુલતાન મેહમુદ હારીને નાસી ગયો. આ બનાવ **૮૫૬** ના સફર માસની ૧ લી તારીખ શુક્રવારને દિવસે બન્યો. અને એજ વર્ષમાં પો ફાટતાંની વખતે જીલહજની ૮ મી તારીખે સૈયદ બુરહાનુદ્દીન કુતુબે આલમસાહેબ ગુજરી ગયા. તે વખતના એક વિદ્યાર્થીએ-**મતલએ ચોમત રવીઆ ( એટલે ઈદના પ્રારંભનો મળસકો )** એમાંથી વર્ષ કાઢયું છે.

૮૫૬ હિજરી.

**વાર્તા**—જ્યારે સુલતાન મેહમુદ ખિલજી ગુજરાતની સરહદ ઉપર પહોંચ્યો, કેટલાએક સરકારી કલમ ( સીવીલ )વાળા લોકો જેમણે સુલતાન કુતબુદ્દીનની ઇતરાજી મેળવી હતી તેઓ જઇ મેહમુદ ખિલજીને મળ્યા, સુલતાને ગુજરાત દેશની વેહેંચણી કેવી છે તે પૂછયું, અને તેઓના બતાવ્યાથી જોયું કે જાગીરના બે જાતના સીપાઇઓની જાગીર અને બાદશાહી ખાલસામાં છે, અને એક ભાગ ધર્માદામાં લોકોના રોજીના તથા સાલીઆણામાં વપરાય છે, ત્યારે મેહમુદે કહ્યું કે ગુજરાત હસ્ત કરવાનું કામ ઘણું કઠણ છે. દિવસનું લસ્કર સાદાતવિગેરે પણ તૈયાર રહેછે ને રાતનું પણ હોયછે. ટુંકામાં સુલતાન કુતબુદ્દીન જય પામી જય જયકાર કરતો અહમદા-

બાદમાં આવ્યો, અને એશ આરામથી [૧]ડમરારૂપી દારૂનું પાન કરતો ખુશ ખુશાલીમાં વખત ગાળવા લાગ્યો, અને ગંજબખશ સાહેબ પીરના રોજાનું અપૂર્ણ કામ જે તેના બાપ સુલતાન મુહમ્મદે આરંભ્યું હતું તેને પૂર્ણ કરવા લાગ્યો.

બીજી મોટી ઈમારતો પણ તેણે બંધાવી જેવીકેઃ — **કાંકરીઆ તળાવ,** અને **નગીનાવાડી** અને **ખામંદ્રોલની ઇમારતો** આ ઇમારતો વિષે મિરાતે સિકંદરીનો રચનાર કહેછે કે " આ દાસે આ પેહેલાં કેટલાક વર્ષે સઘળી ઈમારતો જોઇ હતી હાલમાં તે ઇમારતો પૈકી કોઇની કંઈ નિશાની પણ રહી નથી[૨] પરંતુ કાંકરીઆ તળાવ અને મજકુર વાડી હાલ મોજુદ છે.

સને **૮૬૧** હિજરીમાં મેહમુદ ખિલજીથી મળી **કુંભારાણો** કે જેણે **નાગોરની સરહદ** ઉપર લુટફાટ ચલાવી હતી તેના ઉપર ચઢાઇ કરી પહેલાં **આબુના કિલ્લા** ઉપર ફતેહ મેળવી અને ત્યાંથી **કુંભલ** તરફ નિશાન ઉડાવતો આગળ વધ્યો, અને રાણાના દેશને ફતેહ કરતો ચાલ્યો, તે વખતે કુંભોરાણો **ચિતોડના કિલ્લામાં** હતો, સુલતાને તે તરફ લશ્કર લગાડયું રાણો ચાલીશ હજાર સ્વાર લઇ ચિતોડથી નિકળ્યો ને પાંચ દિવસસુધી જોઇએ તેવી લડાઇ કરી છેવટે હાર ખાઇ ચિતોડના કિલ્લાની રક્ષણાર્થી જગ્યાએ નાસી જઇ વકીલોને મોકલી જે કૃત્ય બન્યુ હતું તેથી માફી માગી પસ્તાવા લાગ્યો બાદશાહી ખંડણી કબુલ કરી કરાર કર્યો કે કદી એ નાગોરની સરહદ ઉપર નહીં જાઉં. તેની અરજ સુલતાને કબુલ કરી, સુલતાન પોતાની રાજધાની તરફ પાછો ફર્યો અને સુલતાન ખિલજી પોતાના રાજ ભણી ગયો.

*રાણા ઉપર પહેલી ફતેહ ૮૬૧ હિજરી.*

બીજી વખતે રાણો એ કરાર તોડી નાગોરને લુટવાનેવાસ્તે નિકળ્યો. અડધી રાત્રે આ ખબર પ્રધાન [૩]**મલેક શાબાન, ઈમાદુલ મુલ્ક**ને પહોંચી તેજ વખતે સુલતાનને પાલખીમાં સવાર કરી કુંભલ તરફ રવાને કર્યો. જ્યારે કુંભલને એ ખબર થઇ ત્યારે તે પોતાના દેશ તરફ પાછો ફર્યો. પરંતુ સુલતાને **સીરોહી** ઉપર લશ્કર લઈ જઇ ત્યાંથી રાણાના

*રાણા ઉપર બીજી ચડાઈ.*

---

૧ સુગંધી પુષ્પો સુંઘતો. ૨ સને ૧૦૦૦ હિજરી. ૩ એમનો રોજ પ્રખ્યાત છે ને તે રખીઆલ નજીક છે. શહેરથી ત્રણ ગાઉ ઉગમણી બાજુએ છે.

દેશમાંથી રસ્તો કાઢી જય મેળવનો પોતાના દેશ ગુજરાતમાં આવ્યો.

સને ૮૬૩ હિજરીમાં સુલતાનનો આયુષરૂપી પ્યાલો ભરાઈ ગયો તેથી ખુદાની રહેમતે પહોંચ્યો અને સુલતાન એહમદના ઘુમટમાં બાપની બાજુએ દટાયો. તેણે આઠ વર્ષ, છ માસ ને તેર દિવસ રાજ કર્યું. સુલતાનના મૃત્યુ વિષે બીજાં પણ કારણો કહેવાય છે તે મિરાતે સિકંદરીમાં લખાયાં છે. સને ૮૬૩ હિજરી.

---

# સુલતાન દાઉદ.

## (સુલતાન એહમદશાહનો કુંવર-સુલતાન કુતબુદ્દીનનો કાકો)નું રાજ્ય ( બાદશાહત. )

સને ૮૬૩ હિજરી ૬ ઠી તારીખ માહે રજબ સુલતાન કુતબુદ્દીનના જન્નતનશીન થયા પછી ત્રીજે દિવસે મોટા દરજ્જાના પ્રધાનો અને ઉંચા મેહેલોવાળા અમીરોના અભીપ્રાયથી સુલતાન દાઉદ બીન સુલતાન એહમદ તખ્ત ઉપર બેઠો. ૮૬૩ હિજરી.

પરંતુ તે રાજ્ય કરવાના ગુણો ધરાવતો નહોતો તેથી નાલાયક કામો કરવા લાગ્યો તેથી **ઇમાદુલ મુલ્કે અમીરોની સલાહથી** સુલતાન કુતબુદ્દીનનો શાવકયભાઇ કે જેનું નામ **ફતેહ** ખાન હતું અને તે **પીર શાહે આલમ સાહેબ**ના રક્ષણમાં હતો ત્યાંથી તેને લાવ્યા. જ્યારે ભદ્રમાં દાખલ થયો તે વખતે નોબતના નાદો અને રણશીંગાની ફુંકો સુલતાન દાઉદના કાનમાં પહોંચી, જેથી ખરી હકીકતથી માહિત થઇ સાબરમતી નદીની ખડકીના રસ્તે પોબારા ગણી ગયો. તેણે એક માસ ને સાત દિવસ રાજ ભોગવ્યું.

વાયકા—પદભ્રષ્ટ સુલતાન દાઉદે **શેખ અધનરૂમી સાહેબની દરગાહમાં ફકીર બની ખુદાની બોળ ઉપર લક્ષ લગાડયું, થોડા દિવસમા તે તે શોધનામાં ઘણો આગળ વધ્યો** પછી તે દિવસોમાંજ આ સંસારનો ત્યાગ કર્યો.

---

# સુલતાન મેહમુદ બેગડો ( ગુજરાતનો અકબર )

એટલે

## સુલતાન મુહમ્મદના કુંવર ફતેખાનની બાદશાહત.

એવું કહેછે કે સુલતાન મેહમુદ બેગડો રવીવાર શુબરાત માસની તારીખ ૧૨ સને ૮૬૩ હિજરીને દહાડે શ્રેષ્ટ નગર શેહેર અહમદાબાદમાં તખ્ત ઉપર બેઠો.

ગાદીનું મુહુર્ત.

**બેગડા**—શબ્દના અર્થમાં ગુજરાતીઓનાં બે કારણો આપ્યાં છે, પેહેલું કારણ એ છે કે સુલતાનની મુછો વાંકડી ગાયના શીંગજેવી મરડાઇને વાંકી વજેલી હતી, બીજું કારણ એ છે કે એણે બે ગઢો જીતી લીધા હતા એક જુનાગઢ અને બીજો ચાંપાનેર,[1] ગુજરાતીમાં ૨ (આંક)ને બે કહેછે જેને ફારસી દુ બોલે છે અને ગઢ એટલે કિલ્લો.

બેગડા શબ્દનો અર્થ.

મીરાતેં સિકંદરીનો રચનાર લખેછે કે આ સુલતાન ગુજરાતના રાજકર્ત્તાઓમાં સર્વોત્તમ શ્રેષ્ટ હતો [2]ન્યાય ઉપર વિષેશ લક્ષ, પરોપકારમાં ઉત્તમ, ધર્મઆજ્ઞા પાળક, દઢ સ્વભાવ, નાનપણ અને જુવાનીમાં શાંત સ્વભાવ, દિર્ઘાયુષી, શરીરે શક્તિવાન, બહાદુર, શુરાપણું એ ઇશ્વિરી ઇનામો એને બક્ષીશ થએલાં હતાં.

મીરાતે સીકંદરીના લખનારનો અભીપ્રાય.

બાદશાહત છતાં તેને ઘણી ભુખ હતી એટલે ઘણો આહાર કરતો હતો. સુલતાનનો દરરોજનો ખોરાક ગુજરાતના તોલથી એક મણ કે જેનો શેર બેહલોલી પંદરનો થાયછે. રાત્રે સંમોસાની બે લંગરીઓ પથારીની બે બાજુએ મુકવામાં આવતી હતી. તે એવી રીતે કે, એક જમણા હાથ ઉપર ને બીજી ડાબા હાથઉપર. જેથી જ્યારે તે જે તરફ ઉંઘમાંથી ઉઠે, તે તરફ સંમોસા ઉપર હાથ પડે. તેમાંથી કેટલુંક ખાઇને પાછો ઉંઘી જતો, રાત્રે કેટલીક વખત એવી રીતે કરતો કે સવારે મળસકાની નિમાજ પઢીને એક તાંસળી ભરીને મધ અને એક તાંસળી ગાયનું ઘી, દોઢસો સોનેરી કેળાંની સાથે

ખોરાક.

---

૧ ચાંપાનેર એટલે પાવાગઢ, ૨ બધી કારકિર્દી ઉપરથી જણાય છે કે-એને ગુજરાતનો અકબર કહી શકાએ.

ખાતો હતો, અને ઘણીવાર એવી રીતે કહેતો હતો કે **જો ખુદા મેહમુદને બાદશાહી ન આપત તો તેનું પેટ કોણ ભરી શકત ?**

સુલતાનનું પુરૂષાતન પણ ઘણું હતું. કોઇ સ્ત્રી તેની પાસે **રહી શકતી** નહોતી, પરંતુ એક સિદણ કે જે ઉંચી જુવાન હતી. તેને સુલતાન પોતાની રાણીઓ પાસે ગયા બાદ મળ્યાથી સંતોષી થતો હતો.

પુરૂષાતન.

તેની ઉમર તેર વર્ષ, બે માસ ને ત્રણ દિવસની હતી. જે વખતે તે ગાદી ઉપર બેઠો તે વખતે પોતાના બાપદાદાના ધારાપ્રમાણે સન્યાને ઇનામો **ઇકરામો આપી** રાજી ખુશી કરી હતી. જ્યારે ગાદીઉપર બેઠાને કેટલાક માસ **થયા ત્યારે** કેટલાક અમીરોએ **મલેકશાબાન ઈમાદુલમુલ્કની** સાથે દ્વેષભાવ રાખી તેને પાયમાલ કરવા અને તેના હોદ્દાપરથી ઉતારી પાડવાની કોશીશ કરવા લાગ્યા, સુલતાનને તેનાવિષે ભુંડું બોલી;તેને કેદ કરાવી પગે બેડીઓ નંખાવી દીધી. રાતની વખતે હાથીખાનાના દરોગા **અબ્દુલ્લાએ** અમીરોના **હેતુવિષે** સુલતાનને અરજ કરી કે ઇમાદુલમુલ્ક સરકારનો નિમકહલાલ છે, લુણહરામ નથી. છેવટે કેટલાક ખાસ સરકારી નોકરોની સલાહ લઇ ઇમાદુલમુલ્કને છુટો કરી આ રાજદ્રોહી અમીરોને પકડવા અને તેમનાં ઘરો જપ્ત કરવા હુકમ કર્યો, આ લુણહરામી અમીરોને જ્યારે ખબર થઈ ત્યારે પોતપોતાનું લશ્કર લઇ **ભદ્ર**માં દાખલ થયા તે વખતે સઘળા મળી સુલતાનની સેવામાં ત્રણુસો નોકરો જે હાજર હતા તેમને સુલતાને હુકમ કર્યો કે આ લુણહરામીઓ ઉપર હાથીઓને મુકી દો. પાંચસો છસો હાથીઓએ એકજ વખતે ધસારો કર્યો કે જેથી અમીરોનું લશ્કર વિખરાઇ ગયું અને અમીરો નાસી ગયા. દરેક પકડાઇ આવ્યા ને પોતે કરેલા ગુનાહની શિક્ષાને પામ્યા. ત્યારપછી સુલતાન જીવ્યો ત્યાંસુધી કોઇએ હુકમ અમાન્ય કર્યો નહીં. જ્યારે રાજ્ય વિરૂધીઓ મરી ગયા ત્યારે સુલતાને બાવન અમીરોને માનનામો તથા જાગીર પગારોથી દરજ્જે ચઢાવ્યા. થોડા વખત માંજ ભારે સન્યા ઉભી થઇ અને રાજ્યમાં સઘળે આનંદ વરતાઇ ગયો.

સુલતાને એવો કાયદો કર્યો હતો કે અમીરો અથવા સિપાઇઓ પૈકી કોઇ કપાઇ જાય અથવા મૃત્યુથી મરે, તો તેની જાગીર તેના દીકરાને આપતા; જો તેને પુત્ર ન હોય તો તેની દીકરીને અડધી જાગીર અપાતી, જો છોડી પણ ન હોય તો તેના સંબંધીઓને જોઇતું આપતો હતો, કે જેથી દુન્યાના

પ્રજાપાળક રાજનિતી.

સંકટ તેને નડે નહીં. એક દિવસે કોઇએ સુલતાનને અરજ કરી કે ફલાણા માણસનો દીકરો અમીરીને લાયક નથી. તેને સુલતાને જવાબ દીધો કે **અમીરી તેને લાયક કરી દેશે.** તે પછી એવી રિતનાં નિંદાનાં વચનની કોઇપણ માણસ સુલતાનને અરજ કરી શકયો નહીં.

મુસાફરો માટે સુંદર ધર્મશાળાઓ અને સરસ ધર્મ ધામો બંધાવ્યાં. તે સિવાય સ્વર્ગ સ્વચ્છતાજેવી પાઠશાળાઓ અને સ્વર્ગના જેવી શ્રેષ્ટ મસ્જીદો બંધાવી હતી, અને તેણે હુકમ કર્યો કે મારા સિપાઇઓ પૈકી કોઇપણ માસ વ્યાજે રૂપીઆ લે નહીં. કારણકે તેમને માટે જુદોજ ભંડોળ કરી મુકયો હતો. જે સિપાઇને દેવું કરવાની જરૂર પડે તે તેમાંથી લે અને વાયદાપ્રાણે તેમાં ભરી દે, અને એવું કહેતો હતો કે જે મુસલમાનો વ્યાજે રૂપીઆ લઇને ખાય તેમનાથી ધર્મયુદ્ધ શી રીતે થઇ શકે?

મુસાફરોને સુખના સાધન.

**પાઠશાળાઓ ધર્મશાળાઓ.**

**બારમી બેંક.**

ઘણાખરા જોવાલાયક ઝાડો ગુજરાતના જંગલોમાં સુલતાને **ઉછેરાવેલાં** છે. શેહેર અને ગામડાંઓમા એવીજ રીતે કોઇ દુકાન ખાલી કે પડેલું ઘર જોવામાં આવતું તો તેની હકીકત પુછી તેને આબાદ કરાવતો.

પ્રજા પ્રત્યે પ્રીતી.

સને ૮૬૬ હિજરીમાં **દક્ષિણના નિઝામશાહ બાદશાહના આમંત્રણથી** સુલતાને દક્ષિણ તરફ સ્વારી કરી; કેમકે માલવાના બાદશાહ મેહમુદ ખિલજીએ તેની ઉપર ચઢાઇ કરી હતી. જ્યારે બુરહાનપુરને માર્ગે સુલતાન મેહમુદ બેગડાની આવી પહોંચવાની ખબર સુલતાન મેહમુદ ખિલજીને મળી ત્યારે શેહેરના ઘેરા ઉપરથી હાથ ઉઠાવી લઈ પોતાના દેશ તરફ ચાલતો થયો. નિઝામશાહે પોતાના પ્રતિનિધીઓને સુલતાનની સેવામાં મોકલ્યા હતા અને ઉપકાર માનવામાં કંઇ કસર રાખી નહોતી. હવે તેણે સુલતાનને પાછા ફરવાને ભલામણ કરી જેથી સુલતાને ત્યાંથી સ્વારી પાછી પોતાના દેશ તરફ ફેરવી.

૮૬૬ હિજરી દક્ષિણની સ્વારી.

સને ૮૭૧ હિજરીમાં ગિરનાર (જુનાગઢનો કિલ્લો) જીતવા અને ગિરનારના રાજા **રાવમંડળીક**ના પરાજય કરવાને ચઢાઇ કરી.

૮૭૧ હિજરી ગિરનારની ચઢાઇ.

વાત—જ્યારે સુલતાન મેહમુદ બેગડાએ ગિરનાર અને જુનાગઢ ફતેહ કરવાનો મનસુબો કર્યો ત્યારે ખજાનચી ( ભંડારી ) ને હુકમ કર્યો કે **પાંચ કરોડ રોકડ,** જ[illegible] કે જે **સોના સિવાય હોય નહીં** તે સાથે લેવી, અને હથીઆરના દરોગાને હુકમ કર્યો કે ૧૭૦૦ **તલવારો મિસર દેશનીં અને જ[illegible]નાની, તથા મગરેબી ( તુનસ વિગેરે ઉત્તર આફ્રિકાની ) અને ખુરાસાની (અફગાની)** જે દરેકની ઉપર ગુજરાતના તોલથી છશેર સોનું હોય અને **ઓછામાં ઓછું** ચારશેર હોય અને **૩૮૦૦ અહમદાબાદી તલવારો** કે જેની મુઠો ચાંદીની હોય, ને તેનો તોલ જુદો જુદો હોય કે ઉંચી જાતની, પાંચશેરની અને હલકી ચારશેરની **અને ૧૭૦૦ ખંજર તથા જમધર** કે જે દરેકનો તોલ ત્રણશેર અને એક શેર સોનાનો હોય તે સાથે લેવા, અને તબેલાના દરોગાને હુકમ કર્યો કે એક હજાર ઘોડા તાજી અને તુરકી જાતના અમારા વાસ્તે સાથે લેવા. આ ઘેરો ચાર દિવસસુધી રહ્યો તે વખતમાં એ સઘળું સોનું, ચાંદી, ઘોડા વિગેરે સન્યાને બક્ષી દીધું અને કેર વરતાવનાર લસ્કર સોરઠ દેશની આસપાસ મોકલાવી દીધું. આ સન્યા જ્યાં પહોંચી ત્યાં જય પામી ઘણો માલ લઈ આવી. રાવમંડલિકે પોતાના વકીલો મોકલી ઘણી નમ્રતા અને અધીનતા જાહેર કરી. સુલતાને વિચાર્યું કે આ વર્ષે આ કિલ્લાની ફતેહ કરવામાં વિલંબ કરવી તેથી પાછો ફરી પોતાની રાજધાની તરફ આવ્યો.

રાવ મંડલિક ઉપર પહેલી સ્વારી.

સને **૮૭૨** માં સુલતાનના શ્રવણે એવી રીતે આવ્યું કે રાવમંડલિક જે વખતે મંદીરમાં **દર્શન** કરવા જાયછે ત્યારે માથે છત્ર તથા **અમુલ્ય વસ્ત્ર** પેહેરી જાયછે. સુલતાનને એ વાતથી **શરમ** આવી જેથી હુકમ કર્યો કે છત્ર અને રાજ્યભુષણ એની પાસેથી લઇ લો અને જો ન આપે તો એના રાજ્ય ખુંચાવી લેવું. જ્યારે રાવમંડળીકે એ વાત સાંભળી ત્યારે તેજ છત્ર તથા ભુષણો કિમતી પેશકશી સાથે સુલતાનની સેવામાં મોકલી દીધાં અને લસ્કર પાછું આવતું રહ્યું. સુલતાને તે ભેટ ગવૈયાઓને દાન કરી દીધી.

૮૭૨ હિજરી. મંડળીક ઉપર બીજી ચડાઈ અને ફતેહ.

સને **૮૭૪** માં ગિરનાર તથા જુનાગઢ લેવાને સુલતાન નિકળ્યો તે

વખતે વગરબોલાવે ચલાવે રાવમંડલિક સુલતાનની સેવામાં હાજર થયો અને અરજ કરી કે, જે સેવા સુલતાન ફરમાવે તે બજાવવા તૈયાર છું. આવા આજ્ઞાંકીતને વગરકસુરે શાવાસ્તે હેરાન કરવો જોઇએ, સુલતાને ફરમાવ્યું કે, ઇશ્વિરઅજ્ઞાનતાસરખી બીજી કઇ કસુર છે? જો તારે રક્ષણ જોઇતું હોય તો ઇશ્વરીજ્ઞાનના શ્લોકનો ઉચ્ચાર કર, તો તારૂં રાજ્ય તારી પાસેજ રહેશે નહીંતો પાયમાલ થઇ રખડી રવડી મરી જઇશ. આ સાંભળી રાવમંડલીક રાતો રાત નાસી કિલ્લામાં ગયો, ત્યાં જઇ યુદ્ધની સામગ્રી કરવા લાગ્યો. કેટલીક મુદત વિત્યાબાદ કિલ્લામાં ખોરાકી ખુટી, તેથી તેણે સુલતાનને ઘણીજ નમ્રતાપૂર્વક અરજ કહાવી કે 'મારો પ્રાણ બચાવો.' આ સાંભળી સુલતાને તેની મુસલમાન થવાની શરતથી કબુલ કર્યું. જેથી રાવમંડળીકે કિલ્લાની હેઠળ આવી કિલ્લાની તમામ કુંચીઓ સુલતાનની સેવામાં મુકી દીધી. સુલતાને ખુદાઇ કલમાનો ઉચ્ચાર કર્યો એટલે રાવમંડલિકે તરતજ પ્રત્યુત્તર આપ્યો. **( કલમો પઢયો ).** ૮૭૪ હિજરી.

સને ૮૭૭માં કિલ્લો ફતેહ થયો, કેટલાક રાવમંડલિકના મુસલમાન થવા વિષે એવું કહેછે કે જ્યારે સુલતાન મેહેમુદની સાથે તે અહમદાબાદમાં આવ્યો ત્યારે શાહેઆલમ સાહેબની સેવામાં ઇસલામની આબરૂ પામ્યો. મિરાતે સિકંદરીમાં તે પ્રમાણે વર્ણન છે અને તેની કબર કાળુપુર જતાં રસ્તા ઉપર જમણે હાથે છે[૧] એવું પ્રસિદ્ધ છે. ત્યારપછી ઉંચી પદવીના સૈયદો, ઉંચી કેળવણીના વિદ્વાનો, મુસલમાની ધર્મશાસ્ત્રના ન્યાયધિશો એટલે કાજીઓ અને હરામ કામો અટકાવનાર અધિકારીઓ કે જે મુહમ્મદી ધર્મના ઝંડા ઉંચો કરનાર છે તેવાઓને દરેક દેશ તથા શેહેરોથી બોલાવી સોરઠની સરકારમાં નિર્મા શહેર આબાદ કરવા તરફ લક્ષ લગાડયું, અને જગત જશ ગાય એવો કિલ્લો બનાવ્યો, ઉંચા સુંદર મેહેલો બંધાવ્યા, તેવીજ રીતે દરેક અમીરોએ પણ હુકમપ્રમાણે ઇમારતો કરી. થોડાજ દિવસમાં એક વિશાળ વૈભવી શેહેર જે અહમદાબાદ કહી શકાય તે આબાદ થઇ ગયું—**તેનું નામ-મુસ્તફાઆબાદ રાખ્યું**—રાવમંડલિકને **ખાનજહાંનું માનનામ આપી** જાગીર બખશીશ કરી, સોનાની મુર્તીઓ જે ૮૭૭ હિજરી.

---

૧ કંદોઈ ઓળમાં.

રાવમંડલીક પોતાના દેવસ્નમાંથી લાવ્યો હતો તે સઘળી લશ્કરીઓને ઇનામમાં આપી દીધી.

ત્યારપછી **સિંધદેશ જીતવાને આગ ૧ વધ્યો**–ઘણા કેદીઓને પકડીને
સિંધથી જુનાગઢ લાવ્યો તેજ વર્ષમાં **જગત સંખો-
દ્ધાર** ઉપર જય મેળવી. સુલ્તાનનું તે જગ્યા લેવાનું ૮૭૮ હિજરી.
કારણ એ છે કે **મુલ્લાં મેહમુદ સમરકંદીએ** એવી
ફરીઆદ કરી કે તે પોતાના કુટુંબસહિત વહાણમાં બેસી જતો હતો ત્યાંના ધર્મ અજ્ઞાનીઓએ તેને પકડી લીધો, રસ્તાનાં દુઃખો અને તેની મુસાફરીના ઉતારાનાં સંકટો વિસ્તારથી મિરાતે સિકંદરીવાળાએ વર્ણવ્યાં છે. જો ઇચ્છા હોય તો તે તરફ લક્ષ દો. આ ફતેહ સને ૮૭૮ હિજરીમાં થઈ, કે જે કોઇપણ બાદશાહના વખતમાં (સંખોદ્ધાર કિલ્લો ફતેહ થયો) થઇ નહોતી.

જગતના દેવળો અને મુર્ત્તીઓ ભંગ કરતી વખતે સુલતાને બે રકાત નિમાઝ પઢી ખુદાનો ઉપકાર માની પોતાની રસનાને સ્વાદીષ્ટ કરી. મુસલમાનોએ દેવળો ઉપર તે વખતે બાંગો પોકારી મુલ્લાં મેહમુદસમરકંદીનું કુટુંબ કે જે, બંધીખાનામાં હતું તેને મુક્ત કર્યું. દેવળોમાંથી ઘણો માલ, માણેક, મોતી વિગેરે ઝવેરાત ત્યાંથી મળી એવું કહેવાય છે. ત્યાં એક મસ્જીદ બંધાવી અને ખોરાક ભેગો કરી **મલેક તોગાન માનનામ ફરહતુલ મુલ્કને** જગતનો સંખોદ્ધાર દેશ સ્વાધિન કરી પોતે જુનાગઢ પાછો ફર્યો.

સને **૮૮૦** હિજરીમાં સર્વ પીગેના ગર્વયોગ્ય શાહેઆલમ સાહે-
બનું મૃત્યુ થયું, એમની કબરનો ઘુમટ કે જે રસુલ-
આબાદમાં છે તે બાંધવાનું માન સુલ્તાન મેહમુદના ૮૮૦ હિજરી.
મોટા અમીર પૈકી તાજખાન નરપાલીને મળ્યું છે.

મજકુર તારીખ ૧૩ માહે જમાદીઉલઅવ્વલ શુક્રવારને દહાડે જુના-
ગઢ જેને મુસ્તફાંઆબાદ કહેછે ત્યાં આવ્યો, અને
સુલ્તાને સાંભળ્યું હતું કે કેટલાક **મલબારી** લોકોની નૌકા સૈન્ય દરીયાનો
ટોળીઓ કોટીઆં તૈયાર કરી ગુજરાતના બંદરોનો બંદોબસ્ત.
રસ્તો બંધ કરી ચાંચીયાનું કામ કરે છે. તેથી ત્યાંથી
**ઘોઘા** તરફ લક્ષ દોડાવ્યું, અને પોતાની બુદ્ધિથી પ્રજાપાળક નિતી.
કેટલાક વહાણો બનાવરાવી મલબારીઓની શિક્ષાને
વાસ્તે નિમિત્ત કર્યાં, અને પોતે ઘોઘેથી ખંભાત આવ્યો ત્યાંથી સુર-

ખેજમાં પધરામણી કરી, ધર્મગુરૂઓના ધર્મગુરૂ શેખ અહમદસાહેબ ખટુની કબરના દર્શનનો લાભ લઇ ત્રણ દિવસસુધી ત્યાંજ મુકામ કર્યો અને અમીરો તથા લશકરીઓના દીકરાઓને કે જેમના વડીલ આ ચઢાઇમાં પડ્યા હતા અથવા મોતથી મર્યા હતા તેમને હાજર કરાવી જેનો દીકરો હતો તેને તેના બાપની જાગીર બક્ષીશ કરી અને જેને પુત્રી પણ નહોતી તેના સંબંધી માણસોને જોઇતું આપી અહમદાબાદમાં દાખલ થયો. તે દરવર્ષે શિકારને અર્થે જુનાગઢ જતો ને અહમદાબાદ આવતો,

હવે **ચાંપાનેરના કિલ્લાને** લેવાને ધ્યાન પોહોંચાડ્યું, કેમકે નિત્યે તેના મનમાં એ વિષે શકા રહેતી હતી કે શિકાર તથા સેલ તેજતરફ ઘટીત છે. એક દિવસ શિકાર કરતો હતો તે વખત પૂર્વ અને દક્ષિણ બાજુએ અહમદાબાદથી દશ ગાઉ ઉપર **વાત્રક નદી**ઉપર શેહેર **મેહેમુદઆબાદ** વસાવવાનું આદરી, મજબુત ધક્કો મજકુર નદી ઉપર બાંધ્યો, અને ઉંચા સરસ મેહેલો તે ધક્કાઉપર તૈયાર કરાવ્યા. [1]**આ પુસ્તક ૧૧૭૦ હિજરી**માં લખાયેલ છે.

મેહેમુદાબાદ વસાવ્યું

પછી ચાંપાનેરના કિલ્લાને લેવાને હિમ્મત કરી, મજકુર કિલ્લો રાવપતાઇના સ્વાધીન હતો અને જીલ્કઅદ મહીનાની કોઇ તારીખે સને **૮૮૯** માં મજકુર કિલ્લો ફતેહ થયો. એની સને **અફ્તહા (ફતેહ થયો)** અને **જીકઅદ** શબ્દોથી નિકળે છે, લખવા મકસદ કે સુલતાનને ચાંપાનેરનાં હવા પાણી માફક આવ્યાં તેથી તેને પોતાની રાજધાનીનું શેહેર બનાવ્યું. આ કારણથી એક મોટું શેહેર ઉભું થયું અને તેનું નામ **મુહમ્મદાબાદ** રાખ્યું મોટી મસજીદ અને મજબુત કોટ બનાવરાવ્યો. પછી અમીરો, પ્રધાનો અને વેહેપારીઓ અને ધંધાદારીઓએ ઇમારતો ઉભી કરી, અને શેહેરના પાદરમાં બગીચાઓ કરાવ્યા, અને થોડા દહાડામાં એક શેહેર ભારે વૈભવથી અને શણગારથી તૈયાર થયું. તેઓ પૈકી **હાલોલ નામનું** એક છે.

ચાંપાનેરની જીત.

સને **૮૯૨** માં સોરઠ દેશને જુનાગઢના કિલ્લાસહીત કુંવર ખલીલખાનના હવાલામાં સોંપ્યો.

૮૯૨ હિજરી.

---

૧ મિરાતે અહમદી.

એક વર્ષે કેટલાક વેહેપારીઓએ અરજ કરી કે ચારસો ઇરાકી અને તુર્કી ઘોડાઓ ઇરાક અને ખુરાસાન દેશથી અમે લાવતા હતા અને તેની સાથે હિંદુસ્તાનમાં ખપતો હીરકશી માલ હતો. તે એવી આશાથી લાવતા હતા કે સુલતાન સરકારને અમે વેચીશું. જ્યારે અમે આબુના પર્વતની તલેટીમાં પોહોંચ્યા ત્યારે **સાંરોહીના રાજાએ અમારી પાસેથી એ સઘળું લુંટી લીધું**—તે એટલે સુધી કે જુનાં લુગડાં પણ અમારા શરીરપર રહેવા દીધાં નહીં. આ જુલમાટની દાદ ધર્મરક્ષક સુલતાન સરકાર શિવાય બીજે અમે કયાં માગીએ? સુલતાને ઘોડાની કીમત અને માલનું મુલ એ લોકો પાસે લખાવીને તપાસી જોયું અને હુકમ કર્યો કે એનાં નાણાં ખજાનામાંથી વેહેપારીઓને આપી દો, કારણ કે આપણે સીરોહીના રાજાથી લઈ શકીએ છીએ. નાણાં લાવી સુલતાનની રૂબરૂમાં ગણી વેહેપારીઓને આપી દીધાં. સુલતાને કુચ કરી મનસુબા રૂપ ઘોડાની લગામ **સીરોહી** તરફ ફેરવી દીધી. (ગયો) પેહેલાં બોધપત્ર ત્યાંના રાજાને લખ્યો તેમાં એવું લખાણ હતું કે આ પત્ર પોહોંચતાંજ ઘોડા અને માલ મિલકત જે વેહેપારીઓ પાસેથી લીધી હોય તે અમારા નોકરોને આપી દેવી, નહીંતો સુલતાની નિશાનો પોહોંચેલાં સમજજો. રાજાએ પત્રથી માહિત થઇ તે પ્રમાણે ઘોડા અને માલ જેવો હતો તેવો પોતાની ઘણી યોગ્ય ભેટની સાથે સુલતાનની સેવામાં મોકલી દઈ ઘણી નમ્રતા દેખાડી પશ્ચાતાપ કર્યો. સુલતાન પાછો ફરી મુહમ્મદ-આબાદ આવ્યો, અને તે પછી ચાર વર્ષ સુધી એશઆરામથી મુહમ્મદ-આબાદમાં રહ્યો. પરંતુ ઉષ્ણરૂતુ કે જેમાં ટેટીઓ પાકે છે તેમાં મુહમ્મદાબાદથી અહમદાબાદ આવતો હતો અને ત્યાં ત્રણ માસ રહી પાછો મુહમ્મદાબાદ જતો હતો.

૯૦૪ હિજરી.

સને ૯૦૪ હિજરીમાં જ્યારે **અસીરનો રાજકર્તા આદિલખાન ફારૂકીએ** ઠરાવેલી ખંડણીમાં વાર કરી હતી તેથી તે તરફ સ્વારી કરી. **તાપી નદીનાં** ઉપર સુલતાનના પોહોંચતાંજ આદિલખાંએ ખંડણી મોકલાવી અને માફી માગી, સુલતાને પાછા ફરતાં લશ્કરને **નંદનબાર ( નઝરબાર ) ને રસ્તે** રવાને કર્યું અને પોતે **થાનેસરનો** કિલ્લો જોવાને ગયો, અને નજરબારને મુકામે આવી લશ્કરને મળ્યો, અને ત્યાંથી મુહમ્મદાબાદ આવ્યો.

સને ૯૧૩ માં **ચેવલબંદર તરફ ચઢાઇ લઈ ગયો**, અને ત્યાંથી

**ફીરંગીઓની ખટપટને લીધે મુંબઇ તરફ ગયો.** મોહરરમની પંદરમી તારીખે પોતાની રાજધાનીમાં આવ્યો. * ૯૧૩ હિજરી.

ત્યારપછી આલમખાન બિન અહસનખાન સુલતાનની દીકરીનો દીકરો કે જેનો બાપ અસીર તથા બુરહાનપુરનો હાકમ હતો. પોતાની માતુશ્રીને કહેવા લાગ્યા કે સુલતાનને અરજ કરો કે આદિલખાન બિન મુબારક સાત વર્ષ થયાં ગુજરી ગયો છે અને તેણે કંઇપણ સંતાન મુકયા શિવાય આ સંસારનો ત્યાગ કર્યો છે, અને અમારા એ મલેકરાજાની ચ્પવલાદના એક ઘરપુત્રને બાદશાહ બનાવ્યો છે, અને તેને **આદિલશાહ** નામ આપ્યું છે, ને દેશના ઉપયોગનો ગેરઉપયોગ કરે છે, જો સુલતાન મને ભોંયથી ઉચકી મારા બાપદાદાની ગાદી ઉપર બેસાડે તો દાસોને દાન કરવાની સુલતાની બુદ્ધીથી કંઇ દુર નથી. સુલતાને તેની અરજ કબુલ કરી રજબ માસમાં અને મજકુરમાં આલમખાનને આસીરનો હુકમ આપી **નઝરબાર** તરફ રવાને કર્યો. જ્યારે **થાનેશ્વરમાં પોહોંચ્યો** ત્યારે બકરીઈદ પછી **અહસનખાન કુંવર આલમખાનને આદિલખાનની પદવી આપી** મોટા ચાર હાથીઓ અને ત્રીશ લાખ ટંકચાનું ઇનામ આપી આસીર અને બુરહાનપુરની હુકુમત ઉપર તેને નિમ્યો. **મલેક લાડન ખિલજીને ખાનજહાંનું માનનામ આપી** સુલતાનપુર અને નજરબાર વચ્ચેનું ગામ ઇનામમાં આપ્યું, અને પેહેલાંથી મજકુર મલેકની જન્મભૂમી તેજ ગામ હતું. તેની નીમનોક આદિલખાં સાથે ઠરાવી, કેટલાક અમીરોને નક્કી કર્યા આદિલખાં પ્રફુલ્લિત મન સાથે આસીર તરફ રવાને થયો, અને સુલતાન પોતાની રાજધાની તરફ પાછો ફર્યો.

એજ વખતે [1]**સૈઇદ મુહમ્મદ જોનપુરી**–કે જેમણે મહદી (નિશકલંકી અવતાર) થવાનું પ્રગટ કર્યું હતું, તે અહમદાબાદમાં આવ્યા **અને જમાલપુરમાં તાજખાન** બિન **સાલારની મસીતમાં આવી ઉતર્યા**, અને લોકોને બોધ કરવા લાગ્યા. પંડિતો (મોલવીઓ) અને મહાન વિદ્વાનોએ તેમને મારી નાખવાનો ફતવો લખ્યો જેથી સૈઇદ ત્યાંથી નાસીને પાટણ

---

* આ લખાણમાં ભુલ છે ૯૦૪ હિજરી જોઈએ. નવસો તેરમાં મુંબઇમાં ગયો ને ચાદમાં પાછો આવ્યો. એ કેમ બની શકે ?

૧ ધર્મમાં કેટલો ફેરફાર કર્યો છે તેનું વર્ણન પુસ્તકને અંતે.

ગયા, અને કેટલાક વખત સુધી ત્યાં રહ્યા અને ત્યાંથી પાલણપુર ગયા ત્યાંના મુસલમાનોએ તેમને કબુલ કર્યા અને પાલણપુરમાં હમણા સુધી મેહેદીમો પંથ ચાલે છે.

ત્યારબાદ સુલતાન જીલહજ માસ સન ૯૧૬ હિજરીમાં પાટણ તરફ રવાને થયો, એ છેલ્લી સવારી હતી. ત્યાંના મોટા વિદ્વાનોની સુલતાને ભેટ લીધી, અને કહ્યું કે હું આ વખતે આપ લોકોને વિદાય કરવાને આવ્યોછું, મને લાગે છે કે મારી ઉમ્મરનો પ્યાલો ભરાઇ ગયો છે.

ત્યાંથી તે ચોથે દિવસે અહમદાબાદ આવ્યો અને સરખેજ પોહોંચ્યો, શેખએહમદ ખટુસાહેબ પીરની કબરનાં દર્શન કર્યાં અને શેખ સાહેબની પંગાતીએ પોતાના તૈયાર થએલા રોજાને ઘણી લાગણીની આંખથી જોયો. તેપછી તે માંદો પડયો અને ત્રણ માસ સુધી મંદવાડની લંબાણ થઇ, ખલીલખાન શેહજાદાને વડોદરેથી બોલાવ્યો અને પોતાની બીજા જાહાની મુસાફરી વિશે ખબર કરી. પાછલા

૯૧૭ હિજરી.

પોહોર તિમાઝની વખતે ( એટલે ચાર પાંચ વાગે ) સોમવાર રમજાન માસની ત્રીજી તારીખે સને ૯૧૭ માં આ સંસારનો ત્યાગ કર્યો અને સરખેજના રોજામાં દફન થયો.

ફતેખાન સુલતાન મેહેમુદ બેગડો રમજાન માસની આઠમી તારીખે સને ૮૪૯ માં જન્મ્યો હતો. તેણે ચોપન વર્ષ, એક માસ રાજ કર્યું ને ઉમ્મર સડસઠ વર્ષની હતી.

---

# સુલતાન મુઝફ્ફર હલીમ-ખલીલખાં

## (સુલતાન મેહેમુદ બેગડાના કુંવર)નું રાજ (બાદશાહત.)

સને ૯૧૭ હિજરી સતાવીશ વર્ષની ઉમ્મરે રમજાન મહીનાની તારીખ ૩જીએ શુકરવારના દિવસે જુમાની નીમાઝ ( આશરે દિવસના બે વાગે )ના વખતે ખલીલખાંએ સુલતાન મુઝફ્ફર હલીમ નામ ધારણ કરી સુલતાન

૯૧૭ હિજરી.

મેહેમુદના રાજ્યાસન ઉપર બેઠક લીધી, અને પોતાના બાપદાદાના ધારા પ્રમાણે અમીરો તથા લશ્કરીઓને રોકડા, ઘોડા તથા પોશાકનું દરેકની

યોગ્યતા પ્રમાણે ઈનામ આપ્યું, અને જે અમીરોના દીકરાઓ કે જે નાનપણના સોબતીઓ હતા તેમને પદવીઓ આપી અને મેહેમુદશાહી અમીરોના પગારોમાં વધારા કરી જાગીરોની જાસ્તીથી નીહાલ કર્યા.

આ ચાલુ વર્ષના શવ્વાલ માસમાં (રોજા મહીના પછીના મહીનામાં) **મીર ઈબ્રાહીમખાં ખુરાસાન તથા ઈરાકના બાદશાહ ઇસમાઈલનો એલચી** આવી પોહોંચ્યો અને સુલતાનના, હુકમને અનુસરીને અમીરો પૈકી એક ટોળી ભેગી મળી આમંત્રણ કરીને ઘણા માનથી લઇ આવ્યા, મજકુર મીરે પીરોજાનો પ્યાલો કે જે ઘણોજ સુંદર હતો અને તેની સાથે એક નાની પેટી અને ઘણાં હીરકશી સોનેરી વસ્ત્રો અને ત્રીશ તુર્કી તથા ઇરાકી ઘોડાઓ કે જે શાહે મોકલ્યા હતા તે, ભેટ દાખલ સુલતાનને અર્પણ કર્યા, અને સુલતાને મજકુર મીરને તેના સોબતીઆ સહીત બાદશાહી પોશાકોથી અને રાજ્ય ઘટીત ઇનામોથી નીહાલ કર્યા.

કેટલાક દિવસ પછી સુલતાને વડોદરા તરફ કુચ કરી અને તે જીલ્લામાં એક શેહેર વસાવ્યું કે જેનું નામ **દોલતાબાદ** જે હાલ વડોદરૂ કહેવાય છે.

એજ કાળમાં **ઓલખમંડુ**ની શત્રુતા અને સુલતાન મેહેમુદ તથા સુલતાનમુહમ્મદની વચ્ચે યુદ્ધ થવાની અને કાપાકાપીની વેળા આવી પહોંચવાની ખબર મળી. હવે સુલતાન મુહમ્મદે સુલતાન મુઝફ્ફરનો આશરો લીધો અને મેહેમુદાબાદ નજીક આવી ઉતર્યો સુલતાનની આજ્ઞાથી જોઇતું કરતું તેને આપવામાં આવ્યું. સુલતાને કહ્યું કે ખુદાની કૃપા હશે તો વર્ષાઋતુ ઉતર્યા પછી માલવા દેશના માંડુ (ગઢ) તરફ જઈ પોહોંચીશ. તેજ વખતે આદિલખાન કે જે આસીર અને બુરહાનપુરનો હાકમ હતો અને સુલતાનનો જમાઈ થતો હતો તે, છોકરા છૈયાં લઇને સુલતાનની સેવામાં હાજર થયો. તેને થોડા દહાડા પછી વિદાય કર્યો, એજ વખતે ઇસમાઇલશાના એલચીઓના માણસોથી સુલતાન મેહેમુદ મંડળીની જે વાતચીત થઇ હતી તેથી સુલતાનની રજા લીધા શિવાય મજકુર એલચીઓ જતા રહ્યા. સુલતાનના મનમાં ઘણું લાગ્યું, તેથી થોડા વખત પછી પોતાના એલચીઓને ભેટો સાથે રવાને કર્યા.

શવ્વાલ માસ **૯૧૮** હિજરીમાં સુલતાનના સાંભળવામાં આવ્યું કે મજકુર સુલતાન મુહમ્મદના ભાઇ સુલતાન મેહેમુદ માંડુવાળો માલવામાં હુકુમત કરતો હતો, અને પોતાના ભાઇની  ૯૧૮ હિજરી.

આવવાની ખબર સાંભળી અધર્મીઓનું ઘણું લશ્કર ભેગું કરી સુલતાન મુહમ્મદથી લડીને તેને હરાવી દીધો અને મુખ્ય પ્રધાન **મેદનીરાય** નામનાએ ઘણી સત્તા મેળવી છે, અને મેહેમુદ પાસે બાદ-શાહના નામ શિવાય કંઇ પણ બાકી નથી, તેમ નવેસરથી માળવામાં અધ-ર્મપણું ચાલુ થયું છે. એ સાંભળી સુલતાનની ઇસલામી ધર્મ પ્રત્યેની લાગણી પ્રગટી ઉઠી અને મજકુર માસમાં મુહમ્મદાબાદથી અધર્મીઓને ટાળી ધાર્મીક મુસલમાનોની સહાય કરવા માળવા તરફ કુચ કરી ગયો. અને **ગોધરા** મુકામ ઉપર જોરાવર લશ્કર ભેગું કરવા થોભ્યો હતો કે ઇડરના રાજાની અવિવેકી ચાલ ચલણની ખબર પોહોંચી, તેથી તે તરફ ધ્યાન પોહોંચાડયું, અને સખત તાકીદ કરી કે ઇડરના ઘરો તથા દેવળો પાડી નાખવાં અને તે પ્રમાણે થયું. આ બનાવ સને ૯૧૮ માં બન્યો, અને ઇડરનો રાજા પોતાના કૃત્યથી લજવાઇ ગયો ને ઘણી કિમતી પેશકશીઓ સેવામાં મોકલી, સુલતાન પાછો ફરીને ગોધરામાં આવી ત્યાંથી **સિકંદરખાન** શાહજાદા ( કુંવર ) ને મુહમ્મદાબાદ મોકલ્યો અને પોતે માળવા તરપ વધ્યો. જ્યારે **ધોળકા** મુકામે પોહોંચ્યો ત્યારે ત્યાંનો કોટ કર-વાનો હુકમ કરી કુચ કરી ગયો, તે વખતે ખબર મળી કે મેદનીરાય, સુલતાન મેહેમુદ નાસિરૂદ્દીનને **ચંદેરી** તરફ લઇ ગયો છે. સુલતાન મુઝફ્પરે કહ્યું કે, આ ચઢાઇનો મારો એવો હેતુ નહોતો કે **માલવાનો મુલક સુલ-તાન મેહેમુદથી લઇ** લઉ[1] કેમકે તે પણ મુસલમાન બાદશાહ છે, પરંતુ એવી મતલબ હતી કે મેદનીરાય તથા બીજા અધર્મી પાપીઓને દુર કરી બેઉ ભાઇઓ વચ્ચે સલાહ શાંતી કરાવી દઉં. હવે **ધારના હરણાશ્રમ**ની ઇમારતોના ઘણા વખાણો સાંભળ્યા હતાં તેથી ત્યાં જઇ તે ઇમારતો અને મેહેલોની ભેટ લીધી, અને ત્યાંથી મુહમ્મદાબાદ પાછો ફર્યો.

૯૨૦ હિજરી.

સને **૯૨૦** માં સુલતાને સાંભળ્યું કે ઇડરના **રાજા ભીમરાવના ભત્રીજા રાયમલે** મજકુર રાજાના મરી ગયા પછી **ચીતોડના સાંકારાણાની મદદથી** ભીમના દીકરા **બહારમલને** ઇડરથી કાઢી મુકી રાજ સ્વાધીન કરી લીધું છે. તેથી સુલતાનને માઠું લાગ્યું અને તેણે ફરમાવ્યું કે મારી આજ્ઞાથી તે ઇડરમાં રાજ કરતો હતો; અને **રાણાની શી મગદુર કે તે હિમાયતી**

---

૧ પવિત્ર નિષ્ઠા,

**બને અને રાયમલ ઇડરમાં બેસે !!!** અહમદનગરના જાગીરદાર **નિઝામુલમુલક** ઉપર હુકમ ગયો કે રાયમલને ઈડરમાંથી કાઢી બહાર-મલને ઈડર સોંપવું.

સન **૯૨૩** સુધી રાયમલ સુલતાનની સન્યાની સાથે યુદ્ધ કરતો હતો. તેમાં કદી જીતતો અને કદી હારતો. આ વખતે માળ-વાના અમીરો **હબીબખાન વિગેરે જેવા** મેદનીરાયની બીકથી નાસી સુલતાનની સેવામાં આવ્યા અને માંડુગઢનું સઘળું વર્ણન કર્યું કે મુસલમાની ધર્મના આચારોનો માંડુગઢમાં અંત આવ્યો છે, અને મેદનીરાયે ઘણાખરા સારા સારા લોકોને કાપી નાખ્યા છે. આજ કાલમાં સુલતાન મેહેમુદને [1]મારી નાખવાનો છે અથવા કેદ કરવાનો છે. સુલતાને ઉત્તર દીધો કે વરસાદ વિત્યા પછી ખુદાની મરજી હશે તો માંડુગઢ તરફ જાઉંછું, અને મેદનીરાયનો મગજ તેના માથામાંથી બહાર કાઢી ફેંકી દઇશ. જ્યારે સુલતાન મેહેમુદે જોયું કે દેશ, ખજાનો અને સત્તા એ સઘળું મેદનીરાયના હાથમાં જઇ ચુકયું અને મને નજરબંધ કરીરાખ્યો છે. અડધી રાતે લાગ જોઇ એક ઘોડા ઉપર પોતે ને એક ઘોડા ઉપર પોતાની રાણીને સવાર કરાવી **ગુજરાત તરફ નિકળી પડયો.** તેના આવી પોહોંચ્યા પછી સુલતાને ઘણો આનંદ દેખાડયો. તંબુ, હાથીઓ, ઘોડા અને જે જે બાદ-શાહી ઠાઠ હોયછે તે તે તેને મોકલાવી દીધા. જુમેરાત ઝીલકઅદ મહીનાની ચોથી તારીખ સન ૯૨૩ માં ફતેહ પામતા નિશાનને માંડુગઢ તરફ ઉંચો કર્યો. મજકુર મહીનાની પંદરમી તારીખે **દેવલા ગામ**ના મુકામે સુલ-તાન મુઝફ્ફરની સુલતાન મેહેમુદથી ભેટ થઇ.

૯૨૩ હિજરી.

અને ત્યાંથી કુચ પર કુચ કરી રવીવાર મજકુર મહીનાની ત્રેવીશમી તારીખે સુલતાન, જયવંત સન્યાસહીત માંડુગઢ ગોંદરા આગળ ડેરા તંબુઓ ઠોકી દીધા, અને મોરચા બાંધી દીધા. મેદનીરાય ધારમાંથી નાસીને મદદ લેવા સારૂ રાણાના દરબારમાં ગયો અને કિલ્લાવાળાને કહેવરાવી મોકલાવ્યું કે સલાહ કરવાની વાત કરી એક માસની મોલત માગવી એટલી વેળામાં રાણાને કુમકે લાવુંછું, રાણો કીમતી ઝવેરાતની લાલચ ને કેટલાક નામીચા હાથીઓની લાલચથી કે જે મેદનીરાયના સંબંધથી સુલતાન મેહે-મુદ પાસેથી મળ્યા હતા. ભારે સન્યા સાથે **સારંગપુર સુધી** આવ્યો,

---

૧ બાદશાહની દયા ઉપજાવતી હાલત, રજપુતો સામા ગુજરાતીઓ.

જ્યારે સુલતાનને એ ખબર થઇ તો કિલ્લાવાળાઓના દગા ફટકાથી વાકેફ થયો, તેથી **આદિલખાન, આસીરી અને કિવામુલમુલ્ક અને મલેક સારંગને** શુરા અમીરો સાથે રાણાની સામા નિમ્યા અને કિલ્લા ઉપર ચઢાઇ લઇ જવાનો હુકમ કર્યો. સોમવાર તારીખ ૨ સફર માસમાં **કિલ્લો ફતેહ થયો.**[૨]

એવું કહેછે કે **ઓગણીસ હજાર અને** કેટલાક કહે છે કે **ચાલીસ હજારની સંખ્યા, અને સતાવન નામાંકિત સરદારો રણમાં રહ્યા ( માર્યા ગયા. )** એમનાં નામો **મુઝફ્ફરશાહી અને મિરાતે સિકંદરી ઇતિહાસોમાં નોંધેલાં છે.**

**આ બનાવ સન ૯૨૪ માં બન્યો, આ કવિતની છેલ્લી ટુંકના અક્ષરોથી નિકળે છે.**

૯૨૪ હિજરી.

### કવિત.

મુઝફ્ફર શાહ કરદહ ફતેહ મંડુ,<br>
**અર્થ—મુઝફ્ફર શાહે કરયું ફતે માંડુગઢ,**<br>
કે અવલ તખ્ત ગાહશ ધાર બાશદ;<br>
„ **કે પેહેલાં તેની રાજધાની ધાર હતી.**<br>
તુરા પુરસંદ અગર તારીખ ફતહશ,<br>
„ **તને જોયુ છે તારીખ (વર્ષ) તેની ફતેહની,**<br>
પરેશાની હમા કુફ્ફાર બાશદ;<br>
„ **ઉલટ પલટ સઘળા ધર્મ શત્રુ હોય છે.**

અને આ અરબી ટુંક પણ વર્ષ કહી આપે છે કે.

„ **કદ ઈફતાહા મંડુ સુલતાનના–ખરે**<br>
અમારા સુલતાને મંડુને ફતેહ કર્યો.

સુલતાન મુઝફ્ફરનું, માંડુગઢની ભેટને વાસ્તે જવું અને સુલતાન મેહેમુદના ઘેર પરોણા રહેવું અને ત્યાંથી પોતાને સ્વદેશ ભણી પાછા ફરવાનું વિસ્તારથી વર્ણન મિરાતે સિકંદરીમાં નોંધાએલું છે.

સન **૯૨૫** માં એવી ખબર આવી કે સુલતાન મેહેમુદ અને રાણાની વચ્ચે ભારે યુદ્ધ થએલું, જેમાં સુલતાન ઘાયલ થઇ રાણાના હાથમાં પકડાઇ ગયો છે, એ ખબર સાંભળી સુલતાનને ભારે ચિંતા ઉત્પન્ન થઈ માંડુગઢના રક્ષણને

૯૨૫ હિજરી.

---

૨ ગુજરાતીઓનું બળ, અને જય.

વાસ્તે લશ્કર મોકલાવ્યું, ધા રૂઝાયા પછી રાણે સુલતાન **મેહેમુદને માંડુગઢ** તરફ વિદાય કર્યો **અને** સુલતાનના દીકરાને જામીનગીરી દાખલ પોતાની પાસે રાખ્યો.

સન **૯૨૬** માં રાણાએ ઈડર ઉપર લુટફાટ કરતાં ચઢાઇ કરી. **અહમદનગર** વિગેરેના જાગીરદારોથી લડાઇઓ થઈ અને સુલતાનની ફોજને નુકશાન પહોંચ્યું. **રાણાએ** ૯૨૬ હિજરી. **વડનગર તથા વિશનગરને** લુંટી લીધા તે દરમ્યાનમાં એવી ખબર આવી કે સુલતાની લશકર પાટણ જીલ્લા અને અહમદાબાદથી આવે છે [1]**કુચપર કુચ કરી ચિતોડ તરફ ચાલતો થયો.**

સન **૯૨૭** ના મોહરરમ માસમાં સુલતાન મુઝફ્ફરશાહ દુષ્ટ સ્વભાવી રાણાના કાન ઝાલી શિખામણ દેવા, કે જેણે એટલી બધી હિમ્મત કરી હતી. સુલતાનના ખાસ દાસ, **મલેક** ૯૨૭ હિજરી. **અયાઝને એક લાખ સ્વારો અને સો હાથીઓ સાથે અને વિશહજાર સ્વારો તથા વીશ હાથીઓ કિવામુલમુલ્કને આપ્યા અને રાણા ઉપર રવાને કર્યો.** આ ચઢાઇમાં મલેક અયાઝનું જે બળ હતું તે તે વિસ્તારથી મિરાતે સિકંદરીમાં વર્ણવેલું છે. આ કેર વરતાવતું લશકર **બાખડાને રસ્તે** થઇને ચાલ્યું કેમકે ત્યાંનો રાજા આ દેશ ઉચાટ રાણાની ચઢાઇનો મદદગાર હતો તેથી તેના દેશને પાયમાલ તથા ધર્મ શત્રુઓને કાપીને રાણાના રાજ ઉપર પોહોંચ્યા. **આ ખબર સાંભળી રાણાના હોશ ઉડી ગયા.** આ વખતે સુલતાન મેહેમુદ ખિલજી પણ સુલતાનની મદદ કરવા આવીને ભળી ગયો. આ વખતે સુલતાની લશકરમાં કંઇ અસંતોષી વરતાઇ હતી તેથી રાણા સાથે એક જાતની સલાહ કરી અહમદાબાદ તરફ પાછા ફર્યા. આ બનાવથી સુલતાને મલેક અયાઝ ઉપર ઇતિરાજી દેખાડી નક્કી કર્યું કે વરસાદ વિત્યા પછી પોતે જાતે આ કામ ઉપર લક્ષ દેશે. મલેક **અયાઝને** સોરઠ ઉપર બદલ કર્યો.

સને **૯૨૮** માં સુલતાન રાણાને શિખામણ દેવા અહમદઆબાદ આવી પોહોંચ્યો. **આ વેળાએ રાણાનો કુંવર, હાથીઓ તથા જે પેશકશી કબુલ કરી હતી તે લઇને** ૯૨૮ હિજરી. **સુલતાનની સેવામાં હાજર થયો** તેથી ચઢાઈ બંધ રહી.

સને ૯૩૨ માં કુંવર **બહાદુરખાન** પોતાના ભાગમાં ઓછી જાગીર મળી છે એથી અસંતોષી થઇ ડુંગરપુર અને ત્યાંથી **ચિતોડ** ગયો, અને ત્યાંથી **મેવાતદેશ અને ત્યાંથી સુલતાન ઇબ્રાહીમ દિલ્લીના સુલતાનની સેવામાં પોહોંચ્યો. આ વેળાએ ઈબ્રાહીમ અને મેહીરૂદ્દીન બાબર બાદશાહની પાણીપતના મેદાનમાં લડાઇ હતી. સુલતાન ઈબ્રાહીમ બહાદુરખાનને બોલાવી ઘણા માન તથા આબરૂથી મળ્યો, હવે બહાદુરખાનની બહાદુરી તથા જવાંમરદી સુલતાન ઇબ્રાહીમે જોઇ અને દિલ્લીવાળાઓએ પણ એના પરાક્રમ પસંદ કર્યાં.** પછી બહાદુરખાનના જાણવામાં દિલ્લીની [1]હકીકત આવ્યાથી પોતે જોનપુર ભણી ચાલતો થયો, **રાણાના ભત્રીજાને ઠાર કરવાના અને બીજા જે બનાવો પ્રવાસમાં બન્યા તે ઇતિહાસોના પુસ્તકોમાં લખાએલા છે.** જ્યારે આ કુંવર જોનપુરની હદમાં પોહોંચ્યો હશે ત્યારે પોતાના પિતા સુલતાન મુઝફ્ફરના જન્નતનશીન થયાના સમાચાર સાંભળી ત્યાંથી તે ગુજરાત તરફ પાછો ફર્યો.

૯૩૨ હિજરી.

સુલતાન મુઝફ્ફરના જ્યારે જાણવામાં આવ્યું કે બહાદુરખાન રિસાઇને વાખદા તરફ ગયો છે તે જાણી એના મનને ઘણું લાગ્યું, જેથી હુકમ કર્યો કે સમજાવીને એને પાછો લાવો; અને પોતે પણ ગુજરાતની હદ મુકી બહાર નિકળ્યો હતો. આ વખતમાં સુલતાનની પ્રકૃતી બગડી, તેથી તે મુહમ્મદાબાદથી દોલતાબાદ ( વડોદરામાં ) આવ્યો, અને ત્યાંથી કુચ ઉપર કુચ કરી ખંદ્રોલના મેહેલો કે જે અહમદાબાદની હદમાં છે ત્યાં આવી પોહોંચ્યો. જ્યારે લોકો સુલતાનના જીવવા વિષે નિરાશ થયા તે વખતે કુંવર **લતીફખાંએ** જોયું કે પાટવીકુંવર **સિકંદરખાં** મને જીવતો મુકશે નહીં. આ હેતુથી જમાદીઉલ આખર માસની પેહેલી તારીખે વડોદરા તરફ રવાને થયો. કેટલાએક કહેછે કે સુલતાને એને એવી ભલામણ કરી હતી.

મજકુર માસની બીજી તારીખે મળસ્કાની નિમાજ પછી સુલતાને સિકંદરખાનને બોલાવી રાજ્યોપયોગી કેટલીક શીખામણો તેને દીધી અને તેને વિદાય કર્યા પછી શુકરવારની રાતની નિમાઝની વખતે ( એટલે આઠ વાગતાં ) તારીખ ૨૨ મી જમાદીઉસ્સાની સન ૯૩૨

---

૧ કાવતરા ભરેલી પ્રધાનોની ફુટ. (સિકંદરી જુઓ)

**હિજરીને દહાડે દેહત્યાગ કર્યો. અને તે સરખેજમાં આવેલ સુલતાન મેહેમુદ બેગડાના [૨]ઘુમટમાં દટાયો તેણે ચઉદ વર્ષ ને નવ મહીના રાજ કર્યું.** ૯૩૨ હિજરી.

સુલતાનના ધર્મગુરૂ વડોદરાવાળા સૈઇદ **સૈયદ તાહિર હતા.**

એવું કહેવાય છે કે તે વખતે સુલતાન મુઝફ્ફર આચાર વિચાર, વિદ્યા મર્યાદા, જ્ઞાન અને શુરવીરતામાં સર્વોત્તમ હતો, દયા જોઇએ તે કરતાં પણ વધારે હતી; તેથી મુઝફ્ફર હલીમ ( દયાળુ ) પ્રસિદ્ધ થયો, તેણે જન્મ ધરીને કદી કેફી જણુસ કંઇપણ વાપરેલી નહીં એટલે નિસ્સાનો છાંટો પણ લાગેલો નહીં. સુલતાનના સઘળા વખણાએલા ગુણો વિષે મિરાતેસિકંદરી ખબર કરે છે. હવે કેટલાક કામો જેમાં શિક્ષા જોઇએ તે ઉપર દયા વર્તાવવામાં આવતી તેથી કંઈ બંદોબસ્તમાં નુકશાની આવતી. **લોકોમાં કહેવત છે કે સુલતાન મુઝફ્ફરના વખતમાં જમીન એટલી બધી ખેડાઈ કે ઝાલાવાડમાં ઢોરાં ચારૂવાની અડચણ પડી. જેથી સરકારમાં ફરીઆદ થઈ તેપરથી સુલતાને હુકમ કર્યો કે ચારવા જેટલી જગ્યા રાણાની રાખી, જમીનને ખેડો.** ખરૂં ખોટું ખુદા જાણે.

---

# સુલતાન સિકંદર–સિકંદરખાં.

## (સુલતાન મુઝફ્ફર હલીમના પાટવી કુંવર)ની બાદશાહત.

સુલતાન મુઝફ્ફર હલીમના મૃત્યુના દિવસે સુલતાન સિકંદર અહમદાબાદમાં તખ્તનશીન થયો અને તેજ દિવસે મુહમ્મદાબાદનો મનસુબો કર્યો, અને જે લોકો રાજકુંવરીના વખતમાં તેની સેવામાં રહેતા હતા તે સઘળાને પદવીઓ આપી અને એક હજાર સાતસો ઘોડા પોતાના માણસોને ઇનામ આપ્યા. આ રાજનિતીથી મુઝફ્ફરશાહના માણસો રિસાયા, તે અહીં સુધી કે ઇમાદુલમુલ્ક કે જેને ખુશ કદમ એટલે શુભ પગલાંવાળો કહેતા હતા તે સુલતાનનો સલાહકાર અને સુલતાનના જોખમભરેલા હોદ્દા (પ્રધાનપણા) ઉપર દેખરેખ રાખતો હતો તે પોતાના ઉપર જ્યારે ઉપકાર જણાયો નહીં તેથી દિલગીર થઇ ગયો.

આ વેળાએ એવી પણ ખબર મળી કે **સુલતાન મુઝફ્ફરનો દીકરો**

---

૨ જે પીર અમીતાડનો મહેલ્લો કહેવાય છે ત્યાં ઘુમટ છે.

**લતીફખાં સુલતાનપુર અને નઝરબારના ડુંગરોમાં ભીમરાજાના આશરામાં બેઠો છે** અને કેટલાક અમીરોથી પત્રવહેવાર રાખે છે. તેથી **શેરઝહખાન** નામના પોતાના ભરૂસાદારને તેને (લતીફખાંને) કાઢી મુકવા અથવા પકડી લાવવાને મોકલ્યો. લડાઈ થયા પછી મજકુર ખાન માર્યો ગયો, બીજી વખતે **કેસરખાનને** ભારે સન્યાસહિત મોકલ્યો.

હવે કેટલાક સરદારો મુઝફ્ફરશાહના અસંતોષી હતા અને પોતાના મનનું ખોટાપણું હોવાથી ઇમાદુલમુલ્કની ખબર રાખતા હતા કેમકે સુલતાન તેના નાશનો કાસદ છે. તે લુણહરામ ગુલામની પાસે સઘળી સત્તા હતી, તેણે કેટલાક લશકરીઓની મદદથી કે જેઓ કંઇપણ બનાવની વાટ જોઇ બેઠા હતા તેઓને પોતાની ધારણામાં છાનામાના ભેળવી લીધા તે અહીંસુધી કે એક દિવસ સુલતાન ચોગાનબાજી ( ટોર્નામેંટ ) કસરતને ઇરાદે સવાર થયો અને પાછો ફરી ઘરમાં આવી પથારી ઉપર સુવા ગયો, થોડીકવાર પછી તરત જ ઇમાદુલમુલ્ક છુપાતો મોં ઉપર પાટો બાંધી ચાલીસ પચાસ સવારો લઇ સુલતાન ભણી આવ્યો. આ ગેરવખત હતો કેમકે ઘણા માણસો સ્વારીમાંથી પરવારી પોતપોતાને ઘેર ગયા હતા. જ્યારે આ ગુલામ સુલતાનના પડદાની પાસે ગયો ત્યારે પડદાના ચોકીઆતે કહ્યું કે સુલતાન સુઈ ગયા છે. તેણે તેનું સાંભળ્યું નહીં ને **મલેકપહાડ** નામના માણસને પોતાની સાથે લઇ અંદર આવી પોહોંચ્યો અને તેને ઈશારો કરવાથી તે લુણહરામ મલેક પહાડે તેને સુતો ઠાર કરી નાખ્યો.

આ બનાવ તારીખ ૧૪ શુબરાત સન ૯૩૨ હિજરીમાં બન્યો અને ચાંપાનેરથી બે ગાઉ ઉપર હાલોલ ગામ એટલે મુહમ્મદાબાદમાં તેને દાટવામાં આવ્યો. જ્યારે ઇમાદુલમુલ્ક સુલતાનને મારી પરવાર્યો કે તુરત સુલતાનના જનાનામાં ગયો અને **સુલતાન મુઝફ્ફરના પાંચ છ વર્ષના દીકરા નસીરખાનને લાવી સુલતાન મેહેમુદ નામ આપી પોતાના ખોળામાં બેસાડયો.**

૯૩૨ હિજરી.

ઘોડા, પોશાક અને પદવીઓ, સરદારો તથા લશ્કરીઓને આપ્યા. પરંતુ સુલતાન સિકંદરના ખુનના અપકૃત્યને લીધે સઘળા અમીરો અને દરબારીઓ તેના લોહીના આતુર થયા. હવે કોઇ તેઓમાં સરદાર નહોતો તેથી સઘળા નિકળીને પોતાની જાગીરમાં ગયા અને ત્યાં રહી ઘાટ ઘડવાના

પ્રયત્નો કરવા લાગ્યા. ઘણી ઉતાવળે ચાલનારા કાસદોને આ બનાવની ખબર કરી બહાદુરશાહને આ તરફ તેડાવવાને રવાને કર્યા. પહેલો જે ગુજરાતી સુલતાનોમાંથી કપાયો તે સુલતાન સિકંદર હતો. તેનું રાજ બે માસ ને સોળ દહાડા રહ્યું.

# સુલતાન બહાદુર—બહાદૂરખાન.

## (સુલતાન મુઝફ્ફર હલીમના કુંવરનું) રાજ્ય. (બાદશાહત)

પેહેલાં આવી રીતે લખવામાં આવ્યું છે કે સુલતાન મુઝફ્ફરનો કુંવર બહાદુરખાન જાગીર ઓછી મળવાના કારણથી અને પાટવી કુંવર સુલતાન સિકંદરથી બનતી રાસ ન હોવાને લીધે નારાજ થઇ નિકળીને જતો રહ્યો હતો.

કમી જાગીરથી રિસાઈ પ્રદેશ જવું.

આ વેળાએ જ્યારે સુલતાન મુઝફ્ફરના મૃત્યુ અને સુલતાન સિકંદરના વિનાકારણે અચાનક માર્યા જવાની ખબર સુલતાન બહાદુરને થઇ ત્યારે પેહેલાં તો શોકની ક્રિયાઓ કરી ચોથે દહાડે **જોનપુરથી** એકદમ કોઇ ઠેકાણે થોભ્યા શિવાય અહમદાબાદ તરફ કુચ કરી અને **મેઘરેજ એટલે મેહેમુદનગર** આવી પોહોંચ્યો અમીરો અને રાજ્યસ્થંભો જેઓ ઇમાદુલમુલ્કની ધાસ્તીથી ખુણાઓમાં સંતાઇને બેઠા હતા તેઓ દરેક ઠેકાણેથી ટોળીઓ અને લશ્કરની ટુકડીઓ લઇ સેવાને અર્થે આવવા લાગ્યા.

મુઝફ્ફરશાહ તથા સિકંદરનું મૃત્યુ સાંભળી અહમદાબાદ આવી રાજ સત્તા સ્વાધીન લેવી.

તારીખ ૨૬ રમજાન સન ૯૩૨ માં અહમદાબાદ આવી પોહોંચ્યો અને **ભદ્રના** કિલ્લામાં આવી ઇદને દિવસે બાદશાહોની રૂઢી પ્રમાણે નિમાજ પઢવા ગયો અને પ્રાર્થનામાં પોતાનું નામ પુકરાવ્યું.[1] બત્રીશ જણને પદવીઓ, તથા પગારો તેમજ જાગીરો ઇનામ આપી.

૯૩૨ હિજરી.

---

૧ મસ્જીદ વચ્ચે મેમ્બર (ત્રણ પગથીઆના ઓટલા) ઉપર ઉભા રહી ખુદાની બંદગી, બોધવચન અને પેગમ્બર તથા તેના સોબતીઓના વખાણ કરે છે ને બાદશાહને આશીર્વાદ દેછે. જે બાદશાહના રાજ તળે હોય તેનું નામ દે. ત્યાં પોતાનું નામ દાખલ કરાવ્યું.

ચાંપાનેર જવું.

શવ્વાલ માસની ( ઈદ રોજા મહીના પછીના મહીનાની ) બીજી તારીખે મજકુર સનમાં **મુહમ્મદાબાદના** ઈરાદે રવાને થયો. **ઇમાદુલમુલ્ક** સુલતાન બહાદુરની આ ધારણા સાંભળી ધ્રુજવા લાગ્યો, અને ઉપર બતાવ્યા પ્રમાણે **લતીફખાં શાહજાદો ( કુંવર )** કે જે, તે જીલ્લામાં હતો તેને છાનોમાનો બોલાવ્યો કે જેથી વખતે લડાઇ કરવાની વેળા આવે તો **નસીરખાં કાચી ઉમ્મરનો છે** તેથી તે સામો ટકી શકે. પરંતુ કાર્યના મૂળતત્વ વિષે તેને અચંબો લાગ્યાથી છેવટે તેણે **લતીફખાન તથા નસીરખાનથી** ધ્યાન ઉઠાવી લઈ ઘરની સેવા કરવા માંડી.

ઇમાદુલમુલ્કને શૂળીએ ચઢાવ્યો

આ વેળાએ સુલતાન બહાદુરે **મહી નદી ઉતરી** લશ્કરની વાટ જોયા શિવાય થોડા માણસોથી ધસારો કરી પેહેલાં **હાલોલમાં** સુલતાન સિકંદરની કબરન દર્શનાં કર્યાં અને **તાજખાનને** ત્રણસો સ્વારો સાથે **ઇમાદુલમુલ્કને** પકડી લાવવાનું કામ સોપ્યું, તાજખાંએ જઇને તેના ઘરબારને ધુલધાણી કરી નાખ્યાં. ઇમાદુલમુલ્ક નાસી **કોટવાલ દીવાનના ઘરમાં સંતાયો.** આ વખતે સુલતાને રાજ્યના ઠાઠથી **મુહમ્મદાબાદ** આવી પોહોંચી સુલતાની મેહેલમાં ઉતારો લીધો. **ઇમાદુલમુલ્કને પકડી લાવવાનો ફરી હુકમ કર્યો** તેથી ખોળી કાઢી તેજ દિવસે થોડીક વારમાં દુષ્ટ અંતના દાસને પકડી લાવી હાજર કર્યો. **સુલતાનના હુકમથી શુળીએ ચઢાવ્યો** અને જેઓ તે કુકર્મમાં તેના સોબતીઓ હતા તેઓ પણ પોતાના કૃત્યની શિક્ષાને પોહોંચ્યા. લતીફખાન જે ઇમાદુલમુલ્કના બોલાવ્યાથી પાસે આવી લાગ્યો હતો તે પણ કોઇ ખુણામાં સંતાઇ ગયો.

તખ્તનશીની.

જીલ્કઅદ માસની ૧૪ મી તારીખની રાત્રે સન ૯૩૨ માં પોતાના બાપદાદાના ધારા પ્રમાણે સુલતાન બહાદુર તખ્ત ઉપર બેઠો અને પ્રધાન તથા સરદારોને પોશાકો તથા ઘોડાઓ ઇનામ કર્યા અને લશ્કરીઓને નોકરી પેટે જે અડધી જાગીર મળતી ને અડધો પગાર મળતો તે એક વર્ષનો આંકડો ઇનામ કર્યો. દોઢસો માણસોને શુભ પદવીઓ આપી, દરજ્જે ચઢાવી મન ઇચ્છા પ્રમાણે માનવંતા કર્યા.

તેજ વર્ષમાં દુકાળ પડેલો હતો તેથી સુલતાનના હુકમ પ્રમાણે ઘણાં સદાવ્રત કાઢવામાં આવ્યાં, જ્યારે સુલતાન બહાદુર નિકળતો ત્યારે ભીખારીને કદી એક મોહોરથી ઓછું આપતો નહીં.[1]

સદાવ્રતો.
ગુજરાતનો દુકાળ.
ઉદારતા.

**સુલતાનપુર અને નઝરબારની હદમાં** સઘળા જમીનદારોને ભેગા કરીને લડાઇ કરી તેમાં લશ્કર તે તરફ મુકી દીધું. લડાઇ સમાપ્ત થયા પછી **લતીફખાન** ઘાયલ થઇ પકડાયો અને સુલતાનની રૂબરૂ લાવતાં પંચતત્વના પાંજરામાંથી આત્મારૂપ પક્ષી ઉડી ગયું, અને નસીરખાનને પોતાની જગ્યાએ નિમી રબીઉલ અવ્વલ માસની ૧૫ મી તારીખ સન ૯૩૩ હિજરીમાં સુલતાન બહાદુર સેલ તથા શિકારને અર્થે **ખંભાત બંદર** તરફ ગયો અને **મલેક અયાઝના પુત્રના કલેશને લીધે ત્યાંથી સોરઠ દેશ ભણી ગયો.** પાછા ફરતી વખતે **દીવ બંદરે** ગયો અને ત્યાં એક માસ ગાળ્યો. દીવ બંદરને **મુજાહિદખાં બેહલીમ**ની સત્તા તળે સોંપી પોતે અહમદાબાદ તરફ આવ્યો અને ત્યાં **સાકારાણાનો દીકરો વિક્રમાજીત** સુલતાનની સેવામાં આવી પોહોંચ્યો. ત્રણ માસ સુધી અહમદાબાદમાં રહી ખંભાતને રસ્તે મુહમ્મદાબાદ ગયો. ત્યાંથી **નાંદોદના રાજાને શિખામણ દઇ સુરત ભણી ગયો.** સુરતથી એક રાત અને એક દિવસમાં મુહમ્મદાબાદ આવી રાણાના કુંવરને વિદાય કર્યો.

૯૩૩ હિજરી.
નઝરબારની લડાઇ
લતીફખાંનું પડવું,
ખંભાત, દીવનો
બંદોબસ્ત.

રાણાના દીકરા વિક્રમાજીતનું સુલતાનની સેવામાં આવવું, નાંદોદના રાજાને શિક્ષા દઈ સુરત, ને ત્યાંથી ચાંપાનેર આવવું.

સન ૯૩૪ માં ફરીથી **દીવબંદર**નો ટાપુ જોવાને ગયો, ત્યાં થોડા દિવસ રહી, ફરી ત્યાંથી **ખંભાત** આવ્યો અને ત્યાંથી વહાણમાં બેસીને **ઘોઘે** આવ્યો, ત્યાંથી પાછો **ખંભાત** પોહોંચ્યો ને ત્યાંથી મુહમ્મદાબાદ આવ્યો અને **ભરૂચ**નો કોટ બાંધવાને હુકમ કર્યો. ત્યારપછી **વાખડા** ભણી લશ્કર લઇ ગયો. **મેધરેજ મુકામે ડુંગરપુર**નો રાજા સેવામાં હાજર થયો. ત્યાંથી **પાટ-**

૯૩૪ હિજરી.
દીવ, ઘોઘા, ખંભાત, મેધરેજ, અહમદાબાદ, પાટણ અને ચાંપાનેર તરફ ફરવું.

૧ કેવી ઉદારતા ! કેવો સુલતાન !

બુને મનસુએ નિકળ્યો તથા ત્યાંથી **અહેમદાબાદ** થઇને **મુહમ્મદાબાદ એટલે ચાંપાનેર** આવ્યો.

આ વખતે સુલતાનનું દેશાટણ કરવું એ, કહેવતરૂપ થઈ પડેલ હતું લોકો કહેતા કે **બહાદુરશાહી દોડ** જો સુલતાન બહાદુરની સઘળી દોડની સવારીઓ લખવામાં આવે તો મૂળ હેતુથી દુર રહી જઇએ. આ પાનાંઓ ઉપર જે લખાયાં છે તે ટુંકમાં સારસંગ્રહ છે. જો વિસ્તિર્ણ જોઇએ તો મિરાતેસિકંદરી વાંચો.[1]

સુલતાનની સ્વારીની વેગરૂપ કહેવત થઇ પડી હતી.

ટુંકામાં સન **૯૩૫** માં **આદિલખાનના દીકરા મુહમ્મદખાન** કે જે સુલતાનનો ભાણેજ થતો હતો તે **દોલતાબાદ** તરફ ગયો. એવું કહેછે કે આ ચઢાઇમાં એક લાખ સ્વારો અને નવસો હાથીઓ સુલતાનની સ્વારીમાં હતા, ત્યાંના કામનો ફેંસલો કરી દીધો.

૯૩૫ હિજરી. દોલતાબાદની ચઢાઈ.

મજકુર વર્ષના શુબરાત માસમાં પોતાના રાજનગરમાં આવ્યો અને તારીખ ૨ જી મોહર્રમમાં સન **૯૩૬** માં **દક્ષિણ** જીતવાનું આદર્યું. **ધાર** મુકામે ઘણાખરા ગરાસીઆ દક્ષિણના અને **બકલાનાનો** રાજા **ભરજી** સુલતાનની સેવામાં હાજર થયા. સુલતાનના હુકમ પ્રમાણે **ચેવલબંદ તથા અહમદનગર** તરફ લશકર મોકલી બીજી તરફ લુટફાટ કરવા નિમી દીધું અને દક્ષિણનાં ઘણાં શેહેરોમાં સુલતાનનું નામ ખુતબામાં દાખલ કરવામાં આવ્યું. શુબરાતની છેલ્લી તારીખે મજકુર સનમાં પાછો ફરી મુહમ્મદાબાદ આવ્યો, થોડાક માણસો લઇ જલ્દ દેશાટણ કર્યું.

૯૩૬ હિજરી દક્ષિણની ચઢાઈ.

સન **૯૩૭** માં **વાખડાના** રાજ્યને હસ્ત કરવા ચઢાઈ કરી અને ત્યાંથી ઇતિહાસ (સિકંદરી)માં વિસ્તારથી લખ્યા પ્રમાણે **માંડુગઢ તાબે કરવા** ગયો. કેટલાક દિવસ વિત્યા પછી શુબરાત **માસની** તારીખ ઓગણત્રીશ સને મજકુરમાં સુલતાન પોતાની જાતે કેટલાક માણસો સહીત કિલ્લાની દીવાલ કે જે ઘણી ઉંચામાં ઉંચી હતી તેનાપર ચઢી **માંડુગઢના** કિલ્લાને ફતેહ

૯૩૭ હિજરી. વાખડા તથા માંડુગઢની ફતેહ.

---

૧ તારીખ બહાદુરશાહીની આ ઠેકાણે ખોટ છે.

કર્યો. **સુલતાન મેહેમુદ** જે **માંડુગઢ**ના કિલ્લાની ચોકી કરતો હતો તે નાસીને પોતાના મેહેલમાં આવ્યો અને મોહર્રમ માસની તારીખ ૧૨ મીએ સન ૯૩૮ માં **મેહેમુદખિલજીએ પોતાના કુંવરોસહીત આવી સુલતાનનું ઉપરીપણું કબુલ કર્યું** અને સુલતાનબહાદુરે મેહેમુદ ખિલજીને તેના કુંવરો સાથે **અલફખાન, ઈકબાલખાન તથા આસેફખાનને** હવાલે કર્યા કે એમને ગુજરાત લઇ જાઓ.

૯૩૮ હિજરી.

આ મજકુર સરદારોને **દાહોદ**ની પાસે કે જે ગુજરાતની સરહદઉપર છે તે **પાલ**ના રાજા તથા કોલીઓ સાથે કે જે સુલતાન મેહેમુદ ખિલજીને મુક્ત કરાવવા ભેગા મળ્યા હતા ત્યાં લડવાની જરૂર પડી અને ઝપાઝપીમાં **મેહેમુદ ખિલજી મરાયો.** માંડુગઢનો આખો દેશ સુલતાન બહાદુરના તાબામાં આવ્યો. ત્યાં કિલ્લેદાર તથા ફોજદાર નિમી દીધા અને તે વર્ષની વર્ષાઋતુ વગરચિંતાએ માંડુગઢના કિલ્લાઉપર ઘણા એશઆરામથી પસાર કરી.

સન **૯૩૯** ના સફર માસની તારીખ ૯ મીએ **બુરહાનપુર તથા આસીર**ની ભેટ લેવાને નિકળ્યો ત્યારે **અહમદનગરના નિઝામશાહને બાદશાહી છત્ર આપી નિઝામશાહની માનવંતી પદવી આપી.** અને (ત્યારપછી જે, તે તખ્તઉપર બેસતો તે નિઝામશાહના નામથી ઓળખાતો ) **મુહમ્મદખાન આસીરવાળાને મુહમ્મદશાહની પદવી બક્ષિશ કરી.** ત્યારપછી તેણે **ઉજ્જેનના રાજા સલહદી** ઉપર ચડાઇ કરી તેમાં છેવટે **સલહદી કેદ પકડાયો** અને સુલતાને ઉજ્જેન આવી ઉજ્જેન તાબાના દેશને **દરખાખાન માંડોલીને** હવાલે કર્યો.

૯૩૯ હિજરી.

બુરહાનપુર તથા આસીર.

અહમદનગરના નિઝામશાહને બાદશાહ બનાવ્યો.

ઉજ્જેનથી કુચ કરી **સારંગપુર** આવી તે જગ્યાને **મલુખાનના તાબામાં મુકી** ત્યાંથી **ભીલસા** કબજે કરી **રાયસીન** પાસેની નદીઉપરના કિલ્લા નજીક ઉતારો કર્યો. **રાયસીન** આ વખતે સલહદીના ભાઇ **લખમીસીન**ના તાબામાં હતું. તે કિલ્લો લેવા માટે સુલતાને પોતાના સરદારોને મોરચા સોંપ્યા. **રૂમીખાન** કે જે ગોળીબહારના કામમાં ઘણોજ ચાલાક હતો તેણે **તોપના એક બહારથી** પલકવારમાં એક બુરજને પાયમાલ કરી નાખી,

અને બારહજાર સિપાહીઓ કે જેઓ સુલતાનના નોકર હતા તેમણે કિલ્લાની દીવાલને ખાતર દઇ એક તીરના પળ જેટલી રાખી ઉડાડી દીધી. આ જોઇ સલહદીએ સુલતાનની સેવામાં કહેવડાવ્યું કે **હું મુસલમાન થાઉંછું અને કિલ્લો ખાલી કરી સ્વાધિન કરૂંછું.** આ સાંભળી **લખમીસીને** સલહદીને કહ્યું કે શામાટે કિલ્લાને હાથથી ગુમાવે છે ? મારો દીકરો **ભુપત,** રાણાની પાસે ગયો છે, રાણાના ચાળીસહજાર સ્વારો અને અગણીત પેદલો પોતાની સાથે મદદમાટે લાવે છે માટે કુમક આવતાં સુધી આપણે ટાળમ ટાળી કરીએ. જેથી સલહદીએ આવીને સુલતાનને અરજ કરી કે આજે લખમીસીનને રજા આપશો અને કાલે કિલ્લો હવાલે કરશે, સુલતાને રજા આપી. બીજે દિવસે ગઇકાલના

બહાદુરી.

કરારમાંનું કંઇ જણાયું નહિ અને **કુમક કરવામાટે રાણાના આવવાની ખબર સુલતાનને થઈ** જેથી તેણે **મુહમ્મદશાહ આસિરવાળાને** તથા [1]**ઇમાદુલમુલ્કને** રાણાની સામા ગોઠવી દીધા. ઈમાદુલમુલ્કે, ભારે લશ્કરથી રાણાના આવવાની ખબર સુલતાનને કરી દીધી તેથી સુલતાન **ઈખ્તીઆરખાનને** ઘેરાનું કામ સોંપી પોતે જલદ કુચથી ત્યાં ગયો. ( એવું કહેછે કે તે અહર્નિશમાં સિત્તેર ગાઉ કાપતો હતો.) તે ત્રીશ સ્વારોસાથે લશ્કરને જઇ મળ્યો. રાણાના જાસુસોએ સુલતાનના આવી પહોંચવાની ખબર રાણાને કરી; તે સાંભળતાંજ

રાણાની સ્થિતિ.

યુદ્ધની અશક્યતા દેખાડી પોતે એક મીજલ પાછળ રહ્યો અને પોતાના ભરોસેદાર માણસને સુલતાનની સેવામાં મોકલી અનહદ કાલાવાલા કહેવરાવ્યા. આમ કરવાનું કારણ માત્ર એ હતું કે આવાં બાનાં કરી તજવીજ કરવી કે સુલતાન પોતે આ લશ્કર-માં આવેલ છે કે નહિ ? આ વેળાએ વળી એક એવી ખબર ફેલાઈ કે ગુજરાતથી **અલગખાન** છત્રીશહજાર સ્વારો, તોપખાનું અને ઘણા હાથીઓ લઇને આવી પોહોંચ્યો છે. **રાણાએ તરતજ અવળે ડંકે નાસવા માંડયું,** સુલતાન પણ તેની કેડે દોડ કરીને ઘણીજ ઉતાવળે **ચિતોડ** પોહોંચ્યો, પરંતુ રાણો સુલતાનના

રાણો નાઠો.

આવી પોહોંચ્યા આગમચ કિલ્લામાં પેસી ગયો હતો.

---

[1] સિકંદરને ઠાર કર્યાથી ઈમાદુલમુલ્કને શુળી મળ્યા પછી દરબારથી એ પદવી બીજા અમીરને મળી.

**સુલતાને કહ્યું ખુદાની મરજી હશે તો, રાયસીનથી પરવારીને ચિતોડના કિલ્લાને ફતેહ કરવાનું આરંભીશ;** ત્યાંથી

રાયસીનની ફતેહ.

રાયસીન આવ્યો. કીલ્લે ભરાયલા રાણાના માણસો મદદથી નિરાશ થએલા હતા તેથી કિલ્લો ફતેહ થઈ ગયો, એનું વર્ણન સિકંદરીમાં વિસ્તિર્ણ છે.

રાયસીન જીતાયા પછી સઘળી વસ્તી જે **સલહદીના** તાબામાં હતી. જેમકે **ભીલસા ચંદેરી** વિગેરે ને **સુલતાન આલમ લોદી** કે જે સુલતાન સિકંદર લોદીનો સગો હતો, અને મરહુમ **હુમાયુ બાદશાહ**ના તખ્તનશીન થવાથી **કાલપીમાંથી** તેને કાઢી મુકયો હતો, તેથી બાર હજાર સ્વારોસહીત સુલતાનને આશરે આવ્યો હતો. તેને મેળવવા **મુહમ્મદશાહ આસીરવાળા** ઉપર હુકમ કર્યો કે **કાકરૂન** કે જેને રાણાએ સુલતાન મુહમ્મદ પાસેથી પડાવી લીધું હતું તેને લઈ લેવું, અને સુલતાન બહાદુરે **કુંડવાલા** ભણી હાથીઓના શિકારને વાસ્તે ઘણા હાથીઓ પકડી **કાનોરના કિલ્લાને એક દિવસમાં લઈ** તેને **અલેફખાનને** હવાલે કર્યો. **ઇસલામાબાદ, હુશંગાબાદ** અને **માલવાની** કેટલીક વસ્તીઓ કે જે તે હદોની સાથે સંબંધ રાખતી

માળવા સર કર્યું.

હતી તેમને પોતાના ઉપયોગમાં લઇ ત્યાંથી પાછો ફરી **સારંગપુર** આવ્યો, અને ત્યાંથી **કાકરૂન** ભણી કે જેને અત્યારસુધી **મુહમ્મદશાહ આસીરી** લઇ શકયો નહોતો ત્યાં ગયો **ત્યાં પોહોંચતાંજ કિલ્લો ફતેહ થઇ** ગયો અને ત્યાંથી **મલેક ઈમાદુલમુલ્કને મંદેસુર** સોંપ્યું, તેણે તે ફતેહ કર્યું અને સુલતાન પાછો ફરી પોતાની રાજધાની તરફ ચાલ્યો.

જ્યારે મુહમ્મદાબાદમાં આવ્યો ત્યારે કેટલેક દિવસે દીવબંદરથી ખબર આવી કે **ફિરંગીલોકો**[1] વહાણો અને ઘણા યંત્રો

પોર્તુગીઝો અને સુલતાન.

લઇ તે જગ્યા લેવાને આવ્યા છે, સુલતાન દોડીને રાતોરાત **ખંભાત** આવ્યો, સુલતાનના આવી પહોંચવાની ખબર સાંભળી ફીરંગીલોકોએ કાયમ રહેવાના બદલે ફરાર (નાસવાને) ને પસંદ કર્યું. સુલતાન દીવબંદર ગયો અને ત્યાંથી બે તોપો કે જે ઘણી મોટી હતી અને બીજી સેના પોતાની

---

૧ **પોર્તુગીઝ**—ઘણી વખત હગાઇઓ કરેલી તેથી નાકબુલ થઈ.

ચિતોડને ફતેહ કરવાને મનસુબે મુહમ્મદાબાદ મોકલાવી અને પોતે અહમદાબાદ આવ્યો અને ત્યાંથી જલદ કુચે એક દિવસમાં મુહમ્મદાબાદ આવ્યો.

મુહમ્મદશાહ આસીરીને હુકમ લખ્યો કે આસીરથી ચિતોડનો કિલ્લો ફતેહ કરવા સારૂ તમારે રવાને થવું અને ખુદાવંદખાનને હુકમ ગયો કે ચિતોડ તરફ કુચ કરી જાઓ. જ્યારે તેઓ માંડુગઢ પોંહોંચ્યા ત્યારે રાણાના વકીલોએ આવી અરજ કરી કે, સુલતાન જે સેવાનીઆજ્ઞા કરે તે બજાવીને પ્રાણ થકી ઉપકાર માનવાને અમે તત્પર છીએ, અને ચિતોડના હસ્ત કરવાનો મનસુબો માંડીવાળો. તેમની પ્રાર્થના સ્વીકાર થઇ નહીં અને સુલતાની સન્યાએ ચિતોડના કિલ્લાને ઘેરી લીધો, અને કિલ્લેબંધ લોકો ઘણા હેરાન થવા લાગ્યા. છેવટે સાંકાના દીકરા વિક્રમાજીતની માતુશ્રી કે જેણે પેહેલા વખતમાં સુલતાનના પ્રાણનું રક્ષણ કર્યું હતું તેના કાલાવાલા કર્યા. સોનાનો કમરપટો, મુકુટજડીત્ર તાજ જે સુલતાન મેહેમુદ ખિલજીનો હતો અને જેની કિમતવિષે ઝવેરી લોકોને અટકળ થતી નહોતી અને સઘળું સુલતાન મેહેમુદના પરાજયને દિવસે રાણાના હાથમાં આવ્યું હતું તે સહીત પાંચ કરોડ ટંક્યા એટલે પાંચ લાખ રૂપીઆ થાયછે. સો ઘોડા, અને દશ હાથી પેશકશીના લઇ ત્યાંથી સુલતાન કુચ કરી ગયો. અને ત્યાંથી મલેક બુરહાનુલમુલ્ક અને મુજાહિદખાનને ભારે લશ્કરસહીત રણથંબુરનો કિલ્લો સર કરવાને અને મલેક શમશીરૂલમુલ્કને બારહજાર સ્વારોથી અજમેરનો કિલ્લો લેવા મોકલ્યા પછી પોતે ચાર દિવસમાં મેદસર પોહોંચ્યો અને એક દિવસ મુકામ કરી લશ્કરને મંડુગઢ ભણી રવાને કર્યું, અને બે દહાડા પછી પોતે ત્યાંથી જલદ સ્વારી કરી એક અહોનીશમાં સાઠ કોસ કાપી માંડુગઢ આવ્યો.

ચિતોડની ચઢાઈ.

વાહરે શૂરા ચિતોડીઆ.

રાણાની પેશકશી.

રણથંબુર અને અજમેર ઉપર ચઢાઇ.

કેટલાક દિવસ પછી મુહમ્મદશાહ ફારૂકી અને આસીરવાળાને ગુજરાતના નામીચા સરદારો સહીત નિઝામુલમુલ્ક દક્ષિણી ઉપર મોકલ્યો. મુહમ્મદશાહની નિઝામુલમુલ્કથી સપડા કસબા આગળ લડાઇ થઇ, મુહ-

મ્મદશાહે ત્યાંનું વત્તાંત ઘણી ઉતાવળે ચાલનાર કાસદો સાથે સુલતાનની સેવામાં મોકલાવ્યું. અરજી પોહોંચતાંજ સુલતાન બારહજાર શૂરાઓ સહીત જલદ કુચથી રવાને થયો, અને એવા અવસરે સપદા કસબા આગળ પોહોંચ્યો કે બેઉ લશ્કર સામસામાં ધીંધાટો કરી રહ્યાં હતાં. સુલતાનનાં પગલાં થવાની ખબર સાંભળી શત્રુઓ નાસી ગયા. કેટલાક દિવસે **નિઝામશાહ આવી સુલતાનને ભેટયો અને તેનું રાજ તેને પાછું ઈનામ કરી દીધું.** પછી પોતે માંડુગઢ આવ્યો, નિઝામશાહ કેટલીક મીજલ સુધી સુલતાનની સેવામાં હજર રહ્યો, પછી તેને વિદાય કર્યો.

નિઝામશાહને રાજ પ્રાપ્તી.

સુલતાનને ફરીથી ચિતોડની શંકા ઉત્પન્ન થઇ, ભોગજોગે તે કાળમાં **સુલતાન હુસેનમીરજા બાદશાહ (ખુરાસાનના બાદશાહનો ભત્રીજો મુહમ્મદખાન મીરજા)** કે જે હુમાયુબાદશાહનો ઘણા પાસેનો સગો હતો તે, લાગ જોઇ સુલતાન બહાદુરની સેવામાં આવી પોહોંચ્યો એ કારણથી શ્રી સ્વર્ગધામીનું મન ખાટું થઇ ગયું જેથી મીરજાને પોતાના રાજ્યમાંથી કાઢી મુકવા અથવા મોકલવાવિષેના પત્રો બેવાર ચાલુ થયા. હવે આ પત્રોના મુસદ્દા મિરાતેસિકંદરી ઇતિહાસમાં નોંધ થએલા છે. **શત્રુતાની અગ્નિ બે બાદશાહોમાં ભડકી ઉઠી.**

ટુંકામાં સુલતાન બહાદુરે **માંડુગઢથી** ચિતોડ જીતવાના નિશાનો ઉડાવ્યા અને યુદ્ધનો મુખ્ય ઉપરી **રૂમીખાનને** બનાવ્યો અને તેની સાથે કરાર કર્યો કે જીતી લીધા પછી મજકુર કિલ્લો તેને સોંપવામાં આવશે. તેજ અરસામાં એવું સંભળાયું કે શ્રી સ્વર્ગધામી સુલતાનબહાદુરથી યુદ્ધ કરવાને **ગ્વાલીઅર મુકામે** આવ્યા છે. તે જ્યારે સુલતાન બહાદુર ચિતોડની ફતેહથી પરવાર્યો અને કિલ્લેબંધ થએલા ધર્મશત્રુઓને ઠેકાણે પાડી દીધા ત્યારે ત્યાં થોભ્યો કે હવે શું થાયછે તે જોવું. જ્યારે એ સ્વર્ગધામીના મનસુબાથી સુલતાનને ખબર થઇ ત્યારે **તાતારખાંને** ત્રીશહજાર સ્વારોથી નેમ્યો કે **બ્યાનાનીએનથી** દિલ્લીના સુબાઉપર જવું.

તેમાં એવો હેતુ હતો કે જો શ્રી સ્વર્ગધામી ગુજરાત ઉપર આવે તો તે દિલ્લીમાં જઇ કબજે કરી લે, તો લાચાર થઇ તે શ્રીમંત ઇશ્વિર ઇશ્વર કહી પાછા ફરશે, ખુદાની ધારણા જુદીજ હતી. તાતારખાનની અક્કલ ન પોહોંચ્યાથી આ પ્રમાણે ન બન્યું, અને તેના ભાઇએ, **હિંદલમીરજાએ**

તેને હરાવી દીધો.

ટુંકામાં ઘેરાએલા ચિતોડના કિલ્લાવાળાને રીબાવવા લાગ્યા, અને ચિતોડ જીતાયું, અને વાયદાપ્રમાણે ચિતોડનો કિલ્લો કેટલાંક કારણોને લીધે રૂમીખાનના તાબામાં મુકવામાં નહીં આવ્યો તેથી તેને પ્રાણથી લાગી ગઇ અને છાનીમાની અરજી શ્રી સ્વર્ગધામીને લખી અને સુલતાનને હેરાન કરવા લાગ્યો, એની પુરી હકીકત સિકંદરીમાં લખી છે. **સુલતાન મેહેમુદ** કેટલાક માણસ લઇ **માંડુગઢના કિલ્લા તરફ આવ્યો**, તે કિલ્લાને પણ શ્રી સ્વર્ગધામીએ ફતેહ કરી લીધો, સુલતાન બહાદુરે મહામેહનતે પોતે **ચાંપાનેરના કિલ્લામાં પહોંચ્યો** તે જગ્યા **ઈખત્યારખાન** તથા ઘાયલ થએલા **રાજા નરસિંગદેવને** સોંપી **ખંભાતની વાટે સોરઠ દેશમાં આવ્યો અને ત્યાંથી નિકળી દીવબંદરમાં જઇ ભરાયો** અને શ્રી સ્વર્ગધામીએ થોડાજ કાળમાં ચાંપાનેરને પણ સર કરી લીધું અને તે શ્રીમંત, શેહેર અહમદાબાદમાં આવી પોતાના ભાઇ **મીરજા અસકરીને અહમદાબાદમાં, કાસમબેગને ભરૂચ સેરકારપર, યાદગાર નાસિરામરજાને સરકાર પાટણ ઉપર, અને બાબાબેગ જલાઇને ચાંપાનેરના કિલ્લામાં મુકી**–શેરખાનપઠાણ કે જેણે શેરશાહનું પદ ધારણ કર્યું હતું તેની ખટપટને લીધે પોતે **આગ્રા**ની રાજધાની તરફ ગયા.

ચિતોડ પડયું.

સુલતાનની પડતી હાલત.

હુમાયુની જીત તથા બંદોબસ્ત.

આ વેળાએ બહાદુરશાહના સરદારો જેવા કે **મલેક અમીન** કે જેને રણથંબુર કિલ્લાની સત્તા અપાઇ હતી **અને બુરહાનુલમુલ્ક બનસાની ચિતોડના કિલ્લાનો અધિકારી અને શમશીરૂલમુલ્ક અજમેરના કિલ્લાનો અધિકારી** તે બન્ને એક બીજાની મસલતથી લગભગ વીસહજાર સ્વારનું લશ્કર લઇ **પાટણની હદમાં** આવી પોહોંચ્યા, અને સુલતાન બહાદુરને અરજ કરી કે જો આજ્ઞા હોય તો **યાદગાર નાસીરમીરજાથી** યુદ્ધ મચાવીએ. સુલતાને ઉત્તર દીધો કે **લગભગ હું પણ આવી પોહોંચ્યો જાણજો.** ત્યાંસુધી લડાઇ કરશો નહીં. ત્યારપછી તે આવી પોહોંચી લશ્કરથી મળી ગયો. **સરહદમાં સુલતાનના આવી પોહોંચ્યાની**

હુમાયુનો પાટણનો સુબો નાઠો.

**વાત સાંભળી, યાદગાર નાસીરમીરજા અખાડા કરી નાસીને અહમદાબાદ આવ્યો.** આ ખબર સાંભળી સુલતાનની વિખરાએલી સૈન્યા દરેક ઠેકાણેથી આવી સુલતાનની સેવામાં ભેગી મળી, સુલતાને અહમદાબાદ તરફ કુચ કરી.

મિરજાઅસકરી વિગેરેની સુલતાનસાથે **મેહેમુદાબાદ મુકામે લડાઇ થઇ.** હવે પારકા દેશમાં રહેવું કઠણ જાણી
**મિરજાઅસકરી તથા બીજા અમીરો** શ્રી દીલ્લીનું દોર દુર થઈ ગયું.
સ્વર્ગ મુકામીની સેવામાં પાછા પગે પોહોંચી ગયા.
મિરજાઅસકરી અને બીજા અમીરોનું ગુજરાતના દેશમાં થોભવું **નવ માસ અને કેટલાક દિવસ સુધી રહ્યું.**

સુલતાન બહાદુર ચાંપાનેરમાં રહ્યો તે, **ફિરંગીલોકોના તોફાન અને દીવના ટાપુમાં કિલ્લો બાંધવાવિષે** ઘણી અફસોસી કરતો હતો અને તેઓને કાઢી મુકવાના પ્રયત્નોવિષે વિચાર કરતો હતો. મજકુર ટાપુમાં ફીરંગીઓના કિલ્લા બાંધવાવિષે ઇતિહાસ(સિકંદરી)માં લખ્યું છે.

એવું કહેછે કે જ્યારે ફિરંગીઓથી કેટલીક વખતે મિલાપો થયા તે વખતે તે ધર્માચાર હુલ્લડખોરોએ **સુલતાનને મારી નાખ્યો અને સમુદ્રમાં નાખી દીધો**[1] તે દિવસથી દીવબંદરનો ટાપુ ફિરંગીઓના હાથમાં ગયો. આ બનાવ તારીખ માહે રમજાન સન ૯૪૩માં બન્યો. ઇખતીઆરખાં પ્રધાને આ બનાવનું વર્ષ
**સુલતાનુલબરે, શાહીદુલબહરે** કાઢ્યું છે, એટલે તારીખ ૩ રમજાન એ
પૃથ્વીપતી સમુદ્રમાં મરાયો. એનું રાજ્ય અગ્યાર વર્ષ બાદશાહી કુટુંબમાં
અને ઉમ્મર એકત્રીશ વર્ષની હતી.[2] બનાવનો દિવસ છે.
૯૪૩ હિજરી.

આ દુઃખી બનાવ પછી ઉંચા વિચારના પ્રધાનો અને નામાંકીત સરદારોએ **મુહમ્મદશાહ ફારૂકી કે જે આસિર અને બુરહાનપુરનો બાદશાહ હતો** તેને લખ્યું કે આવીને તખ્તનશીન થાઓ. એ બાદશાહ સુલતાનનો ભાણેજ હતો અને તે વખતે સુલતાનની આજ્ઞાથી ૭૦ હજાર

---

૧ પોર્તુગીઝ રાજ્યને મોટો ડાઘ લાગ્યો કે જે કદી ધોવાય નહીં. ગુજરાતને ઘણો ધક્કો પોહોંચાડયો કે જે તેની દોલતના ખરેખરા હીરાનો નાશ કર્યો. વાહરે દગલબાજ!!!

૨ જો વધારે જીવ્યો હોત તો ઘણો લાભ થાત.

**સવારો સહિત ઉજન શહેરની હદમાં હતો.** સુલતાને પોતાના જીવતાં તેને પાટવી બનાવ્યો હતો. એક દિવસ તખ્તઉપર બેસી સઘળા પ્રધાનો તથા દરબારીઓને આજ્ઞા કરી કે, એને પાટવી માનવો જોઇએ. સઘળાએ મજકુર આજ્ઞાને સ્વિકારી. સુલતાનના ખેદકારક મૃત્યુની ખબર દઇ અરજ કરી કે સુલતાનના પેટે પુત્ર નથી જેથી તખ્તના માલીક આપ છો, માટે આ તરફ પધારશો.

આ વેળાએ **મુહમદઝેમામિરઝાને** ગુજરાતના રાજ્યનો લોભ ઉત્પન્ન થયો. એ વખતે મજકુર મિરઝા **દીવબંદરથી ત્રણ ગાઉપર આવેલા ઉના ગામમાં** હતો. અમીરો એ ધારણાથી માહીતગાર થયા. **ઇમાદુલમુલ્ક શુરાનું લશ્કર** લઇ મિરજા ઉપર ગયો, મજકુર ગામની હદમાં ઝપાઝપી થઈ, મીરજા હાર ખાઇ જતો રહ્યા. પરંતુ જ્યારે સુલતાન બહાદુરના કપાઇ જવાના સમાચાર વિષેના બનાવની સરદારોની અરજી **મુહમદશા ફારૂકીને** પોહોંચી ત્યારે તેવિષે કોઇને કંઇપણ જાણ કરી નહીં અને **શોકગ્રહમાં** બેસવા લાગ્યો. આથી સુલતાનના વિયોગવિષે એટલું દુઃખ અને શોક ઉત્પન્ન થયાં કે ૭૦મે દિવસે સુલતાનના મૃત્યુથી આયુષરૂપી રાચરચીલું તજીને તેણે આ સંસારનો ત્યાગ કર્યો.

જ્યારે મુહમ્મદશાહના જન્નતનશીન થવાની ખબર ગુજરાતના સરદારોને થઇ કે **મેહમુદખાન બિન લતીફખાન સુલતાન બહાદુરના ભાઈ ભત્રીજા શીવાય** બીજો કોઈ વારસ નથી એવું સર્વ અનુમાને નક્કી ઠર્યું.

**મેહમુદખાન** સુલતાનના હુકમને અનુસરી મુહમ્મદશાહ ફારૂકીની કેદમાં હતો, તેને **બતાવલ** કસબો કે જે ખાનદેશ તાબામાં છે ત્યાં **શમસુદ્દીનના** હવાલે કર્યો હતો તેથી ગુજરાતના અમીરોના લખ્યા પ્રમાણે શમસુદ્દીને મેહેમુદખાનને ગુજરાત તરફ મોકલી દીધો, કે જેથી પોતાના બાપદાદાના દેશમાં જાથુક જામી જાય.

એ પણ જાણવાજોગ છે કે સુલતાન બહાદુરના બનાવની ખબર ચારે તરફ ફેલાઇ ગઇ, અને સુલતાન બહાદુરના પરાજય પછી ઘણા તોફાનો અને ભારે ટંટાઓ ગુર્જર દેશમાં પેદા થઇ ગયા. **દક્ષીણના બાદશાહોની પેશકશી (ખંડણી) અને તેમજ ફિરંગીઓના બંદરોનું મેહેસુલ** કે જે આ ઇતિહાસમાં લખાયું છે. **તે મુદ્દલ બંધ થઈ ગયું.**

અરે બહાદુર કયાં ગયો રાંડ કરી ગુજરાત
ખોટ એ પુરાઇ નહીં, બગડી ગઇ સૌ વાત.

# બીજો સુલતાન મેહેમૂદ—મેહેમૂદખાન

## (સુલતાન મુઝફ્ફર હલીમના દીકરા લતીફખાનના કુંવર)નું રાજ્ય.

સન ૯૪૩ હિજરીમાં અગ્યાર વર્ષની ઉમ્મરે સુલતાન મેહેમુદ ગાદી ઉપર બેઠો, એનું નામ બીજો સુલતાનમેહેમુદ પડ્યું, અને ખુતબા(પ્રાર્થના)માં તથા સિક્કાઓ ઉપર સુલતાનનો શબ્દ નાખ્યાથી શોભાયમાન થયા. પ્રધાનપણાનું જોખમભરેલું કામ **મલેક ઇમાદુલમુલ્કને** સોંપવામાં આવ્યું, અને [1]**દરીઆખાન** મોટા સભાપતીની પદવીના નામને પામ્યો. એ બેઉ એક બીજાથી હળી મળીને પ્રધાનપણું તથા સુલતાનના રક્ષણનું કામ કરતા. કાચી ઉમર હોવાને લીધે તેને તપ્તબંધ રાખતા હતા, ઉપર કહેલા અમીરો શિવાય કોઇની સુલતાનની પાસે જવાની મગદુર નહોતી. ખાન પાન અને વસ્ત્ર જે તેઓ મોકલાવતા તેનોજ તે ઉપયોગ કરતો. આ ધારાથી સુલતાન ઘણી ઇજા પામતો હતો, પરંતુ ઘણી ચપળ બુદ્ધી અને ભારે સમજણને લીધે મને ખોટું લાગે છે એવું બહાર પડવા દેતો નહોતો, અને પોતે રમત ગમત તથા શિકારમાં એટલો બધો શોખ રાખતો હતો કે જાણે લશ્કર તથા રાજ્યની તેને કંઇપિણ પરવાજ નથી. ગુપ્ત તથા પ્રસિદ્ધ રીતે કહેતો હતો કે જે બાદશાહના ઇમાદુલમુલ્ક અને દરીઆખાન જેવા પ્રધાન હોય તેણે શાવાસ્તે માથાફોડ કરવી જોઇએ? કોઇવેળા કહેતો કે ખરે મક્કા કેવી જગ્યા હશે અને મદીના કેવું ધામ હશે? આવાં વચનો સાંભળી પ્રધાનો રાજી ખુશી થઇ મન દઇને રાજ ચલાવતા અને સુલતાન પોતાને મોટા ડહાપણ અને કાળને અનુસરીને ઘેલો ગાંડો બનીને જે કંઇ ભલા તથા છાના મીઠાં કડવાં કૃત્ય જોતો અને સાંભળતો તેને પુરેપુરા કમી તથા વધારો કર્યાશિવાય પ્રધાનોને કહી દેતો. એથી તેઓ સુલતાનથી અચરતી પામતા હતા. એક વખત વિત્યા પછી દરીઆખાનના મનમાં આવ્યું કે ઇમાદુલમુલ્કનો કાંટો વચમાંથી કાઢી નાખી રાજ્યસત્તાની લગામ પેતાને હાથે પકડવી.

૯૪૩ હિજરી.

---

[1] મોટા ઉંચા ઘુમટવાળા દરીઆખાન ભતોનો શાત.

શિકારને બહાને સુલતાનને **મહીનદીને** કાંઠે, કે જે **શહેરથી ત્રીશ ગાઉ ઉપર છે ત્યાં** લઈ ગયો અને ઘણું લશ્કર આસપાસનું ભેગું કરી ઇમાદુલમુલ્કને સંદેશો કહાવ્યો કે 'સુલતાને હુકમ કર્યો છે કે અહમદાબાદથી તમારે બહાર નિકળવું અને તમારી જાગીરમાં જઇ રહેવું' આથી ઈમાદુલમુલ્ક લાચાર થઇ પોતાના જાગીરી મહાલ **ઝાલાવાડ**માં ગયો, અને દરીઆખાન સુલતાનને લઇને ઇમાદુલમુલ્કની કેડે લાગ્યો અને જતાં જતાં **બુરહાનપુર**ની હદસુધી ગયો અને **મુબારકશાહ**ને કહાવી મોકલાવ્યું કે ઇમાદુલમુલ્કને પકડી અત્રે મોકલવો, જ્યારે મુબારકશાહે આ પ્રમાણે ન કર્યું ત્યારે બેઉમાં યુદ્ધની વેળા આવી.

**દામગીરી** નજીક રણસ્થંભ રોપાયા, એમાં **મુબારકશાહ**ની હાર થઇ અને તે નાસીને **આસીર**ના કિલ્લામાં ભરાયો, અને તેના નામીચા હાથીઓ અને રાજ્ય માલમતા સુલતાન મેહેમુદના હાથમાં આવી. ઇમાદુલમુલ્ક ત્યાંથી નાસી **માંડુગઢ**માં માલવાના રાજકર્ત્તા **કાદરબાદશાહ**ની પાસે ગયો. સુલતાન થોડાક દિવસ બુરહાનપુરમાં રહ્યો, અને છેવટે એવી શરતથી સુલેહ થઇ કે **બુરહાનપુર** અને **આસીર**માં ખુતબામાં (પ્રાર્થના) તથા સિક્કા ઉપર બીજા સુલતાન મેહેમુદનું નામ રાખવું.

સુલતાનની મુબારકશાહ ઉપર ફતેહ.

દરીયાખાન સુલતાનને લઇને અહમદાબાદ આવ્યો, અને વગરહરકતે આખા ગુજરાત દેશને પોતાને કબજે લાવી મુક્યો. માત્ર બાદશાહીજ સુલતાન મેહેમુદની હતી. જેને તે નજરબંધ રાખતો હતો.

દરીઆખાનની સત્તા અને સુલતાનની દશા.

દરીઆખાન શોખીન હતો, તેથી મોજમજામાં રહેતો. તેણે સુલતાનની ખબર રાખવાનું કામ **આલમખાં લોધી**ને સોંપી દીધું હતું કે જે, તેના ભરૂસાનો અમલદાર હતો.

એવું કહેછે કે ઉત્તમ પરોપકાર જેવાં કે–ઈનામ, બક્ષીશ તથા જાગીરને લીધે શ્રીમંતથી લઈ ભીક્ષુકસુધી ગુજરાતની સઘળી પ્રજા દરીઆખાનથી રાજી અને આભારી હતી. એમ કહેવાય છે કે જમીનો (જાગીર આપવા અર્થે) વગર નામ લખેલી સનદો તૈયાર કરાવી તેપર બાદશાહની મોહોર કરાવીને પોતાની પાસે એવા મનસુબાથી રાખી મુકતો હતો કે હકદાર વારસને વાટ જોવાની

દરીઆખાનનો પરોપકાર.

મેહેનત ન પડે. તે આપતો હતો.

દરીઆખાને પાંચ વર્ષ સુધી ઘણા એશઆરામથી દિવસો ગુજાર્યા. જોકે સુલતાનના કાન ઉપર દરીઆખાનના ઘણા લંપટપણાની અને મોજમજાની ખબરો પોહોંચતી પરંતુ તેથી અજાણ્યો બની જઈ અખાડા કરી દેતો, અને દરીઆખાન હમેશાં સુલતાનની શી ઇચ્છા છે તે શોધતો હતો. જોકે સુલતાનની યોગ્યતા ખોળવામાં તેણે ઘણા પ્રયત્નો કર્યા પરંતુ કંઈ વાટ મળી નહીં, તેથી વારંવાર કહેતો હતો કે 'હું આ જુવાન માણસના કામમાં આશ્ચર્ય પામુંછું.' એટલે સુલતાનની યોગ્યતામાં ખરે એ નિપુણ, બુદ્ધિવાન અથવા તો ઉત્તમ પ્રકારનો મુર્ખ છે.

જોગ જોગે કેટલાક દિવસે આલમખાં લોદીએ દરીઆખાનથી પોતાની જાગીરમાં જવાની રજા લીધી અને તે તરફ ગયો. તેનું કારણ મિરાતે સિકંદરીમાં નોંધાએલું છે. દરીઆખાનનું એના તરફ મન નારાજ થયું હતું.

આ વખતે એવી ખબર આવી કે **ઈમાદુલમુલ્ક** માલવામાં કાદર બાદશાહ પાસે આવી ગયો છે અને તેની ઘણી મહેરબાની સંપાદન કરી છે. દરીઆખાને આ બનાવથી નારાજ થઇ કાદરશાહ ઉપર બીજા સુલતાન મેહેમુદ તરફથી હુકમ મોકલાવ્યો કે 'ઇમાદુલમુલ્કને પકડીને મોકલી દેવો અથવા પોતાના રાજ્યમાંથી કાઢી મુકવો' કાદરશાહે જોઇએ તેવો ઉત્તર ન આપ્યો તેથી દરીઆખાને ગુસ્સે થઈ જઇ, કાદરશાહ ઉપર ચઢાઇને અર્થે તંબુ ડેરા બહાર ઠોકયા. ખામંદરોલના મહેલો કે જે, કાંકરીઆ તલાવ નજીક છે તેમાં આવી ઉતર્યો અને સઘળું લશ્કર ભેગું કરવાને રાજ્યના ચોમેર આસપાસ હુકમો લખ્યા. તે પોતે દરરોજ દિવસનો પોહોર દહાડો ચઢે સુલતાનની સેવામાં એક બે ઘડી બેસી, પાછો શહેરમાં પોતાને ઘેર આવી મોજમજા માલતો. જ્યાંસુધી સુલતાન કાચી ઉમ્મરનો હતો ત્યાંસુધી દરેક રીતે અખાડા કરીને ચલાવી લઇ સહન કરી લેતો. પોતાને સત્તા નહીં તેથી નિત્યે દુઃખી રહેતો.

તે અહીં સુધી કે એક દિવસ સુલતાનને **સૈયદ મુબારક**[1] બુખારી સાથે નાચ, સભા અને રાગ સાંભળવાને આમંત્રણ કરી પોતાને ઘેર પધરાવ્યો. બેઉએ આખી રાત તમાશો જોયો. રાતના પાછલા ભાગમાં દરીઆખાન

---

૧ મેહેમુદાબાદ નજીક ભમરીઆ કુવાવાળા સૈયદ મુબારક.

ઉઠી એકાંતમાં ગયો. નૃતવાળીઓમાંથી એક ચંદ્રમુખીની સાથે નિદ્રાવશ થયો. સુલતાન તેવીજ રીતે એકલો સભામાં બેસી રહ્યો. આ નાલાયક ચાલથી સુલતાનનું મન નારાજ થયું અને સહનશક્તિથી સહી શકાયું નહીં, તેથી તેણે ધીમે રહી સૈયદ મુબારકને કહ્યું કે, 'આ દાસની અવિવેકત્તા જોઇ કે ? મને એકલો મુકી, દારૂ પીને, બાદશાહી વિવેકને કોરાણે મુકી, નિદ્રાવશ થયો છે.' સૈયદ મુબારકે અરજ કરી કે હજી સહનતા, સબુરી અને ગંભીરતાની વેળા છે, કે શું પરિણામ આવે છે તે જોવું. ભોગજોગે સુલતાનની મુસાફરી અને તેના તેવી હાલતમાં હોવાના ખબર આલમખાં લોધી કે જે, તે વખતે પોતાની જાગીરમાં હતો તેને પોહોંચી. તે દરીઆખાનથી ગુપ્ત રીતે બળતો હતો તેથી પોતાની જાગીર શહેરથી ત્રીશ ગાઉ ઉપર ધંધુકામાં હતી છતાં ત્યાંથી છાનોમાનો આવ્યો અને ગુપ્તરીતે સુલતાનને અરજ કહાવી કે 'જો સુલતાન મુજને અત્રે આવી મળે અને જે કાંઇ આજ્ઞા કરે તે પ્રમાણે વર્તવાને તૈયાર છું, અને વચમાંથી સત્તા લઈ પડેલાનો કાંટો કાઢી નાખું.' સુલતાન ચરજીનામી વાઘરી કે જે છેવટે મુહાફિઝખાનની પદવી પામ્યો. તેના કોલ કરારથી ખાતરી કરી બાવીસ સવારો સહીત ઘોડવહેલ[1] કે જે, આલમખાંએ મોકલાવી હતી તેમાં બેસી એકાંતે ખામંદ્રોલના મહેલમાંથી આલમખાનની પાસે ગયો. દરીઆખાન બીજે દિવસે સુલતાનના જવા વિષે ખબર મળ્યાથી ભારે અચંબામાં પડયો.

પરંતુ એના હાથમાં ખજાનાની કુચીઓ હતી તેથી એક જણ કે જે અમદાવાદ વસાવનાર સુલતાન અહમદના વંશમાં હતો તેને ખોળી કાઢી તેનું નામ સુલતાન મુઝફ્ફર મુકી, પ્રાર્થના તથા સિક્કામાં તેનું નામ પાડી લગભગ પચાસ સાઠ હજાર સવારો ભેગા કરી સુલતાન અને આલમખાનના મનસુબે બહાર પડયો. ભારે લડાઇ થયા પછી સુલતાન મેહેમુદની હાર થઇ અને દરીઆખાન પોતાના ઘડેલા બાદશાહની સાથે જય પામી ધોલકામાં આવ્યો. પરંતુ સુલતાન મેહેમુદના ગ્રહ બળીઆ હતા બીજીવારે પોતે હાર્યા છતાં ચોમેરથી માણસો થોકેથોક અને ટોળેટોળાં સુલતાન તથા આલમખાનની પાસે ભેગા થઇ ગયાં. અને દરીઆખાનના લશ્કરમાંથી પણ દરરોજ નિકળીને એમની પાસે જતા રહેવા લાગ્યા. થોડા

---

[1] તે વખતની બગી.

દિવસમાં મોટું લશ્કર ભેગું થઇ ગયું. **દરીઆખાને** જ્યારે એ પ્રમાણે જોયું ત્યારે **ધોળકા**માં પોતે રહેવું ઠીક ન ધાર્યું અને ત્યાંથી **અહમદાબાદ** આવ્યો. જ્યારે શહેર નજીક પોહોંચ્યો ત્યારે તેને શહેરમાં આવતો લોકોએ અટકાવ્યો. તે મહામુસીબતે અને ભારે સંકટે શહેરમાં દાખલ થયો અને રૈયત તથા લશ્કરીઓની પૂરસીઓ કરવા લાગ્યો તે છતાં લોકો નિકળીને સુલતાનની સેવામાં જતા.

દરીઆખાનને એવી શંકા ઉભી થઇ કે શહેરના લોકો મને પકડીને સુલતાન પાસે લઇ જશે તેથી પોતાના કુટુંબને તથા સારસરંજામને ચાંપાનેરના કિલ્લા ભણી મોકલાવી દીધું, અને પોતે **મુબારકશાહ** પાસે **બુરહાનપુર** ગયો. આ બનાવ સન ૯૫૦ હિજરીમાં બન્યો.

સને ૯૫૦ હિજરી.

સુલતાન મેહેમુદ અમદાવાદ આવી ત્યાંથી ચાંપાનેર તરફ ગયો અને દરીઆખાનની સઘળી રોકડ પોતાને હસ્ત કરી. તેમજ કિલ્લાને ઉઘાડી પાકે પાયે સુલતાન ચાંપાનેરમાં બેઠો અને પ્રધાનપણાનું કામ **મલેક બુરહાનુલમુલ્ક બંબાની**ને સોંપ્યું અને સૈન્યાપતીની પદવી **આલમખાન લોધી**ને મળી. ત્રણ માસ સુધી સુલતાનના ગ્રહો લાભકારી રહ્યા.

એક દિવસે આલમે સુલતાનને અરજ કરી કે 'ઇમાદુલમુલ્કને દરીઆખાને પોતાની દ્વેશબુદ્ધિને લીધે કાઢી મુક્યો હતો જો તેને બોલાવવાનો હુકમ હોય તો હાજર થઇને સરકારના પગે લાગે.' તેની અરજને અનુસરી સુલતાને આજ્ઞાપત્ર મોકલાવ્યો. **ચરજી**નામનો ચિડીમાર સુલતાનના હુકમો અને સંદેશા આલમખાં પાસે લઇ જતો તેને **મુહાફિઝખાં**નું[1] માનનામ મળ્યું સુલતાનનો સોબતી બન્યો અને તે અલ્પ બુદ્ધિનો માણુસ પોતાને શુભેચ્છક અને નિમકહલાલ જાણતો હતો. આ વેળાએ ઇમાદુલમુલ્ક પણ આવી સુલતાનની સેવામાં હાજર થયો. **ભરૂચ** તેમજ **સુરતબંદર** સહિત સરકાર તરફથી તેને જાગીરમાં અપાયાં. પોતાની ગોઠવણ તથા બંદોબસ્ત કરવા સારૂ જાગીરમાં જવાની તેને પરવાનગી મળી. ભોગજોગે એજ સમયમાં કે જ્યારે સુલતાન એક દિવસ મધુપાન કરી અતિ આનંદમાં હતો ત્યારે મુહાફિઝખાંએ યુક્તિ ઘડીને અરજ કરી કે જુના અમીરોને કાઢી મુકી નવા ભરવા જોઇએ.

---

૧ ડાભડીઆ કુવા પાસેની મસજીદવાળો.

(હમણુ બીજાઓનો ઇલાજ થાય ત્યાંસુધીમાં સુલતાને દિલ્લીના બાદશાહ સિકંદર લોધીનો ભાઇ અલાઉદ્દીન લોધી કે જે, સુલતાન બહાદુરના વખતમાં અત્રે આવીને નોકર રહ્યો હતો તેને અને શુજાઅતખાનને દરીઆખાન સાથે થએલી લડાઇમાં વચમાંથી કાઢી નાખવા જોઇએ એ વિષે સુલતાને કોઇપણ અમીર અથવા પ્રધાનોથી અભીપ્રાય લીધા શિવાય હુકમ કર્યો તેથી એ અમીરને ગરદન મારી શુળીએ લટકાવી દીધા અને પોતે એકાંતમાં બેસી રહી ત્રણ દિવસ સુધી કોઇથી મળ્યો નહીં.

ત્રીજે દિવસે આલમખાં લોધીએ ઇમાદુલમુલ્કને કહ્યું કે 'અલાઉદ્દીન લોધી અને શુજાઅતખાન આજ ત્રણ દિવસથી શુળી હેઠળ પડેલા છે. સુલતાનને અરજ કરી દાટવાની પરવાનગી મેળવો.' ઇમાદુલમુલ્ક દરબારમાં આવ્યો. ત્યાં ચરજી કે જેનું નામ મુહાફિઝખાન હતું તે સુલતાનની હજુરમાંથી બહાર આવીને પુછવા લાગ્યો કે 'તને તો જાગીરમાં જવાની પરવાનગી મળી છે છતાં પાછા આવવાનું શું કારણ છે?' ઇમાદુલમુલ્કે કહ્યું કે 'સુલતાનને અરજ કરો કે જો આજ્ઞા આપે તો અલાઉદ્દીન લોધીને દાટવામાં આવે' આ સાંભળી તે દુષ્ટે પોતાના મનથી હસીમાં ઝેર મેળવીને કહ્યું કે 'એ મલેક ! આજ તો એ બે લુણહરામો મરાયા છે પરંતુ થોડા વખતમાં સઘળાઓ એમને જઈ મળશે.' એ સાંભળતાં વારે ઇમાદુલમુલ્કના અંતઃકરણમાં અગ્નિ વ્યાપી ગઈ. જે સાંભળ્યું હતું તે વિષે આલમખાનને ખબર કરી અને કહ્યું કે 'જો થોડા દિવસ આયુષના ભોગવવા હોય તો આ દુષ્ટ ચરજીને ઠાર કરવો અને સુલતાનને નજર કેદ રાખવો.' આટલું કહી પોતે કુચ કરી જાગીરમાં જતો રહ્યો.

**આલમખાન** અને **વજીહુલમુલ્ક** વિગેરે અમીરો તથા સઘળા લશ્કરે એકમત થઇ ઠરાવ કર્યો કે 'જયાંસુધી ચરજીને ઠાર ન કરીએ ત્યાંસુધી સુલતાનને સલામ ન કરવી. પહેલાં અલાઉદ્દીન અને શુજાઅતખાંનને ભોંદાઇ દઇ સર્વ ભેગા મળી જે મસ્જીદ સુલતાની દરબાર પાસે હતી તેમાં આવી ભેગા મળીને બેઠા અને **સુલતાન** ત્રણ દિવસ અને રાત સુધી ઘેરાએલો રહ્યો. એવી રીતે ત્રણ એોહોનિશ પસાર થયા પછી છેવટે પાણી ખુટ્યું તેથી સુલતાને સંદેશો કહાવીને પુછાવ્યું, ત્યારે સઘળાએ સર્વાનુમતે મોં તથા મનથી કહ્યું કે 'અમે સુલતાનના સેવક છીએ, પરંતુ ચરજી જે હાલ દરબારી

થઇ પડ્યો છે, તે સુલતાની સેવાને યોગ્ય નથી માટે તેને અમારે હવાલે કરો.' સુલતાને કબુલ કર્યું નહીં, પણ છેવટે અમીરોને સલામની પરવાનગી આપી હુજુરમાં બોલાવ્યા. તેઓ પૈકી એકની ચરજીથી ઓળખાણ હતી તે થીતેણે તેને કહ્યું કે 'આ દરબારસભામાં તારે હાજર રહેવું ઘટતું નથી. આ અપમાનને નહિ ગણકારતાં તે સુલતાની કૃપાના અભીમાનને લીધે અને ગર્વના કારણથી રોકાયો નહીં ને આવીને સુલતાનના તખ્તની પુઠે ઉભો રહ્યો. આલમખાનની નજર તેની ઉપર પડી તે વખતે હાથમાંથી સજ્જ થઈ શકાય એવા અશ્વની લગામ જતી રહી અને પોતાના માણસોને ઇશારત કરી. ખાનની બીકને લીધે તે તખ્તની હેઠળ સંતાયો. તેના માથાના વાળ ઝાલી, ત્યાંથી તાણી લાવી તેના કકડે કકડા કરી નાખ્યા. સુલતાન અનહદ જુસ્સાથી ના કહેતો રહ્યો પણ કોઇએ સાંભળ્યું નહીં. આ બનાવથી સુલતાન બદલાઇ જઇ પોતાના હાથમાં જમધર લઇ મારવા લાગ્યો. તેના બેઉ હાથ ઝાલી લીધા તોપણ જરા સરખી નોક સુલતાનના પેટમાં પેસી ગઇ. તેજ વખતે તેના ઘાને બાંધી તેની સારવાર કરવા લાગ્યા. સુલતાન બીજી વખતે પહેલાં પ્રમાણે નજરકેદ થયો.

મુહાફિઝખાંનો અંત

આલમખાન તથા વજીહુલમુલ્ક તથા મુજાહિદખાન અને મુજાહિદુલ-મુલ્ક કે જેઓ મોટા સરદારો હતા અને વખતો વખત સુલતાનનું રક્ષણ કરતા હતા તેઓ અહમદાબાદ પોહોંચ્યા પછી પણ સુલતાનની ખબર રાખતા હતા. છેવટે મજકુર અમીરોમાં કુસંપ ઉત્પન્ન થયો અને સુલતા-નના રક્ષણવિષે બડબડાટ કરવા લાગ્યા.

એક દિવસે પોતપોતામાં વિવાદ કરી કહેવા લાગ્યા કે, કયાંસુધી આવા પ્રકારની સુલતાનની ચોકી કરવી જોઇએ? હવે મસલતની એ વાત છે કે, 'સુલતાનની આંખોમાં સળી ફેરવી બીજા કોઇ છોકરાને બેસાડવો જોઇએ. ખરૂં પુછો તો છોકરાને બેસાડવાની પણ શી જરૂર છે ? રાજયને પોતપો-તામાં વહેંચી લઈ, દરેક જણ પોતાની હદ ઉપર જઈ રહે.' એવી રીતે રાજ્ય વહેંચી લેવાનો ઠરાવ થયો કે ફલાણો મુલક ફલાણા જણે લેવો તે વિષે તેમનામાં ભાંજગડો ચાલી. **તાતારૂલમુલ્કે** સુલતાનને ગુપ્ત રીતે ખબર આપી, પાછલી રીતે સ્વાર કરાવી અમીરોમાં મોટા અમીર આલમખાન તથા વજીહુલમુલ્કનાં ઘરો લુંટી લેવાને હુકમ કર્યો જેથી તેમનું નાસવું અને તેવિષે વિસ્તારથી લંબાણ બનાન મિરાતેસિકંદરીમાં નોંધાએલું છે.

ટુંકામાં બીજી વાર ફરીથી સુલતાનના હાથમાં રાજ્યસત્તા આવી અને પ્રધાનપદની સત્તા સુલતાન બહાદુરના વખતમાં પહેલો પ્રધાન હતો તે [1]અફ્ઝલખાંબ'બાનીને અપાઇ. ખુદાવંદખાન તથા આસેફખાન અને એ.વીજ એક ટોળીના માનમાં વધારો થયો. પરંતુ જ્યારે આલમખાન બહાર નિકળી પડ્યો ત્યારે દરીઆખાન કે જે આ વખતે દક્ષિણના દેશોમાં ઘણી નિર્ધનતાથી દિવસ કાઢતો હતો તેને લખીને બોલાવી લીધો. તે આવીને ભરૂચમાં ઇમાદુલમુલ્કને મળ્યો. દરીઆખાનના આવવાની ખબર અને આલમખાનનો સંપ અને ઇમાદુલમુલ્કના મેળાપથી સુલતાનને કામ કાજની શંકા ઉત્પન્ન થઇ. આ વેળાએ ઇમાદુલમુલ્કની અરજી સુલતાનની નજરે આવી. તે એવી હતી કે આલમખાન તથા દરીઆખાન જુના આ સરકારના સેવક છે. હમણાં એ યોગ્ય નથી કે દિલ્લીના બાદશાહ શેરશાહની પાસે જાય. માટે તેઓને સરહદ ઉપર જાગીર આપવી, કે ત્યાં રહી સોંપેલી સેવા બજાવવાને આતુર રહે. સુલતાને પણ એ અરજને કબુલ રાખી, પરંતુ આલમખાનના ભાઇ તથા કુટુંબને વાસ્તે જરા વિચારમાં પડ્યો.

સુલતાનને ભારે ધારતી હતી કે રખેને દરીઆખાન, આલમખાન અને ઇમાદુલમુલ્ક એકસંપ થઇ હુલ્લડ ઉભું કરે, તેથી ઇમાદુલમુલ્ક ઉપર હુકમ લખ્યો કે, 'વેહેલાસર હુજુરમાં આવવું, કે જેથી તેઓ વિશે કંઇ ગોઠવણ કરવામાં આવે.' આ સંદેશો લઇ કતુબુલ અકતાબના વંશના સૈઇદ અરીશાને મોકલ્યો. તે પ્રમાણે બાર હજાર સ્વાર લઇ ચાંપાનેરમાં સુલતાનની સેવામાં તેઓ હાજર થયા અને સુલતાને તેમની ઉપર ઘણી મેહેરબાની બતાવી. થોડા દિવસ વિત્યા પછી ગ્રહભાવે અડધી રાત્રે કોઇએ બુમ ઉડાડી કે સુલતાની હુકમ થયો છે કે 'ઇમાદુલમુલ્કને પાયમાલ કરી નાખવો.' આ લોકોની વગરપાયાની ગપ ઉપરથી ચોતરફથી લોકોએ આવી ઇમાદુલમુલ્કને ખરાબખસ્ત કરી નાખ્યો. ઇમાદુલમુલ્કે અતિ સંકટે ને મહામહેનતે સૈઇદ મુબારકનો આશરો લીધો. સુલતાને એ બનાવથી ઘણો બદલાઇ જઇ જે લોકો એ કૃત્યના રચનાર હતા તેમનામાંના ઘણાખરાને પકડીને શિક્ષાએ પોહોંચાડ્યા, અને ઇમાદુલમુલ્ક ઉપર ઘણી મહેરબાની બતાવી. ઇમાદુલમુલ્કે મક્કે મદીને હજ કરવા જવાની રજા માગી, જે સુલતાને સ્વીકારીને સુરત મોક- ૯૫૨ હિજરી.

[1] સારંગપુર દરવાજા બહાર જેની ઘુમટી છે તે.

આવ્યો. ત્યાં આગળ તારીખ ૨૭ રમજાન સન ૯૫૨ માં ઇમાદુલમુલ્કની આયુષના સ્થંભોને તોડી નાખ્યા. આ બનાવ પછી સુલતાને સૈઇદ મુબારકને, દરીઆખાન તથા આલમખાન ઉપર નિમી દીધો; તેમને મારીને સૈઇદ જય પામ્યો અને દરીઆખાન તથા આલમખાનને ગુજરાતની સરહદમાંથી કાઢી મુકયા. ત્યાંથી તેઓ શેરશાહની પાસે ગયા અને સુલતાની સત્તા ફરીથી સુલતાન પાસે પાછી આવી.

અબદુલકરીમ નામના માણસને **એતેમાદખાન**[1] અને બીજી એક ટોળીને **ભાગ્યશાળી**ની પદવીઓ અપાઇ. એતેમાદખાન ઘણી આવ જાવ કરવાથી સુલતાની ભેદનો માહીતગાર થઈ ગયો. **મેહેલસરા**[2]માં સુલતાની આજ્ઞા પ્રમાણે મેહેલની સ્ત્રીઓના કારોબારી બંદોબસ્તમાં હમેશાં તૈયાર રહેતો. એ વિષે પુરેપુરૂં વર્ણન મિરાતેસિકંદરીમાં લખેલું છે. દિવસે દિવસે નવીન રિતીથી રાજ્યકારોબાર નવું ઉત્તમપણું પકડવા લાગ્યા. અમીરો અને સિપાઇઓને એવા કાયદા કાનુનમાં જકડી લીધા કે આજ્ઞા ઉલ્લંઘન કરવાની કોઇનામાં સત્તા રહી નહીં.

આ વખતે સુલતાનના મનમાં માલવા સર કરવાની ઇર્ષા પેદા થઇ. જેથી તે વિષે આસેફખાન પ્રધાનની સલાહ લીધી. તેણે ઉત્તર દીધો કે 'હું આપને એવા મુલકવિષે દર્શાઉંછું કે જે માલવા દેશ કરતાં જરાપણ ઓછો ન હોય, એટલે ગુજરાત દેશનો એક ચતુર્થાઉંશ કે જે દેશી રૂઢીમાં **વાંટો** કેહેવાય છે તેનો ઉપયોગ રજપુતો, ગરાસીઆ અને કોળીઓ કરે છે. જો તે ચતુર્થાઉંશ સરકારી જપ્તીમાં આવે તો તેમાં પચીશહજાર સ્વારોની જાગીરના મહાલો થઇ શકે છે.' સુલતાને તેમને જપ્ત કરવાનો હુકમ કર્યો જેથી **ઇડર, સીરોહી, ડુંગરપુર, બાંસબલા, લુણાવાડા, રાજપીપળા, મહીકાંઠા,** અને **દાહોદ** વિગેરેના ગરાસીઆઓના રાજ્યકારોબારમાં ભંગ ઉતપન્ન કર્યો.

સીરોહી વિગેરે થાણાઓમાં મકાનો ઠરાવ્યા કે જેમાં રજપુત અને કોળીઓનું નામનિશાન તમારા તાબાના દેશમાં નહીં રહેવું જોઇએ. પરંતુ જે જમીન ખેડે અને સરકારી મેહેસુલ આપે તે રહે, અને તેઓને પણ જમણા હાથઉપર મોહોરસીક્કા દીધેલા હોય. હવે વગરદીધેલાનો તે પૈકી કોઇ નજરે આવતો તેને મારી નાખવામાં આવતો.

---

૧ ભરૂસાદાર. ૨ જનાની મેહેલ.

ઇસલામી કારોબાર, સુલતાનના શુભ અંત ( આકેબત મેહેમુદ એ સુલતાનને પદવી હતી ) ના વખતમાં ઘણે ઉંચે દરજ્જે પોહેચેલો હતો. કોઈ પણ હિંદુ, શેહેરમાં ઘોડા ઉપર બેસીને નહોતો જઇ શકતો અને રાતું ચિંથરૂં હાથ ઉપર બાંધ્યા શિવાય લુગડું પેંહેરી નહોતો શકતો, તેમજ ધર્મ શત્રુતાના ધારાઓ જેવા કે હોળી દીવાળી, મુર્તિ પુજાની કોઇની હિમ્મત નહોતી કે ખુલ્લીરિતે ક્રિયા કરી શકે. કહેછે કે સુલતાનના મરાયા પછી ગરાસીઆ અને કોળીઓએ સુલતાનને મારનાર હીણકર્મી બુરહાનની પ્રતિમા પથ્થરની બનાવીને પુજામાં મુકી હતી અને કહેતા હતા કે અમારો પ્રભુ છે, જેણે અમને મરતાં બચાવ્યા છે.

મિરાતે સિકંદરીવાળો સુલતાન નિરાંતઅંતી મેહેમુદના વખતમાં જીવતા એક ભરૂસાદારના કથનથી લખે છે કે સુલતાન ઘણોજ સાધુમિત્ર હતો, મનનું વલણ સાધુઓની બરદાશ રાખવા તરફ મરડાએલું હતું, જેમકે ધામો બંધાવ્યા, જગ્યાઓ ઠરાવી આપી અને તેમની ઉપર નોકરો રાખેલા હતા કે ગરીબ ફકીર સાધુઓના દુઃખોથી માહેતગારી મેળવી જે જોઇએ તે વખતે વખતે પુરૂં પાડવું, અને ઘણે વખતે સ્વાદિષ્ટ મિષ્ટાંનો જે સુલતાનને મન ભાવતાં હતાં, તેવિષે પુછતો કે શું સાધુસંતોને આ પ્રમાણે મળતું હશે? તે વખતે હજુરના લોકો અરજ કરતા કે એ નિર્ધન લોકોના હાથમાં એવા મિષ્ટાંનો કયાંથી આવે? ત્યારે આજ્ઞા કરતો કે એવા પ્રકારનાં ભોજનો ઘણા ઉત્તમ તૈયાર કરાવી ફકીરોને પોહોંચાડવાં, અને શીઆળામાં સારા ડગલા સભ્યલોકો કે જેઓ મસ્જીદો તથા પાઠશાળાઓમાં રહેતા તેઓને ખોળીઆં ઇનામ આપતો. હવે કેટલાએક ભીખારીઓ લઇને વેચી નાખતા તેથી હુકમ કર્યો હતો કે એક ટોળીને પુરા પડે એટલાં ગોદડાં કરીને આપવાં કે રખેને સઘળા ભેગા મળીને વેચવાનું ન ધારે, અને ઘણી કાઠી દરેક ગલીના નાકાઉપર અને બજારમાં આખી રાત બળતી હતી કે જેથી કરી તેની આસપાસ નિર્વસ્ત્ર લોકો આવીને વિશ્રામ લે, અને એવો હુકમ હતો કે દર વર્ષે જે મેવો પ્રથમ નિકળે તે પેહેલાં સંતસાધુઓને આપ્યા પછી સુલતાનના મેહેલમાં લાવવો.

જ્યારે સુલતાનનું મન દુષ્ટ બુદ્ધિવાળા અમીરોના કૃત્યોથી નિશ્ચિંત થયું ત્યારે તેથી સુખશાંતી તથા નિરાંત પામી સન ૯૫૩ માં મેહેમુદાબાદ જઈ ત્યાં જાથુક રહ્યો, અને

૯૫૩ હિજરી.

એક ઉત્તમ ઇમારત **આહુખાના**[1] જેની લંબાઇ બે ગાઉ, ને પોહોળાઈ એક ઘોડો દોડી શકે એટલી, ખુણાઓ ઉપર રાખી મેહેલો સહ બનાવી, કે જે પૃથ્વિઉપર આકાશસમાન જણાતી હતી અને તેની દીવાલો તથા છત સોનાના કામની હતી. દરેક મેહેલના દરવાજા આગળથી બેઉ બાજુએ ચૌટાના રસ્તા કરેલા તેમાં દુકાનો હતી તે દરેક દુકાનમાં એક રૂપવંતી બેસતી અને હસી ખુશીથી માલ વેચતી ઘણી વખતે સુલતાન પરીસમાન કુટડીઓને લઇને આ મનરંજન મેહ્‌લનમાં શિકાર કરતો.

દરવર્ષે મોલુદ :માસમાં[2] રબીઉલઅવલની પેહેલી તારીખથી બારમી સુધી શાસ્ત્રીઓ, ધર્મશાસ્ત્રીઓ અને ધર્મ અધિકારીઓને દરબારમાં આમંત્રણ કરતો. તેઓ આવી બોધકથા કહેતા. તે કામથી પરવાર્યા પછી તેઓને જમાડવામાં આવતા અને બારમી તારીખે સુલતાન પોતે એ પવિત્ર સભાની સારવારમાં કેડ બાંધતો. આ પસંદ કરવાજોગ ધારો સુલતાન મુઝફ્ફર હલીમના વખતથી રાજ્યકુટુંબમાં ચાલુ થયો હતો.

જ્યારે સને **૯૬૧** હિજરીમાં મોલુદ માસની બારમી તારીખે પોતાની નિયમિત સેવા પછી ઠરાવેલા ઇનામો સભાવાળાઓને આપી પોતાના એકાંત આશ્રમમાં ગયો. સેવા કર્યાથી થાક લાગ્યો હતો. તેથી આરામ લેવા ઓશીકા ઉપર માથું મુકી નિદ્રાવશ થયો, થોડીકવારે ઉઠયો, પાણીમાં શરબત માગ્યું, બુરહાન નામનો માણસ કે જેની શરબતઉપર નોકરી હતી તેણે હળાહળ ઝેર મળેલું શરબત સુલતાનને આપ્યું. થોડીકવાર પછી સુલતાનની પ્રકરતી બદલાઇ ઉંઘમાંથી ઉઠી ઉલટી કરી, અને બુરહાનને બોલાવ્યો અને કહ્યું કે અરે હીણકર્મી એ કયું શરબત હતું કે જે તેં મને આપ્યું ?! બુરહાને ઉત્તર દીધો કે સભાની સેવાચાકરીથી થાકવાને લીધે આપની તબીયત બગડી છે, હવે જરા વિશ્રામ લ્યો, કે જેથી એ અરોગ્યતા દુર થઇ જાય. થોડીક રાત ગયા પછી સુલતાન પાછો સુઇ ગયો. જ્યારે તેની આંખો ટાઢી થઈ કે **બુરહાન** અધર્મીએ પાણીદાર ખંજર **સુલતાનના** કંઠઉપર એવી રીતે ચાલુ કરી દીધું કે ઇન્સાફના દિવસને પોહોર ફાટયા સુધી જાગૃત થાય નહીં. આ બનાવ શુક્રવારની રાત્રે બન્યો. સુલતાનનો જન્મ સન **૯૩૨** માં હતો, અને તેની ઉમ્મરના અગીઆરમે વર્ષે બાદશાહી તખ્તઉપર બેઠો.

---

૧ મૃગલોચનનિવાસ, ૨ પેગમબર સાહેબના જન્મ મૃત્યુ માસ.

**લગભગ** અઢાર વર્ષ રાજ કરી અઠાવીશમે વર્ષે વિનાકારણે સજીવન મૃત્યુ પામ્યો. મેહેમુદાબાદથી સુલતાનના શબને લાવીને **સરખેજમાં સુલતાનમેહેમુદ બેગડાના** રોજામાં દાટવામાં આવ્યો. એનું વર્ષ અબજદના આંકડામાં **સુલતાન** શહાદત યાફતહપરથી નિકળે છે.

લખવા મકસદ કે, બુરહાન હીણ કર્મીએ એક નિર્ભય ટોળીની સાથે કે જેઓ દુષ્ટ હતા અને આ ખોટા કર્મમાં તેનાથી મળી ગએલા હતા તેઓ એકમત થયા અને સરકારી કામોનો બંદોબસ્ત કરવા લાગ્યા. એક ટુકડીને હથીઆરબંધ કરી સુલતાનના મેહેલની બહાર એક ઓરડી હતી તેમાં સંતાડીને કહ્યું કે જે કોઇ તમારી પાસે આવે અને ઓરડીમાં પગ મુકે તેને વગરવિલંબે નાશની ગુપ્ત ઓરડીમાં તરત મોકલી દેવો (મારી નાખવો). આ નક્કી થયા પછી એક માણસને મુખ્ય પ્રધાન પાસે મોકલ્યો કે તમને સુલતાન બોલાવે છે, તેણે કંઇપણ વિચાર્યું નહીં ને તરતજ આવી પહોંચ્યો. બુરહાને ઉઠી માન આપીને કહ્યું કે સુલતાનનો એવો હુકમ છે કે આ ઘરમાં(કે જ્યાં પેલી ટોળી સંતાઇ રહીછે ત્યાં) જઇને બેસો આટલું કહી તેને આગળ કરી પોતે પાછળ ગયો, તે ઘરમાં પેસતાંજ દાર મરાઇ ગયો. તેજ પ્રમાણે ખુદાવંદખાનને બોલાવી આસેફખાન પાસે બેસાડ્યો. કહેછે કે એતેમાદખાનને પણ બોલાવ્યો હતો. તેણે અક્કલથી અટકળ બાંધી હતી કે ગેર વખતે તેડું કંઇપણ કારણ શીવાય નથી માટે નહીં. જવું જોઇએ અફઝલખાન પ્રધાનને પણ તેવીજ રીતે બોલાવ્યો. જ્યારે બુરહાનની દ્રષ્ટી અફઝલખાન ઉપર પડી ત્યારે જીભને કાલાવાલા અને મળસીઓમાં વાપરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે આપ મારો હાથ ઝાલો, ઘણી મેહેરબાનીથી આપની આશાઓ પુરી કરીશ. ત્યારે ખાને ઉત્તર દીધો કે ઓ હિણકર્મી ! તારા મગજમાં શું ભરાઇ ગયું છે? આ કેવા શબ્દો કે જે તારી જીભ ઉપર આવે છે? જ્યારે અફઝલખાન એકમત ન થવાથી નિરાશ થયો ત્યારે તેને પણ મારી નાખ્યો.

જ્યારે હીણભાગી બુરહાન, આસેફખાન વિગેરેના ખુનથી પોતાના મનને નિરાંત કરી બેઠો ત્યારે સુલતાની માલ તથા સારસરંજામ ઉપર ઉપભોગ કરવાનું આદર્યું. પોતાના દુષ્ટ શરીર ઉપર સુલતાની અમુલ્ય વસ્ત્ર પેહેરી અને ઝવેરાતનો ગુલુબંધ જે સુલતાનના ગળામાં હતો તે તેણે પોતાના અભાગી કંઠમાં પેહેર્યો, અને ઝવેરજડીત્ર ખુરશી કે જે સુલતાનને ખાસ બેસવાની હતી તેની ઉપર બેઠો. એ કહેવત પ્રમાણે કે (કુત્તાની

જગ્યાએ બેસે તે પ્રમાણે જણાતો અને એક પીતળની **કથરોટ** મોં આગળ મુકી દાતણ કરવા લાગ્યો. પછી રાજ કરવાનું પ્રારંભ્યું અને રાજ્યનિતી ચલાવવાનું કામ શરૂ કર્યું. સુલતાની ઘોડાઓ ને ચાંદી સોનાના જીનો વિગેરે પોતાના મળતીઆઓને આપ્યા અને બંદીખાનામાંથી કેદીઓ છોડવાનો હુકમ કર્યો. તેના મળતીઆઓ ઘોડા, ચાંદી, સોનું લઇ એક કોરાણે ખસી ગયા. હવે બુરહાન અભાગી થોડાકજ માણસોસહીત રહી ગયો. આ વખતે સર્વે નાના મોટાઓમાં વાત ફેલાઈ ગઇ. અને સર્વ પ્રગટ થઇ ગઇ. સુલતાનના ભેદીઓ આ ખેદકારક વાત, ઇમાદુલમુલ્ક કે જે રૂમીઓનો સરદાર હતો અને અલગખાન હબશી (સીદી) કે જે સીદીઓ વિગેરેનો સરદાર હતો તેમના કાને પડી. તેઓ ઘણા વેગે ને ભારે ઉતાવળે સુલતાની દરબાર તરફ આવી પહોંચ્યા. પ્રથમ ખજાનાઓને તાળું વાસી ભરૂસાદારોને સોંપ્યા, પછી બુરહાનની વલે કરવાને નિકળ્યા. તે હીણભાગી જે ટોળી તેની સાથે હતી તેને લઇ બહાર આવ્યો. અચાનક **શેરવાખાન ભઠી** કે જે સુલતાની અમીરોપૈકીનો એક અમીર હતો, તે સામો આવી ગયો, ત્યારે બુરહાને કહ્યું કે આવ શેરવાખાન! ખરા વખત ઉપરતું આવ્યો છે કે? તેણે કહ્યું કે હા આવ્યો છું. એમ કહી ઘોડાને એડ મારી તેના ખભા ઉપર તલવાર મુકી, જે બગલમાંથી હેઠળ આવી ગઇ તેથી તે અવળા પગે હેઠળ પડ્યો. સાથીઓ પણ કપાઇ ગયા.

મોટા મોટા અમીરો જે બચી ગયા હતા જેવા કે, **એતેમાદખાન** અને **સૈઇદ મુબારક** વિગેરે. જેઓ સુલતાની ભેદના માહિતગાર હતા તેઓએ પ્રથમ તો પોતપોતાના મનમાં જે કલેશો ને અંટશો હતી તે સઘળો મેલ ધોઈ નાખી રાજ્યકારોબારની મસલતો કરવા લાગ્યા. એતેમાદખાન જેને જનાની સઘળી માહિતી હતી તેને પુછ્યું કે જો સુલતાનનો કોઈ પુત્ર હોય તો જાહેર કરો, કે તેને તખ્તઉપર બેસાડવામાં આવે. જો તરત કાળે પુત્ર ન હોય ને કોઇપણ સુલતાનની સ્ત્રી ગર્ભવંતી હોય તો, તેના જન્મસુધી રાજ્ય કારોબારને મુલતવી રાખીએ, કે જેથી કરી આ રાજ્યસત્તા સુલતાન મેહેમુદના કુટુંબથી બહાર ન જાય. એતેમાદે કહ્યું કે સુલતાનને પુત્ર નથી અને કોઇ સ્ત્રીને ગર્ભ પણ નથી. તેથી તેઓએ કહ્યું કે સુલતાનના સગામાંથી રાજ્યયોગ્ય કોઇ હોય તેને પસંદ કરવો જોઇએ. તેણે કહ્યું હાલ અહમદાબાદમાં સુલતાન શહીદની સગાઇમાં અહમદખાન નામનો માણસ એ રાજ્યને લાયક છે. હુકમ પ્રમાણે **રજીઉલમુલ્ક** એક પોહોરમાં ઘોડવેહેલપર બેસી અહમદાબાદમાં આવ્યો અને અહમદખાનને વાણીઆની દુકાન ઉપરથી જ્યાં પોતાના કબુતરોને વાસ્તે પોતાના ખોળામાં દાણા લીધેલા હતા ત્યાંથી લઇને ઘોડવેહેલમાં બેસાડી મેહેમુદાબાદ લાવ્યો.

# સુલતાન એહમદ—એહમદખાન.

## ( અહમદાબાદ વસાવનાર સુલતાન અહમદના દીકરા શકરખાનના પૌત્ર લતીફખાનનો દીકરો )ની બાદશાહત.

સને ૯૬૧ હિજરીના તારીખ ૧૫ મી રબીઉલઅવ્વલ એટલે મોલુદ માસમાં **મહેમુદાબાદ**માં અમીરો અને સરદારોના એકસંપથી પૂર ઠાઠમાઠ અને ભપકાથી **સૈઈદમુબારકે હાથ** ઝાલીને જે સુલતાનને તખ્તઉપર બેસાડયો તેનું નામ સુલતાનએહમદ પાડી તેજ દહાડે ધર્મગુરૂના હાથમાં સેવક થવાનો હાથ આપ્યો અને પ્રધાનપણું **એતેમાદખાનને** આપ્યું. સુલતાન કાચી ઉમરનો હોવાથી અમીરો તેમજ પ્રધાનોએ એવો ઠરાવ કર્યો હતો કે સુલતાનની લાયક ઉમર થતાં સુધી ખજાના અને મુલકનો બંદોબસ્ત પોતપોતામાં વહેંચી લેવો તથા દરેક જણ પોતપોતાની સરહદમાં બેસે; તેમજ તકરાર, ટંટા કે તોફાન નહિ થવા દેતાં ઘણીજ કાળજીથી બંદોબસ્ત રાખે. આ લઘુ પુસ્તકનું પૂર્ણ બયાન મિરાતે સિકંદરીમાં છે. ૯૬૧ હિજરી.

જ્યારે સુલતાન એહમદના તખ્તનશીન થયાની અને રાજ્યની વહેંચણી થયાની ખબર **મુબારકશાહ** કે જે બુરહાનપુર અને આસીરનો બાદશાહ હતો તેને થઇ ત્યારે તેણે ગુજરાત જીતવાને અર્થે **ભરૂચ** નજીક નર્મદાની પેલી પાર લશ્કર લાવી પડાવ નાંખ્યો. આ ખબર સાંભળી ગુજરાતી અમીરો સુલતાન એહમદને સામો ઉભો કરી લડવામાટે નીકળ્યા. નર્મદા નદી સિવાય તેઓની વચ્ચે કંઇ અંતર નહોતો. સંદેશા લાવનારાઓના આવી ગયા પછી સૈઈદ મુબારકની મધ્યસ્થથી સંપમાં અંત આવ્યો ( સલાહ થઇ ) અને સર્વ પાછા ફરી અહમદાબાદ આવ્યા; પરંતુ તે આવ જાવમાં મુબારકશાહ સાથે જે ગુજરાતી અમીરોએ સંપ કર્યો હતો તેઓમાં બે ટોળીઓ પડી ગઇ; જેમાંના કેટલાક **એતેમાદખાન**ની સરદારી કબુલ કરી તેની સાથે મળી ગયા અને **નાસિરૂલમુલક**ની તરફ ઉપલક મન દેખાડવા લાગ્યા. સૈઇદમુબારક પોતે એક શુરો અને શાણો પુરૂષ હતો તેથી તે એતેમાદખાનની તરફ લાગણી દર્શાવતો. ( ટુંકમાં એટલુંજ કે, રસ્તે ચાલતાં બન્ને ટોળીઓ જુદી પડીને ચાલતી અને આમનસામન એક બીજી ઉપર કરડી નજર કરી પંથ કાપતી ) તે એટલે સુધી કે જે વખતે **વડોદરા**

કસ્બાની હદમાં સૈઈદ મુબારક તથા નાસિરૂલમુલ્ક વચ્ચે ઝપાઝપી થઈ તે વખતે એતેમાદખાનની મદદ નહિ હોવાથી સૈઇદ મુબારકના ઘણાખરા સંબંધીઓ હાર પામ્યા અને સૈઇદ મોતથી હરીને પોતાની જાગીરમાં આવેલા **કપડવંજ** તરફ ગયો. એતેમાદખાન લડાઇ કર્યા શિવાય નાસીને સૈઇદમુબારકને જઈ મળ્યો. હવે નાસિરૂલમુલ્ક સુલતાન અહમદને પોતાની સાથે લઇ એહમદાબાદ આવી અમલ તથા રાજકારોબારમાં ગુંથાયો.

જ્યારે આ બનાવ ઉપર બે માસ વિતી ગયા ત્યારે નાસિરૂલમુલ્કે સૈઇદ મુબારક તથા એતેમાદખાનને કાઢી મુકવાને મનસુબે કપડવંજ ઉપર લશ્કર તૈયાર કરી, **કુમેદ** કસ્બો કે જે ભીલ પ્રગણામાં છે ત્યાં જઇ ઉતારો કર્યો. સૈઇદ પણ યુદ્ધ અર્થે તે તરફ ગયો. ગ્રહસંજોગે એવું બન્યું કે **અલગખાનસીદી** તથા **ઈમાદુલમુલ્કરૂમી**[1] જેઓની નીમણોક સુલતાનના રક્ષણની હતી તેઓએ સલાહ કરી કે, જો નાસિરૂલમુલ્ક સૈઇદ તથા એતેમાદખાનનો ઘાણ કાઢી નાખશે તો આપણું પણ કાટલું કાઢી નાખશે. માટે આપણે અહિંથી છાનામાના નાસી જવું અને સુલતાનને લઇ જઈ સૈઇદને મેળવી દેવો એજ ઠીક જણાય છે. તેથી જે સવારે સૈઇદ પોહોંચવાનો હતો તે સવારે કરાર કર્યા પ્રમાણે અલગખાન તથા ઇમાદુલમુલ્ક સુલતાનને લઇને સૈઇદ મુબારકની પાસે આવ્યા. એ બનાવ નાસિરૂલમુલ્કના નાસી જવાનું કારણ થઈ પડ્યું એનું પુરૂં વર્ણન મિરાતેસિકંદરી ઇતિહાસમાં આપેલું છે.

સૈઈદમુબારક તથા એતેમાદખાન સુલતાનને લઇને અમદાવાદ આવ્યા અને ત્યાંથી નાસિરૂલમુલ્કની પુંઠે ગયા. નાસિરૂલમુલ્ક ત્યાંથી પાલના ડુંગરોમાં નાઠો હતો. ઇખતીઆરખાનને એતેમાદખાને પોતાની તરફથી અહમદાબાદમાં નાઇબ ઠરાવીને મુકયો હતો તેણે સુલતાન તથા એતેમાદખાન અને સૈઇદની ગેરહાજરીમાં **હસનખાન દખની** તથા **ફતેખાન બલુચ** સાથે સંપ કરી સુલતાનનો એક કાકો જેનું નામ **સાહુ** હતું તેને સુલતાન બનાવ્યો. જ્યારે એ ખબર સૈઇદ વિગેરેને થઇ ત્યારે **ભરૂચ**થી પાછા ફરી અહમદાબાદ ભણી વાટે પડી મેહેમુદાબાદમાં આવી ઉતર્યા. હુલ્લડખોર અમીરો સાહુને કાઢી મુકી શેહેરમાં પધારવાના આમંત્રણાર્થે આવ્યા. **રૂમડા** ગામ આગળ કે જે અહ-

---

૧. તુર્કી.

મહાબાદથી ચાર ગાઉ છે ત્યાં લડાઈ થઈ. હુલ્લડખોર સાહુ, અમીરોસહીત નાસી ગયો. સૈઇદ સુલતાનને લઇ જયજયકાર કરતો અહમદાબાદમાં આવ્યો.

જ્યારે આ તરફથી નિરાંત વળી ત્યારે ઠરાવ પ્રમાણે રાજ્ય વેહેંચણી, પ્રગણા તથા મહાલોમાંથી કરી પોતપોતાનો ભાગ લઇ પોતપોતાને ઠેકાણે વિદાય થયા. સુલતાન તથા એતેમાદખાન શેહેરમાં રહી રાજકારોબાર ચલાવવા લાગ્યા; પરંતુ કાળચક્ર કોઇને મુકતું નથી. તેમ હુલ્લડખોરો એવું ક્યારે બનવા દેછે કે તોફાન નિંદ્રાવશ થાય? આ વખતે સંસારી કાર્ય સૃષ્ટીમાં બીજી ચિતરામણ ચીતરી તે એ કે, પેહેલાં લખ્યા પ્રમાણે આલમખાન લોધી તથા દરીઆખાન ગ્રહદિશા પ્રમાણે શેરશાહ કને દિલ્હી ગયા હતા. દરીઆખાન ત્યાં મરણ પામ્યો અને આલમખાનથી એક એવું કામ થઈ ગયું કે જેથી તે દેશમાં પોતે રહી શકયો નહીં. લાચાર થઇ સૈઇદ મુબારકની દયા મેળવી અહમદાબાદ આવ્યો, તેનું આવવું એતેમાદખાન તથા ઇમાદુલ-મુલ્કને સારૂં ન લાગ્યું.

સૈઇદથી તેઓ નારાજ થયા અને છેવટે ઉશ્કેરણીના પાપે સૈઇદ મુબારક સાથે યુદ્ધ તથા કાપાકાપીના મેદાનો શણગારાયાં. અમીરો સુલતાનને ઉંચકી સૈઇદની સામા લઈ આવ્યા. જ્યારે આલમખાનની ખટપટ સર્વને માલુમ થઇ ત્યારે બેઉ તરફથી પશ્ચાતાપો થયા. અમીરો સુલતાનને સૈઇદ કને લઇ ગયા. આલમખાન નાસીને પાલના ડુંગરોમાં ગયો; અમીરો તેની પુંઠે જઈ ચાંપાનેરથી પાછા ફર્યા. આ લઘુ વર્ણનની ખુલાસાવાર હકીકત મજકુર ઇતિહાસમાં લખેલી છે. જ્યારે આ બનાવોની હકીકત મુબારકશાહ આસીરીને પોહોંચી ત્યારે તેણે બીજીવાર ગુજરાત તરફ લશ્કરસહ ચઢાઇ કરી; પરંતુ ધારેલા લાભ પૈકી કંઇપિણ મેળવ્યા શિવાય પ્રત ગયો.

લખાણનો સારાંશ એછે કે, આ દિવસોમાં સુલતાને કેટલાક લોકોને નોકર રાખેલા, પરંતુ રાજ્યનો સઘળો અધિકાર ઇમાદુલમુલ્કના હાથમાં હતો, અને તે દરેક વખતે, દરેક પળે અને દરેક વેળાએ સાથેજ રહેતો હતો. કોઇ વેળાએ એતેમાદખાનના ભરૂસાદાર નોકરો સુલતાનનું રક્ષણ કરતા અને કોઇ વખતે ઇમાદુલમુલ્કના માણસો આ કેદી સુલતાનની ચોકી પોરાનું કામ કરતા હતા. પરંતુ હવે ગુજરાતી સુલતાનોના રાજ્યની સ્થિતિ નાશતરફ ફરેલી હતી.[1] ભારે તાકીદથી પાકે પાયે ધર્મપૂર્વક કરેલા કરારો (બી)

---

૧ નાશ પામતાં પેહેલાં તે રાજ્યનાં આચરણો આવાંજ કુસંપી ને અધર્મી થાય છે.

કારોબારની ભૂમિમાં કુસંપની અપવિત્રતારૂપે વાવતા હતા, અને જરા સરખા લાભની આશામાં ધર્મની રોકડનું નાણું ખોઇ બેસતા હતા અને તેનાં પરિણામો ખુનખારી અને કાપાકાપીમાં આવતાં હતાં.

આ કુસંપી દુઃખને સલાહસંપમાં લાવવાને અને આ અગ્નિ ઓલવવાને સૈઇદ મુબારક પ્રયત્ન કરતો હતો. કેટલોક કાળ એમ ને એમજ વિતી ગયો. ત્યારબાદ ઇમાદુલમુલ્ક તથા એતેમાદખાન વચ્ચે કુસંપની અગ્નિ ભડકી ઉઠી. સુલતાન અહમદે પણ એતેમાદખાનના હાથમાંથી મુક્ત થવાને મનસુબે ઇમાદુલમુલ્કને દરખાસ્ત કરી. એતેમાદખાન રીસાઇને મુબારકશાહની હજુરમાં ગયો, ને તેને લઇને આ તરફ આવ્યો. સૈઇદ મુબારકે આ વખતે પણ એતેમાદખાનને બોધકારક શિખામણો અને લાભકારક વચનો કહી આ ખોટા મનસુબાથી તેનું મન ફેરવ્યું. એતેમાદખાને પાછા આવીને પેહેલાંપ્રમાણે પ્રધાનપણાનું કામ ચાલુ કર્યું. હવે સુલતાન અહમદે જોયું કે ઈમાદુલમુલ્કથી પણ રાજ્યકારોબાર કરવાની ધારણાઓ પાર પડી નહીં અને પાછો એતેમાદખાનના હાથમાં પકડાયો અને તે હવે તેનું વેર લેશે. તેથી કેટલાક ભરૂસાદારોને લઇને સૈઇદમુબારકના વસાવેલ મેહેમુદાબાદ પાસેના **સૈઇદપુરામાં** સૈઇદની પાસે છાનોમાનો આવ્યો. તેના આવી રીતે આવવાથી સૈયદને ઘણુંજ માઠું લાગ્યું તેથી તેણે સુલતાનના ભરૂસાદારોને ઘણો ઠપકો દઇ ધિક્કાર બતાવ્યો કે આવી રીતે સુલતાનનું આવવું યોગ્ય નથી.

આ અરસામાં દિલ્લીના બાદશાહ સલેમશાહનો **હાજીખાન** નામનો અમીર પાંચહજાર સ્વારો અને નામીચા દોઢસો હાથીઓ કે જે **હુમાયુ** બાદશાહના લશ્કરમાંથી પ્રાપ્ત થએલા હતા તે લઈ દિલ્લીથી **ગુજરાત** ઉપર ચઢાઇ લાવવાને નિકળી આવ્યો. રસ્તામાં રાણાસાથે લડાઇ થઈ તેમાં રાણો હાર પામી નાસી ગયો અને હાજીખાન જય મનાવતો ગુજરાત ભણી વધ્યો.

હવે એતેમાદખાન તથા ઇમાદુલમુલ્ક, હાજીખાનના આવવાનું કારણ એમ સમજવા લાગ્યા કે, સૈઇદમુબારક તથા સુલતાન અહમદે તેને બોલાવ્યો હશે. આથી બન્નેએ એકસંપ કરીને એમ ઠરાવ્યું કે જ્યાંસુધી હાજીખાન, સૈઇદને જઇ મળે અને ચોમેરથી એમની ફોજ ભેગી ન થાય તે પેહેલાં સૈઇદનો ઘાટ ઘડી નાખવો. તેથી એતેમાદખાન તથા ઇમાદુલમુલ્ક, ગુજરાતની ભારે સેન્યા કે જે લગભગ ત્રીશહજાર સ્વારોની અને તેની સાથે મોટું તોપ-

ખાનું હતું, તે લઇ **મેહેમુદાબાદ**ની નજીક આવી જામ્યા. માંહોમાંહે સંદેશા **તથા સલાહ કરાવનારા શુભેચ્છકોની મધ્યસ્ત થઇ રહ્યાં, પછી યુદ્ધનોજ ઠરાવ થયો.** તેમાં **સૈઇદમુબારક** કપાઈ ગયો અને સૈઇદિપરૂ લુટાઇ ગયું; પરંતુ ગુજ-રાતી લોકોનો એવો ધારો હતો કે, એક બીજાથી શત્રુતા તથા અદાવત હોય છતાંપણ એવી લડાઇનો જો વખત આવી બને તો કોઇની આબરૂ ઇજતને નુકશાન પોહોંચવા ન આપે. હાર પામેલો સરદાર હાર પામી દશબાર ગાઉ જતો રહેતો અને બેઉ લશ્કર શેહેરમાં આવતાં. થોડા દિવસ પછી કેટલાક માણસો વચ્ચે પડી સલાહ સંપ કરાવી દેતા.

આ ધારા પ્રમાણે બન્યા છતાં પણ ફરીથી તેજ કઢી તેજ પેણામાં ઉકળવા લાગી. ટુંકામાં **સૈઇદમીરાં** ( સૈઇદમુબારકનો પુત્ર ) પોતાનો ઘરખટલો લઇ કપડવંજમાં ગયો. સુલતાન એહમદને અમીરો અહમદાબાદ લાવ્યા અને સઘળું ઠેકાણે પડ્યું. કેટલાક દિવસ પછી ઇમાદુલમુલ્ક તથા એતેમાદખાનના બોલાવ્યાથી સૈઇદિમીરાં અહમદાબાદ આવ્યો. આ વખતે પણ એતેમાદખાન તથા ઇમાદુલમુલ્ક વચ્ચે કુસંપનાં બી વવાયાં. તેનું કારણ એ છે કે, સુલતાન એહમદ ફરીથી છાનોમાનો ઇમાદુલમુલ્કથી મળી કાવત્રાં કરવા લાગ્યો. ઇમાદુલમુલ્કે પોતાના દીકરા જેનું નામ **ચંગીઝ-ખાન** હતું તેને ભરૂચથી બોલાવ્યો, અને એતેમાદખાને **તાતારી ગોરીને** જુનાગઢથી તેડાવ્યો. હવે એ શેહેરથી બહાર નિકળ્યા અને ચોમેરથી લશ્કર ભેગું થવા લાગ્યું. આ વેળાએ ઇમાદુલમુલ્કને સંદેશો કહાવ્યો કે શેહેરથી બહાર આવી જાગીર તરફ જતો રહે. ઇમાદુલમુલ્કે ટકી શકવાની સત્તા પોતામાં દીઠી નહીં ત્યારે અલગખાનસિંધીની સાથે નિકળી ભરૂચ તરફ જતો રહ્યો અને **અલગખાન**ને **વડોદરૂં** આપી એતેમાદખાં પોતાના સરદારોને સુલતાનના રક્ષણાર્થે નેમી વગરખટકે રાજ્યસત્તા ભોગવવા લાગ્યો.

**હાજીખાનને કડીનું** અડધું પ્રગણું જાગીરમાં આપી પોતાનો નોકર રાખ્યો અને **મુસાખાન** વિગેરેને પોતપોતાની જાગીરોમાં જવાનો હુકમ કર્યો. આ સમયે એવી સુનામણી આવી કે ઇમાદુલમુલ્કને તેનો સાળો (ઇખતી-આરખાં) કે જે સુરતબંદરમાં હતો તેણે બળવો ઉઠાવી મારી નાખ્યો. કેટલાક માસ વિત્યા પછી ચંગીઝખાન તથા ઇમાદુલમુલ્કે ઇખ્તીઆરખાનને પકડીને મારી નાખ્યો. એતેમાદખાન **ભરૂચ** ઉપર લશ્કર લઇ ગયો, પરંતુ **પાટણ** તથા **રાધનપુર**ના હુલ્લડને લીધે પાછો ફરી **અહમદાબાદ** આવ્યો.

( આ બનાવની પુરી હકીકત મિરાતેસિકંદરીમાં લખાએલી છે. ) અને સુલતાન એહમદની કારકિર્દી વિષે ચિંતાઓ કરવા લાગ્યો. કેમકે ગુજરાતમાં પરદેશના ઘણા લોકો આવી ભેગા મળ્યા હતા, અને સુલતાન એહમદ એ લોકોની ઘણી ખુશામદ રાખતો હતો. તે એવા હેતુથી કે, રખેને કંઈ તોફાન થાય કે જેનો કંઇપણ બંદોબસ્ત થઇ શકે નહિ. એતેમાદખાન સદાએ એજ ચિંતામાં ઘેળાયા કરતો હતો; કેમકે સુલતાન એહમદ ઘણા ઓછા મનનો તથા અદકું પાત્ર હતો. જ્યારે મધુપાન લઇ નિશામાં આવતો ત્યારે બેભાન સ્થિતીમાં તલવાર તાણીને કેલના ઝાડઉપર મારતો ને કહેતો કે એતેમાદખાનનું માથું કાપી નાખ્યું અને ઇમાદુલમુલ્કના શરીરને ભેદી નાખ્યું તથા બે ભાગ કરી નાખ્યા. એવી રીતે ઘણા માણસો તથા અમીરોનાં નામ જીભથી ઉચ્ચારતો.

સુલતાનને મારી નાખવાનું કાવત્રું.

[1]**વજીહુલમુલ્ક** એતેમાદખાનનો મસલતમાં ગોઠીઓ હતો તેને લાગ્યું કે સુલતાનથી કંઇ બંડ ઉભું થાય તે પેહેલાં તેનું કામ કાઢી નાખવું. (તેનો ઘાટ ઘડી નાખવો). અને તે વખતમાં સુલતાને એટલી સત્તા મેળવી હતી કે શિકાર કાજે બે ત્રણ ગાઉસુધી જતો હતો અને કોઇ વખતે અચાનક એતેમાદખાનને ઘેર આવતો હતો. તે બીતો અને ધ્રુજીને તેને પધરાવતો. જોકે સુલતાનને ઠાર કરવા માટે એતેમાદખાનને વજીહુલમુલ્ક ઘણો આગ્રહ કરતો પણ એતેમાદખાન તેને ટાળીને વખત ગુમાવી દેતો. તે એટલેસુધી કે એક દિવસે વજીહુલમુલ્કે છાનામાના સુલતાનને સંદેશો કહાવ્યો કે, જો સુલતાન મને પ્રધાનપણાનો વાયદો આપે તો હું એતેમાદખાનને ઠાર કરૂં. સુલતાને પોતાની મુર્ખાઇને લીધે કબુલ કર્યું અને પ્રધાનપણું તથા વિકાલતની આશાની મદદ કરી. સુલતાને એ વિષે તેને ખબર આપી ત્યારે તેણે ઉત્તર દીધો કે, જ્યાંસુધી હું કાનથી ન સાંભળું ત્યાંસુધી મારી ખાત્રી થાય નહીં. હવે તે વાત એટલેસુધી વધી ગઈ કે એતેમાદખાનને વજીહુલમુલ્ક એક રાત્રે પોતાને ઘેર લઈ ગયો. આ ઘર ભદ્રપાસે હતું. ત્યાં લઈ જઇ એક ઓરડીમાં સંતાડ્યો અને સુલતાનને કહાવ્યું કે, એતેમાદખાનના ગુપ્ત જાસુસોની બીકને લીધે હું ઉઘાડે છોગે આવી શકતો નથી,

---

[1] ઘણા ઘુમટો ને રોજાઓ જે ઉજડ અવસ્થામાં જણાય છે તે આવા લુણહરામ અમીરોના છે.

પણ જો સુલતાન પધારે તો કોલકરારનો ઠરાવ નક્કી કરવામાં આવે. જે ઓરડામાં એતેમાદખાન સંતાએલો હતો તેના બારણા આગળ સુલતાનના બેસવા સારૂ એક પાટ મુકયો હતો. સુલતાન આવીને પાટઉપર બેઠો અને વજીહુલમુલ્ક વાત ફરીથી ચલાવી કોલકરારો માગવા લાગ્યો. **સુલતાને** જે રીતે મધ્યસ્તથી કહેવરાવી મોકલ્યું હતું તેજ પ્રમાણે રૂબરૂમાં કહી દીધું; તે એવી રીતે કે, એતેમાદખાંએ પણ સઘળું સાંભળ્યું. તેથી તરતજ ઓરડીમાંથી બહાર આવી કહેવા લાગ્યો કે, મેં તારાવિષે શું ખોટું કર્યું છે કે મને તું મારી નાખવાવાસ્તે કોલકરાર ઠરાવે છે? **એતેમાદખાનને** જોતાંવારજ **સુલતાનને** ધાસ્તી લાગી. એતેમાદે પોતાના ગુલામોને હુકમ કર્યો જેથી તેમણે તલવારનો ઘા કરી સુલતાનને મારી નાખી સાબરમતીની રેતી કે જે ભદ્રના મેહેલો નિચે વહેછે તેમાં નાખી દીધો.

૯૬૮ હિજરી.

આ બનાવ સોમવારની રાત્રે શુબરાત માસની પાંચમી તારીખે **૯૬૮** હિજરીમાં બન્યો. એનું વર્ષ "બેગુનાહ કુસ્તા શુદ=વગરઅપરાધે મરાયો, એના અક્ષરોમાંથી પણ નિકળે છે. બીજે દીવસે એવી વાત ફેલાઈ ગઈ કે સુલતાન નાસી ગયો. પરંતુ જ્યારે તેની લાશ મળી આવી ત્યારે વધુ તજવીજ કરી તો માલુમ પડ્યું કે કોઈ પાસેના માણસે તેને મારી નાખ્યો છે. ત્યાંથી ઉંચકી લાવી તેને **અમદાવાદ** વસાવનાર **સુલતાનએહમદ**ના રોજામાં દાટવામાં આવ્યો.

**દોહરો.**

રાજ્ય ઠાઠના તાજમાં, જીવ જોખમ છે સાર,  
મન હરનારૂં મુકુટ પણ, શીરસાટે શણગાર;

એજ વર્ષે સુલતાનનું ખુન થયા પેહેલાં **પાટણ**માં-**બીરમખાન**નું ખુન થયું. તેની ટુંક હકીકત એવી છે જે, **અકબરનામા**માં લખાએલું છે કે અકબર બાદશાહે તેને મક્કે જઈ હજ કરવાની પરવાનગી આપેલી હતી. જ્યારે તે પાટણ શેહેરમાં પોહોંચ્યો ત્યારે કેટલાક દિવસ તેણે તે રમણ્ય મનરંજન ભૂમિમાં વિશ્રામ લેવા મુકામ કર્યો. તે વખતે **મુસાખાન પોલાદી** ત્યાં કાયમ હુકુમત ઉપર હતો અને કેટલાક અફગાની લોકોનાં ટોળાં ત્યાં ભેગાં થઈ તેને માથે ધુંધાટ કરી રહ્યાં હતાં. અને એ દેશને હેરાન કરતાં હતાં. તેઓ પૈકી **મુબારકખાન** લુહાની હતો. જેના બાપને બેરામખાનના ઉપરીપણા તળે **માછીવાડા**ની લડાઈમાં મારી નાખવામાં આવેલો

બીરમખાનનું મૃત્યુ.

હતો. તે ઘેલા અફગાનોને તેનું વેર લેવાનું તે વખતે મનમાં આવ્યું અને બેરામખાન ઉપર વેર લેવાનો મનસુબો કર્યો. તેમજ **શેરખાનના** દીકરા **સલીમખાનની** કાશમીરી ધણીઆણી કે જેના પેટથી એક પુત્રી થએલી તેપણ આ સંઘમાં બેરામખાન સાથે હજની યાત્રા કરવા સારૂ હિજાઝદેશ તરફ જવા નીકળેલી હતી. તેમાં એવો ઠરાવ થએલો કે બેરામખાન પેલી છોડીસાથે પોતાના દીકરાને લગ્નમાં જોડે. આ ઠરાવ ઉપર પણ અફગાનીઓ બળી મરતા હતા. બેરામખાન જ્યારે પાટણમાં આવી ઉતર્યો હતો ત્યારે દરરોજ તે શહેરના બાગબગીચા તથા ઇમારતો જોવા જતો હતો.

એક દિવસે મોટા તળાવ આગળ આવ્યો કે જે ઘણી સેલ કરવાની જગ્યા છે અને તેની વચ્ચે વાડી છે, જ્યાં નાવમાં બેસીને જવાય છે ત્યાં ગયો હતો. જે વખત નાવમાંથી ઉતરી સ્વાર થતો હતો તે વખત તે અબુધ ત્રીશ અથવા ચાળીસ અફગાનો લઇને કોલઆબ આગળ આવ્યો અને એવું જાહેર કર્યું કે અમો મળવા આવેલા છીએ. બેરામખાંએ તે લોકોને બોલાવ્યા અને જ્યારે તે પાપી આગળ આવ્યો ત્યારે વગરધારતીએ ખંજર કાઢી એવી રીતે ખાનની પુંઠ ઉપર માર્યું કે છાતીમાંથી નિકળ્યું, અને બીજી વખતે તાણી તેનું કામ કાઢી નાખ્યું. તે વખતે "અલ્લાહો અકબર !" આટલું બોલી તે મૃત્યુ પામ્યો. તેના સાથીઓ આ બનાવથી ભયભિત થઇ જઈ પોતપોતાની જગ્યાએ નાસી ગયા અને બેરામખાન રક્તથી રોળાએલો તથા માટીમાં પડેલો હતો. છેવટે કેટલાક ફકીરોની ટોળીએ લોહી ભરેલી તેની લોથને ઉચકીને **શેખ હીસામ**[1]ના રોજાની હદમાં કે જે તે વખતનો મોટો પીર હતો ત્યાં ભૂમીદાઘ આપ્યો. એ બનાવ શુકરવાર તા. ૧૪ માહે જમાદીઉલઅવલને દહાડે સન ૯૬૦ માં બન્યો.

સને ૯૬૦ હીજરી.

## સાલ નિકળતું કવિત.

બેરામ બતોફે કાબા ચુંબસ્ત એહરામ,  
દરરાહ શુદ અને શહાદત શકામ તમામ.  
દર વાકએ હાતિફે પએ તારીખશ,  
ગુફતા કે શહીદ શુદ મુહમ્મદ બેહરામ.

---

૧ કનસરા દરવાજા બહાર મખદુમ સાહેબ.

**અર્થ**—મક્કે પ્રદક્ષિણા કરવાને જ્યારે એહરામે ધોતી પહેરી.
ધાર્મીક મૃત્યુથી રસ્તામાં તેનું કામ પુરૂં થયું.
એ બનાવ વિષે આસ્માનના ફરીસ્તાએ વર્ષ બતાવવા
કહ્યું કે સજીવન મોતથી મુહમ્મદ એહરામ મરાયો.

ત્યારપછી **હુસેન કુલીખાન**ની યોજનાથી, જેને ખાનજહાનની પદવી હતી તેના શબને કાઢી ત્યાંથી પવિત્ર **મશાહદ** શહેરમાં લઇ જઇ દાટવામાં આવ્યું.

એચિંતા બનાવથી પાટણના લુચ્ચાઓએ લુટફાટ કરવા હાથ લાંબા કરી બીરમખાનના લશ્કરમાંથી કંઇપણ મુક્યું નહિ. **ખ્વાજા મલેક** અને બીજી એક ટોળીએ બીરમખાનના પુત્ર **અબદુર રહીમ** કે જે માત્ર ચાર વર્ષનો હતો, તેની માતુશ્રીને ત્યાં કેટલાક ચાકરોને આ બનાવ સ્થળથી મહા મહેનતે એક કોરે કરી તેઓ એહમદાબાદ રવાને થયા અને એહમદાબાદમાં ચાર મહિના રહીને મૃત્યુ પામ્યા.

---

# સુલતાન મુઝફ્ફર. (મુઝફ્ફર નહનુ)

## (બીજા સુલતાન મેહમુદનો દીકરો અને ગુજરાતનો છેલ્લો સુલતાન.)

## સ્વરાજ્યની સમાપ્તિ.

સુલતાન અહમદના કપાયા પછી શુબરાત માસની ૬ ઠી તારીખ સન ૯૬૮ માં એતેમાદખાંએ સુલતાન મુઝફ્ફરને તખ્તનશીન કર્યો. પરંતુ કેટલાક ઇતિહાસીઓનો એવો મત છે કે, જ્યારે ગુજરાતી સુલતાનોના વંશમાં સન ૯૬૮ હિજરી. કોઇપણ માણસ રાજ્ય કરવાની યોગ્યતા ધરાવનાર નહોતો રહ્યો ત્યારે એતેમાદખાન કે જેની ઉપર રાજ્યનું ધોરણ હતું તેણે **નહનુ** નામના છોકરાને રાજ્ય સભામાં લાવી સમયાદ દેવડાવ્યા કે આ પુત્ર બીજા સુલતાન મહેમુદનો છે, તેની માતા એક ગર્ભવંતી છોકરી હતી[1] ત્યારે તેનો ગર્ભપાત કરવાને

---

૧ આ વાત બનાવટી છે કેમકે સુલતાન એહમદની વખતે કોઇ પણ સ્ત્રી ગર્ભવંતી નથી એવું એતેમાદે કહ્યું હતું.

વાસ્તે મને સોંપાઇ હતી. તેને પાંચ માસ કરતાં વધુ ગર્ભ રહેલ હતો જેથી તે પડયો નહીં અને તેણીએ આ પુત્રનો જન્મ આપ્યો. તેને હું છાનોમાનો પાળતો હતો. હાલમાં આ છોકરા શિવાય આ રાજ્યનો કોઇ બીજો વારસ નથી. સઘળા લોકોએ પણ કબુલ કરી તેને રાજ્યાભિષેક કર્યો અને તેનું નામ **સુલતાન મુઝફ્ફર** ઉર્ફે **મુઝફ્ફર નહનુ** મુકયું.

કેટલાક માસ પછી એતેમાદખાંએ ફતેહખાં બલુચથી વેર લેવાને મુસાખાન અને શેરખાન કે જેઓ પાટણમાં હતા તેમની ઉપર લશ્કરસહિત ચઢાઇ કરી. પરંતુ સુલતાન અહમદના ખૂન થવાના કારણથી તેની બીક રાખી હતી. જ્યારે તે પાટણ નજીક પહોંચ્યો ત્યારે મુસાખાન અને શેરખાનથી લડાઇ થઇ, તેમાં થોડીકજ મારફાડથી એતેમાદખાનને હાર મળી. અમીરો વગરલડાઇએ હારી ગયા અને અહમદાબાદ પાછા આવતા રહ્યા. ત્યાર બાદ ફરીથી સન્યા ભેગી કરવાની તજવીજો ઘડવા લાગ્યો. જોકે ઘણી ગોઠવણો કરી પરંતુ અમીરો પૈકી કોઇએ તે ઉપર ધ્યાન દીધું નહીં અને દરેક પોતાના તાલુકામાં જઇને બેઠા. એતેમાદખાન પોતાને જે લશકર મળી આવ્યું તે લઇને બીજી વખત મુસાખાન તથા શેરખાન ઉપર ગયો અને તેમાં પણ હાર પામી પાછો અહમદાબાદ આવ્યો. આ લડાઈ સન ૯૬૯ હિજરીમાં થઇ.

સન ૯૬૯ હિજરી.

હવે અમીરોમાં માંહોમાંહે કુસંપ અને તાણમતાણી ઉઘાડી રીતે થવા લાગી. એતેમાદખાન થોડા લશકર સાથે બહાર નિકળ્યો, અને ઇમાદુલમુલ્કના દીકરા ચંગીઝખાંએ તે શહેરને કબજામાં લીધું. તેને સીધી લોકોએ મારી નાખ્યો. આ વર્ણનનો વિસ્તાર અને આ દેશની ગરબડ ઉભી થવાની કેફીઅત મિરાતેસિકંદરીમાં લખાએલી છે. સિવાય મરહુમ અકબરશાહનું આ દેશ ઉપર લશ્કર લઈ આવી સર કરવું અને મુઝફ્ફરના અંત વિષેની હકીકત **મોટા ખાન મિરઝા અઝીઝ કોકલતાશની** સન ૧૦૦૦ માં બીજી સ્વારીના વર્ણનમાં વર્ણાશે. ( જો ખુદા સહાય થશે તો ) હવે વર્ણનકાળ તે આવ્યો છે કે, સુંદર મટકાત કલમ રૂપી મુશકી ઘોડાની લગામ, જેઓ મરહુમ અકબરશાહથી જીતાયું તથા તે હાકમો કે જે ગુજરાત દેશ જીતવાના પ્રારંભથી વખતો વખત નેમાયા હતા તેમની ભણી મજકુર લગામ મરડાય; અને એવો

ઠરાવ રાખ્યો છે કે જેઓ શ્રી હજુર દરબારની સનદો અથવા હુકમોથી બંદોબસ્ત અર્થે જાતે નેમાયા હોય તેઓ બંદોબસ્ત કરવાની પંક્તિમાં નોંધાય, તથા જે લોકો નાઝિમ (બંદોબસ્ત કરનાર) નેમાય અથવા નાયબ નાઝિમનો ઓધો પામે તે લોકોને અથવા કુમકને વાસ્તે આવેલા હોય તે તેમના પેટામાં લખાય. હવે મિરાતમાં ઘણાખરા દફતરી અને માલી બનાવો છે તેથી અને ઘણાખરા તાબેદારીના બંદોબસ્તના કામાર્થે આવેલા તેથી દરેક વખતના દીવાનો દરેક બાદશાહના નાઝિમોની સાથે લખાયા છે અને ખબર ન મળવાથી તથા વિવેચન લંબાણને લીધે ફોજદારો તથા અમલદારોને મુકી દીધા છે; પરંતુ યોગ્ય કારણને લીધે કેટલાક લખાશે. કેમકે નાઝિમ અને પ્રધાનપણું સાથેજ છે તેથી ટુંકું લખ્યું છે.

# દિલ્લીનું—દોર.

આ કેવું ઉત્તમ ઉંચી પદ્વીવાળું પેઢી નામું અને આ કેવું સર્વોત્તમ કુટુંબ છે. કે માનવંતા બાપાઓથી અને નામીચા દાદાઓથી મનુષ્ય-જાતીના પ્રથમ પિતાશ્રી આદમ સુધી ઉંચાપણાની પદવીઓમાં અને મોટાપણાની ઉંચાઇમાં સઘળા બાદશાહો અને શહેનશાહો, બાદશાહી બક્ષીશ આપનાર એવાં રાજ્યચિન્હોથી થએલા છે. જાણે કે ખુદાઈ અંશ ગર્વયોગ્ય, સત્તાધારણ વસ્ત્ર અને રાજ્ય તથા રાજ્યસંપાદન મહા આજ્ઞાઓની ચાર ખુણાની ટોપી, આ નામદાર લોકો કે જેઓ તાજ તથા રાજના ધણી છે તેમના શીરે બીરાજે છે કે જે, સૃષ્ટીકર્ત્તાએ પોતાના કારખાનામાં એમના વાસ્તે જ તૈયાર કરેલી છે. ઈશ્વિર પ્રસન્નતાની ન્યાયી તથા ઇનસાફી રૂઢી અને પસંદ પડેલા પરોપકાર તથા પરમાર્થના ગુણો તે સર્વ શક્તિવાને તે પવિત્ર સ્વભાવવાળાઓમાં ભેગા કરેલા છે તે ખરૂં છે. જો ઇતિહાસ ઉપર નજર નાખીને જોઇએ, વિચાર ચક્ષુથી નિહાળીએ અને સત્ય તથા ખરા શોધ ભણી તપાસ કરીએ તો આસપાસના રાજકર્ત્તાઓ, પાડપાડોશના સત્તાધારીઓ અને સાતે ખંડના નામદારો આ ખળામાંથી ભેગું કરનાર અને આ પ્રકાશથી ચક-ચકિત થનારાજ જણાશે. બીજા દેશના રાજકર્ત્તાઓથી કેવળ આ જુદુંજ કારખાનું છે. ઇરાન, તુર્કિસ્તાન, શામ, અરબસ્તાન અને આફ્રિકા દેશનો દરેક, સેવારૂપી વહીવટ એનાથીજ કરે છે અને પોતાના ભાગ પ્રમાણે લાભ લેછે. સઘળી મોટાઈ, રાજઠાઠ, રાજ્યનો વિસ્તાર, બળ અને દોલત છતાં કોઇપણ કૃત્ય, કે જેથી ગર્વ અથવા અભીમાન આવી જાય એવું એમનાથી બન્યું નથી અને કોઈ વેળાએ એક હલકા ચાકરનું પણ નામ તુચ્છપણાથી એમની જીભ ઉપર આવ્યું નથી. તેમણે પ્રસિદ્ધ ધર્મને ચાલુ કરવા અતિ ઉત્કંઠા દેખાડી છે.

**ઉપદેશ વાર્તા.**—એવું કહે છે કે જ્યારે શ્રી બીજા સાહેબકિરાન[1]

---

૧ શુક્ર તથા બૃહસ્પતિ એકજ રાશીમાં હોય તે વખતે જન્મેલો.

ધર્મઅધ્યક્ષ શાહજહાન બાદશાહે એક રાજ્યાસન રત્નજડિત્ર મયૂર આકારનું એક કરોડ રૂપીઆની કિમતનું તૈયાર કરાવ્યું ને તેની ઉપર બિરાજ્યો. તે પહેલાં ખુદાની બંદગી કરી ધાર્મિક વચનો ઉચાર્યાં અને પાસે મિસર દેશ અને હાથી દાંતનું રાજ્યાસન હતું તે ઉપરથી દાવો કરવા લાગ્યો કે હું મોટો ખુદા છું. એવી રીતે લબાડ શબ્દોથી પોતાની જીભને અપવિત્ર કરી ત્યારબાદ હું આવા રાજ્યાસનનો ધણી છું અને રાજ્યનો સત્તાધારી છું તોપણ ખરેખરો પૂજ્ય જે ખુદા છે તેના દાસપણાનો દાવો કરી શકતો નથી. અરે! હું કેવો! મને જે પવિત્ર ખુદાથી પૂર્ણ આશા છે તે આ મારા વંશને સંસારના અંતસુધી રાજ્યધારણ આસન ઉપર નિત્યે ચાલુ રાખે.

ગ્રહચક્રને લીધે હેરફેર તથા ધોંધાટા જે આખી સૃષ્ટીમાં ઉત્પન્ન થયા તેમને જો તત્વશોધક ચક્ષુથી જોઇએ તો ઇરાન તથા તુર્કીસ્તાન કરતાં હિંદુસ્તાનની બાદશાહતમાં ખુદાનો ઉપકાર માનવા જોગ એ છે કે હજી સુધી એ દેશનો ધણી ઉભો છે અને એનું કારણ માત્ર ખુદાની મહેરબાની અને આ નામીચા ખાનદાનની શુભેચ્છા શીવાય બીજું કંઇ નથી. સન ૮૦૧ હિજરી.

---

## અમીર તેમુર, સાહેબ કિરાન અને ગુજરાત.

એમણે હિન્દુસ્તાનના રાજ્યને જીતી લીધું અને એક આખું વર્ષ આ દેશ તેમના તાબા તળે રહ્યો. તેઓ આ સાલના છેવટમાં **સમરકંદની** રાજ્યધાની તરફ ગયા. આ વખતે દિલ્લીનો બાદશાહ **સુલતાન મેહેમુદ** હતો કે જે સાહેકિરાની સન્યાના ધસારાને લીધે હાર પામી ગુજરાત ભણી **ઝફરખાં** પાસે ગયો હતો. ઝફરખાંએ હજી સુધી પોતે સુલતાન છે એવો વાવટો ઉંચો નહોતો કર્યો ને મુઝફ્ફરશાહ બન્યો નહોતો. જ્યારે પોતાને જેવી આશા હતી તેવું તેનાથી ન મળવાથી તે માળવા તરફ કુચ કરી ગયો. એ બધું મિરાતેસિકંદરીમાં લખેલું છે. જ્યારે રાજ્યસત્તાનો વખત **ઝહીરૂદીન મુહમ્મદ બાબર બાદશાહ** ( સાહેબ કિરાન અમીર તેમુર ગોરગાનનો દીકરો) નો આવ્યો ત્યારે પોતાની રાજ્યધાની **કાબુલથી** હિન્દુસ્તાન સર કરવા નિકળ્યો અને સન ૯૩૨ માં દિલ્લી તથા આગ્રાની રાજધાની જીતી લીધી અને સન ૯૩૨ હિજરી.

પૂર્વ તરફના ઘણા ખરા દેશો તાબે કર્યા. તેના
રાજ્ય અમલ વખતે ગુજરાતમાં **સુલતાન મુઝફ્ફર હલીમ**ની
સત્તાની છેલ્લી અવસ્થા હતી. તે પછી **સુલતાન સિકંદર** થયો અને
તે પછી **સુલતાન બહાદુર**ની સત્તા થઇ. સુલતાન બહાદુરના રાજના
આશરે પાંચ વર્ષ થયાં હશે કે તારીખ ૬ ઠી, મ સ
જમાદીઉલઅવલ સન ૯૩૭ માં આગ્રા રાજધાની સન ૯૩૭ હિજરી.
મધ્યે તે શ્રીમંતે આ સંસારનો ત્યાગ કર્યો અને
તેના પવિત્ર શબને લઇ જઇ કાબુલ રાજધાનીમાં દફન કરવામાં
આવ્યું. તેણે હિંદુસ્તાનમાં આશરે છ વર્ષ રાજ કર્યું. તે પછી **નસીરૂદ્દીન
મુહમ્મદ હુમાયુ બાદશાહ** ( ઝહીરૂદ્દીન મુહમ્મદ બાબર બાદશાહનો
દીકરો. ) તારીખ ૯ માસ જમાદીઉલઅવલના રોજ આગ્રા રાજધાનીમાં
તખ્તે બેઠો. તેનું વર્ષ **ખેરૂલમુલ્ક** ( રાજાઓમાં ઉત્તમ ) એ
શબ્દથી નિકળે છે.

આ વખતે ગુજરાતમાં **સુલતાન બહાદુર** રાજ ભોગવતો હતો.
સને ૯૪૧ હિજરીમાં જ્યારે સુલતાન બહાદુરે
**ચિતોડ**નો કિલ્લો સર કર્યો તે વખતે **મિરજા** સન ૯૪૧ હિજરી.
**મુહમ્મદ જમાનના** રસ્તાના કારણથી પોતાના
મનમાં જે અંટસ આવી ગઇ હતી તેથી સુલતાન બહાદુર ઉપર ચઢાઇ
કરી તેને હરાવી **ચાંપાનેર**ના કિલ્લાને જીતી અહમદાબાદમાં
આવ્યો. જે વિષેનું થોડુંક લખાઇ ગયું છે અને તેનું પુરતું વર્ણન
**અકબરનામા** તથા **મિરાતે સિકંદરી** ઇતિહાસોમાં છે જ્યારે ભાઇ-
ઓનું ગેરમળતાવડાપણું અને શત્રુઓની શત્રુતા વધી ગઇ ત્યારે કાળને
અનુસરી પોતે ઇરાન તરફ ગયા અને ત્યાંથી
પાછા ફરી બકરી ઇદ માસના અધવચમાં સન ૯૬૨ સન ૯૬૨ હિજરી.
માં બીજી વખતે હુલ્લડખોરોના હાથમાંથી હિન્દુસ્તાનને
કબજામાં લીધો. ગુજરાતમાં **સુલતાન બહાદુર**ના મૃત્યુ પછી બીજા
**સુલતાન મેહેમુદ**ને મારી નાખ્યો હતો અને **શફરખાન**ના
પૌત્ર **સુલતાન એહમદ**ને તખ્ત ઉપર બેસાડ્યો
હતો. રબીઉલઅવલ માસની ૧૩ મી તારીખે સન ૯૬૩ હિજરી.
દિલ્હી રાજધાની મુકામે સદા કાળના ભુવનમાં

પધાર્યા. જે પવિત્ર ઠામ હમણાં **હુમાયુના મકબરાના નામથી** પ્રસિદ્ધ છે ત્યાં તેને દાટવામાં આવ્યો. તેણે હિંદુસ્તાનમાં પચીશ વર્ષ, બે માસ અને બે દિવસ રાજ કર્યું.

---

## ગુજરાત અને અકબર બાદશાહ.

### ( હુમાયુ બાદશાહનો કુંવર. )

રબીઉસ્સા માસની બીજી તારીખ અને શુક્રવારના રોજ બપોરના વખતે કલાનૂરભૂમીની ઇદ મસજીદમાં **અકબરશાહ** બાદશાહ થયો. તે વખતે ગુજરાતમાં **શકરખાનના** પૌત્ર **સુલતાન એહમદના** તખ્ત ઉપર બેસવાને ત્રીજું વર્ષ હતું.

સન ૯૬૩ હિજરી.

રજબ માસની ૧૪ તરીખે સન ૯૮૦ હિજરીના દિવસે બીજા **મુઝફ્ફરના** કબજામાંથી નિકળી **ગુર્જરદેશ** આ કાળજીવાળા સત્તાધારીઓના હાથમાં આવ્યો અને હિંદુસ્તાનની બાદશાહતનો એક ભાગ થઇ ગયો. આ વેળા મુઝફ્ફરને રાજ કરતાં તેરમું વર્ષ થયું હતું.

નવ સુબા ગુજરાતમાં આવ્યા.

આ વર્ણનનું સાંધણુ આગળ આવે છે તેનાથી જાહેર થશે

જ્યારે બુધવારની રાત અને જમાદીઉલઆખર માસની ૧૨ મી તારીખે સને ૧૦૧૪ હિજરીમાં તે શ્રીમંત કુચના ડંકા ઉપર ચોબ મારી બીજા ભવમાં પધાર્યા અને **સિકંદરીના ઘુમટમાં** દફન થયા. તેમનું રાજ્ય બાવન વર્ષ, બે મહીના અને નવ દિવસ ચંદ્ર ગણીતથી રહ્યું હતું. એમની બાદશાહતના વખતમાં નવ માણસ હજુરમાંથી સુબા થઇ ગુજરાતમાં આવ્યા.

---

## નુરૂદદીન મુહમ્મદ જહાંગીર બાદશાહ.

### ( અકબર બાદશાહનો કુંવર )

બ્રહસ્પતવાર તારીખ ૧૪ જમાદીઉસ્સા, સન ૧૦૧૪ હિજરીમાં જાથુકની રાજધાની આગ્રામાં અરકના કિલ્લામાં તખ્ત ઉપર બેઠો અને

રવીવાર સફરમાસની ૨૭ મી તારીખે પહોર દિવસ ચઢે સન ૧ ૩૭ હિજરીમાં કાશમીરથી લાહોર રાજધાની ભણી આવતાં **જંગશાહુતીના** મુકામે આ નાશવંત ભવમાંથી નિકળી અવિનાશ ભવમાં જઈ મુકામ કર્યો. એને લાહોરમાં આવેલા ઘુમટમાં દાટવામાં આવ્યો. તેણે એકવીશ વર્ષ ને એક માસ રાજ્ય કર્યું. તેની બાદશાહતમાં આઠ જણને આ દેશની સુબેદારીનું માન મળ્યું.

---

## શાહજહાન બાદશાહ.

### ( જહાંગીર બાદશાહનો કુંવર )

બ્રહસ્પતવારના શુભ દિવસે જમાદીઊસ્સા માસની ૧૨ મી તારીખે સન ૧૦૩૭ હિજરીમાં જાથુક રાજધાનીના શહેર અકબરાબાદના કિલ્લામાં તખ્ત ઉપર બેઠો અને સ. ૧૦૩૭ ૭૬ હિજરી સોમવારની રાતની ત્રણ ઘડી ગયા પછી રજબમાસની ૨૬ મી તારીખે સને ૧૦૭૬ હિજરીને દીવસે આ સંસારી ધુળકોટમાંથી સદાએ કાયમ ભવ તરફ વિદાય થયો અને આગ્રાના ઘુમટમાં દાટવામાં આવ્યો ( તાજમાં ) રાજ કરવાની મુદત બત્રીશ વર્ષ અને અરક કિલ્લાનો એકાંત વાસ સાત વરસનો હતો. એના રાજ્યની વખતે બાર જણા આ સુબાદારી ઉપર આવ્યા

---

## મુહૈયુદ્દીન ઔરંગઝેબ–આલમગીર.

### ( શાહજહાન બાદશાહનો કુંવર )

પહેલી વખતે તખ્તનશીની બસો અઇઝ ( અમીરોના બાગમાં ) શુક્રવાર જીલ્કઅદ માસની ૧ લી તારીખે સને ૧૦૬૮ હિજરીમાં અને બીજી વખતે પધરામણી કે સ. ૧૦૬૮-૬૯ હિજરી જેમાં પ્રાર્થના, (ખુતબે) સિક્કો તથા નામની પદવી મળી તે, તારીખ ૨૪ રમજાન રવીવારે ૧૦૬૯ માં દિલ્લી રાજધાનીના અરકના કિલ્લામાં થઇ હતી.

જીલ્કઅદ માસ, સોમવાર અને ૨૭ મી તારીખે સને ૧૧૧૮ માં **અહમદ-**

**નગર** મુકામે (જે દક્ષિણના સુબાના દેશમાં છે ત્યાં) દેહ છોડી. **અને તેને બુરહાનુદ્દીન ઓલીઆના** રોજામાં તેમની જોડે દાટવામાં આવ્યો. તે બુરહાનુદ્દીનની દરગાહ ખુલ્દાબાદમાં છે અને તે રોજાના નામથી પ્રસિદ્ધ છે તે ઔરંગાબાદથી સાત ગાઉ ઉપર છે. તેની લાશ અહમદનગરથી ત્યાં લાવ્યા એમણે બાવન વર્ષ, બે માસ ને ચાર દિવસ રાજ્ય કર્યું. એમની વખતમાં દશ માણસો સુબા થઇ અત્રે આવેલા.

---

## કુતબુદીન મુહમ્મદ મુઅઝ્ઝમ શાહેઆલમ બહાદુર

### ( આલમગીર બાદશાહનો કુંવર )

રબીઉલઅવલ માસની ૧૯ મી તારીખ સને ૧૧૧૯ હિજરીમાં અકબરાબાદની બાદશાહવાસ રાજધાનીમાં ધરાય બાગ મધ્યે **મુહમ્મદ આઝમ**ને હરાવ્યા પછી ૧૧૧૯ હિજરી. તખ્તે આવ્યો.

મોહર્રમ માસની ૧૯ મી તારીખ સન ૧૧૨૪ માં રાજધાની લાહોરની હદમાં મૃત્યુ પામ્યો અને તેની લાશને લાવી દિલ્લીમાં **ખાઝા કુતુબ ચિરાગે દેહલીની** કબર સન ૧૧૨૪ હિજરી. નજીક[1] દાટી દેવામાં આવ્યો. તેણે ચાર વર્ષ ને નવ માસ બાદશાહત કરી તેના વખતમાં એકજ જણ સુબો થઇ અત્રે આવેલો.

---

## મુહીઝુદદીન જહાંદાર મુહમ્મદશાહ.

### ( બહાદુરશાહ બાદશાહનો કુંવર )

સને ૧૧૨૪ ના મોહર્રમ માસની ૨૦ મી તારીખે લાહોર રાજધાનીની હદમાં તે તખ્ત ઉપર બેઠો. તેણે બે માસ ને વીસ દહાડા પછી આ સંસારનો ત્યાગ કર્યો. સન ૧૧૨૪ હિજરી. તેને દિલ્લીના હુમાયુ બાદશાહના રોજામાં દાટયો. તેના વખતમાં એક જણને સુબેદારી મળી.

---

૧ કર્તાની ભુલ છે. કેમકે કુતબુદ્દીન કુતુબમીનાર.ની પાસે છે, ને ચરાગદેહલી દિલ્લીથી પાંચ ગાઉ ઉપર જુદું જ ગામ છે, ભાષાંતરકર્તા ચરાગ દેહલીના વંશનો છે.

## શાહે શહીદ* મુઇનુદ્દીન મુહમ્મદ ફરોખશીયર બાદશાહ.

**(બહાદુરશાહ બાદશાહના દીકરા મુહમ્મદ અઝીમુદ્દીનનો દીકરો.)**

જીલહજ માસ તારીખ ૧૩ મી સને ૧૧૨૪ હિજરીને દિવસે સ્થાનીક અકબરાબાદની રાજધાનીની હદમાં પોતાના કાકા **જહાંદારશાહ** ઉપર જય પામી ખુતબા તથા સિક્કા ઉપર પોતાનું નામ રાખ્યું.

રબીઉલઅવલ માસની ૮ મી તારીખ, સન ૧૧૩૧ માં કેદમાં પડ્યા પછી મારી નાખવામાં આવ્યો. તેને દિલ્લી રાજધાનીના હુમાયુના ઘુમટમાં ભુમીદાગ દીધો. જહાંદારશાહના સન ૧૧૩૧ હિજરી. રાજ સુધી એની બાદશાહતની મુદત છ વર્ષ ને પચીસ દહાડા રહી. એની બાદશાહતમાં પાંચ જણ સુબાઓ થઇ અત્રે આવેલા.

---

## મુહમ્મદ રફીઉદ્દૃરજાત બાદશાહ.

**(બહાદુરશાહ બાદશાહના દીકરા મુહમ્મદ રફીઉશ્શાનો દીકરો.)**

રબીઉલઅવલ માસની ૮ મી તારીખ, સને ૧૧૩૧ હિજરીમાં દિલ્લી રાજધાનીના બાદશાહનિવાસ કિલ્લામાં એ તખ્ત ઉપર બેઠો.

રજબ માસની ૨૩ મી તારીખ મજકુર સનમાં પીંડરોગ એટલે તાવ અને ક્ષયને લીધે પોતાના નાના ભાઇ મુહમ્મદ રફીઉદ્દવલાને વાસ્તે તખ્ત નશીન કરવાની વસીઅત કરી મૃત્યુ પામ્યો અને હુમાયુ બાદશાહના કબરસ્તાનમાં દટાયો તેની બાદશાહત ચાર માસ ને પંદર દિવસ રહી. ટુંક મુદતને લીધે સુબો બદલાયો નહીં.

---

## મુહમ્મદ રફીઉદ્દવલા ઉર્ફે બીજો શાહજહાન.

**( બહાદુરશાહના દીકરા મુહમ્મદ રફીઉશ્શાનો દીકરો. )**

શનીવાર તારીખ ૨૦ રજબ સને ૧૧૩૧ હિજરીને દહાડે દિલ્લી

---

* કપાએલો બાદશાહ.

રાજધાનીના બાદશાહત્રાસ કિલ્લામાં પોતાના ભાઇની વસીઅત પ્રમાણે તખ્ત ઉપર બેઠો. અને મુહમ્મદ ને ફોસ્યરના ઘોંઘાટની બુમાટને લીધે અકબરાબાદ શાહત્રાસ રાજધાની ભણી ગયો. તેજ વર્ષના જીલ્કઅદ માસમાં તેની આયુષનો અંત આવ્યો. એણે ચાર માસ બાદશાહત કરી. કંઈ પણ સુબામાં ફેરફાર થયો નહીં. ૧૧૩૧ હિજરી.

---

## નાસિરૂદ્દીન મુહમ્મદશાહ બાદશાહ

### ( બહાદુરશાહ બાદશાહના દીકરા જહાંદારશાહનો કુંવર.)

જ્યારે બાદશાહવાસ અકબરાબાદની રાજધાનીની ભુમીથી બીજો શાહજહાન બાદશાહ મૃત્યુ પામ્યો ત્યારે **કુતબુલમુલ્ક**[1] એટલે સૈયદ અબદુલ્લાખાન અને વજીર તથા **અમીરૂલઉમ્રા**[2] સૈયદ હસન અલીખાંએ પોતાના નાના ભાઈ સૈયદ નજમુદીનખાં કે જે દિલ્લી રાજધાનીમાં સુબો હતો તેને લખ્યું કે ઘણી ઉતાવળે એક ખાનદાન રાજ-કુંવરને આ તરફ મોકલશો કે જે અત્રે આવી પોતાના બાપદાદાના તખ્ત ઉપર જામી જાય. જેથી તેણે [3]**મુહમ્મદ રોશન અખતર જહાંદારશાહ બાદશાહના કુંવરને ધટાટે.પ** નામનો હાથી સ્વારીમાં આપી તુરત મોકલાવી દીધો. પંથ કાપ્યા પછી જીલ્કઅદ માસની ૧૫ મી તારીખ સન ૧૧૩૧ માં બાદશાહી તખ્ત ઉપર બેઠો અને પોતાનું નામ મુહમ્મદશાહ મુકયું. તે સન ૧૧૬૧ હિજરીના રબીઉસ્સા માસમાં મૃત્યુ પામ્યો અને દિલ્લી રાજધાનીમાં [4]**ખાજા નિઝામુદ્દીન ઓલીઆના** રોજા પાસે તેની કબર બનાવી. તેની બાદશાહતની મુદત કે જે રફીઉદદરજાત તથા બીજા શાહ-જહાનની બાદશાહતમાં ગણાય છે તે ત્રીશ વર્ષ ને છ દિવસ હતી. આ ૧૧૩૧–૬૧ હિજરી.

---

1, 2 Indian king makers.

૩ મુસાસુહાગ, બાવા બારેકુલ્લા, બાવા ટોકલ, બાવા લધન શહીદ, બાવા બતીફ, બાબુ અલીશેર સરખેજવાળાના ધર્મ ગુરૂ.

૪ આ રાજમાં ઘણાખરા સુબાઓ સ્વતંત્ર થયા. જેમકે લખનૌ, હૈદરાબાદ વિગેરે.

બાદશાહની બાદશાહતમાં ૭ જણ સુબેદાર થઇ આ સુબામાં નેમાયા હતા.

---

## મુજાહિદુદદીન અહમદશાહ બાદશાહ.

### ( મુહમ્મદશાહ બાદશાહનો કુંવર. )

મંગળવાર જમાદીઉલઅવલ માસની ૧ લી તારીખ, ૧૧૬૧ ને દિવસે **કુંદરા** મુકામ કે જે પાણીપત તાલુકામાં છે ત્યાં જે વખતે અબદાલીની ફતેહ પછી પાછા ફરતા હતા ત્યારે તે તખ્ત ઉપર બેઠો.

સન ૧૧૬૧ હિજરી.

તારીખ ૧૦ શુબરાત સને ૧૧૬૭ માં વજીરોથી કુસંપને લીધે કેદ થયો. તેણે ૭ વર્ષ, ત્રણ માસ અને નવ દિવસ બાદશાહત કરી. એ બાદશાહના વખતમાં રાજા **બખતસિંગ** આ સુબાની સુબેદારી ઉપર માન પામ્યો.

૧૧૬૭ હિજરી.

---

## અઝીઝુદદીન મુહમ્મદ ઉર્ફે આલમગીર બીજો

બપોરની વખતે રવીવારના દીવસે શુબરાત માસની ૧૦ મી તારીખ સન ૧૧૬૭ હિજરીમાં દિલ્લી રાજધાનીના બાદશાહી કિલ્લામાં તખ્ત ઉપર બેઠો.

૧૧૬૭ હિજરી.

બ્રહસ્પતવાર તારીખ ૮ મી રબીઉસ્સામાસ સને ૧૧૭૩ માં પ્રધાનના ઇશારા ( આજ્ઞા ) થી મારી નાખવામાં આવ્યો. એણે પાંચ વર્ષ, સાત માસ ને સતાવીશ દિવસ રાજ કર્યું. **બાલાજીરાવ** મરેઠાનો પ્રવેશ થવાથી આ સુબાની સુબેદારી ઉપર કોઇ પણ નેમાયો નહીં.

મરેઠાઓનું બળ તથા પ્રવેશ સ. ૧૧૭૩ હિ.

---

## બીજા શાહજહાનનું રાજ્યાભિષેક થવું.

ગુરૂવારની સાંજ, રબીઉસ્સા માસ, સને ૧૧૭૩ હિજરીના દિવસે દિલ્લીમાં રાજ્યાસન (તખ્ત) ઉપર બેઠો.

# અકબરશાહ અને ગુજરાત.

**ગુજરાત દેશના બુમાટાનો પ્રારંભ, મિરઝા લોકોનું અત્રે આવવું, ગુજરાતની બાદશાહતની સમાપ્તિ, જોરાવર બાદશાહના સત્તાધારીઓના કબજામાં આ દેશનું આવવું અને પરવરદીગારની સહાયથી યુદ્ધ તથા ખુન ખરાબી થયા વિના રક્ષણ પામેલ હિંદુસ્તાનની બાદશાહતનું એકત્ર ગણાવું.**

## જલાલુદીન મુહમ્મદ અકબર બાદશાહ ગાઝીની બાદશાહત.

શુદ્ધ પ્રકાશિત અંતઃકરણના સજ્જનો ઉપર અને સુજ્ઞાની વાંચનારાઓના મત ઉપર આ ખુલ્લુંજ છે કે, સૃષ્ટિ સરજનાના કાળથી આ જગતમાં કોઇપણ રાજ્ય પડી ભાગવાની સ્થિતિમાં હોય તો તેનું કારણ તોફાની ફુટફાટનું બી, કે જે રાજ્યના પાસવાન લોકોના પાત્રરૂપી કલેજામાં વવાયછે તે છે. કપટી મનના લોકો અને [1]જંગલી સ્ત્રી જેવા ગપ્પા ઠોકનારાઓના પાણી પાયાથી તે બી ઉછેરાઇ દિવસે દિવસે ખુનસની ડાળીઓ તથા પાતરાં ચોમેર ફેલાઇ, ખુદાઇ ઉપકાર વિસારવાના ફલોથી ફળી જાયછે અને ખરા પરોપકારી ખુદાનો પાડ, કે જે તેની કૃપાની વૃદ્ધિનું મુળ કારણ છે તે વિસરિત ગોખમાં ન સંભળાય તેવી રીતે મુકાઇ જાયછે. આ ખુદાઈ બોધવચન "[2]જો મારો પાડ માનશો તો હું વૃદ્ધિ કરીશ અને જો અપકાર માનશો તો મારી શિક્ષા ઘણી કઠણ છે." તે પરોપકારથી લોકો નિઃસંબંધ બનતા જાયછે અને સત્યપૂર્વક બયાન માટે ખુદા કોઇ પ્રજામાં કંઇ હેરફેર કરતો નથી. "જ્યાંસુધી તે પ્રજા પોતાની મેળે પોતામાં હેરફેર ઉત્પન્ન કરે[3]" તે કારણે મુકીને તુટી પડવાની દિશામાં આવી પહોંચે છે અને અસહ્ય દુઃખો અને નકામા ટંટા

---

૧ કુરાને એને વખોડી છે.

૨ કુરાનની એક આયાતનો અર્થ.

૩ કુરાનની આયાતનો અર્થ.

તેઓમાં ઉભા થઈ જાયછે. તે અહીં સુધી કે, બીજા દેશનો રાજા ત્યાં આવી પહોંચી તેઓને તાબે કરી લે. [૧]આ વિવેચન કરી વર્ણ-વેલાના દર્શનીક દ્દષ્ટાંતરૂપી ગુજરાતના સુલતાનો અને ગુજરાતી અમીરો થઇ પડયા. જેઓ વિષે યોગ્ય જગ્યાએ નોંધ થઈ ગઇ છે.

જ્યારે ગુજરાતના રાજ્યની પડતી આવી ત્યારે તે લોકોએ રાજ્ય આબાદીના ધર્મોને રાજ્ય બરબાદીના કર્મોથી બદલ કરી નાખ્યા અને સંપરૂપી ક્ષેત્રમાં કુસંપરૂપી બળદને છુટો મુકી દીધો; તેમજ એક બીજાની ચામડી ઉતારવાની યુક્તિઓ કરવા લાગ્યા, તથા પડદામાં સંતાઇ રહેલા કુસંપને બહાર તાણી લાવી તેની અદાવતરૂપી પ્રતિમા ઉઘાડી રીતે ખુલ્લી મુકી દીધી. છેવટે એકેક જણ બીજાનો શત્રુ બની જઇ ઝગડા ઉભા કરવા લાગ્યો. જેથી કરી ખુદા તરફથી તે લોકોને રાજ્યથી બાતલ કરવાની આજ્ઞા બહાર પડી અને તેઓની સત્તારૂપ પથારી છેવટે વીંટાળી નાખવામાં આવી; તેમજ સનંદ તથા રાજ્યસત્તાની આજ્ઞાપત્રિકા અને આ દેશના પ્રજારક્ષણમાટે ખુદાનું એવું ફરમાન થયું કે ચાહે તેને રાજ્ય પ્રાપ્ત કરે અને ચાહે તેને પદભ્રષ્ટ કરે. કુટુંબમાં અતિ ઉત્તમ ખાનદાન **શ્રી સાહેબ કિરાન અમીર તૈમુર ગોરગાન** માટે ફરમાશ થઇ અને ન્યાય તથા ઇન્સાફની સનંદ ધર્મચુસ્ત **જલાલુ-દ્દીન મુહમ્મદ અકબર બાદશાહ**ને અપાઇ.

આ લઘુ વર્ણનનો વિસ્તાર તથા ટુંક લખાણની મતલબ એ છે કે- **ઇબ્રાહીમ હુસેન મીરઝા, મુહમ્મદ હુસેન મીરઝા, મસઉદ હુસેન મીરઝા** અને **કાબિલ હુસેન મીરઝા** જેઓ **અમીર તૈમુર ગોરગાનના** વંશમાંથી ઉતરતા આવે છે તેઓ પોતીકા અપલક્ષણોના કારણથી ટંટા અને તોફાન ઉભા કરવા લાગ્યા અને રાજ્યસત્તા ભંગ કરવાની ગોઠવણો કરતા હતા. તેઓનો પિતા **મુહમ્મદ સુલતાન મીરઝા** વૃદ્ધ અવસ્થાને લીધે **સંભલ** તાલુકા પૈકી પોતાની જાગીર આજમઆબાદમાં દિવસ ગાળતો હતો. જ્યારે બાદશાહી નિશાનો પંજાબ ભણી ઉડવા લાગ્યાં તે વખતે મિરઝાઓએ લાગ જોઇ **સંભલથી** બહાર આવી લુટફાટ કરવા માંડી અને કેટલાક જાગીરદારોને મારી તેઓની માલમિલકત લુંટી લઇ

---

૧ વાંચનાર ! આ વખતે દિલ્હીની ચઢતી ને ગુજરાતની પડતી છે કે જે ગ્રંથકર્ત્તા જુએ છે.

દિલ્લીના કિલ્લાને ઘેરો ઘાલ્યો જેથી કરી લોકો ઘણા દુ:ખી થવા લાગ્યા અને બાદશાહતમાં ભારે ચિંતા ફેલાઇ. આ બનાવ વિષે સાંભળતાંજ બાદશાહ પંજાબથી દિલ્લી તરફ રવાને થયો. જ્યારે બાદશાહની સ્વારી પધારવાની ખબર સાંભળી ત્યારે મિરઝાઓ પોતે સામા નહીં ટકી શકવાથી દિલ્લીના ઘેરા ઉપરથી હાથ ઉઠાવી લઇ માળવા તરફ નાશી ગયા.

**માલવા** દેશને, **મુહમ્મદ કુલીબરલાશ,** કે જે બાદશાહી અમીરો પૈકી એક અમીર હતો તેણે પોતાને તાબે કર્યો હતો. તેની પાસેથી લઇને પોતે ધણી થઈ પડયા. બાદશાહની સ્વારી દિલ્લીમાં આવ્યા પછી જય પામતી સન્યા મિરઝાઓને પકડવાને વાસ્તે નેમવામાં આવી. તે વખતે

ગુજરાતની ગરબડ.

**બીજા સુલતાન મહેમુદને** બુરહાન નામના એક પાણી પાનારે મારી નાખ્યો હતો. આ બનાવના આતુર અમીરો, જેવા કે સૈયદ મુબારક, ઇમાદુલમુલ્ક તથા એતેમાદખાંએ અહમદાબાદ વસાવનાર સુલતાન એહમદના વંશ પૈકી એક પૌત્ર કે જે હજી સુધી ઉમ્મરે પહોંચ્યો નહોતો. તે નામ ઠામ વિનાના બાળકને રાજ્યસત્તા ઉપર નીમી તેનું નામ બીજો સુલતાન એહમદ મુકયું હતું; અને રાજ્યકારોબાર તથા કારકિર્દી તેની આગળથી લઇ પોતાના કબજામાં રાખી. જ્યારે તે બાળક જુવાન તથા રાજ્ય કરવાયોગ્ય થયો ત્યારે તેનું પણ કાટલું કાઢી નાખી, બીજા એક બાળકને બીજા સુલતાન મેહેમુદનો કુંવર ઠરાવી **મુઝફ્ફરશાહ ઉર્ફે નહનુ**ના નામથી પ્રખ્યાત કર્યો. પરંતુ કેટલાક લોકો કે જેમને આ બાબતની ખરી માહીતી હતી તેઓ ધારતા હતા કે એ કેવળ બનાવટ તથા જુઠાણુ છે; પરંતુ તેઓના બળ તથા સ્થિરતાને લીધે એ ઉપર કેટલાક દિવસો વિતી ગયા. આ વિષેની ખરાબ અસર લોકોના શ્રવણમાં ફેલાઇ ગઈ.

ત્યારબાદ અમીરોએ પોતપોતામાં રાજ્યની વહેંચણી કરી લીધી. **અહમદાબાદ, ખંભાત બંદર** અને રાજ્યનો ઘણોખરો ભાગ **એતેમાદખાંએ** કબજે કરી લીધો તથા **પાટણ મહાલ મુસાખાન પોલાદી** અને **શેરખાન**ને મળ્યો; **સુરત, ભરૂચ,** **વડોદરા** અને **ચાંપાનેર** એ, **ઈમાદુલમુલ્કના દીકરા ચંગીઝખાન**ને મળ્યા અને **ધોળકા, ધંધુકા** વિગેરે પ્રગણાં **સૈઇદ મુબારકે** લીધાં. **સોરઠ દેશ (જુનાગઢ) અમીનખાન ગોરી**ના ભાગમાં આવ્યો.

આ બિનહકદાર લોકોએ થોડાક દિવસ સુધી તે ભોગવ્યું. આ વખતે તેઓએ પ્રજા ઉપર અનહદ દુઃખોનો વરસાદ વરસાવી દીધો; છેવટે માંહોમાંહે વઢી પડવા લાગ્યા અને તેઓમાં ઝપાઝપી થવા લાગી. આ સમયમાં મિરઝાઓએ પોતાના સામે જે તૈયારીઓ થઇ હતી તે સન્મુખ નહીં ટકી શકાશે એમ વિચારી તથા માલવા દેશ હાથમાં નહીં રહે એમ ધારી ચંગીઝખાનનો આશરો માગ્યો. તે વેળાએ એતેમાદખાન તથા ચંગીઝખાન વચ્ચે અહમદાબાદ આગળ લડાઇ હતી તેથી ખરી વખતે મિરઝાઓની પધરામણી ચંગીઝખાનને લાભકારી જણાયાથી તેમને **ભરૂચ** જાગીરમાં આપ્યું. તે વિષે સવિસ્તારથી મિરાતેસિકંદરીમાં લખ્યું છે અને થોડું ઘણું આ પુસ્તકમાં પણ નોંધાઇ ચુક્યું છે.

જ્યારે ઝુઝારખાં સીધીએ ચંગીઝખાનને મારી નાખ્યો ત્યારે ગુજરાત દેશમાં ઘણી અવ્યવસ્થા ફેલાઇ ગઇ, તેથી મિરઝાઓએ લાગ જોઇ **ચાંપાનેરનો કિલ્લો** તથા **સુરત** ઉપર ચડાઇ કરી જીતી લીધા અને ભરૂચના કિલ્લાનો પણ કબજો કરી લીધો. આ વખતે તેઓને બળ તથા સત્તાની પ્રાપ્તિ થઇ.

હવે એતેમાદખાંએ રાજ્યકારોબાર સઘળો પોતાના હાથમાં રાખ્યો, તેથી શેરખાન પોલાદીની ઉશ્કેરણીના લીધે સુલતાન **મુઝફ્ફર** અહમદાબાદથી નાસી તેની પાસે પાટણ ગયો અને **શેરખાન** શણગારેલી સન્યાસહિત અહમદાબાદ તરફ આવવા લાગ્યો. એતેમાદખાન અહમદાબાદના કિલ્લામાં કિલ્લેબંધ થઇ ગયો ને **મિરઝાઓની** મદદ માગી. તેવીજ રીતે રાજાઓને આશરો આપનારા દરબારમાં પણ અરજી કરી સઘળા બનાવોની કેફીયતથી માહિત થઇ વિનંતી કરી. તે શ્રીમંત સરકારે ગુજરાત સર કરવાની તૈયારી કરી. બાદશાહે પ્રજાની સ્થિતિ તથા કામદારોની હાલત કરતાં વિષેશ લક્ષ મિરઝાઓની અગ્નિ ઓલવવા ઉપર આપ્યું. તારીખ ૨૦, માસ સફર અને મંગળવાર સને ૯૮૦ હિજરીના દિવસે નિશાનો ગુજરાત જીતવાને અર્થે ઉંચા કર્યા. **કલાનખાન, સૈયદ મેહેમુદ બારેવાલ,** [૨]**કલીજખાન, સદિકખાન** અને **શાહફખરૂદદીન**

અકબરને પધારવાનું આમંત્રણ. સન ૯૮૦ હિજરી

૨ ગોળકુંડા નજીક કલીજખાનની કબર છે.

વિગેરે સઘળા અમીરોને જય પામતી સન્યાસહ કુચ કરતું લશ્કર બનાવી તે સાથે રવાને કર્યા.

## અકબરની સ્વારી.

સોમવાર તારીખ ૨૨ માસ રબીઉસ્સાની સન મજકુરના દિવસે **અજમેર** શેહેરથી **ગુજરાત** તરફ રવાને થયો.

જ્યારે સ્વારી **નાગોર**ની હદમાં આવી તે વખતે કલાનખાન તથા બીજા અમીરો જે સ્વારીના લશ્કરમાં હતા તેઓ **સીરોહી**ની હદમાં પોહોંચી ગયા હતા. સીરોહીના રાજા **માનસીંગ દેવડા**ના મનમાં ખોટી શંકાઓ ઉભી થવાથી મિત્રાચારી તથા દોસ્તીના અંગે કેટલાક રજપુતોને આમંત્રણાર્થે કલાનખાનની સેવામાં મોકલ્યા. આમંત્રણકાર્ય થઇ રહ્યા પછી વિસર્જન થતી વખતે ખાનસાહેબ હિંદુસ્તાની ધારા મુજબ એક એકને પાન સોપારી આપવા લાગ્યા. તે અવસરે એક રજપુતે ખાનસાહેબની પાસે આવી જમધર કાઢી ખાનની ગરદનમાં ઘોંચી દીધો. તે જમધર ખભામાંથી ત્રણ આંગળ બહાર નીકળી પડયો. તે વખતે ખાનના એક નોકર બહાદુરખાન નામના માણસે તે રજપુતને પકડીને ભોંય ઉપર નાખી દીધો અને **સદિકખાન** તથા **મુહમ્મદ કુલીખાને** તે નિર્દોષ માણસને તલવારના ઘાથી મારી નાખ્યો અને તેના સાથીઓને પણ મારી નાખવામાં આવ્યા. એ બનાવ પછી તરતજ સરકારી સ્વારી પણ આ સન્યાને આવી મળી. હવે સીરોહીના લોકોથી અહિચકારૂં કામ બનેલું તેથી હુકમ કરવામાં આવ્યો કે, શુરા લોકો! બહાદુર સન્યાને લઇ તે તોફાની લોકોનાં ટોળાંને પકડી લાવો. આવો હુકમ સાંભળી તે તોફાની લોકોપૈકી ઘણાખરા ગામ મુકી દઇ ડુંગરોમાં સંતાઇ પેઠા. ખુનમાં વીંટાળેલી એક ટોળી, જેને માંચતોડ કહે છે તે પૈકીના કેટલાએક દેવળની આસપાસ ધુળમાં પડેલા હતા.

સીરોહીના શૂરા.

સીરોહી અને અકબર.

લખવા મતલબ કે, જ્યારે **પાટણ**ની હદમાં લશ્કર આવી ઉતર્યું ત્યારે શાહ ફખરૂદ્દીનને સહાય આપી આજ્ઞાપત્રિકાસહિત એતેમાદખાનની પાસે મોકલ્યો, કે જે વારંવાર નિષ્કપટ અરજીઓ શ્રી દરબારમાં મોકલતો હતો અને બાદશાહી સ્વારીની પધરામણીની વિનંતીઓ કરતો હતો. **ડીસા** મુકામે પધરામણી થઇ ત્યારે ખબર આવી કે શેરખાં પોલાદીએ અહમદા-

ગુજરાત પાટણમાં પધરામણી.

બાદને ઘેરો ઘાલ્યો હતો પરંતુ બાદશાહની સ્વારીની પધરામણીની ખબર સાંભળી ઘેરો ઉઠાવી લઇ સોરઠ તરફ રસ્તે પડી ગયોછે, તેણે પોતાના દીકરા મુહમ્મદખાન તથા બદરખાનને પાટણ મોકલી દીધા છે અને બાળબચ્ચાં તથા ખટલાને ત્યાંથી લઇ જઇ કોઈ મજબુત જગ્યાએ પોહોંચાડ્યાં છે. આ વખતે તેના દીકરા ઘરખટલાને મુકી દઇ ઈડર તરફ જતા રહ્યા, **ઇબ્રાહીમ હુસેનમીયાં** જે એતેમાદખાનની મદદે આવ્યો હતો તે પોતાની જાગીરમાં જતો રહ્યો અને એતેમાદખાન સેવામાં હાજર થવાની તૈયારીમાં છે.

જયજીત પૃથ્વિપતિએ રાજા **માનસીંગ**ને એક લશ્કરી ટુકડી સાથે નીમી કહ્યું કે શેરખાનના દીકરાઓને જઇ મળી તેમને હસ્ત કરો. જોકે રાજા માનસીંગ તેઓની ભારબરદારી સુધી પોહોંચી ગયો; પરંતુ શેરખાનના દીકરાઓ આ ખબર સાંભળી ડુંગરોની ખીણોમાં પસાર થઇ ગયા.

શનીવાર તારીખ ૧ લી રજબ સને મજકુરના દિવસે પાટણ શહેર દરબારના તાબામાં આવ્યું. આ ઠેકાણેથી **હકીમ એનુલ્મુલ્કને** એતેમાદખાન તથા મીર તુરાબને લાવવાને વાસ્તે રવાને કર્યો.

ગુજરાતી રાજ્ય સમાપ્તિ.

જ્યારે ઝોટાણા મુકામે પોહોંચ્યો ત્યારે એવી અરજ થઇ કે મુઝફ્ફર, ગુજરાતી શેરખાન પોલાદીથી જુદો પડી, આ સરહદમાં રખડતો ફરે છે. તેથી હુકમ કર્યો કે **મીરખાન** પહેલી ટુકડીમાં, **ફરીખાન** મધ્યમાં, **મીર અબુલ કાસમ** રીઝર્વમાં અને **કરમઅલી** પાછલી ટુકડીની કમાન્ડ લઇ, તેની ઉપર ચઢી જાઓ અને તેને પકડી લાવો. મીરખાંએ થોડોક પંથ કાપ્યો હશે, કે મુઝફ્ફરનું છત્ર તથા ચંદ્રવો તેના હાથમાં આવ્યો. બાદ ઘણીજ થોડી ધામધુમથી તે એક ખેતરના ખળામાં જણાઇ આવ્યો તેને પકડીને બાદશાહની સેવામાં હાજર કર્યો[1] અને મહાપરોપકારને લીધે તેનો પ્રાણ બચાવી તેને કરમઅલીના સ્વાધીન કર્યો. મિરાતેસિકંદરીના લખાણ પ્રમાણે મુઝફ્ફર, શેરખાન પોલાદીથી જુદો પડી ગુજરાતી અમીરોની સેવામાં પહોંચી નોકર પ્રમાણે રહેવા લાગ્યો.

આ વખતે **સૈઈદ હામિદ બુખારી** તથા અલગખાન સીધી પોતાના માણસો સહિત આવી સલામ કરી સેવકો બન્યા અને તેમની

---

૧ ગુજરાતનો સુલતાન કેદમાં પડ્યો.

પાછળ શાહ ફખરૂદ્દીન તથા હકીમ એનુલમુલ્કે મીર અબુતુરાબને બાદશાહની સેવામાં લાવી અરજ કરી કે એતેમાદખાંએ દાસપણાની કેડ બાંધી છે અને હજુરમાં હાજર થવા તૈયાર છે તથા પોતે હાજર થતાં પહેલાં શાહ ફખરૂદ્દીન અને અબુતુરાબને તથા વજીહુલમુલ્ક અને મુજાહિદખાનને દરબારમાં મોકલ્યા છે; કે શ્રી બાદશાહની અતિ દયાભરેલી દ્રષ્ટીથી સંતોષ પામી પરત ફરે. શાહ ફખરૂદ્દીન માર્ગમાં તે લોકોથી મળી એતેમાદખાનની પાસે દોડી ગયો; તેની પુઠે હકીમ એનુલમુલ્ક પણ જઈ પહોંચ્યો. ઘણી લાંબી તકરારો પછી ગુજરાતના સઘળા અમીરો અને આ દેશના રાજ્યસ્થંભોએ સન્યાને શરણે જઇ સિક્કા તથા પ્રાર્થનામાં બાદશાહના નામને શોભા આપી.

જ્યારે અહમ્મદાબાદથી વીશ ગાઉ કડી મુકામે પહોંચ્યા ત્યારે એતેમાદખાંએ શાહ ફખરૂદ્દીન તથા એનુલમુલ્કને મીર અબુતુરાબને સાથે લેવાને વાસ્તે આગળ મોકલ્યા. બીજે દિવસે શ્રી બાદશાહે ઝોટાણાથી કુચ કરી ખાનજહાં અને મીર અબુતુરાબને હુકમ કર્યો કે આગળ જઇ એતેમાદખાનને સેવામાં લાવી હાજર કરો. તે દિવસે તે જબરદસ્ત હાથી ઉપર બેઠો હતો અને લોકોની ભારે ભીડ શ્રી બાદશાહની છાયામાં ચાલતી હતી. એવામાં એતેમાદખાને નીચા નમી દંડવત કરવાની આબરૂ મેળવી; તે પછી ઈખતીઆરૂલમુલ્ક, પૂર્વનો મલેક શર્ક, ઝુઝારખાન સીધી, વજીહુલમુલ્ક અને મુજાહિદખાંએ આવી અદબ કરીને તેઓ માન પામ્યા. દરેક જણ પોતાના દરજ્જાના પ્રમાણમાં બાદશાહી ઇનામોથી વૃદ્ધિ પામ્યા અને એતેમાદખાન તથા કેટલાકને હુકમ થયો કે સ્વાર થઇ સાથે ચાલો. જ્યારે કસબે કડીમાં પધરામણી થઇ તે વખતે સાદિકખાન તથા કેટલાક સાથે રહેનાર લોકોને મેહેમુદાબાદ મોકલ્યા કે ત્યાં જઇ સેફુલમુલ્ક સીધી અને બીજા લોકો કે જેઓએ અત્યારસુધી અત્રે હાજર થવા ઉપર લક્ષ આપ્યું નથી તેમને સેવાના માર્ગે દોરી લાવે.

કડી મુકામે મસલત કરવાને, સમય સુચકતાને અર્થે અને રાજ્યધોરણો ઘડવાને તથા રાજ્ય જીતી લઇ કાયમ રાખવાનેવાસ્તે ગુજરાતના અમીરોને બોલાવીને ફરમાવ્યું કે, હવે આ દેશ એતેમાદખાનના હવાલામાં સોંપુછું અને ગુજરાતના અમીરોમાંથી જેને રહેવું હશે તે તેની સાથે રહેશે. હવે તમારે પાકા ને ખરા જામીનો આપવા, કે જેથી કરીને રાજ્યબંદોબસ્ત જેવો

જોઇએ તેવા થાય; પહેલાં મીર **અબુતુરાબ**, એતેમાદખાનનો જામીન થયો, ત્યાર પછી સઘળા ગુજરાતના સરદારોએ જમાનતથી કરાર કર્યા, અને તે પૈકીના સીધીલોકોએ જમાનત આપી નહીં તેથી હુકમ થયો કે એ લોકો જેવી રીતે **સુલતાન મહેમુદના** ગુલામો હતા તેવીજ રીતે હવેથી પણ બાદશાહી ગુલામો હોવાનું નામ એમને અપાશે, અને ગુલામોને જામીનોની જરૂર નથી; પરંતુ કેટલાંક કામો કે જેમનો સબંધ રાજ્યધોરણથી છે તેને લીધે તેઓમાંના દરેકને એક ભરૂસાદાર અમીરને હવાલે કરી દીધા અને બીજે દિવસે બાદશાહનો મુકામ **હાજીપુરમાં** થયો.

**હાજીપુર** મુકામે કેટલાએક લુચ્ચા લોકોએ બુમ ઉડાડી કે, ગુજરાતીઓના લશ્કરને લુંટી લેવાનો હુકમ થયો છે. તેથી લુચ્ચા લોકોમાંથી કેટલાક જણે તેઓના મુકામ પર તુટી પડીને લુટફાટ કરવા માંડી, તેથી ભારે ધમાચકડી થઇ ગઇ. જ્યારે આવા હંગામાની ખબર બાદશાહને થઇ ત્યારે હુશીયાર સેનાપતીઓ તથા સારા બંદોબસ્તવાળા લશ્કરી ઓફીસરોને નેમવામાં આવ્યા અને તે મંડળીના લોકોને શિક્ષા આપવી, તેમજ કોઇપણ શખ્સ જતો રહે નહીં એવી રીતે બંદોબસ્ત કરવે. સઘળી મિલ્કત ગુજરાતી લોકોની જે લુંટાઇ ગઇ હતી તે જપ્ત કરવામાં આવી અને જેનો તે માલ હતો તેને ખોળી ઓળખીને સ્વાધીન કરવામાં આવ્યો. બાદશાહે તખ્ત ઉપર બેસી દરબારે આમ (વગરરોકટોકનો સઘળી પ્રજાને આવવાની છુટનો) દરબાર કર્યો, અને મસ્તાન બનેલા હાથીઓને રૂબરૂમાં મગાવીને અતિ ક્રોધાયમાન થઇ તે તોફાની લોકોને તેશનેશ કરી નાખ્યા, તેથી થોડીક જ વારમાં ન્યાયનાં કીરણોથી સલાહસંપનો પ્રકાશ ફેલાઇ ગયો.

**અહમદાબાદમાં** રજબ માસની તારીખ ૧૪ સને મજકુરના દિવસે કે જે સને **નહશદ વ હશતાદ** (૯૮૦) શબ્દોથી પણ જણાઇ આવેછે. ભાગ્યવંત નિશાનો અમદાવાદમાં ઉડવા લાગ્યાં, અને ગરીબ તથા તવંગર સઘળી પ્રજાએ પોતાનાં આજ્ઞાસ્વિકાર મસ્તકને દરબારના ઉમરા ઉપર મુકી દીધાં અને સલાહ સંતોષ મેળવવાની તેમની ધારણા પુરી પડી. વગરલડાલડીએ તથા કાપાકાપીએ ગુજરાતદેશ શરણે આવ્યો ને ફતેહ થઈ.

૧૪ રજબ સને ૯૮૦

જેવી રીતે સૃષ્ટિના સઘળા દેશોમાંથી હિંદુસ્તાન કેટલાક ગુણોને લીધે સર્વોત્તમ ગણાય છે. તેવીજ રીતે ગુર્જરદેશ હિંદુસ્તાનના સર્વે

શ્રેષ્ટ ભાગમાં પંકાય છે. સઘળા શહેરોમાં અમદાવાદ એક એવું શહેર હતું કે જેમાં ૩૮૦ પુરાં હતાં ( પુરાં એટલે વસ્તીનો એક મોટો જથ્થો, કે જેમાં મોટી ઇમારતો હોય.) અને સારા સારા શોભીતા ઘુમટો હતા. જો દરેકને ચિત્ત લગાડીને જોઇએ તો તે પોતેજ એક મોટું શહેર છે એમ માનીએ.

ફતેહના દિવસે બાદશાહે તે સ્વર્ગસમાન ભૂમીઉપર ભાગ્યશાળી છાયા નાખી, અને અથાગ સોનું મસ્તકઉપરથી વારીને દાન કરવામાં આવ્યું. કેટલાક દિવસ પછી **અમીનખાનગોરીની** અરજી તથા ઉત્તમ પ્રકારની પેશકશીઓ દરબારને ઘટતી હજુરમાં આવી તેવીજ રીતે **ઇબ્રાહીમ હુસેન મીરજાએ** અરજી તથા ઉત્તમ પ્રકારની પેશકશીઓ મોકલાવી પરંતુ એ ખરા મનથી મોકલેલી નહોતી તેથી કબુલ કરવામાં આવી નહીં.

## પેહેલો સુબો મીરજાકોકા[૧]

હિંદુસ્તાનના મોટા શહેરોમાંનું શહેર ખરૂં પુછો તો આખી દુનિયામાં શ્રેષ્ટ ગુજરાત, બાદશાહના સબંધીઓની ધારણાપ્રમાણે જીતાઇ ગયું. તેથી **અમદાવાદ**ની સત્તા તથા બંદોબસ્ત મોટા ખાન **મીરજાકોકાને** સોંપવામાં આવ્યાં અને **મહી** નદીની આ બાજુનાં પ્રગણા **ઉમદતુલમુલક**ની જાગીરમાં અપાયાં અને બીજાં પ્રગણાંઓ જેમકે **વડોદરા, ચાંપાનેર** અને **સુરત** વિગેરે જેમની ઉપર મીરજાલોકોનો કબજો હતો, તે મીરજા લોકોને પકડી સ્વાધિન કરવાની શરતથી ગુજરાતી અમીરો કે જેઓ તાબેદાર થયા હતા તેઓને ઇનામ આપવામાં આવ્યાં.

એ વાતને કેટલાક દિવસો વિતી ગયા બાદ બાદશાહે એવો અભીપ્રાય પ્રગટ કર્યો કે ખારા સમુદ્રની ભેટ લઇ પરત **અકબરાબાદ** રાજધાની તરફ જવાનો ડંકો વજડાવવો.

શાબાન માસની તારીખ ૨૭, સોમવાર, સને મજકુરને દિવસે અમદાવાદથી ત્રીશ ગાઉ ઉપર આવેલા ખંભાત બંદરે સરકાર સ્વારી ગઈ. ગુજરાતી અમીરો મુસાફરીની તૈયારીની તક મેળવવાને બહાને આજ્ઞા મેળવી કેટલાક દહાડા શહેરમાં રહ્યા. હકીમ **એનુલમુલ્ક** કે જેની પાસે રાજ્યકારોબારનું જોખમ હતું તેને પાકો કરીને કેટલાક બંદોબસ્ત તથા

૧ જેની માનું દુધ પીધામાં આવે તે કોકા અથવા કોકલતાશ કહેવાય છે.

**વિચારોને** વાસ્તે અને કેટલીક સમયસુચક ગોઠવણોના **કારણથી** ત્યાંજ રહેવા દીધો કે જેથી તે **અમીરોની** સાથે સેવામાં આવે.

હવે રસ્તામાં ખબર મળી કે ઇખતીઆરખાન **લુણાવાડામાં** નાસી ગયો છે. એતેમાદખાન તથા સઘળા ગુજરાતીઓ ઢચુપચુ થઇ રહ્યા છે અને લુણહરામ થવાનેવાસ્તે મનસુબો કરે છે. તેથી હુકમ થયો કે **શાહબાઝખાન** ઉતાવળથી જઇ તે દુષ્ટ મનવાળા માણસોને ખોટા વિચાર ઉત્પન્ન કરવાની તક ન આપે અને તેમને પકડી પોતાની સાથે હજુરમાં હાજર કરે.

જ્યારે ખંભાતબંદરે બાદશાહી સ્વારી પહોંચી ત્યારે વહેપારીઓ તથા ત્યાંના વતનીઓ પધરામણીનું આમંત્રણ કરવાને સામા આવી અમન ચમન વર્તાવવાનાં કલ્યાણકારક વચનોની વધામણી પામ્યા. ખુદાઈ પરોપકારના સરોવરરૂપ બાદશાહે વહાણમાં સ્વાર થઈ ખારા સમુદ્રની સેલ કરી. તે બાદ **શાહબાઝખાન** તથા **એતેમાદખાન** વિગેરે બીજા ગુજરાતી અમીરોને હજુરમાં લાવીને હાજર કર્યા. દેશના બંદોબસ્તના ધ્યાનથી અને રાજ્ય ગોઠવણોને લીધે દરેક માણસને દરબારના એક એક ભરૂસાદારના તાબામાં સોંપવામાં આવ્યો.

આ કામથી પરવાર્યા પછી પીંદશત્રુ મીરજાઓને પકડવાના કામ ઉપર લક્ષ આપ્યું અને તે ભણી હિમ્મત કરી **હસનખાન** ખજાનચીને **ખંભાતનો** વહીવટ સોંપી તેને ત્યાં મુકી બાદશાહી સ્વારી વડોદરા તરફ કુચ કરી ગઈ.

વડોદરાની સરહદમાંથી મોટા ખાન મીરજા કોકલતાશને અહમદાબાદના બંદોબસ્ત અર્થે રવાને કર્યો અને **શાહબાઝખાન, કાસમખાન** તથા **બાઝ-બહાદુરખાનને** એક મજબૂત સન્યાસહિત ચાંપાનેર સર કરવાને મોકલ્યા અને વડોદરામાં ખબર મળી કે મિરજાઓ **સુરતના** કિલ્લાને મજબૂત કરી ચાંપાનેરની હદમાં ભેગા મળ્યા છે. તેથી કરીને અમીરોમાંની એક ટુકડી અને રાજ્ય જયવંત સૈન્યા પૈકી સન્યા તે લોકોને શિક્ષાર્થે નેમવામાં આવી.

આ વેળાએ ખબર મળી કે ઇબ્રાહીમ હુસેન મિરજા અત્યારસુધી **ભરૂચના** કિલ્લામાં હતો, તે ત્યાંથી નિકળ્યો છે. તેનો એવો મનસુબો છે કે દેશમાં બંડ ઉભું કરે, તેમજ જે રસ્તે થઈ બાદશાહી સ્વારી પસાર થવાની છે ત્યાંથી આઠ ગાઉ તે દૂર છે.

હવે ઘણાખરા અમીરો તથા બાદશાહી લશ્કરનો મોટો ભાગ મિરજા લોકોને પકડવાને વાસ્તે મોટા ખાનના તાબામાં નેમાઈ ચુકી વાટે પડી ગયો હતો. સરકારી સ્વારીની સાથે થોડાકજ લોકોનો જથ્થો હતો તે શ્રીમંત બાદશાહે સન્યા ઉપર આજ્ઞા દ્રઢ બેસાડી એકદમ ચઢાઇ લઈ જવામાટે અશ્વને એડ કરી. તેને પકડી શિક્ષા આપવા ઉપર પુરૂં લક્ષ આપ્યું અને હુકમ કર્યો કે શહબાઝખાન મીરબખશી ઘણા વેગથી ચાલીને જે અમીરો મિરજાલોકોને પકડવા અથવા નસાડવાને વાસ્તે નેમાયા છે તેમને પાછા ફેરવી આ સન્યાથી આવી મળે અને મીર મુહમ્મદખાન તથા ખાજાજહાન, શજાઅતખાન અને સાદિકખાનને બાદશાહી લશ્કરના રક્ષણાર્થે મુકી જયવંત નિશાનો તે ખોટા હાલહવાલવાળાને પકડવાને વાસ્તે ઉઠાવ્યાં; અને હુકમ કરવામાં આવ્યો કે કોઇપણ લશ્કરી પાછળથી આવે નહીં, કેમકે રખેને માણસની સંખ્યા વધુ હોવાને લીધે ભાગનારાને તક મળે અને એમપણ બની શકે એવું છે કે, સરકારી થોડા લોકોને જોઇ કૃતઘ્નતાના પગ ઉપર ઉભા થાય અને તેથી પોતાની શિક્ષાને પામે.

જ્યારે રાત ત્રણ ઘડી રહી ત્યારે ખુદા ઉપર ટેક કાયમ કરી ઘોડાના પેગડામાં પગ મુકયો અને કુચ કરી **મલેકશર્ક** કે જે તે વખતે શહેરી ગણાતો હતો તેને સાથે લીધો. પાછલા પહોર સુધી ઘણી ઉતાવળે ચાલ્યા પરંતુ શત્રુની કંઇપણ એંધાણી નજરે ન પડી. જ્યારે દિવસ બે ઘડી રહ્યો તે વખતે એક બ્રાહ્મણ પાસે આવીને કહેવા લાગ્યો કે **ઇબ્રાહીમ હુસેન મિરઝા** મહીનદીમાંથી બીકાનેરના ઘાટે ઉતરી ગયો છે અને ફોજ પાંટો લઇ **સરનાલ**માં ઉતારો કર્યો છે. તે અહીંથી ચાર ગાઉને અંતરે છે. બાદશાહે સાથે આવેલા લશ્કરીઓથી મસલત કરી તે વખતે જલાલખાંએ અરજ કરી કે, હજીસુધી લશ્કર આવ્યું નથી અને શત્રુઓ ફોજ લઇ ઉતરેલાની ખબર મળી છે. તેમ સરકાર સ્વારી સાથે જે સંખ્યા છે તેનાથી લડાઇ થશે નહીં માટે મારી એવી અરજ છે કે જ્યારે રાત્રે બને તો રાતની લડાઇ મારવી. આ સલાહ બાદશાહને ગમી નહીં અને શુદ્ધ ખુદાઇ વચન તેની જીભમાંથી નિકળ્યાં. કે, 'રાત મારવાનું કામ બાદશાહી આબરૂના દફતરમાં લંછન ગણાય છે, માટે હવે એમજ ઠીક છે કે દિવસનું કામ રાત ઉપર ન નાખવું જોઇએ' બાદ પોતે ઘણીજ ઉતાવળથી નદીના કાંઠે જઇ પહોંચ્યો. હવે સરનાલ કસબો કાંઠા ઉપર આવેલો

તે દૂરથી જણાયો. થોડીક વાટ ગયા પછી મહીનદીના કાંઠા ઉપર ડગલાઓ પહેરવાનો હુકમ કર્યો તે વખતે બાદશાહ સાથે ચાલીસ માણસોથી વધારે માણસો નોહોતા. આ બિના એવી છે કે ખરા આપતકાળને વખતે ફોજ આવી પહોંચવાની ખબર તેજ વખતે મળી; પરંતુ અમીરો તરફ ઢીલ કરી આવવાના કારણથી ગુસ્સામાં આવી આજ્ઞા કરી કે આ માણસોને લડાઇમાં સામેલ થવા દેવા નહીં. ત્યારબાદ જ્યારે એમ માલુમ પડી આવ્યું કે મોડા આવવાનું કારણ માત્ર રસ્તો ભુલ્યાથી બનેલું છે; તે સિવાય કોઇ જાતની કસુર નથી ત્યારે છેવટે સલામ કરવાનું માન તે લોકોને મળ્યું. પછી સઘળું લશ્કર ભેગું મળ્યું. આ લશ્કર અને સિપાહીઓ સરકારી સ્વારીમાં ભળી ગયા અને મહીનદી ઉતરવામાં કુંવર **માનસીંગ** કેટલાક માણસો સાથે આગેવાન થયો.

**ઇબ્રાહીમ હુસેન મીરઝા** આ બાદશાહી જય પામતા સિપાહીઓ કે જેઓ ખરેખાત ભાગ્યના તેજસ્વિ પ્રકાશમાં ચળકી રહ્યા હતા તેઓને જોઈ બાદશાહના ઠાઠને ઓળખી ગયો. પોતાના વહાલા મિત્રોને કહેવા લગ્યો કે, જુઓ! એજ બાદશાહ છે કે જે, ઘણો ઉમંગભર ઉતાવળમાં આવેછે, પોતે ભાગ્યમાં અભાગીઓ હોવાને લીધે તેજ વખતે લડાઇની તૈયારી કરવા માંડી અને કેટલાક માણસો, કે જેમના માથા ઉપર મોત ભમતું હતું તેઓની સાથે ટેકરા ઉપર તોપ લઇને તત્પર ઉભો થયો. જ્યારે તે કર્મી બાદશાહ નદી ઉતરી રહ્યો (આ જગ્યા ગુજરાતી બોલીમાં કોતરવાળી કહેવાય છે તે હતી તેમાં જવાનું હતું.) ત્યારે જયના ખંતીલા શુરાઓ આગળ વધવાની આતુરતામાં ગોઠવણોની યુક્તિઓ ભુલી ગયા અને દરેક જણને જેમ ફાવ્યું તેમ રસ્તા ખોળી જવાનું મન થયું. હવે શહબાઝ સરકારી સ્વારીના થોડાક માણસોને હિમ્મત કરી નદી ભણી આવેલા સરનાલ દરવાજા ઉપર ચઢી ગયો અને કેટલાક લોકો કે જે તેને વધતો અટકાવવાને અડ્ચણ કરતા હતા તેઓ ઉપર મુકબલ નામનો કલમાન ગુલામ કેટલાક શુરાઓને લઇને તેમની ઉપર ગયો, તેણે મોત ભમતા માણસોને તલવારથી મારી નાખી ધુળધાણી કરી દીધા; અને તે ફોજ કે જે બાદશાહની સાથે હતી તેને લઇ કસબાની અંદર તે બાદશાહ દાખલ થઇ, કસબાની ગલીઓ કે જે લોકોથી ચિકાર ભરેલી હતી અને આખું સરનાલ લોકોથી ભરપુર હતું તેમાંથી

સરનાલની લડાઈ.

હજારો યંત્રોના આધારે પસાર થઇ, પોતે શત્રુઓ ઉપર પંહોંચી ગયો, યુદ્ધ અગ્નિ ભડકી ઉઠી. બાબાખાન કાશકેર અને શુરાઓની એક ટોળીએ શત્રુઓ ઉપર બળ વાપરી તેમના પગ ઉઠાવી દીધા. પરંતુ બીજા બહાદુર પ્રાણ બળીદાન કરનારાઓએ હિમ્મતરૂપી પગને જમાવીને કેદમાં પકડાએલાઓને મારી ધુળધાણી કરી દીધા. આ વેળાએ કેટલાક સરકારી લુણહલાલ નોકરો કે જે રસ્તાઓના બરાબર નહીં હોવાના કારણથી વિખરાઇ ગએલા હતા તેઓ સઘળા આસપાસથી આવીને ભેગા મળી ગયા અને યુદ્ધઅગ્નિ વધારે ભડકી ઉઠી. જે વખતે બાદશાહ દુશ્મનોનો નાશ કરતા હતા તે વખતે થુવરની ઘટ ઝાડી વચ્ચે નડી, તે વખતે સામા માણસો પૈકી ત્રણ જણ કર્મહીણ બાદશાહ તરફ વધી આવ્યા, અને તેઓમાંથી એક રાજા **ભગવંતદાસ** ઉપર આવવા લાગ્યો; રાજાએ તેના ભાલાને રોકીને તેની ઉપર હાથ કર્યો. આ વેળાએ બે બીજા સ્વારો બાદશાહ ઉપર દોડ્યા; તે વખતે ખાનઆલમ, શાહકુલીખાન મહેરમ અને બીજા કેટલાક માણસો કે જેઓ બાદશાહની પાસે હતા તેઓને ઘોડા કુદાવવાનો અવસર મળ્યો નહીં. તે વખતે તે શૌર્યતાના મેદાનનો વાઘ (બાદશાહ) સત્તાના બળના આધારે પોતાના તેજસ્વિ ઘોડાને થુવર ઉપરથી કુદાવી દઈ, શત્રુઓને મારી ખપાવવાના કામમાં જઇ પહોંચ્યો; અને પેલા બે હીણકર્મીઓ નહીં ટકી શકવાથી નાસવા લાગ્યા. ઇબ્રાહીમ હુસેન મિરઝા પોતાનું ભાગ્ય ફરી જવાનાં ચિન્હો જોઇ શુરાઓની કાફીર્દીમાં નામ નોંધાવવાની યુક્તિ હાથથી ખોઇ, ગભરાઈ જઇ નાસવા લાગ્યો. તલવારથી બચી ગએલા હજારો માણસો મોતની ભમરીમાંથી મહામુશ્કેલીએ સહિસલામતીના કાંઠા ઉપર પહોંચવા પામ્યા; અને હુશિયાર સન્યાના શુરાઓએ તેઓની પુંઠ લઈ ઘણાખરાઓને તિવ્ર ધારવાળી તેજસ્વિ નગ્ન તલવારના ભક્ષ કરી દીધા. આ પ્રમાણે અચલિત, અડગ અને કિર્ત્તિવંત બાદશાહીનાં ભાગ્યને લીધે આવી ફતેહ સૃષ્ટીમાં અમર કિર્ત્તિ તે બાદશાહને મળી. જ્યારે શત્રુઓનું જોર પડી ભાગ્યું તે વખતે બાદશાહનો ઉતારો સરનાલ કસબામાં થયો. **સુરખબદખશીને** જયપત્રિકાસહિત સન્યામાં મોકલ્યો. બીજે દિવસે ફતેહનો ડંકો વગડાવી ફોજને જઈ મળી શાહકુલીખાન મેહરમ તથા સાદિકખાનને બહાદુર શુરા લોકોની કેટલીક ફોજ સાથે સુરત ઉપર નિમ્યા.

**ગુલરૂબેગમની બહાદુરી.**

જ્યારે સુરતના કિલ્લેબંધ લોકોને કેર વર્તાવતી ફોજની આવવાની ખબર થઇ ત્યારે મિરજા કામરાન અને ઇબ્રાહીમ હુસેન મીરજાની દીકરી **ગુલરૂ બેગમ** પોતાના દીકરા મીરજા મુઝફ્ફર હુસેનને સંઘાતે લઈ કેટલાક ભરૂસાદાર નોકરોસહિત દક્ષિણ તરફ જતી રહી. અમીરોએ પુંઠે જઇ પકડી લાવવાની ઘણી મહેનત કરી, પરંતુ તેમનાથી તે પકડાઇ નહીં અને તે બહાદુર સ્ત્રી પુરૂષાતન દેખાડી જતી રહી.

જ્યારે બાદશાહને અરજ કરવામાં આવી કે સુરતના કિલ્લાને મજબૂત કરી, બાદશાહની તુર્કી બોલીનો માણસ કે જેનું નામ કોચ્ચી બાદશાહ હતું ને જે હુલ્લડખોર લોકોમાં ભળી ગયો હતો તેને સ્વાધીન કરવામાં આવ્યો છે. તેથી છેવટે બાદશાહની હિમ્મત તે કિલ્લો સર કરવા તરફ દોરાઈ; જેથી હુકમ કર્યો કે રાજા **ટોડરમલ** તેનો બંદોબસ્ત કરી મોરચા વહેંચી આપે. બાદ શાહમખાન જલ્લાઇને ચાંપાનેરના કિલ્લાના બંદોબસ્તને વાસ્તે રવાને કર્યો કે તે જઈ કાસમખાન નૌકાધિકારીને આ તરફ મોકલી દે, કેમકે સુરંગો ઉડાવવાને તથા મોરચા બનાવવાને તે ઘણોજ અનુભવી છે, અને બાદશાહી હુકમ જે ખુદાઇ ચુકાદા સમાન છે તે હુકમ મોટા ખાન મીરજા કોકલતાશ ઉપર મોકલ્યો કે અહમદાબાદ તથા સઘળી વસ્તીઓનું રક્ષણ હિમ્મત રાખી મજબૂતીથી કરે, ને જો અભાગીઆ મીરજાઓ તે તરફ આવી ચઢે તો તેમને જોઈતી શિક્ષા આપે. બાદ **શેરબેગ**ને માલવાનો સુબો એવી રીતે નિમ્યો કે કુતબુદ્દીન, મહમ્મદખાન તથા તે તરફના સઘળાઓને મોટા ખાનની મદદે પોહોંચાડવા.

**સુરતબંદરના કિલ્લાની ફતેહ.**

સોમવાર રમજાન માસની ૭ મી તારીખે મજકુર સનના દિવસે લોખંડ સરખો બનેલો સુરત શહેરનો કિલ્લો બાદશાહી મુકામથી તોપના મારાનું ઠેકાણું થઇ પડ્યો. કિલ્લે દોરાયલા લોકો ઘણો ખોરાક, ઘણી તોપો અને મીરજાઓની કુમકના આધારે ભારે અભિમાનમાં આવી ગયા હતા, તેમ કિલ્લામાં જોઈતી વસ્તુઓ પુરી કરવામાં રોકાઇ ગયા હતા. આ વખતના બનાવમાં એક બિના નોંધદાખલ એ છે કે, મીરજાઓના હાથીઓ અને કેટલાક સામાન પકડાઇ જવાના છે. તે અકર્મીઓએ આ ચઢાઇ અને મૂર્ખાઇમાં કેટલાક હાથીઓ પોતાના માલ તથા

**દરદાગીના સહિત રાણા રામદેવ** જમીનદારની પાસે મોકલ્યા હતા કે તેના આશરામાં તેઓ રહે. ભોગજોગે ફોજપૈકીની એક ટોળીના સાધારણ માણસો કે જેઓ લુટફાટ કરવા જતા હતા, તેઓને માર્ગમાં તે હાથીઓ ને માલમતા હાથે પડી ગઇ. તેઓ પકડીને દરબારમાં લઈ આવ્યા અને બાદશાહે તેમને ઘણું ઇનામ આપ્યું.

હવે બીજી બિના, અમીરોને આગ્રા રાજધાની તરફ મોકલવાની સંક્ષેપ વૃત્તાંતથી એવો વિસ્તાર ધરાવે છે કે, ઇબ્રાહીમ હુસેન મીરજા હાર પામીને પાટણની હદમાં મુહમ્મદ હુસેન મીરજા તથા શાહ મીરજાને જઇ મળ્યો. એક દિવસ ભાઇઓમાં વાતમાં ને વાતમાં ચડાઉતરી થઇ ગઇ, તેથી ઇબ્રાહીમ હુસેન મીરજાએ, ભાઇઓથી રીસાઇને આગ્રા ઉપર ખોટી દાઢ બેસાડી અને જ્યારે એ ખબર બાદશાહને મળી ત્યારે **મેહેમુદખાન બારેવાલ** તથા **શાહકુલીખાન મેહરમ** અને **રાજા ભગવંતદાસને** ઇબ્રાહીમ હુસેન મીરજાની પુંઠે જવાને જ્યાં મળી આવે ત્યાં એને પકડવો એવી સુચના આપીને નિમ્યા. છેક છેવટે મજકુર મીરઝાનો અંત **મુલતાન**ની સરહદમાં આવ્યો.

દરરોજ વૃદ્ધિ પામતા બાદશાહના ભાગ્યને લીધે જ્યારે વિયોગરૂપી પથરો મીરજાઓના માર્ગમાં પડ્યો ત્યારે મુહમ્મદ હુસેન મીરજા તથા શાહ મીરજા પોતાના કેટલાક અકર્મી મેદાનના શુરાઓને દ્રઢ કરી **પાટણ** તરફ ચઢી ગયા અને સૈયદ એહમદખાન કે જે પાટણમાં હતો તે બાદશાહના રૂવાબને લીધે ત્યાંનો બંદોબસ્ત કરવા લાગ્યો. હવે જ્યારે મોટાખાનને પાપી લોકોના ભેગા મળવાની ખબર ખાત્રી થઇ ત્યારે ફોજ ભેગી કરવા અને સીપાહીઓ એકઠા કરવાની ગોઠવણમાં તે વળગી ગયો. સારા ભાગ્યે માલવાનો સુબો કુતબુદ્દીન મુહમ્મદખાન અને ત્યાંની સરહદના સઘળા જાગીરદારો હુકમ પ્રમાણે આવી તક ઉપર આવી પોહોંચ્યા અને શેખ હામીદ બુખારી કે જે હુકમને માન્ય કરી ધોલકેથી હજુરમાં આવતો હતો તે આ સેવામાં મોટાખાનનો સોબતી થઇ ગયો અને ખાન, જયના ચિન્હવાળી સન્યાસહીત પાટણ તરફ ગયો અને યુદ્ધસ્થાન ઉપર ધ્યાન આપ્યું. જ્યારે બેઉ સન્યાઓ સામસામે આવી ગઇ ત્યારે શત્રુની પહેલી ટુકડી બાદશાહની બીજી ટુકડી ઉપર વાર કરવા લાગી. કુતબુદ્દીન મુહમ્મદખાનના માણસોને હાંકી કહાડ્યા, અને થોડાક લોકોએ ભેગા મળી બહાદુરી દેખાડી, ટુંકામાં મીરજાઓ મોં ફેરવી કમનસીબ વાટે પડી દક્ષિણ

તરફ નાસી ગયા અને શેરખાન પોલાદી જુનાગઢ ભણી પોબારા ગણી ગયો મોટાખાને અમીરોસહીત તે હીણભાગીઓની પુંઠે જવાની કેડ બાંધી.

જ્યારે આ નવીન ફતેહની વધામણી બાદશાહના શ્રવણે પહોંચી તે વખતે ખુદાનો મોટો આભાર માન્યો, અને ખાન અ જમને આજ્ઞાપત્રીકા લખી મોકલાવી કે કુતબુદ્દીન મુહમ્મદખાન તથા અબ્દલ્લાખાન અને મુરાદખાન વગરે અમીરો કે જે તમારા ધ્યાનમાં આવે તેમને શત્રુઓની પુંઠ લેવાને નિમી દઇ પોતે ઘણીજ ઉતાવળથી અત્રે દરબારદ્વારને દંડવત કરવાનો લાભ લેશો. ખાન આજ્ઞા પ્રમાણે શવ્વાલ માસની ૨૦ મી તારીખે દરબારદ્વારની મુલાકાત કરવાનું માન પામ્યો અને બાદશાહી કાર્યનો ભાગીદાર બન્યો.

આ વખતે કિલ્લે પકડાયલા સુરતીઓ છુટા થવાની મધ્યસ્તા ખોળતા હતા તેઓએ **ગોવા**ના ફિરંગીઓને લખ્યું હતું કે, જો તમે ઉતાવળે અત્રે આવી પહોંચો તો અમે કિલ્લો તમારે સ્વાધીન કરીએ. તેઓ પુરી યુક્તિ અને હુશીઆરીથી આડતીઆના રૂપમાં બની પોતાના દેશની ભેટો લઇ સુરતમાં આવ્યા, એવા હેતુથી કે જો કાર્ય સિદ્ધ થવાનું બની શકે તો કિલ્લો પોતાને કબજે કરી લેવો, નહીંતો આ કામથી નિઃસંબંધ બની આડતીઆઓની રૂઢી પ્રમાણે બાદશાહની સેવામાં સલામ કરવાનો લાભ લેવો. જ્યારે બાદશાહના દાદ વૈભવ તથા બળ ઉપર તેઓની નજર પડી ત્યારે કિલ્લાના લોભને કોરાણે મુકી પોતે આડતીઆ છે એમ જાહેર કર્યું અને બાદશાહની સેવામાં સલામ કરી, ભેટો સન્મુખ મુકી ઘણી મહેરબાનીને પાત્ર થયા; બાદ પાછા ફરવાની આજ્ઞા તેમને મળી.

હવે કિલ્લાના ઘેરાને એક માસ અને સત્તર દહાડા થઇ ગયા, તેથી સુરંગો કિલ્લાની દીવાલો સુધી પહોંચી ગઈ. તેવીજ રીતે દોરદમામ પણ વધી ગયો. આ વખતે કિલ્લેબંધ લોકોને સઘળી બાજુથી નિરાશી ઉત્પન્ન થઇ, તે એકજ બોલીવાળો (તુર્ક) કે જેના તાબામાં કિલ્લાની સઘળી સત્તા હતી તેણે પોતાના સસરા નિઝામુદ્દીન લાહોરીને સુલેમાનજહાંની સેવામાં મોકલ્યો, અને અરજ કહાવી કે, જો મને પ્રાણરક્ષકનું વચન મળે અને દરબારના એક દાસ ગણો તો હું શ્યામમુખી આવી દરબારદ્વારને દંડવત કરૂં અને જેને આજ્ઞા થય તેને કિલ્લો હવાલે કરી દઉં. ત્યારે કાસિમ અલીખાન તથા ખાજેદોલતને હુકમ થયો કે, એકબોલીવાળો તથા સઘળા પકડાયલાઓને મુકી દેવાના શુભ સમાચારની ચેતવણી આપી અત્રે આવવાનો લાભ લેવાની પરવાનગી આપો.

શવ્વાલ માસની તારીખ ૨૩ ગુરૂવારના દિવસે મજકુર સનમાં કિલ્લાવાળાઓએ લજવાઇ ગએલાં મસ્તકો બાદશાહના પગ આગળ મુકયાં અને ખુદાનો પાડ માન્યો. જાનમાલ અને આબરૂ સર્વની બચી ગઈ. પરંતુ એક જીભીઓ વારંવાર બકતો અને ઠઠા મશ્કરી મચાવી પોતાનું કામ કરતો હતો તેથી તેની જીભ કાપી નાખવાનો હુકમ થયો. બીજે દિવસે બાદશાહ કિલ્લાની ભેટ લેવાને ગયા અને મોટી સુલેમાની તોપો કે જે આકાશની ગર્જનાની ઉપમાલાયક હતી તે બધી તોપોને પોતાની રાજધાની આગ્રામાં લઇ જવાની આજ્ઞા કરી, તે તોપો **સુલતાન સુલેમાન** કોનસ્ટેન્ટીનોપલના [1]**સુલતાનની** હતી. તેણે હિંદુસ્તાનમાં આવેલા ફિરંગીઓના બંદરોને જીતી લેવાને મનસુબે મોટી તોપો તથા ભારે લશ્કર મોકલ્યું હતું; પરંતુ ગુજરાતવિગેરેના રાજકર્ત્તાઓની મદદ નહીં મળવાથી નિરાશ થઇ અત્રેથી પરત ગએલો અને તોપોને સાથે લઇ જઇ શકયો નહીં. તે બધી તોપો સુરતના કિલ્લામાં રહી ગઇ હતી.

આ સંક્ષેપનો લઘુ વિસ્તાર એ છે કે, એક રાત્રે બાદશાહ પોતે સુશોભીત સભામાં તે ઘણા આનંદમાં હતો તે વખતે રજપુતોના શૂરાપણાની વાતો ચાલતી હતી કે, તે લોકોમાં જીવની કાંઇ પણ બુજ કે કિંમતજ નથી. જેમકે કેટલાક રજપુતો, એવી બરછી કે જેની બેઉ તરફ તિવ્ર અણી હોય તેવી એક માણસના હાથમાં આપેછે, ને તે તેને કઠણ મજબૂત પકડી ઉભો રહે. પછી તે બહાદુર લોકો કે જેઓ બરાબરીના હોય તેઓ બરછીની અણીને પોતાની છાતી સામી મુકી તેની આગળ દોડેછે, કે જેથી બેઉની પુંઠે થઇ બરછીની અણીઓ પાર થઇ જાયછે. તેવી રીતે બાદશાહે પોતે પોતાની ઉપયોગી તલવારની મુઠને દીવાલે મુકી અને તલવારની અણી પોતાના પેટ તરફ રાખીને કહ્યું કે હું પોતે મારો જોડીઓ રાખતો નથી કે રજપુતોની રીતે કસરત કરૂં. મારે માટે તો એજ ઠીક છે કે એજ તલવારથી વાર કરૂં. આ જોઇ હજુરીઆઓ અચરત પામી ગયા કોઇમાં એકપણ શબ્દ ઉચ્ચારવાની શક્તિ રહી નહીં અને વાત કરવાની હિમ્મત પણ ન રહી. આ વેળાએ **રાજા માનસીંગે** ખરા અંતરના પ્રેમને લીધે હિમ્મતથી દોડી જઈ એવા જોરથી તલવાર ઉપર હાથ માર્યો કે તલવાર બાદશાહના હાથમાંથી છુટી દુર પડી, અને અંગુઠાના

રાજા માનસીંગ ખરો શુભેચ્છક.

1 Sultan Solomon the terror of Europe.

**ઉપલા** ભાગની વચ્ચે **થોડોક** ઘા લાગ્યો; જેથી બાદશાહે ભારે રીસમાં આવી માનસીંગને ભોંયે પછાડી દીધો. સૈયદ અબદુલ્લાખાનના ભાઇ **સૈયદ મુઝફ્ફર સુલતાને** બેઅદબ બની બાદશાહના હાથમાંથી માનસીંગને મુકાવવાનું ધારી બાદશાહના ઘાયલ હાથને મરડી તેને છોડાવ્યો. આ રકઝકમાં લાગેલો ઘા વધી ગયો, પરંતુ ખુદાની કૃપાથી થોડી મુદતમાં રૂઝાઇ પૂર્ણ તંદુરસ્તી મળી.

જ્યારે બાદશાહને સુરત સર કરવાના કામથી શાન્તિ મળી ત્યારે તે કિલ્લાની હુકુમત **કલીજખાન**ને આપી દીધી. તે વિષે સરકારી મુખ્ય (મીર) મુનશી **અશરફખાંએ** કિલ્લો ફતેહ થવાનું વર્ષ કવિતરૂપમાં વર્ણન કરી સરકાર સન્મુખ મુકેલ, કે જેનો અર્થ નીચે મુજબ છે.

૧ મહાન ધર્મીષ્ટ અકબરે બીનહરકતે સુરતના કિલ્લાને જીતી લીધો
૨ ફતેહનું વર્ષ એમાંથી નિકળે છે. (વાહ કેવો કિલ્લો જીતી લીધો.)
૩ તેની તલવાર શીવાય દુનિયાના કિલ્લાઓની બીજી કોઇ કુંચી નથી.
૪ આ જય ભાગ્યશાળી સિવાય કોઇને મળે નહીં.
૫ તે બાદશાહની સરકારથી એ કામ કંઇ પણ મુશ્કેલ નોહોતું.

સોમવાર તારીખ ૪ માહે જીલ્કઅદને દહાડે તે મહાન બાદશાહ ડંકા નિશાનો વિગેરે પૂર દમામથી અહમદાબાદ તરફ પાછો ફર્યો. જ્યારે તે **ભરૂચ**ની હદમાં પહોંચ્યો ત્યારે ચંગીઝખાનની માતુશ્રી ફરીઆદ લઇ હજુરમાં આવીને કહેવા લાગી કે, ઝુઝારખાં સાંધીએ દોસ્તીના ડોળમાં મારા દીકરાને મારી નાખ્યો છે. તે વિષેની તપાસ તથા તજવીજ કર્યાથી નક્કી થયું કે ઝુઝારખાન આવા નિરપરાધીનું ખુન કરનાર છે, તેથી તેને હાથીના પગતળે ચગદાવી ખુનની શીક્ષા આપી. મજકુર માસની ૨૯ મી તારીખે બાદશાહની સ્વારીનો મુકામ થયો. અને નવેસરથી જીતેલા દેશોના બંદોબસ્ત માટે પૂરતું લક્ષ આપવા માંડ્યું.

બાદશાહની ગુજરાત દેશ જીત્યા પછી આગ્રા (રાજધાની) તરફ સ્વારી. મીરઝા અઝીઝ કોકલતાશની અહમદાબાદની સુબેદારી અને વઝીહુલ-

જ્યારે તે મહાન બાદશાહની સ્વારી જીતેલા ગુજરાત દેશનો બંદોબસ્ત કરી આગ્રા તરફ જવા લાગી ત્યારે આ દેશની સત્તા તથા રક્ષણ, **ખાનઆઝમ મીરઝા અઝીઝ કોકલતાશને** સ્વાધીન કર્યા, કે જેને જાતીકા પાંચ હજાર તથા સરકારી માનના પાંચ હજારીના નીમનોકી થવાની આબરૂ હતી તે, **મહાન શ્રી સાહેબ** કિરાનના વંશ પૈકીનાની તરફથી **પહેલો** સુબો નિમાયો. તેને હવેલી પ્રગણાં, અહમદા-

બાદ, તથા પેટલાદ પ્રગણું બીજા કેટલાક પ્રગણા મુલ્કની દીવાની.
સહીત તેને જાગીરમાં આપ્યાં, અને વડોદરૂં નૌરંગ- પહેલો સુબો ૯૯૦
ખાનને તથા મોટાખાનના કાકા મીર મુહમ્મદખાનના
હવાલામાં સરકાર પાટણ આપવામાં આવ્યા, ભરૂચ સરકાર અને તેની હદમાં આવેલી જગ્યાઓ કુતબુદ્દીન મુહમ્મદખાનને, અને ધોળકા તથા ધંધુકા સઈદ મુહમ્મદ બુખારીને અને તેવીજ રીતે ગુજરાતના સઘળા મહાલો મોટા અમીરોને વહેંચી આપી સોમવાર તારીખ ૧૦ જીલહજને દહાડે પાટણ તથા જાલોરને રસ્તે આગ્રા રાજધાની તરફ રવાને થયો. મોટા ખાન તથા સઘળા મોટા ગુજરાતી અમીરો કે જેઓ આ દેશમાં અમલ ચલાવવાને તથા રક્ષણ કરવાને નિમાયા હતા તેઓને સારાં સારાં માન-આબરૂનાં ઇનામો આપી સિધપુર મુકામથી પાછા ફરવાની આજ્ઞા કરી.

પાછા ફરતી વખતે મોટા ખાનને ખબર મળી કે ઇખતીઆરૂલમુલ્ક નાસી જઇ ઇડરની હદમાં ત્યાંના જમીનદાર રાયનારાયણથી મળી જઇ બંડ ઉભું કરેછે અને શેરખાન પોલાદીના દીકરા તેનાથી એકસંપ થયા છે માટે અહમદાબાદ જવાની સલાહ ઠીક જણાતી નથી, જેથી શત્રુઓને ટાળવાને તે ભણી જવાની હિમ્મત દર્શાવી. સરહદના જાગીરદારો મીરઝા મુકીમ જેવા તેમની ઉપર ઘણો જુલમ વર્ત્તાયાથી પોતાની જગ્યાઓ મુકી દઇ મોટાખાનને આવી મળ્યા અને તેઓ સઘળા ઇડરથી દશ ગાઉ ઉપર આવેલા અહમદનગરમાં ભેગા થઇ ગયા.

આ વખતે મુહમ્મદહુસેન મીરજા, બાદશાહની સ્વારી આગ્રા તરફ સીધાવ્યાનું સાંભળી દોલતાબાદની હદમાંથી લાગ
જોઈ સુરતની સરહદમાં આવી પહોંચ્યો. તે વખતે મુહમ્મદ હુસેન મીરજાએ
કલીજખાને કિલ્લાની પાકી મજબૂત ગોઠવણ કરી ભરૂચ લઈ લીધું.
મુકી હતી અને કિલ્લેદારીના કામની જોઇતી ખોટો પૂર્ણ
રીતે પુરી પાડેલી હતી. હવે અકર્મી મીરજાએ જોયું કે સુરતનો કિલ્લો જીતવો તે ન બની શકે એવું કામ છે તેથી તેને ઘેરવાનું કામ પરતું મુકી ભરૂચમાં આવી આ જગ્યા કુતબુદ્દીન મુહમ્મદખાનના માણસો પાસેથી લઈ લીધી. આ વેળાએ મનસુર ખાન વડોદરામાં હતો અને ત્યાંથી હુસેન-ખાનની અલ્પ બુદ્ધિને લીધે ખંભાત પણ કબજે કરી લીધું અને હુસેનખાન અહમદાબાદ આવ્યો.

મોટાખાને સૈઈદ હામીદ બુખારીને તથા સૈઇદ બહાઉદ્દીન અને સૈઇદ મુહમ્મદ મોંગેરીને તથા બીજા કેટલાક જણાને કુતબુદ્દીન મુહમ્મદખાનની મદદે મોકલ્યા, કે તેને મળી મુહમ્મદહુસેન મીરજા જે ત્રણસો સ્વારોથી ખંભાતમાં છે તેને કાઢવાનું કામ કરે. હવે ઉપર કહેલા આસામીઓ ધોલકેથી પાંચ ગાઉ ઉપર આવેલા **અસામલી** ગામ આગળ કુતબુદ્દીન મુહમ્મદખાનના ભેગા થયા.

આ અરસામાં ઇખ્તીઆરૂલમુલ્ક તથા આ ટોળી કે જે, ડુંગરોના સાંકડા રસ્તાઓમાં હતી તે બહાર નિકળી આવી. મોટા ખાન એક મજબૂત જગ્યાને પોતાનું રહેઠાણ બનાવી વાટ જોતો બેઠો; તે એમ વિચારીને કે, આ ટોળી તોફાની છે માટે એને આગળ વધવાની તક ન આપવી. તેઓએ સામટા નાસવાનો પોતામાં ઠરાવ કર્યો કે, આ વખત જો અહમદાબાદ પહોંચી જઇએ તો ઠીક, અને જો મોટા ખાન આ રહેઠાણથી બહાર આવે તો લડાઈ કરીએ ને જો ન આવી શકે તો અહમદાબાદને લઇ લઇએ, આવા હેતુથી રવાને થઈ ગયા. દિવસ થોડો રહ્યો હતો તેથી શત્રુઓ લડાઇ તથા ઝપાઝપી કરી શક્યા નહીં. મોટા ખાન રાતની વાટ ન જોતાં (રાત્રે ન શોભતાં) મળસકે શહેરમાં દાખલ થયો.

એજ રાત્રે મુહમ્મદ હુસેન મીરજા ખંભાતથી હાર પામીને ઘણે ટુંકે માર્ગે થઇ પસાર થયો અને તેનો કેટલોક સામાન હાથ લાગી ગયો. તે પોતે ખોટા હાલ હવાલમાં હતો તેથી ખાનની ફોજથી દુર થઇને ગયો અને ઇખ્તીઆરૂલમુલ્ક તથા શેરખાન પોલાદીના દીકરાઓને જઇ મળ્યો. એનું વિસ્તારીક વર્ણન એ છે કેઃ—કુતબુદ્દીન મુહમ્મદખાન, સૈઇદ હામીદ બુખારી, નવરંગખાન અને મોટાખાનના કેટલાક નોકરો ખંભાત જઇ પહોંચ્યા હતા; તે હીણકર્મીએ પોતાની શક્તિ કરતાં વધારે માણસો તુટીફુટી હાલતના ભેગા કર્યા હતા તેથી હારી ગયો. સૈયદ બહાઉદ્દીનનો દીકરો લડાઇમાં બહાદુરીનો રીપોર્ટ લઇ આવ્યો અને ઉંચ પદવીને પામ્યો. જેથી અમીરોએ પણ તેના ફતેહભર્યા કામને ખુદાની મોટી કૃપા માની તેની પુંઠે જવાની હિમ્મત કરી. જો થોડો પ્રયત્ન કરવામાં આવત તો તે પરાજય પામેલા સઘળા હાથમાં આવી જાત. હવે તે અભાગી ટોળીને જઈ મળ્યો અને અહમદાબાદ ઉપર ચઢી આવવાની મોટી તૈયારીઓ કરવા માંડી. ગુજરાતીઓમાં ત્રણ દિવસ સુધી એજ ગપાટા ઉડતા રહ્યા. હવે મોટાખાને

પણ આ અવસરનો લાભ લઇ જવા આવવાના માર્ગનો પાકે પાયે બંદોબસ્ત કર્યો, ખંભાતના અમીરો પણ આવી પહોંચ્યા, કેટલાક દિવસ પછી આ લોકો હદની અંદર આવી લાગ્યા. દરરોજ રણસંગ્રામના શૂરાઓ બહાર નિકળી બહાદુરીથી લડતા હતા. જોકે તેઓનું લશ્કર એટલું બધું હતું કે જેથી હાર બાંધી રણસંગ્રામની સારી ગોઠવણો કરતા હતા; છતાં પણ સરકારી લોકોજ જય પામતા હતા. હવે એમ પણ હતું કે મોટોખાન પોતાના માણસો તથા કુતબુદ્દીન મુહમ્મદના માણસો ઉપર ભરૂસો નહોતો રાખતો, તેથી આ લડાઇમાં પોતે લડતો નહોતો; તેમ બાદશાહે પાછા ફરતી વખતે પાટણ મુકામે શીખામણ આપી હતી કે જો ભોગજોગે ગ્રહગતીના લીધે તોફાન વધારે ભડકી ઉઠે તો લડાઇ કરવાને બનતાં સુધી સાવચેતી વાપરી, દરબારમાં અરજ કરવી. તેથી અમીરોની સલાહ લઈ, મોટાખાને અહીંની સ્થિતીવિષે વિવેચન કરી એક અરજી ખુલાસાવાર સુલતાન ખાજાની સાથે બાદશાહની સેવામાં મોકલાવી સહાયની માગણી કરી.

## અકબર બાદશાહની બીજી સ્વારી.

જ્યારે ગુજરાતમાં હુલ્લડ ઉભું થવાની ખબર દરબાર મધ્યે પહોંચી ત્યારે બાદશાહે હિમ્મતપુર્વક એવી રીતે ઠરાવ કર્યો કે તે સરહદ તરપ પોતે દોડતી સ્વારીએ જઈ પહોંચવું, હવે તૈયારીનો જોઇતો વખત ન મળવાથી ખજાનાનાં દ્વાર ઉઘાડી દઇ સરકારી નોકરોના ખોળા નાણાંથી ઇનામ તથા મદદદાખલ ભરી દીધા અને બારે રકમો આપી. માલવા તથા તે હદો તરફ બાદશાહી હુકમો મોકલાવ્યા કે જેમ બને તેમ તાકીદે ગુજરાત પહોંચવું.

બાદશાહનું ફતેહપુર રાજ્યધાનીથી રવાના થવું, નવ દહાડામાં અહમદાબાદ જઇ પહોંચવું.

રવીવાર તારીખ ૨૪ રબીઉલઅવ્વલ સન ૯૮૧ ને દહાડે પોતે ગુજરાત તરપ રવાને થયો. ખરા વફાદાર અમીરો, સાથે રહેનાર ખાસા લોકો અને તાબાના સબળા માણસો કેટલાક પવનવેગવાળી સાંઢણી ઉપર તથા કેટલાક તેજસ્વિ ઘોડાઓ ઉપર સ્વાર થઈ સાથે ચાલ્યા.

**સોમવાર**—સવારમાં હંસ મુકામે પહોંચ્યા. ત્યાં થોડાક વખત થોભી આગળ વધ્યા.

**મંગળવાર**—એવી ઉતાવળે ચાલ્યા કે મંગળવારે ક્ષેમનગર એટલે અજમેર આવ્યા, ત્યાંથી ખ્વાજા સાહેબની દરગાહપર ફાતેહા પઢી અશ્વસ્વાર

થઈ આગળ વધ્યા.

**બુધવાર**—મરેડા મુકામે બુધવારના વહાણુંમાં પહોંચ્યા, ત્યાં થોડોક વખત થોભી આગળ વધ્યા.

**ગુરૂવાર**—અડધી રાત્રે સુજત જઇ પહોંચ્યા, અને વહાણું વાતાં સુધી વિશ્રામ લીધો. પાછલી રાત્રે જાલોર તાબાના એક ગામમાં જઇ પહોંચ્યા.

**શુકરવાર**—સવારે સ્વાર થઇ આગળ ચાલ્યા, થોડોક દિવસ ચડયો હશે કે જાલોર ગયા, ત્યાં અડધી રાત સુધી વિશ્રામ લઇ અશ્વ ઉપર સ્વારી કરી.

**શનીવાર**—બપોરસુધી ચાબુકસ્વાર ઘોડો દોડાવે તે કરતાં પણ વધારે ઉતાવળે ચાલવા માંડયું.

**રવીવાર**—સાંજરે ચાલતાં ચાલતાં વિશ્રામ લીધા વિના હવે છુટકો નથી એવું લાગ્યાથી પાટણ મુકામ કર્યો.

**સોમવાર**—સાંજરે પાટણથી વીશ ગાઉ ઉપર આવેલા ડીસા મુકામે સરકાર સ્વારી આવી પહોંચી. આ જગ્યા ઉપર શાહઅલી લંકા નામનો માણસ કલાનખાનની તરફથી અમલદાર હતો તે સેવામાં હાજર થયો.

આ વખતે અમીરોએ અભિપ્રાય આપ્યો કે સરકારે પાટણમાં પધારવું અને બીજે દિવસે પાટણ મુકામ કરવો. એ વાત સરકારે મંજુર કરી નહીં અને હુકમ કર્યો કે ખાજા ગ્યાસુદ્દીનઅલી પાટણના લશ્કરને લાવીને સન્યાસાથે ભેગું કરી દે, અડધી રાત્રે ત્યાંથી નિકળ્યા ને પાટણથી પાંચ ગાઉ ઉપર આવેલા બાલીસાણા નામના ગામમાં મુકામ થયો. આ ઠેકાણે કલાનખાન, શાહ ફખરૂદ્દીન તથા તીબખાન અને બીજા અમીરો જેઓ બંડ ઉભું થતાં પહેલાં ભવિષ્યસુચક બુદ્ધિને લીધે માર્ગનાં ભયના કારણથી પાટણમાં આવી રહેલા હતા તેઓ આવી મળ્યા. આ મુકામે ઘણીજ ઉત્તમ રીતથી સન્યા શણગારાઇ ગઇ. બાદશાહ પોતે સારા હુશિયાર પાંચસો સ્વારો ચુંટી કાઢી સોમવારના પાછલા પહોરે બાલીસાણાથી રવાને થયા અને એક ખાસ બોડીગાર્ડને હુકમ કર્યો કે, "ઉતાવળે જઈ અહમદાબાદના કિલ્લેબંધ લોકોને સરકાર સ્વારી આવી પહોંચવાની વધામણી દઈ કહો કે, લડવાને માટે તત્પર થઇ રહેવું, અને જ્યારે અમારૂં લશ્કર પાસે આવી પહોંચે ત્યારે તમારે અમને આવી મળવું." આ પ્રમાણે હુકમ આપી આખી

રાતે તથા થોડોક દીવસ ઉગ્યા પછીના વખતમાં પણ ચાલતાજ રહ્યા. થોડોક દિવસ ઉગ્યો હશે કે, કડીની હદમાં આવેલા ઓટાણા મુકામે જઈ પહોંચ્યા. ત્યાં ખબર મળી કે શત્રુઓની એક ટોળીએ, શેરખાન પોલાદીના નોકર અવલીઆ નામના માણસના તાબામાં રહી કડીના કિલ્લાને મજબૂત કરી લીધો છે અને લડવાને તૈયાર છે. તેજ વખતે એનો ધાટ એવો થયો છે કે, તેનો બંદોબસ્ત કલાનખાને પાટણની ફોજથી કર્યો છે, તેથી બહાર નિકળી લશ્કર હારબંધ થાયછે,

કડીની લડાઈ.

તેજ વખતે કેટલાક બહાદુર લોકોને હુકમ થયો કે આગળ વધી જઇ શિક્ષા આપો. થોડીક વારમાંજ તે બળવાન લોકોએ ધણા શત્રુઓને કાપી નાખ્યા. કેટલાક નાસી કિલ્લામાં જતા રહ્યા. હવે એ જય પામેલા શૂરાઓ કિલ્લો લેવાની તૈયારીમાં હતા કે સરકાર સ્વારી નજીક આવી લાગી, અને મજકુર કિલ્લાના બજારમાં જરા થોભી જે બહાદુર લોકો કિલ્લો લેવાના પ્રયત્ન કરતા હતા તેમને હજુરમાં બોલાવીને હુકમ કર્યો કે હમણાં આ નાના કિલ્લા લેવાનું કામ મુકી દો, આ સઘળી ધામધુમ અને શ્રમનો અહીં હેતુ એ છે કે સર્વથી પહેલાં ગુજરાતના બંડખોરોને પકડવા કે જેથી વગરમહેનતે આ કિલ્લો હાથમાં આવશે.

હવે તેઓ અખાડા કરી આગળ વધવા લાગ્યા, કડીથી બે ગાઉ મુકી વિશ્રામ લેવાને થોભ્યા અને આરામ લીધો. બીજે દિવસે મીરઝા યુસુફખાન તથા કાસિમખાન અને કેટલાક અમીરો જે પાછળથી આવતા હતા તેઓના

કડીની ફત્તેહ.

અજવાળાના ભડકા જોઇ કડીના કિલ્લેબંધ લોકો તેને સરકારી સ્વારી ધારી લડવાને નિકળ્યા અને છેવટે નાસી ગયા. બુધવારની સવારે જે પ્રમાણે બંદોબસ્ત થયો હતો તે પ્રમાણે આગળ વધ્યા અને જ્યારે અહમદાબાદથી ત્રણ ગાઉ ઉપર મુકામ થયો ત્યારે આસેફખાનને ઘણીજ ઉતાવળે શહેર તરફ રવાને કર્યો, કે જ્યાં જઇ મોટાખાનને તથા બીજા અમીરોને ખબર કરે કે સરકાર સ્વારી પધારી છે માટે જે ગોઠવણો કરવી હોય તે તૈયાર કરી રાખે.

જ્યારે ફોજ શત્રુઓની પાસે જઇ પહોંચી ત્યારે બાદશાહે પોતે બખ્તર પહેર્યું અને ત્યાંથી ઘણા ઠાઠમાઠથી આગળ ચાલવા લાગ્યા. રસ્તે ચાલતાં બાદશાહનો ઘોડો જેનું નામ "નૂરેબેઝા" ( સ્વેત પ્રકાશ ) હતું તે એક-

અહમદાબાદ આગળની લડાઈ.

દમ બેસી ગયો. તે વખતે રાજા ભગવંતદાસે આવી ગુજરાતની જીતની શુભ વચનીક વધામણી કહી અને એવી અરજ કરી કે, જય પામવાનાં ત્રણ ચિન્હો પ્રગટ થયાં છે, કે જેઓ હિંદુસ્તાનના દરેક અનુભવીના ધાર્યાપ્રમાણે ઘણી વારતવીક જયની નિશાનીરૂપ છે. પ્રથમ એ કે, આવા અવસર ઉપર ભાગ્યશાળીનો ઘોડો બેસે, બીજી નિશાની એ કે, જય પામતા લશ્કરની પુંઠે વાયુ વાય અને સામા લશ્કરવાળાઓના સન્મુખે પહોંચે અને ત્રીજું ચિન્હ એ કે ઘણા કાગડા અને ગીધો સાથે ચાલે; તે અમારી સાથે આવેછે. એ સાંભળી બાદશાહને આનંદ થયો.

હવે શત્રુની સન્યાની સંખ્યા વીશહજાર માણસની લગભગ વધારે હતી અને બાદશાહની સેવામાં માત્ર કેટલાક ગણ્યા ગાંઠયા માણસો હતા. તેઓ સાથે ઘણો લાંબો પંથ કાપી નવ દહાડાની અંદર ઘણી દ્રઢતાથી બુધવાર તારીખ ૫ જમાદીઉલઅવ્વલને દહાડે રણસંગ્રામપર આવી પહોંચ્યો.

જ્યારે બાદશાહી ફોજ શત્રુઓની નજીક જઈ પહોંચી અને મોટા-ખાન (સુબો) તથા ગુજરાતના લશ્કરના આવવાનું કંઇપણ ચિન્હ જણાયું નહીં તે વખતે ખુદાની સહાયતા ઉપર મનને દ્રઢ કરી યુદ્ધનું કામ આરંભી નગારાં ઠોકવાની આજ્ઞા કરી. શત્રુઓ અક્કલના આંધળા, પોતાના ઘણા માણસો છે એમ સમજીને અભિમાની બનેલા હતા અને બાદશાહી લશ્કરને પૂર્ણ રીતે ઘેરી લઇ શેરખાન પોલાદીની આવવાની વાટ જોતા હતા. જ્યારે સરકારી સન્યા સાબરમતી નજીક પહોંચી ત્યારે આજ્ઞા આપી કે, જે પ્રમાણે ફોજની ગોઠવણી કરવામાં આવી છે તે પ્રમાણે પાણીમાં ઉતરી આગળ વધવું. અમીરો ગુજરાતના લશ્કરની વાટ જોઇ આગળ વધ્યા અને આતુર જોતાં ઉભા રહ્યા. આ વેળાએ આશરે ત્રણસો ગુજરાતી સ્વારો કે જેઓ સરખેજથી ભુલા પડ્યા હતા, તે જોવામાં આવ્યા. તે વખતે બાદશાહેખાસાના બંદુકવાળા જેવા કે સાલીવાહન, કદરકુલી અને રણજીત–તેઓને હુકમ કર્યો કે આ દુષ્ટ શત્રુઓ ઉપર બંદુકો ચલાવો. આવો હુકમ થયેલો સાંભળી તે લોકો ન ટકી શકવાથી નાસી જઇ પોતાના મોરચાઓ તરફ જતા રહ્યા. હવે તે રણભૂમી-ઉપર ભુંગળો તથા રણશીંગાં ને ડંકાના નાદથી ગર્જના થઈ રહી હતી; તેથી કેટલાક શત્રુઓને એમ લાગ્યું કે આ શેરખાન પોલાદી આવતો હશે, અને કેટલાક એમ ધારતા હતા કે કલાનખાન પાટણથી મોટાખાનની મદદે

આવ્યો હશે. મુહમ્મદહુસેન મીરઝા આ ઘોંઘાટ સાંભળી, ગભરાઇ ચોકી- આત દાખલ લશ્કરની બહાર આવ્યો. આ વખતે સુબહાનકુલી, તુર્ક તથા કેટલાક બહાદુરો સરસન્યાથી આગળ વધી નદીકાંઠે શત્રુઓની કેટલીક તપાસ કરતા હતા. તે વખતે મીરઝાએ ઘાંટો કાઢીને આ ફોજવિષે પૂછયું, તે વખતે સુબહાનકુલીએ શત્રુમાં જુસ્સો ઉત્પન્ન થાય અને તે ભેગી મળેલી ટોળીમાં બંડ ઉભું થાય એવા ઇરાદાથી ઉત્તર દીધો કે, અરે શંખ ! આ પોતે બાદશાહ છે અને તે જાતે ભારે સન્યાસહીત આવી પહોંચે છે. તું શું ઉભો છે ને શું પુછે છે? ત્યારે મીરઝાએ કહ્યું કે અરે શૂરા ! તું શું મને બીવરાવે છે કે તે ખુદ બાદશાહ છે? બાદશાહી કેટલા હાથીઓ અને કેટલું વધારે લશ્કર છે તેની મને ખબર કર. આ શી વાત છે? કે જે તું ઉચ્ચારે છે. અમારા ઉતાવળે પંથ કાપનારાઓને ચઉદ દહાડા થયા, કે જેઓ બાદશાહને ફતેહપુરમાં મુકીને આવ્યા છે. તેણે ઉત્તર આપ્યો કે તે સૃષ્ટીના બાજ પક્ષીરૂપી બાદશાહે નવ દિવસના અંતરમાં આ રસ્તો કાપ્યો છે, અને રસાલા સહિત અત્રે આવી પહોંચ્યો છે. મીરઝાને એ વાત ખરી લાગ્યાથી પોતાની ફોજ તરફ ગયો અને ટુકડીઓની હારો બાંધવા લાગ્યો. બાદશાહે જાણ્યું કે, સરકારી સ્વારી આવી પહોંચવાની શત્રુઓને પાકી ખાતરી નથી, ને હજીસુધી અંજાણપણાની નીંદ્રામાં ગપાટા ઉરાવે છે અને આ વખતે બખ્તરો પહેરે છે તથા હારબંદી કરે છે. જેથી પોતે હુકમ કર્યો કે લશ્કરે આ વખતે નદીના પાણીથી પાર ઉતરી જવું. તે વખતે એક શૂરા માણસે કલાનખાનના આવતાં સુધી વાટ જોવાનું તથા તેના આવવાવિષે ગોઠવણો કરવાની કેટલીએક અરજો કરી, પરંતુ કોઇ અરજ પાર પડી નહીં અને તે માણસે પુર્વસૂચક બુદ્ધિને લીધે વિનંતી કરી કે શત્રુઓ ભારે સંખ્યામાં છે અને અહમદાબાદના લશ્કરના આવતાં સુધી નદીને આ કાંઠે રહેવું ઠીક લાગે છે. બાદશાહે પ્રત્યુઉત્તર આપ્યો કે હવે શત્રુને જાણ થઇ ગઇ છે તેથી ઢીલ કરવાનું કંઇ કારણ નથી, માટે વાટ જોવી વ્યર્થ છે. જો ખુલ્લી:નજરે જણાય એવા સાહિત્યથી કામ લેવાનું હોત તો હું એકલો કદીએ આવા માર્ગમાં પગ નહીં મુકત. હવે જાહેર રીતે જોઈ કામ કરવું એવો સ્વભાવ, શૂરા લોકોની બુદ્ધિનું પરિણામ હતું; તેથી પાણી પાર જવાને વિલંબ કરવા લાગ્યા અને બાદશાહના મુખમાંથી હવે કેવો શબ્દ બહાર પડે છે તે ભણી આતુરતાથી જોતા રહ્યા. બાદશાહ

પોતે ખુદાઇ સહાયતાના આધારે પોતાના ખાસ ભાગ્યશાળી સાથીઓ કે જેઓ ખાસ બાદશાહી ટુકડીમાં નિમાયા હતા તેઓની સાથે પોતાના જલદ તેજરિવ અશ્વને એડ મારી પાણી મધ્યે નાખ્યો; નાખતાંજ ઘોડો પાણી ઉતરી પાર થઇ ગયો. આ સંગ્રામ વેળા બાદશાહે પોતાનું બખ્તર શરીર ઉપરથી ઉતારી રાજા દીસચંદને સોંપી હુકમ કર્યો હતો કે હાથમાં રાખી સાથે રહેવું. હવે જ્યારે તેણે તે તેની કનેથી માગ્યું ત્યારે તે ઉતાવળથી આવવાને લીધે રસ્તામાં પડતું મુકી આવ્યો હતો. તે અવસરે બાદશાહે ઉચ્ચાર્યું કે આપણાં શુકન સારાં થાયછે, આપણી આગળ રસ્તો ખુલ્લો થઇ જશે. આટલું બોલતાં તરતજ એક બહાદુર માણસે શત્રુમાંથી એકનું માથું કાપી લાવી બાદશાહની સન્મુખે મુકી દીધું; તે બિના પહેલી વાતને ટેકો આપનાર થઇ પડી. આ ભરૂસાદાર લોકોની સાથે બાદશાહ આગળ વધ્યો. અમીરો પણ આ સ્થિતી જોઇ લાચાર થઈ પાણીમાંથી ઉતરવા મંડ્યા.

હવે મુહમ્મદ હુસેન મીરજાએ યહયા નામના બાદશાહને તથા ઝુઝારખાન સાધી કે જેને ગુજરાતની પહેલી સ્વારી વખતે શિક્ષા દાખલ મારી નાખ્યો હતો તેના છોકરા વલીખાનને પોતાની જમણા હાથની ફોજના સરદાર બનાવ્યા, કેટલાક સીધીઓ તથા ગુજરાતીઓને તેમની સાથે આગેવાન દાખલ સાથે રીતે નિમ્યા. શેરખાન પોલાદીના દીકરા મુહમ્મદખાનને કેટલાક વગરકવાયદી અફગાનોની સાથે ડાબા હાથ ઉપર રાખ્યા હતા અને શાહમીરજા તથા અને કેટલાક બદખશાની તથા તુર્કીઓને પોતાની સાથે રાખ્યા હતા. આવી રચના કરી રણસંગ્રામમાં આવી પહોંચ્યો. નદીથી એક ગાઉ આગળ વધી બાદશાહ ઉંચી જગ્યાએ ઉભો હતો તે વખતે આસેફખાંએ આવી અરજ કરી કે મીરજાકોકાને સરકારસ્વારી આવી પહોંચવાની કંઈ ખબર નહોતી, પણ હવે ખબર થયેથી બહાર નિકળી આવવાને તત્પર થયો છે. હજી તો બાદશાહી સૈન્યા સરકારી ખાસ સન્યાને આવી મળી નહોતી, કે શત્રુની સન્યા ઝાડોમાંથી દેખાવા લાગી. જેથી બાદશાહ પોતે પણ સામો વધ્યો. આ વખતે મુહમ્મદ કુલીખાન, તરખાન તથા કેટલાક ચાલાક બહાદુર લોકો ( તીર મારનારની ટોળી ) કે જેઓ આગેવાન હતા તેઓ આગળ વધ્યા. થોડીક ઝપાઝપી થયા પછી ઘોડાની લગામો ચમકાવી દીધી, તે વેળાએ બાદશાહે રાજા ભગવંતસીંહને કહ્યું

"જોકે શત્રુઓ ઘણા છે પરંતુ ખુદાઈ સહાયતા અમારી સાથે છે." અમારા સાથીઓએ પણ એવો નિયમ પાળવો જોઇએ કે, દીલમાં કોઇપણ રીતે ઢચુપચુ થાય નહીં, ને એક મન તથા એક તરફ મોઢાં કરી, આ ફોજ કે જેની ઝંડી રાતા રંગની છે તેના ઉપર એકદમ જયઅર્થે ટુટી પડે. કેમકે એવું જણાયું છે કે, મુહમ્મદહુસેન મીરજાએ રાજ્યનો દાવેદાર બની પોતાનાં નિશાનો રાતા રંગનાં કર્યાં છે અને ઘણાજ અભીમાનને લીધે પોતાની ફોજથી જુદો પડી ઘણીજ ઉતાવળથી આવેછે. તે વખતે શાહ કુલીખાન મેહરમ તથા હુસેનખાંએ બાદશાહને અરજ કરી કે, આ વખતે ઘોડા કુદાવી દેવા જોઇએ, કે જેથી આ અભીમાનીને શિક્ષા મળે. બાદશાહ મહાબુદ્ધિથી ઘોડાને ધીમે ધીમે ચાલથી કુદાવતો જતો હતો. તે એટલે સુધી કે બેઉ ફોજો પાસે પાસે આવી લાગી પરંતુ કરેલી ગોઠવણ ટકી શકી નહીં. કેટલાક વગરમનના માણસો આ પ્રથમ ટુકડી ઉપર ટુટી પડ્યા. જ્યારે શત્રુ પાસે આવી લાગ્યા ત્યારથીજ બાદશાહ ઘોડો કુદાવવાનું ધારતો હતો. જે વખતે ઘોડો કુદાવવાનો હતો તેજ વખતે **હાપા ચારણે** કહ્યું કે આ વેળા અશ્વ નાખવાનો છે. એટલું કહેતાંમાં તો ઘોડો નાખીજ દીધો. કહેવું ને નાખવું એકજ સમયમાં થયું. આ બહાદુર બાદશાહ પોતાના શૂરા લડવઇઆઓ સહિત તલવાર તાણીને એકદમ શત્રુઓ ઉપર " અલ્લાહો અકબર " નો નાદ પોકારી ટુટી પડ્યો. આ વખતે શત્રુઓએ છોડેલાં બાણો કે જે બાદશાહી લશ્કર ઉપર આવતાં હતાં તે પૈકીનાં એક બાણથી એવો તો ઘોંઘાટ ઉત્પન્ન થયો કે, શત્રુના નામીચા હાથી પૈકી એક હાથી ગભરાઇને ગાંડો બની નાસી ગયો. એથી શત્રુની પડતી તથા ભાગનાસનું એ પણ એક કારણ થઇ પડ્યું. આ રણસંગ્રામનો સિંહ બાદશાહ એકલોજ રણસંગ્રામમાં ઉભો રહ્યો. તેની સેવામાં **તારાચંદ** તથા **બિલાવરખાન** શિવાય કોઈ હતું નહીં.

અકબરની જવાંમરદી.

આ એકલાપણાના અવસરમાં તેના કેટલાક લુણહરામ નોકરો સહિત મુહમ્મદ હુસેન મીરજા બાદશાહની ઉપર આવી પહોંચ્યો. સંગ્રામમાં કેટલાક બહાદુર લોકોથી ઘણાં જાણવાજોગ બહાદુરીનાં કામો થયાં. આ ઝપાઝપી વેળાએ એક શત્રુ બાદશાહ ઉપર આવી પહોંચ્યો અને ઘોડાને તલવાર મારી, જેથી ઘોડો બેપગે થઈ ગયો. બાદશાહે ડાબા હાથથી ઘોડાની લગામ ખેંચી ઝાલીને તેને સામો ઉભો કર્યો અને ઝડપથી તે શત્રુને બરછો માર્યો, તે ખભાની

પાર થઇ ગયો. હવે બાદશાહે બરછો પાછો તાણવા માંડ્યો પણ બરછાનું ફલ તુટી ગયું. જેથી ઘવાયેલો શત્રુ ગભરાઇ નાસી ગયો. એટલામાં બીજો શત્રુ ચડી આવ્યો. તેણે બાદશાહની જાંગ ઉપર ઘા કર્યો, તે વખતે ખરા રક્ષક ખુદાએ રક્ષણ કર્યું અને તે પણ ગભરાઇ પાછો નાસી ગયો. ત્યારે ત્રીજાએ આવીને બાદશાહ ઉપર ભાલાનો ઘા કર્યો, તેને ગુર્જરે ભાલો મારી ઘાયલ કરી નાખ્યો. આ વેળાએ બાદશાહી ટુકડીઓ પાસે આવતી જણાઇ. બાદશાહે તેમને બોલાવીને કહ્યું કે શૂરાઓ વહેલા પહોંચી આ દુષ્ટોનો અંત આણો. આ હુકમ સાંભળતાંજ શૂરાઓ કપટી શત્રુઓ ઉપર તુટી પડ્યા અને મુહમ્મદહુસેન મીરજાને એકજ વખતે સપાટામાં લીધો.

હવે જયનાં વાજાં વગડાવી ધીમે ધીમે અમદાવાદ તરફ જવા માંડ્યું અને મીરજાકોકા તથા ગુજરાતી લશ્કરની ઢીલ થવાનું કારણ પુછવા માંડ્યું, તે વખતે લાલકલાવંતે અરજ કરી કે સેફખાન કોકા સંગ્રામમાં ખપી ગયો. આ અવસરે આવા ખરા મનના સોબતીના મરણથી અને ગુજરાતી લશ્કર તથા મીરજાકોકાના ન આવ્યાથી દિલમાં દુઃખ થયું હતું. હવે આ વખતે અરજ થઈ કે **મુહમ્મદહુસેન મીરજાને** પકડવામાં આવ્યો છે. તેજ વખતે તે કેદીને રૂબરૂમાં લઈ આવ્યા; તેના મુખપર ઘા લાગેલો હતો, તેને રાજા **માનસીંગ** દરબારીના હવાલામાં સોંપ્યો. તેજ વેળાએ મીરજાકોકાના દુધભાઇ શાહમદદને પોતાની બહેન સામા નાલાયક હોવાના લીધે રૂબરૂમાં લાવ્યા. બાદશાહે હાથમાંની બરછી તેને મારી તેથી તેજ વેળાએ તે મૃત્યુ પામ્યો.

એજ વખતે ખબર મળી કે મુહમ્મદહુસેન મીરજા રાજા માનસીંગ દરબારી પાસે પાણી માગે છે. તે બીના ફરહતખાન ચેલાને માલુમ પડવાથી તેના માથા ઉપર બેઉ હાથ મારે છે. જેથી બાદશાહ વાકેફ થઈ ફરહતખાન ઉપર ઇતરાજી થયો અને પોતાનું પીવાનું પાણી મંગાવી તેને મોકલાવ્યું.

આ સંગ્રામકાળે ખુદાઇ કૃપાએ ઘણી અચંબીત રીતે કામ કર્યું. મીરજા કોકા અને ગુજરાતની ફોજ પણ આવી મળી નહીં, અને દિવસ ઘણો પસાર થઇ ગયો. જ્યાં થોભ્યા હતા ત્યાંથી બાદશાહ રવાને થયા, અને મુહમ્મદહુસેન મીરજાને **રાયસીંગ**ના સ્વાધીન કરી હુકમ કરવામાં આવ્યો કે એને હાથી ઉપર લાધીને શહેરમાં લઇ આવવો. આ વેળાએ ઘણાખરા

બહાદુરો ઠેકાણે પડી વિશ્રામ લેવાનું ધારતા હતા; તેમાંના આશરે સોએક માણસો બાદશાહની હજુરમાં હતા. એવામાં એકાએક સારી શણગારાએલી ફોજ સામે આવતી જણાઈ, અને તે પાંચ હજાર માણસોથી વધારે હશે એમ લાગતું હતું. સહુ ધારતા હતા કે તે મીરજાકોકા અને ગુજરાતી લશ્કર હશે, થોડાક એમ ધારતા હતા કે તે શાહમીરજા હશે; કેમકે પોતે યુદ્ધની શરૂઆત વખતે નકામો જણાયાથી મેહેમદાબાદ તરફ નાસી ગયો હતો. ત્યાર-બાદ જણાયું કે એતો અભાગીઓ ઇખ્તીઆરૂલમુલ્ક આવેછે. આ જોઇ હજુરના માણસોમાંથી ઘણાખરાના ચહેરાઓ ઉપર શુભેચ્છાના ભાવથી કે મન ઉચાટના લીધે ગભરાટ જણાવા લાગ્યો. એજ વેળાએ વીખરાઇ ગએલા વાઘની પેઠે બાદશાહ જુસ્સામાં આવી લોકોને હિમ્મત આપવા ઉપરાંત મન સ્થિર રાખવાને અને શત્રુના ભયને ટાળવાને ઉત્કંઠા દેખાડવા લાગ્યો અને ડંકા તથા રણશીંગાં વગાડવાને હુકમ ફરમાવ્યો. નગારચીની આ વખતે એવી ભયભિત સ્થિતી હતી કે, તેના કાન બાદ-શાહના હુકમને સાંભળતા નહોતા, તેમજ ડંકા વગાડવાના સ્થળે આવતો નહોતો. જેથી બાદશાહે બરછી કામમાં લીધી ત્યારે તે ભાનમાં આવ્યો, ને ડંકા વગાડવા લાગ્યો.

શુજાઅતખાન, રાજા ભગવંતદાસ તેમજ કેટલાક બહાદુર તીર કામઠાંવાળાઓએ થોડાક આગળ વધી તીર મારવાનું કામ ચાલુ કરી દીધું. બાદશાહે આ વેળાએ હુકમ આપ્યો કે ઘણી ઉતાવળ કરશો નહિ. હવે જરાસરખી વેળામાં તેનું માથું કપાઇ અત્રે આવે છે. આ ધામધુમમાં પ્રયત્ન કરી રાજા ભગવંતદાસને આજ્ઞા કરી કે મોહમ્મદહુસેન મીરજા આ તોફાન રચવામાં મૂળતત્ત્વ છે તેને અહીંથી જાળવી લઇ જવો. હવે શત્રુની સન્યા જેમ જેમ પાસે આવતી ગઈ તેમ તેમ વધારે વિખરાતી ગઇ. ઇખ્તીઆરૂલમુલ્ક જુદો પડી થોડાક માણસોને લઇ ઘણી ઝડપથી ગોઠવણ કરતો હતો; તે એટલાજ અર્થે કે, પોતે આ ડુબાવી મારતી ભમરીમાંથી સહિસલામતીના કાંઠે પહોંચે; પરંતુ એટલામાં તો તે કાંટાવાળા થોરને લીધે ઘોડાઉપરથી જમીનદોસ્ત થઇ ગયો. સોહરાબ તીરકામઠાંવાળો કે જે સરકારી તીર કામઠીઓ હતો, તે ઘણે વેગળેથી પાકે મનસુબે તેની કેડે આવતો હતો; તેણે આ વેળાએ તેના ખભાઓને ડોકાના ભારથી હલકા કરી દીધા. આ અકર્મીની પુરી હકીકત એવી છે કે, પોતે ઘણાખરા

અભાગીઆઓને સાથે રાખી અહમદાબાદના ઘેરાનો પાકો બંદોબસ્ત રાખતો હતો અને મીરઝાકોકા તથા કુતબુદ્દીન મુહમ્મદના રસ્તામાં અડ્ચણ કરતા પથરારૂપ થઈ પડ્યો હતો; તે અડ્ચણ હવે દૂર થઇ.

આ લડાઇમાં શત્રુઓના બારસો માણસો કપાયા અને પાંચસો કરતાં વધારે માણસો ઘવાયેલા સંગ્રામભૂમીમાં અહીં તહીં પડેલા હતા. જયવંત સન્યામાંથી સો માણસો કપાઇ ગયા. હવે બાદશાહનું મન, વૈરાગ ઉત્પન્ન કરતી ઇખ્તીઆરૂલમુલ્કની કારકીર્દીથી પરવાર્યું. ત્યારે આગળ વધવા ઉપર ચિત્ત ચોટાડ્યું. દિવસ આથમતાં થોડોક વખત બાકી રહ્યો તે વખતે એક શણગારાએલી ફોજ સામેથી આવતી જણાવા લાગી. તે વિષે છેવટે માલુમ થયું કે એતો મીરઝાકોકા છે. તેઃ જાણી બાદશાહ મીરઝાના આવ્યાથી ઘણો ખુશ થયો ને તેને ઘણાં ઇનામો ઇકરામો આપ્યાં. ભાગ્યશાળી મીરઝાને મનના શુદ્ધ ભાવથી ગળે લગાડી પૂર્ણ મહેરબાની દેખાડી. કુતબુદ્દીન મુહમ્મદ તથા ગુજરાતના સઘળા અમીરોએ ધરણીએ ઢળી માન મેળવ્યું. એજ અવસરે મજકુર સોહરાબ ઇખ્તીઆરૂલમુલ્કનું માથું લઇ આવ્યો. તેના ભારે વખાણ થયાં. પ્રજાને બીવરાવવાને તથા મોટા લોકોને શિક્ષાર્થે હુલ્લડખોરોનાં માથાં લટકાવવાને એક બુરજ બનાવવાની આજ્ઞા થઇ.

જયના દિવસની સંધ્યાકાળે બાદશાહ પોતે અહમદાબાદમાં પધાર્યા. ગુજરાતના સુલતાનોના મેહેલો આ દિલ્લીપતીના પગલાંથી વધારે પ્રખ્યાતી પામ્યા. જયપત્રીકાઓ ચોમેર રવાને કરી દીધી અને દરેક નાના મોટાને બાદશાહી ઇનામો વહેંચાયાં. મીરઝાકોકા કેટલાંક ઉંડાં કારણો તથા એકાંતવાસીઓના લીધે થોડોક ઠપકો પામ્યો, કે જે, આ તોફાનીઓથી છુપો ભેદ રાખતો હતો. જ્યારે બાદશાહી પરિક્ષાએ તેના વહીવટની માહીતી મેળવી ત્યારે બાદશાહી કૃપાઓની તેની ઉપર વૃષ્ટી થવા લાગી. તે પૈકી **શાહવજીહુદ્દીન** કે જે, તર્ક તથા ધર્મશાસ્ત્રમાં પ્રવીણ હતા તેમનાવિષે એવું જાહેર થયું કે હરામખોર લોકોનો માલ તેમના ઘરમાંથી નિકળ્યો. બાદશાહે તેમને પુછ્યું કે આવાં કામોથી તમને શો સબંધ છે? તે વખતે લાગતાવળગતાઓએ અરજ કરી કે પ્રીતિ અને શરમાશરમીથી એમ બન્યું છે.

તેવીજ રીતે **શાહ ગ્યાસકાદરી**ના દીકરાઓને પકડી લાવ્યા; કેમકે ઇખ્તીઆરૂલમુલ્કનો માલ તેમના ઘરમાંથી મળ્યો હતો. પરંતુ રહેમની નજર

અને ગરીબપર દયા કરી બાદશાહે તેમને છોડી દીધા. એજ વખતે **શેખ અબ્દુલ નબીના** સગા **શેખ મુઝફ્ફર હુસેન** ( ગુજરાતનો સરદાર ) ને હાજર કર્યો. તેનું કારણ એ છે કે તે પોતે લોકોની લાંચો ખાતો હતો, અને મીરજાએ તેને લાત મારી હતી. જ્યારે તે બાદશાહની દ્રષ્ટીએ પડ્યો ત્યારે સલામત રહ્યો. હવે બાદશાહની સભામાં વૈભવ તથા બાદશાહી મરતબાનાં વખાણ થયાં.

ગુજરાતીઓમાંથી કોઇ એક માણસે બાદશાહની સ્વારી આવવાનું વર્ષ " **કેહેર બ ગુજરાત આમદ** " એટલે " ગુજરાતમાં કેર આવ્યો " એ શબ્દોથી કાઢયું હતું. તેને પકડી લાવવાને બાદશાહનો હુકમ થયો. જ્યારે એ વિષે પ્રશ્નોત્તર થયા ત્યારે તેણે તરતજ ઉત્તર દીધો કે, મારા શત્રુઓએ તે શબ્દો મારા નામથી પ્રસિદ્ધ કર્યા છે; પરંતુ મેંતો આપના પધારવાનું વર્ષ એવી રીતે લેખ કર્યું છે કે " **શાહ બ ગુજરાત આમદ** " એટલે " બાદશાહ ગુજરાતમાં ભલે આવ્યા " આ તરતબુદ્ધિથી બાદશાહે ખુશી થઈ તેને ભારે ઇનામ આપ્યું અને તેનો જીવ બચી ગયો.

તે પછી એતેમાદખાન ગુજરાતીના ઘેર પધરામણી થઈ. આ દેશના બંદોબસ્તને વાસ્તે અમીનો ( અમલદારો ) ની નિમણુંકો થવા લાગી. તેજ વેળાએ કુતબુદ્દીનખાન, નવરંગખાન તથા બીજા કેટલાક લોકોને ભરૂચ મોકલ્યા, કેમકે શાહમીરઝા તે તરફ નાઠો હતો. રાજા ભગવંતદાસ તથા શાહકુલીખાન મેહરમ અને લશકરખાન તથા ઘણાખરા દરબારી લોકોને રવાને કર્યા કે ઇડરને રસ્તે થઇ રાણાના રાજમાં જઇ તેને શિક્ષા દે. હવે પાટણની અમલદારી પહેલાંમુજબ કલાનખાનને આપી અને ધોલકા, ધંધુકા તથા કેટલાક બીજા મહાલો વજીરખાનની જાગીરમાં આપ્યા અને તેને ત્યાં આગળ મુકી હુકમ કર્યો કે, સોરઠ દેશ જે અમીનખાન ગોરીના હાથમાં છે તેને ખાલસા કરવો. સરકાર સ્વારી ઉપડી ગયા પછી વજીરખાન તે તરફ ચઢી ગયો હતો. વારંવારની ઘણી લડાઇઓ કરી ઘણા નામીચા લડાયકો મારી ખપાવ્યા, છતાંપણ પોતાનું કાર્ય સિદ્ધ ન થવાથી પાછો ફરી હજુરમાં જતો રહ્યો. બીજી વખતે બેરામખાનના દીકરા મીરજાની સુબાગીરીમાં નાયબ થઈ આવેલો જેનું વર્ણન તેને ઠેકાણે કરવામાં આવશે.

એક દહાડે સભામાં લોહ લક્કડ પથ્થર વિષે વાત થઇ, કે જે શ્રી કુતબુલ આલમસાહેબની જીભના ઉચ્ચારના ગુણથી ત્રણે વાનાં બની ગએલાં ને તે ત્રણે જણસો તેમાં છે. તેને કાપી તેનો અડધો ભાગ અકબરાબાદ રાજધાનીમાં લઈ ગયા અને અડધો ભાગ હમણાં સુધી વટુવામાં ગાદીવાળાની પાસે છે.

જ્યારે સુરક્ષિત બુદ્ધિવાળો બાદશાહ અગીઆર દિવસમાં ગુજરાતના સઘળા કામોથી પરવારી રહ્યો ત્યારે પોતે રવીવારના દિવસે જમાદીઉલ આખર માસમાં રાજધાની (ફતેહપુર) તરફ જવાની તૈયારી કરી. આ વખતે સૈયદ એહમદને તેના ફુહ (પુત્ર) તથા પૌત્ર સહિત સરકારી સ્વારીમાં સંઘાતે લઇ ગયા. તે દિવસે મેહેમદાબાદ મુકામ થયો; બીજે દહાડે ધોળકે ગયા. આ મુકામે એક દિવસ થોભી, મીરજાકોકાને બાદશાહી ઇનામ ઈકિરામથી માન આપી વિદાય કર્યો અને ખાજા ગ્યાસુદ્દીન અલીકઝવે બક્ષી કે જેણે આ લડાઈ વખતે સારી સેવાઓ બજાવી હતી તે આસેફખાનની પદવીને પામ્યો અને તેને બક્ષીગીરીના હોદ્દા ઉપર મુકયો. તે મીરજાકોકાને હળીમળીને આ કામ સરંજામે પહોંચાડે. બાદ ગુજરાતની રાજકીર્દીનાં કામો સઘળાં સંપૂર્ણરીતે આ મુકામે પુરાં કરવામાં આવ્યાં. બીજે દિવસે ત્યાંથી કુચ કરી બે મજલે કડી પહોંચ્યા અને ત્યાંથી બે મુકામે સિધપુર મુકામ થયો. ત્યાં સાંભળવામાં આવ્યું કે જે ફોજ રાજા ભગવંતસીંગના તાબાતળે ઇડરને રસ્તે રવાને થઇ હતી તેણે સીધપુરનો માર્ગ લીધો છે; શેરખાન પોલાદીનો ઓલીઆ નામનો ગુલામ કે જે, બાદશાહી સ્વારી જતી વખતે કડીના કિલ્લાને મજબુત કરી ભરાઇ બેઠો હતો તેણે પહેલાંપ્રમાણે વધારે મજબૂતીથી બંદોબસ્ત કર્યો છે. બીજે દિવસે ખપજેટલી મદદ મેળવવા હુકમ થયો અને ત્યાં મુકામ કર્યો. છેવટે ખબર થઇ કે વડનગર જીતાયું અને ઓલીઓ વૈરાગીના વેશમાં નાસી જતો હતો તે પકડાયો છે.

**ગુજરાતમાં બંડ ઉભાં કરનારાઓને શિક્ષા તથા શીખામણ આપી રાજધાની તરફ સરકાર બાદશાહની સ્વારીનું પાછું ફરવું અને પહેલાં પ્રમાણે મીરઝા અઝીઝ કોકલતાશ મોટાખાનને સુબાગીરી ઉપર નીમવો.**

બીજે દિવસે સ્વારી ઉતાવળે આગળ વધી અને રસ્તામાંથી રાજા ટોડરમલને ગુજરાતની જમાબંદી અને કેટલાંક કામોના નિકાલને વાસ્તે

રવાને કર્યો કે કામના અતિ જ્ઞાનને લીધે કંઇ યોગ્ય જણાય. ન્યાયથી જાતીસ્વાર્થ ઉપર ધ્યાન ન રાખતાં જમાની તપાસણી કરી તેનું દફ્તર દરબારમાં લાવવું, કે જેથી સરકારી કામના વાકેફગાર મુત્સદ્દીઓ તે દફ્તરને અનુસરી અને ત્યાંની રૈયત તે પ્રમાણે વર્તે. મજકુર રાજા તે ભણી પાછો ફર્યો અને થોડી મુદતમાં આ દેશની જમાની તપાસણી દુરસ્ત કરી હજુરમાં લઈ આવ્યો અને સરકારી ખાસ દફતરખાનામાં તે દફતર સોંપી દીધું.

એ માસ પછી જ્યારે બાદશાહ નારનોલને રસ્તે અજમેરમાં ખાજા સાહેબની દરગાહમાં ફાતેહા પઢવા આવ્યા હતા ત્યારે મોટાખાન મીરઝા અઝીઝ કોકલતાશે ઘણી ઉતાવળે ગુજરાતથી નીકળી સરકારને સલામ કરી પાછા જવાની આજ્ઞા મેળવી. તે પછીના આવતા વર્ષમાં પણ મીરજા કોકા નારનોલની સરહદમાં સેવામાં હાજર થયો. અને બાદશાહે તેની ઉપર ઘણી મેહેરબાની કરી, તેજ દહાડે ખાસ ગુજરાતના બંદોબસ્તને વાસ્તે તેને રવાને કરવામાં આવ્યો.

સને ૯૮૩ હિજરીમાં બાદશાહે ગુજરાતના અમીરો કે જેઓ ગુજરાતથી સરકાર સ્વારી સાથે આવેલા હતા તેમની ઉપર કૃપાદ્રષ્ટિ કરી, એતેમાદખાન કે જે ગંભીર સ્વભાવનો હતો તેને એક હજારી જાતની સત્તાની મોટી પદવી આપી રાજ્યકારોબાર અને સરકારના સલાહકાર અમલદાર તરીકે નીમ્યો; તેમાં મુખ્યત્વેકરીને ઝવેરાત, દાગીના તેમજ રત્નજડીત્ર જણસો ઉપર તેની દેખરેખ રાખી અને તેના દીકરા શેરખાનને ચારસોની સત્તા આપી. અલ્લગખાન સીધીને પણ ચારસોની સત્તા આપી તેહસીલદાર ઠરાવ્યો; અને મલેકશર્કને થાનેશ્વરની અમલદારી સુપ્રદ કરી.

હવે ગુજરાત દેશ જીતવાના પ્રારંભથીજ ઘણાખરા મહાલો આ સુબાકીય ભાગમાં અમીરોને જાગીર પટામાં અપાયા હતા, તે પૈકીના કેટલાક મહાલો આજ વર્ષમાં સરકારી ખાલસામાં લઇ લેવામાં આવ્યા. આ કામ સરાડે પહોંચાડવા અર્થે વજીહુલમુલકને દીવાન ઠરાવી મોકલવામાં આવ્યો. સરકારની હજુર દરબારમાંથી દીવાન ઠરીને આવનાર આ પહેલો દીવાન હતો. આ વખતે મોટાખાન પણ સરકારી હુકમ પ્રમાણે હજુરમાં રવાને થયો.

વજીહુલમુલ્ક ગુજરાતીની ગુજરાતના સુબાના દીવાન તરીકેની નિમણુંક.

# બીજો સુબો મીરઝાખાન.

## ( બેરામખાનનો દીકરો. ) હિ૦ સ૦ ૯૮૩–૯૮૫

મોટાખાનના હજુરમાં પહોંચતાં પહેલાં ઘોડાઓને દાઘ દેવાનો ઠરાવ થઇ ચુકયો હતો; તે વિષે સર્વથી પહેલાં મોટાખાનને આજ્ઞા થઇ હતી. કેમકે એ મોટો ઉપરી જ્યારે આ હુકમને માન્ય કરે તો બીજાથી કંઇ હા કે ના કહેવાય નહીં અને દાઘ દેવાનો બંદોબસ્ત પાકે પાયે પળાય. તેણે પોતાના સંબંધ ઉપર ભરોસો રાખી હુકમને માન્ય કર્યો નહીં, ને આગ્રા–રાજધાનીના બાગમાં એકાંતવાસ પસંદ કરી રહ્યો. બાદશાહે તેની માતુશ્રીની સેવાઓની પુનઃસ્મૃતિ કરીને તથા તેણે બજાવેલી ચાકરીઓ ધ્યાનમાં લઇ તેના ઉપર બીજીવાર કૃપાવંત થયો, અને એમ ધાર્યું કે ગુજરાતદેશ તાબે થવાના પ્રથમ કાળથીજ તેના સ્વાધીન મુકવામાં આવેલો હતો; તે દેશ મોટા નામાંકીત રાજકર્તાઓનું રહેઠાણ હતું. મીરજાને, પોતે કરેલી અયોગ્ય અમાન્યતાથી લાજ આવી ગઇ એમ ધારી ફરીથી તેને ત્યાં જાગીર આપી નીમવો. એમ છતાં પણ મોટાખાને રાજીનામું આપી અરજ કરી કે, હવે સીપાહીના ધંધા ઉપરથી મેં મારૂં મન ઉઠાવી લીધું છે. હવે હું એમજ ધારૂંછું કે સરકારી આશીર્વાદીઓના દફતરમાં મારૂં નામ રહે.

વઝીરખાનની નાઈબ સુબેગીરી તથા વ્યાકદાસની દીવાની.

દેશનું રક્ષણ બાદશાહોએ કરવું, તે એક અગત્યનું કામ છે, તેથી બેરામખાનનો દીકરો મીરજાખાન[1] કે જે ચારહજારીની સિરબુલંદીનું માન ધરાવતો હતો, અને ભવિષ્યમાં અર્જુમંદખાનની મોટી પદવી પામશે એમ જણાતો હતો તે તેના વર્ણનની જગ્યાએ લખાશે. તેને ગુજરાતની સત્તા તથા અધિકારી બનાવવાનું માન મળ્યું. વજીરખાન, મીર અલાઉદ્દીન, કઝવેની, સૈઇદ મુઝફ્ફર તથા વ્યાકદાસને તેની સાથે રવાના કરી તેમને હુકમ કર્યો કે આ જુવાન છે અને તેનો આ પહેલોજ અધિકાર છે, માટે ખરૂં ખોટું સઘળું તમારે જોવાનું છે. વજીરખાન અમારા ઘરનો જુનો માણસ છે, તે પણ સાથે જાય. તે વખતે મીર અલાઉદ્દીનને આ સુબાનો અમીન નીમ્યો.

---

૧ બેરામખાનનું પાટણમાં માર્યા જવું અને આ નિરાશ્રીત પિતારહીત પુત્રનું દુઃખમાં ડુબાવાનું વર્ણન સંભારવું.

હજુરમાંથી દીવાનીનો ભારે જોખમભરેલો હુદ્દો વઝીહુલમુલ્કના બદલાવાથી તે કામ જાણનાર મુત્સદ્દી વ્યાકદાસને આપવામાં આવ્યો અને સૈઈદ મુઝફ્ફરને બક્ષી-ગીરીની પદવી મળી.

વઝીહુલમુલ્કની બદલીમાં વ્યાકદાસની દીવાની.

સન ૯૮૩ હિજરીના રબીઉસ્સા માસમાં સરકાર સ્વારી અજમેર આવતી હતી ત્યારે તેજ વર્ષમાં પહેલા મુકામે તેણે ગુજરાતથી આવી બાદશાહને સલામ કરી. તેની જગ્યાએ રહી દેશનો બંદોબસ્ત નાઇબ સુબો વઝીરખાન કરતો હતો. તરસુખાનને પાટણનો અમલદાર નિમ્યો અને સૈઈદ હાશીમ તથા રાયસિંઅને હુકમ કર્યો કે નાંદોદમાં જઇ ત્યાંના બંડખોર લોકોને ઠેકાણે લાવવા. વળી તેવાજ અવસરમાં મીરજા લોકોની એક ટોળી શણુ-ગારેલી સન્યાસહિત ઈડર ઉપર મોકલવામાં આવી, કે ત્યાંના ગરાસીઆઓને જોઇતી શીખામણ દઇ તે દેશને ખાલસા કરવો. હવે તેજ દિવસોમાં પાટણના ફોજદાર તરસુખાનની મેહેનતથી સીરોહીના કિલ્લાની ફત્તેહ થઇ; અને સન ૯૮૪ ની સાલ આખરે કલીજખાન સુરતબંદરનો મુત્સદ્દી (મેહેતો) કે જે હજુરમાં આવેલો હતો તે, મક્કે હજ પડવા જનારાઓની સાથે રવાને થયો. ઇડરવાળો રાયસિંગ બાદશાહી ફોજના કમકમાટથી તથા ધામધુમથી ડુંગરોમાં નાસી ગયેલો તે થોડાક મરણીઆ રજપુતો લઇ સામો થયો પણુ હારી ગયો. તેથી ઇડર પણુ શરણુ થઇ ગયું ને સર-કારી અધીકારીઓએ હસ્તક કર્યું.

હવે બાદશાહના કાને એવી ખબર પહોંચી કે, વઝીરખાનની ગેરબંદોબસ્તીથી ગુજરાતદેશમાં સુખચેનને દાઘ લાગ્યો છે તે ઉપરથી [1]એતમિનુદદોલા રાજા ટોડરમલને આજ્ઞા થઈ કે જેમ બને તેમ ઉતાવળે જઈ ત્યાંનો બંદોબસ્ત કરવામાં સ્વભાવિક યોગ્યતા અને સદ્બુદ્ધિ દેખા-ડવી. બાદશાહની આજ્ઞા ઉઠાવી તે જ્યારે જાલોરની સરહદમાં પહોંચ્યો ત્યારે સીરોહીના ગરાસીઆ પહાડખાન જાલોરીની મધ્યસ્તાથી આવી રાજાને મળી પચાસહજાર રૂપીઆ તથા એકસો મોહોરો પેશકશી દાખલ સન્મુખે ધરી. રાજાએ પોશાક, જડાવી પડતલો તથા એક દરબારી હાથી તે ગરાસીઆને આપ્યા ને એવો ઠરાવ કરી દીધો કે બેહજાર સ્વારોથી ગુજ-રાતના સુબાની નોકરી બજાવવી. જયારે રાજા ટોડરમલ સુબાના દેશમાં

---

૧ સરકારનો ભરૂસાદાર.

પહોંચ્યો ત્યારે તેણે સુરત તરફ ધ્યાન પહોંચાડ્યું. **ભરૂચ** મુકામે **તાહીરખાન** મારફતે **રામનગર**નો ગરાસીઓ આવી મળ્યો. તેણે બારહજાર રૂપીઆ, ચાર ઘોડા અને બે મુંઠો પેશકશી દાખલ ભેટ આપી. તેને ઘોડા તથા પોશાકથી માન આપ્યું, તે ઉપરાંત પંદરસો પગારનું માન આપ્યું અને એવો ઠરાવ કરી દીધો કે એકહજારની ફોજથી નાઝીમ (મેનેજર) સાથે બાદશાહના કામમાં હાજર રહેવું.

**ઇબ્રાહીમહુસેનમીરઝાના દીકરા મુઝફ્ફરહુસેન મીરઝાનું બંડ.**

ગુલરૂખબેગમ પોતાના દીકારા મુઝફ્ફરહુસેનને લઇ, મેહેરઅલી સાથે દક્ષિણથી આવે છે, વજીરખાન અહમદાબાદમાં કિલ્લેબંધ થાય છે, સરનાલની લડાઇ, બાજબહાદુરની હાર, પાટણથી રાજા ટોડરમલનું આવવું, વજીરખાનને ટોડરમલ લડવા તૈયાર કરેછે, હુલ્લડખોર નાસી ખંભાત જાય છે, ગુલરૂખબેગમની સૈઇદ હાશમ ઉપર ખંભાત આગળ ફત્તેહ, ધોળકા આગળ ગુલરૂખબેગમ બહાદુરી દેખાડે છે, રાજા ટોડરમલ પોતાના પુત્રસહિત કેદીઓને હજુરમાં મોકલે છે, અને ડુંગરપુર વાળો સહસમલ રાજા ટોડરમલને મળી પેશકશી આપે છે.

બાદશાહે ગુજરાત સર કરવા વખતે સુરતના કિલ્લાને ફતેહ કરવાને વાસ્તે ચઢાઇ કરી હતી તે વેળાએ ઇબ્રાહીમહુસેન મીરઝાના દીકરા મીરઝા કામરાનની દીકરી ગુલરૂખબેગમ પોતાના દીકરા મુઝફ્ફરહુસેન મીરઝાને લઇ દક્ષિણ દેશ તરફ જતી રહી હતી. તે દેશમાં તે કેટલોક કાળસુધી ભટકતી રહી, અને વિયોગનો પથરો મીરઝાઓનાં કાર્ય સિદ્ધ થવામાં આડો આવ્યો. તેનું વર્ણન તેને ઠેકાણે લખવામાં આવ્યું છે.

આ વેળાએ તે બેગમ પોતાના દીકરાને લઇ કેટલાક લુચ્ચાઓ કે જેમાં મેહેરઅલી નામનો આગેવાન હતો તેની સાથે મળી ગઇ. તે હુલ્લડખોરો ગુજરાત દેશના દુઃખ વધારનાર બની ગુજરાત ભણી પીડા તથા તોફાનની ઝંડી ઉડાવતા આવ્યા અને ખુદાઇ કૃપા આવી રીતે મદદે આવેલી હતી કે—બાદશાહે આ બનાવ બનતાં પહેલાં રાજા ટોડરમલને ગુજરાતનીજ તપાસણીના અર્થે અને કેટલાક બંદોબસ્તને વાસ્તે અત્રે મોકલ્યો હતો.

લખવા મતલબ કે વજીરખાનની પાસે સન્યા ઠીક નોહોતી અને વળી તેના નોકરોમાં ટંટાના આતુર (કજીઆખોર) અને દગાખોર હતા. તેથી લાચાર થઇ સમયસુચકતાપુર્વક દર્શકબુદ્ધિ વાપરી કિલ્લેબંધ થવામાં તેને ડહાપણ

જણાયું તેથી અહમદાબાદના કોટના દરવાજા બંધ કરી મજબૂત કર્યા અને ઉતાવળા ખેપીઆ રાજા ટોડરમલની પાસે મોકલ્યા કે જેઓ તે દિવસે ઘણા વેગે અહમદાબાદથી પાટણ ગયા હતા. તેનો એ હેતુ હતો કે ત્યાંની જમેનાં દફતર તપાસી ત્યાંથી હજુર તરફ રવાને થાય માણસો મોકલી આ બનાવની ખબર આપી.

બંડખોરો જ્યારે **સુલતાનપુર**ની હદમાં પહોંચ્યા, ત્યારે શરીફખાનના દીકરા આરેફ અને ઝાહિદ લુણહરામ બની શત્રુને જઇ મળ્યા. **વડોદરે** શત્રુના પહોંચ્યા પછી ત્યાંનો ફોજદાર લડ્યાવગર નાસી ગયો. એજ વખતે **વજીરખાને**, બાજબહાદુરને વ્યાકદાસ (ગુજરાતનો દીવાન) ની સાથે કેટલાક સિપાહીઓ સહિત શત્રુથી લડવા અને તેમને કાઢી મુકવા મોકલ્યા હતા.

હવે **સરનાલ**ના પ્રગણામાં બેઉ સામાવળીઆ ભેગા થયા અને બાજબહાદુરની હાર થઇ; આ હારથી શત્રુની હિમ્મત વધી ગઈ. જ્યારે વજીરખાનનો પત્ર રાજા ટોડરમલને પહોંચ્યો ત્યારે તે પાછો ફર્યો અને જેમ બન્યું તેમ ઉતાવળે અહમદાબાદ આવી વજીરખાનને કિલ્લાની બહાર કાઢયો અને બાદશાહના ભાગ્યના પ્રતાપે લડવાને તત્પર કર્યો. જ્યારે આ બહાદુર લશ્કર, શહેર **વડોદરા**થી ચાર ગાઉ રહ્યું ત્યારે શત્રુઓ હિમ્મત હારી ગયા અને વીલાં મુખે **ખંભાત** ભણી નાઠા. પરંતુ સરકારી નોકરો તેમની પુંઠે પડ્યા. ખંભાતની હદમાં ખાલસાના અમલદાર સૈઇદ હાશમે ઘણી ગોઠવણ કરી, પરંતુ તેને કારી ઘા લાગ્યાથી લાચાર બની ખંભાતમાં આવી કિલ્લેબંધ થયો અને દુશ્મનો ઘેરો ઘાલવામાં રોકાયા. જ્યારે બાદશાહી ફોજ નજીક આવી લાગી ત્યારે દુશ્મનો ઘેરો ઉઠાવી **જુનાગઢ** તરફ નાઠા પરંતુ સરકારી અમલદારોએ તે વેળાને કામમાં લઇ ઘણી ઉતાવળે **ધોલકા**ની હદમાં જઇ બંડખોરોને પકડી પાડ્યા.

તે અમલદારો પણ પાછા ફર્યા અને લડવાની હિમ્મત દેખાડી. તે વખતે તે વાઘરૂપી સ્ત્રીએ બીજી ઓરતોને પુરૂષોનો પહેરવેશ પહેરાવી તીર છોડવાને ઉભી કરી દીધી.

## દોહરો.

સરખા સરજ્યા ઇશ્વરે, કાંઇ પુરૂષ કાંઇ નાર,
વાઘ કે વાઘણ કોઇ પણ, છે ફાડી ખાનાર.

**બેત.**

ઝનો મર્દશે કર્દ મકસર હશર
દરંદસ્ત ચે શેર, માદા ચે નર.

સરકારી અધિકારીઓએ સન્યાની ગોઠવણો કરી અને જોવાલાયક યુદ્ધ થવા લાગ્યું. બેઉ તરફથી જેવી જોઇએ તેવી બહાદુરી દેખાડવામાં આવી. છેવટે બંડખોરો સામા નહીં ટકી શકવાથી નાસી નિકળ્યા. ઘણાખરા હુલ્લડખોરો કપાઇ મરીને ધુળધાણી થઇ જમીનદોસ્ત થયેલા હતા અને કેટલાએક કેદ પકડાયા હતા; તે સિવાય તીર મારવાનું કામ કરનાર સ્ત્રીઓમાંની ઘણીખરી ભેગી કેદ થઇ હતી.

શૂરી બેગમની યુદ્ધ ચાતુરી.

રાજા ટોડરમલે સઘળા પકડાએલાઓને આ લડાઇના લુંટના માલ સહિત (જેમાં હાથીઓ વિગેરે હતા) પોતાના દીકરા સાથે પોતાના જતાં પહેલાં હજુરમાં રવાને કર્યા. અને તેમની પુંઠે પોતે પણ દરબારમાં હાજર થવા નિકળ્યો.

કેદીઓ દરબારમાં ગયા.

રસ્તામાં **રાણો સહસમલ** (ડુંગરપુરનો ગરાસીઓ) આવી રાજા ટોડરમલને ભેટયો. તેને બેહજાર પાંચસો રૂપીઆની નીમણુંક કરી **મીરઠે**થી પોશાક તથા ઘોડાનું ઇનામ આપી રવાને કર્યો ને તેના માટે એવો ઠરાવ કર્યો કે અહમદાબાદના સુબામાં નોકરી કરતા રહેવું.

બીજીવાર ઘણા બંડખોર ભેગા કરી મુઝફ્ફરહુસેન મીરજાનું ખંભાતનો ઘેરવું, વજીરખાનના નોકરોની લુણહરામી–તેનું અહમદાબાદમાં આવી ભરાવું, નવા લોકોનું બંડ, જુનાની નીમણુંકો, બંડખોરો નીસરણીઓ મુકી ભદ્રના કિલ્લામાં આવે છે તેવામાં મહેરઅલીને ઘા વાગ્યાથી મરી જવાને લીધે બંડખોરો નાસે છે, મુઝફ્ફર નાસી ખાનદેશ જાય છે તેને રાજેઅલીખાન પકડી દીલ્હી મોકલે છે અને મીરજાઓના તોફાનનો અંત આવે છે.

મુઝફ્ફરહુસેન મીરઝાનું બીજી વખતનું તોફાન, અહમદાબાદ ઉપર ઘેરો અને બાદશાહના ભાગ્ય પ્રતાપે હુલ્લડનું નાશ પામવું.

જ્યારે રાજા ટોડરમલ દરબાર તરફ વિદાય થયો ત્યારે બીજીવાર બંડખોર લોકો મુહમ્મદહુસેન મીરજાની પાસે ભેગા થયા ને પહેલાં **ખંભાત**

કે જ્યાં ઘણાખરા વહેપારીઓ વસે છે તેપર લુંટ કરી ઘણી માલમતા ત્યાંથી લઇ ગયા.

વજીરખાને અહમદાબાદથી નિકળી તેતરફ જવાનું કર્યું; પરંતુ રસ્તામાં શત્રુઓ ઘણા છે એમ સાંભળી તેમજ પોતાના નોકરોના કપાળ ઉપર લુણહરામીના લેખ દિસે છે એવો નિશ્ચય કરી, લડવાનો મનસુબો માંડી વાળી લાચાર થઇ અહમદાબાદમાં આવતો રહ્યો. જેથી તેના ઘણા માણસો આડે માર્ગે ચાલી શત્રુને જઇ મળ્યા અને સામાવાળાઓએ જેમ બને તેમ ઉતાવળે ઘેરો ઘાલ્યો.

વજીરખાને પોતાના કેટલાક માણસો કે જેમના વિષે જરાપણ ખાતરી નોહોતી તેમને બેડીઓ ઘાલી કેદ કરી દીધા અને પોતાના જુના ભરૂસાદારોને અનેક રીતે શાંતતાથી ટાઢા કરી, આશરો આપી કિલ્લાનો બંદોબસ્ત કરવાને કાળજી દેખાડી.

હવે ખુલ્લીરીતે તેના વારે ચઢી આવે એવું કોઇની ઉપર ધ્યાન ન રહેવાથી બાદશાહના ઉપર સંભાળ રાખવા લાગ્યો. હવે કિલ્લાની અંદરના માણસોના મનમાં ભારે ધાસ્તી પેસી ગઇ હતી, તેથી દરરોજ નવા નવા મોરચા ગોઠવતો હતો, દરરોજ પોતે જાતે કિલ્લાના દરવાજા ઉપર જતો, તેની ઘણી ભયભરેલી અચંબીત સ્થિતી હતી.

આ વખતે શત્રુઓ કિલ્લાના લોકોથી વાતચીત કરી નિસરણીઓ મુકી એકદમ અંદર આવવાને તત્પર થઇ કિલ્લા ઉપર ચઢવા લાગ્યા, કે તુરતજ અનાયાસે છુટેલી બંદુકની ગોળી આ તોફાન રચનાર અને બંડખોરોના આગેવાન **મેહેરઅલી**ને વાગી, તે વાગતાંવારજ પ્રાણ ત્યાગી ગયો. હવે શત્રુના કેટલાક માણસો કિલ્લા ઉપર આવ્યા છતાં પણ ભારે ગભરાટથી નાસવા માંડ્યા. હવે કિલ્લાબંધ લોકો ભારે ભય પામેલા હતા તેથી પહેલાં તો તેમણે પગ બહાર મુકયો નહીં. છેવટે જ્યારે નક્કી થયું કે આ કૃત્ય તો કોઇ અચંબિતપણે ભયાનક રીતે થયેલું છે ત્યારે વજીરખાં તથા સઘળા સરકારી નોકરોએ ખુદાનો પાડ માન્યો.

મુહમ્મદહુસેન મીરજા કે જે નાસીને **ખાનદેશ** તરફ જતો રહ્યો હતો ત્યાંથી તેને **રાજેઅલી ફારૂકીએ** પકડી કેદ કરી દરબારમાં (દિલ્લી) મોકલી દીધો. હવે મીરજાઓના હુલ્લડનો અંત આવ્યો.

---

# ત્રીજો સુબો શહાબુદ્દીન અહમદખાન.

વઝીરખાનથી બંદોબસ્ત ન થવાના લીધે માળવેથી શહાબુદીન એહમદ બદલાઇ સુબો થઈ આવે છે, કેટલાક માણસો તેની મદદે દિલ્લીથી નિમાઇ અત્રે આવ્યા, વઝીરખાનને ઇડર કાઢયો અને મક્કાના હાજીઓ પરત આવ્યા.

હવે જેવી રીતે જોઇએ તેવી રીતે ગુજરાતનો બદોબસ્ત વઝીરખાનથી ન થયો તેથી હિ૦ સન ૯૮૫ ની આખરે સરકારી આજ્ઞા પ્રગટ થઇ કે, શહાબુદ્દીન એહમદખાન કે જેને પાંચહજારી નીમણુંકની આબરૂ હતી તે માળવેથી ગુજરાત જાય, અને કાસિમખાન, તાહિરખાન, સેફુલમુલ્ક, મીર ગ્યાસુદ્દીન, અલીનકી, કમરખાન, ગાઝીખાન, ફિરોઝા કામિલ, શેખ મુઅઝઝમ, શેખ જુનેદ અને બીજા અમીરો દરબારમાંથી તેને મદદ કરવાને રવાને કરવામાં આવ્યા. વઝીરખાનને ઇડર આવી ત્યાંની હદબંધીનો બંદોબસ્ત કરવા હુકમ થયો.

હિ૦ સન ૯૮૬ ની મોસમમાં બાદશાહી ઝનાનાની પરદેનસીન બેગમો જે મક્કે હજ કરવા ગયેલ તેમના ક્ષેમકુશળતાથી પરત આવવાની બાદશાહને અરજ થઇ, તેથી શહાબુદ્દીન એહમદખાનને હુકમ કર્યો કે વહેલાસર તેઓને દરબારે પહોંચાડવાનો બંદોબસ્ત કરવો.

સૈયદ અબુતુરાબનું હજ મુખી નિમાવું અને શ્રીપેગમ્બર સાહેબનાં પગલાંનું અત્રે લઈ આવવું.

મીર અબુતુરાબ, મક્કે હજ કરવા જનારાઓનો મુખી બની જાય છે. મક્કેથી પાછો ફરી નબી સાહેબનાં પગલાં લાવી બાદશાહને દરબારમાં સલામ કરે છે, અને ત્યાં આગળ પાછો તે પગલાં અહમદાબાદમાં લાવી લોકોનાં પવિત્ર કલ્યાણ હિતાર્થે મુબારક કરેછે.

હવે આ સમયમાં બાદશાહનું સંપુર્ણ લક્ષ પરોપકાર ઉપર રોકાયું હતું, કેટલાક વર્ષથી એવો ઠરાવ થયો હતો કે દરવર્ષે એક મોટા માણસને મુખી બનાવી રોકડ તથા ભેટો સાથે મક્કાના મોલવીઓ તથા ત્યાંના મુસાફરોના ઉપયોગાર્થે મોકલવામાં આવતા હતા. સરકારની મહેરબાનીના લીધે આ વર્ષે મુખી બનાવી મજકુર સૈઇદને મોકલવામાં આવ્યો. એતેમાદખાન સરકાર સ્વારી સાથે ગયેલો હતો. તે વારંવાર મક્કાના વર્ણનઉપર ધ્યાન આપતો અને મદીને જઇ હજ કરવાની દરખાસ્તો કરતો હતો, તેને પણ રજા આપવામાં આવી.

પરંતુ આવતી વખતે મજકુર સૈઇદ તે પેગમ્બર સાહેબનાં પગલાં કે જે મક્કામાં હતાં તે સાથે લાવી સુરતમાં આવી પહોંચ્યો અને રાજ્યધાની તરફ રવાને થવાની સામગ્રી કરી, પગલાંને અંબાડીમાં પધરાવી તથા ઇબ્રાહીમના ધામનું પોશાણુ ઢાંકી સાતસોએંશી હાજીઓ સાથે રાજ્યધાની ફતેહપુર કે જે તે વેળાએ રાજપાટનું ઠેકાણું ઠરાવવામાં આવ્યું હતું તે તરફ જવા નિકળ્યો અને આ અતિ કલ્યાણકારી પવિત્ર પ્રાપ્તિ સંપાદન થવાની અરજીઓ દરબારમાં મોકલી; આ વધામણી સાંભળી બાદશાહ અનહદ ખુશ થયો અને વિવેકપુર્વક વખાણ સાથે તે મુખી ઉપર આજ્ઞાપત્ર મોકલી એવી ખબર કરી કે જ્યારે રાજધાનીથી એક મજલને અંતરે તે આવે ત્યારે એકદમ ખબર આપવી કે તેને જઇ ભેટવાની ક્રિયા વિવેકપુર્વક કરવામાં આવે.

જ્યારે મજકુર સૈઇદ એક મજલને અંતરે પહોંચ્યો ત્યારે બાદશાહને અરજ કરવામાં આવી; જેથી બાદશાહ પોતે ખાસ સ્વારી અને સામગ્રી મોકલી સઘળા દરબારીઓસહિત ભેટવા માટે ગયો. ત્યાં ખુલ્લો વગરરોકટોકનો દરબાર ભર્યો ને સઘળા ગરીબ અને તવંગરોએ ભેટનો લાભ લીધો.

બીજે દિવસે પોતે જાતે પોતાની ઉપયોગી ચાદરમાં પગલાંને વિંટાળી પહેલાં પોતાને ખભે મુકી, આશરે સો ડગલાં પગે ચાલતાં શહેર તરફ લઇ ગયો, તે પછી તે અશરાફ મુખીને આપવામાં આવ્યાં અને અમીરોમાંથી દરેક પ્રધાનોએ તથા મુખ્ય ન્યાયાધિશે તથા કાજીએ તેવીજ રીતે એક પછી એક તે પગલાંને રાજ્યધાની સુધી પહોંચાડ્યાં અને એક વર્ષ સુધી ખાસ બાદશાહી મહેલની પાસે પધરાવેલાં રાખ્યાં. ઘણા લોકો તેનાં દર્શનનો લાભ લેતા હતા.

જ્યારે સને ૯૮૮ માં શાહઅબુતુરાબને ગુજરાતમાં પાછા ફરવાની પરવાનગી મળી ત્યારે દરખાસ્ત કરી કે ગુજરાત મક્કાનું દ્વાર છે. જો આજ્ઞા હોય તો પગલાં લઇ જઇ તેનું ધામ બાંધું અને તેની ઉપર ઘુમટ કરી દઉં અને તેની સેવા આ દાસને કરવાની આજ્ઞા મળે ઘણીવાર એ અરજ કર્યાથી બાદશાહે તેની વિનંતી કૃપા કરીને સ્વીકારી જેથી મજકુર સૈઇદ પગલાંને અહમદાબાદમાં અસાવલે લાવી જ્યાં તેનું ઘર હતું ત્યાં જોશીઓના અભિપ્રાયને અનુસરીને તથા કારીગરોના મત પ્રમાણે ધામ તથા ઘુમટ બાંધવામાં રોકાયો. તે ઇમારત ૭ વર્ષમાં પુરી બંધાઈ રહી.

પગલાં વિષેનું વર્ણન જુદા પુસ્તકમાં છે કે જે બાદશાહની આજ્ઞાથી લખાયું છે. તે **રિસાલે કદમીઆના** નામથી પ્રસિદ્ધ છે.

એતો સિદ્ધ છે કે તે દિવસથી ઘણા કાળસુધી તે ઘુમટ લોકોની પ્રદક્ષિણાનું ઠામ હતું. પરંતુ આ શહેરની ગેરબંદોબસ્તી ઉલટ પલટની વેળા પછી **અસાવલ** વિગેરેની વસ્તી ઉજડ થઇ તેથી સૈઇદ મજકુરના વારસોએ તે પવિત્ર પગલાંને ત્યાંથી શહેરમાં પધરાવ્યાં. હમણાં તે તેઓના કબજામાં છે. મેં (આ ઇતિહાસકર્ત્તાએ) દર્શનનો લાભ લીધો છે.

મતલબ કે– શાહફખરૂદ્દીન **ઉજેનથી** પાટણની અમલદારી ઉપર જાય અને **તરસુનખાનને** દરબારમાં મોકલી દે. **હાજી ઇબ્રાહીમ સરહિંદી** ગુજરાતનો ન્યાયાધિશ ઠર્યો, **આસેફખાનને** ગુજરાતની બક્ષીગીરી આપવામાં આવી, તેને એવી આજ્ઞા થઇ કે પ્રથમ કાયદા પ્રમાણે માળવાની સન્યાને હાથ દઇને ત્યાંથી ગુજરાત જઇ **શહાબુદ્દદીન** તથા **કલીજખાનથી** મળી ગુજરાતના લસ્કરને પણ હાથ દેવો.

કેટલાક દિવસ પછી **સુલતાન મુઝફ્ફર** ગુજરાતી કે જે, બાદશાહની સાથે કેદી દાખલ રહેતો હતો, તે ત્યાંથી નાસી ગુજરાતમાં આવ્યો અને **રાજપીપળામાં** આવેલા **તરવારી** મુકામ કે જે ત્યાંની રાજ્યભૂમી છે ત્યાં રહ્યો. **કુતબુદ્દદીન મુહમ્મદખાનની** નજર તેની ઉપર ગઇ અને તે આ વખતે **ભરૂચમાં** હતો, તેથી ત્યાંથી નિકળી **સોરઠમાં** આવેલા **સુરધાર** પ્રગણામાંના **ગઢડા** ગામમાં **લુણીઆ કાઠીની** પાસે જતો રહ્યો અને ગુપ્ત રહી દિવસ કાઢવા લાગ્યો.

આ રાજ્યસત્તાનો કેટલોક કાળસુધી **શહાબુદ્દદીન એહમદની** સારી રાજ્યનિતીથી હુલ્લડો શાંત રહ્યાં અને લોકોમાં સુખશાંતી વર્તાઇ. **ફતેખાન સરવાની** કે જે **અમીનખાન ગોરીનો** ચઢીઆતો સેનાપતિ હતો અને **સોરઠ દેશ** એ ગોરીના તાબામાં હતો. તે અમીનખાનથી રીસાઇ શહાબુદ્દીન એહમદખાનની સેવામાં આવ્યો અને એવી હઠ લીધી કે જો મારી સાથે લસ્કર મોકલો તો **જુનાગઢ** તથા **સોરઠદેશ** અમીનખાનથી ખુંચી લઇ બાદશાહી અમલદારોના તાબામાં લાવી આપું.

શહાબુદ્દીન એહમદખાને પોતાના ભત્રીજા **મિરઝાજાનને** આ કામના વાસ્તે ચારહજાર શુરા સ્વારોથી નિમી દીધો. ફતેખાન લસ્કર લઇ સોરઠ તરફ નિકળ્યો, જ્યારે તે દેશની સરહદમાં પહોંચ્યો ત્યારે અમીનખાન ગોરીએ

પોતાના વકીલો મોકલી વિનંતી કરી કે, હું પેશકશી આપુંછું, બાદશાહી કાયદા પ્રમાણે ઘોડાઓને દાગ દઉંછું અને મારી નીમણુંક પેટે મને જાગીર આપી બાકીનો દેશ તમારા કબજામાં રાખો. પરંતુ જુનાગઢનો કિલ્લો જે મારૂં રહેઠાણ છે તે મારી આબરૂ ઉપર નજર રાખી મારી પાસે રહેવા દો. મિરઝાજાને ઉત્તર દીધો કે જુનાગઢનો કિલ્લો શરણે થયા શિવાય તમને રક્ષણ મળશે નહીં. ગલી કુચામાં વારંવાર ફરી પહેલેજ દિવસે ફતેખાનની સરદારીથી **જુનાગઢ** એટલે **મુસ્તફાબાદ** હસ્ત થયું.

અમીનખાન ઉપરના કિલ્લાને મજબૂત કરી તેમાં ભરાઇ બેઠો. ભોગજોગે આ ચડાઇનો મૂળ પાયો ફતેખાન માંદો પડયો અને તેજ મંદવાડથી તે થોડાક દિવસમાં પરવારી ગયો. મીરઝાજાન ઘેરો ઉઠાવી લઇ જુનાગઢથી વીશ ગાઉ ઉપર આવેલા **માંગરોલ**માં ગયો અને ત્યાં મજકુર કસ્બાના લોકોને કાપી નાખ્યા. અમીનખાંએ **જામ**થી મદદ માગી. જામનો દીવાન ચારહજાર સ્વારોથી સહાય કરવા આવ્યો. અમીનખાન કિલ્લા ઉપરથી ઉતરી માંગરોલ ગયો. મીરઝાજાન **કોડીનાર** ગયો. તેની પુંઠે અમીનખાન ત્યાં પહોંચ્યો. મીરઝાજાન લશ્કર લઇ લડાઇ કરીને હાર પામ્યો. ઘણા માણસો કપાયા અને સઘળો સારસરજામ તેઓના હાથ ગયો. મીરઝાજાન થોડા માણસોથી ઘાયલ બની **એહમદાબાદ** મહા મુશ્કેલીએ પહોંચ્યો.

**શહાબુદ્દીન એહમદખાંએ**-મોડાસા તથા આ તરફના કેટલાક લુંટારા લોકોની રહેવાની જગ્યાઓમાં કિલ્લા બંધાવ્યા અને થાણાઓ મુકી જેવો જોઇએ તેવો બંદોબસ્ત તેણે કર્યો હતો; તેમજ પ્રગણાંની રૈયતના પોકારોના લીધે અહમદાબાદની આસપાસ તથા કેટલાંક બીજા પ્રગણાંઓમાં બીજીવાર વાવેતરની જમીનની માપણી કરી દેશની આબાદી કરી.

---

## ચોથો સુબો એતેમાદખાન ગુજરાતી.

આ ઇતિહાસના પાનામાં પ્રથમ લખાઇ ગયું છે કે એતેમાદખાન મક્કે હજ કરવા જવાની આજ્ઞા મેળવી ગયો હતો; તે ત્યાંથી પાછો ફરી બાદશાહની સેવામાં દરબારમાં પહોંચી ત્યાં કેટલાક દિવસ રહ્યો. સરકાર બાદશાહે ગુજરાતની અમલદારીની તેને આશા આપી

ખાજા અબુલ કાસમની દીવાની,ગુપ્ત જગ્યામાંથી મુઝફ્ફર સુલતાનનું બહાર પડવું તથા એહમ-

દાબાદને કબજે કરવું, અને એતેમાદખાન તથા શહાબુદ્દીન એહમદ-ખાનનો પરાજય.

હતી. આ વેળાએ જ્યારે શહાબુદ્દીન એહમદખાન ગુજરાતની સુબેદારી ઉપર હતો તે વખતે એતેમાદ-ખાન કેટલાંક કામો વિષે કરકસર કરવાની અરજ કરતો, જેથી તેનું શુભેચ્છકપણું જણાતું હતું. જેથી બાદશાહે હિ૰ સન ૯૯૧ની આખરે એતેમાદખાન ઉપર ઘણી મહેરબાની કરી તેને સુબેદારી ઉપર નીમ્યો. જોકે શુભેચ્છકોએ ઘણી વિનંતી કરી કે ગુજરાતનો બંદોબસ્ત તેને લાયક નથી; પરંતુ બાદશાહની જીભથી જે વચન નિકળ્યું હતું તે પાળ્યા વિના છુટકો નહીં હોવાથી તે લોકોની વિનંતી ઉપર લક્ષ આપ્યું નહીં. ત્યારપછી એતેમાદખાન માનસહિત ગુજરાતની સુબેદારી ઉપર રવાને થયો, તે વખતે મીર અબુતુરાબને અમીની અપાઇ, ખાજા નિઝામુદ્દીન એહમદને બક્ષી બનાવવામાં આવ્યો અને ખાજા અબુલ કાસિમ કે જેને જાતની બસેની સત્તા હતી તેને દીવાની મળી. તે સિવાય મુહમ્મદહુસેન શેખ, મીર અબુલ મુઝફ્ફર, બેગમુહમ્મદ બુકનાઇ, મીર મુહિબ્બુલ્લા, મીર શરફુદ્દીન, મીર સાલેહ, શાહબેગ, મીર હાશમ, મીર માસુમ ભકરી, ઝેનુદ્દીન ખટ્ટ, સૈયદ જલાલુદ્દીન ભકરી, સૈયદ ઇસહાક, કરાચશ કબાકા અને પહેલવાન અલી સીસ્તાની. તે સર્વેને તેની સાથે રવાને કરવામાં આવ્યા. ઉપર લખેલા શખ્સોને પોશાક તથા ઘોડાનું ઇનામ આપી અત્રે વિદાય કર્યા.

બાદશાહી ઘરનો ઉપરી ( પ્રમુખ ) રમજાનનો દીકરો કરમઅલી કે જે બાદશાહી ઘરસંબંધી ઘણો ભરૂસાદાર હતો તેને શહાબુદ્દીન એહમદ-ખાનને લાવવાવાસ્તે નિમવામાં આવ્યો, કે જ્યારે એતેમાદખાન અહમદાબાદમાં પહોંચે ત્યારે તેને દરબારમાં લઇ આવે.

એજ સમયમાં સદરહુ સુબા હાજી ઇબ્રાહીમ સરહિંદીની ગેરવર્તણુંકવાળી હકીકત માટે બાદશાહની સેવામાં અરજ થઇ અને લોકોનાં ટોળેટોળાં ફરીયાદ કરવાને આવ્યાં. ત્યાથી બાદશાહે તેના કર્મપત્રમાં બરતરફીનો લેખ મારી તેને દરબારમાં બોલાવી લીધો; અને તેની બદચાલ સાબીત થયા પછી તેને રણથંબુરના કિલ્લામાં કેદ કર્યો.

ટુંકામાં એતેમાદખાન દરબારમાંથી ગુજરાતની અમલદારીને વાસ્તે, અને કરમઅલી શહાબુદ્દીનને લાવવાને વાસ્તે નક્કી કર્યા. કેટલાક દંગઇ કિલચી લોકો જે પહેલાં મિરઝાઓની નોકરી કરતા હતા, તેઓ પકડાયા પછી એહમદા-

બાદમાં રહી, આ દેશનો જે અમલદાર અધિકારી થઇને આવતો તેની નોકરી ઉઠાવી પોતાના દિવસો ગુજારતા હતા અને હંમેશ તેઓ ઘણી નવરાશ ભોગવતા હતા. જેમકે તેઓએ એકવાર વજીરખાનના અમલમાં હુલ્લડના દ્વારો ઉઘાડી બંડ સળગાવ્યું હતું, ત્યારે તેવા ખરા અવસરે શહાબુદ્દીન એહમદખાંએ આવી તેમના તોફાનની અગ્નિ ઉપર પાણી છાંટી દીધું હતું,(શાંત પાડી દીધું) અને તેઓમાંના ઘણાખરાને પોતાના નોકરો કરી લીધા. ટોળીની હકીકત દરબાર સુધી પહોંચી તેથી હુકમ થયો કે કોઇ કાળે આવા લોકોને દેશમાં રહેવા દેવા નહીં, અને નોકરીથી બરતરફ કરી તેઓની જગ્યાએ સારા લુણહલાલ લોકોને રાખવા. આ વખતે બાદશાહની સ્વારી કાબુલ ભણી ગઇ. શહાબુદ્દીન એહમદખાંએ તે લોકોને કાઢી મુકવાનું કામ યોગ્ય ધાર્યું નહીં; એટલુંજ નહીં પરંતુ તેમની નીમણુંકો તથા જાગીરોમાં વધારો કરી તેમને દીલાસા આપ્યા.

આ વખતે એતેમાદખાનને ગુજરાત દેશનો અધિકાર મળ્યો; અને સરકારી તાકીદી હુકમ બીજીવારનો તેમને દેશનિકાલ કરવાને આવેલો હતો. આ સુંદર નાદ આ હુલ્લડખોર ટોળીના પણ કાને પહોંચેલો હોવાથી પોતાની ગોઠવણમાં હતા. આ ટોળીનો ઉપરી **મીર આબિદ** નામનો માણસ હતો તેણે **યુસફબલખી, ખલીલબેગ, બદખશી, બેગરામબેગ** તથા **મીરક** સાથે ઠરાવ કર્યો કે એતેમાદખાનના ગુજરાતમાં આવતાં પહેલાં શહાબુદ્દીન એહમદખાનનો ઘાટ ઘડી નાખવો અને મુઝફ્ફરને સરદાર બનાવી એહમદાબાદ ઉપર કબજો કરી લેવો. ભોગજોગે **જહાંગીર** નામનો એક બંડખોર જે તે ટોળીમાં હતો તેણે શહાબુદ્દીન એહમદખાનને તે લોકોના ખોટા મનસુબાની બાતમી આપી દીધી. જેથી હવે તેનું મન અમલદારી ઉપરથી ઉચાટ થઇ ગયું હતું, તેથી જોઇએ તેવી રીતે તેણે તપાસ કરી નહીં; પરંતુ ખલીલબેગ અને મુહમ્મદ યુસફને સંદેશો કહાવ્યો કે તમારે શહેર મુકી દેવું અને અત્રે રહેવું નહીં. જેથી તેઓ આ આજ્ઞાને પોતાના કાર્યની પુષ્ટીરૂપ જાણી, પોતાની પહેલાંની જાગીરના પ્રગણા **માતર**માં જઇ ત્યાં સામગ્રીઓ કરવા લાગ્યા; અને મુઝફ્ફર ગુજરાતીને પત્રો મોકલાવી પોતે તાબેદારો છે એમ દર્શાવી તેને આવવાને વાસ્તે ઉશ્કેર્યો. હવે એમનો ઉપરી મીર **આબિદ** જાહેર રીતે જોતાં શહાબુદ્દીન એહમદની સાથે આવી રીતે વર્તતો હતો કે દરબારમાં તમારી સાથે જનારાઓમાંથી પહેલો હું ચાલીશ; તેમ છતાં વળી પણ છાનોમાનો

લોકોનાં મન ફેરવતો ને તેમને આડે માર્ગે દોરતો હતો. તેણે મુગલબેગ વફાદાર તથા તેમુરહુસેન કે જેઓ શહાબુદ્દીન એહમદખાનના પાકા ભરૂસાદાર માણસો હતા તેમને પોતાની સાથે મળતીઆ કરી લીધા. આ અવસરે એતેમાદખાન તથા ખાજા અબુલકાસિમ સુબાનો દીવાન અને ખાજા નિઝામુદ્દીન બક્ષી પાટણ આવી પહોંચ્યા. તે વખતે કરમઅલી, શહાબુદ્દીન એહમદખાનને લેવા માટે આવ્યો હતો. આ વખતે કાબીલ નામના વકીલ સાથે એતેમાદખાન જ્યારે એહમદાબાદમાં આવ્યો ત્યારે શહાબુદ્દીન એહમદખાન હુકમને અનુસરી ઘોડા તથા પોશાક લઇ સામો ગયો; અને વળતાં કરમઅલીની સાથે શહેરમાં પાછો આવ્યો. તેજ વખતે સરકારી આજ્ઞાની માહિતી મેળવી, તેજ દરબારમાં એતેમાદખાનના અમલદારોના હાથમાં કોટના દરવાજાની કુંચીઓ આપી દઇ થાણુંઓ ઉપરથી પોતાના માણસોને બોલાવી લીધા. શહાબુદ્દીન એહમદખાંએ આશરે નવા જુના મળી એંશી કિલ્લાઓ ઉભા કરી તેમાં થાણું બેસાડયાં હતાં. જેવા તેના માણસો થાણુંમાંથી નિકળી આવ્યા કે તરતજ કોળીઓ તથા ગરાસીઆઓએ ઘણા કિલ્લાઓને ઉજ્જડ કરી નાખી હુલ્લડો ઉભાં કર્યા અને તેથી શહાબુદ્દીન એહમદખાન વિગેરે શહેરમાં આવતા રહ્યા.

હવે ઉપર બતાવેલા નામવાળા મીર અબિદે બંડખોરોસહિત આશરે પાંચસો માણસો ભેગા કરી, તેમજ વટુવાની નાલના મથક ઉપર રહેઠાણ કરી એતેમાદખાનને સંદેશો કહાવ્યો કે હું અયોગ્ય સ્થિતીથી શહાબુદ્દીન એહમદખાનની પાસે દરબારમાં જઈ શકતો નથી, માટે જો પહેલાં પ્રમાણે શહાબુદ્દીન એહમદખાને અમને જે જાગીરો આપેલી તે બહાલ રાખતા હો તો, સેવામાં હાજર થઈ નોકરી કરીએ. નહીંતો હવે કાયદાના બંધનમાંથી નિકળી બારવટીઆ થઇએ છીએ. એતેમાદખાંએ ઉત્તર આપ્યો કે હજુર આજ્ઞા શિવાય તે જાગીરો તમારા પગારપટામાં આપી શકાતી નથી, પરંતુ મારા તરફથી જે કાંઈ બની શકશે તે કરવામાં કસુર થશે નહીં. તે અકર્મીઓ એતેમાદખાનના ઉત્તરથી નિરાશ થઈ ખલીલબેગ તથા મુહમ્મદયુસુફની પાસે માતર પ્રગણાંમાં ગયા. હજુરમાંથી મદદ કરવાને જે લશ્કર નીમ્યું હતું તે હજી સુધી આવી પહોંચ્યું નોહોતું. એતેમાદખાંએ એ વાત વાસ્તવિક ધારી કે, શહાબુદ્દીન એહમદખાનને પાછો બોલાવી લાવી, થોડા દિવસ અહિંજ રાખી તેના થોડા માણસોની મદદથી બંડખોરોને

પકડવાની હિમ્મત કરવી. આ ઠરાવ પ્રમાણે નિશ્ચય કરી શાહ અબુતુરાબ અને ખાજા નિઝામુદ્દીન બક્ષીને સંગાથે લઇ તેની પાસે ગયો અને વિનંતી કરી, ત્યારે શહાબુદ્દીન એહમદખાંએ ઉત્તર આપ્યો કે, "દેશનો બંદોબસ્ત ફોજશિવાય કોઇપણ રીતે થવાનો નથી અને વળી આ બંડખોરોને પણ પહેલાં પ્રમાણે તેમની જાગીરો પાછી સોંપવી. કે જેથી તોફાનની લાય ટાઢી પડે અને જો આજ્ઞાશિવાય જાગીરો આપી શકતા નથી તો હજુ સુધી પણ કોઇ આબરૂદાર આગેવાન તેઓને મળ્યો નથી, તેમ તેઓ પણ જોઇએ તેવી રીતે ભેગા પણ મળ્યા નથી અને જાહેર તેમનામાં વધારો થયો નથી; તો મારા તથા તમારા માણસોની ફોજ તેમના ઉપર મોકલી હુલ્લડખોરોના લશ્કરમાં વિયોગનો પથરો નાંખી દો." ત્યારે એતેમાદખાંએ કહ્યું કે "હમણાં તરતકાળ તો આપ અમદાવાદ તરફ પાછા ચાલો, પછી જેવી આપની સલાહ હશે તે પ્રમાણે કરીશું." આ વખતે પણ શહાબુદ્દીન એહમદખાંએ વાંધા કાઢવા માંડ્યા કે, "કેટલાક રૂપીઆનું દેવું કરી મુસાફરી તૈયાર કરી છે, અને વળી મારા માણસો બાળબચ્ચાં ખટલાસહિત ઘણી મુસીબતે બહાર નિકળ્યા છે તો હવે શીરીતે અમે રહી શકીએ?" ત્યારે એતેમાદખાંએ ઠરાવ કર્યો કે "હું સરકારી ખજાનાથી તમને મદદ કરીશ." જ્યારે નાણાંની ગોઠવણ થઇ ત્યારે થોડાક દિવસને વાસ્તે કામનું રૂપ આણવાને તથા નાણાંનો આંકડો ઠરાવવામાં ભાંજગડ થઈ; ત્યારે શહાબુદ્દીન એહમદખાંએ આ કારકીર્દીઉપરથી એવો સાર કાઢયો કે એતેમાદખાન પોતાનાં મીઠાં વચનો તથા સુંદર શબ્દોથી મને થોડાક દિવસ રોકી લે, અને જ્યારે પોતાની કુમક કરનાર માણસો હજુરમાંથી આવી લાગે ત્યારે પછી મને રણવગડા દેખાડવા.

આવી મતલબે ઉપર ડોળથી એહમદાબાદ તરફ રવાને થઇ કસ્બે કડીમાં પહોંચ્યો. બંડખોરોની ટોળીના માણસો કે જેઓ માતર પ્રગણાંમાં ભેગા મળ્યા હતા તેઓ આ તકનો લાભ લઇ કાઠીઆવાડ એવી મતલબે ગયા કે મુઝફ્ફરને લઇ આવી આગળ પગલાં ભરવાં. જ્યારે તેઓ મુઝફ્ફરને મળ્યા ત્યારે તેઓએ રાજ્યરૂપ કન્યાને સારી રીતે શણગારથી તેની દ્રષ્ટી તળે દીપાવી દીધી અને રીતસર વાતો કરી. લુણીઓ કાઠી, કાઠી લોકોના આગેવાનોને લુટફાટની લાલચ આપી, સાથે લઇ એહમદાબાદ ભણી ડગલાં ભરવા લાગ્યો, તેણે લગભગ કાઠી લોકોના પંદરસો સ્વારો ભેગા કરી ધોળકા સુધી હાથમાંથી લગામ મુકી નહીં. હવે

**ધોળકામાં** આ બંડખોરોની ધારણા અને ઢચુપચુ મનસુબા **વિરૂદ્ધની** લાલસા પડી ભાંગી. કેટલાક લોકોને એમ ઠીક લાગ્યું કે શહા- બુદ્દીન એહમદખાનના લશ્કર ઉપર રાત્રે ધાડ પાડવી અને મુઝફ્ફરનું કહેવું એમ હતું કે **ખંભાતબંદરે** જઇ તે બંદરને લુંટી લેવું. જ્યારે એતેમાદખાનને શત્રુઓના ધોળકે આવી પહોંચવાની ખબર મળી ત્યારે કાળજું ઠેકાણે રહ્યું નહીં તેમ હાથપગનું પણ ભાન રહ્યું નહીં, તેથી પોતે એવે મનસુબે કરબે કડી ગયો કે ત્યાં જઇ શહાબુદ્દીન એહમદખાનને પાછો ફેરવી અહમદાબાદ લઈ આવું. તેણે ભારે ગભરાટ તથા વ્યાકુળતામાં આવી મોટી ભુલ કરી. ખરૂં પુછો તો શત્રુને બાર ગાઉ ઉપર મુકી, અઢાર ગાઉ ઉપર મદદ લેવા જવું તે કોઇપણ રીતે ડહાપણનું કૃત્ય નથી, અને વળી તે સાથે એવા સરદારના તાબામાં શહેરને મુકવું, કે જેની ઉપર કંઇપણ ભરૂસો રખાય નહીં; તેમજ સારી સલાહ આપનારાઓએ પણ ખોટું લગાડીને કહ્યું હતું કે, આ ભુલભરી કારકીર્દી છે. પરંતુ તેણે કોઇનું સાંભળ્યું નહીં અને પોતાના પુત્ર **શેરખાન**ને એહમદાબાદના રક્ષણનેવાસ્તે મોકલ્યો. **મીર માસુમ ભકરી, ફેજુલ્લાબેગ આકા** અને **ઝેનુદ્દીન** કંબોહને દરવાજાના બચાવ ઉપર નિમ્યા; **મુજાહિદખાન ગુજરાતી**ને **રાયખડ**ના દર- વાજા ઉપર મુકયો અને નિઝામુદ્દીન બક્ષીને સાથે લઇ શહેરથી નિકળી કડીના માર્ગે પડ્યો. એના શહેરથી બહાર નિકળતાંજ કેટલાક ગુજરાતના બંડખોર લોકો કે જેઓ હુલ્લડખોરોને મળેલા હતા તેઓએ ઉતાવળથી માણસો મોકલી અને એતેમાદખાનની બહાર નિકળવાની ખબરને નાસી જવાના રૂપમાં ચર્ચાવી દીધી.

જે વેળા શત્રુઓ પોતપોતામાં અનિશ્ચિત હતા કે કયાં જવું ને શું કરવું, તે વેળાએ આ વધામણી પહોંચી તેથી તેઓ તુરતજ જેમ બને તેમ ઉતાવળે ગુજરાત તરફ વધ્યા અને શહેર પહોંચતાં પહોંચતાં તો તેમની ફોજ પલવારમાં વધી ગઇ. જ્યારે તેઓ અહમદાબાદ આવ્યા અને **મુજાહિદખાન**ના તાબાના **રાયખડ** દરવાજે સંગ્રામ મચાવી ઘણી ઝડપથી શહેરમાં દાખલ થયા તે વખતે શહેરનો કોટવાલ **પહેલવાન અલી** ઠાર મરાયો અને હુલ્લડ જાગી ઉઠયું. તેમાંથી એતેમાદખાનનો દીકરો **શેરખાં, મીર માસુમ ભકરી** તથા **ઝેનુદ્દી કંબોહ** તે બંડમાંથી મહા મહેનતે બહાર નિકળવા પામ્યા. **નહનુ** એટલે **સુલતાન મુઝફ્ફર** પણ એવો દિવસ

ખુદાથી માગતો હતો. જ્યારે તે ગાદી ઉપર બેઠો તે વખતે એક પલકવારમાં આવું ભરપુર શહેર, કે જે સોનું, ઝવેરાત, દરદાગીના તથા પોશાકમાં ભરપૂર હતું તે સઘળું લુંટાઈ ગયું.

હવે એતેમાદખાન કડી ગયો હતો ત્યાં તેણે ઘણી આજીજીથી દશાવો કરીને શહાબુદ્દીન એહમદખાનને પાછો ફેરવ્યો. મજકુર ખાનને કેટલાક તેના નોકરો ઉપર ભરૂસો નોહોતો તેથી તેમને પોતાની હજુરમાં બોલાવ્યા અને ધર્મપુસ્તક ( કુરાન ) ઉપર સમ ખવરાવ્યા. એ ટોળીનો ઉપરી સમક નામનો લુણહરામ હતો તેણે સૌ પહેલાં સોગન લીધા અને શત્રુઓને જઇ મળનાર માણસોમાં પણ સૌથી પહેલો તેજ હતો.

હવે એ લોકો એહમદાબાદથી આઠ ગાઉના અંતરે આવી પહોંચ્યા શેરખાન, મીર માસુમ અલી ભકરી તથા ઝૈનુદ્દીન કંબોહ વિગેરે જે લોકો શહેરથી આવતા હતા તે તેઓને મળ્યા અને એહમદાબાદના માઠા સમાચાર તેઓએ કહી સંભળાવ્યા. શહાબુદ્દીન એહમદખાંએ જ્યારે આ શોકભરેલી વાત સાંભળી કે તેજ વેળાએ વિચાર સાગરમાં ડબકાં ખાવા લાગ્યો અને બીજા સરદારોથી અભિપ્રાય માગ્યો. દરેક જણે પોતાની યોગ્યતા પ્રમાણે વચન ઉચાર્યાં. છેવટે એ વાત ઉપર એકમત થયા કે, એકવાર તો એહમદાબાદ જવું; અને જો શત્રુઓ કોટ બહાર નિકળી આવી લડવાને હારબંધ થાય તો જે કર્મમાં હશે તે ફળ મળશે પરંતુ લડાઇ તો કરવીજ. તેમ છતાં જો કોટને મજબૂત કરી ભરાઇજ રહે તો તેમને ઘેરી લેશું. એટલા વખતસુધીમાં હજુરથી એતેમાદખાનની કુમકે આવનાર લોકો પણ પહોંચી જશે અને સરકારી અમલદારોના મત પ્રમાણે સઘળું કામ થશે.

આ કામમાં જે મોટી ભુલ થઇ, તે એ હતી કે લોકોના બાળબચ્ચાં-સહિત ખટલાને સંગાથે લઇ જવા નોહોતા; પરંતુ કોઇ જગ્યાને મજબૂત કરી ત્યાંથી મનને નિરાંત ઉપજાવીને આગળ પગલાં ભરવાનું કામ ઠીક હતું.

હવે જ્યારે વહાણાની વેળા હતી તે વખતે સરકારી અધિકારીઓ શહેરનો એક ભાગ કે જેનું નામ ઉસમાનપુર છે ત્યાં પહોંચ્યા, અને લશ્કરી લોકો તંબુ ઠોકવા અને મુકામ કરવામાં રોકાયા. ઉલટ ભાગના શત્રુઓની ફોજ આવી પહોંચવાની ખબર સાંભળી શસ્ત્ર ગોઠવણો અને સ્વારીના નિયમોની રચના કરી પૂર્ણ રીતે હથીઆરબંધ થઇ શહેરમાંથી

બહાર નિકળ્યા. જો આ માણસો સિધા શહેરમાં દાખલ થઇ જાત તો ધારવાપ્રમાણે શત્રુઓ ગભરાઇને માર્ગે પડી જાત.

**શહાપુર દરવાજા બહાર ઉસમાનપુર આગળ નદી ઉપરની લડાઇ.**

લખવા સાર કે, એટલા અવકાશના વખતમાં જ્યારે **શહાબુદ્દીન એહમદ-ખાનના** માણસો તંબુ ઠોકવા અને ઉતારો કરવાના કામમાં રોકાએલા હતા, પોતાના ઘરખટલાના બચાવો કરવા ગુંથાએલા હતા અને સરસામાનને ઠેકાણે મુકતા હતા તે વેળાએ શત્રુઓ બખ્તરો પહેરીને આવ્યા અને શહાબુદ્દીન એહમદખાનની સાથેના માણસોને તેઓના આવવાની ત્યારે ખબર થઇ, કે જ્યારે લગભગ બેહજાર સ્વારો શહેરમાંથી આવી નદીના કાંઠે હાર બાંધી ઉભા થઇ ગયા. **મુઝફ્ફર** પોતે જાતે જમણી તથા ડાબી બાજુની સન્યાનું ઉપરીપણું કરતો હતો. આ વખતે **લુણીઓ કાઠી** પણ ઉભો હતો. **મુહમ્મદ યુસુફ બદખશી, ખલીલબેગ, તેમુરહુસેન, વફાદારબેગ, મુગલબેગ** તથા બીજા હરામખોર લોકોએ પ્રથમ સન્યાના રૂપમાં પહેલાં ડગલાં ભર્યાં.

શહાબુદ્દીન એહમદ આ અણધાર્યો બનાવ જોઇ સ્વાર થઇ ફોજને ગોઠવવા તથા હારબંધ કરવા લાગ્યો. તે વખતે **એતેમાદખાને** એવો ડોળ ઘાલ્યો કે ઉસમાનપુરના ઘાટને મજબૂત કરૂંછું કે જેથી શત્રુઓ નદી પાર થઈ શકે નહીં. તે બાદ મીર અબુતુરાબ તથા કેટલાક ગુજરાતીઓ સાથે સ્વાર થઈ એક ખુણામાં સંતાઇ બેઠો અને કઇ વાટે નાસી જવાશે તે જોતો રહ્યો.

શહાબુદ્દીન એહમદખાને પોતાની સાથેના સાતસો આઠસો સ્વારોને લઇ શત્રુઓની સામા રણસંગ્રામની જગ્યા નિમી દીધી, અને હિમ્મત રાખી એ લશ્કરમાંથી માત્ર ચાલીસ જણને પોતાની સાથે સન્મુખ રાખ્યા. બાકીના સઘળાઓને નદી ઉતારી; શત્રુઓ કે જેમાં **સમક** લુણહરામી કુતરાની નસલનો તથા બીજા નિમકહરામો તેમના ઉપર મોકલ્યા. આ સન્યાના ઉપ-રીઓ શત્રુઓને મળી ગએલા હતા; પરંતુ બીજા સિપાહીઓ સારી પેઠે લડ્યા. તેમાં બેવાર શત્રુની ટુકડીને નસાડી મુકી. **મુગલબેગ** તથા **વફાદારબેગને** તીરના ઘા વાગ્યા, પરંતુ લુણહરામ **સમક** ફોજનો ઉપરી હતો તે લોકોને લડવા નોહોતો દેતો અને વારંવાર પોતાના માણસોને **મીર આબિદ** તથા બીજા હુલ્લડખોરો પાસે મોકલી લડવાને ઉસ્કેરતો હતો. શહાબુદ્દીન એહમદખાનના નોકર **બદરબેગ તુર્કમાને** નદીના પાણીના

કામમાં વખાણવાલાયક સેવાઓ બજાવી તેમાં તે માર્યો ગયો. આ વેળાએ લુણકરામી સમકવિગેરે પાંચસો સ્વારો કમાર્ગે ચાલી શત્રુને જઇ મળ્યા અને તેઓ સમકની ખાત્રી ઉપરથી બહાદુરીનાં પગલાં આગળ ભરી નદીપાર ઉતરી આવ્યા. આ અવસરે શહાબુદ્દીન એહમદખાંની પાસે ચાલીસ સ્વારોથી વધારે કંઇ લશ્કર નહોતું, તે છતાં પણ હિમ્મત રાખી પોતાના મિત્રોને, શત્રુઓને ટાળવાવાસ્તે તથા લડવાને હિમ્મત આપતો હતો. છેવટે તેના ઘોડાને તીરનો ઘા વાગ્યો, તેની આસપાસ સગાં વહાલાંમાંના થોડાક લોકો રહી ગયા અને શત્રુના ઘણા માણસોએ તેને ઘેરી લીધો. જેથી લાચારીએ તેના શુભેચ્છકો તેને દોરીને ઝપાઝપીમાંથી બહાર કાઢી લાવ્યા.

કાઠીઓએ કરેલી લુંટ.

આ વખતે **અબદુર રહેમાન મઝોલી** કે જે શહાબુદ્દીનના નોકરોમાંનો એક નોકર હતો અને હુલ્લડખોરોમાં ભળી ગયો હતો, તેણે આવીને પાછળથી ખાન ઉપર તલવારનો ઘા કર્યો, પરંતુ ભારે ઘા વાગેલો નહીં હોવાથી ખાન પોતાના જીવની સહિસલામતી સાથે નિકળી ગયો. હવે શહેર લુંટવાને આવેલા કાઠીઓ મુસલમાનોના તંબુઓ અને ઉતારામાં પેસી જઇ લુંટફાટ કરવા લાગ્યા અને બિચારી સ્ત્રીઓ તથા દીકરીઓને બેઆબરૂથી કેદ પકડી તેમનાથી બની શક્યું તેટલું દુઃખ તેમની ઉપર વર્તાવી દીધું. તે સિવાય રોકડ, ઘરેણાં, ઘોડા, હાથીઓ તથા ચરાક વિગેરે ઘણું લુટાઇ ગયું. આ હુલ્લડ પાર પડ્યાથી શત્રુઓને ઉત્તેજન મળ્યું, અને **મુઝફ્ફર**ને ધાર્યા કરતાં પણ વધારે મળ્યાથી તેમજ ભારે લુંટ હાથ આવ્યાથી ઘણો ખુશી થઈ શહેર અહમદાબાદ તરફ પાછો ફરી ભારે અભિમાનથી મનમાં પોતાને મોટો ગણી શહેરના કિલ્લા ( ભદ્ર ) માં આવ્યો, અને વડીલોની જગ્યા ઉપર બિરાજી ગુજરાતનું રાજ ચલાવવાને અર્થે અવિવેકપણાનો મુગટ માથે મુકયો.

તેજ દિવસે લુણકરામ સમક તથા બીજા કેટલાક શહાબુદ્દીન એહમદખાનના નોકરો તેની સેવામાં જઈ દાસ થયા, અને તે લઘુઅવકાશી (મુઝફ્ફર) હલકી બુદ્ધિવાળો લોકોની નીમણુકો, પદવીઓ અને જાગીરો વહેંચવા લાગ્યો. બીજે દિવસે જુમ્મામસજીદમાં કેટલાક લોકોને સાથે લઇ જઇ ખુતબામાં પોતાનું નામ પોકરાવ્યું. તેજ દિવસે ઉતાવળે કાસદોને **શેરખાન પોલાદી** કે જે જુનાગઢમાં ઘણી માઠી સ્થિતીમાં જીંદગી

ગુજારતો હતો તેને તેડવાને મોકલ્યા. તે એકદમ ચાલીસ ટટ્ટુઓ લઇ સેવામાં હાજર થયો; પરંતુ તેને **કુતબુદ્દીનખાન** કે જે **સુલતાનપુર** તથા **નઝરબારની** **હદમાં** હતો તેની મનમાં ધાસ્તી હતી અને તેથી તેનું મન ઠેકાણે રહેતું નહોતું. હવે **મીર આબેદને** શહેરના રક્ષણાર્થે મુકી પોતે તે તરફ ગયો અને શેરખાનને શહાબુદ્દીન એહમદખાનની પુંઠે **પાટણ** તરફ મોકલ્યો તથા ગુજરાતના ગપીઓ તેમજ તે દેશ વિગેરેના સિપાહીઓમાંથી જેટલા મળી શકયા તેટલા નોકર રાખી બે અઠવાડીયાંની અંદર ચઉદ પંદર હજાર સ્વારો ભેગા કરી દીધા.

હવે એજ અવસરમાં જે ફોજ એતેમાદખાનને મદદ કરવા હજુરમાંથી આવવાને ઠરેલી હતી કે જેમાં **ખાજા અબુલ કાસિમ દીવાન** તથા **મુહમ્મદ હુસેન શેખ** વિગેરે હતા તે ફોજ આશરે બેહજાર સ્વારોની **હતી**. તે ફોજ શહાબુદ્દીન એહમદખાંને **પાટણમાં** આવી મળી અને તેથી **સરકારી** અમલદારોએ પાટણના કિલ્લાને મજબુત **કરી**, આ બનેલા બનાવની હકીકતવિષે એક અરજી દરબારની હજુરમાં મોકલી. હવે **કુતબુદદીન મુહમ્મદખાન** આ બનાવના સમાચાર સાંભળી કુચ ઉપર કુચ **કરી** **વડોદરે** આવી પહોંચ્યો.

આ હુલ્લડની વેળાએ **સૈય્યદ દોલત** નામનો માણસ, કે જે **કલ્યાણરાવ** દક્ષિણીનો ચાકર હતો તે એક ટોળી ભેગી કરી **ખંભાત** ઉપર કબજે કરી બેઠો; તેના હાથમાં ઘણી રોકડ આવી, તેણે આશરે ચારહજાર સ્વારો એકઠા કરી મુઝફ્ફરને લખી જણાવ્યું. જેથી મુઝફ્ફરે તેને ઘોડા તથા પોશાક સાથે **રૂસ્તમખાનની** પદવી આપી અને લખ્યું કે જ્યારે બોલાવવામાં આવે ત્યારે આવવાને ચુકવું નહીં. શેરખાન પોલાદીનો ગુલામ કે જેનું નામ **ઓલીઆ** હતું તેણે **ઝોટાણા** કસબામાં બંડ ઉભું કર્યું. તેની પાડોશમાં **બેગમુહમ્મદ બુકયાઇ** હતો; તેણે શુરાપણાની લડાઇ કરી ઓલીઆને હરાવી દીધો. શેરખાંએ આ ખબર સાંભળી પોતાના જમાઇ **હુસેનને** ફોજની સાથે તેની ઉપર મોકલ્યો; સરકારી અધિકારીઓએ **મુહમ્મદ હુસેન** અને **ખાજા નિઝામુદ્દીન બક્ષીને** ખરા વફાદાર શુરાઓ સાથે તેની મદદે મોકલ્યા. શત્રુઓ સામા નહીં ટકી શકવાથી પાછા નાઠા. પરંતુ **મુહમ્મદ નઝરબેગ** ઉતાવળ કરી શત્રુ ઉપર જઇ ચડ્યો. **હવે**

ઝોટાણાની લડાઇ.

બેઉમાં ભારે લડાઇ થઇ અને હારેલા શત્રુઓ હાર ખાઇ રસ્તે પડ્યા. આ બનાવમાંથી એક એ પણ બનાવ છે કે શેરખાન પોલાદી પોતાની શણગારેલી ફોજથી લડાઇ કરવા આવ્યો. આ વખતે એતેમાદખાન શહાબુદ્દીન એહમદખાનની સાથે પાટણમાં રહેતો હતો. તેણે પોતાના દીકરા શેરખાનને બીજા પ્રાણ આપનાર નોકરોસહિત તે લોકોને કાઢી મુકવાને નિમ્યો. આ મોકલેલી ફોજે પાટણથી અઢાર ગાઉ ઉપર શત્રુને પકડી પાડી રણસંગ્રામ મચાવી દીધો. બેઉ તરફથી શૌર્યતા દેખાડવામાં આવી; તેમાં શેરખાન પોલાદીનો જમાઇ હુસેન કપાઇ ગયો અને શત્રુઓ હાર પામ્યા.

જે વખતે કુતબુદ્દીન મુહમ્મદખાનથી લડવાને મુઝફ્ફરે કુચ કરી અને સૈયદ દોલત ચારહજાર સ્વારોની ફોજ લઇ ખંભાતથી નડીઆદની હદમાં આવી મળ્યો તે વખતે કુતબુદ્દીન મુહમ્મદખાંએ આ સમાચાર સાંભળી મીરક મુહમ્મદ તથા મુહમ્મદ અફજલને એકહજાર સ્વારોથી નિમી દીધા, તે એવી રીતે કે જઇને ખાનપુર તથા બીકાનેરના ઘાટને પકડી રહે, કે જેથી કરી દુશ્મનનું લશ્કર નદી (મહી) પાર ઉતરી શકે નહીં. તે બન્નેએ આવી ધારાને રોકી દીધા, પરંતુ ગુપ્તરીતે મુઝફ્ફરથી તેઓ પત્રવહેવાર રાખતા હતા. જે દિવસ મુઝફ્ફર ખાનપુરના ઘાટ ઉપર પહોંચ્યો તે દિવસે જરા ઝપાઝપી કરી પાછો પોતે નાઠો. હવે કુતબુદ્દીન મુહમ્મદખાંએ પોતાની ખાસ સન્યાંના માણસોને વડોદરાના કોટ ઉપર ચઢાવી દીધા. બંડખોરોએ હિંમત રાખી ઘેરો નાખ્યો. આ ઘેરા વખતે આશરે કોલી રજપુતો મળી વીશહજારનું લશ્કર મુઝફ્ફર ( બંડખોર ) પાસે હતું. શત્રુની આવી ભારે સન્યા છતાં પણ કુતબુદ્દીન મુહમ્મદખાં વીશ દિવસ સુધી ઘેરો ટકાવી શક્યો. પરંતુ તેને પોતાના માણસોનો વિશ્વાસ નોહોતો તેથી પોતાની જાતે મનુષ્યશક્તિઉપરાંત પ્રયત્નો કરતો હતો; તે એટલે સુધી કે, બીજે દિવસે પોતાનાજ માણસો પૈકીના મીરક અને ચરકસખાં રૂમીએ પોતાના મોરચાઓમાંથી મુઝફ્ફરને સંદેશા મોકલ્યા કે, જ્યાંસુધી અમે અમારા મોરચાઓમાં છીએ ત્યાંસુધી આ લોકો અમારી ઉપર નજર રાખી મોરચાઓની સંભાળ કરેછે, પરંતુ હવે તમે સુલેહના બહાને ઝૈનુદ્દીન કંબોહને ( કે જે શહબાઝખાન કંબોહનો સગો હતો, જેને એતેમાદખાનની સાથે અને એતેમાદખાને કુતબુદ્દીન મુહમ્મદખાનની પાસે મોકલ્યો હતો તેને ઘણી તાકીદે શહબુદ્દીનખાન એહમદની હાર પછી કુતબુદ્દીનખાનને વહેલાસર લઇ

આવવા માટે મોકલ્યો હતો.) અને **સૈઈદ જલાલ ભકરી, ખાજા યહયા વકીલ, નવરંગખાન** તથા **મને** રૂબરૂમાં બોલાવી, મને તથા યહયાને કેદ કરવા અને ઝૈનુદ્દીન કંબોહ તથા સૈઇદ જલાલને મારી નાખવા. પછી બીજે દિવસે કિલ્લાને વળગી પડવું; જેથી તે વખતે કુતબુદીન મુહમ્મદખાનના લશ્કરમાંથી કોઇપણ હિમ્મતવાન થશે નહીં. આ વખતે મોરચાના રક્ષણમાં પણ કુસંપ ફેલાઇ ગયો હતો. મુઝફ્ફરે આ ફુટેલ માણસોના દરશાવ્યાપ્રમાણે કર્યું. કુતબુદીનખાંએ પાંચ માણસોને આડતીઆ કરી મોકલ્યા; તે લોકોને આવતાં વેતજ કેદ કરી લીધા. વહાણુમાં **ઝૈનુદ્દીનખાનને** હાથીના પગે બાંધ્યો તથા સૈઇદ જલાલને સૈઇદ અહમદ **બુખારી**એ ભલામણ કરી છોડાવ્યો અને પોતાને ઉતારે લઇ ગયો.

**મુઝફ્ફર** સ્વાર થયો અને હુકમ કર્યો કે કિલ્લાની ચારે તરફ વળગી પડો. આટલું કહીને જે તોપો પોતે અહમદાબાદથી લાવ્યો હતો તે તોપો કિલ્લાઉપર રચી દીધી. **કુતબુદ્દીનખાંએ** જ્યારે પોતાના લશ્કરની આવી માઠી હાલત જોઇ ત્યારે ગભરાઇ જવાથી પોતે કિલ્લામાં કિલ્લેબંધ થયો. બીજે દિવસે મુઝફ્ફરે ધર્મપુસ્તક (કુરાન) ના સોગન લઇ, ખાનના જીવને કંઇપણ જોખમ થશે નહીં એવો કોલ મોકલી બોલાવ્યો. જ્યારે કુતબુદ્દીનખાંએ આવી મુઝફ્ફરની ભેટ લીધી તેજ વખતે કેટલાક માણસોના ઉસ્કેર્યાથી કુતબુદ્દીનખાન તથા તેના ભાણેજ જલાલુદ્દીન મુહમ્મદને સાથે કેદ કરી. તે પછી કેટલીક ઘડી વિતે બેઉને કાપી નાખ્યા. એ દિવસ **વડોદરા**માં મુકામ કરી ત્યાંથી નિકળી **ભરૂચ**ની હદમાં પહોંચી ગયો. **નવરંગખાં**ની માતુશ્રી કેટલાક ગુલામો સહિત ભરૂચના કિલ્લામાં હતી. ત્રીજે દિવસે ગુલામો લુણહરામ થઇ બહાર નિકળી આવ્યા અને મુઝફ્ફરથી મળી કિલ્લાની કુંચીઓ તેને સ્વાધીન કરી દીધી. કુતબુદ્દીનખાનની સઘળી રોકડ મુઝફ્ફરના હાથમાં આવી, ત્યાં પંદર દિવસ મુકામ કર્યો. એ અરસામાં ખબર પહોંચી કે **બેહરામખાનનો મોટો સપુત્ર મિરઝાખાન** બાદશાહી આજ્ઞાપ્રમાણે કુચ ઉપર કુચ કરી **અહમદાબાદ** તરફ આવે છે, જેથી મુઝફ્ફર પણ ઘણીજ ઉતાવળે પાછો ફરી અહમદાબાદ આવ્યો.

# પાંચમો સુબો મીરઝાખાન.

## ( બેહરામખાનનો પુત્ર ) ની બીજીવારની નીમણુંક.

જે વખતે સરકાર સ્વારી પુર્વદિશા ભણી રોકાએલી હતી તે વખતે ગુજરાતના હુલ્લડની ખબર બાદશાહના શ્રવણે પહોંચી, જેથી બેહરામખાનના પુત્ર મીરઝાખાનને સને ૯૯૧ હિજરીના આખરમાં ગુજરાતનો સત્તાધિશ તથા હાકેમ બનાવ્યો. આ મીરઝાખાન નાનપણથી બાદશાહની કૃપા તળે ઉછેરાયો હતો અને સૈઈદ કાસિમ બારા, સૈઈદ હાસિમ બારા, શેરવીઆખાન, રાયદુરગા મેદનીરાય, દુરવેશખાન, મુહમ્મદ રફી, શેખ કબીય શુજાનખાન અને નસીબખાન તુરકમાન વિગેરે કેટલાક બહાદુર લોકો તથા ધર્મયુદ્ધ કરનારાઓને મીરઝાખાનની સાથે મોકલવાનો ઠરાવ કર્યો કે ગુજરાત પહોંચી જાઓ અને કલીચખાન તથા નવરંગખાનને હુકમ કર્યો કે માળવાના માર્ગે જઈ ત્યાંના અમીરોને જઈ મળવું.

મુઝફ્ફરનો રણુસંગ્રામમાં પરાજય, અહમદાબાદ ઉપર સરકારી અધિકારીઓનો કબજો, મોસુફખાનને પાંચહજારીની નીમણુંક તથા ખાનખાનાની મોટી પદવી મળવી, જંગામમાં ફતેબાગનો પાયો નાખવો, અને ખાજા અબુલ કાસિમની બીજીવારની દીવાની.

જ્યારે મુઝફ્ફર, મીરઝાખાનની સ્વારીની ખબર સાંભળી અહમદાબાદ પાછો ફરીને આવ્યો ત્યારે તેની ઘણીખરી માલમિલકત આડી અવળી થઇ ગઇ હતી; જેથી લાચાર થઇ તેણે કેટલોક કાળ અહમદાબાદમાં ગાળ્યો અને શહાબુદ્દીન વિગેરે અમીરો, જેઓ પાટણમાં હતા તેઓએ મીરઝાખાન ફોજ લઇને આવે છે એવી ખબર સાંભળી જેથી ખાજા ઈમાદુદ્દીન હુસેનના દીકરા ખાજગી તાહિરને સામો લેવાનેવાસ્તે આગળ મોકલ્યો અને જે બન્યું હતું તે સઘળું કહી સંભળાવ્યું. મીરઝાખાને ભારે બુદ્ધિ વાપરી કુતબુદ્દીનના બનાવવિષેની બીના કોઇપણ માણસનેજાણ કરી નહીં. હવે જ્યારે લશ્કરના ઉપરીઓને ભેગા કરી પોતે અભિપ્રાય માગ્યો ત્યારે દરેકે પોતપોતાની હિમ્મત પ્રમાણે મત આપ્યો. છેવટે એવો અભિપ્રાય સર્વાનુમતે પસંદ થયો કે, સરકારના પૂન્યપ્રતાપે દ્રઢ બની હિમ્મત રાખી લડાઇ કરવી, અને તેવીજ રીતે સન્યાની ગોઠવણ કરી હિમ્મતથી આગળ

વધ્યા; તેમ મુઝફ્ફર પણ ભારે લશ્કરથી તોપોસહિત ફોજ લઈ **ઉસમાનપુર** નજીક સાબરમતીની પેલી પાર **મેહમુદનગર** આગળ તારીખ ૯ માહે મોહરમ સને ૯૯૨ હિજરીના રોજ યુદ્ધની વાટ જોઈને બેઠો.

મીરઝાખાને શુદ્ધ બુદ્ધિપુર્વક પોતાનાં લશ્કરને આજ્ઞા કરી કે મુકરર કરેલી તારીખે હું પોતે જાતે શત્રુથી ભેટવાને નિકળીશ, માટે કોઇએ કોઇપણ કાળે યુદ્ધ કરવાને ઉતાવળા થવું નહીં. આવાં ધીરજ અને હિમ્મત આપનારાં સુવચનો સાંભળી તેના માણસોને વધારે હિમ્મત આવી. આવી હિમ્મત જોઇ શત્રુના બહાદુર શૂરાઓ પણ ડરવા લાગ્યા. હવે બાદશાહ તરફથી અધિકારીઓ નિમવામાં આવેલા હતા, કે જેઓ માળવાના લશ્કરને કુમક પહોંચાડે. મીરઝાખાને કેટલોક વખત ઢીલ કરવામાં કાઢયો અને પછી **સરખેજ** તરફ જવાનું કર્યું. એક બાજુએ મજકુર ગામની વસ્તી અને બીજી બાજુએ બંધનો એક કકડો તૈયાર કરી તેમાં આવી ઉતર્યો. પહેલાં જે ટોળી રાત મારવાને આવેલી તે સ્વાર્થ સર્યાવિના પાછી ફરી ચાલી ગઈ. હવે સરકારી ફોજ તથા માલવાના લશ્કરના આવવાનો બુમાટો ઉડેલો હતો. જેથી મુઝફ્ફરે આ વિલંબનો લાભ લેવા માટે મેહમુદનગરથી પડાવ ઉઠાવી નદી ઉતરી **શાહભીખન**ની[1] કબર નજીક યુદ્ધ કરવાને આગળ પડયો. હવે બાદશાહી શૂરાઓ લાચાર થઇ સન્યા શણગારી આગળ વધ્યા. આ વેળાએ એક એ બનાવ બન્યો કે ફોજની આ હીલચાલમાં પ્રથમ કરેલી ગોઠવણો તુટી ગઇ. સરકારી લશ્કરના શૂરાઓએ એકસંપ થઇ જવાંમરદીની ઘટતી બહાદુરી કરી. હવે રચના રહી નહોતી તેથી દરેક જણુ એક એક બાજુ રોકાઇ શત્રુઓથી લડવા લાગ્યો, અને ઘણી ભારે લડાઇ થઇ.

મીરઝાખાન, ત્રણસો સ્વારો તથા સો હાથી સાથે લઈ હિમ્મતથી પગલાં ભરવા લાગ્યો અને બાદશાહી ભાગ્યનું શું પરિણામ આવે છે તે ઉપર ધ્યાન રાખતો હતો. મુઝફ્ફર પાંચ છ હજાર સ્વારોથી અભિમાનરૂપ રણસંગ્રામમાં પોતાને મોટો ગણી ઉભો હતો. જ્યારે શત્રુની ફોજમાં જય તથા સફળતાનાં ચિન્હો જણાવા લાગ્યાં ત્યારે કેટલાક હિતકારીઓએ એવો મનસુબો કર્યો કે મીરઝાખાનની સંગતવાળાઓને રોકી રાખી તેમની સાથે ગુંથાઈ જવું. એ વાત બનશે એવું જાણી બાદશાહના ભાગ્ય ઉપર

---

૧ જમાલપુર બહાર કાજીના બાગ આગળ શાવાડી ગામની પાસે.

આધાર રાખી હિમ્મતરૂપી ઘોડાની લગામ ઝાલી લીધી. મસ્ત હાથીઓ જે ફોજની આગળ હતા તેઓ છુટા થઇ ગયા અને વંટોળીઆની પેઠે રણ-સંગ્રામમાં દોડી શત્રુઓનો સંહાર કરવા લાગ્યા. **મુઝફ્ફર** લાચાર થઇ હાર ખાઇ નાસી ગયો, કેટલાક સાથીઓ **મામુરાબાદ**ની વાટે મહીનદી તરફ નાસી ગયા; દરેક ટોળી જેમ ફાવ્યું તેમ માર્ગે પડી ગઇ અને કેટલાક તો તલવારના ભોગ થઇ ધુળધાણી થઇ ગયા. હવે દિવસ આથમવા આવ્યો હતો તેથી નાસેલાઓની પુંઠે જવાનું થયું નહીં. આ બનાવ તારીખ ૧૩ મોહરમ સને મજકુર ગુરૂવારને દિવસે બન્યો. આ સમયમાં **કલીજખાન, શરીફ્ખાન** તથા **નવરંગખાન** અને બીજી ફોજ વિગેરે માળવાના લશ્કરની સાથે **વડોદરા**માં આવ્યા. હવે તે મુકામે તે લોકોને જય પામવાની ખબર મળી હતી તેથી વડોદરામાં મુકામ કર્યો.

નવરંગખાન તથા શરીફખાનનો દીકરો મીરઝા ઝાહિદ દોડતી સ્વારીએ **ભરૂચ** ગયા; તે એવા હેતુથી કે ત્યાં જઇ કિલ્લો હસ્ત કરવો. **હાજી સમક, ચરકસ** અને **નસીર** કે જેમના તાબામાં કિલ્લો તથા રોકડ નાણું હતું, તેઓ દરવાજા બંધ કરી લડવા લાગ્યા; તેમાં મુઝફ્ફર નાસીને **ખંભાત** ગયો અને ત્યાંના રહેવાસીઓ પાસેથી નાણાં વસુલ કરી, લાંચ આપી આશરે દશ બારહજાર માણસો ( લુચ્ચા લફંગાઓ ) ને ભેગા કર્યા. અને પ્રજા પણ તેને વારસ (રાજકુમાર) જાણી પ્રજાધર્મથી તેની સાથે બંધાઇ.

જ્યારે આ ખબર અહમદાબાદમાં મિરઝાખાનને પહોંચી ત્યારે તેણે ઘાયલ થએલા સૈઇદ **હાસિમ**ને કેટલાક લશ્કરીઓ સાથે શહેર અહમદાબાદના રક્ષણને વાસ્તે મોકલી હુલ્લડખોરોના બંડનો નાશ કરવાની હિમ્મત કરી, માળવાના લશ્કરના સરદારો કે જેમણે વડોદરેથી ભરૂચ ઉપર ઘેરો ઘાલ્યો હતો તેઓને લખ્યું કે તમારે અત્રે આવવું, કેમકે શત્રુએ ફરીથી ખંભાતમાં લશ્કર ભેગું કર્યું છે. ત્યારબાદ સફરમાસની ૧૦ મી તારીખે તે મુઝફ્ફર ઉપર ચઢી ગયો. શત્રુએ પણ સૈઇદ **દોલત**ને કેટલીક ફોજ સાથે **ધોળકે** મોકલ્યો અને ઇખ્તીઆરૂલમુલ્કના દીકરાઓને તથા મુસ્તફાખાન સરવાનીને **મામુરાબાદ** તરફ રવાને કર્યા. જ્યારે મીરઝાખાન **બારેજે** પહોંચ્યો ત્યારે માળવાના સન્યાધિકારીઓ તેને આવી મળ્યા. માળવાના લશ્કરની આવી મળવાની ખબર સાંભળી મુઝફ્ફર ખંભાતથી નિકળી **વડોદરા** તરફ વાટે પડ્યો. મિરઝાખાન પણ તેની પાછળ વડોદરે ગયો;

**ત્યાંથી નવરંગખાંને** જુદો કરી સૈઇદ દોલતની ઉપર મોકલ્યો. હવે **શત્રુઓ** પાસે આવીને લડવા લાગ્યા. તેમાં છેવટે બાદશાહી ઝંડાનો જય થયો અને અકર્મી શત્રુઓ પગ ઉઠાવીને નાસી ગયા. **તોકલખાન** પણ **ફતેહ** કરી આ લશ્કરને આવી મળ્યો.

મુઝફ્ફર **નર્મદા** નદી ઉતરી અહમદાબાદથી સાઠ ગાઉને અંતરે આવેલા **ઝાંબા પહાડો**માં જઇ સંતાયો. સરકારી અમીરોએ **નાંદોદ** કસ્બામાં રણસંગ્રામ રચી તેને પકડવાનું કામ ચાલુ કરી, ત્યાંથી ફોજો ગોઠવી દ્રઢ નિશ્ચય કરી રાજ્યશત્રુને ટાળવા યત્ન કરવા લાગ્યા; પરંતુ એવા વખતમાં તે કર્મહીણ માણસો ઝંખવાણા પડી ગયા અને તેમનું લશ્કર વિખરાઇ ગયું. તેમાંથી ઘણાખરા લોકો મીરઝાખાનને આવી મળી ગયા અને થોડાક દક્ષિણ તરફ જતા રહ્યા. એવી રીતે તેનો પડાવ લુંટાઇ ગયો. આ લડાઇમાં આશરે બેહજાર માણસો વેરીની તલવારના ઘાથી ઘાસની પેઠે કપાઇ ગયા અને પાંચસો માણસો કાળના પંજામાં કેદી પકડાઇને સપડાઈ ગયા.

જ્યારે આ વધામણી બાદશાહના શ્રવણે પહોંચી ત્યારે મીરઝાખાનને [1]**ખાનખાના**ની પદવી અને પાંચહજારીની સત્તા મળી તે સિવાય બીજા લોકો પણ પોતપોતાની યોગ્યતા પ્રમાણે સેવાના બદલામાં માન પામ્યા. જ્યારે ખાનખાના નાંદોદથી અહમદાબાદ આવ્યો ત્યારે દેશની આબાદી અને તાબાના લોકોને લાભ કરવા તરફ પોતાનું લક્ષ આપવા લાગ્યો. તેમજ જે ઠેકાણે મુઝફ્ફર ઉપર જય મેળવ્યો હતો ત્યાં **સાબરમતી** નદીના કાંઠા ઉપર એટલે **ખટ્ટપુર સરખેજ** આગળ, કે જે શહેરથી ત્રણ ગાઉ થાયછે ત્યાં એક બગીચો બનાવ્યો અને તેનું નામ **ફતેબાગ** રાખ્યું; કે જેમાં હમણાંસુધી તેની ઇમારતોનો કેટલોક ભાગ તથા તેની ફરતી દીવાલોનાં ખંડેરો જોવામાં આવેછે, પણ તે પડતર રહેવાથી ત્યાં ખેતી થાયછે અને તેની આમદાની ગામની આવકથી જુદીજ રાખવામાં આવેછે.

ટુંકામાં મુઝફ્ફર **રાજપીપલા**ની સાંકડી ખીણમાંથી નિકળી ઘણી માઠી અવસ્થામાં **પાટણ** તરફ રવાને થયો અને તેવી રીતે **મીર આબેદ, મીરક યુસેફ, મીરક અફઝલ, અબદુલ્લા** તથા **મીર હુસેન** એ લોકો **મહુધા** પાસે બંડ ઉઠાવવા લાગ્યા. ખાનખાનાએ **શાહમાનબેગ**

---

૧ ખાનોનો ખાન.

તથા **મકસુદ આકા**ના તાબામાં ફોજ આપી મુઝફ્ફર ઉપર તેમને મોકલ્યા. તેમાં મુઝફ્ફર તેમની સામે નહિ ટકી શકવાથી ઇડર ભણી નાઠો અને ત્યાંથી **કાઠીઆવાડ** જઇ પાછો **કડી** આવ્યો; અને ત્યાંથી **લુણીઆ કાઠી**ની પાસે ગયો. હવે બીજી ફોજના હુલ્લડખોરો કે જેમનાં નામો ઉપર લખવામાં આવ્યાં છે તેમનો સંહાર કરવા **નિઝામુદ્દીન એહમદ** તથા **મીર અબુલ મુઝફ્ફર** અમીરોને નિમ્યા. જ્યારે સન્યા **ધોળકે** પહોંચી ત્યારે શત્રુઓ ઘણા ઉભરામાં આવી ગયા, પણ દરેક જણ માઠા હાલહવાલથી ઠેકાણે પડી ગયા. **શેરખાન પોલાદી બકલાના** ગરાસીઆના આશરામાં જતો રહ્યો. હવે **નવરંગખાન, તોકલખાન** તથા **શરીફખાન** જેમને માળવાના લશ્કર સાથે ભરૂચનો કિલ્લો લેવાને નિમેલા હતા તેઓ ઘેરો ઘાલી રહેલા હતા અને કોઇપણ રીતે કાર્ય સિદ્ધ નહોતું થતું. **નસીરખાન** કે જે કિલ્લાની અંદર હતો તેને એવી શંકા ઉત્પન્ન થઇ કે રખેને હાજી સમક બાદશાહી લોકોથી મળી જાય, તેથી દગો કરીને તેને મારી નાખ્યો. ખાનખાના તથા શહાબુદ્દીન એહમદે નવા આવેલા લોકોની ફોજના માણસોની મદદ તે તરફ મોકલી દીધી અને **ભરૂચ**ની સરકાર તેની જાગીરમાં ઠરાવી આપી. કિલ્લામાંથી એક બંદુકચીએ આવીને શહાબુદ્દીન એહમદખાનને કહ્યું કે કિલ્લાના લોકો ઘેરાથી કંટાળી ગયા છે અને તેમનો જીવ ઉચક થઇ ગયો છે, માટે જો સરકારી બહાદુરો હિમ્મત કરી દરવાજાઓ ઉપર આવી જાય તો મારા ભાઇઓ તથા મિત્રો તરત દરવાજા ઉઘાડા કરી દે, અને કાર્ય પણ ઘણી સહેલાઇથી સિદ્ધ થાય. હવે એનાં એ વચન ખરાં હોય એમ લાગ્યાથી તરતજ એક ટોળી દરવાજા ઉપર ચઢી ગઇ અને તેજ પ્રમાણે કિલ્લાની ફતેહ સહેલાઇથી થઇ ગઈ. નસીરખાન તથા ચરકસખાંન લાખો વળખાં મારી ત્યાંથી નાસવા પામ્યા. **ચરકસખાન**નો ઘોડો નર્મદાના કાદવમાં ફસાઇ ગયો અને ચોંટી ગયો, તેથી બાદશાહી લોકોના હાથે ચઢી જવાથી તેનો નાશ કરી દીધો.

હિ૦ સન ૯૯૧ મજકુરના છેવટ ભાગમાં સુલતાન **મુઝફ્ફર** પાયમાલ સ્થિતીમાં **જુનાગઢ** ભણી ગયો. સરકારી અધિકારીઓ યુદ્ધ કાર્યથી પરવારી અહમદાબાદ તરફ પાછા ફર્યા અને ઘણાખરા કુમકે આવેલા અમીરો પોતાની તેહવીલ તરફ આવ્યા. દૈવયોગે આ વર્ષમાં હુલ્લડખોરોનાં તોફાન અને લોકોનાં મન ઉચાટને લીધે સરદાર લોકોની જાગીરોની વસુલાત થોડી

થઇ હતી અને તેથી કરીને સિપાહી લોકોની હાલત ખરાબ થઈ હતી. બંડખોર મુઝફ્ફર એની વાટ જોઇને બેઠો હતો. તેણે બીજી વખતે લુચ્ચા લોકોને ભેગા કર્યા અને નવેસરથી તોફાન તથા હુલ્લડની ઝંડી ઉંચી કરી દીધી. ખાનખાના એ ખબર મળેથી કલીજખાન[૧]ને અહમદાબાદનું રક્ષણ સોંપી અને સૈઇદ કાસિમને બારાના સઇદો સાથે પાટણમાં મુકી દેશમાં જયાં જરૂર હતી ત્યાં થાણાં મુકયાં અને પોતે નવરંગખાન, ખાજા અબુલ કાસિમ તથા નિઝામુદદીન એહમદને સાથે લઇ બહાદૂર લોકોની એક ફોજસહિત તે બંડખોરને પકડવાને વાસ્તે હિમ્મત ધરીને નિકળ્યો.

હવે મુઝફ્ફરે મારવીએ આવીને રાધનપુરને લુંટી લીધું અને જ્યાંથી જે મળતું તે જોર જુલમથી લેતો, અને ગરાસીઆ જમીનદારો તરફની મદદની વાટ જોતો હતો. જ્યારે બાદશાહી ફોજ નજીક આવી ત્યારે ગભરાઇને કાઠીઆવાડ તરફ નાઠો. ખાનખાના લસ્કરને મુકી દઇ ઘણીજ ઉતાવળે તેની પુંઠે ગયો. હવે મુઝફ્ફર તે દેશમાં પણ લોકો ભેગા કરી શકયો નહીં તેથી બરદાના ડુંગરોમાં સંતાઈ ગયો. જમીનદારોએ પોતાના વકીલો મોકલી શરણે થવાની દરખાસ્તો કરી. એ લોકો પહેલાં મુઝફ્ફરને જે વચન આપી બંધાઇ ગયા હતા તે વચનથી બચવામાટે માત્ર શરણે આવવાનોજ ઉપાય હોવાથી નમ્રતાપૂર્વક લાચારી દેખાડી તાબે થયા.

જુનાગઢના હાકેમ અમીરખાન ગોરીએ કરાર કર્યો કે હું મારા દીકરાને સેવામાં મોકલું છું, તેથી તેણે મીર અબુતુરાબને મોકલાવી તેને તેડાવી લીધો. જામરાજાએ સરકારી હિત દાખલ દર્શાવ્યું કે મુઝફ્ફર ફલાણે ઠેકાણે છે. જો સારા ઘોડાઓ ઉતાવળે ત્યાં જઈ પહોંચે તો તે હાથમાં આવી જાય એમાં કંઇ સંદેહ નથી.

ખાનખાના પોતે ઉતાવળથી તે તરફ દોડી ગયો, પરંતુ તે ડુંગરોમાં પેસી ગયો હતો તેથી તેનો કાંઈપણ પત્તો જણાયો નહીં. તે પછી ખાનખાનાએ ફોજના ચાર ભાગ કર્યા. ૧ એકનો સરદાર નવરંગખાન ૨ બીજીનો ઉપરી ખાજા નિઝામુદદીન એહમદ બક્ષી અને ૩ ત્રીજીનો આધકારી દોલતખાન લોદી. એવી રીતે દરેક ફોજે સુબાના તે ભાગની દરેક બાજુથી આવી તેને લુંટી લેવો. હવે એવું પણ કહેવાતું હતું કે

૧ નિઝામ હેદરાબાદના મૂળ પુરૂષ આસેફજાહનો દાદો.

મુઝફ્ફર પોતાના દીકરાને જામની પાસે મુકી પોતે અહમદાબાદ ભણી ગયો છે. ખાનખાનાએ અભિન્નભિન્ન વચનોથી પોતાની ધારણાને બીજી ધાલમેલમાં ન નાખતાં સૌથી પહેલાં જામના તરફ જવાનો નિશ્ચય કર્યો, અને હિમ્મત રાખી ત્યાં જઇ ઘણા રજપુતોને તલવારનો ભોગ બનાવી દીધા. ત્યાંથી લુંટની ઘણી માલમિલકત સરકારી નોકરોના હાથમાં આવી. જ્યારે જામની ગાદીની જગ્યા **નવાનગર** તરફ ચાર ગાઉના અંતર ઉપર આવી પહોંચ્યો ત્યારે જામે આધિનતા, નમ્રતાઇ તથા લાચારી જણાવી **રાયદુરગા** **તથા કલ્યાણરાયને** મધ્યસ્થ નિમી દીધા અને પોતાના કુંવરને શેરઝદ નામના હાથીની સાથે અને બીજી ભેટો લઇને સેવામાં રવાને કર્યો.

હવે ખાનખાનાએ કાળને અનુસરી તે વાત કબુલ રાખી, ત્યાંથી ફરીને મુઝફ્ફર અહમદાબાદ ગયો છે તે ઉપરથી તે તરફ રવાને થયો. જ્યારે મુઝફ્ફર **પ્રાંતી**ના થાણા નજીક પહોંચ્યો ત્યારે પ્રાંતીના થાણાની ફોજના માણસો એક ઠેકાણે ભેગા મળી તેને ટાળવાની ગોઠવણ કરતા હતા અને બહાદુરી દેખાડતા હતા કે જેઓ શત્રુમાંના ઘણાખરાઓને કાપી નાખતા હતા. **ખાજાએઝદી**એ પોતાના વફાદાર માણસોની સાથે શત્રુઓ ઉપર તુટી પડી શત્રુના પગ ઉડાવી દીધા, તેમાંથી મુઝફ્ફર હાર પામીને નાશવા લાગ્યો. જોકે આ લડાઇમાં સરકારી સિપાહીઓને ઘણા ઘા લાગ્યા હતા પરંતુ શત્રુના સારા સારા ઘણા માણસો કપાઇને ધુળધાણી થઈ ગયા. રસ્તામાં આ જયની વધામણી ખાનખાનાને મળી તેથી તેણે આ ઉપકારનો ખુદાનો પાડ માન્યો.

હવે ખાનખાનાએ સને ૯૯૨ માં શહાબુદ્દીન એહમદખાન કે જે ભરૂચના જીલ્લામાં હતો તેને **માળવા**ની સુબેદારી ઉપર મોકલ્યો અને પોતે તે તરફ રવાને થઇ એજ વર્ષમાં ગુજરાતના બંદોબસ્તથી પરવારી સરકારની સેવામાં સલામ માટે ગયો. બાદશાહે તેને ઘણું માન આપ્યું અને થોડાજ દિવસમાં આબાદ દિલ્લીની રાજધાનીથી પાછો ફરી ગુજરાતના અધિકાર ઉપર પાછો આવ્યો.

સને ૯૯૪ માં **મોટોખાન મિરઝા અઝીઝ કોકલતાશ** ફરઝંદી બાદશાહી કુટુંબીના માનને પામ્યો અને દક્ષિણની મુલકગીરી ઉપર ગયો હતો. લશ્કરના સરદારની ખટપટના લીધે ફોજને મુકી એકલો અહમદાબાદ આવ્યો હતો કે જેથી કરીને ખાનખાનાની હું મદદ કરૂં ખાનખાના તેને લેવાને ગયો. તેનું આવવું મુબારક છે એવું દર્શાવી કુમકની

**તૈયારી** કરતો હતો; પરંતુ અહીં પણ ખટપટી લોકોનાં વચનથી મન ઉચાટ **થઇ** જવાનાં કારણથી આ કાર્ય ઉપરથી હાથ ઉઠાવી લીધો અને કંઇપણ **કામ** બન્યું નહીં ને જેવો આવેલો હતો તેવોજ **માળવે** ગયો.

સન ૯૯૫ માં **સુલતાન મુરાદ શાહજાદા**ના લગ્નના અવસર ઉપર **શ્રી**હજુરના આમંત્રણથી ખાનખાના દરબારમાં ગયો. **કલીચખાન** તેની ગેરહાજરીમાં અહમદાબાદની સુબેદારીનું કામ કરતો હતો.

ખાનખાનાના માબાપે મુકેલું નામ **અબદુરરહીમ** હતું તેના બાપ **બેરામખાનના** કપાયા પછી ચાર વર્ષની ઉમ્મરમાં બાદશાહના બોલાવવાથી **હજુરમાં** આવેલો. આ વર્ણન પહેલાં લખવામાં આવ્યું છે અને **હજુર** બાદશાહની છાયા તથા નજરની દેખરેખ તળે કેળવાયો હતો. પહેલાં મિરઝાખાનની બાદશાહી પદવીને પામ્યો અને સન ૯૮૩ માં ગુજરાતની સુબેદારીની પદવીએ ચઢાવવામાં આવ્યો હતો, તેને થોડા દિવસોમાંજ હજુરમાં બોલાવી લેવામાં આવ્યો. વઝીરખાન તેના નાઇબ દાખલ કામ કરતો હતો તે બીજી વખતે સુબો થઇને આવ્યો, ત્યારે મુઝફ્ફરને હરાવ્યાથી તેના બાપની ઉંચી પદવીના (ખાનખાના)ના પદને પામ્યો. આ એક નિપૂણ પુરૂષ હતો, તેની સોબતમાં પ્રવીણ માણસો રહેતા અને હમેશાં છટાદાર વક્તાઓ તેની સેવામાં રહેતા હતા. સન્યાની રચનાઓના કામમાં અને શત્રુને સંહારવાની વિદ્યામાં એક પ્રસિદ્ધ વિદ્વાન ગણાતો હતો. એને યુદ્ધ વિદ્યાની રચનાઓનો પિતા કહી શકીએ. ઉદારતા તથા પરોપકારમાં હાતમતાઇથી ઘણો વધેલો હતો, લોકોમાં તેના અચંબા પમાડનાર ગુણોના વર્ણન અને વારતાઓ જો લખવામાં આવે તો એક જુદુંજ દફતર થઇ જાય. જો કદી કવિત રચના ઉપર તેનું મન આવી જાય તો રસથી રેલછેલ અને કવિત કે જે જાદુઈ વર્ણન કહેવાય તેથી ઓહોનીશના પાનાઓને શોભાવી દેતો. આ કવિતા જે લખાઇ છે તે તેનીજ કરેલી છે.

**ગઝલ.**

સુમારે શોક ન દાનિસ્ત અમ કેતા ચંદસ્ત,
જુઝ ઇંકદર કે દિલમ સખ્ત આરઝુમંદસ્ત,
ન ઝુલફ દાનમો ન દામ ઇં કદર દાનમ,
કે પાયતા સરે મન હરચે હસ્ત દરબદસ્ત.
ખ્યાલ આફતે જાં ગશ્તો ખાબ દુશ્મને ચશ્મ,
બલાય નીમ શબસ્ત ઈં ન મેહર પેવંદસ્ત,

અદાઈ મોહબ્બત ઈનાયતેસ્ત ઝ દોસ્ત,
વગરનં ખાતિરે આશિક ઝ હેચ ખુરસંદસ્ત.
બદોસ્તી કે બજુઝ દોસ્તી નમી દાનમ,
ખુદાય દાનદો આંકો મરા ખુદાવંદસ્ત,
અઝાં ખુરામ બસખુન હાય આશનાય રહીમ,
કે અંદકે બઅદા હાય ઈશ્ક માનિંદસ્ત.

**અર્થ**—આતુર્તાની સિમા હું જાણુતો નથી કે ક્યાં સુધી છે, પરંતુ એટલું જાણુંછું કે મારૂં મન ઘણુંજ આતુર છે, મુખ કેશલટોને ઓળખતો નથી, ફંદાને જાણુતો નથી, પરંતુ એટલું સમજુંછું કે, પગથી લઇ મારા માથાસુધીતું જે કાંઇ છે તે જકડાએલું છે. પ્રાણુનાશક ધ્યાન થઇ ગયું અને અક્ષશત્રુ નિંદ્રા થઇ ગઇ, અડધી રાતની આફત છે, આ કંઈ પ્રેમ સંધાન નથી, પ્રેમ પુરૂં દર્શાવવું એ મિત્રની કૃપા છે, નહીંતો પ્રેમનું મન કોઇ પ્રકારે ઉલ્લાસી છે! પ્રેમના સમ ખાઉંછું ને હું પ્રેમ શિવાય કંઇ જાણુતો નથી, તેને ખુદા જાણે છે અને તે, કે જે મારો ખુદા છે, હું તેનાથી રાજી છું કે ઓ રહીમ! તારાં જાણીતાં વચનોજ, થોડા થોડા લટકાથી પ્રેમના રૂપમાં છે.

એજ વર્ષમાં તારીખ ઈલાહી (ફસલી પંચાંગ) અને ઇલાહી ગણીતશાસ્ત્ર કે જે હજુરમાં રચાયું હતું હિંદુસ્તાનના સઘળા દેશોમાં અમલમાં આવવાને વાસ્તે હજુર આજ્ઞા થઈ કે સરકારી પંચાંગ તથા જંત્રી પ્રમાણે વર્તવું, કે જેમની નકલ જેવી હતી તેવીજ આ ઇતિહાસમાં નોંધવામાં આવી છે.

## ઇલાહી તિથિઓની રચનાવિષે દરબારી આજ્ઞાપત્રિકાની નકલ.

આ વૈભવી વેળામાં અને કલ્યાણ વર્તાતા કાળમાં, રાજ્યાસન ઉપર બિરાજવાને એક કરણુ ( ત્રીશ વર્ષ ) થયું છે અને ભાગ્યરૂપી કળીના ખીલવાનો પ્રારંભ છે. બાદશાહના આજ્ઞાપત્રે ઉંચાઇથી છાયા નાખી ( પ્રગટ થયો ) કે સઘળા રક્ષણ પામેલા દેશોના અધિકારીએ, મુલકી કારોબારના સઘળા મુત્સદ્દીઓએ અને જુદા જુદા હોદ્દાના તથા સંબંધ રાખનાર ખાતાંઓના મુખીઓએ વારંવાર વૃષ્ટી વરસાવતી બાદશાહી કૃપા સંપાદન કરવામાટે આતુરના રાખોને જાણવું જોઇએ કે, બાદશાહની સઘળી કાળજી એ ઉપર છે. પ્રજાની નીચ તથા ઉંચ સઘળી સંખ્યા કે જે અચંબિત ખુદાઇ ધરવત છે તે આશરાની છાંયાતળે રહી

નિરાંતે દિવસ ગુજારવાની આશાઓ રાખી, પોતાનો અમૂલ્ય કાળ કે જે બદલારહિત છે અને જેના બદલામાં કંઇપણ મળી શકે નહીં એવો છે, તેને ખુદાઇ ઇચ્છાઓમાં વાપરવો જોઇએ; તેમજ પોતાની આસ્તાની ભૂમી કે જે ધર્મના જોતરાંનો પ્રથમ ભાગ છે, જેપર સઘળા ધર્મવાળાઓ અને સર્વ જ્ઞાનીઓએ હાથ નાખ્યો છે, તે, સઘળા ધર્મોમાં પીડાની અસરો ઉત્પન્નકર્તા છે અને તેની અડચણોને જોઇએ તેવી રીતે પાળે છે તેથી તેને કારણે મુકી દઇ તેનો ઉપયોગ ખરાપણાના સાહિત્ય ખોળવામાં કરવો જોઇએ; સંપૂર્ણ તથા અપૂર્ણરીતે સઘળી ઇચ્છાઓના ધોરણોને સંપાદન કરવા સારૂ કા-રણો શોધ્યાશિવાય આગળ વધવું જોઇએ અને પોતાના હેતુને રચવાના કામમાં વિવાદથી સિદ્ધ કર્યા શિવાય નકાર અથવા હકારથી પ્રારંભ ન કરવો જોઇએ; તેમજ અમારી પ્રકાશ પામતી બુદ્ધિ પૂર્ણ રીતે સદાએ વિદ્યાનાં ખરાં તત્વો ખોળવાને અને અદ્રશ્ય કૃપાઓ તથા બોધના પ્રતાપે ખુદાઇ દરબારથી પ્રેરણા તથા મનસુબાને લીધે લાભ લેતી તથા બોધ પામતી છે તથા પ્રાચીન અને અરવાચીન ચિન્હોથી મનની શુદ્ધતા તથા આસ્તાની ચોખ્ખાઇને લીધે રક્ષણ પામેલી તથા લાભકારી છે.

આ વખતમાં જુદા જુદા ટીપણાઓ કે જેમને હિંદીમાં પતરૂં કહે છે તેમની ઉપર ધ્યાન ગયું અને આ પાનાઓમાં કાળપત્ર જણાયાથી માલુમ થયું કે ચંદ્રના માસોના પ્રારંભને ભવિષ્ય આગળ વરતાં એક અંધકાર જેવું છે; તેને હિંદી લોકોની બોલીમાં કૃષ્ણપક્ષ કહેછે. તે કાળા મનના માણસોએ માત્ર જુની લીટીને કુટવાને અજ્ઞાન-તાથી ઘણીજ નાદાની વાપરી ખોટે રસ્તે માસની શરૂઆત અંધારાથી કરી છે. આ ગણીત વ્યર્થ કામ અને પાયાવગરનું છતાં, કે દિવસ કરતાં પણ વધારે પ્રકાશિત છે અને તે વિષે કંઇ પુરાવાની જરૂર નથી એ ગણુતરી અમારા સાંભળવા મેળે તથા તેને અનુસરીને ભરૂસાલાયક પોતાના જુના ગ્રંથ જોવાથી એવું માલુમ પડે છે કે, ચંદ્રમાસોનો પ્રારંભ જુના લોકોના હિસાબપ્રમાણે આપણા તરફ ચંદ્રનાં દર્શનથી થાયછે તેને એ લોકોની ભાષામાં શુક્લપક્ષ કહે છે અને વિક્રમાદીતની જીભથી નિકળ્યાનું માને છે, તેથી કેટલોક ઘોંટાળો થાયછે ને નડતરો નડેછે એ ખુલ્લું છે; અને તેથીજ તેનો ત્યાગ થયો છે ને લોકોએ પણ તેને મુકી દીધું છે. હવે બુદ્ધિપુર્વક તો એ છે કે માસની શરૂઆત પ્રકાશના

પ્રગટ થવાના વખતથી કરવી, તે વાસ્તવિક રીતે ખરૂં લાગે છે. જેથી બાદશાહી આજ્ઞા એવી રીતે થઇ કે જોતીષશાસ્ત્રીઓ, ખગોળવિદ્વાનો અને રાજ્યના સરકારી અમલદારો પણ પોતાનાં પંચાંગો શુક્લપક્ષથી રાખશે; તેમ ચોકશીને વાસ્તે તથા અનુસરવાને કારણે એક પંચાંગ અમારી મોહોર કરીને મોકલીએ છીએ, કે જે પ્રમાણે ચાલુ કરવામાં આવશે.

આ વેળાએ કેટલાક મોટા ઉત્તમ વિદ્વાન પુરૂષોએ અરજ કરી કે બાદશાહના પ્રેરણાવાળા અંતઃકરણ ઉપર વિદિત છે, તેમજ તિથિની ગણતરીના ગણીતનો મૂળ હેતુ એ છે કે, કામકાજ તથા કારોબારનો વખત આસાનીથી માલુમ થઇ શકે, કે જેથી કોઇ શખ્સને કંઇપણ વિવાદ કરવાની તક મળે નહિ. જાણે કે કોઇએ નોકરી કરી, કોઇએ ઇજારો રાખ્યો અથવા તો કંઇ દેવું કર્યું છે અને તેને અદા કરવાની મુદત ચાર વર્ષ ને અમુક માસ ઠરાવી છે. હવે જ્યાંસુધી પ્રારંભ નક્કી ન હોય ત્યાંસુધી આ મુદતનું ઠરવું ખરૂં નથી અથવા અશક્ય છે. હવે એ પણ ખુલ્લું છે કે, કોઇ સંવતની શરૂઆતને ઘણો વખત વિતી ગયો હોય, તો નવા સંવતને નિમવાનું કામ લોકો ઉપર સહેલાઇ અને વગરકંટાળાનું બારણું ઉઘાડી આપવાસરખું છે; તેમજ આ કામના જાણીતાઓ પ્રત્યે પણ પ્રત્યક્ષરીતે ખુલ્લું છે કે, પ્રારંભથી તે અંતસુધી મોટા મોટા રાજકર્ત્તાઓનો એવો ધારો છે કે સદાએ પોતાના કારોબારથી આ બિનાને નવી કરતા આવેલા છે અને સંસારી વહીવટ લોકોને નવાઈ જેવી પીડાથી બચાવતા આવેલા છે.

હાલમાં હિજરી સંવત કે જેની યાદગીરી શત્રુઓની પીડા અને મિત્રોનું દુઃખ છે. તે સંવત લગભગ એકહજારની સંખ્યાએ પહોંચી છે અને હિંદી સંવત પંદરસોથી ઉપર ગઇ છે. તેવીજ રીતે સિકંદરની સંવત તથા યઝદેઝર્દીની પણ હજારો તથા સેંકડાઓથી ઉપર ગઇ છે કે જેવિષે પંચાંગોમાં પણ નોંધ છે. લોકો ઉપર, તેમાં મુખ્ય કરીને નિચી પદ્ધતિના લોકો ઉપર, કે જેમની ઉપર કામકાજનું ધોરણ રહેલ છે તેમને પિડામાં નાખ્યા છે; વળી સઘળા રાજ્યમાં હિંદુસ્તાની લોકો જુદાં જુદાં પંચાંગો રાખેછે. જેમકે સિખ લોકો પોતાના દેશમાં લક્ષ્મણસિંહના રાજની શરૂઆતથી સંવત લેછે, અને તે પછી અત્યારસુધી ચારસો પાંસઠ વર્ષ થયાં છે અને ગુજરાત તથા દક્ષિણમાં શાલીવાહનની સંવત ચાલે છે

કે જેને હાલ એકહજાર પાંચસો ને ૭ વર્ષ થયાં છે, અને માળવા દિલ્લી વિગેરેમાં વિક્રમાદીત પ્રસિદ્ધ છે, કે જેનું હાલ સોળસો ને એકતાલીસમું વર્ષ છે, અને નગરકોટમાં જેની પાસે કિલ્લાની સત્તા હોય તેનાથી પ્રારંભ કરે છે. હવે દરેકની સ્થિતી તથા દરજ્જાનું વિતેલ વિવેચન કરતાં લોકોને માહિતી છે અને એ પણ જણાએલું છે કે હિંદી પંચાંગોની શરૂઆત કોઇ ખરાં કાર્યથી નથી. હવે જો લોકોના સુખાર્થે અને પોતાના લાભને માટે નવી સંવત ખોળી કઢાય તો તેથી લોકોને સહેલાઈ મળે અને હિંદી પંચાંગોના જુદા જુદા મતો કોરાણે મુકાય. એનું ફળ તથા પુન્ય વ્યર્થ નહીં જાય.

અમે ભરૂસાલાયક પુસ્તકોમાં અને માનવાજોગ પંચાંગોમાં જેમકે **એલખાની પંચાંગ** નવેસરથી ગોરગાતી કહેવાય છે તેમાં દર્શાવેલું છે કે, સંવતની શરૂઆત કોઇપણ મોટાં કામથી કરવામાં આવે છે. જેમકે આ મજબૂત ખાનદાનનું પ્રકાશ પામવું, કે જેને મોટું રાજ્ય પ્રાપ્ત થયું છે, તે ખુદાઇ ઉપકાર છે કે આ મોટી રાજ્યસત્તામાં મોટાં મોટાં કામો બન્યાં છે અને ભારે શહેરો તથા અજીત કિલ્લાઓ વિગેરે જીતવાનાં કામો નોંધાઇ ગયાં છે, તેમજ બીજા કેટલાક બનાવો સૃષ્ટીના પાનાઉપર લખાઈ ગયા છે. આ વંશનો દરેક જણ એવી યોગ્યતા ધરાવે છે કે, જો શ્રીમંત છત્રપતિ રાજ્યાસન દિપાવવાના વખતથી કે જે કાળ ખુદાઇ મોટી કૃપાનો વખત અને પરોપકારનો મોટો સમય છે તેનાથી એક સંવતની શરૂઆત કરે તો, ( આજની તિથિએ ઓગણત્રીશમું રવીગણિત વર્ષ છે અને સોમગણિત ત્રીશમું વર્ષ થાયછે. ) આ પરોપકારી બાદશાહનો ઉપકાર માનીશું તથા લોકોની ઇચ્છાઓ પણ પૂરી થશે. તેમજ આ શુભ કામ કરવામાં ઉંચ પદવીની હિજરી તારીખ કે જે શ્રી પેગમ્બર સાહેબના દેશત્યાગના એટલે મક્કા મુકી મદીને જવાના દિવસથી શરૂ થાયછે. ખોટા મનવાળા માણસો, અલ્પબુદ્ધિ અને થોડી અક્કલના વિચારવાળાની ટુંક સમજણના લીધે કંઇ અડચણ આવી શકતી નથી. જેમકે **મલેકશાહ**ના વખતમાં જો કે હિજરી તારીખ એટલી બધી મોટી નોહોતી થઇ પડી અને કામકાજમાં એટલી અડચણો આવી નહોતી પહોંચતી તોપણ કામકાજને સહેલ કરવાને વાસ્તે **તારીખ જલાલી** ઘડવામાં આવી હતી, કે જેથી કરીને કામ કરનારાઓની ગુંચવણો દૂર થઇ સુમાર્ગે પ્રાપ્ત થાય, અને ઇસલામી

આલમ–અરબસ્તાન, તુર્કસ્તાન, માવરાઉન નહેર, ખુરાસાન, ઇરાકવિગેરેમાં તે સારીરીતે ચાલુ છે અને દુનિયાના શાસ્ત્રીઓ અને દરેક બોલીના વિદ્વાનો તે પંચાંગને ચાલુ રાખવાની ખંત ધરાવે છે તેથી કરી તે લોકોની ફરી ફરીની અરજ તથા તેમનાં મન રંજન કરવાની માગણીઓ કબુલ રાખવામાં આવી અને સરકારી હુકમ નિકળ્યો કે જે નવરોજ તખ્તનશીનીની વર્ષગાંઠની પાસે આવેલ તેને **તારીખે ઈલાહીની** શરૂઆત ગણી સહેલાઇ તથા આનંદનાં બારણાં ઉઘડે અને બુદ્ધિની ખાણથી માન્ય કરવાયોગ્ય આજ્ઞા નિકળી કે ગણિતશાસ્ત્રીઓ ઇસલામી આલમમાં ચાલતા જાણીતા ટીપણાઓ સાથે જેમકે અરબી, તુર્કી, ફારસી જલાલી લખે છે તેમજ એને પણ તેમનો ભાગ ગણી દાખલ કરે, કે જેથી સહેલાઇનાં દ્વાર ઉઘડી જાય અને હિંદુસ્તાનનાં પંચાંગોમાં જુદી જુદી તારીખો તેમની જગ્યામાં નોંધે. વિશેષ્ય કરીને વિક્રમી તિથીઓ કે જેનું મૂળ ઠગાઇ સરખું છે ત્યાં આ નવી તારીખો લખવી અને તેમની જુદી જુદી અડચણવાળી તારીખોને કોરાણે મુકવી

હવે જાણીતા ટીપણાઓમાં વર્ષો સુર્યગતીનાં તથા માસો ચંદ્રગતીના હતા. તેથી હુકમ થયો કે આ નવા પંચાંગના માસો પણ રવીગતીના હોવા જોઇએ.

હવે દરેક જ્ઞાતીના બુદ્ધિવાન પુરૂષો તથા અડચણ ટાળનારાઓએ ઉપકાર તથા પાડ માનવાને વર્ષોના મહીનાઓથી પંચાંગોને, ખગોળની સમતુલ્યતાને તથા આત્મિક સંબંધનાર્થે સામાન્ય પ્રજાનેમાટે અને સઘળા સમુદાયોને આનંદ પમાડવાનેવાસ્તે કે જે કામ એટલા બધા પરોપકારનું છે તે લોકોએ એને **એયાર** એટલે કસોટી નામ આપ્યું છે, તેમજ તે આનંદી કાળમાં ઉપકાર માનવાની બિનાને મજબૂત કરી ખરા પવિત્ર અંતઃકરણથી સઘળી સેવાઓનાં ફળ તથા સર્વ ભક્તિઓનો આધાર તે ખુદાના ગુણ માનવાની બનતી કોશીશો કરી છે. લાચાર તથા તવંગરો તેમજ નાના તથા મોટાઓએ પોતાની શક્તિપ્રમાણે પરોપકારી કૃપા તથા દયાની પંગતો ઉઘાડી મુકી આરામ તથા સુખશાંતીનાં દ્વારો પીડાયલા મનો અને દિલગીર કાળજાવાળા સંસારીઓ માટે ઉઘાડી દરેક પ્રકારની કૃપા તથા ઉપકારનાં કામો બજાવ્યાં છે.

તે ઉપરથી કેટલાક મેલાવડાઓ કે જેમની ટીપ આ આજ્ઞાપત્રથી

પ્રગટ થશે. જેમાંના કેટલાક સહસ્ત્ર સાલોથી શહેરોમાં પ્રસિદ્ધ છે, તેમજ આ સહસ્ત્ર સાલમાં ન્યાય દીપાવનાર રાજધારીઓ અને તત્વખોળક વિદ્વાનો થયા છે. આ વસ્તીમાં કેટલાંક કામો જાણુમાં આવેલાં, કે જે વિષે મરજી સંપાદન કરવા તથા પ્રાચીન કાળને સ્મરણમાં રાખવાના અર્થે તે જુના વખતના લોકોને તે સુખશાંતી કાળ યાદ રહેવાનેમાટે અમે પણ ચાલુ રાખીએ છીએ.

હવે સઘળા સરકારી મુલકમાં મોટાં શહેરો, નગરો તથા કસ્બાઓમાં પુખ્ત તથા સંપુર્ણરીતે ચાલુ કરવાનો હુકમ આપવામાં આવે છે. એ વાતમાં પૂરો બંદોબસ્ત રાખી કોઈપણ વાતની ખામી ન આવવા દેવી.

## નવરોઝના દિવસોની ટીપ આ પ્રમાણે છે.

દશમી ફરવરદીન માહે ઇલાહી, ત્રીજી ઝરદી બિહિસ્ત માહે ઈલાહી, છઠ્ઠી ખુરદાદ માહે ઇલાહી, તેરમી તીર માહે ઇલાહી, સાતમી અમરદાદ માહે ઇલાહી, ચોથી શહેરયુર માહે ઇલાહી, સોલમી મહેર માહે ઈલાહી, દશમી આબાન માહે ઇલાહી, આઠમી, પંદરમી અને તેવીશમી દે માહે ઇલાહી, બીજી બેહમન માહે ઇલાહી, પાંચમી ઇસફંદીઆર માહે ઇલાહી.

પાળવાને અર્થે સરકારી હુકમ પ્રમાણે ઉપર મુજબ લખાએલું છે.

# અકબર–આજ્ઞાઓ.

શ્રેષ્ટ સરકારના ફરમાનો કેટલાક જરૂરી, માન્ય કરવા તથા દુર રહેવાને અર્થે સરકારી બંદોબસ્ત કરનારા લોકો ઉપર એવો હુકમ થાયછે કે, રાજ્યનો કારભાર કરનારા અમલદારો, કે જેઓ ભાગ્યશાળી પરીવાર, ખરા મનવાળા રાજકુંવરો, ઉંચી પદવીના અમીરો, સઘળા મનસબદારો, અધિકારીઓ તથા કોટવાલોએ વસ્તીઓ, ગામડાંઓ તથા કસ્બાઓ વિગેરે સર્વે ઠેકાણે હુકમને માન આપી તે પ્રમાણે અમલ કરવો.

(૧) પ્રથમ શરૂઆતમાં એમ જાણવું કે દરેક કામમાં ખુદાઇ ઇચ્છાને શરણે થવું અને ખુદાના આધિન થઇ પોતાને તથા બીજાને મંજુર ન રાખી તે કાર્યનો પ્રારંભ કરવો. (૨) એકાંતને પસંદ ન કરવી, કેમકે એ રૂઢી ત્યાગી–વનવાસી લોકોની છે, તેમજ હમેશાં સામાન્ય રીતે લોકોમાં બેસવું, પરંતુ લોકોની ગડબડમાં બેસવાની ટેવ ન રાખવી; કેમકે એ ટેવ બજારી લોકોની છે. મતલબ કે બેસવા ઉઠવામાં મધ્યસ્થ રહી સમતુલ્યતાના માર્ગને હાથથી જવા ન દેવો. (૩) શ્રેષ્ઠ પ્રજા એટલે મોટા

લોકો ઉપર પ્રેમભાવ રાખવો. (૪) રાતની જાગૃતી તથા દિવસના જાગવાની વિશેષ કરીને વહાણાની કે મધ્યકાળની ટેવ રાખવી. (૫) ફુરસદના વખતે ઇતિહાસકર્ત્તાઓનાં પુસ્તકો અને શુદ્ધ નિશપક્ષપાતકર્ત્તાઓના ગ્રંથમાં જેમકે સદગુણી લખાણો, કે જે આત્માની શુદ્ધતા અને સઘળી વિદ્યાઓનાં મુળતત્ત્વો હોય તેજ વાંચવાં. જેમકે **અખલાકે નાસરી, મુનજ્યાત, મોહલેકાત, અહયા, કીમીઆ** અને **મોલાના રૂમના મસનવી** વાંચવામાં રોકાવું; કેમકે તે વાંચવાથી ઘણી જાતની પદ્ધતી તથા જાગ્રતીથી વાકેફ થઈ ખટપટી લોકોના ફેંસલા કરવામાં કુમાર્ગે નહીં જવાય. કેમકે ઉત્તમ ભક્તિ તો સંબંધોને ખરા રચવામાં તથા લોકોનાં કાર્યનો શુભરીતે ફેંસલો કરવામાં સમાયેલી છે, કે જેથી દોસ્તી કે દુસ્મની અને સગપણ કે ગેરસગપણને લાભ ન આપતાં ખુલ્લા શુદ્ધ અંતઃકરણથી કામ બજાવી શકાય. (૬) સાધુસંત, ફકીરો અને લાચાર લોકોને, તેમજ વિશેષ કરીને ત્યાગીઓ તથા એકાંતવાસીઓને ( કે જેઓએ આમદાની તથા ખર્ચનાં દ્વારો વાસી મુક્યાં છે અને સ્વેચ્છાને વાસ્તે પોતાનું મોઢું ઉઘાડતા નથી તેઓને સત્તાપ્રમાણે પુન (દાન) કરવું. (૭) ખટપટી લોકોને, શીખામણ, નરમાશ તથા સખ્તાઇ વાપરી, જ્યાં જેમ ઘટે તેમ દોરવા, અને જ્યારે શીખામણ પણ લાચાર થઈ પડે ત્યારે બાંધવાની, મારવાની કે અવયવ કાપવાની વાંકપ્રમાણે શિક્ષા કરવી. પરંતુ મારી નાખવામાં એકદમ ચાલાકી નહીં.વાપરતાં તેમાં મોટો વિચાર કરવો, કેમકે ગરદન મારેલાનું માથું ફરીથી જોડાય નહીં. માટે બનતાં સુધી એવા ગુનેહગાર માણસોને હજુરમાં મોકલી તેમની પૂર્ણ હકીકત રજુ કરવી; અને જેવી હજુરની આજ્ઞા થાય તે પ્રમાણે અમલ કરવો. તેનો જવાબ આવતાં સુધી તે તોફાનીની તપાસ રાખવી અને જો મોકલવાથી ગભરાટ ઉત્પન્ન થતો હોય તો તેની ઉપર અખાડા કરી જવા અને ચામડી ઉતારવાની તથા હાથીના પગે બાંધવાની શિક્ષા કે જે મોટા રાજાઓ કરે છે તેને પડતી મુકવી. (૮) તેવા દરેક જણ કે જેઓને અક્કલ તથા હુશીયારી ઉપર ભરૂસો હોય તેઓને એવી છુટ આપવી કે તેની અક્કલમાં જે કાંઇ ગેરવ્યાજબી માલુમ પડે તે એકાંતમાં સુચવે અને ભોગજોગે જો તેવા કહેનાર માણસે ભુલ કરી હોય તો તેને શિક્ષા નહીં કરવી; કેમકે શિક્ષા તેની ચેતવણીને અડચણરૂપ થઇ પડે છે. જેને ખુદાએ આવું કહેવાની બુદ્ધિ બક્ષી છે તેની ઉપર પ્રેમ રાખવો: કેમકે ખરૂં કહેવાને

પ્રજા ઘણે દરજ્જે લાચાર છે. જે લોકો નીચ તથા હલકી બુદ્ધિના છે તેઓ સત્ય નહિ બોલતાં એજ ઇચ્છે છે કે, તેવીજ રીતે જુઠાપણાની આફતમાં સદાએ રહેવું. જેઓ ખરી બુદ્ધિના માણસો છે તેઓ એમ વિચારે છે કે રખેને અમારા કહેવાથી સાંભળનારને દુઃખ પહોંચે, કે અમારી ઉપર કંઈ આફત આવે! તેમજ શુભ ઇચ્છનાર પણ પોતાની જીભને બીજાના લાભને વાસ્તે વાપરે છે. (૯) ખુશામતખોર નહિ બનવું; કેમકે ઘણાં કામો ખુશામતીઆ લોકોથી સરાડે પહોંચતાં નથી. તેમ એકદમ ખુશામતીઆ લોકો ઉપર તુટી પણ ન પડવું, કેમકે નોકરને સારૂં સારૂં કથવાની પણ જરૂર હોય છે. (૧૦) ફરીઆદીને પુછવામાં પોતાની જાતે અને બનતી મહેનતે બંદોબસ્ત રાખવો, ફરીઆદી આશામીઓને એવી રીતની યુક્તિ અને ગોઠવણથી લખીને પુછવું કે જેથી ફરી વખત રૂબરૂમાં આવી વાટ જોવી ન પડે, અને નોકરીમાં આવેલા તાબાના નોકરોને આગળ પાછળ કરવાની મહેનત ન પડે. તેની ફરીઆદ ન્યાયસ્થાન સુધી જવા ન દેવી કે રખેને તેથી તેને દાદ મળે. (૧૧) જો કોઇ શખ્સ કોઇનું ખોટું બોલે તો તેને શિક્ષા કરવામાં ઉતાવળ નહિ કરતાં તજવીજ કરવી; કેમકે વાતો ઘડનાર તોફાની ઘણા જણ હોયછે અને સત્યવાદી સારા ને થોડા હોયછે. તેમજ ગુસ્સાની વખતે પણ અક્કલને છેક કોરાણે ન મુકતાં સદાય ધીરજ રાખી મોકમપણે કામ કરવું અને પોતાના કેટલાક મિત્રો તથા નોકરો, કે જેઓની બુદ્ધિ સારી મનાતી હોય અને દુઃખ તથા રીસની વખતે પણ જ્યાંસુધી બુદ્ધિની વાત ન કરી શકાય ત્યાંસુધી સત્ય વચન કહેતાં થોભે નહીં તેઓને અધિકાર આપવો. (૧૨) ઘણા સોગન પણ ખાવા નહીં; કેમકે દરેક વખતે સમ ખાનાર માણસ જુઠપણામાં ખપી જાયછે અને જેનાથી વાત કરતા હોય તેને ખોટી નિષ્ટાવાળો ગણવાજોગ છે. (૧૩) ગાળો દેવાની ટેવ ન પાડવી. કેમકે આ વર્તણુંક નીચ લોકોની છે. (૧૪) ખેતીવાડી વધારવા રૈયતને પુષ્ટી આપવી તથા તગાવી દેવાનો બંદોબસ્ત કરવો, કે જેથી કરી દરસાલે ગામડાંઓ, વસ્તીઓ, કસબા તથા મુવાડાઓ વધતા જશે; તેમજ એવો સહેલો રસ્તો ખોળવો કે જેથી ખેતીવાડીની જમીન સઘળી આબાદ થઇ જાય અને આબાદી થયા પછી મહેસુલ વધારવાની સારી ગોઠવણ કરવી. એ વિષે જુદી ચેતવણી શિખામણ લખી છે તેને સન્મુખે મુકી તેની ઉપર મન ગોઠવવું. ટુંકમાં સઘળી રૈયતને

જુદી જુદી રીતે સમજાવવી અને જે ઠરાવ થાય તેથી કોઇપણ રીતે કોઇપણ પ્રકારે ફરવું નહીં. (૧૫) એવી કોશીશ કરવી કે લશકરી માણસ કોઇના ઘરમાં તેની રજાવિના દાખલ ન થાય. (૧૬) દરેક કામમાં પોતાની અક્કલ ઉપર ભરૂસો ન રાખતાં કોઇ સમજુ માણસની સલાહ ન લેવાય ત્યાંસુધી મસલહતનું કામ મુકી ન દેવું, કેમકે નાદાનને પણ ખરૂં તત્વ મળી આવેછે. (કોઇ વેળાએ અનુભવી ડાહ્યાથી પણ સારી યોજના બનતી નથી તેમ કોઇ વખતે નાદાન છોકરો પણ ભુલથી બરાબર તીર મારી નિશાનો ઉડાડી દેછે.) તેમજ દરેક જણથી પણ સલાહ ન લેવી જોઇએ, કેમકે કામ સમજવાની સારી મતી માત્ર ખુદાઈ પરોપકાર છે, નહીંતો તે વધારે વિદ્યાભ્યાસથી હાથ આવે છે પણ લાંબો પહોળો વહેવાર ચલાવ્યાથી તે દોલત મળતી નથી. રખે એવું બને કે નાદાન ટોળીવાળા કોઇ કામમાં વિરૂદ્ધ મત ધરાવે અને તેમાં ઝોકો લાગી જાય કે પોતાની શુભ મતીથી તથા સુકૃત્યવાળાઓથી કે હમેશાં જેઓની સંખ્યા થોડી હોય તેને અંતરે નાખી દે. (૧૭) જે કામ નોકરથી બને તે છોકરાં છૈયાંથી ન લેવું, અને જે સંતાનથી થાય તેના જોખમદાર પોતે થવું. કેમકે જે પોતાની પાસેથી ગલત થાયછે તેનો બદલો થોડી મહેનતથી મળી શકે છે. (૧૮) કોઈ માણસની મારી સાંભળવી અને તેના ગુન્હાને માફ કરવો તે તેની ટેવ હોયછે કેમકે માણસ નિરપરાધી હોતો નથી, કોઈ વેળા માણસ શીખામણથી બોધ લઈ દુરસ્ત થઇ જાયછે અને કોઇ વેળા નિર્લજ થઇ હાડોહાડથી જતો રહેછે. માણસે એક ગુન્હો થતાં તેને શીખામણ દેવી, તથા એવો પણ માણસ હોવો જોઇએ કે તેના હજાર ગુન્હાને માફી આપવી. મતલબ કે રાજ્યકારકિર્દી એ રાજ્યતું કઠણમાં કઠણ કામ છે માટે સારી પેઠે વિચારી, ધિમે ધિમે સમજણથી કામ કરવું. (૧૯) મુલકની સુખશાંતીનું કામ ખુદાની બીક રાખનાર માણસને જુદું જુદું સોંપી સારૂં નરસું તે લોકોને પુછતા રહેવું અને હમેશાં ઉપાયો લેવા. કેમકે રાજ્ય અને સરદારી લોકોની રક્ષાનેજ કહેછે. નિરાંતી તથા ગફલતથી તે ટકી શકે નહીં. (૨૦) મનુષ્યને શિક્ષા તેની આબરૂ પ્રમાણે કરવી જોઇએ; કેમકે આબરૂદારને કેદ કરવો તે મારવા બરાબર છે, તેમ બેઆબરૂને લાતો મારવી એ પણ ફાયદાકારક નથી. (૨૧) પ્રજાના ધર્મ તથા પંથોમાં હાથ નહીં નાખવો, કેમકે ડાહ્યાઓ સંસારી કાર્ય નાશવંત હોવાને લીધે કાંઇપણ ઉચ્ચારતા નથી અને ધર્મકાર્ય કે જે

અવિનાશી છે તે શીરીતે સમજીને તેમાં જીભ લાંબી કરે! જો તે ખરો હોય તો ખરાની સામા વિરૂદ્ધતા માથામાં ન અણાય અને જો તમે ખરા હો તો તેણે અજાણપણે વિરૂદ્ધ રસ્તો ઝાલ્યો. તે બિચારો માંદો, લાચાર અને નાદાન છે એમ કહેવું તે દયા તથા સહાયતા છે. વાંધા તથા ઈનકાર કરવાને ઠેકાણે પરોપકારી તથા શુભેચ્છક જનો દરેક ટોળીના મિત્રો બની જાયછે. (૨૨) નિંદ્રા તથા ખાવા પીવામાં હદ રાખવી, તેમ હદ મુકી દઈ આગળ નહીં વધવું જોઇએ; કે જેથી કરી પ્રાણીની પંગતીમાંથી આગળ વધી મનુષ્ય સદગુણોના માનને પામે છે; તેમજ બનતાં સુધી રાતની જાગૃતી પણ રાખવી, કે જેથી કરી દિવસનું કામ રાત્રે કરી નંખાય. (૨૩) ગુન્હો, દુરમતી તથા લોકોના ગુન્હાનાં કામોને ન્યાયની ત્રાજુમાં જોખી, દરેકને તેને ઠેકાણે રાખી બુદ્ધિની ત્રાજુથી શિક્ષાનું મુળ ન રોપતાં તત્વ ખોળવું કે વાદી ફરીઆદીમાંથી કેટલો ભાગ માફ કરવાનો, કેટલો મુકી દેવાનો, કેટલો પુછવાનો, કેટલો સવાલ કરવાને લાયક અને કેટલો શિક્ષાપાત્ર છે! કેમકે કેટલાક ગુન્હાનો પ્રકાર ભારે શિક્ષાને લાયક છે અને કેટલાક મોટા ગુન્હા ભારે દરગુજર કરવા લાયક છે એટલે થોડી શિક્ષા કરવાને લાયક છે. (૨૪) લોકોની સાથે સખ્ત શત્રુતા ન રાખવી તેમ કોઇની અદેખાઇ પણ ન કરવી. જોકે મનુષ્યબંધારણના કારણથી કોઈ માણસ દુઃખ પહોંચાડે તોપણ તે દુઃખને વહેલાસર ભુલી જવું, કેમકે પ્રથમ કરતા હરતા તો ખુદાજ છે અને આ દર્શક દુનિયાને તોફાની આંખે દેખાતા બંદોબસ્તને વાસ્તેજ યોજેલી છે. (૨૫) જાસુસ લોકોથી હુશીયારી રાખવી અને એકે જાસુસનો ભરૂસો ન રાખવો. કેમકે સત્યવાદીપણું અને નિરલોભતાની ઘણીજ અછત છે, માટે દરેક કામમાં કેટલાક ચાલાક જાસુસો એવા રાખવા કે જેમાંના એકની બીજાને ખબર ન હોય; અને દરેકની જુદી જુદી ખબરને નોંધી તેમાંથી તારણ કાઢવું. પ્રખ્યાત જાસુસને કામથી જુદો કરી તેના ઉપર મન રાખવું નહીં. (૨૬) લુચ્ચા તથા તોફાની લોકોથી દૂર રહેવું. જોકે મોટાં મોટાં કામો તે લોકો શિવાય થઇ શકતાં નથી, પરંતુ એ ટોળી ખટપટી લોકોને વાસ્તે ઠીક પડેછે, તેથીજ એ લોકો શિવાય બનતું નથી, તોપણ ગણિતની રીતને હાથથી જવા નહિ દેતાં એવી ટોળીને મનમાં તો ખોટીજ જાણવી, કેમકે રખેને દોસ્તીના ડોળમાં સારા લોકોની ખબર લઇ નાખે. તેમ મોટા લોકોને ઘણા કામને લીધે ખોટા પારખવાનો

અવકાશ થોડો મળે છે. (૨૭) ખોટો ડોળ ઘાલનારા અને મીઠી જીભવાળા લોકો કે જે પ્રેમી પહેરવેશમાં શત્રુનું કામ કરેછે એમનાથી ખબરદાર રહેવું; કેમકે એ લોકોથી ઘણા ટંટાઓ ઉભા થાયછે. મોટા લોકોને ઘણા કામને લીધે નવરાશ થોડી હોય છે. (૨૮) ત્યાગીઓ (ખુદાના ભક્તો) ની સેવામાં જઇ આશીર્વાદ લેવાની વિનંતી કરવી. (૨૯) પોતાની આસપાસ ખબર રાખવી અને અભિમાનને કોરાણે મુકી અરજ કરવાલાયક હકીકતની અરજ કરવી. (૩૦) વિદ્યા તથા હુન્નરની વૃદ્ધિને પ્રસરાવવાની મેહેનત લેવી અને ગુણવંત પુરૂષોને મનુષ્યબંધારણમાંથી નાશ થવા ન દેવા. (૩૧) પેદલ તથા સિપાહીઓના સામાનનો બંદોબસ્ત કરવો અને આમદાનીથી ખર્ચ થોડું કરવું. દરેક જણની સંસારીક ગતી, જે એમાં સમાયેલી છે તે વિષે કહ્યું છે કે, જેનું ખર્ચ ઉપજ કરતાં વધારે હોય તે મુર્ખ છે અને જેનું ઉપજ જેટલું ખર્ચ હોય તે સાધારણ છે, મુર્ખ નથી તેમ ડાહ્યો પણ નથી. (૩૨) કોઇ ઠેકાણે જાથુકના રહેવાસી ન થઇ પડવું અને સદાય તત્પર તથા ખંતી રહેવું. (૩૩) જેનાથી વાયદો કરવો તે પુરો પાડવો અને સત્યવાદી રહેવું. વિશેષ કરી મુત્સદ્દી લોકોએ રાજ્યકારોબારની ચિંતા રાખવી, સદાય તીર તથા બંદુકની કસરત કરવી અને સિપાહીઓની કવાયત લેવી. શિકારના શોખીલા ન થઇ પડવું. બનતાં સુધી કોઇ કોઈ વેળાએ સિપાહીગીરીની કસરત તથા નિશો કે જે સંબંધનાર્થે કરવાની જરૂર છે તે કામમાં ગુંથાવું. (૩૪) પુરાતન ઇમારતો મરામત કરવાની બનતી મહેનત લેવી. (૩૫) ઠઠ્ઠા મશ્કરી ઘણી થોડી કરવી. (૩૬) સૂર્ય ઉદય થતાં અને મધ્ય રાત્રે નોબત વગાડવી. (૩૭) એક રાશીથી બીજી રાશીમાં, સૂર્યની ગતી વખતે તોપો તથા બંદુકોના થઇ શકે તેટલા ભડાકા કરાવવા, કે જેથી સઘળી પ્રજા ખુદાની બંદગી કરી તેનો ઉપકાર માને. (૩૮) સોબતી (ભાઇબંધ—દોસ્તદારો) તથા પાસેના ચાકરોથી હુશીયારી રાખવી કે તેઓ સોબતનો લાભ લઇ કોઇની ઉપર જુલમ ન કરે. (૩૯) એક માણસને એવો નિમવો કે લોકોની અરજીઓ હજુરમાં રજુ કરે. (૪૦) કોટવાલના કાયદાની ચોકસી રાખવી અને કાયદાઓ તથા તેમના વિભાગો કે જે પસંદ થઇ આવે તેની પુરી સમજણ રાખી તેને અમલમાં લાવવાની કોશીશ કરવી. આ સઘળાં કામોના રક્ષણનું જોખમ શ્રીમંત બાદશાહની બુદ્ધિ અને હિમ્મતના ઉપર છે; પરંતુ એક જણ પોતાની જાતે સઘળાં કામો કરવાને અશક્ત છે; તેથી જેટલું તેનાથી

અને તેટલું કરવાને તૈયાર અને તમારે પણ બનતાં સુધી પોતે કરી બાકીનું એવી રીતે બજાવવું કે ખુદાઇ પ્રાપ્ત બુદ્ધિથી અને અક્કલથી સારાં સારાં કામ કરનારાઓ જુદાં જુદાં કામને વાસ્તે રાખવા, કે જેથી તેઓ જુદી જુદી સેવાઓ બજાવી લાવે. એ સઘળાં કામોમાંથી એ કામ જે લખવામાં આવશે તે કોટવાલને હવાલે કરવું અને એવું કદી પણ વિચારવું નહીં, કે હું કોટવાલીનું કામ શાવાસ્તે કરૂં! પરંતુ એને મોટી ફરજ જાણી તે કામ કરવું. તે એવી રીતે કે દરેક શહેર, કસ્બા તથા ગામના કોટવાલે સીવીલ અમલદારની સાથે રહી ઘરો તથા ઇમારતો લખવી અને દરેક મોહલ્લાના રહેવાસીઓ ઘરદીઠ લખી કાઢવા કે કઇ જાતના માણસો છે. તેમાં ધંધાદારી કેટલા, વહેપારી કેટલા, સિપાહી કેટલા અને સંતસાધુઓ કેટલા તેવી રીતે ઘરદીઠ નોંધી એક બીજાથી મેળવવા અને મોહલ્લા ઠરાવી વૉર્ડરો (શેરીપતિઓ)નિમવા, કે જેથી કરીને શેરી(લત્તો)ના ખોટા ખરાનો તે જોખમદાર રહે. ગુપ્ત જાસુસો દરરોજ બનતા બનાવો નોંધતા રહે અને વળી એવો ઠરાવ કરવો કે ચોરી થાય, અથવા આગ લાગે કે એવોજ કોઇ ભયંકર બનાવ બને તો તરતજ તેનો પાડોશી તેને મદદ કરે. તેવીજ રીતે ચોકીદાર અમલદારોએ અને વૉર્ડરોએ પણ દોડી જવું. જો જરૂરની વખતે હાજર ન થાય તો તેને ગુન્હેગાર ઠરાવવો. જો ઘરધણી કોઇ ઠેકાણે જાય તો પાડોશી, વૉર્ડર અને ચોકીદારને જાહેર કર્યા શિવાય જાય નહીં. કોઇ મહેમાન પરોણો થાય તેના આવવાની ખબર તેના સગા તથા ઘરના માણસે વૉર્ડરને આપવી અને ચોકીદારે દફતરમાં નોંધાવવું. ટુંકામાં એક બે ચોકીદારો તેજ મોહલ્લામાંથી રાખવા કે દરરોજ તેઓ તે મોહલ્લાની હકીકત લખતા રહે અને કોઇ નવો માણસ તે મોહલ્લામાં આવે તો તરતજ તેને જામીન લીધા વિના તે મોહલ્લામાં રાખવો નહીં, જે લોકોના જામીન ન હોય તેમને ધર્મશાળામાં જુદા રાખવા, ચોકીદારોએ ધર્મશાળા ઠરાવવી અને ચપળ બુદ્ધિથી હમેશાં દરેક જણની આમદ ખરચ ઉપર નજર રાખવી અને જોતા રહેવું કે, જે કોઇ માણસની આમદાની ઓછી અને ખર્ચ વધારે છે તો જાણવું કે ખોટાં કૃત્યો કર્યાં વિના તે બનતું નથી. માટે તેની તપાસ રાખવી કે ખરી નિષ્ઠા અને વફાદારપણું તે કારણે મુકી શકે નહીં. તેમજ તે સાથે વળી એવો પણ બંદોબસ્ત રાખવો કે વૉર્ડર અથવા તો ચોકીદાર કોઇપણ જાતનો જુલમ કે જબરદસ્તીપણું કરી શકે નહીં. (૪૧) એવી રીતે વર્તવાની આજ્ઞા

કરવામાં આવે છે કે, દરેક જાતના દલાલને તેજ કામમાટે કેટલાક દલ લોની જામીનગીરી લઇ દલાલીની પરવાનગી આપવી, કે જેથી જે બજારમાં જે કંઇ ખરીદ કરાય અવથા વેંચાય તેને પ્રસિદ્ધ કરે, અને એવો ઠરાવ કરવો કે એ દલાલની મારફત શિવાય કંઇપણ માલ વેચાય કે ખરીદાય તો દંડ કરવો, અને તે રોજનવીસીમાં ખરીદદાર તથા વેચનારનાં નામો નોંધતા રહે. ટુંકામાં એટલુંજ કે જે કંઇ બજારમાં લેવાય કે દેવાય તે વૉર્ડર અથવા ચોકીદારોની સલાહથીજ થાય. (૪૨) કેટલાક લોકોને શેરીઓ, મોહલ્લાઓ અને શહેરની આસપાસ રાતની ચોકીને વાસ્તે રાખવા. (૪૩) એવો બદોબસ્ત રાખવો કે કોઇપણ મોહલ્લા, શેરી તથા બજારોમાં નિરૂધમી કે લોફર માણસો ભટકે નહીં. (૪૪) ચોર, જુગારી, ખીસા કતરૂ અને ગઠીઆ વિગેરે લોકોપર જાબદો રાખી તેમનું બી બાળી નાખવું. તેમજ વૉર્ડરો અને ચોકીદારો ઉપર પણ એવો કાબુ રાખવો કે, જ્યાં કંઈ કોઇ જાતની માલમતા તેશનેશ થાય અથવા કમી થાય તો તે પોતાની અક્કલ હુશીઆરીથી પાછો પેદા કરી લાવે, તેમ છતાં જો ન પેદા કરે તો તેને નોકરીમાંથી બરતરફ કરવો અને તેનો જવાબદાર પણ તેનેજ ગણવો. (૪૫) ગુમ માલ અને મૈયત માલની તજવીજ રાખવી, અને માલિક અથવા વાર મળે તો તેમને આપી દેવો, ને ન મળે તો કોઇ ભરૂસાદાર (અમીન)ને આપી તેની વિગતવાર હકિકત હજુર સરકારમાં મોકલવી. જો તેનો હકદાર આવી મળશે તો તે પામશે. આ કામમાં શુભેચ્છકપણું અને નેક નિયતને કામમાં લેવી. પરંતુ એવું ન બને કે જેવું તુર્ક ભૂમીમાં થાયછે. (૪૬) એવી પાકી તજવીજ રાખવી કે દારૂની અસર તાબાના દેશમાં થાય નહીં; તેમજ મદ્યુપાન કરનાર, વેચનાર તથા ભઠી કરનાર સઘળાઓને એવી શિક્ષાનો હુકમ કરવો કે જેથી લોકોને શીખામણ મળે. (૪૭) બજારમાં નીરખ (ભાવો) નક્કી ઠરાવવા ને એવું કદી થવા દેવું નહીં કે પૈસાવાળા ઘણું ખરીદ કરી થોડું થોડું કરી વેચે. (૪૮) જશન નવરોઝી ( સૂર્યનું ધનમાં જવું ) એટલે ધન રાશીમાં સૂર્ય જવાના દિવસનો તહેવાર તથા ઇદોના તહેવાર વખતે દરબારોની ધામધુમનો બંદોબસ્ત રાખવો. મોટો તહેવાર નવરોઝ છે કેમકે તેનો પ્રારંભ સૂર્યની ધન રાશીનો છે અને ફરવરદી મહીનો શરૂ થાયછે બીજા નવરોઝની ઇદ ( તહેવાર ) પણ મજકુર:માસજ છે કેમકે તે દિવસ શરફનો એટલે

ગતિનો છે. બીજી ઈદ ઉરદી બિહિસ્ત માસની ત્રીજી તારીખ છે અને પછીની ઈદ ખુર્દાદ માસની છઠી તારીખ છે, તે પછીની ઈદ આબાન માસની દશમી છે, ત્યારબાદ ઈદ માહની નવમી તારીખ છે અને તેમાં ત્રણ ઈદો છે. ૮ મી ૧૫ મી તથા ૨૩ મી. પછી બેહમન માસની બીજી તારીખે ઈદ છે અને છેલ્લી ઇસપંદાદ માસની ૧૫ મી છે. માટે પ્રખ્યાત ઈદો વખતે પણ ધારા પ્રમાણે અમલ કરતા રહેવું. (૪૯) નવરોઝની રાત્રે એટલે ગતિની રાત્રે શુબરાતની માફક દીવા કરવા અને ઈદ પહેલાંની રાતની શરૂઆતમાં નોબતો વગાડવી તેમજ ઈદને દહાડે પણ તખ્તની પાસે નોબત વગાડવી. (૫૦) કોઇપણ સ્ત્રી જરૂરત શિવાય ઘોડાઉપર બેસે નહીં. (૫૧) નદીના ઘાટોમાંથી લેકોના નહાવાને વાસ્તે જુદા કરવા, પાણી ભરવાના જુદા અને સ્ત્રીઓને વાસ્તે ઇલાયદા નિમવા.

---

## છઠ્ઠો સુબો ઈસમાઇલ કુલીખાન.

હિજરી ૯૯૬. ઇ. સ. ૧૫૮૭.

ઇસમાઇલ કુલીખાન કે જે કેટલાંક કસુરનાં કામોના લીધે ઝંખવાણો પડી ગયો હતો તેને શ્રીમંત બાદશાહે જુની સેવાઓ સંભાળી ચારહજારીની સત્તા આપી માન આપ્યું અને શરમ છોડાવી સને ૯૯૬ હિજરીમાં તેને ગુજરાતની સુબેગીરી ઉપર નિમી રવાને કર્યો.

ખાજા અબુલ કાસમની દીવાની.

પરંતુ તેજ વર્ષે સરકારી હુકમથી રાજ્યબંદોબસ્તમાટે ઇસમાઇલ કુલીખાન પાછો હજુરમાં આવ્યો. તેની સુબેગીરી ખાને આઝમને આપવામાં આવી.

---

## સાતમો સુબો ખાનેઆઝમ (મોટો).

### ( મિરઝા અઝીઝ કોકલતાશ ) ના બીજીવારની નીમણુંક.

હિજરી ૯૯૬–૧૦૦૧ ઇ. સ. ૧૫૮૭–૧૫૯૨.

ખાને આઝમ કે જે માળવામાં સુબો હતો તે સને ૯૯૭ હિજરીના છેવટના ભાગમાં સત્તા અને સુબેગીરીની હકુમતનું માન પામી આવી પહોંચ્યો અને મુલક તથા જમા (આવક) નો બંદોબસ્ત કરવા લાગ્યો.

સૈઇદ બાયઝીદની દીવાની અને ઝકાતની મારીનું સરકારી ફરમાન.

સને ૯૯૮ માં પ્રવિણ લોકોમાં મુખ્ય પુરૂષ, વક્તાઓના પ્રમુખ અને ધર્મશાસ્ત્ર તત્વ શોધકના ઉપરી **શાહવજીહુદ્દીન અલ્લવીનું** મૃત્યુ થયું. અને જે ઠેકાણે તેમની પાઠશાળા હતી ત્યાં તેમનો ભુમીદાહ થયો. [1]**શેખ વજીહુદ્દીન** ઉપરથી તેમની સાલ નિકળે છે.

**ગઝનીખાન જાલોરી** કે જેણે ખાનજહાંને, મુઝફ્ફરની લડાઈની વેળાએ જાલોરની હદમાં સાથે જવા ના કહેલી હતી અને અલ્પબુદ્ધિના લીધે અજ્ઞાનતામાં પડયો હતો તેનું પરિણામ એ આવ્યું કે તા. ૨૯ મોહરમના દિવસે જ્યારે ખાનખાનાએ એક લશ્કરી ટુકડી તેની ઉપર મોકલાવી ત્યારે તેમાં તેને એમ જણાયું કે હું પુરો નહીં પડી શકું ત્યારે પોતે ઝંખવાણું મોઢું કરી નમી પડ્યો. આ વેળાએ ખાનખાનાએ દયાદ્રષ્ટી ઉપર નજર રાખી, જાલોર કે જે તેનું વહાલું વતન હતું તે તેને પાછું આપ્યું.

સને ૯૯૯ હિજરીમાં એક આજ્ઞાપત્રીકા આખા હિંદુસ્તાનના રાજ્યની ઝકાત (ટેક્સ) વિષે પ્રગટ થઈ. જેની નકલ આ પ્રમાણે છે.

## જકાત (ટેકસ) ન લેવા વિષે બાદશાહી ફરમાનની નકલ.

વર્ત્તમાન અને ભવિષ્યના અમલદારો તથા સરકારી રાજ્યના સઘળા અધિકારીઓએ પણ જાણવું કે, હાલ અમારા રાજ્યાસન ઉપર બેસવાના શુભ મુહુર્તને આ સાતમું વર્ષ બેઠું છે, કે જે, આ રાજ્યની લક્ષ્મી તથા ભાગ્યની વસંતરૂતુનો મંદમંદ હાસ્યનો પ્રારંભકાળ છે, અને તમોગુણના પ્રાતઃકાળની પહેલી ઘડી છે. સર્વસાર ફરમાન અને લાભ, પ્રેમપૂર આજ્ઞાપત્ર દિવસથી વધારે પ્રકાશ મારતું ઝકઝક કરતું ફરમાન પ્રગટ થયું. તે એવી મતલબનું કે, મોટો કાયદાસંગ્રહ અને ખુદાઇ કાનુન કે જેથી કરી તે ગ્રહણ કરનાર અધિકારીઓ તેની પેઠે વર્તે. કે જેથી કરી દેશો અને શહેરોનો એટલે દેશીઓ, દેશાટણ કરનારાઓ, ધંધાદારીઓ તથા વહેપારીઓનો બંદોબસ્ત ન્યાયી રાજ્યકર્ત્તાઓના આશરાથી અને ઉદાર દીલના મહાન બાદશાહોની નજરથી તે સરંજામે પહોંચે. તેમાંથી એક કારણ વસુલાત છે, કે જે ઉપર જય મેળવતી સન્યાનો મુખ્ય આધાર છે. સન્યા એ રાજ્યનો મોટો સ્તંભ છે. કેમકે તેઓ સત્તાના રક્ષક, માલમિલકતના સંભાળનારા અને પ્રજાનું રક્ષણ કરનારા છે. કર (જકાત) કે

---

૧ ખાનપુરે જજ સાહેબની જુની કચેરી પાસે એમની દરગાહ છે, અબદુલ્લા સાહેબ તેમના વંશમાં હાલ ગાદી ઉપર છે.

જે જણુસો ઉપર લેવાય છે તે વેચાણુ ખરીદીની દુકાનો તથા બીજે દરેક ઠેકાણેથી લેવાય છે.

સમતુલ્યતા, ડહાપણુ અને પ્રમાણિકપણું રાખનાર પુરૂષો જો પોતાની શુદ્ધ બુદ્ધિ અને સાચી નિષ્ઠાથી નીતિને રસ્તે સદ્વર્તનવાળી વર્તણુંક ચલાવે તો તેમની મનેચ્છાઓ પરિપૂર્ણ થાયછે અને તેઓ સુખી થાયછે. ખુદાની કૃપા છે કે વૃત્તાંતના પ્રારંભથી જે ન્યાયમિશ્ર છે, ઇન્સાફી નિષ્ટા અને અંતરની ખુદાઇ યુક્તિ કે જેમાં ઐશ્વર્યતાનો વાસ છે તેવી બાદશાહની ઇચ્છાઓ સઘળાં સંકટો નિવારણુ અને લૌકીક સુખ સ્થાપન ભણીજ રોકાયેલી રહેછે. પ્રજા ખરેખાત અંતરના સંતાન અને ખુદાની ધરવત છે. કૃતાર્થ કૃપા !!! ચકચકીત પ્રકાશ મારતા ન્યાયને લીધે હિંદુસ્તાન તથા તે શિવાયનું સરકારી બીજું રાજ્ય આજ જાત જાતના લાડ તથા ખુશ વખતીનું સરોવર થઇ ગયું છે અને સમખંડના પ્રવાસીઓનું આશ્રયસ્થાન બની રહ્યું છે.

આ વખતે બાદશાહની મોટી કૃપાના કારણે અને ખુદાઇ પ્રાપ્તિવાળા અંતઃકરણુની દયાને લીધે આજ્ઞા અને પાકો હુકમ પ્રસિદ્ધ થાયછે કે, સઘળી જાતના દાણુા, વનસ્પતિઓ કે જે અહાર અને ઔષધીના કામમાં આવેછે તે, ઘી, તેલ, મીઠું, ખાંડ, જાતજાતની સુગંધીઓ (અત્તર વિગેરે) જાતજાતના કપાસ, રૂ, ઉનનો સામાન, ચામડું, ત્રાંબાના ઘાટ, હગદર, હીમરાની કાઠી, ઘાસ તથા બીજી જણુસો વિગેરે સરંજામ કે જેની ઉપર પ્રજાનો આધાર છે અને નિચ ઉંચ માણુસોના ધંધાની માલમિલકત છે, તેમાંથી ઘોડા, હાથી, બકરાં, ઘેટાં, હથીઆરો તથા હીરકશી લુગડાંઓને બાદ કરી, રાહદારી કર (જકાત) એક સોએકી જે થોડું અથવા વધારે સરકારી હિંદુસ્તાનના રાજ્યમાં લેવામાં આવેછે તેને માફ કરવામાં આવી છે અને કાઢી નાખી છે.

આજ દિનસુધી બાદશાહી અધિકારીઓ તેના જેવાં કામો કરતા હતા. તેઓએ જાણવું કે જોરાવરોનો લુંટનો હાથ ગરીબો ઉપર લાંબો ન થાય અને તુચ્છ બુદ્ધિવાળા બળવંતોના કેર વરતાવતાં પગલાં, ધુળમાં મળેલ તાબાના માણુસોનાં મસ્તક ભેદવા ભણી દોરાય નહીં.

આ વખત એવો છે કે બાદશાહી રાજ્યસત્તા તથા બળનો ભય, મનુષ્યના મનમાં ઠસી બેઠેલો છે, અને ન્યાય તથા દયાનો પ્રકાશ, સૃષ્ટિના તથા રાજ્યોનાં રક્ષણુસ્થળો સંધાઇ જઇ ખુદાનો પાડ માને છે, સઘળી

વસ્તુના હાંસલથી ભંડાર ભરેલા તથા ખજાના ભરપૂર છે; તે સાત વસ્તુઓ કે જે તેમાંથી બાદ થઇ છે ને જે દેશઆબાદીને વાસ્તે જરૂરી છે તે સંપૂર્ણ રીતે માફ કરી છે.

રાજકુંવરો, અધિકારીઓ, નામાંકીત અમીરો, સુબાઓનાં કામ કરનાર મુત્સદ્દીઓ, ગામડાંના અમલદારો, નગરોના જાગીરદારો, ખાલસાના અમલદારો, ગામો તથા કસ્બાના વાંટાદારો, રાહદારીવાળા સઘળા નોકરો, રસ્તાઓની ચોકીવાળાઓ, ખાતાંઓના બંદોબસ્ત રાખનારાઓ, હદોમાં આવેલા જમીનદારો, રાજ્યનો અમલ કરનારાઓ વિગેરે નોકરી ઉપર નિમાયેલા લોકોએ આ ફરમાનની આજ્ઞાઓના વિષયને પૂર્ણરીતે લક્ષમાં લઈ હુકમ ચાલુ કરવાને પાકી ગોઠવણ કરવી અને કાંઇપણ માનવાજોગ આજ્ઞામાંથી મુકી ન દેવાય તે ઉપર પુરતું ધ્યાન રાખવું.

મોટાખાનની હકુમતની વેળાએ દેશાઇઓ, મુખીઓ અને રૈયતે ઘણાખરા પ્રગણામાંથી ફરીયાદ કરી કે બંદોબસ્તના અધિકારીઓ તથા જાગીરદારોના મુત્સદ્દીઓ મેહસુલના સઘળા માલનો ઉપયોગ કરી બસેછે, તે લોકોનો ઉપયોગ થયા પછી રજપુતો, કોલીઓ તથા મુસલમાનો માથું કુટવા લાગી જાયછે, ખેતી તથા તેના હાંસલનો પઠાણોના હાથે નાશ કરાવે છે; આથી રૈયતની પાયમાલી અને સરકારના મેહસુલની કમી થાયછે. આ ઉપરથી બાદશાહની આજ્ઞા થઇ કે, સુબાના દીવાને દેશાઇઓ તથા મુખીઓના અભિપ્રાયથી નીમે નીમ (અર્ધ) બેઉ મથકેથી એટલે ખાલસાના મહાલો અને સરકારી મહાલોમાં હજુરના જાગીરદારો અને સુબાના જાગીરદારો પાસેથી સેંકડે પાંચ ટકા મુજબનું મેહસુલ નક્કી ઠરેલું જાણવું. તે સિવાય બીજી કોઇપણ રીતે વધારાની માગણી કરવી નહીં. તેમજ ચોથા ભાગની જમીન કોલીઓવિગેરેની જુદી કાઢી તેનું મેહસુલ માફ કરી દઈ ભરૂસાદાર ફેલ જામીનો લેવા. જમીનદારોએ ગામડાંમાં દરોબસ્ત સારાં મકાનો બાંધવાં તથા ઘોડાઓને નંબર નાખવા કે જેથી કામની વેળાએ સુબાની હજુરમાં હાજર થઇ સરકારી કામો સરંજામે પહોંચાડે. જે જમીન વેચી હોય તેનું અરધું મેહસુલ ખરીદનાર પાસેથી લઇ લેવું. જેનો સરકારી આજ્ઞાપ્રમાણે અમલ થાયછે. તે વેળાથી દિવસે દિવસે સુબા તાબાના દેશની આબાદી થતી ગઇ.

આ બિના ગુપ્ત રાખવાલાયક નથી. પરંતુ લખવાનું કારણ માત્ર

એજ છે કે, આ સુબાના કામકાજનું છેવટ છેક માઠી દશામાં આવી ગયું છે; તે વિષે દરેક વખતે ચેતવવામાં પણ આવ્યું છે. જે ઉપરથી થોડુંક એમ છે કે, આ દેશના તોફાની–માથાના ફરેલ લોકો કે જેઓ પહેલાંથી ગેરબંદોબસ્તીને લીધે હુલ્લડ મચાવે છે તેનું કારણ એ છે કે, ગુજરાત દેશ પ્રાચીનકાળથી રજપુતો તથા કોલીઓના હસ્તક હતો (તે વિષે પ્રથમ લખાઇ ગયું છે) પણ જે વખતે ગુજરાતી સુલતાનોના વખતમાં મુસલમાનોની પુરી સત્તા બેઠી તે વખતે એ લોકોનું મેહસુલ શિક્ષા તથા શીખામણો દીધા પછી બરાબર વસુલ થવા માંડ્યું. જેથી લાચાર થઇ શરણે આવી તાબેદારી કર્યાશિવાય તેમનો છુટકો નહોતો તેથી તેઓએ શરણે આવી નોકરી તથા માલગુજારીની કબુલતો કરી અને પોતાના વતન તથા ગામોની ચોથ ( જેને ગુજરાતી બોલીમાં વાટો કહે છે ) કે જે ઉપર તેમની જીવીકાનો આધાર હોયછે તે ચોથો ભાગ રાખી ત્રણ ભાગ સરકારી બાદશાહી કે જેને તલપદ કહેછે તેની સાથે સંબંધ રાખવાને બંધાયા, અને તે જમીનદારો કે જેમના તાબામાં ઘણાખરા પ્રગણાં હતાં તેમને નોકરીની શરતે અને લડાઇની વેળાએ મદદની શરતથી દરેક માણસોની યોગ્યતા તથા સત્તા પ્રમાણે, સ્વારો તથા પેયદલો હાજર થવાની શરતથી આપવામાં આવ્યા.

કોલીઓ તથા રજપુતો કે જેઓને જુદાં જુદાં ગામડાંઓમાં વાંટા હતા તેઓ ચોકી પોહોરાની ખબર રાખતા અને પોતાના વાંટાનો ઉપયોગ કરતા; તેમજ ફસલ પાકવાની વખતે પણ જાગીરદારને કંઇ આપતા.

ઘણો કાળ વિતી ગયા પછી કેટલાક રજપુતો તથા કોલીઓ કે જેઓ થોડુંક બળ પેદા કરી પાસેના તથા આસપાસના ગામોમાં ખેતીવાડી વખતે ઢોર લઇ જઇ ખેડુતોને મારી નાખવાના ઝગડા ઉભા કરતા હતા તેઓને તે જગ્યાની રૈયત લાચાર થઈ કેટલેક ઠેકાણે રોકડનાણું દરવર્ષે આપતી અથવા તો એક બે કકડા ખેડવાણલાયક જમીન આપી રાજી કરતી. આ ખાતાંને **ગરાસ** અથવા **દવલ** કહેછે. આ રૂઢી આ દેશમાં ઘણા કાળથી ચાલુ રહી છે અને આ વખતે પણ બંદોબસ્તના અધિકારીઓની અશક્યતાના લીધે છેલ્લી સીમાએ પહોંચી છે. ટુંકમાં એટલુંજ કે ગુર્જર દેશનાં આવી જવલ્લેજ જગ્યા કોઇ પ્રગણામાં હશે, કે રજપુતો, કોલીઓ અને મુસલમાનોને ગરાસ કે દવલ નહીં હોય !

હવે તોફાન, ડકેટી (હુલ્લડ મચાવવું), ચોરી અને દગો આ લોકોના મ્લેચ્છ મન્માં શારિરીક બંધારણના વખતથીજ વ્યાપી રહેલો છે; તેથી જરા સરખી આંગળી મુકવાની જગ્યા મળે, કે ટંટો કરવા ઉભા થઇ જાયછે. આ ઉપરથી ઘણેખરે ઠેકાણે પહેલાંના વખતથી ઘણાખરા અધિકારીઓએ મજબૂત કિલ્લાઓ બાંધ્યા છે અને દરેક જગ્યાએ જરૂરતપ્રમાણે સિપાઇ લોકો મુક્યા છે (એને થાણું કહેછે). પગારની શરતની જાગીર સરકારમાંથી અપાતી, કે જેથી કરી સદાએ ત્યાં વાસ (રહેઠાણ) કરી ટંટો ઉભો થવા દેવો નહીં. હમણાં બંદોબસ્ત ન હોવાને લીધે ધિમે ધિમે ઘણે ઠેકાણે થાણાના કિલ્લાઓ ભંગ થઈ ધરણીએ ઢળી ગયા છે અને કેટલાકમાં તેઓ જઇ રહ્યા છે; સરકારી તલપદ ભાગને વળી કેટલેક ઠેકાણે તો ગરાસના બહાને પચાવી પડેછે અને ઉંચા જમીનદારો કે જેઓ જાગીર ખાતાંના હતા તેઓ અકબર બાદશાહના રાજ્યસુધી નોકરી કરવાની ફરજથી હાજર થાયછે.

આ વખતે સુબો જ્યારે ફોજ ચડાવીને લઇ જાય તો વાંટાદારો કે જેઓ તલપદ દબાવી પડયા છે તેમની પાસેથી પેશકશીના રૂપે તે જગ્યાના લાયક અને અમલદારીના જામીન લેછે, સારા જમીનદારો કે જેમણે નોકરીનો કરાર કરેલો છે તેની પાસેથી પણ પેશકશી લેછે, કેવી રીતે અધિકાર ઉપરના અમલદારનો દિવસ કામમાં આવ્યો! એક રીતે ગેરસલામત થઈ જાયછે કે, સન્યાવિના શહેરના દરવાજા બહાર જવાય નહીં.

લખવા સાર કે, સને ૯૯૯ હિજરીમાં, ઉત્તમ હાથીઓ, ભેટો અને ગુજરાતી માલ જે મોટાખાને મોકલ્યો હતો તે બાદશાહની દષ્ટિએ મુકાયો.

આ વર્ષના બનાવો પૈકી સુલતાન મુઝફ્ફર નહનુની લડાઇ છે. આ સંક્ષેપનો વિસ્તાર એ છે કે, જ્યારે મોટો ખાન ગુજરાતમાં પહોંચ્યો ત્યારે સોરઠનો મોટો જમીનદાર જામ કે જે સદાએ ટંટા બખેડાની વાટ જોઇને બેસી રહેતો હતો તેની ઉશ્કેરણીથી આ વખતે મુઝફ્ફરે એક ટોળી ફરીથી ગુપ્ત એકાંતમાંથી કાઢી લાવી, દંગાઈ લોકો કે જે હમેશાં કંઇપણ નવા બનાવની વાટ જોઇ બેસી રહેછે તેમને ભેગા કરી સુલતાનને મદદ કરવાની હિમ્મત પકડી. સોરઠના હાકેમ અમીનખાન ગોરીનો દીકરો દોલતખાન તથા કચ્છનો જમીનદાર રાજા ખેંગાર એ બન્ને તેને જઈ મળ્યા.

નવાનગરના જામ જમીનદારની ઉશ્કેરણીથી સુલતાન મુઝફ્ફર નહનુનું યુદ્ધ મચાવવું અને તેમાં હારી જવું.

જેથી મોટાખાને ભાગ્યની કઠણ દોરડી (બાદશાહની મદદ) ને ઝાલી અગ્નિને ઓલવવાને તથા પડી ભાગતા લોકોને પકડી લાવવાને હિમ્મત કરી.

તે વાત એટલે સુધી અણી ઉપર આવી ગઇ કે તેના ભાઇઓ, કે જેઓ સુરતમાં જાગીરદાર હતા અને પુત્ર ઇસમાઇલ કુલીખાન કે જે સુબાનો મોટો તેહવીલદાર હતો તેઓએ પણ જુદા રહેવાનું પસંદ કર્યું. બખેડો દૂર કરવાને તે તૈયાર થયો અને જ્યારે વીરમગામમાં પહોંચ્યો ત્યારે અમીનખાન ગોરીનો દીકરો ફતેખાન, હલવદથી ચંદ્રસિંહ જમીનદાર અને મોરબીનો જમીનદાર કરણપાલ આવીને મોટાખાનને મળ્યા. અને તે રૂકનુસલ્તનત (રાજ્યસ્તંભ) નોરંગખાન, સૈયદ કાસિમ અને ખાજા સુલેમાન બક્ષીને એક ફોજની ટુકડી પ્રવેશક સન્યાના રૂપની મોકલી. એ સન્યાએ મોરબીમાં જે શત્રુની ફોજ હતી તેમની સાથે લડાઇ ન કરતાં સલાહની વાતચીત ચલાવી. આથી સામાવાળાને વિકાર અને અભિમાનનું કારણ મળ્યું તેથી લડાઇ કરવાનું નક્કી થયું. મોટાખાન આ ગેરપસંદ વર્તણુંકથી ખીજવાઇ ગયો. જોકે તેની સાથે દશહજાર સ્વારોથી વધારે નહોતા અને શત્રુઓ ત્રીશહજાર કરતાં વધારે હતા તોપણ દુસ્મનોનો વધારો હિમ્મતની આંખોમાં ન લાવતાં સન્યા સમારવામાં ગુંથાઇ ગયો. મુઝફ્ફરે પણ અભાગીઆઓને ભેગા કર્યા. ગુજરાતીઓ તથા હુલ્લડકર્ત્તા રજપુતોનાં ટોળાંના લસ્કરને લઇને હિમ્મતથી આગળ પગલાં ભર્યાં. આ સમયે ભારે વરસાદ બે દિવસ સુધી દિવસે તથા રાત્રે મુસળધાર વરસતો રહ્યો. શત્રુઓ ઉંચી જગ્યાએ જામેલા અને બાદશાહી લસ્કર નીચાણમાં હતું. ભારે વરસાદને લીધે ખોરાકી સરકારી સન્યાને ઓછી પહોંચી હતી. ઓછી ખોરાકીને લીધે તથા વરસાદના કારણથી છેક લેવાઇ ગયા હતા. મોટાખાને લડાઇની સલાહ ન જોઇ તેથી જામની રાજધાની નવાનગર તરફ કુચ કરી કે જેથી ખોરાકી હાથ લાગે તથા શત્રુઓમાં ફુટફાટના પથરા પણ નંખાય. જેથી ચાર ગાઉ ઉપર એક આબાદ જગ્યામાં જઈ ત્યાં બાદશાહી લસ્કરની છાવણી નાખી ત્યાંથી દાણ ઇત્યાદી બીજા પ્રકારની ઘણી લુંટ સિપાઇઓના હાથ આવી અને શત્રુઓના લસ્કરના ઘણાખરા લોકો નાસી ગયા. તેથી મુઝફ્ફર બેઉ સન્યાના ઉતારાની વચમાં આવેલી નદી ઉપરની હવેલીમાં જઇ ઉતર્યો.

બીજે દિવસે બેઉ તરફના માણસોએ હારબંધી કરવા માંડી અને

જવાંમરદીથી એક બીજાની સાથે લડવામાં ગુંથાઇ જઇ ઘણી બહાદુરી દેખાડી. રજપુતો ઘોડા ઉપરથી હેઠળ ઉતરી દરેક જણ કમર બાંધી સિકંદરની દીવાલની પેઠે ઉભા થઈ ગયા અને તીર તલવારો નકામા થઇ જવાથી એક બીજામાં ભળી જવાના કારણથી છરી અને ખંજરોનો મારો ચાલવા લાગ્યો. આ વેળાએ બહાદુર **અલતમશ** ટુકડીએ **બરનગાર** ફોજથી મળી જઇ, શત્રુ સન્યાને પકડી પાડી ધુળધાણી કરી નાખી અને મોટાખાન જે વીણી કાઢેલા લસ્કરની સાથે જુદો પડી લાગમાં વાટ જોતો હતો તે એકદમ દુશ્મનો ઉપર આવી ચડ્યો. **મેહરાવલ** ભ્રાત તથા બે પુત્રો અને પાંચસો રજપુત સ્વારોની સાથે એકજ ઠેકાણે પડ્યા. મુઝફ્ફર તથા જામ ભારે ગભરાટના લીધે નાસવા મંડી ગયા. દોલતખાન ઘાયલ થઇ જુનાગઢ ગયો, મોટાખાનને ભારે જય મળ્યો, શત્રુ સન્યામાંથી બેહજાર માણસો ભોંય ઉપર મરેલા પડ્યા હતા, અને સરકારી નોકરોમાંથી બસે માણસ મરણ પામ્યા અને લગભગ પાંચસો માણસો ઘાયલ થયા હતા. સાતસો ઘોડા હાથ આવ્યા અને રોકડ તથા જણસ વિગેરે ભારે લુંટ સરકારી નોકરોના હાથ લાગી. જય તથા જીતના ઝંડા ઉંચા કર્યા પછી મોટાખાન નવાનગર તરફ ગયો. સુલતાન બહાદુર તથા જામ પર્વતોની ખીણમાં જઈ ભરાયા. મોટાખાન જાતે ત્યાં રહી ગયો અને નવરંગખાન તથા <u>સૈયદ કાસિમને</u> એક ફોજની સાથે જુનાગઢ લેવાને મોકલ્યો. આ વખતે રણસંગ્રામમાંથી અમીનખાનનો દીકરો દોલતખાન ઘાયલ થઇને આવેલો હતો તે શરણે આવ્યો અને કિલ્લાવાળા લોકો કરાર તથા આશરાની દરખાસ્ત કરીને બહાર નિકળ્યા. એજ વખતે તેઓની પાસે મુઝફ્ફર આવી પહોંચ્યો. તેથી કિલ્લાવાળા લોકોને બીજી શંકા ઉત્પન્ન થઇ. ત્યારે મોટાખાન તે જગ્યાથી ખુલ્લા દીલે મચી જઇ પોતાની જાતે કિલ્લો જીતવાને તત્પર થયો. મુઝફ્ફર કિલ્લેબંધ થવામાં ડહાપણ ન ધારતાં બહાર નિકળ્યો અને એવી ગપ ચલાવી કે પોતે અહમદાબાદ ગયો છે. મોટાખાને પોતાના દીકરાને થોડીક ફોજની સાથે તેની પુંઠે જવાનો હુકમ કર્યો અને પોતે કિલ્લાને ઘેરો ઘાલવામાં રોકાયો.

આ વખતે એવી ખબર મળી કે જામ ખાખીઆથી નિકળી પોતાને ગામ જાયછે. મોટાખાને તેને ભેટવાની ઇચ્છાથી એકદમ કુચ કરી, પરંતુ અભાગી આગળ વધી ગયો હતો. મોટાખાન મુસાફરી તથા થાકથી

**આસાયશ** લેવા આ વર્ષે જુનાગઢ જીતવાના હેતુથી લશ્કર હઠાવી લઇ **અહમદાબાદ** તરફ પાછો ફર્યો અને થોડાક વખત સુધી અમીરો જાગીરોમાં આરામ પામ્યા.

સને ૧૦૦૦ હિજરી અને ઈ. સ. ૧૫૯૧ માં મોટાખાને બીજીવાર સન્યા સમારી જુનાગઢના કિલ્લાને જીતવાને અને શત્રુઓને શિક્ષા દેવાને હિમ્મતથી પગલાં ભર્યાં. જામનો કુંવર જલાલખાન, ગાઝીખાન તથા મલેક હસન આવી મળ્યા અને **ઘોઘા બંદર, માંગરોલ** તથા **સોમનાથ** વિગેરે સોળ બંદરો સહિત લડ્યાવગર કબજે થયાં અને ત્યાંથી **જુનાગઢનો** કિલ્લો કે જે અમીનખાન ગોરીના કબજામાં હતો તે જીતવાને ગયો અને તેની આસપાસ મોરચાબંધી કરી શત્રુની હિમ્મત તોડી નાખી. નવરંગખાનને કિલ્લામાં જે વાટે ખોરાકી તથા મદદ પહોંચતી હતી તે વાટ ઉપર નિમ્યો. જોગજોગે કિલ્લામાં લાય લાગી અને તેમાં કિલ્લેદારી તથા ખોરાકીનો ઘણોખરો ભાગ બળીને ભસ્મ થઇ ગયો. તોએ દરરોજ એકમણી તથા પાંચમણી ગોળાઓ તોપોમાં ભરી છોડતા હતા. સરકારી નોકરો એક નાની ધાર, કે જે કિલ્લાની પાસે છે ત્યાં કિલ્લો બનાવી ઘણી તોપો તેની ઉપર લઈ ગયા અને કિલ્લામાં ગોળા નાખવા માંડ્યા. આથી શત્રુઓમાં ભારે ગભરાટ ઉભો થયો જ્યારે ઘેરાયેલ લોકો છેકજ લાચાર બની ગયા ત્યારે તેઓએ કોલકરાર કરી કિલ્લાની કુંચીઓ સ્વાધીન કરી દીધી.

જુનાગઢના કિલ્લાની ફતેહ.

હવે નવરંગખાન, અમીનખાન વિગેરે સારા સારા પચાસ આબરૂદાર જણને લઇને મોટાખાનની સેવામાં આવી હાજર થયો અને તે રાજ્યસ્તંભે (મોટાખાને) દરેકને તેની આબરૂપ્રમાણે ઘોડા, પોશાક તથા જાગીરો આપી રાજી ખુશી કર્યા. આ એક બાદશાહના રહેવાનો ઓહોળો દેશ ફતેહ થયો.

જ્યારે જુનાગઢના કિલ્લાની જીત થઈ અને સઘળો દેશ કબજે થયો ત્યારે તે દેશના જમીનદારો શરણે આવી તાબેદાર બન્યા. હવે મજકુર કિલ્લો સોરઠદેશ સરકારી રાજ્યમાં જોડાયો તેથી તે જમીન અને કિલ્લાનું નામ પાડવાનું કારણ શું હશે તેનું ટુંક વર્ણન લખુંછું.

એ જાણવું જોઇએ કે મજકુર ઓલખ પશ્ચિમ તથા દક્ષિણ દિશા ખારા સમુદ્રથી જોડાયેલી છે. પૂર્વ દિશાએ ઝાલાવાડ અમદાવાદથી

વીશ ગાઉ ઉપર આવેલ છે અને ઉત્તર દિશાએ ઠકુાનો સુબો છે તથા કાળી પહાડી ધરતી છે અને તેમાં ઢેકાલા છે, ત્યાં થોડાક છાંટા પડ્યા પછી તે લપસણી માટી થઇ જાયછે અને તેમાંથી રસ્તો મેળવવો તે ઘણું કઠણુ કામ છે. તેમાં ફળફળાદીનાં કે બીજાં કંઇપણુ ઝાડપાન નથી. પરંતુ કેટલાક ડુંગરોમાં તથા વસ્તીઓમાં આંબા, રાયણુ, આંબલી તથા બાવળની ઝાડી હોયછે અને કચ્છી ઘોડા ત્યાં ઉછેરાય છે. તેમાં જુદી જુદી નાત જાતના લોકો રહેછે, રજપુત તથા કોળીઓની વસ્તી છે અને ભાલાવાળા લુંટ માર કરતા સ્વારો કે જે ઘોડાઓના બળના લીધે કે જેઓ વિજળીસમાન છે. ઠકેટી કરવાનો લાગ મેળવ્યાથી આવજાવ કરેછે તે સ્વભાવિક રીતના ડાકુઓનો ધંધો કરેછે, અહીં લશ્કર લઇ ગયા શિવાય મેહસુલ લેવાય છે. આ દેશમાં આવી ભરાય છે, એમાં જુદા જુદા નામના કેટલાક જીલ્લાઓ છે. હાલાર, સોરઠ, ગોહેલવાડ તથા બાબ-રીઆવાડ. તેમાં બંદરો અને નાના મોટા મુસાફરખાના તથા મોટા મોટા નવા કિલ્લાઓ છે, હિંદુઓનાં તિર્થો છે જેમકે દ્વારકાં, સોમનાથ તથા શેત્રુંજા વિગેરે એવાં અગણિત કે જે લખવાથી લંબાણુ થઇ જાય અને ખરીફ કરતાં રવી પાકમાં દાણા વધારે નિપજે છે. જમીનના જોરને લીધે ખેતીની વેળાએ તરતજ વાવણીની જરૂર નથી. ઘઉં તથા ચણા વરસાદ વિત્યાપછી વાવે છે.

હવે ભોંય જો ભેજવાળી હોય તો થોડાં પાણીથી તૃપ્ત થઇ જાયછે અને તેને ઝાકળની મદદ મળેથી ભીનાશ વધી કાર્ય સિદ્ધ થાયછે ત્યાં ઝાકળ વધારે પડેછે. પશુઓના ખાવાના દાણાની ઉપજ થોડી છે તે ત્યાં થતા નથી. ઉત્તમ પ્રકારના કાઠા ઘઉં ઘણા સારા નિપજે છે. એ દેશ જોવાલાયક છે.

સુલતાન એહમદ અહમદાબાદ વસાવનાર બે વખત તે દેશ જીતવાને ગયો પરંતુ કંઇ બની શક્યું નહીં. તોપણ સને ૭૦૦ હિજરીમાં સુલતાન મેહમુદ બેગડે રાય મંડલીકથી લડાઇ કરી એક કિલ્લો બાંધી તેનું નામ મુસ્તફાઆબાદ રાખ્યું હતું. એનું પૂર્ણ વર્ણન મિરાતેસિકંદરીમાં કરેલ છે અને જુનાગઢ નામ રાખવાનું કારણુ ભરૂસાદાર સોરઠીઓ એવી રીતે બતાવે છે કે સોરઠના રાજાના વખતમાં કે જેનું નામ મંડલીક હતું. એહમદા-બાદવાળા સુલતાન મેહમુદના વખતમાં જે મંડલીક હતો તેની સાથેના

**હિંદુ** લોકોને ૯૦૦ વર્ષ થયાં હોય એમ બતાવે છે. તેઓ એક પછી એક પેઢીથી ઉતરતા ત્યાંનું રાજ્ય કરતા હતા. તેમની રાજધાનીની જગ્યા જુનાગઢથી પાંચ ગાઉને અંતરે **વણથલી** નામનો કસ્બો હતો અને તેની આસપાસ ઘણું બિહામણું જંગલ હતું. એક ફારસી કવિ તે વિષે લખે છે કે:—

ઝિ બસ બુદ્દસ્ત બિસ્યારી ઝિ અશજાર,
નમુદે રોઝે રોશન ચું શબેતાર.
બનોએ બુદ તારીક આં બ્યાબાં,
કે ગુમ ગશ્તે દરાં ખુરશી દે તાબાં.

**અર્થ**—ભારે ઝાડોનું તે વન હતું, કે ચળકતો દિવસ તેમાં અંધારી રાત સરખો રહેતો, તે વન એટલું અંધકાર હતું કે, ચળકતો સૂર્ય પણ તેમાં ખોવાઇ જતો.

**દોહરો.**

વનવગડાની ઝાડીઓ ખરે અંધકાર ભરપૂર,
પ્રકાશિત દિવસ જ્યાં કાળી રાત જરૂર,
પ્રકાશિત સૂરજ કદી ભુલે ચુકે જાય,
જડે નહીં શોધે કદી એવો તે ખોવાય.

જોગજોગે એક લાકડાં વાઢનાર ઘણી મહેનતે ભારે ચાલાકીથી તેમાં પેઠો અને ધિમે ધિમે ત્યાંસુધી ગયો, કે કિલ્લો અને તેના દરવાજાનાં ચિન્હો તેના જોવામાં આવ્યાં, ત્યાંથી તે પાછો ફર્યો અને જે કંઇ જોયું હતું તે સઘળું રાજાને કહી સંભળાવ્યું. તે લાકડાં કાપનારના કહેવા પ્રમાણે ઝાડી કાપવા માંડી અને ઠેઠ સુધી પોહોંચ્યા. ત્યાં એક નવાઇ જેવો કિલ્લો દીઠો, કે જે **ગિરનાર** પર્વતની પશ્ચિમ તળેટીમાં બાંધેલો હતો. એવો કિલ્લો કે જેનું મથાળું આકાશે લાગેલું અને આસપાસથી તેને દિવાલો કરેલી હતી. તેની ઉપર કાંગરા કાઢેલા હતા, તેને ત્રણ દરવાજા હતા. એક પૂર્વ ભણીનો, બીજો પશ્ચિમ તરફનો અને તે દરવાજાઓમાં બીજો ભીતર દરવાજો અને એક ઉત્તર તરફનો દરવાજો કે અંદર આવવાની વખતે તેમાં થઇનેજ જવું પડે. તેની અંદર બે ઉંડા કુવા છે. એકનું નામ **નવખંડ** અને બીજો **અંકોલીઆ** અને બે વાવો કે જેમનાં નામો **અડી** તથા **ચડી** છે. રાજા મંડલીકે તે કિલ્લો બનાવનાર રાજાઓનાં નામો તથા એંધાણીઓ ત્યાંના જુનામાં જુના માણસોને પૂછયાં;

પરંતુ તે સર્વ લોકોએ પોતાનું અજાણપણું બતાવ્યું. તેથી મજકુર કિલ્લાને **જુનાગઢ** કહેવા લાગ્યા. કેમકે ગુજરાતના લોકોની ભાષામાં પ્રાચિનને જુનું કહેછે અને ગઢ એટલે કિલ્લો. તે દિવસથી મજબૂત થઇ તે દેશનું રાજ્ય કરવા લાગ્યા.

મોટાખાનના પ્રયત્નથી ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફર નહનુનું પકડાવું અને આપઘાત કરવું.

જુનાગઢ ફતેહ કર્યા પછી મોટાખાને મુઝફ્ફરની શોધ અને પકડવાને પૂરતી હિમ્મત કરી. આ વેળાએ એવી ખબર મળી કે તે દ્વારકાનાં તિર્થ આગળ **હારદ** દેશમાં જઇ ભરાયો છે, તેથી **નવરંગખાન, ગુજરખાન, નિઝામુદદીન એહમદ** તથા પોતાના પુત્ર **મુહમ્મદ અનવરને** યોગ્ય લશ્કરની સાથે તે તરફ મોકલ્યો. તે જયવંત લશ્કર દ્વારકાએ જઇ પહોંચ્યું. હવે તે તિર્થ કે જે હિંદુઓનું મોટું ધામ છે તેને વગરલડે ક્ષેમ ક્ષેત્ર બનાવી, એક ટુકડી ત્યાં મુકી આગળ વધ્યા. ત્યાંના જમીનદારને આ ચઢાઇની ખબર મળવાથી તેણે મુઝફ્ફરને તેના પુત્રપરીવારસહિત એક હોડીમાં બેસાડી એક ઘણાજ મજબૂત સહિસલામતીવાળા બેટની અંદર મોકલી દઈ પોતે યુદ્ધ કરવા માંડ્યું. હવે યુદ્ધ પૂર્ણરીતે ચાલવા માંડ્યું, પરંતુ તેમાં તે જમીનદાર હાર પામી નાસવાથી તે તેની પાછળ પડયો અને શૂરાઓ પણ તત્પર થઇ તેની પુંઠે પડ્યા. નાસ ભાગની જમીન ઘણીજ વિશાળ ખાડા ખડબચડાવાળી હોવાથી સ્વાર થઇ દોડવાનું બની શકતું નહોતું તેથી પેયદળ બની જઇ અરસપરસ શત્રુઓ બાથ ભરી સંધ્યાકાળસુધી માર કાપરૂપી અગ્નિની ઝાળો વરસાવતા હતા. તેમાં છેવટે તે અકર્મી ( જમીનદાર ) મરણ પામ્યો તેમજ તેના કેટલાક માણસો પણ માર્યા ગયા. મુઝફ્ફર આ માઠો હાલહવાલ જાણી તે રસ્તે થઇ કચ્છના જમીનદારને શરણે ભારામાં જઇ તેનો આશરો લીધો.

મોટાખાને જુનાગઢમાં આ ખબરથી વાકેફ થઇ પોતાના દીકરા અબદુલ્લાને ફોજની એક ટુકડીની સાથે તે ભણી નિમ્યો. જામે ઘણી સંભાળ અને સાવચેતીથી પુત્રો તથા પરીવારસહિત રસ્તામાં અબદુલ્લાખાનને આવી મળી સરકારી શુભેચ્છક પ્રમાણે કોલકરાર કર્યો; તેમજ કચ્છના જમીનદારે પણ પોતાના આડતીઆ મોકલી નમ્રતા તથા નરમાશથી કબુલ કર્યું કે મારા કુંવરને હું સરકારી સેવામાં મોકલીશ. મોટાખાને

તેના કહેવા ઉપર ભરૂસો ન રાખતાં કહ્યું કે, જો તમે સરકારનું પૂર્ણ ભલું ઇચ્છનાર હો તો **મુઝફ્ફરને** અમારે સ્વાધીન કરો. તે થોડી બુદ્ધિવાળો માણસ એમ ધારતો હતો કે જમીનદારોના કાલાવાલાની રૂઢી પ્રમાણે થોડાક દહાડા ગાળવા; પરંતુ મોટાખાન એ વાત ઉપર ચડી ગયો કે, તેની જગ્યા જામને આપી થોડાક લશ્કરથી તેને મદદ આપવી.

આ યુક્તિથી તે જમીનદારની હિમ્મતરૂપી ઈમારત પાયાથી પડી ગઇ અને ગભરાઇ જઇ સંદેશો મોકલ્યો કે **મોરબી** પરગણું કે જે અસલથી મારૂં છે તે મને આપો તો હું **મુઝફ્ફરને** હવાલે કરી દઉં. મોટાખાન ખરા મનથી એનાઉપર રાજી થયો અને **મનકલા** લશ્કર પૈકી કેટલાકને, મુઝફ્ફરને પકડી લાવવાનેવાસ્તે તેની પાસે મોકલ્યા. તે જ્યાં મુઝફ્ફર હતો ત્યાં તેમને દોરીને લઈ ગયો અને એવું કહાવ્યું કે **ભારા** તમને ભેટવાને આવે છે. પોતાની સંતાવાની જગ્યામાંથી મુઝફ્ફર પણ લેવાને આવ્યો. જયવંત લશ્કરના શૂરાઓ ચારે તરફથી ભેગા મળી, તેને કેદ કરી રાતો રાત ઘોડાની લગામ પાછી મરડી ઘણીજ ઉતાવળે ઉપડી ગયા. બીજા દિવસે સહવારે મુઝફ્ફર સ્નાન તથા દિશાએ જવાનું બહાનું કરી સ્વારીથી હેઠળ ઉતર્યો અને એક ઝાડના ઓઠામાં જઇ, જે અસ્ત્રો તેણે પોતાની સુરવાળ ( ઇજાર ) માં છુપાવી રાખ્યો હતો તે પોતાના કંઠ ઉપર મુકી સંસારી ખટપટથી પરવારી ગયો (મરણ પામ્યો). જીવતાં સુધી તે શરણે ન આવ્યો.

મોટાખાને તેના મસ્તકને નિઝામુદ્દીન એહમદની સાથે બાદશાહી રાજ્ય દરબારમાં મોકલાવી દીધું અને આ બનાવ **ધરકા** ગામ (કે જે કચ્છથી પંદર ગાઉ ઉપર મોરબી ભણી છે ) આગળ બન્યો. સને ૧૦૦૦ હિજરી, અને ઇ. સ. ૧૫૯૧

હવે જુનાગઢના કિલ્લાની જીત તથા મુઝફ્ફરનું મૃત્યુ થયું તેથી તેમજ મોટાખાનની હિમ્મતના જોરને લીધે ખારા સમુદ્રના કાંઠા સુધી સર્વ સ્થળે શાન્તિ પ્રસરી ગઇ.

જ્યારે જુનાગઢની ફતેહ અને મુઝફ્ફરના મરણની ખબર દરબારમાં પહોંચી ત્યારે મોટાખાનને દરબારમાં બોલાવવાની એક આજ્ઞાપત્રિકા પ્રગટ થઇ. તે આ કે, મોટી ફતેહો મેળબ્યા છતાં કેટલાંક કારણોના લીધે (જેમનું વર્ણન આ ઠેકાણે કરવું યોગ્ય નથી.) તે વહેમાઈ જઇ પોતે

મક્કે હજ કરવા માટે મોટાખાનનું જવું.

જાતે હજુર દરબારમાં જવાનો નિશ્ચય કરી શક્યો નહીં; અને ફીરંગીઓથી **દીવ** જીતી લેવાનો મનસુબો છે એવું બહાનું કાઢયું.

પ્રથમ નવરંગખાન, ગુજરખાન અને ખાજા અશરફ કે જે બાદશાહી અમીરો પૈકી સંગાથે હતા તેમને તેમની જાગીરમાં જવાની રજા આપી. તે પછી બંદરોના અમલદારોને લખી મોકલ્યું કે, વહેપારીઓને દીવબંદર જવા આવવા દેવા નહીં. તે આ હેતુથી કે ફિરંગીઓને થકવીને તેમની સાથે કરારનામું કરવું. ત્યરબાદ તે દેશના બે જમીનદારોને તેણે એવી રીતે કહ્યું કે સિંધના માર્ગથી દરબારમાં જઈશ. ત્યાંથી પાટણ તથા સોમનાથમાં પહોંચી મીર અબ્દુરરઝાક બક્ષી તથા સૈઇદિ બાયઝીદ દીવાનને કેદ કર્યા; કેમકે રખેને એમનાથી કંઇ તોફાન રચાય! અને સિપાહીઓને વચન આપી કહ્યું કે મને જવાની તસ્દી આપશો નહીં. આ વખતે ફિરંગીઓનું કરારનામું પણ આવી પહોંચ્યું. વેરાવળ બંદરથી **ઈલાહી** નામનું વહાણ કે જે તેણે બંધાવ્યું હતું તેમાં મોસમ નહીં હોવાથી સમુદ્રમાં તોફાનથી કોઇની હિમ્મત ચાલતી નહોતી. સને ૧૦૦૧ હિજરી–ઇ. સને ૧૫૯૨ માં કુટુંબ પરીવાર, દાસ દાસીઓ અને સો નોકરો કરતાં વધારે માણસોને સાથે લઇ સ્વાર થઇ, જે લઈ જઈ શકાય એવી માલમિલકતને વહાણમાં સાથે લઈ ખુદાઇ ધામ (મક્કા) જવાને ઇરાદે રાજ્યવૈભવને તરછોડી સરકારી હોદ્દા તથા અમીરીનો ત્યાગ કરી શૂરભેર પગલાં સત્યમાર્ગનિષ્ટામાં ભરવા માંડયાં.

જે દિવસે તે વહાણમાં બેસવા જતો હતો તે દિવસે સઘળી સૈન્યા તથા નોકરો કાંઠાઉપર ઉભા રહી નગારાં વગાડી માન આપતા હતા; પરંતુ તે તૃપ્ત મનનો માનવી સઘળાથી બેદરકાર થઇ શિક્ષા (ધડો) લેવાની આંખથી જોતો હતો અને આવા મનસુબામાં કંઇપણ ભંગ પડવા દેતો નહોતો. તે દિવસે તેણે બક્ષી તથા દીવાનને કેદખાનામાંથી છુટા કરી તેમની માફી માગી. જ્યારે આ ખબર શ્રી બાદશાહના શ્રવણે પહોંચી તો તેના મન ઉપર ભારે અસર થઇ પડી. હવે તેનો મોટો દીકરો **શમસુદ્દીન હુસેન** કે જે સરકારી હજુર નોકરીમાં હતો તેને એકહજારીની સત્તા મળી અને બીજો દીકરો કે જેનું નામ **શાદમાન** હતું તેને પાંચસોની નિમણુંક મળી અને ગુજરાતના સુબા તરીકે રાજકુંવર **સુલતાન મુરાદ**ને નિમવામાં આવ્યો.

# આઠમો સુબો સુલતાન મુરાદ.

હિજરી ૧૦૦૧-૧૦૦૯ ઇ. સ. ૧૫૯૨-૧૬૦૦

સૂરજસિંગની નાયબી, બાયઝીદની દીવાની અને મુઝફ્ફરના દીકરા બહાદુરનું બહાર પડવું.

પ્રથમ સુલતાન મુરાદને દક્ષિણની ચઢાઇ ઉપર નિમ્યો હતો અને તેથીજ તે લસ્કર ભેગું કરવાને માળવામાં થોભ્યો હતો. સને ૧૦૦૧ હિજરીમાં મોટાખાનની મક્કે જવાની ખબર મળ્યા પછી ગુજરાતની સુબેગીરી આ રાજ-કુંવરની તેવીલમાં સોંપવામાં આવી; અને તે સાથે આજ્ઞા થઇ કે માળવેથી તમારે અહમદાબાદ જવું અને ગુજરાતમાં દક્ષિણની ગોઠવણ કરી ગુજરાતી સિપા-હીઓ તથા માળવાના સઘળા જાગીરદારોની સાથે રવાને થવું.

સને ૧૦૦૨ હિજરીમાં મોટોખાન મક્કે હજ કરી પાછો ફર્યો અને ગુજરાતમાં પાછો ફરી રહેવાને મનસુબે હજુરમાં પહોંચ્યો. સને ૧૦૦૩ માં જ્યારે રાજકુંવર દક્ષિણ તરફ ગયો હતો ત્યારે હજુરથી નાયબી તથા અમલદારી લઇ સૂરજસિંગ માન પામી અહમદાબાદ આવ્યો.

સને ૧૦૦૫ માં મુઝફ્ફરનો દીકરો બહાદુર યુદ્ધ કરી હાર પામ્યો. તેનું વર્ણન એમ છે કે, જ્યારે મુઝફ્ફર સરકારી નોકરોની હિમ્મતરૂપી તલવારથી નાશવંત થયો ત્યારે તે પોતાની પાછળ બે દીકરા તથા બે દીકરીઓ મુકી ગયો હતો. તેઓ જમીનદારના આશ્રયતળે ઉછેરાયાં. આ વખતે ગુજરાતના જાગીરદારો દક્ષિણની ચઢાઇમાં તે નાતીમાં હતા. આ લાગ જોઇ તેનો મોટો દીકરો બહાદૂર બહાર પડયો અને તોફાન તથા બખેડાના ઝંડા ફરકાવવા મંડયો. આવા બનાવની વાટ જોઇ બેસી રહેલા લુચ્ચાઓની ટોળીઓએ પણ તેને વીંટી વળી કસ્બા તથા ગામડાં લુટવા માંડયાં. તેની સાથે લડવાના ઇરાદે રાજા સૂરજસિંગ અહમદાબાદ તરફ કુચ કરી ગયો. બેઉ બાજુના લસ્કરે લડવા માંડ્યું. તેમાં જોકે યુદ્ધ બરાબર મચ્યું પરંતુ બાદશાહના અવિચળ ભાગ્યને લીધે શત્રુઓ હારી ગયા; અને બહાદુર પોતાના અપ્રસિદ્ધ ખુણામાં સંતાઇ ગયો.

સને ૧૦૦૮ માં સુલતાન બહાદુર ગુજરાતીના વખતથી ઇખતીઆર-ખાન, અલગખાન તથા મરજાન વિગેરે યાકુત સુલતાનના દીકરાઓને સોંપેલો આસીરનો કિલ્લો સરકારી રાજ્યમાં જોડાઇ ગયો.

સને ૧૦૦૩ માં રાજકુંવરના કવખતના મૃત્યુનો બનાવ દક્ષિણમાં

બન્યો. આ શાહજાદાના આગ્રહથી ગુજરાતની સુબેગીરી ત્રીજીવાર મોટાખાનને આપવામાં આવી.

---

## નવમો સુબો મોટોખાન મિરઝા અઝીઝ કોકલતાશ.

### ( ત્રીજીવાર )

સને ૧૦૦૯–૧૦૧૫ હિજરી.

મોટોખાન હજુર શ્રી બાદશાહથી સુલતાન મુરાદના મૃત્યુના લીધે ગુજરાતની સુબેગીરી ઉપર ત્રીજીવાર સને ૧૦૦૯ હિજરીમાં નિમાયો હજુર આજ્ઞા પ્રમાણે તેના દીકરા શમસુદ્દીન હુસેન કે જેને જાતની બેહજારીની નિમણુંક હતી તેને સુબાનો નાયબ ઠરાવવામાં આવ્યો અને તેના બીજા દીકરા **ખુર્રમ**ને સોરઠની ફોજદારી બક્ષવામાં આવી.

સને ૧૦૧૧ હિજરીમાં ગુર્જર દેશ મોટાખાન તથા તેના પુત્રોની તેવીલમાં પગાર પેટે હજુર આજ્ઞાથી અપાયેલો હતો તેથી ખાનની અરજ ઉપરથી **શમસુદ્દીન હુસેન**ના બદલાયાથી તેનો છોકરો **શાદમાન** અહમદાબાદનો નાયબ ઠર્યો અને **અબ્દુલ્લા** જુનાગઢનો હાકેમ ઠર્યો. શાદમાનની નિમણુંક અસલ તથા વધારો મળી સત્તરસેંની જાતની અને પંચસો સ્વારો અને અબદુલ્લાની એકહજારી જાતની તથા સાત સ્વારોની હતી, એવી રીતે આબરૂ પ્રમાણે નિમણુંક કરવામાં આવી.

શમસુદ્દીનની નાયબી, ખાનસાહેબની અરજ ઉપરથી શમસુદ્દીન હુસેનની જગ્યાએ સૈઇદ બાયઝીદની દીવાની અને તેના દીકરા શાદમાનની સુબાની દીવાની તથા અકબર બાદશાહનું આ નાશવંત સંસારમાંથી રવાને થવું.

એજ વર્ષે **ખંભાતબંદર**ના સઘળા મેહસુલમાંથી એક લાખ રૂપીઆ શાહજાદા સલીમ (જહાંગીર)ને ઇનામ દાખલ દરવર્ષે આપવાનો ઠરાવ થયો.

ખુદાઇ ઇચ્છાથી સને ૧૦૧૪ હિજરી, બુધવાર જમાદીઉલ આખરની ૧૨મી તારીખે અકબર બાદશાહ આ નાશવંત સંસાર છોડી ખુદાના દરબાર ભણી કુચ કરી ગયા. ઇ. સ. ૧૬૦૫.

---

# નુરૂદ્દીન મુહમ્મદ જહાંગીર બાદશાહનું રાજ્ય.

## દશમો સુબો કલીચખાન.

સને ૧૦૧૪-૧૦૧૫ હિજરી.

કર્મપત્રિકા કે જે જહાંગીરી રાજ્યના પહેલે વર્ષે પ્રગટ થઇ, તે વર્ષ ૧૦૧૪ હિજરી હતું. ( જણાય છે ) તે વખતે ગુજરાતની સુબેગીરી **કલીચખાન**ના નામ ઉપર આવી. આ કલીચખાન બેહજારી જાતની નિમણુંકનો ધણી હતો. કદાચ તે આ સુબામાં નહીં પણ આવ્યો હશે. તેને કેટલાક દિવસ પછી લાહોરની સુબેદારી ઉપર નિમવામાં આવ્યો. જહાંગીરી રાજ્યની વખતે એક આજ્ઞાપત્રિકા રાજ્યદરબારમાંથી અમલ થવા માટે સુબાઓ ઉપર મોકલવામાં આવી હતી, તેમાં બાર પ્રકરણ છે. તે આબેહુબ જેવી રીતે શ્રી બાદશાહે કામ કરવાને જાતે લખી છે તેની નકલ આ નીચે છે:—

## જહાંગીરી જાપતાઓ.

૧. જળ માર્ગ ઉપર લેવાતું મેહસુલ તથા રાહદારી અમે મુદલ માફ કરી દીધેલ છે, કે જે અમારા મરહુમ પિતાના વખતમાં દરવર્ષે હિંદુસ્તાનના તોલથી સોલસો મણ સોનાની બરાબર, તથા એરાકી તોલથી સોલ હજાર મણ સોનાની બરાબર થાયછે તે આ પ્રજાને માફ કરવામાં આવી છે.

### કવિત.

બહિમ્મતવાં ઇં ચુનીં નામ યાફ્ત,
બે ન કુના નામ અંદર અયામ યાફ્ત;
કે હર ગુનાહ બક્ષિશ બર આલુદ નામ,
નિકો નામ ગરદદ બરે ખાસો આમ;
શનીદમ કે યક સાઇલે દરગુઝર,
તમન્નાએ ઝર કર્દ અઝ ઝાલ ઝર;
બસાઇ લબદાદ ઓ ઝિદીના રસદ,
બદો ગુફ્ત રૂસ્તમ કે પીરે બિરદ;
કરમ કો રવાં દર બુરે નામ નેસ્ત,
કરમ દારરા દર દિલ આરામ નેસ્ત;
બવક્તે કરમ આં ચુનાં કુન કરમ,
કે અબરે બહારી બબારદ દિરમ;

કરમદારી એ ખલ્ક અઝ મરદુ મીરત,
કસેરા કે હરદો બુવદ આદમીરત;
નિશાના કે નામે બુવદ દર જહાં;
કરમ કુન કે નામત બુવદ દર નિહાં,
કરમ યાદગારીસ્ત દરરોઝે ગાર,
બુકુન જહદ તામાન દઇં યાદગાર;

૨. ચોર તથા લુંટારા લોકો પ્રજાના માલને લુંટી લઇ જાયછે અને તે જગ્યાના માણસો જેની ચોરી થઇ હોય તેને પાછો અપાવી શકતા નથી તેમજ જે ઠેકાણે વસ્તી ન હોય તે ઠેકાણે કંઇ બની પણ શકતું નથી. તેથી અમો હુકમ કરીએ છીએ કે કસ્બાઓ વસાવવા અને વસ્તીઓ ભેગી કરવી કે જેથી કરી પ્રજાને કંઇપણ દુઃખ પડે નહીં. અને વળી અમે જાગીરદારોને પણ તાકીદ કરી છે કે જે ઠેકાણે ઉજ્જડ મેદાન હોય તે દરેક માર્ગમાં મસજીદ, મોટી ધર્મશાળા અને પાણીનાં તળાવો ખોદાવવાં, કે જેથી વસ્તી વધે અને પંથીઓ સુખે આવજાવ કરે; જો તે જમીન અમારા નામે દાખલ હોય તો તે ઠેકાણે અવશ્ય જકાત કારકુન હશે, તેણે અમારાં મેહસુલમાં જમે થએલાં નાણાંમાંથી ઇમારતો બાંધવી અને જકાત કારકુને સરકારી અમલદારને ખબર કરવી.

૩. કોઇપણ માણસે રસ્તામાં વહેપારીઓના માલને તેમની રજા શિવાય ઉઘાડો કરાવવો નહીં, પણ જો તેઓ પોતેજ વેચવાને ખુશી હોય તો જે કોઇ લેવા ચાહે તે ખરીદ કરે.

૪. કોઇપણ માણસ મૃત્યુ પામે અને સરકારી કંઇ પણ લેણું તેની ઉપર ન હોય તેમજ પાછળ કંઇ સંતાન મુકી ગયો હોય તો એક રજ પણ લેવા માટે તેની માલમિલકતમાં કોઇએ હાથ ઘાલવો નહીં અને તેના સંતાનને પણ સતાવવાં નહીં. પરંતુ જે માણસને ખરા સંતાન કે ખરા વારસ ન હોય, તો તેના વારસાને તથા માલમિલકતને મસજીદ, તળાવ, પુલો અને ધર્મશાળા વિગેરે બનાવવાના કામમાં લગાડવી, કે જેથી કરી પરલોકમાં ગએલા મનુષ્યના આત્માને સદ્‌ગતિ થાય.

૫. દારૂ બનાવવો નહીં તેમ વેચવો પણ નહીં. જોકે અમે એવો હુકમ કર્યો છે તોપણ હું પોતે દારૂનો ઘણો મોહ રાખુંછું. મારી સોળ વર્ષની ઉમ્મર હતી ત્યારથી મેં દારૂ પીવા માંડયો હતો. જો મન ગમતી રીતે પુરૂષ અને સ્ત્રીઓ દારૂની સાથે સારી હવા અને સુંદર મકાન

કે જેની દિવાલો, છતો અને ભોંયતળીઉં સાફ હોય એવા મકાનમાં વગર નિશે હોવું એ મુર્ખાઇ છે. સારી જગ્યાએ નિશા અને સુંદર સ્ત્રીઓ તે એક જુદીજ ખુબી છે. દારૂ કરતાં બીજો કયો નિશા ચઢીઆતો છે ? જો અફીણના બંધાણી બને તો, હે ખુદા ! માણસને પુરૂષાતનથીજ દુર નાખી દેછે, જો અફીણ સારી અસર કરેછે એમ માનીએ તો આફરો ચઢાવ્યા શિવાય અને કબજ વધાર્યા વિના બીજું તેનાથી શું બને છે ? તે શિવાય બીજો તેમાં એકપણ સારો ગુણ નથી; તેમજ પલોનીઆ તો વળી અફીણનો ભત્રીજો છે.

**કવિત.**

ખેઝ દર કાસએ ઝર આબે તર બનાક અંદાઝ,
પેશાઅઝ અંગહ કે શવદ કાસએ સર ખાક અંદાઝ;
યા રબ આં ઝાહિદે ખુદ બીં કે બ ખુદ એબ નદીદ,
દુદ આહરા દર આઇને ઇદરાક અંદાઝ;

પરંતુ દારૂ ઘણો પીવાથી મારી એવી હાલત થઇ છે કે દરરોજ વીશ અને કોઈ દિવસે વીશ કરતાં પણ વધારે પ્યાલા પીઉંછું. તે દરેક પ્યાલો અડધા શેરનો છે, કે જેના આઠ પ્યાલા ઇરાકી એક મણની બરાબર થાયછે, તેની એટલે સુધી મારો ઉપર સત્તા બેસી ગઇ છે કે, જો બરાબર વેળાસર ન પીવાય ને જરા વાર થાય તો મારા હાથ પગ કાંપવા લાગી જાયછે અને બેસવાની આય (હોશ) પણ રહેતી નથી. મેં એવો નિશ્ચય કર્યો કે આવી રીતે મારાથી મારૂં કામ કશુંએ બની શકશે નહીં, જેથી તેને ઘટાડવા માંડ્યો, છ મહીનામાં વીશ પ્યાલાથી પાંચ ઉપર આવી પહોંચ્યો. જો હું કંઇ મારા મન પ્રમાણે ઉજાણી કરૂં તો એક બે પ્યાલા ઉપર વધે છે. ઘણી વેળાએ જ્યારે દિવસ એક બે ઘડી રહે તે વખતે હું દારૂ પીવા માડુંછું, પરંતુ આ વેળાએ રાજ્યકારોબારના હેતુને લીધે હુશીઆરી રાખવાની જરૂર છે તેથી રાત્રે ખુદાની બંદગી કર્યા પછી પીઉંછું અને પાંચ પ્યાલા ઉપરાંત કોઇપણ રીતે વધારે પીતો નથી તેમ એથી વધારે પીવાને મારૂં મન પણ કહેતું નથી. આ વખતમાં માત્ર ખાણું ખાવાને અર્થેજ એકવાર પીવાનું રાખ્યું છે, તે પણ દિવસે તો પીવાનો એકજ વખત છે. હવે મનુષ્ય માત્ર ખાધા પીધાથીજ જીવે છે તેથી મુદ્દલ તો મુકી દઇ શકતો નથી. નહીંતર મનમાં તો એમજ છે અને ખુદાથી પણ એવુંજ ચાહુંછું કે, પાકો પશ્ચાતાપ કરી સદાનો શ્વેતમુખી બનું. મારા મોટા બાપે પણ

પીસ્તાલીશ વર્ષની ઉમ્મરે પાકો પશ્ચાતાપ કરેલો હતો. ખુદાઇ ઈચ્છાએ મને પણ એવી મતી પ્રાપ્ત થાય. જે કામમાં ખુદા ખુશી ન હોય, તે કામમાં માણસ જો થોડી કોશીશ કરે તો ત્યાંના છુટક બારાની બારી થઇ જાયછે.

હવે આપણે જો ઉંડી અક્કલથી નિહાળીએ તો બાદશાહે વખાણના રૂપમાં દારૂને ખરેખરો વખોડયો છે. જેથી કરી તેનાથી દૂર રહેવાની ઘણી જરૂર છે.

૬. કોઇપણ માણસ પાસેથી ઘર વેરો લેવો નહીં અને, અમારા લશ્કરમાંથી કોઇપણ માણસ પહેલ વહેલો કોઇપણ શહેરમાં આવે તો ભાડે ઘર રાખે, નહીંતો શહેરથી બહાર તંબુ ઠોકી પોતાને વાસ્તે ઘર બનાવી તેમાં રહે. ખરેખર પ્રજા પીડા આ કરતાં બીજી કોઇપણ ખોટી નથી, કે બાળબચ્ચાંની સાથે કોઇ કુટુંબ ઘરમાં બેઠું હોય, ને વગરપુછેગાછે તે ઘરમાં કોઇ આવી સારી જગ્યા હોય ત્યાં જઇ ઉતરે; તો તેનાં બાળબચ્ચાં કયાંસુધી અને શીરીતે બચી શકે! કોઈ વખતે એવી પણ જગ્યા હોયછે, કે જ્યાં એક બે હાથ જેટલી પણ જગ્યા તેમને મળતી નથી.

૭. કોઇપણગુનાહની શિક્ષામાં નાક કાન કાપવા નહીં અને કાંડાંની શિક્ષા માર્યા સમાન બીજી એકપણ શિક્ષા નથી. માટે બીજા ગુનાહને વાસ્તે વારંવાર ચેતવણી મુજબ શિક્ષા કરવી, અથવા તોઃ ધાર્મીક પુસ્તકોની બીક દેખાડવી.

૮. જકાત ખાતાંવાળા તેમજ જાગીરદારોએ પણ રૈયતની જમીનને જોરજુલમથી લેવી નહીં, તેમ પોતાની કરી લઇ તેમાં ખેતી પણ કરવી નહીં. જે પ્રગણાનો જે જાગીરદાર હોય તેણે તે જાગીરની અમલદારી કરવી નહીં તેમ પ્રગણામાંથી જબરદસ્તીથી મજુરીનું કામ કરાવી પોતાની જમીનની ખેતી પણ કરવી નહીં. પરંતુ ફકત પોતાનું મેહસુલ અદા કરવાનો પ્રયત્ન કરતા રહેવું.

૯. મનુષ્યપણાની આબરૂના લીધે કોઇ માણસ અફીણ ખાઇને મરી જાય અને બીજો માણસ કોઇ તેની સાથે બેઠો હોય તો તે ખુનમાં તે માણસને ગુનેહગાર ગણવો નહીં.

૧૦. અમલદારોએ મોટાં શહેરોમાં દવાખાનાં સ્થાપી વૈદ્યોને રાખવા અને મુસાફરોમાંથી જે કોઈ માંદો પડે તેને દવાખાનામાં લઇ જઇ દરબારી નાણાંનો ઉપયોગ કરી તેને સારો કરી ખર્ચ આપી રવાને કરવો.

૧૧. રબીઉલઅવ્વલ માસ અમારી વર્ષગાંઠનો છે જેથી તે માસની ૧૮ મી તારીખથી જીવહિંસાની મનાઇ કરવામાં આવી છે, માટે વર્ષની બરાબર એક એક દિવસને ગણી જાનવરો કાપવાની મનાઇ કરવી. તેમજ અઠવાડીયામાં બ્રહસ્પતવાર મારા રાજ્યાભિષેક થવાનો દિવસ છે; તેથી તે દિવસે અને શનીવારે માંસની મનાઇ છે. વળી તે દિવસ મહાન બાદશાહનો પણ છે તેથી જીવતાં પ્રાણીને નિર્જીવ ન કરવાં. મારા પિતા તે દિવસે કોઇપણ રીતે માંસની ઇચ્છા નહોતા કરતા, મારા ધાર્યાપ્રમાણે પંદર વર્ષ અથવા તો તે કરતાં પણ વધારે વર્ષ થયાં હશે, કે તેમણે માંસાહાર કર્યો નહોતો; અને આ દિવસોમાં સર્વને માંસાહારની મનાઇ કરી હતી.

૧૨. અમે એવો હુકમ કરીએ છીએ કે અમારા મરહુમ પિતાના સઘળા નોકરોના પગારો તથા જાગીરો તેમની હૈયાતીમાં જેવી રીતે ચાલુ હતી તેવીજ રીતે કાયમ રહે, અને જે કોઇ વધારે આબરૂદાર પુરૂષ હોય તેને તેની લાયકાતપ્રમાણે જાગીર આપી બાર, દશ, પંદરને દશ, વીશને દશ, ત્રીશ અને દશ તથા ચાલીશનો વધારો કરવો, એવી રીતે અમે વધારો કર્યો છે.

---

## અગ્યારમો સુબો સૈઇદ મુરતદાખાન બુખારી.

હિજરી સને ૧૦૧૫–૧૦૧૮ સુધી.

સૈઈદ બાયઝીદની દીવાની.

સને ૧૦૧૫ હિજરીમાં લાલ મણીની બનાવેલી એક વીંટી કે જેમાં નંગ, વીંટી અને ખાનું સઘળું એકજ કકડામાં કાપી તે તૈયાર કરેલી હતી અને તેનો તોલ ૧ મીસકાલ અને ૧૫ સુમચીનો હતો. તે ઘણાજ સુંદર રંગની અને સારા પાણીનો હતી. તે વીંટી ભેટદાખલ ગુજરાતથી હજુરમાં મોકલવામાં આવી હતી. એવું કર્મપત્રિકા (ઇકબાલનામા) થી માલુમ પડેછે. આ ભેટની સાથે સુબેગીરીનો સંબંધ છે. આ સુબેગીરીના લખાણની વેળાએ “ તફસીર મુરતદવી ” (કુરાનની ટીકા) ના પહેલા ભાગમાં કે જે સને ૧૦૧૬ માં મુલ્લા ઝૈનુદ્દીન શીરાઝીએ સુબાના નામથી લખી છે, તે જોવામાં આવી અને ત્રણ દરવાજા નજીક બુખારાની પાસે પ્રખ્યાત ઇમારત પણ તેનીજ બાંધેલી છે, કે જે હાલ પણ ન જણાય એવી એંધાણીઓ બતાવે છે. સને ૧૦૧૮ હિજરીમાં દોજદારનો કિલ્લો કે જે જુનું કિલ્લાસ્થાન છે અને જે ઘણો ઉજ્જડ થઇ ગયો હતો તેને મુરતદાખાને નવેસરથી મરામત કર્યો કેજે હમણાં સુધી બાકી છે.

હવે તોફાની ભાઇઓ અને ગુજરાતના બંડખોર લોકોની ફરીઆદોના લીધે કામકાજ અને બંદોબસ્તમાં ગડબડ થઇ ગઈ તેથી **ટોડરમલના** દીકરા રાય **ગોપીનાથને** આજ્ઞા થઇ કે આ સુબાગીરીમાં આવી બખેડા કરનાર લોકોને પુરી શિક્ષા કરવી. **રાજાસુર** વિગેરે કેટલાક હજુરના માનીતા લોકો તેની તેહનાતમાં અપાયા, તેણે માળવાને રસ્તે થઇ સુરત આવી જમીનદારો પાસેથી પેશકશીનાં નાણું લઇ જોઇતો બંદોબસ્ત કર્યો. વડોદરાની સરહદમાં **કલ્યાણ બારીઆ** પીપલીઆરના જમીનદારે મનાઇનો ડંકો વગાડ્યો હતો. તેને પકડી જમીનદારોની શિક્ષાને વાસ્તે થોભ્યો અને પુરી હિમ્મતથી કામ લેવા માંડ્યું. જમીનદારોએ તે ઠેકાણે કોળીઓને ભેગા કરી લડવાની શક્તિ દેખાડી; જેથી ભારે કાપાકાપી થઇ, રાજાસૂરની સાથેના ઘણાખરા રજપુતો જીવરહીત થઇ ગયા અને બાદશાહી લશ્કરની ડાબી આંખ બેસી જવા જવું થઇ ગયું. રાજાસૂરના ડંકા આ લડાઈમાં શત્રુના હાથે ગયા અને તે હાલ સુધી જોવાય છે. પાછા ફરવામાં સારૂં થશે એમ જાણી રાજા ગોપીનાથ અહમદાબાદ પાછો ફર્યો. કેટલાક વખત સુધી બળ મેળવી, સૈન્યા સમારી માંડુગઢ ઉપર ચઢાઇ કરી અને સારી સારી જીતો મેળવી જમીનદારોને પકડી પાટણ ભણી રવાને થયો. **કાકરેજના** કોળીઓના મોટા ઠાકોરને સારી પેઠે શિક્ષા આપી કેદ પકડ્યો અને ત્રણેને બેડીઓ ઘાલી બાંધીને પોતાની સાથે દરબારમાં લઇ ગયો. સરકારી આજ્ઞા ઉપરથી ઘણા કાળસુધી ગ્વાલીઅરના કિલ્લામાં તેઓને કેદ કરી રાખ્યા હતા. બીજીવાર માથું ઉંચકે નહિ તે વાસ્તે તેઓને જામીન તથા દંડ લઇ છુટા કર્યા.

---

## બારમો સુબો મોટોખાન મિરઝાઅઝીઝ. કોકલતાશ.

### ( ચોથીવાર. )

સને ૧૦૧૮–૧૦૨૦ હિજરી સુધી.

શ્રી બાદશાહની હજુરથી સુરતદાખાન બુખારીના બદલાવાથી ગુજરાતની સુબેદારી મોટાખાનને આપવામાં આવી અને એવું ઠરાવ્યું કે તે પોતે હજુરમાં રહે. તેનો મોટો પુત્ર જહાંગીર કુલીખાન તેના બાપની નાયબી અને આ દેશનો બંદોબસ્ત રાખે. તે સિવાય બાયઝીદના જવાથી ગ્યાસુદ્દીનને સુબાની દીવાની આપવામાં આવી.

જહાંગીર કુલીખાનની નાયબી અને સૈયદ ગ્યાસુદ્દીનની દીવાની.

સને ૧૦૧૮માં દામ ડેકાણુવગરનો દોલતાબાદનો બાદશાહ **નિઝામશાહ** પચાસહજાર સ્વારોની સાથે સુરત સરકાર અને વડોદરા વિગેરે ઠેકાણે ભમતો હતો. રસ્તામાં લુટફાટ કરી કસ્બા, ગામડાંઓ તથા વસ્તીઓને હેરાન કરતો હતો. તે ઉપરથી સરકારી હુકમ સુબાને બંદોબસ્ત કરનારા ઉપર તથા મોટાં મોટાં રાજ્યો ઉપર એવો થયો કે, અમલદારો, અમીરો અને તેવીલદારો કે જેઓ ગુજરાતના સુબાની નોકરીમાં હોય તેઓ પચીશ-હજાર સ્વારોની સાથે લખેલા ખુલાસાપ્રમાણે સુરત સરકારના પ્રગણાઓમાં રામનગરના રસ્તે થઇ જાય.

ચાર વર્ષસુધી આ પ્રમાણે બાદશાહી લશ્કર ત્યાં રહ્યું તેથી આ દેશની ઉપર કોઇએ ફરી લાલચ કરી નહિ.

| | |
|---|---|
| **સુબા અમલદાર.** | ૪૦૦૦ સ્વારો. |
| **તેહનાતી અમીરો.** | ૫૦૦૦ ,, |
| **સાલેર મહેરના જમીનદારો.** | ૩૦૦૦ ,, |
| **રામનગરનો જમીનદાર.** | ૧૦૦૦ ,, |
| **નવાનગર.** | ૨૦૦૦ ,, |
| **ઇડરનો જમીનદાર.** | ૫૦૦ ,, |
| **પનીલાનો જમીનદાર.** | ૨૦૦૦ ,, |
| **બાંસબલ્લાનો જમીનદાર.** | ૨૦૦૦ ,, |
| **કચ્છના રાજાનો દીકરો.** | ૨૦૦૦ ,, |
| **અલીસાનો જમીનદાર.** | ૧૦૦ ,, |
| **તોહાનનો જમીનદાર.** | ૩૫૦ ,, |

---

## તેરમો સુબો અબ્દુલ્લાખાન બહાદુર ફીરોઝજંગ.

સને ૧૦૨૦–૧૦૨૧ હિજરી.

શ્રી બાદશાહના મનમાં દક્ષિણની ચડાઇ ઠસીને બેઠી હતી, તેથી મોટા-ખાનના ખસ્યાથી ગુજરાતની સુબેદારી અબ્દુલ્લાખાન બહાદુર ફીરોઝજંગને બક્ષવામાં આવી. અબદુલ્લા-ખાનની નિમણુંક છહજાર રૂપીઆ જાતની અને છ-હજાર સ્વારોની હતી. તેમાં વર્ષ પુરૂં થતાં એકહજાર વીશનો વધારો કર્યો;

ગ્યાસુદ્દીનની દીવાની.

અને હજુરમાંથી તેની કુમકને વાસ્તે નિમેલા લશ્કરની તૈયારીના ખર્ચને વાસ્તે ચારલાખ રૂપીઆ આપવામાં આવ્યા, અને એવો ઠરાવ થયો કે પાકા બંદોબસ્તે તથા શુભ ગોઠવણુથી નાસકત્રંબકના :માર્ગે દક્ષિણમાં પેસવું, **રામદાસ કચ્છવાળો** કે જે મરહુમ અકબર બાદશાહનો ઘણો ભરૂસાદાર હજુરી નોકર હતો તેને રાજાની પદવી તથા નિશાન, ડંકા, ઘોડા, હાથી અને પોશાક આપી તેની કુમકને વાસ્તે નિમ્યો; અને બીજા પાંચલાખ રૂપીઆ અબ્દુલ્લાખાનની સાથે રાખવાને **રૂપરાય ખવાસ અને શેખ અબીઆ**ની સાથે મોકલવામાં આવ્યા અને એજ વર્ષે આખી હિંદભૂમી ઉપર એક પત્રિકા મોકલવામાં આવી. તેની નકલ નીચે પ્રમાણે:—

શ્રી હજુરના સાંભળવામાં આવ્યું છે કે, કેટલાક સરહદી સરદારો કેટલાંક કામો કે જે તેમણે ન કરવાં જોઇએ તે કરેછે. તે ઉપરથી આ આજ્ઞાપત્ર પ્રગટ થાયછે કે, હવે પછી કદીપણ તેવાં કામો કરે નહિ; જેમકે:—

૧. ઝરૂખામાં બેસે નહિ, સરકારી નોકરો પાસેથી ચોકી પહેરાનું કામ લઈ તેમને લડાઇમાં આગળ મુકે નહિ, શિક્ષા કરવામાં માણસને આંખો કાઢી લઇ આંધળા કરે નહિ, તેમજ નાક કાન કાપે નહિ, પોતાના નોકરોને ખીતાબ આપે નહિ, બહાર નિકળતી વખતે ડંકા વગાડે નહિ; જ્યારે ઘોડા અને હાથી પોતાના નોકરોને આપે ત્યારે તેમની સાથે ઝુલ તથા કજાકની સાથે આપે નહિ, સરકારી નોકરોને પોતાનીજ લેખમાં લઇ જવા નહિ અને તેમની ઉપર કંઇ લખે તો પરબીડીઆં ઉપર મોહોર કરવી નહિ.

મતલબ કે અબ્દુલ્લાખાન ફીરોઝજંગ સને ૧૦૨૧ માં દક્ષિણ તરફ ગયો અને ત્યાંથી નિષ્ફળ થઇ પાછો ફરી અહમદાબાદ આવ્યો.

સને ૧૦૨૫ માં રાજકુંવર શાહજહાં દક્ષિણની ચઢાઇ ઉપર નિમાયો અને તે તરફ રવાને થયો. તેની તેહનાતમાં અબ્દુલ્લાખાન પણ ગયો અને ફતેહ મેળવ્યા પછી શાહજાદાની સાથે હજુરમાં પાછો ફરીને આવ્યો.

મજકુર ખાનની સુબેગીરીના વખતમાં [૧]**મીઆં ખુબુલ્લા**નું મૃત્યુ થયું, તે એક પ્રવિણ તે વખતનો યોગવેદાંતી હતો. કોઇ મિત્રે હિંદી બોલીમાં તેનું વર્ષ આવી રીતે કહ્યું છે. ખુબ યે, ૧૦૨૩ ખારૂની દરવાજાની પાસે તેમની કબર છે.

---

૧ આ મોટા વેદાંતીનું પુસ્તક ખુબતરંગ તથા તેની ટીકા અમવાજેખુબી એ મતના માણસોમાં ઘણી વખણાય છે.

# ચૌદમો સુબો મુકર્રબખાન.

## ( શેખ બહાદુરનો દીકરો. )

સને ૧૦૨૧-૧૦૩૨ હિજરી.

મુકર્રબખાનને જાતની પાંચહજારીની નિમણુંક હતી. તે અબ્દુલ્લાખાનની બદલીથી ગુજરાતની સુબેગીરી ઉપર નિમાઇ ગુજરાતમાં આવી પહોંચ્યો; પરંતુ તેનામાં રાજ્યકારોબાર તથા સિપાઇઓનું ઉપરીપણું કરવાની યોગ્યતા નહોતી, તેથી મરહુમ બાદશાહની સ્વારી આ દેશમાં આવ્યા પછી આ મુલકની સુબેગીરી શાહજાદા શાહજહાંને બક્ષવામાં આવી.

મુહમ્મદ સફીની દીવાની.

### કવિત.

અગ દીદસત દરજહાં બારી,
કાર હર મર્દ મર્દ હર કારી.

ગુજરાત દેશ જોવાને વાસ્તે બાદશાહની સ્વારીનું આવવું, દોહદ ( દાવદ ) ના સીમાડામાં હાથીનો શિકાર કરવો, તબીઅતની તંદુરસ્તીમાં ફેરફાર ( તેનું કારણ તે વર્ષમાં ગંધવાળી હવા નિકળવાથી બનેલું ) અને ખુર્રમ એટલે શાહજહાં શાહજાદાની ગુજરાતના સુબા ઉપર નિમણુંક અને કલ્યાણી પુત્રનું રાજ્યદરબારમાં આગ્રા રાજધાની તરફ પાછા ફરતી વખતે દોહદ મુકામે જન્મી **સુલતાન મુહમ્મદ ઓરંગઝેબ** નામ પામવું.

---

# પંદરમો સુબો શાહજહાં.

સને ૧૦૩૨ હિજરી.

શ્રી બાદશાહની ઇચ્છા હાથીના શિકાર ઉપર વધારે વળેલી હતી, તેમજ ગુજરાત દેશમાં આવેલા અહમદાબાદનાં વખાણ વારંવાર સાંભળવામાં આવેલાં, તેથી જહાંગીર બાદશાહની ઇચ્છા એવી થઇ કે અહમદાબાદને જોઈ ખારા સમુદ્રની સેલ કરી, પાછા ફરતી વખતે ઉનાળો આવી પહોંચતાં હાથીના શિકારની મોસમ આવેથી શિકાર કરતાં રાજધાની તરફ રવાને થઇ જવું.

રૂસ્તમખાંની નાયબી અને મુહમ્મદ સફીની દીવાની.

સને ૧૦૨૬ ના છેલ્લા ભાગમાં શ્રીમંત બાદશાહ રાજધાનીથી ગુજરાત ભણી રવાને થયા અને સરકારી હુકમ પ્રમાણે શાહજાદો શાહજહાં જે માંડુગઢમાં હતો તે આવી મળ્યો.

પહેલાં **ખંભાત બંદર**માં સમુદ્ર કાંઠા ઉપર આવેલા સુલતાન એહમદના બાગમાં બાદશાહના રહેવાનું ઠેકાણું બાંધવામાં આવ્યું અને વહાણુમાં બેસી ખારા દરીયાની સેલ કરી, બાર દિવસ સુધી ત્યાં થોભી અહમદાબાદમાં આવી **કાંકરીઆ** તળાવ ઉપર ઉતારો કર્યો. બીજે દિવસે **શાહેઆલમ**ના રોજાની જ્યારત કર્યા પછી શહેરમાં આવ્યા અને તેજ દિવસે સુબેગીરી ઉપર શાહજાદા શાહજહાંની નિમણુંક થઇ, એટલે તે શાહજાદે દેશના ત્રણ સરદારોના તાબામાં લશ્કરી ત્રણ ટુકડીઓ આ દેશના બખેડાખોર, માથાના ફરેલ તોફાનીઓને મુળમાંથી ઉખેડી નાખવાને વાસ્તે સ્થાપી. આ ત્રણ સરદારો અનુભવી તથા વાકેફગારો હતા. બાદશાહી લશ્કર બખેડાખોરોને જોઇતી શિક્ષા અને ગરાસીઆ તથા મેવાસીઓની પાસેથી ઘટતી પેશકશી લઇ પાછું ફર્યું, પરંતુ મનગમતી રીતે **અહમદાબાદ શહેર** પસંદ ન આવ્યું.

બીજે દિવસે **શાહ વજીહુદ્દીન** અલવીની દરગાહમાં જઇ જ્યારત કર્યા પછી કેટલાક દિવસ બાદ **શેખ અહમદ ખટ્ટુ**ની દરગાહપર સરખેજમાં જ્યારત કરવા માટે આવ્યા.

હવે બાદશાહના ગુજરાતમાં આવતાંજ ખાનખાનાની દીકરી ખેરૂન્નિસા બેગમે વિનંતિ કરી કે "ખાનખાનાએ ફતેહપુર મુઝફ્ફરમાં એક બાગ બનાવેલો છે, (મજકુર ખાનની સુબેગીરીના વખતમાં તે વિષે વર્ણન કરવામાં આવ્યું છે.) કે સરકારને તે બાગમાં મેમાન કરી માન આબરૂ મેળવવાની મારી ખુશી છે." આ વિનંતિ સ્વિકારવામાં આવી, પરંતુ વસંતઋતુ હતી તેથી સઘળાં વૃક્ષોનાં પાંદડાં ખરી પડ્યાં હતાં અને સઘળાં ઝાડો માથાથી મુળીઆં સુધી ઉદાસ જેવાં જણાતાં હતાં.

### કવિત.

હરશજર બાગ બિસરતા બિનહ, માંદહ બિબે બરગીએ બુદ બિરહના
દેખતે ગર્દ દરખતાં બિસર, ગશ્ત શર્મી પુર બિદિરમહા ચઝર.

તે ખેરૂન્નીસા બેગમે બાગને શણગારવા, બગીચાને ભભકાદાર કરવા અને વૃક્ષોને સરખાં કરવાના કામને વાસ્તે જળ વ્યવસ્થાનો પ્રથમ બંદોબસ્ત

કર્યો. ઉત્તમ પ્રકારના કારીગરો અને અચંબો પમાડનાર હુન્નરીઓ કે જેઓ ઘણાજ હુંશિયાર ગણાતા હતા તેમને ભેગા કર્યા. જે જે ઝાડ તે બગીચામાં હતાં તેમને તેવાંજ પત્તાંઓ તથા મેવા જુદા જુદા જોઈતા રંગના કાગળોના બનાવ્યા અને તેમનાં ફુલો પણ તેવાંજ મીણનાં તેજ પ્રમાણનાં તૈયાર કરી દીધાં અને નારંગીઓ, લીંબુ, સફરજન, દાડમો, શફતાલુ વિગેરે ફળો ઝાડો ઉપર બરાબર ગોઠવી દીધાં. તેવીજ રીતે દરેક જાતનાં ફુલો, ડાળીઓ, કળીઓ વિગેરે કાગળનાં તૈયાર કર્યાં અને જુદા જુદા મેવા, ફલો અને ફુલો વિગેરે ઝાડો ઉપર જોતાં તરતજ ખરેખર પાનખર ઋતુમાં એક જુદીજ ઋતુ માલુમ પડી આવતી હતી. આ વખતે તે બાગ વર્ષમાં બે વખતે પત્તાં તથા ફુલોને ખંખેરી નાંખી નવેસર જોબનમાતો થઈ ગયેલો જણાતો હતો.

### કવિત.

દરખ્તાંરા શુફતંદ બરતફે બાગ,

બર અફરો ખતા હર ગુલે ચું રાગ.

આ આનંદ આપતો બાગ કે જે બહારની વખતે ફુલી ફળી ભભકાદાર બગીચાસમાન શોભી રહ્યો હતો ત્યાં શ્રી બાદશાહ પધાર્યા અને પાનખર ઋતુને વિસરી જવાથી એકદમ ફળ તથા મેવો તોડવાને વાસ્તે હાથ લાંબો કર્યો; તરતજ ખરી હકીકતથી વાકેફ થતાંજ અતિ આનંદ પામ્યો અને કારીગરોની કારીગીરી તથા હુન્નરીઓનો હુન્નર તેમજ તે સ્ત્રીની ચતુરાઇનાં ઘણાં વખાણ કરી ઇનામ તથા જાગીરમાં વધારો કર્યો.

સને ૧૦૨૭ના સફર મહીનામાં અકબરાબાદની જાથુકની રાજધાનીએ જવાના ઇરાદાથી **દોહદ** મુકામે સરકાર સ્વારી પહોંચી. **મહંદરી** નદીના કાંઠા ઉપર શાહજાદાની મારફતે નવાનગરનો જામ જમીનદાર સેવામાં હાજર થઇ ઘણું માન પામ્યો અને પેશકશી દાખલ પચાશ કચ્છી ઘોડાઓ ભેટ મુક્યા.

રબીઉસ્સા માસની બારમી તારીખે **સમારા** ગામમાં તંબુ ઠોકાયા. આ ઠેકાણે એવી અરજ થઇ કે આ મુકામથી હાથીઓનો જંગ ફક્ત દોઢ મીજલ દુર છે અને વળી જંગલનાં ઝાડોની બિહામણી ઘટા, તથા રસ્તો કઢંગો હોવાના લીધે કોઇ પણ કાસદ તેમાંથી પસાર થઇ શકે તે ઘણું કઠણ કામ છે. સોમવાર, મજકુર મહીનાની તેરમી તારીખે આ કામના કેટલાક બાદશાહી નોકરોને સાથે લઈ શિકાર કરવાને નિકળ્યા, એટલે શિકારસ્થળે

ગયા. આ પહેલાં કેટલાક પેયદલ માણસોએ તે જંગલમાં હાંકો કરવાને વાસ્તે જંગલમાં નાના સરખા ભાગમાં ઝાડોનાં લાકડાંથી બાદશાહને બેસવાને વાસ્તે હાથી ઝાલનારા વાઘના શિકારીઓએ જગ્યા બનાવી હતી અને પાસે પાસે આસપાસ અમીરોને વાસ્તે ગોઠવણો કરી હતી અને મજબૂત રાંઢાની સાથે ચાલીશ હાથીઓ તથા હાથણીઓ હતી, અને દરેક હાથી ઉપર બે મહાવતો બેઠા હતા. હવે એવો ઠરાવ થયો હતો કે જંગલી હાથીઓને પકડી રૂબરૂમાં લાવવા કે જેથી મન માનતી રીતે શિકારની સેલ કરાય. ભોગજોગે બધા લોકોએ જ્યારે ભેગા મળી હાંકોટો કર્યો ત્યારે ઝાડોના ઝુંડના લીધે ગડબડ થઈ ગઇ અને હાંકોટામાં ફેરફાર પડી ગયો તેથી જંગલી હાથીઓ ગભરાઇ ચોતરફ દોડી જવા લાગ્યા. બાદશાહની સન્મુખ બાર હાથીઓનો શિકાર થયો. તાપ અને દુર્ગંધી હવાના લીધે લોકોને અતિશય ગભરાટ થયો, તેથી બાદશાહનો એવો અભિપ્રાય થયો કે ગ્રીષ્મઋતુ અને ચોમાસું અહમદાબાદમાં ગાળી વરસાદ વિત્યાપછી રાજધાની તરફ વિદાય થવું. આ મનસુબે દોહદથી અહમદાબાદ તરફ જવાનું નક્કી થયું. રબીઉસ્સાની બીજી તારીખે સરકારી સ્વારી અહમદાબાદ આવી પહોંચી, હવાની ગંધના લીધે અહમદાબાદમાં રોગ ચાલી નિકળ્યો; અને શહેર તથા લશ્કરીઓમાંથી કોઇપણ એવો નહોતો, કે બે ત્રણ દિવસ તાવના રોગમાં ન પીડાયો હોય. આ રોગમાં બે ત્રણ દિવસના તાવના લીધે નિર્બળતા તથા કમજોરી એટલી બધી આવી જતી કે ઘણા દિવસ સુધી ઉઠવું, બેસવું કે ફરવું તે એક મુશ્કેલ કામ થઇ પડતું; પરંતુ તેમાં કોઇના જીવનું જોખમ નહોતું થતું. ભોગજોગે બાદશાહની તન્દુરસ્તી ઉપર પણ બે ત્રણ દિવસ આ મંદવાડની અસર રહી.

આ વખતે કચ્છનો જમીનદાર રાજા **ભારા** કે જે ગુજરાતના આબરૂદાર રાજાઓમાં ગણાય છે, તેણે સેવામાં આવી પહોંચી બસો મહોરો ભેટ દાખલ, બેહજાર રૂપીઆ પુન્યાર્થે અને સો ઘોડા પેશકશીમાં દાખલ કર્યા. **જામ** તથા **ભારા** એકજ દાદાની ઓલાદમાં છે. આબરૂ તથા લશ્કરમાં ભારા જામથી વધારે છે અને ગુજરાતી સુલતાનોમાંથી કોઇની નજરે નહિ પડેલો ( કોઇથી ગાંજ્યો જાય તેવો નહોતો ) એવું કહેછે કે, સુલતાન મેહમુદે પણ એક ફોજ તેની ઉપર મોકલી હતી પરંતુ સુલતાની ફોજની હાર થઇ. આ વખતે તેની ઉમ્મર સિત્તેર વર્ષ કરતાં વધારે હતી. તે

કહેતો હતો કે હું હમણાં નેવું વર્ષનો છું. તેની શક્તિ અને બુદ્ધિમાં કંઇ ફેરફાર નહોતો થયો. ખાસ્સો ઘોડો, હાથી, હાથણી, રાતા માણેક તથા નીલમનું જડાવેલ ખંજર તથા તલવાર, અને પીળા માણેકની ચાર અંગુઠીઓ સરકાર તરફથી ભેટ લઇ વિદાય થયો.

આ વખતે એવી ખબર આવી કે બાદશાહી નોકરોએ નર તથા માદા મળી એકસો પંચાશી હાથીઓ દોહદ પાસે શિકારમાં પકડ્યા છે. તેમાં તોંતેર નર અને એકસો બાર માદાઓ છે તેમાંથી શાહજહાં બાદશાહના શિકારીઓએ છવીશ નર અને સાત માદાઓ પકડી છે. રમજાન માસની બાવીશમી તારીખે જાથુક રાજધાની અકબરાબાદ તરફ સરકાર બાદશાહની સ્વારી ઉપડી ગઈ.

તારીખ ૧૫ જીલકઅદ માસમાં દોહદ મુકામે શાહજાદા શાહજહાંના મહેલમાં એક કલ્યાણી જન્મનો અવસર આવ્યો, અને તે નવા જન્મેલા પુત્રનું નામ **સુલતાન મુહમ્મદ ઔરંગઝેબ** છપાયું. એક શબ્દ-સરોવર તારીએ તેનું વર્ષ લખ્યું છે— **આફતાબે આલમતાબ** જગતપ્રકાશીત સૂર્ય.

**ઉજ્જેન** મુકામે શાહજાદે આ જન્મની ખુશાલીમાં મિજલસ કરી રાજ યોગ્ય ભેટો પોતાના પિતાના સન્મુખે મુકી, અહમદાબાદથી પાછા ફરવાની વખતે બાદશાહી પાંચહજારીની નિમણુંકનું માન ધરાવનાર રૂસ્તમખાન કે જે શાહજાદાની મંડળીનો માનકરી હતો તે નાયબ સુબો ઠર્યો. **શાહઅતાઉલ્લાનો** ઘુંમટ મજકુર ખાનનો બનાવેલો છે. આ ઘુમટનું વર્ષ આ પ્રમાણે નિકળે છે. **બિનાશુદ મરકદે અકતાબે તાહિર.**

ત્યારપછી રાજા **વિક્રમાજીત**ને આ હોદ્દો મળ્યો.

માંડુગઢથી અકબરાબાદ જતી વખતે નુરજહાં બેગમના તોફાનથી બાદશાહની ઇતરાજીનાં કેટલાંક કારણો ઉભાં થયાં હતાં જેમનું વર્ણન યોગ્ય જણાતું નથી. મજકુર રાજા, બાદશાહની આજ્ઞાને અનુસરી સરકાર સ્વારીમાં સાથે ગયો અને પોતાની જગ્યા ઉપર પોતાના ભાઇ **કનહરદાસ**ને અહમદાબાદમાં મુકયો. દિલ્લી પાસે બાદશાહી તથા શાહજાદાની ફોજ વચ્ચે જે લડાઈ થઇ તેમાં તે માર્યો ગયો અને અબ્દુલ્લાખાન બહાદુર ફીરોઝજંગ બાદશાહી લશ્કરથી જુદો પડી બાદશાહની નજીક આવી પહોંચ્યો. આ લડાઇ સને ૧૦૩૨માં થઈ હતી, એજ વર્ષમાં મિરઝા બદીઉઝ્ઝમાં

મિરઝા શાહરૂખનો દીકરો કે જેની જાગીર પાટણ સરકારમાં હતી તે પોતાના ભાઇઓના હાથે કપાયો. રાત્રે એકદમ તેના ઉપર જઇ તેને મારી નાખ્યો.

જે મહેલો અહમદાબાદમાં ખાનપુર દરવાજાથી દક્ષિણે સાબરમતી નદી ઉપર આવેલા છે ને જે **શાહજહાં**ના મહેલના નામથી ઓળખાય છે અને હમણાં થોડાંક ખંડેરો શિવાય કંઇપિણ બાકી રહેલું નથી તે જાહેર રીતે જોતાં બાદશાહના હુકમથી તે વખતે બંધાએલા હતા અને **શાહી-બાગ**ની બીના શાહજાદાના નામથી પ્રખ્યાત છે.

અબ્દુલ્લાખાન બહાદુર ફીરોઝજંગને શાહજાદા શાહજહાંની તરફથી માંડુગઢથી પોતાનો ગુજરાતનો સુબો નિમવો, મુહમ્મદ સફીની દીવાની, અબ્દુલ્લાખાનની લડાઇ અને ખાન મજકુરની હાર.

જન્નતબાગ ( સ્વર્ગવાડી ) ની અહમદાબાદ હવેલી તાબાના જબલ-પુર ગામમાં તૈયારી, દીવાનના માન અને નિમણુંકમાં વધારો, સેફખાનના ખિતાબની બક્ષીશ, શાહજાદાના ગુરૂશિક્ષકની જગ્યાએ મોટાખાનની નિમણુંક, તેનું અહમદાબાદ આવવું અને આ નાશવંત સંસારમાંથી પરલોકમાં જવું.

---

## સોળમો સુબો સુલતાન દાવરબક્ષ.

### સને ૧૦૩૨-૧૦૩૩ હિજરી.

નુરજહાં બેગમના વ્યર્થ કાર્યોને લીધે બાદશાહનું મન શાહજાદા શાહજહાંની તરફથી ખાટું થઇ ગયું હતું અને દિલ્હી પાસેની લડાઇ થયા પછી શાહજહાં સને ૧૦૩૨ હિજરીમાં માંડુ તરફ ગયો અને ખુશરો શાહજાદાનો દીકરો સુલતાન દાવરબક્ષ શાહજહાંની જગ્યાએ ગુજરાતની સુબેગીરી ઉપર નિમાયો; તેને આઠહજાર જાતની નિમણુંક તથા ત્રણહજાર સ્વારો અને બેલાખ રૂપીઆ રોકડા રાહખર્ચીના આપવામાં આવ્યા. અકબરશાહના વખતથી આ દેશનો માહિતગાર મોટોખાન મિરઝાઅઝીઝ કોકલતાશ સુલતાનના ગુરૂશિક્ષકની જગ્યા ઉપર નિમાયો અને તેને ખર્ચને વાસ્તે એક લાખ રૂપીઆ આપવામાં આવ્યા.

મુહમ્મદ સફીની દીવાની.

જ્યારે શાહજહાં શાહજાદો દિલ્લીનજીકની લડાઇ પછી પાછો ફરી

માંડુગઢ ભણી ગયો હતો ત્યારે ગુજરાતની સુબેગીરી ઉપર અબ્દુલ્લાખાનની નિમણુંક કરી હતી. વિક્રમાજીતના ભાઇ કાહરદાસને ગુજરાતના સુબાના દીવાન મુહમ્મદ સફીની સાથે ખજાનો તથા પાંચલાખ રૂપીઆની લાગતનાં રત્નજડીત તખ્તને તથા બેલાખ રૂપીઆની કીમતે બનેલા પડતલાની સાથે બાદશાહની સેવામાં ભેટ દાખલ લઇ જવાને ઠરાવવામાં આવેલા હતા, તેઓને પોતાની પાસે બોલાવી લીધા. અબ્દુલ્લાખાન બહાદુરે વફાદાર નામના પોતાના ખાનસરાને સુબાના નાયબ દાખલ મોકલ્યો. તે કેટલાક બીનકેળવાએલા (જડ) લોકોની સાથે શહેર અહમદાબાદમાં દાખલ થયો અને શહેરનો કબજો કરી લીધો.

મુહમ્મદ સફી દાનાને બાદશાહી હેતુ ઉપર દ્રઢ રહી સિપાહીઓનો બંદોબસ્ત કરી લશ્કર ભેગું કરવાને હિમ્મતથી પગલાં ભર્યાં. કેટલાક દિવસ પહેલાં કનહરદાસ શહેરમાંથી કાંકરીઆ તળાવ ઉપર આવી રહ્યો હતો અને ત્યાંથી મેહમુદાબાદ જઇ તેણે એવો ડોળ ચાલ્યો કે જાણે તે હજુર સેવામાં જાયછે. પરંતુ ગુપ્તરીતે તે નાહિરખાન, સૈયદ દિલેરખાન તથા બાબુખાન અફગાન કે જેઓ (બાદશાહી નિમકહલાલ નોકરો) પોતાની જાગીરોમાં હતા તેમની સાથે બાદશાહની નિમકહલાલીના પત્રવહેવાર ચલાવતો હતો અને છેવટની વાર જોઇને બેસી રહ્યો હતો. પેટલાદનો સાલેહ નામનો ફોજદાર વાતચીતના લંબાણથી જાણી ગયો કે, મુહમ્મદ સફીનો બાજોજ કંઇ મનસુબો જણાય છે; તેથી તેણે સારી ફોજ ભેગી કરી અને બહાદુરી તથા સાવચેતી કામમાં લેવા માંડી. તે હાથ પગ હલાવી શકતો નહોતો. તે ( મુહમ્મદ સાલેહ અનુભવી સિપાહી હતો. ) એવું ધારવા લાગ્યો કે, રખેને મુહમ્મદ સફી માર્યાદા મુકી બાદશાહી ખજાના ઉપર લુંટ ચલાવી તેમાં હાથ ઘાલી દે. તેથી અગાઉથી સાવચેતી કામમાં લઇ પહેલાં ખજાના તરફ વધ્યો અને આ રીતે દશલાખ રૂપીઆ શાહજાદાની સેવામાં મોકલી દીધા. કનહરદાસ પણ પરતલો લઇ તેની પુંઠે રવાને થઇ ગયો, પરંતુ જડિત્ર રાજ્યાસનને ભારના લીધે લઇ જઇ શકયો નહિ. મુહમ્મદ સફીએ મેદાનને ખાલી જોઇ જે લોકોની સાથે તેને સંબંધ હતો તેમને પત્રો લખી મોકલી એવું ઠરાવ્યું કે, દરેક જણ પોતાની પાસે જે કંઇ લશ્કર હોય તે લઇ ઉતાવળે સૂર્યોદય થતાં તેઓના માર્ગ ભણી આવેલા દરવાજામાં થઇ એકદમ શહેરમાં દાખલ થઇ જાય; ત્યારબાદ તે

પોતે પણ બાપુખાન અફગાનની સાથે કપડવંજ પ્રગણેથી એકદમ કુચ કરી વહાણું વાતાં શહેરની હદમાં આવી પહોંચ્યો અને મલેકશાબાન બાગમાં થોડોક વિશ્રામ લઈ સૂર્યોદયની વાટ જોતો રહ્યો, કે જેથી સ્નેહી તથા શત્રુ સારી પેઠે ઓળખાય. હવે વહાણું વાયા પછી જ્યારે શહેરના દરવાજાને ઉઘાડો જોયો ત્યારે મિત્રોની વાટ ન જોતાં સારંગપુરના દરવાજેથી શહેરમાં પેઠો. આ વખતે નાહિરખાન પણ ઇદરીએ દરવાજેથી શહેરમાં આવી પહોંચ્યો. આ બનાવની કાંઇપણ શંકા અબ્દુલ્લાખાન ખાજાસરા (ફાતડા) ના મનમાં પ્રથમ આવી નહોતી, તેથી ગભરાઈ જઇ શાહવજીહુદ્દીનના પૌત્ર **શેખ એહમદ હૈદર** અલવીના ઘરમાં જઇ આશરો લીધો અને સામાવાળાઓ બુરજો તથા બારીઓ મજબૂત કરવા લાગ્યા. બાદશાહી દીવાન મુહમ્મદ સફી તથા હુસેનબેગે બક્ષીનાં ઘરો ઉપર લસ્કરના માણસો મોકલી તેમને પકડ્યા અને શેખ હૈદરે પોતે આવી જાહેર કર્યું તેથી ખાજાસરા અબ્દુલ્લાખાનને તરતજ બાંધી તાણી લાવ્યા. શહેરનો બંદોબસ્ત જોઇતી રીતે કરી, લસ્કરને દિલાસો દઇ ભેગું કરવા માંડ્યું અને રોકડ તથા જણસો જે કંઇ મળ્યું તે સઘળું જુના નવા લસ્કરને ઇનામમાં આપ્યું. તે એટલે સુધી કે, સોનાનું રાજ્યાસન કે જેના જેવું બીજું બનાવવું ઘણુંજ મુસ્કેલ હતું તે ભાંગી નાખી તેનું સોનું લસ્કરને પેશગી પગારમાં આપી દીધું અને સઘળો ખજાનો પોતાના ઉપયોગને વાસ્તે કબજે કરી લીધો. થોડા કાળમાં ઘણું લસ્કર ભેગું થયું. જ્યારે આ ખબર માંડુગઢમાં પહોંચી ત્યારે અબ્દુલ્લાખાન, શાહજાદાની આજ્ઞા લઇ કુમક તથા મદદની વાટ નહિ જોતાં ચારહજાર પાંચસો સ્વારો સહીત ઘણા વેગે ચાલી નિકળ્યો અને વીશ દિવસમાં માંડુગઢથી વડોદરે આવ્યો.

મુહમ્મદ સફી તથા નાહિરખાંએ શહેરથી બહાર નિકળી કાંકરીઆ તળાવ ઉપર લસ્કર શણગારવા માંડ્યું. અબ્દુલ્લાખાનને સામે મોટું લસ્કર છે એવી ખબર મળ્યાથી વડોદરામાં અટકી જવાની જરૂર પડી, કે એટલામાં કુમક આવી પહોંચે. થોડા દહાડા પછી કુચ કરી મહેમદાબાદમાં સૈન્યા સમારી. હવે આ તરફના લોકો કાંકરીએથી ઉપડી વટવે પહોંચ્યા. અબ્દુલ્લાખાન મહેમુદાબાદ બારેજે આવ્યો. મુહમ્મદ સફી તથા નાહિરખાને પાલુ ગામમાં મુકામ કર્યો હવે બેઉ પુરદોની વચ્ચે ત્રણ ગાઉનો અંતર રહ્યો બીજે દિવસે બેઉ તરફથી લસ્કરો તૈયાર કરી લડાઇ કરવાને રોકાયા. ભોગજોગે જે

જગ્યાએ અબ્દુલ્લાખાને છાવણી નાખી હતી ત્યાં થોરીયાની ઘટ, ઝાડી અને ધરતી ઘણી ઉંચી નીચી હતી તેમ છતાં નિયમસર ફોજ પણ હારબંધ ગોઠવાઇ નહોતી. હવે સારી રીતે મારા કાપી થઇ તેમાં અબ્દુલ્લાખાનની હાર થઈ અને ત્યાંથી તે પાછો વડોદરે નાઠો. આ લડાઇ સને ૧૦૩૨ હિજરીમાં થઇ. એક મિત્રે તેનું વર્ષ કાઢયું છે કે:—

દો ફતેહ હુમાયાં બયક માહ શુદ.

**અર્થ**—એક માસમાં સારી બે ફતેહો મેળવાઇ.

હવે મુહમ્મદ સફી ભરૂચ ગયો ત્યાં બે દિવસ થોભી સુરતબંદરે ઉપડી ગયો. ત્યાં બે માસ રહી પોતાના વિખરાએલા માણસોને ભેગા કરી પાછી સૈન્યા રચી પોતે બુરહાનપુરમાં શાહજહાનની સેવામાં હાજર થયો.

આ ખબર જ્યારે શ્રીમંત બાદશાહની હજુરમાં પહોંચી તો મુહમ્મદ સફીએ કોઇ દિવસે પણ સ્વપ્નામાં નહિ દીઠેલું માન મેળવ્યું. તેથી તેની સાતસો જાતની તથા ત્રણસો સ્વારોની નિમણુંક ઉપરથી ત્રણહજાર જાતની તથા બેહજાર સ્વારો અને ખિતાબ, નોબત તથા નિશાનનું માન વધારવામાં આવ્યું. નાહિરખાનને ત્રણહજાર જાતની અને બસો સ્વારોની પદવી મળી.

**જેતલપુર**માં અબ્દુલ્લાખાન ઉપર ફતેહ મળી હતી તેથી ત્યાં **સેફબાગ** યાદગીરી દાખલ બનાવવામાં આવ્યો. તેજ અરસામાં **મદરસા ( પાઠશાળા ) મસજીદ** તથા **ઔષધાલય** શહેરમાં ભદ્રના કિલ્લા આગળ તેણે તૈયાર કર્યા, કે જે **મદરસએ સેફખાન**ના નામથી પ્રખ્યાત છે. તેનો સંવત આ બેતોથી નિકળે છે–

સાલે ઇ તમામ ઝિ મેમારે કઝા જુસ્ત મો ગુફ્ત.
મસજીદો મદરસાઓ દાર શિફાએ આબાદ.

અને **બન અલ્લાહો મદરસ્તુલ ઉલમા**માંથી પણ સાલ નિકળે છે.

મતલબ કે સુલતાન દાવરબક્ષ ગુજરાતના સુબામાં પહોંચી મોટા-ખાનની સલાહથી આ દેશનો બંદોબસ્ત કરી કામ ચલાવતો હતો. ખુદાઇ ઇચ્છાથી સને ૧૦૩૨ હિજરીની આખરમાં **મોટોખાન** આ લોક મુકી પરલોકમાં જઈ પહોંચ્યો અને **સરખેજ**માં ભક્ત શિરોમણી, ગંજબક્ષ શેખ એહમદ ખટુની કબર પાસે દટાયો. તે એક પરોપકારી પુરૂષ હતો, સદગુણોમાં ભરપૂર, ન્યાય તથા ઇન્સાફ તરફ એનું અંતઃકરણ સદાએ વળેલું રહેતું. જ્યારે સરકારી કામોથી અવકાશ મળતો ત્યારે પુસ્તકો, ઇતિહાસો અને નિતિ વૃત્તાંતો હોંશથી વાંચવાને રોકાતો અને કોઇ કોઈ વેળાએ તો તેનું મન વિચારશિલ હોવાના લીધે મુખમાંથી કેટલાંક કવિત ઉચ્ચારતો હતો.

### ચોપાઈ.

દર કુએ મુરાદ ખુદ પસંદાં હિગરંદ.
દર વાદી ઇસ્ક મુસ્ત મંદાં હિગરંદ.
આંનાં કે બજ્નુઝ રઝાએ જાના તલબંદ,
આંહ્રાં હિગરંદો મુસ્ત મંદાં હિગરંદ.

પરંતુ અરબીમાં એતું કોઇ પાનું હતું, તે પોતે કહેતો હતો કે હું અરબીમાં છુંજ (નહીં) એ પણ તેનુંજ કહેવું છે કે, કોઇએ આવીને મને કાંઇ કહ્યું તો હું તેને સત્ય માનતો, પણ જો તે ઉપર તેણે કંઈ વધારો કર્યો તો મને વહેમ ઉત્પન્ન થતો, અને પછી પ્રતિજ્ઞા કરે તો હું નક્કી કરતો કે આ જુઠો છે. આ પણ તેનુંજ કથન છે કે, આવા માણસને ચાર સ્ત્રીઓ જોઇએ. (૧) ખુરાસાની, ઘરબારને વાસ્તે (૨) માવરાઉનનેહરી, શીલાકને વાસ્તે (૩) ઇરાકી, પ્રેમને વાસ્તે (૪) હિંદી, સ્વામી હકો જાળવવાને.

હવે સને ૧૦૩૩ હિજરીમાં સુલતાન દાવરબક્ષને હજુરમાં બોલાવી લેવામાં આવ્યો.

---

## સત્તરમો સુબો ખાનજહાન.

### સને ૧૦૩૩–૧૦૩૭ હિજરી.

**સેફખાનની નાયબી, તથા દીવાની અને જહાંગીર બાદશાહનું મૃત્યુ.**

જ્યારે હજુર આજ્ઞાપ્રમાણે સુલતાન દાવરબક્ષ હજુરમાં જવામાટે નિકળ્યો; અને ખાનજહાન કે જે જાયુકની રાજધાની અકબરાબાદનો અમલદાર હતો તેણે સને ૧૦૩૩ હિજરીમાં સરકારી હુકમથી અહમદાબાદ આવી આ સુબાની હકુમત તથા અમલદારીનું કામ ચલાવવા માંડયું.

સને ૧૦૩૪ હિજરીમાં શાહજાદો પરવીજ પોતાની વિકાલતના કામ ઉપર નિમણુંકનો વધારો થએથી હજુરમાં રવાને થયો અને હજુરના હુકમથી બીજો સુબો આવતાંસુધી દેશનો બંદોબસ્ત રાખવાને માટે સેફખાનને સુબા તરીકે નીમવા ઠરાવ થયો.

સને ૧૦૩૫ હિજરીની શરૂઆતમાં મહાબતખાન બાબીએ શ્રી બાદશાહનું સઘળું ધ્યાન કાબુલ ભણી રોકયું. તે ખટપટના લીધે હજુરથી કોઇપણ સુબો નિમાયો નહોતો. સને ૧૦૩૬ માં શાહજાદો બારોબાર દક્ષ્ણથી જુનેરને રસ્તે જતો રહ્યો, તેથી જહાંગીર બાદશાહના મરતાં સુધી આ દેશના સુબાનું કામ સેફખાંએ કર્યું. જહાંગીર બાદશાહ તા. ૨૯ મી માહે સફર સને ૧૦૩૭ હિજરીમાં મૃત્યુ પામ્યો.

# શાહાબુદદીન શાહજહાન.

**બાદશાહનું જુનેરથી અહમદાબાદને રસ્તે આગ્રા રાજધાની તરફ સેફખાન વિગેરે સુબાઓ તથા દીવાનો કે જેઓ તેના વખતમાં અત્રે નિમાયા હતા તેઓને પોતાની સાથે લઈને જવું.**

## અઢારમો સુબો શેરખાન તુવેર.

સને ૧૦૩૭–૧૦૪૨ હિજરી.

યમીનુદ્દોલા આસફખાને શ્રી હજુર બાદશાહના મૃત્યુકાળના સમાચાર શાહજાદા શાહજહાનને મોકલેલા, કે જે લાહોર રાજધાનીથી મોકલવામાં આવેલા હતા અને ઉતા- વળને લીધે તેના ઉપર પોતાની મોહોરની નિશાની પણ કરી હતી પરંતુ તે સમાચાર ન પહોંચવાથી પોતે સ્વાર થઇ ઘણીજ ઉતાવળે વીશ દિવસમાં લાંબો પથ કાપી સને ૧૦૩૭ હિજરીના રબીઉલ અવ્વલમાસની ૧૯ મી તારીખ અને રવીવારના દિવસે **જુનેર** મુકામ કે જ્યાં હજુર સ્વારી હતી ત્યાં જઇ પહોંચ્યો. રસ્તામાં તે મુહાબતખાનને ત્યાં ગયો હતો તે વખતે તે થોડા દિવસ આગમચ દરબારની હાજરીની છુટ મેળવી બેઠો હતો. તેને સાથે લઇ ખરી બનેલી હકીકત સવિસ્તર બયાન કરી યમીનુદ્દોલાની મોહોર સરકારને દેખાડવામાં આવી.

ખાનજહાનની દીવાની.

શોક પાળવાની ચાલુ ક્રિયાને રીતપ્રમાણે પાળી, જે જોશીઓ સર- કારી ભરૂસાદાર હતા તેમને આજ્ઞા કરી કે રાજધાની તરફ જવાના દિવસનું મહુર્ત નક્કી કરો. જેથી એવું ઠરાવવામાં આવ્યું કે સરકાર સ્વારી મજકુર સનના રબીઉલ અવ્વલ માસની તારીખ ૨૩ શનીવારને દિવસે અહમદાબાદને રસ્તે થઇને જાય. ત્યારપછી જુનેરથી રવાને થઈ યમીનુદ્દોલાના ન આવવા અને અહમદાબાદને રસ્તે રાજધાની તરફ આવવાની મતલબની પત્રિકા લખી યમીનુદ્દોલા ઉપર રવાને કરી.

જ્યારે શાહજહાનની સ્વારી ગુજરાતની સરહદમાં આવી પહોંચી ત્યારે

આ દેશનો મોહોટો અમલદાર નાહિરખાં તુવેર (શેરખાન) પોતાની નિમકહલાલ ઉલટથી સેવામાં હાજર થયો અને સેફખાન કે જે ઉપરથી સચ્ચાઈ અને અંદરથી કપટ રાખતો હતો તથા ગુજરાતના સુબાની અમલદારી કરતો હતો તેની તેવી વર્તણુંકથી વાકેફ થઇ અહમદાબાદની સુબેગીરી શેરખાનને આપી, અને હુકમ કર્યો કે સેફખાનને નઝરબંધ કેદ રાખવો.

બાદશાહની માતુશ્રીની બેહેન, કે જે શિવાય બીજી એક પણ સગી બહેન તેમને નહોતી અને તેજ કારણથી તેની ઉપર ઘણો પ્યાર હતો, તે સેફખાનની સાથે પરણાવેલી હતી. પરસ્તખાન નામના સરકારી વિશ્વાસુ માણસને અહમદાબાદ જઇ તેને હજુરમાં લાવવાને વાસ્તે ઠરાવવામાં આવ્યો અને ખબરદાર કર્યો કે, કોઇપણ પ્રકારે તેને કંઇપણ નુકશાન કે જોખમ થાય નહીં. જો એમ ન કર્યું હોત તો સેફખાન પોતાની શિક્ષાએ અહમદાબાદમાંજ પોહોંચી જાત. વળી શેરખાનની સુબેગીરીનું ફરમાન પણ પરસ્તખાનની સાથે મોકલવામાં આવ્યું. હવે સરકાર સ્વારી કુચ ઉપર કુચ કરી **નર્મદા** નદીના કિનારા ઉપર આવી પહોંચી. ત્યાંથી **બાબાપ્યારા**ના ઘાટથી ઉતરી તે વખતે દરેક મુકામે ગુજરાતના તેહનાતી અમલદારોમાંથી કોઇને કોઇ આવી કુનસ કરી સફળ થતા. મજકુર મહિનાની છેલ્લી તારીખે હજુર સ્વારી નર્મદાના કાંઠા ઉપર આવેલા **સીનોર** કસબામાં આવી પહોંચી.

એજ દિવસે શેરખાનની અરજી પણ આવી, તે એવી મતલબની હતી કે, હિંદુઓના લખાણ કે જે લાહોરમાં થાયછે તેમાં જાહેર થયું છે કે, યમીનુદ્દોલા, આસેફખાન અને સઘળા સરકારી શુભેચ્છકોએ મજકુર રાજધાની ફતેહ કર્યા પછી આપ હજુર બાદશાહના નામનો ખુતબો, શુક્રવારનું ભાપણ તથા સિક્કો ચાલુ કર્યો છે. આ વધામણી ઉપરથી હજુર હુકમના ફરમાંનથી ખુશ વખતની નોબતોના નાદ થવા લાગ્યા.

જ્યારે પરસ્તખાન અહમદાબાદની હદમાં પહોંચ્યો ત્યારે શેરખાને સરકારી હુકમને માન આપી સેફખાન કે જે આ વેળાએ શારીરિક પીડાથી પીડાઈ રહ્યો હતો તેને હવાલે કરી દીધો. તે દુઃખીઓ નઝરબંધ કેદી બની દરબારમાં આવ્યો. તે વખતે માતુશ્રીની સિપારસથી તે કૃપાસરોવર શહેનશાહે તેના ગુનાહની માફી આપી, તે દુઃખરૂપી કેદખાનાની પીડા તથા દરિદ્ર અવસ્થામાંથી તેને જન્મસુધીનો છુટો કર્યો

**સુરત** તરફ મીર શમસુદ્દીન બેહજારી જાતની અને બે હજાર સ્વારોની નિમણુંકથી માનકરી હતો. તે સરકારી લુણહલાલ હોવાથી પ્રસંશાપાત્ર થયો અને સુરતની કિલ્લેદારી તેને આપવામાં આવી. શેરખાન અહમદાબાદથી દશ ગાઉ ઉપર આવેલા મેહમુદાબાદમાં સેવામાં આવી સરકારી મુકામે દાખલ થયો અને અહમદાબાદમાં લુગડાંવિગેરેની ભેટો સરકાર સન્મુખે ધરી અને મિરઝા અલીતરખાન તથા મિરઝાવલી વિગેરે તે ઠેકાણેના બીજા સરકારી અમલદારોએ સેવામાં હાજર થઇ સરકારી મહેરબાની મેળવી.

મજકુર મહિનાની ૧૮ મા તારીખે શહેર અહમદાબાદની બહાર આવેલા **કાંકરીઆ** તલાવ ઉપર સરકારી તંબુઓ ઠોકી મુકામ કર્યો. શેરખાન કે જેની ગુજરાતની સુબેગીરી ઉપર નિમણુક થઇ હતી તેને પોશાક, તલવાર, જડીત્ર ખંજર તથા બેહજારી જાતના વધારા ઉપરાંત પચીસસો સ્વારો બક્ષવામાં આવ્યા; તેમજ સરકારી તબેલામાંનો ખાસ ઘોડો તેના સોનેરી સામાનની સાથે તથા હાથી આપવામાં આવ્યો; **ખાજાજહાન** કે જેનું નામ ખાજાજાન હતું અને જે પોતાની પ્રમાણિકતાને લીધે બેહજાર તથા છસો સ્વારોની નિમણુંક ભોગવતો હતો તેને ગુજરાતનો દીવાન બનાવવામાં આવ્યો; મિરઝા અલીતરખાનને ઠઠ્ઠાની સુબેગીરી આપી બેહજારી જાતની તથા સત્તરસો સ્વારોનો વધારો કર્યો અને મંડલીના જાતના ચારહજાર તથા પચ્ચીશસો સ્વારો ચાલુ કરી આપી રવાને કરી દીધો; મોતિકિદખાનને જાતના ચારહજાર અને બેહજાર સ્વારોનું મનસબ આપ્યું; જમાલલુયાનીને પંદરસો જાતના અને પાંચસો સ્વારો બક્ષ્યા; સૈઇદ મુબારક કે જે હજાર તથા ત્રણસો સ્વારોની નિમણુંક માલતો હતો તેને અહમદાબાદમાં મુકયો અને સૈઇદ દિલેરખાનને કેટલાક બીજા સરકારી નોકરો તથા સ્વારોની સાથે અહમદાબાદમાં મુકરર કરી એક અઠવાડીઆં સુધી કામના ફેંસ્યા કરી તેજ માસની ૨૯ મી તારીખે બાદશાહ રાજધાની તરફ આવ્યા અને ધારા પ્રમાણે શેરખાન પણ પાછો ફર્યો. **આગ્રે** પહોંચ્યા પછી સને ૧૦૩૭ ના જમાદીઉસ્સા માસની તારીખ ૧૨ મી બ્રહસ્પતવારના દિવસે દોઢ ઘડી દિવસ ચડે પોતાના બાપદાદાના રાજ્યાસન ઉપર બેસવાની ક્રિયા કરી.

તેજ અરસામાં સૈઇદોના શિરોમણી શાહઆલમના પૌત્ર સૈઇદ જલાલ

બુખારી તખ્તનશિનીની મુબારકબાદી આપવા અહમદાબાદથી રવાને થયા અને શ્રીમંત બાદશાહની મુલાકાતનો લાભ મેળવી ઘણું માન પામ્યા.

**ચંદ્રગતિના માસો તથા સંવત્‌ની જગ્યાએ જુલુસીનો ઠરાવ.**

શ્રીમંત અકબર બાદશાહના રાજમાં ઇલાહી તિથિઓ, મહિના તથા સંવતને અમલમાં લાવવાનો હુકમ થયો હતો. આ હિસાબ સૂર્યગતિ ઉપરથી ગણાતો. જેનું વર્ણન તે રાજના વૃત્તાંતમાં વર્ણવેલું છે. ત્યારપછી જહાંગીર બાદશાહે પણ પોતાની તખ્તનશિનીનો સંવત તેજ પ્રમાણે ઠરાવેલ હતો. આ વખતે શ્રીમંત બાદશાહની હિમ્મત સઘળી રીતે મુહમ્મદી ધર્મના ઉત્તેજન અને ઇસ્લામી માર્ગનાં રક્ષણ તરફ રોકાએલી છે. રાજ્યકારોબારનો ભાર છતાં એક ઘડી પણ ધાર્મીક આજ્ઞાઓથી પાછા ખસતા નથી. જેથી તેમના શુભેચ્છક મનનું એવું વલણ થયું કે આ વખતે ચંદ્રનું બત્રીશમું વર્ષ છે અને આ ખરેખરૂં ઉઘાડું છે કે, ધાર્મિક તેત્રીશ વર્ષોને બત્રીશ ગણવાને કલ્યાણકારી ડાહ્યા વિદ્વાનો પસંદ કરતા નથી; તેથી બનાવોની નોંધ અને કાર્યનું ધોરણ તથા દફતરોએ જુલુસી (તખ્તનશિની) નો ઠરાવ કરી હુકમોનો આધાર તથા બનાવોના જાપતા ચંદ્રગતિના મહિનાઓ તથા સંવત ઉપર કર્યા છે, કે જેનો મૂળ હેતુ હિજરી તિથિનો છે; અને જોકે જમાદીઉસ્સા માસની ૧૨ મી તારીખ તખ્તનશિનીની તિથિ થાયછે તોપણ હુકમ કરવામાં આવ્યો કે એજ માસની તારીખ પહેલીને તે તિથિ ગણવી જોઇએ. તે વિષેની એક આજ્ઞાપત્રિકા, આખા હિંદુસ્તાનની હકુમતમાં અમલ થવાને રવાને કરવામાં આવી. (આ ઠેકાણે મારે જણાવવું જોઇએ કે ફસલી સંવતને ઠેકાણે ચંદ્રથી બાદશાહની જુલુસી સનને ઠરાવવાના ફરમાનોનો વિષય મને મળી આવ્યો હતો, કે જે વિષય વિસ્તારથી કાયદાઓની પુષ્ટીમાં અને તેની હેઠળ તેનો હેતુ મિરાતે-અહમદી પુસ્તકના અહમદાબાદના સુબાના વર્ણન સાથે મુજ અલ્પબુદ્ધિ-વાળાને મળી આવ્યાથી મારી અલ્પ મતિ પ્રમાણે મેં લખ્યું છે. ખરૂં ખોટું ખુદા જાણે!)

મતલબ કે, સને ૧૦૩૮ હિજરીમાં અહમદાબાદના સુબા શેરખાનની પેશકશીના બે હાથીઓ તથા અહમદાબાદની ભેટો બાદશાહની સન્મુખ મુકવામાં આવી, તે તેને પસંદ પડી. હવે **ખાજા અબુલ હસન** કે જે અમીરોની સાથે **નાશકત્ર્યંબક** તથા **સંગમનેરને** ફતેહ કરવાને

વાસ્તે હજુરમાંથી રવાને થયો હતો તેને એવો હુકમ કરવામાં આવ્યો કે, તે સરહદમાં જે ઠેકાણે જે જગ્યા યોગ્ય હોય ત્યાં થોભી જયાંસુધી ગુજરાતના સુબા શેરખાનનું લસ્કર આવીને મળે નહીં ત્યાંસુધી વાટ જેવી. આ વખતે મજકુર ખાન ગુજરાતના તેહનાતી લસ્કરની સાથે ખાજા તરફ રવાને થઇ મજકુર સનના શવ્વાલમાસની ૨૩મી તારીખે ખાજાને આવી મળ્યો અને તેને ખાજાઅબુલહસને **માસુરા**ના કિલ્લાને અને **ચાંદોર**ની આસપાસના દેશને લુંટવાને વાસ્તે મોકલ્યો. આ જગ્યાઓ નાસકત્રંબકની હદમાં છે. તેણે લુંટફાટ તથા મારામારીનું કામ પુરી રીતે કરી દીધું અને ઘણી માલમતા લઇ પાછો આવી ખાજાને મળ્યો.

જે વેળાએ શેરખાન ખાજાની પાસે જતો હતો તે વખતે **બકલાના**-ના જમીનદારથી પેશકશીમાં ઠરાવેલા પાંચ હાથીઓ તથા બીજી ભેટો વિગેરે લેવાને પોતાના નોકરોને મોકલ્યા હતા. તે વર્ષના માહે જીલહજમાં ખાજાઅબુલહસનની પાસે લાવીને આપી દીધા. ખાજાએ તે સઘળું શ્રીમંત બાદશાહની સેવામાં રવાને કર્યું.

સને ૧૦૩૯ હિજરીમાં સૈઇદ જલાલ બુખારી કે જેઓ તખ્તનશિનીની મુબારકબાદી આપવા હજુરમાં ગયા હતા (તેવિષે પહેલાં લખવામાં આવ્યું છે.) તેમને પોશાક, હાથી તથા ત્રણહજાર રૂપીઆ રોકડા ઇનામ દાખલ આપવામાં આવ્યા. તેજ વર્ષમાં મજકુર સૈઇદ અહમદાબાદમાં આવ્યા.

સને ૧૦૪૦ હિજરીમાં જમાલખાન કરાવલ કે જે સરકારના હુકમથી ગુજરાતના સુબાના તાબાના ગામ **સુલતાનપુર** તથા **રાજપીપલે** ગયો હતો, તે એકસોને ત્રીશ હાથીઓને પકડી તારીખ ૭મી જમાદીઉલ અવ્વલને દહાડે સરકારની હજુરમાં આવી હાજર થયો. તેમાંથી દરબારમાં ફક્ત નર–માદા મળી સિત્તેર હાથીઓ જીવતા પહોંચ્યા હતા, કે જે સરકારની સમક્ષ નજર કરવામાં આવ્યા.

## ગુજરાતનો મોટો દુકાળ.

આ વર્ષના બનાવોમાંથી લોકોમાં કહેવાતો સત્યાસીઓ દુકાળ છે. આ દુકાળ પૂર્ણરીતે ગુજરાત તથા દક્ષિણમાં પડ્યો હતો. ખાવાપીવાની જણસોની ઘણી તાણ પડી હતી. “નાનને વાસ્તે જાન દેતા હતા” અને જીવનો કોઇ ખરીદ કરનાર નહોતો. કાંકરે ઉંટ વેચાતા હતા પણ કોઈ લેતું નહોતું. જે હાથ સદાએ ઉદારતામાં લાંબો થતો હતો તે હાથ ભીખના

ટુકડા શિવાય બીજે રસ્તે લાંબો થતો નહોતો. જે પગલાં હંમેશાં નિરાંતે પહોળાં થતાં હતાં તે ભિક્ષા માગવા શિવાય બીજું કામ નહોતાં કરતાં. કુતરાનું માંસ બકરાંના માંસની જગ્યાએ તથા મુડદાંનાં હાડકાં લોટમાં મેળવીને વેચાતાં હતાં. આ વાત જાણવામાં આવ્યાથી વેચનારાઓને પાકી શિક્ષા કરવામાં આવી. છેવટ હલકા લોકોએ એક બીજાનું માંસ ખાઇ જીવતા રહેવાનું કામ કાઢયું. ઘણાખરા માણુસો તેમને શોધનારાઓથી થકી જઇ મરણ પામ્યા હતા અને એકલો માણુસ કોઇ બીજા માણુસોના પાકા જાપતા શિવાય કયાંએ જઇ શકતો નહોતો. મૃત્યુના મહા સંકટથી ઘણા લોકો સહેજે પ્રાણ આપતા. જે લોકોથી કંઇ બની આવતું તો તે પાકા બંદોબસ્તથી બીજા દેશનાં ગામડાંઓ તથા કસ્બાઓમાં જઇ ભરાતા. આ દેશ કે જે વસ્તીના લીધે ઘણો પ્રખ્યાત હતો તે વસ્તીવિનાનો ઉજ્જડ થઇ ગયો હતો. આ મોટો કેર અને ભારે પીડા સઘળે ઠેકાણે પ્રસરેલી હતી, તેમજ જે ધાન્ય સસ્તું અને જથ્થાબંધ જોવાતું હતું તેની છેકજ અછત થઇ ગઈ હતી. દયાસાગર હજુર બાદશાહે આજ્ઞા કરી કે, **બુરહાનપુર, અહમદાબાદ** તથા **સુરત**ના કારકુન લોકોએ ફકીરો, ભિક્ષુકો, ગરીબો અને આશાવંત નિરાધાર પ્રજાને વાસ્તે લંગરખાના એટલે આશ્રમો ઉઘાડવા અને દરરોજ ગરીબ અને નિરાધાર પ્રજાને પુરૂં પડે એટલું અનાજ (ભરડકું) પકાવવું. જ્યારે ભુખમરો અને અનાજની તાણ અહમદાબાદીઓને વધારે પીડવા લાગી ત્યારે બીજી વખત હજુરને ખબર થઈ, તેથી હુકમ ફરમાવ્યો કે સુબાના દીવાને ખજાનામાંથી પચાશહજાર રૂપીઆ રોકડા શહેરમાં દાણા લાવનાર વહેપારીઓને આપવા.

આ વર્ષે વરસાદની તાણ તથા મોંઘવારીથી રૈયત બરબાદ થઇ ગઇ હોવાથી આ વર્ષ તેમજ આવતા વર્ષમાટે ખાલસા તથા જાગીરની વજે સમૂળગી ઘટાડવાની માફી મળી. સાંભળવામાં આવ્યું છે કે, બીજે વર્ષે જ્યારે મેઘવૃષ્ટી થઇ ત્યારે ઢોરઢાંખર તો રહ્યાં નહોતાં તેથી ભેંસો સિત્તેર સિત્તેર રૂપીએ ખરીદ કરી **ચાંપાનેર**થી લાવ્યા હતા. કેમકે ઢોરની નસલ બાકી રહી નહોતી.

એજ વર્ષે ગુજરાતી નાગરની નાતનો **દયાનંતરાય મુનશી** કે જે દેશી ગણીતમાં પ્રાચીનકાળના રાજાઓથી માહીતગાર હતો, તે ખાલસા મુલ્કની દફતરદારી ઉપર નિમાયો અને શેરખાન સુબો કે જે ખાજા-અબુલહસનની તેહનાતમાં નાસકત્રંબક ગયો હતો તે મૃત્યુ પામ્યો.

# ઓગણીશમો સુબો ઇસલામખાન.

## સને ૧૦૪૦–૧૦૪૧ હિજરી.

શેરખાનના મૃત્યુ પામવાની ખબર જ્યારે દરબારમાં પહોંચી ત્યારે રાજધાનીના અમલદાર **ઈસલામખાનને** ગુજરાતના **સુબાનો** હોદ્દો અપાયો અને તેની નિમણુંકમાં પાંચહજાર જાતના તથા ચારહજાર સ્વારો અને ઘોડાનો વધારો કરી આપી ખાસ પોશાક અને તેએલામાંનો ખાસ ઘોડો તેના સામાન સાથે તથા ખાસ સ્વારીનો હાથી તેને મોકલાવ્યો.

ખાજાજહાનની દીવાની અને તેનું મક્કે હજ્જ કરવા જવું, અને પાછળથી આકાફાઝિલ એટલે ફાઝિલખાનની દીવાની.

તે હુકમ મળવાથી સને ૧૦૪૦ હિજરીના છેવટના ભાગમાં ગુજરાતના સુબામાં તે આવી પહોંચ્યો અને બંદોબસ્ત કરવાનું કામ ચલાવવા માંડ્યું. તેજ વર્ષમાં રત્નજડીત્ર હથિઆરો, નવ કચ્છી ઘોડા, કસબી કેટલાંક ઇરાકી લુગડાં તથા ગુજરાતી વણાટનાં લુગડાં પેશકશી દાખલ તેણે દરબારમાં મોકલેલાં, તે હજુરમાં દાખલ થયાં. જેથી તેને પાંચહજારી મનસબની સાથે હજાર સ્વારો અને બેવડા તેવડા પાંચહજાર સ્વારોના વધારાનું તેને માન આપવામાં આવ્યું. તે વખતે **સરફરાઝખાન આગ્રાઈ** આ સુબાના તેહનાતીઓમાંનો એક, તેહનાતી છોકરાઓને લઇને હજુરમાં આવેલો, તેને પોશાકનું ઇનામ મળ્યાથી તે પણ ગુજરાત તરફ રવાને થયો.

સને ૧૦૪૧ હિજરીમાં સુબાના દીવાન ખાજાજહાને મક્કે હજ્જ કરવા જવાની અરજ કરી, જેથી તેની અરજ મંજુર કરવામાં આવી. રાજ્યની મોટાઇ વધારવાની તરફ દ્રષ્ટી નાખી એવો હુકમ કર્યો કે, પાંચલાખ રૂપીયા અરબસ્તાનના ગરીબોને વહેંચવાને વાસ્તે રવાને કરવા. તેથી ગુજરાતના કામદારો ઉપર હુકમ આવ્યો કે અહમદાબાદ તથા સુરતબંદરમાં બેલાખ ચાલીશહજાર રૂપીયાનો તે માલ, કે જે ત્યાં તૈયાર થાયછે તે વેચાતો લઇ ખાજાજહાન કે જે ધર્મી તથા પ્રમાણિકપણામાટે પ્રસિદ્ધ છે તેને હવાલે કરવો; કે તે માલને હકીમ મસીહુઝઝમાને સાથે રાખી મક્કાના મુતવલ્લીઓને ખેરાત કરવો. હકીમ પણ હજ્જ કરવા જવાની રજા લઇ મક્કે જતો હતો.

ખાજાજહાનની જગ્યા ઉપર જાતના હજાર તથા પાંચસો સ્વારોની નિમણુંકનું માન ધરાવનાર **આકાફાઝિલ** એટલે **ફાઝલખાન** દીવાનને નીમવામાં

આવ્યો. એજ વર્ષમાં સુરત તથા ખંભાતના મુત્સદીએ જવાહીર, વસ્ત્રો, અને અરબી તથા ઇરાકી ઘોડા એક બંદરમાંથી ભેગા કરી બીજી સુંદર ભેટો સહીત હજુરમાં મોકલેલ તેમજ રત્નજડીત્ર હથિઆરો, એંશી ઘોડા અને અહમદાબાદી વસ્ત્રો ઇસલામખાન સુબાનાં મોકલેલાં પણ હજુરની સમક્ષ નજર કરવામાં આવ્યાં.

સને ૧૦૪૨ હિજરીમાં ચારહજારી જાતના અને ત્રણહજાર સ્વારોનું મનસબ રાખનાર **સૈઈદ દિલેરખાન** વડોદરાનો ફોજદાર આ દુનિયાથી કુચ કરી ગયો. સુબાના દીવાન આકાફાઝિલને વડોદરાની ફોજદારી આપવામાં આવી અને ગુજરાતના સુબાના દિવાન તરીકે રિઆયતખાનને નીમવામાં આવ્યો. ઇસલામખાનની સુબેગીરીમાં એનાથી વધારે કંઇ વૃત્તાંત જોવામાં આવેલ નથી.

---

## વીશમો સુબો નજમસાની બાકરખાન.

સને ૧૦૪૨-૧૦૪૩ હિજરી.

રિઆયતખાનની દીવાની.

સને ૧૦૪૨ ના રજબમાસમાં ચારહજાર જાતના અને ચારહજાર સ્વારોના મનસબનું માન ધરાવનાર **નજમસાની બાકરખાન** પોતાના પુત્રોસહીત અહ્લીઆથી આવી સરકાર સેવામાં હાજર થયો અને એકહજાર મોહરોની ભેટ, રત્નજડીત્ર હથીઆરો તથા સોનેરી હથીઆરો આશરે બેલાખ રૂપીયાની કીંમતનાં પેશકશી દાખલ ભેટ કર્યાં. જેથી તેને હાથી, પોશાક તથા સોનેરી સામાનનો ઘોડો સરકારમાંથી માન સાથે આપવામાં આવ્યો અને ઇસલામખાનની ફેરબદલીથી ખાલી પડેલી ગુજરાતની સુબેગીરી ઉપર તેની નિમણુંક થઇ, તેથી તે રવાને થઇ ગુજરાતમાં આવી પહોંચી કામકાજ કરવા લાગ્યો અને તેણે તેજ વર્ષ આખર ઇરાકી ઘોડા, સારાં અને સુંદર વસ્ત્રો તથા ચાલીશ કચ્છી ઘોડા પેશકશી દાખલ હજુરમાં મોકલ્યા. તે શિવાય બીજું કંઇ તેની સુબેગીરીમાં બનેલું જણાતું નથી.

---

## એકવીશમો સુબો સિપેહદારખાન.

સને ૧૦૪૩ હિજરી.

રિઆયતખાનની દીવાની.

જગત્પ્રસિદ્ધ નવરોઝ એટલે તા. ૨૧ રમઝાન સને ૧૦૪૪ હિજરીના રોજ પાંચહજારી જાતના તથા પાંચહજાર સ્વારો એવડા તેવડાના મનસબવાળો **સિપેહદારખાન** ખાસ પોશાક, સોનેરી સામાનવાળો ઘોડો તથા હાથીની બક્ષીશનું માન મેળવી બાકરખાન નજમસાની (ગુજરાતના) સુબાની ખાલી પડેલી જગ્યાએ નીમાયો અને પોતે જવાની આજ્ઞા મેળવી મજકુર સનની આખરે ગુજરાતમાં પોહોંચી કારોબાર ચલાવવા લાગ્યો.

સન ૧૦૪૪ હિજરીમાં નવરોઝને દહાડે અહમદાબાદમાં તૈયાર થયેલો અને ગુજરાતના કારીગરો તથા હુન્નરીઓએ બનાવેલો એક લાખ રૂપીયાનો સમીઆનો (ચદરવો) મખમલના લપાના સાયબાનો સોના ચાંદીના થાંભલાવાળો હજુરમાં મોકલવામાં આવેલો હતો. તે સમીઆનો દરબારમાં નવરોઝના દિવસે દીવાનખાનાની આગળ તાણવામાં આવ્યો. તેજ દિવસે મોરાસન કે જે એક કરોડ રૂપીયા બરાબર ત્રણસો છરાકી તુમાનની લાગતવાળા ઉપર શ્રીમંત બાદશાહ બિરાજમાન થયા અને એજ વર્ષમાં સુબા સિપેહદારખાંએ પણ એકલાખ રૂપીયાની લાગતથી તૈયાર કરેલો સમીઆનો સોનેરી થાંભલીઓવાળો પેશકશી દાખલ દરબારમાં મોકલાવ્યો હતો, તે પણ સરકારની સન્મુખ નજર કરવામાં આવ્યો.

---

## બાવીશમો સુબો સેફખાન

સને ૧૦૪૪ હિજરી.

રિઆયતખાનની દીવાની.

સને ૧૦૪૫ હિજરીના સફર મહીનાની ૧૫મી તારીખે જાતીકા પાંચહજાર અને ચારહજાર સ્વારોના મનસબનું માન ધરાવનાર **સેફખાન** સુબા સિપેહદારખાનની ફેરબદલીથી ખાલી પડેલી જગ્યાએ હજુરમાં નિમાયો, તેને સોનેરી સામાન સહીત ઘોડો તથા હાથી આપવાની ફરમાશ થઇ. તેના ભાઇ તથા દીકરા **યહયાને** પ્રથમ કરતાં જાતના હજાર અને ત્રણસો સ્વારોનો વધારો કરી સાથે રવાને કર્યા.

એજ વર્ષમાં મક્કે હજ્જ કરવા ગયેલો હકીમ બસરાને રસ્તે પાછો ફરી **લાહરી**ના બંદરે ઉતરી દરબારભણી રવાને થયો અને દરબારમાં હાજર થઈ બાદશાહની મુલાકાત કરી, ચાલીશ અરબી ઘોડા કે જે તેણે બસરા તથા તેની સરહદમાંથી ભેટ મુકવાને લીધા હતા તે નજર કર્યા એટલે સરકારે તે ઘોડા પસંદ કરી રાખવાની આજ્ઞા આપી. તેઓમાંથી બે ઘોડા કે જેમાં એકનું નામ **બુઝ** તથા બીજાનું નામ **તર્ક,** કે જે દેખાવમાં ખુબસુરત, શરીરે કદાવર, કદમાં સંપૂર્ણ અને ચાલમાં વાયુસમાન વેગવાળો હોવાથી ખાસ બાદશાહી તબેલામાં નોંધાયો. પહેલાનું નામ **'પાદશાહ પસંદ'** અને બીજાનું નામ **'તમામ ઐયાર'** ( પુરો ચાલાક ) મુકવામાં આવ્યું. હકીમને ખાસ પોશાક, જાતના ત્રણહજારનું મનસબ અને ત્રણહજાર સ્વારો પહેલાં પ્રમાણે ચાલુ કરવામાં આવ્યા; તથા એક હાથી, પચીશહજાર રૂપીયા રોકડા અને **મુઈઝઝુલમુલ્ક**ની બદલીથી સુરત સરકારની અમલદારી આપવામાં આવી; તેમજ ઉજ્જડ થએલા સોરઠ દેશની તેહવીલ અમલદારો બરાબર નહિ સંભાળી શકવાથી **મિરઝા ઇસાતરખાન**ને સોંપવામાં આવી અને પાંચહજાર જાતના તથા બેવડા તેવડા ચારહજાર સ્વારોનો વધારો કરવામાં આવ્યો.

તેજ વર્ષના જીલહજ માસમાં **સેફખાન**ની બદલીથી સુબેગીરી **આઝમખાન**ને આપવામાં આવી. સને ૧૦૫૦ હિજરીમાં અહમદાબાદમાં સેફખાન પરલોકની મુસાફરીએ સિધાવ્યો, અને તે શાહેઆલમ સાહેબના રોઝામાં દફન થયો. કેમકે તે તેમનો આસ્તિક સેવક હતો. વળી તે નોકરી મુકયા પછી પણ ઘણું કરીને અહમદાબાદમાંજ રહેતો હતો.

મોટા દીવાનખાનાની ઇમારત, કે જે જમાતખાનું કહેવાય છે અને જે દરગાહથી ઉત્તર દિશાએ આવેલું છે તે તેની બાંધેલી છે અને રોજાની અંદરની મરામત પણ સેફખાનનીજ નિશાની છે. કોઇ શાયરે **સેફખાં મુરદહ** સેફખાં મરી ગયો એમ સંવત કાઢી છે.

# ત્રેવીશમો સુબો આઝમખાન.

સને ૧૦૪૫-૧૦૫૪ હિજરી.

*રિઆયતખાન તથા મીર સાબરની દીવાની.*

**સેફખાન**સુબાની હકુમતમાં ચુંવાલના કોળી **કહાનજીએ** વેપારીઓનો માલ લુંટી લીધો હતો અને બીજા લુંટારાઓએ પણ દંગા-ફિસાદ જ્યાં ને ત્યાં કરી મુક્યા હતા. આ બનાવોની ખબર શ્રીમંતપ્રજાપાળક મહાન બાદશાહને કાને પહોંચવાથી મજકુર સનના જીલહજ માસની ચોથી તારીખે જાતના છહજારનું મનસબ અને બેવડા ત્રેવડા છહજાર સ્વારોનું માન ધરાવનાર **આઝમખાનને** ખાસ પોશાક, સોનેરી સામાનસહિત ઘોડો તથા હાથીની બક્ષિશ કરી સેફખાનની ખાલી પડેલી જગ્યા ઉપર સુબો બનાવી રવાને કર્યો.

હવે જ્યારે આઝમખાન અહમદાબાદથી ચાલીશ ગાઉ ઉપર આવેલા પાટણ સરકારના ગામ **સૈયદપુર**માં પહોંચ્યો ત્યારે ત્યાંના વહેપારીઓએ ફરીઆદ ફરીઆદની બુમો મારી; તેથી આઝમખાને બારોબાર અહમદાબાદમાં દાખલ ન થતાં મજકુર કોળીને શિક્ષા કરી તેના રહેવાના ગામમાંથી તેને નસાડી મુક્યો. જેથી તે કોળી (કાનજી) બાદશાહના લસ્કરથી ત્રાસ પામીને ખેરાલુ પરગણામાં આવેલા **ભાવદ** ગામમાં પોતાના કુટુંબસહિત જતો રહ્યો; અને આઝમખાન પણ તેની પાછળ ગયો. હવે કાનજીને કોઇપણ પ્રકારે બચવાની આશા રહી નહિ, તેમ કોઇ જગ્યાએ આશરો મળવાનું ઠેકાણું પણ ન રહ્યું, તેથી રાત્રીના વખતે પોતે જાતે આવી હાજર થઇ લુંટેલા સઘળા માલનો પત્તો (નિશાની) બતાવી આપ્યો અને ફરીથી કુમાર્ગે નહિ ચાલવા માટેના ફેલ જામીન આપી એકહજાર રૂપિયા સરકારમાં રજુ કરતા રહેવાની કબુલત આપી.

**ગુજરાતદેશ**—માથાના ફરેલ તોફાનીઓની ખાણરૂપ છે અને દંગા ફીસાદનું ઘર છે. તેમાં કોળીઓ તથા કાઠીઓ, કે જેઓ પોતાની નીચ દાનત કે હરામખોરીથી રસ્તા લુંટવાનું તથા ચોરી કરવાનું કામ કરેછે અને સદાએ પ્રજાને પીડાકારી થઇ પડી, દેશનો નાશ કરી ઉજ્જડ બનાવવામાંજ મચ્યા રહેછે. તેઓની આ હકીકતથી વાકેફ થઇ આઝમખાને શહેર (અહમદાબાદ)માં જતાં પહેલાં તેઓને તથા આ દેશના બીજા કેટલાએક તોફાની લોકોને શિક્ષા આપી **માંડુ**ની પાસેના મોટા ભીલ પરગણામાં બે

કિલ્લાઓ તૈયાર કરાવ્યા. જેમાં એકનું નામ **આઝમાબાદ** અને બીજાનું નામ પોતાના પુત્રના નામ ઉપરથી **ખલીલાબાદ** રાખ્યું. તે સિવાય કાઠીઆવાડમાં આવેલા **ચુડારાણપુર**માં એક મોટો કિલ્લો તથા બીજી ઇમારતો બાંધી તેનું નામ **શાહપુર** રાખ્યું.

સને ૧૦૪૬ હિજરીમાં, આકાફાઝીલ અથવા ફાઝીલખાન કે જે, પહેલાં સુબાનો દીવાન હતો અને હમણાં વડોદરાની ફોજદારી કરતો હતો તે હજુરના બોલાવવાથી દરબારમાં હાજર થયો; તેને સુંદર પોશાક અને સોનેરી સાજ (શણગાર)વાળો ઘોડો આપી **શાહજાદા મુહમ્મદઔરંગ-જેબ**ના રિસાલામાં દાખલ કર્યો.

હવે જે પાંચ લાખ રૂપિયા મક્કાના મુતવલ્લીઓ અને ફકીરો વિગેરે ગરીબ-લાચાર લોકોને ખેરાતઅર્થે આપવાનો ઠરાવ થયો હતો તેમાંથી મક્કે હજ્જ કરવા જવાની પરવાનગી મેળવેલા **હકીમ અબુલ કાસમ** (રાજવૈદ્ય) ને આપવાની આજ્ઞા થઈ, અને ગુજરાતના સુબા-અમલદારો ઉપર હુકમ આવ્યો કે હકીમના ત્યાં પહોંચતાંજ અરબસ્તાન જતાં રસ્તાના વપરાશની ચીજો (સાહિત્યો) ખરીદ કરી તેની સાથે મોકલી દેવી. અને તેવીજ રીતે તેનો અમલ પણ કરવામાં આવ્યો. ત્યારબાદ સુરત-બંદરની કિલ્લેદારીપર સૈયદ **ઇલહદાદ**ની નીમણુંક થઇ, અને એજ વર્ષે સૈઇદ મુહમ્મદ ગુજરાતીના દીકરા **શાહેઆલમસાહેબ**ના પૌત્રને દશહજાર રૂપિયા તથા તેમના બે દીકરાઓને સોનેરી પોશાક આપી ગુજરાત તરફ રવાને કર્યા અને ગુજરાતના મુતવલ્લીઓ વિગેરેને આપવા માટે છસો સોનામોહોરો સૈઇદની સાથે મોકલવામાં આવી.

મજકુર વર્ષના રમજાન માસમાં **મિરઝા ઇસાતરખાન**ની પેશકશી-ના પંદર કચ્છી ઘોડા જુનાગઢથી મોકલેલા તે શ્રીમંત સરકારની સન્મુખે નજર કરવામાં આવ્યા. આ વર્ષે આઝમખાને ભદ્રના કિલ્લાનાં નગારખાનાંના દરવાજા નજીકની ધર્મશાળાની ઇમારતનું કામ પૂરૂં કર્યું. તે તેની બનાવેલી ઇમારત છે. આ ઇમારતની સંવત આ કવિતમાંથી નીકળે છે.

**કવિત.**

ઝહા તિફ્સાલે તારીખશ ચું જુસ્તમ,<br>
નિદા આમદ મકાને ખેરો એહસાં.

**અર્થ**—સરસ્વતિથી તેની સંવતની મેલાગણી કરી તો પ્રેરણા થઇ કે 'ક્ષેમ કુશળતાવાળું ઘર'.

સને ૧૦૪૮ હિજરીમાં સુબાઓના વૃત્તાંત લખનાર બક્ષી **રિઆયતખાન**ની બદલીથી **મીરસાબર** મનસબના વધારાથી દીવાનીની જગ્યા ઉપર નીમાવાનું માન પામ્યો અને હકીમ **મસાહુઝ્ઝમાન મુઇઝ્ઝુલ્મુલ્ક**ની જગ્યાએ સુરતબંદરની હકુમત તેને અપાઇ. શાહેઆલમ સાહેબના પૌત્ર સૈઇદ જલાલ બુખારી શ્રી

રિઆયતખાનના બદલાથી મીરસાબરની દીવાની.

બાદશાહના આમંત્રણથી અહમદાબાદથી રવાને થયા હતા, તે મોટું માન પામી હજુરને મળી પાંચસો મોહોરોની બક્ષિશ લઇ પાછા ફર્યા. એજ વર્ષે આઝમખાનની સુલક્ષણી કન્યા **શાહજાદા મુહમ્મદશુજા**ની સાથે લગ્નને વાસ્તે મગાઇ હતી અને આઝિમખાંએ તેણીને તેની માતુશ્રી તથા તેના બે ભાઇઓ **મીરખલીલ** તથા **મીરઇસહાક**ની સાથે દરબારમાં મોકલી હતી, શવ્વાલ માસની ૨૦ મી તારીખે તે લોકો દરબારમાં પહોંચ્યા અને સરકારી આજ્ઞાપ્રમાણે બંગાળામાં લગ્નક્રિયા કરવામાં આવી; તે વખતે એવો હુકમ પણ થયો કે, શુભલગ્ન પછી મીરઇસહાક પોતાની માજીને લઇને પીતાની પાસે ગુજરાતમાં જાય. ત્યારબાદ નવરોઝના દરબારમાં સરકારમાં આવી પહોંચેલા સૈઇદ જલાલ બુખારીને હજાર રૂપીઆ ઇનામમાં મળ્યા, અને મોલુદની રાત્રે (નબીસાહેબના જન્મ વખતે) બીજા પણ ત્રણ હજાર રૂપીઆ સૈઇદ સાહેબને આપવામાં આવ્યા; અને ગુજરાતના બનાવો પૈકી પાટણના ફોજદાર **સરફ્રાજખાન**ના મરણની ખબર સરકારને થઇ તે ઉપરથી તેના પુત્રોને કેટલીક ભેટો તથા નીમણુંકનો વધારો કરી આપ્યો.

સને ૧૦૪૯ હિજરીમાં સૈઇદ જલાલ બુખારીને રસ્તાના ખર્ચમાટે પાંચહજાર રૂપીઆ આપવામાં આવ્યા તથા ગુજરાતમાં જવાની પરવાનગી આપવામાં આવી; અને સોરઠના ફોજદાર **મીરઝા ઇસાતરખાન**ને હજારસ્વારોના વધારા સાથે પાંચહજાર જાતની નીમણુંક અને પાંચહજાર બેવડા તેવડા સ્વારોનું માન આપવામાં આવ્યું અને તેનો મોટો પુત્ર **ઇનાયતુલ્લાખાન** હજારી મનસબ અને પહેલાં કરતાં વધારાના પાંચસો સ્વારોના માનને પામ્યો; તેમજ **આઝમખાન** સુબાને ખાસ તબેલાના સોનેરી સાજવાળા બે ઘોડા અને એક ખાસ હાથી આપી તેની સાથે તેના પુત્રો ખલીલખાન તથા ઇસિહાકખાનને પણ ઘોડાઓનું ઇનામ

આપી રવાને કર્યા કે મજકુર ભેટ તેમના પિતાને પહોંચાડે.

સને ૧૦૫૦ હિજરીમાં આઝમખાન સુબાની જવાહીર તથા વસ્ત્રોની તેમજ ત્રીશ ઘોડાની મોકલેલી પેશકશી હજુરમાં પહોંચી. આઝમખાને વર્ષાઋતુમાં ઘણોખરો વખત દંગાઇઓને સીરાડે પહોંચાડવાને વાસ્તે લાંબી લાંબી સરહદો ઉપર જઇ ગુજાર્યો હતો. આ દેશના બખેડીઆઓને અને કોળીઓને છેક છેલ્લી અણી ઉપર લાવી મુકયા હતા; અને જ્યાં જ્યાં વ્યાજબી માલુમ પડયું ત્યાં ત્યાં કિલ્લાઓ બાંધી થાણાં મૂકયાં હતાં. કોળીઓના સ્વસ્થાનોમાં જઇ રહી તેમની ખેતીઓ તથા ઝાડોનો નાશ કરી નાખ્યો હતો અને જંગલ કાપવાનું કામ કરતો રહેતો હતો, કે જે વિષે હાલ પણ કહેવાય છે કે આઝમખાનને જે જગ્યા મળી આવેછે તેની પેદાશની ખરાબી કરી દેછે. અહમદાબાદના સુબામાં આવેલા જાલોરથી કાઠીઆવાડના છેડા સુધી જામ તથા ભારાના દેશના છેવટ સુધી, કે જે ખારા સમુદ્રનો કાંઠો છે, ત્યાં કોઇપણ લુંટારાની હિમ્મત એટલી નહોતી ચાલતી, કે કોઇ બીચારા ગરીબ ઉપર જુલમાટભરેલો હાથ નાખી શકે. આબરૂદાર તથા વહેપારીઓ વગર ધાસ્તીએ રસ્તામાં થઇ આવજાવ કરતા હતા.

## નવાનગરના જામ જમીનદાર ઉપર આઝમખાનની ચઢાઈ, પેશકશીની વસુલાત અને તેની ટંકશાળનું બંધ પાડવું.

જે દિવસથી આઝમખાનની હકુમત ચાલુ થઈ તે દિવસથી જમીનદારોએ જે તાબેદારી કરવી જોઇએ તે જોકે જામના પુરૂષો કરતા, પરંતુ જોઇતી રીતે અમલમાં નહોતા લાવતા; તેથી આઝમખાન તેને શિક્ષાએ પહોંચાડવાના હેતુથી નિકળ્યો અને નવાનગરથી સાત ગાઉ ઉપર આવેલા જામના રહેઠાણે પહોંચ્યો. પણ જામને લશ્કર તથા સાર–સરંજામ ભેગો કરવાનો અવકાશ નહીં મળવાથી પૂર્વસુચક બુદ્ધિથી શરણે જઈ આશરો લેવાનું નક્કી કરી માફી માગવાને વાસ્તે આઝમખાનની મુલાકાત લેવા નવાનગરથી રવાને થયો. આઝમખાને લશ્કરમાં આવી પહોંચતાં પહેલાં કહેરાવ્યું કે, જ્યાંસુધી પેશકશી નક્કી ન થાય અને ટંકશાળ કે જેમાં મેહમુદીઓ પાડવામાં આવેછે તે બંધ ન થાય ત્યાંસુધી સલાહની વાત કરવી નહીં. હવે મજકુર જમીનદારનો સલાહ કર્યા શિવાય બીજો રસ્તો નહિ હોવાથી તેણે પેશકશીમાં એકસો કચ્છી ઘોડા તથા ત્રણ લાખ મેહમુદીઓ કબુલ કરી અને ટંકશાળ બંધ પાડવાની કબુલત આપી;

તે સાથે એવો પણ ઠરાવ કરવામાં આવ્યો કે, અહમદાબાદની સરહદની રૈયત મારા મુલકમાં આવી વસી હશે તો તેમને મારા રાજમાંથી કાઢી તેમનાં રહેઠાણુ તરફ રવાને કરીશ. તે ઉપરાંત જ્યાંસુધી સુબો ગરાસીઆ તથા મેવાસીઓને શિખામણ તથા શિક્ષા દેવાના કામમાં રોકાયો હતો ત્યાંસુધી 'પોતાના પુત્રને સુબાની પાસે થોડું લસ્કર લઇ મોકલે' તે પેશકશી કબુલ કર્યા બાદ આઝમખાનની પાસે આવ્યો. ત્યાંથી પરવારી ખાન શાહપુર ગયો.

હવે જાણવું જોઇએ કે થોડાક વખતસુધી ત્યાંની ટંકશાળ બંધ રાખવામાં આવી હતી; પરંતુ અત્યારસુધી **સુલતાન મુઝફ્ફર**ના નામથી મહેમુદીનો સિક્કો પાડે છે. નવા સિક્કામાં એક બાજુએ હીંદી અક્ષરોથી જનમનું નામ પાડ્યું છે તેને જામી પણ કહેછે. વડોદરા જીલ્લામાં એને ચંગીઝી કહે છે, કેમકે **ચંગીઝખાન સીદ્ધી**ના હુલ્લડની વખતે એ પાડવામાં આવી હતી. તે જીલ્લામાં તેનુંજ ચલણ છે, એટલે કે વહેવાર કારભાર, પેશકશીના આંકડા, કરારનામાનાં લખાણો અને પરગણાની વસુલાતમાં તેજ વપરાય છે; અહમદાબાદમાં અત્યારસુધી પણ ઘીનો વહેપાર મહેમુદીના હિસાબે થાયછે. મહેમુદી સાડાચાર માસાની થાય છે. કોઇ વખતે એક રૂપી-આની અઢી અથવા કોઇ વખતે ત્રણનો ભાવ હોય છે સરકારી હજુર હુકમ જુનાગઢમાં ટંકશાળ ઉઘાડવાનો થયો અને તેમાં મહેમુદીઓને ગાળી નાખવાની આજ્ઞા અપાઇ, પરંતુ તે જોઇતી રીતે ચાલી શકી નહીં; કેમકે વહેપારીઓ પોતાની સગવડના લીધે રૂપું તથા સોનું કે જે દીવ અને બીજાં બંદરોથી અહમદાબાદમાં જતું હતું, તેના સિક્કા ત્યાંજ પડતા હતા; તેથી સુબાના દીવાન **મીરસાબર**ની અરજ ઉપરથી ત્યાંની ટંકશાળો બંધ પાડવાનો હુકમ થયો. તેમજ જવાહીરની દલાલીની હકસાઈ લેવાનો દસ્તુર ચાલુ છે કે, વેચનાર પાસેથી દર સેંકડે એક રૂપીઓ તથા એક રૂપીઓ લેનાર પાસેથી દલાલો લે છે તે આખો આંકડો થાયછે, તે ઉપરથી હજુર હુકમ થયો કે જાણી જોઇ અમે એક રૂપીઓ દલાલોને માફ કરી આપ્યો અને એક રૂપીઓ પાકે પાયે ખાલસામાં લેતા રહેવું. એ વિષે હુકમપ્રમાણે સુબાના દીવાનને આજ્ઞા અપાઇ કે ગુજરાતના સુબામાં અહમદાબાદ, સુરતબંદર અને ખંભાતમાં આ હુકમ પહોંચ્યાની તારીખે ઝવેરી વિગેરેના ચોપડાઓમાં નક્કી કરી અમલ કરવો અને ઝવેરીઓથી નવી આશીતી કસર ઉપર એક રૂપીઓ બસ્તી થાયછે અને એક રૂપીઓ શાહજહાંની અને એવીજ મુંગા (જવાહીર), કેરબા અને મોતી ઉપર લેતા રહેવું.

એજ વર્ષે વડોદરાના તહેવીલદાર **મીરશમસ**ની પેશકશીનો એક હાથી અને નવ ઘોડા દરબારમાં પહોંચ્યા અને **ખોજમકુલી** મુઇઝ્ઝુલમુલ્કની ફેરબદલીથી સુરતબંદરથી નીમાઇને આવી પહોંચ્યો. મુઇઝ્ઝુલમુલ્કે પોતાની બદલી પહેલાં ઘોડાની નસલની વૃદ્ધિના કારખાનાવાળાઓ કે જે ચાર સરકારો **બસરા લિહાદ** વિગેરે જગ્યા કે જ્યાં વિજળીવેગસમાન ઘોડા પેદા થાયછે ત્યાં મોકલ્યા હતા અને દ્રવ્યવાન વહેપારીઓ કે જેઓ સુરત બંદરમાં રહેતા હતા અને જેમના નોકરો તથા ગુમાસ્તાઓ ચોમેર ભમતા હતા, તેમની સાથે બંદોબસ્ત કર્યો હતો કે એક વર્ષ કામે લગાડી અરબસ્તાન વિગેરે જે જગ્યાએ સારા ઘોડા મળી આવે તે લાવવા. જેથી તે જગ્યાએથી એક લાખ રૂપીઆ આપી ખરીદ કરી સુરતબંદરમાં લાવ્યા. તેમાં એક સુરંગ ઘોડો બસરાના **અલી** નામના સુલતાનનો હતો. તે ઘોળા રંગનો હતો અને તેનાં વખાણ બાદશાહે સાંભળ્યાં હતાં, જેથી તેના દશહજાર રૂપીઆ આપતાં છતાં પણ તે આપતો નહોતો. આ વખતે અલી અકબર સોદાગર કે જેને મુઇઝ્ઝુલમુલ્કનો ઇશારો થયો હતો તેણે એક ભરૂસાદાર માણસને મોકલી બારહજાર રૂપીઆમાં વેચાતો લીધો હતો. પછી મુઇઝ્ઝુલમુલ્કે તે ઘોડાને દરબારમાં મોકલ્યો. તે તારીખ ૮ રજબના દિવસે સરકારની રૂબરૂમાં પહોંચ્યો. તે ઘોડાનું નામ " બાદશાહ પસંદ " મુક્યું અને આખા તબેલામાં તે સર્વથી શ્રેષ્ઠ ગણાયો. તેની કીંમતના પંદરહજાર રૂપીઆ આપવામાં આવ્યા.

સને ૧૦૫૨ હિજરી—જોકે આઝમખાંએ મનમાનતી રીતે કોળીવિગેરે લુંટારા લોકોને શિક્ષા કરી હતી અને મજબૂત કિલ્લાઓ બાંધ્યા હતા. તેમાં ખાસ કરીને વાત્રકના કાંઠા ઉપર કે જ્યાં કોળીઓ તથા લુંટારાઓની ખાસ જગ્યા છે ત્યાં કિલ્લા બનાવ્યા હતા; તોપણ રૈયતના બંદોબસ્ત તરફ લક્ષ આપતો નહોતો, તેથી કેટલાક લોકો દુર દેશમાં જઈ જમીનદારોના આશરાતળે રહ્યા હતા. દુઃખ તથા સંકટના લીધે આઝમખાનની લશ્કરી ચઢાઈ નવાનગર ઉપર થઇ હતી એવું કહેવામાં આવ્યું છે; પરંતુ કોઇએ કંઇપણ જુલમબેદાદીના પોકારો સરકાર હજુર સુધી પહોંચાડયા નહોતા; હવે દિવસે દિવસે સુબાની માઠી દશા થતી ગઈ અને હેરાન થવા લાગ્યો. એવું કહેવાય છે કે સૈયદ જલાલ બુખારીસાહેબ એજ વખતે હજુરને મળ્યા હતા અને તેમના વતનની હકીકત પૈકીની થોડીક

ખબર ગુજરાત દેશની દશા (હાલત) વિષેની સરકારને સંભળાવી હતી, તેથી રૈયત સાથે સારી સલુકાઇ રાખનાર **મિરઝા ઈસાતરખાન** કે જે સોરઠમાં રૈયતનો પ્રેમ મેળવીને બેઠો હતો તેને આ ઉજ્જડ થતા દેશની આબાદીના અર્થે અહીંનો (ગુજરાતનો) સુબો નીમ્યો.

---

## ચોવીશમો સુબો મિરઝા ઈસાતરખાન.

### સને ૧૦૫૪ હિજરી.

ભરૂસાદાર વૃદ્ધો, કે જેમણે પોતાના ઘરડાઓથી સાંભળી કહ્યું છે, ને તે અમે પણ સાંભળ્યું છે કે, શાહજાદા સુજાના માન મરતબાના દબાણથી તથા સગાઇના લીધે આઝમખાનના જુલમબેદાદીની અરજ કરવાની કોઇમાં હિમ્મત નહોતી; એ વિષેની ખબર સૈઇદ જલાલ બુખારીથી સાંભળવામાં આવી, તેથી મોહરમ માસની ચોથી તારીખે સને ૧૦૫૨માં **આઝમખાન**ને બદલી તેની જગ્યા **મિરઝા ઈસાતરખાન**ને આપવામાં આવી. તે પહેલાં તે સોરઠ સરકારનો અમલદાર હતો, તેના સ્વારોમાંથી બેવડા તેવડા મળી પચીસસો સ્વારો કાયમ રહ્યા, કે જેમાં વધારો કરી પાંચહજાર જાતનું મનસબ, પાંચહજાર સ્વારો જાતના અને બેહજાર સ્વારો બેવડા તેવડા આપી તેની નીમણુંક કરી. તથા સોરઠ દેશની અમલદારી તેના પુત્ર **ઇનાયતુલ્લા**ને આપવામાં આવી અને તેના બીજા દીકરા **મુહમ્મદસાલેહ**ને બેહજારનું મનસબ, પાંચસો સ્વારો જાતના તથા અઢીસો સ્વારોની સત્તા અપાઇ. બાદશાહ પુર્વજ્ઞાની હોવાથી, રખેને રૈયત ઉપર જોરજુલમ કર્યાની ખબર પડયાથી બદલી કરી હોય ! એવી જાણ આઝમખાનને ન પાડવાના હેતુથી એક પત્ર ખાસ મિરઝાઇસાતરખાન ઉપર મોકલાવ્યો; તે કાગળની મતલબ હજુરમાં આવી પહોંચવાની હતી. તે હુકમની નકલ નીચે પ્રમાણે છે.

મીર સાબરઅને મુઇઝ્ઝુલમુલ્કની દીવાની.

### આઝમખાન ઉપર પત્રિકા.

શ્રેષ્ઠ જાતી તથા જ્ઞાતીના ગ્રહસ્થ ! ઉચા તથા ઉત્તમ ગુણોના પાત્ર ! બળવાન રાજ્યના સ્થંભ ! શુર અશ્વના સ્વાર ! રણસંગ્રામમાં કુશળ-પ્રમુખ ! પાદશાહના પુજારી ! આસ્તામાં પ્રવિણ ! ઉત્તમ ગુણો ધરાવનાર ! બાદશાહની કૃપા સંપાદન કરનાર ! રાજ્યાધિરાજના લક્ષને ખેંચનાર !

**સર્વોત્તમ રાજ્ય વલણના આશ્રિત!** અને ખાનની ઓળખાણવાળા **આઝમખાને** બાદશાહી ઉપકારોનો લાભ લઇ જાણવું કે, ઘણા દિવસથી ગુજરાતદેશ તથા રૈયતની દુર્દશા અને તમે તે તરફ લક્ષ આપેલું ન હોવાની ખબર શ્રીમંત બાદશાહના શ્રવણે પહોંચી, જેથી તમને વારંવાર પ્રજા પાળવાની તથા આબાદાનીની આજ્ઞાઓ કરવામાં આવી; અને તે વિષે તમો પોતે માઠી માગી રસ્તે લાગશો એવી આશા હતી; પરંતુ તમારાથી આવું બને છે એ વાતની ચિંતા હતી. હવે જ્યારે તમને પોતાનેજ આ વાતની ઇચ્છા થઇ નહીં અને તે દેશને ઉલટો વધારે પાયમાલ કર્યો, તેપણ એટલે સુધી કે જો તેનો ઘટતો બંદોબસ્ત કરવામાં ન આવે તો પછી કંઇપણ ઈલાજ લઈ શકાય નહીં, તેથી તે દેશ તથા દેશીઓ ઉપર દયા કરી, તે મુલકની સુબેગીરી ઉપર અમીરની પદવી ધારણ કરનાર, ઉપકાર તથા પરોપકારના પાત્ર **મીરઝા ઈસાતરખાનને** ખરીફ્ઋતુના પ્રારંભથી સુબો ઠરાવવામાં આવ્યો છે. આ માણસે ઉજ્જડ થએલા સોરઠ દેશને સારી વર્તણુંક અને પ્રજાસ્નેહથી આબાદ કરેલો છે. માટે જ્યારે મજકુર મીરઝા અહમદાબાદમાં દાખલ થાય ત્યારે તેને સુબેગીરી સોંપી તમારે શ્રીહજુરની સેવામાં આવતા રહેવું. અને જાણી બુઝી હિલ્લાહુજત બહાનાં કાઢી વચ્ચે ન લાવવી. તારીખ ૧૨ માહે મોહર્રમ સને ૧૫ જુલુસી, બરાબર સને ૧૦૫૨ હિજરી.

હજુર હુકમ અન્વે ( મુજબ ) એક સન્યાએ તત્પર અહમદાબાદ અચાનક આવી પહોંચી આઝમખાનને હુકમ આપી દરબાર તરફ રવાને કર્યો, અને પોતે સુબાના બંદોબસ્તમાં રોકાઇ ગુજરાતની પીડાએલી પ્રજાના ઘાયલ થયેલાં કાળજાંને શાન્તિ આપવા માંડી.

હજુર આજ્ઞાને અનુસરી મજકુર મિરઝા જોઇતું લસ્કર લઇ કુચ ઉપર કુચ કરી જુનાગઢથી નિકળી અહમદાબાદ આવી પહોંચ્યો, અને હજી થાક તો ઉતર્યો નહોતો, કે તૈયાર થઇ ભદ્રના કિલ્લામાં આઝમખાનને જઇ મળી સરકારી હુકમ રજુ કર્યો. હવે આઝમખાનને આ દેશમાં રહેવું પસંદ નહોતું, તેમ અહીં તેની તંદુરસ્તી પણ ઠીક રહેતી નહોતી, તેથી તરતજ સરકારી આજ્ઞાને માન આપી સુબાની ગાદી તેને હવાલે કરી દીધી અને પોતે દરબારમાં હાજર થવાના હેતુથી વિદાય થયો. મિરઝા ઇસાતરખાન પ્રજાપ્રિય થઇ પડી કામ ચલાવવા લાગ્યો અને પરગણામાં ભાગબટાઇનો કાયદો ચાલુ કર્યો. થોડાજ કાળમાં દેશની આબાદી થઇ ગઇ.

એજ વર્ષમાં મિરઝા ઇસાતરખાનનો દીકરો **મુહમ્મદસાલેહ** હજુરમાં ગએલો હતો. તેની સાથે તેના પિતાને વાસ્તે ખાસ હાથી આપવામાં આવ્યો, અને સૈઇદ જલાલ બુખારીને પાંચહજાર રૂપીઆનું ઇનામ આપવામાં આવ્યું. એજ સાલમાં સૈઇદ જલાલ બુખારી કે જેના ઉંચ ખાનદાન વિષે લખાઈ ગયું છે તેમણે બાદશાહનાં સ્વચ્છ અંતઃકરણ ઉપર પુરી અસર કરી, અને તેપણ એવી રીતે કરી કે, તેવા અચળ પ્રકાશિત શહેનશાહે તે સૈઇદની પોતાના માનકરીતરીકે નીમણુંક કરી, તેને પોતાની પાસે રાખી તેના ભાગમાં લખેલી દોલત તેને મળી અને મજકુર સૈઇદની વિનંતી ઉપરથી શાહેઆલમ સાહેબની ગાદી તેમના નાના પુત્ર સૈઇદ જાફરને આપવામાં આવી. સૈઇદ જાફર પણ મળતાવડા અને નિપૂણ પુરૂષ હતા.

આખા હિંદુસ્તાનના ધર્મોના સર્વોપરીપણાનો હોદ્દો સૈઇદ જાફરને આપવામાં આવ્યો અને પોશાક, મનસબની ચાર હજારની નીમનોક, સાતસો સ્વારો, ખાસ ઘોડો સોનેરી સાજ સાથે અને ખાસ હાથી તેને ઇનામમાં મળ્યો. તે ઉપરાંત ત્રીશ હજાર રૂપીઆ રોકડા ઇનામ દાખલ તેને આપવામાં આવ્યા.

**કવિત.**

વજુદે મરદુંમ દાના મિસાલે ઝરે તિલાસત;
કે હર કુજા કે રવદ કદરો કીમતશ દાનંદ.

**અર્થ**—બુદ્ધીવાન પુરૂષની સ્થિતી કુંદનના જેવી હોયછે, કેમકે એ જ્યાં જશે ત્યાં તેની બુઝ અને કીંમત થશે.

સને ૧૦૫૩ હિજરીના રબીઉલ અવ્વલ માસની પેહેલી તારીખે મુઇઝઝુલમુલ્ક કે જેને હજારીની નીમણુંક અને સો સ્વારોનું મનસબ હતું તેને સુબાની દીવાનીનો પોશાક આપવામાં આવ્યો તથા એક હાથણી પણ ઇનામમાં મળી અને મીર સાબર દીવાનની જગ્યાએ તે નિમાઈ આ સુબા તરફ રવાને થયો. **મિરઝાદોસ્ત** (કામમોતમિદખાનનો દીકરો) ને બક્ષીગીરીની પદવી મળી, અને તે પણ આ તરફ રવાને થયો. તેની સાથે મીરઝા ઇસાતરખાનને ઇનામમાં અપાયેલો સરકારી તબેલાનો ખાસ ઘોડો સોનેરી સાજ સાથેનો મોકલવામાં આવ્યો.

એજ વર્ષે સુરત બંદરનો મુતસદ્દી **રહીમકુલી અરબી** ઇરાકી ઘોડા અને થોડુંક ઝેવર જે તેણે સુરતમાં સરકારને વાસ્તે ખરીદ કર્યું હતું

તે લઇ દરબારમાં આવી હજુર સન્મુખે નજર કર્યું; તેમાંથી એક કુમેદ અરબી ઘોડો સરકારને પસંદ પડ્યો. તે સઘળા ઘોડામાં પંકાયો.

સને ૧૦૫૪ હિજરીમાં તે સૈયદ જલાલબુખારી સદરૂસ્સુદુરે સરકારને અરજ કરી કે બરતરફ થએલા માજી સદરૂસ્સુદુર મસવીખાને ગેરહકદાર લોકોને સરકારમાં જાહેર કર્યા શિવાય જાગીરો વિગેરેની નીમણુંકો કરી આપી છે અને તે લોકો હુકમનો આધાર લઇ જમીનો, પગારો અને વર્ષાશનો ભોગવે છે. તેથી હજુર હુકમ થયો કે સરકારી ખાલસા તથા અમીરોની જાગીર તથા મનસબદારોની જાગીરમાંથી એક ઋતુની ઉપજને જાણીતા માણસ શિવાય ત્રીજા પુરૂષને ત્યાં રાખી, સનંદો જોઇ હકદારો પૈકી જેઓ હકદાર હોય તેઓને આપવી. એ વિષે હજુર હુકમો સઘળા સુબાઓ ઉપર લખાયા, અને ગુજરાતના સુબાના કુમકીઓ પૈકી **સબળસિંહ તથા સુરજસિંહને** પાંચસોની નીમણુંકનો વધારો કરી આપી ચાળીસ સ્વારો વધુ કર્યા. એ પેહેલાંના મળીને પંદરસો ત્રીશ જાતની નીમણુંક અને એક હજાર ચાળીસ સ્વારોનું માન આપવામાં આવ્યું, અને સૈયદ જલાલ સદરૂસ્સુદુર જે હજુરમાં ગયો હતો તે દરબારમાં હાજર થયો. તેને હાથી, પોશાક અને ત્રણ હજાર રૂપીઆ ઇનામ આપ્યા. તે વિદાય થઈ ગુજરાત ભણી આવ્યો. એજ વર્ષે **મીરશમસ** પાટણના ફોજદારને નોબત આપવામાં આવી. અને મિરઝા ઇસાતરખાન સુબાના દીકરા જુનાગઢના ફોજદાર ઇનાયતુલ્લાખાનને નોબત નિશાનનું માન મળ્યું.

**સુરત** બંદરની સરકાર કે જેની જમાબંધી ત્રણ કરોડ દામની છે અને બાર મહીનામાં સાડાસાત લાખ રૂપીઆ આવે છે, તેના બંદરની એક કરોડ દામની ઉપજ છે અને બાર મહીને અઢી લાખ રૂપીઆ થાય છે. આ પેદાશ આસપાસના વેપારીઓની નિકાલ નિકાશની વૃદ્ધિને લીધે વધી જઇ પાંચ લાખ રૂપીઆ એટલે કુલ સરવાળે ચાર કરોડ દામની થઇ છે તે શ્રી બાદશાહ બેગમને ઇનામ દાખલ આપવામાં આવી.

# પચીસમો સુબો શાહજાદા મુહમ્મદ ઔરંગઝેબ.

## સને ૧૦૫૪–૧૦૫૬ હીજરી.

મુઇઝ્ઝુલમુલ્કની દીવાની.

સને ૧૦૫૪ હિજરીના ઝીલહજ મહીનાની તારીખ ૨૯મીએ કે જે વખતે શ્રીમંત બાદશાહની સ્વારી કાશમીર ભુમીના પ્રવાસ અને શિકારને વાસ્તે જતી હતી, અને પાલમે મુકામ કર્યો હતો ત્યારે મિરઝા ઇસાતરખાનની જગ્યા ખાલી પડવાથી રાજ્યના મુકુટધારી શાહજાદા ઔરંગઝેબ બહાદુરને ગુજરાતની સુબેગીરીના કારોબાર ઉપર નિમ્યો અને તેને ખાસ પોશાક, બે ખાસા ઘોડા તથા નાદરીની સાથે ઘોડાનો સાજ, સોનેરી મીનાકારી અને સોનેરી સાદો તેમજ ખાસ હાથી રૂપેરી સામાનસહીત ઇનામમાં આપ્યો, અને તેના બે પુત્રો મુહમ્મદ મુઅઝ્ઝમ તથા મુહમ્મદ સુલતાનને બે હાથીનાં ઇનામ આપી વિદાય કર્યા.

આ શાહજાદો પરવાનગી લઇ આ તરફ આવવા નિકળ્યો, અને તારીખ ૧ માહે રબીઉલ અવ્વલ સને ૧૦૫૫ હિજરીમાં શુક્રવારના દિવસે જોહરની નિમાજ પઢ્યા પછી ખુતબો સાંભળી શેહેરમાં દાખલ થયો અને મુહમ્મદ તાહિર આસિફખાનની ખાલી પડેલી જગ્યા ઉપર બક્ષી તરીકે નીમાઇ આવી પોહોંચ્યો.

સને ૧૦૫૬ હિજરીમાં જ્યારે બહાદુર શાહજાદો સુબાના દંગઇ લોકોને શિક્ષા દેવાના હેતુથી ઘણા માણસો નોકર રાખી બંદોબસ્તમાં રોકાયો હતો અને તેમાં ઉપજ કરતાં ખર્ચ વધી ગયું હતું ત્યારે એની ખબર હજુરમાં પોંહોંચવાથી આ શાહજાદાના મનસબના સઘળા સ્વારોમાં બીજા હજાર સ્વારોનો વધારો કરી બેવડા તેવડા કરી આપ્યા.

સૈયદ જલાલબુખારી સદરુસ્સુદુરના પાંચસો સ્વારોનો વધારો થઇ છ હજારીની નીમણુંક બંધાઇ અને હજુરમાં પંદરસો સ્વારોની પદવીનું માન મળ્યું એજ વર્ષે હજુરમાં સાંભળવામાં આવ્યું કે, ફીલદારખાન બાદશાહી આજ્ઞા પ્રમાણે શાહજાદાનાં મંડળના નોકરોની સાથે હાથીના શિકારને વાસ્તે દોહદ તથા ચાંપાનેર ગયો હતો અને નર–માદા મળી તોંતેર હાથીઓ પકડી લાવ્યો હતો; તથા એજ શાહજાદાની સુબેગીરીના વખતમાં **સાંતાદાસ ઝવેરી**નાં બાંધેલાં સરસપુર પાસેનાં ચિંતામણનાં મંદીરને

પ્રતિમાઓ દૂર કરી મસ્જીદથી બદલવામાં આવ્યું, અને તેનું નામ કુવ્વતુલ ઇસિલામ આપવામાં આવ્યું.

તે કાળના વૃદ્ધ પુરૂષો તથા પુરાતની લોકોથી સાંભળવામાં આવ્યું છે કે, **સૈયદરાજુ** એટલે જે હાલમાં **રાજુશહીદ** કહેવાય છે તેને મારી નાખવાનું કામ બાદશાહજાદા ઔરંગઝેબ આલમગીરની સુબેગીરીમાં તેના હુકમથી થયું હતું. આ લઘુ વિસ્તાર એવો છે કે સૈયદ રાજુ કેટલાક મિત્રમંડળસહિત અહમદાબાદમાં આવી શાહજાદાનો નોકર થયો હતો. તે જોકે હનફી પંથમાં હતો, પરંતુ તે લોકોની એવી આસ્તા હતી કે, ઇમામ મુહદી આવીને ગયા. એવું માનનારને ***મેહદવી** કહેછે. આ વખતે પાટણમાં આવેલા પાલણપુરમાં ઘણાખરા લોકો અથવા સઘળાઓ એજ મતના છે, ને એમજ માને છે. તેમજ દક્ષિણમાં ઘણાખરા અફઘાનો વિગેરે એજ પંથને માનેછે. આ આસ્તાની ખબર બાદશાહજાદાને થઇ એટલે શેહેરબદર (હદપાર) કરવાનો હુકમ કર્યો. તેઓ રૂસ્તમબાગમાં હતા ત્યાંથી ચાલીને નિકળી જવાના મનસુબાથી આવી ઉતર્યા હતા. તે વખતના મુસલમાન પંડિતો એટલે મોલવીઓએ એવો ઠરાવ બહાર પાડ્યો કે "આ લોકો ખરા માર્ગથી ભટકેલા છે ધર્મના અજ્ઞાનપણાથી અને અધર્મના લીધે લોકોને અધર્મી બનાવી દેશે, માટે તેમને પશ્ચાતાપ કરાવી સારા રસ્તાઉપર લાવવાની જરૂર છે," પરંતુ તેમ કરવાને તે લોકોએ કબુલ ન કર્યું તેથી એક લશ્કરી ટુકડી તેમને શિક્ષા દેવાને વાસ્તે ઠરાવવામાં આવી. તે લોકો મજકુર બાગમાંથી બહાર નીકળી મારામારી તથા લડવાને તૈયાર થયા અને એક એક બહાર પડી, લડાઈ કરી કપાઇ મરીને ધુળધાણી થઇ ગયા, અને લશ્કરમાંથી પણ ઘણા માણસો એ સંગ્રામમાં ખપી ગયા.

સુબરાત માસમાં જ્યારે બાદશાહની સ્વારી કાબુલમાં હતી ત્યારે બાદશાહજાદાને હજુરમાં બોલાવી લેવાનો હુકમ આવ્યો.

---

* પાલણપુર સરકારે આ ચોપડી છપાવી છે તેથી એમ લખ્યું છે. પાલણપુરમાં રાજના લીધે થોડાક મેહદવી છે, તેમજ દક્ષિણમાં પણ પઠાણો થોડાક મેહદવી છે, પરંતુ અફગાનો મેહદવી નથી.

# છવ્વીસમો સુબો શાઇસ્તાખાન.

સને ૧૦૫૬—૧૦૫૮ હિજરી.

જે વખતે બાદશાહજાદાને બોલાવી લેવાનો હુકમ થયો તે વખતે માળવાના સુબાના અધિકારી શાઇસ્તાખાનને સને ૧૦૫૬ હિજરીના શાબાનમહીનાની પેહેલી તારીખે ગુજરાતની સુબેગીરી હજુરથી આપવામાં આવી. તેના મનસબના હજાર સ્વારો બેવડા તેવડા કે જેથી પાંચ હજારી મનસબ અને પાંચ હજાર સ્વારોની નીમણુંક થાયછે તે આપવામાં આવ્યા.

મુઈઝ્ઝુલમુલ્ક તથા હાફિઝનાસિરની દીવાની.

શાઇસ્તાખાન ગુજરાતભણી ચાલ્યો અને મજકુર સાલના શવ્વાલ માસની પાંચમી તારીખે મજલો ઉપર મજલો મારી, માર્ગ કાપતો આવીને દાખલ થઇ ગયો. તેજ અરસામાં **અલીઅકબર** નામના વેહેપારીએ રાજ્ય-માન મેળવવાને અર્થે આવી હજુર સન્મુખે છ અરબી ઘોડા ભેટ મુકયા. આ હાજીકમાલ સવાહાનીનો દીકરો છે, કે જે મરહુમ જહાંગીર શાહિનશાહની ૨૫મી જુલુસી સનમાં વેહેપારઅર્થે હિંદુસ્તાનમાં આવ્યો હતો અને ખંભાતમાં રહી કેટલાંક વહાણો બાંધી વેહેપાર કરતો હતો. તેનાં વહાણો બસરા તથા બીજાં બંદરો તરફ મુસાફરી કરતાં હતાં. તેણે બસરાના હાકેમ **અલીપાશા** સાથે મિત્રતા કરી હતી. મુઈઝ્ઝુલમુલ્કે **ગબ્બર** જાતનો ઘોડો કે જેનું વર્ણન આગળ આવી ગયું છે તે તેની મારફતે મેળવ્યો હતો. તે ઉપરથી સરકાર હજુર હુકમ થયો કે, ખાસ સ્વારીલાયક સારા અરબી ઘોડા લાવી આપવા અને ઘણી મેહેનતે પણ પેદા કરી લાવ્યાથી બાદશાહની પૂર્ણ મેહેરબાનીને પાત્ર થશે. જેથી તે તેના ભાગ્યનાં બળ અને કર્મરેખાની સહાયતાને લીધે આ વર્ષે અરબી ઘોડા પેદા કરી બાદશાહી દરબારમાં લઇ આવ્યો. તેમાંથી કુમેદ રંગનો ઘોડો કે જે, અલી અકબરે ઘણી મહેનતે અને મહા મુસ્કેલીથી મજકુર પાશાને મેળવી આપ્યો હતો તે શ્રીમંત બાદશાહનાં દીલને પસંદ આવ્યો અને તેનું નામ **લાલેબેબહા** (અમુલ્ય મણી) આપ્યું તે ઘોડો તબેલાના સઘળા અરબી ઘોડામાં સર્વથી શ્રેષ્ટ ગણાયો. તે વખતે બાદશાહ બોલી ઉઠયા કે મારા તખ્તનશીન થયા પછી આવો અરબી ઘોડો

તબેલામાં બંધાયો નથી. આ છ ઘોડાની કીંમત પચીશ હજાર રૂપીઆ આંકવામાં આવી. તેમાં લાલેબેબહાની કીમતના પંદર હજાર રૂપીઆ ઠર્યા. સિવાય પાંચ હજાર રૂપીઆ બીજા એવી મતલબથી અપાયા કે, આ એક વેહેપારી છે, કે જેને ઘોડા તથા ઝવેરાતની પાકી પારખ છે. અને એવું પણ માનવામાં આવેછે કે, જો નોકરીનો સંબંધ હોય તો તેને સોંપેલું કામ તે સંતોષકારક રીતે કરશે. જે ઉપરથી તેની પોશાક તથા પાંચસોના મનસબની નીમણુંક થઇ, અને ત્રણસો સ્વારોનો હાકેમ બની, સરકાર તરફથી સુરત તથા ખંભાતના અધિકારી અમલદાર તરીકે નીમાઇ રવાને થયો અને સુબાના તેહનાતી અમલદારોમાં નોંધાયો.

સૈઇદ શેખનને હજારી જાતના મનસબની અને અસલ તથા વધારાના મળી નવસો સ્વારોની અમલદારી મળી, અને વડોદરાની ફોજદારી હિમ્મતખાનના પુત્રો **સુલતાનયાર** તથા **ઇસ્પંદયારને** આપવામાં આવી, અસલ તથા વધારા સહીત સુલતાનયારના હજારી જાતના તથા હજાર સ્વારો કરવામાં આવ્યા, અને ઇસ્પંદયારને પણ મનસબમાં વધારો કરી આપવામાં આવ્યો.

સને ૧૦૫૭ હિજરીમાં સૈઇદ જલાલ બુખારી સદરસ્સુદુરનું લાહોર મુકામે મૃત્યુ થયું. તેના પુત્રો **સૈઇદ મુસા** તથા **સૈઇદ અલી** તે મરહુમની સાથે હતા. તેમની બાદશાહે સારી બરદાસ્ત કરી તેમના ભરણપોષણનો બંદોબસ્ત કરી આપ્યો; અને બાદશાહે રજા આપ્યાથી તેઓ ગુજરાત તરફ રવાને થયા. તે એવા હેતુથી રજા આપી કે, ત્યાં તેમનો મોટો ભાઇ ગાદી ઉપર છે તેને મળી સરકાર કલ્યાણાર્થે આયુષ્ય વૃદ્ધિના આશિર્વાદ કરતા રહે.

મિરઝાદોસ્ત કામમોતમીદખાનના દીકરાને બક્ષીગીરીનો પોશાક તથા સુબાના વૃત્તાંત લેખકનો હોદ્દો મનસબના વધારાથી પેહેલાં પ્રમાણે બહાલ રાખવામાં આવ્યો; અને સૈઇદ હસન સૈઇદ દિલેરખાનનો દીકરો કે જે સુબાનીતીમાં હતો તે હજારી જાતનું મનસબ તથા નવસો સ્વારોનું માન પામ્યો. ત્યારબાદ રૂપેરી સામાનવાળી એક હાથણી સુબાની મોકલેલી હજુરમાં દાખલ થઇ, અને થોડા દહાડા પછી ઝવેરાત જડેલાં હથીઆરો અને બે મોટા કાનવાળા નાના હાથીઓ કે જે દરીયાઇ હાથી કહેવાય છે તે રૂપેરી સામાનથી પેશકશીને માટે સરકારમાં દાખલ થયા.

એજ વર્ષે એવી અરજ થઇ કે, સુરત તથા ખંભાતનો મુત્સદ્દી અલી અકબર સફાહાજીને ખંભાતબંદરમાં કોઇ હીંદુએ જમધર મારી કાપી નાખ્યો, તેથી મુઇઝઝુલમુલ્કને દીવાનગીરીથી ઉતારી દઇ બીજીવાર તે બેઉ બંદરનો મુત્સદ્દી બનાવવામાં આવ્યો.

સૈય્દ જલાલ સદરરસુદુરનાં કુલ કામનો કરતાહરતા હાફિઝ મુહમ્મદ નાસિર ભાગ્યોદયના લીધે સરકારી નોકરોમાં નોંધાયો અને પોશાક, પાંચસોનું મનસબ અને પાંચસો સ્વારનો અમલદાર બની અહમદાબાદના સુબાની દીવાનગીરી ઉપર નીમાયો.

સને ૧૦૫૮ હિજરીમાં અંબર સુગંધીનું સાતસો તોલાનું ઝુમ્મર ઝવેરાતથી જડેલું, જેમાંનાં એક નીલમની કીંમત એક લાખ રૂપીઆની થતી હતી અને તેથી કરીને આખા ઝુમ્મરની કિંમત અઢીલાખ રૂપીઆની આવી હતી, કે જે હજરત પેગમ્બર સાહેબના રોજામાં મોકલવાને તૈયાર કરવામાં આવ્યું હતું તે હજુરમાં એહમદ સૈઇદને અપાયું, કે તે ત્યાં લઇ જઈ ભેટ મુકે. તે સાથે એવો પણ હજુર હુકમ થયો કે, પેહેલા દસ્તુરપ્રમાણે એક લાખ રૂપીઆની જણસો તથા સાઠ હજાર પુનમાં અપાતાં નાણાં આવતી મુસાફરી કે જે દશવીશગણી થઇ ગઈ હતી તે ઉપર નજર રાખી ગુજરાતના મુત્સદ્દીઓ ખરીદ કરી સ્વાધિન કરે, કે મદીનામાં જઈ ગરીબ દુઃખી લોકોને વેહેંચી દે.

એજ વર્ષે આ દેશમાં જે ઉત્પન્ન થતા બેઠાલી પથરાઓ દિલ્લીની ઇમારતના ચુનામાં વાપરવાને હજુરમાં લઈ જવામાં આવ્યા.

---

## સત્યાવીસમો સુબો શાહજાદા બહાદુર મુહમ્મદ દારાશિકોહ.

સને ૧૦૫૮—૧૦૬૨ હિજરી.

ગેરતખાનની નાયબી, હાફિઝ મહમ્મદ નાસિર તથા મીર યહયાની દીવાની

શાહસ્તાખાનને પાંચહજાર બેવડા તેવડાની નીમણુંક મળતી હતી અને તે ઉપરાંત પગારતરીકે ત્રણ હજાર સ્વારોના ખર્ચમાં અહમદાબાદના સુબાના ખજાનામાંથી દર વર્ષે પાંચ લાખ રૂપીઆ રોકડા મળતા હતા. તે છતાં દંગાઇ તથા કોલીઓને જોઇતી શિક્ષા કરવાનું કામ તેનાથી બની શક્યું નહિ. એ વાતની વારવારની મજકુર ખાનની અરજી ઉપરથી હજુરને જાણ થઇ,

તેથી તારીખ ૨૧મી માહે જમાદીઉસ્સા સને ૧૦૫૮ હિજરીના રોજ **મુહમ્મદ દારા શિકોહને** હજુરથી સુબાનું કામ સોંપવામાં આવ્યું, અને તેને દશ હજાર સ્વારો બેવડા તેવડા કરી આપી, ત્રીશ હજારી જાતીકી નીમણુંક કરી આપી માન આપ્યું.

**બાકરબેગ** શાહજાદાની દાખલીની હજારી જાતની નીમણુંક અને ચારસો સ્વારોનું મનસબ ધરાવતો હતો અને શાહજાદાના તાબામાં અઝીમાબાદના સુબાનો અમલદાર હતો, તેને બોલાવી લીધાથી મજકુર સુબામાંથી આવી તે હજુરમાં પોહોંચ્યો હતો; તેને ગુજરાતના સુબાના નાઇબની જગ્યા આપવામાં આવી અને શાહજાદા તરફથી બેહજારી જાતીકી નીમણુંક અને અસલ તથા વધારો મળી પાંચસો સ્વારોથી **ગેરતખાનનો** ખીતાબ આપી, ઘોડો તથા હાથી ઇનામ આપી રવાને કર્યો.

**શાહ નવાઝખાનના** બદલાયાથી માળવાની સુબેગીરી શાઇસ્તાખાનને અપાઇ અને એવો હુકમ થયો કે ગેરતખાનના આવી પહોંચતાં શાઇસ્તાખાન તે તરફ રવાને થઇ જાય. સરકારી હુકમ પ્રમાણે ગેરતખાન રવાને થઇ જ્યારે સુબાની સરહદ ઉપર પોહોંચ્યો ત્યારે સીરોહીનો જમીનદાર આવીને મળ્યો અને સો મોહરો તથા પંદર હજાર રૂપીઆ પેશકશીમાં કબુલ કર્યા. પરંતુ કેટલાંક કામો તેની મરજીપ્રમાણે ન હોવાના લીધે માન્ય ન કરતાં ઉઠીને ચાલતો થયો. ત્યાર પછી ત્યાંનો જમીનદાર કોઇ પણ અમલદાર ન હોવાના લીધે જેમનો તેમ તેમજ છે. ટુંકમાં તે મળતાવડો મજકુર ખાન મીજલો કાપતો હિંદુઓના દસેરાને દહાડે મજકુર સનના રમજાન માસની દશમી તારીખે અહમદાબાદમાં દાખલ થયો, અને શાઇસ્તાખાન પોતાના સુબા તરફ રવાને થઇ ગયો.

એજ વર્ષમાં, ગયા મોહરમ માસમાં રત્નજડીત્ર અંબરનું ઝુમ્મર **પેગમ્બર** સાહેબના રોજામાં પોહોંચાડવાને ગએલો **એહમદ સઇદ** વહાણ તોફાનમાં આવી જવાના કારણથી **સુરત** બંદરમાં પાછો આવ્યો.

સને ૧૦૬૦ હિજરીમાં સદરસ્સુદુર સૈઇદ જલાલનો દીકરો સૈઇદ અલી કે જે હજુરમાં ગયો હતો તેને રત્નજડીત્ર હથીઆરનાં ઝેવરખાનાંના દરોગા તરીકે નિમ્યો અને તેને પોશાક આપવામાં આવ્યો. એજ વર્ષે શાહજાદાના તાબામાં નોકરી કરતો બે હજારી નીમણુંક તથા હજાર સ્વારો વાળો ગેરતખાન, શાહજાદાના નાઇબિતરીકે આ વખતે બાદશાહી નોકરીમાં

નોંધાયો, તેને હજાર સ્વારોનો વધારો કરી આપી, નોબત નિશાન મોકલાવી માન આપવામાં આવ્યું. **ફિરાસતખાન** કે જે સરકારી મેહેલનો બંદોબસ્તી અમલદાર હતો તેણે મક્કે હજ કરવા જવાની વિનંતી કરી, તે ઉપરથી શાહિનશાહે તેને પોશાક આપ્યો અને પાંચસો મોહોરોનું ઇનામ આપી આજ્ઞા દીધી. તે પછી અહમદાબાદના કામ કરનારા અમલદારો ઉપર હુકમ પોહોંચ્યો કે, તે આવી પોહોંચે કે તુરત તેને દોઢ લાખ રૂપીઆનો સામાન સરંજામ કે જે **અરબસ્તાન**માં દશવીશના વધારાથી વેચાય છે તે ખરીદ કરી આપવો. તે માલમાંથી પચાસ હજારનો માલ કે જે ત્યાં લાખ રૂપીઆનો થાયછે તે મક્કાના શરીફ **ઝૈદબિન મોહસનને** આપવો, તથા પચાસ હજારનો માલ સૈઇદો, વિદ્વાનો, મોલવીઓ, ધર્મના પાબધો અને મુતવલ્લીઓ કે જેઓ મક્કામાં રહેતા હોય તેઓને વેચવો અને બાકીના પચાસ હજારનો માલ ગરીબ, ફકીર, નિર્ધન તથા મદીનામાં રહેતા લાચાર લોકોને ખેરાત કરવો.

એજ વર્ષે નવ કચ્છી ઘોડા ગેરતખાનના પેશકશી માટે મોકલેલા તે હજુરમાં પોહોંચ્યા. તથા **રૂમ**ના સુલતાન મુહમ્મદખાનનો વકીલ સૈઇદ **મોહૈયુદ્દીન** પણ પત્ર લઇ સુરત બંદરે આવી પોહોંચ્યો; અને અરબસ્તાનના મુત્સદ્દીની અરજી ઉપરથી એ વાતની હજુરને ખબર થઈ.

હજુર ગુરજ ઉપાડનારની સાથે પોશાક તથા ફરમાન (પત્ર) સૈઇદ મોહૈયુદ્દીન ઉપર મોકલવામાં આવ્યું; અને સુરત બંદરના મુત્સદ્દી ઉપર પણ આજ્ઞાપત્રીકા ગઇ કે, સરકારી ખજાનામાંથી દશ હજાર રૂપીઆ તેને આપી દરબારમાં મોકલી દેવો.

સને ૧૦૬૧ હિજરીમાં ગેરતખાનને પાંચસો સ્વારોનો વધારો, ત્રણ હજારી નીમણુંકનું મનસબ અને પંદરસો સ્વારોનું ઇનામ મળ્યું, અને હજુરમાં ગએલા સદરૂસ્સુદૂર સૈયદ જલાલબુખારી મરહુમના નાનાભાઇ સૈઇદ હસનને અમદાવાદથી હજાર રૂપીઆ મળ્યા.

મજકુર સનના શાબાન માસની સોળમી તારીખે હાફિજ મુહમ્મદ નાસિરના બદલાયાથી મીર યહયા અહમદાબાદના કરકરફખાનાની દરોગી અને દીવાની પોશાક તથા મનસબમાં વધારો કરી હજુરમાં આપવામાં આવી. જેથી તે અત્રે આવી પોહોંચ્યો, અને મિરઝા ઇસાતરખાન સરકારી હુકમથી હજુરમાં ગયો. તેનો પુત્ર

હાફીઝ મુહમ્મદ નાસિરના બદલાયાથી મીર યહયાની દીવાની.

મુહમ્મદ સાલેહ પોતાના બાપની જગ્યાએ સોરઠ સરકારના બંદોબસ્ત ઉપર અધિકારી તરીકે નિમાયો, અને ગેરતખાનને પાંચસો સ્વારોનો વધારો તથા બે હજારી મનસબ અને બે હજાર સ્વારોનું માન મળ્યું.

ઇસ્તંબોલના સુલતાનના એલચી સૈયદ મોહેયુદ્દીને દરબારમાંથી પરવારી પાછા ફરવાની પરવાનગી મેળવી હતી, તેની સાથે વહાણ ડુટેથી સુરત બંદરે પાછા ફરેલા એહમદ સઇદને અંબરનું રત્નજડીત્ર ઝુમ્મર મોકલવાનો ઠરાવ થયો, અને સુરતના મુતસદ્દી ઉપર હુકમ કરવામાં આવ્યો કે અરબસ્તાનમાં વપરાતો માલ એક લાખ રૂપીઆનો ખરીદ કરી તેને સ્વાધિન કરવો, કે તે પેહેલા ધારાપ્રમાણે મક્કે મદીને વેહેંચી આપે.

સને ૧૦૬૨ હિજરીમાં મરહુમ સૈયદ જલાલ બુખારીનો પુત્ર **સૈયદ અલી** અસલ તથા વધારો મળી બે હજારી મનસબ તેમજ ચારસો સ્વારોના માનને પામ્યો, અને હાફિઝ મુહમ્મદ નાસિર પોશાક મેળવી, મીર અરબના બદલાયાથી સુરત બંદરના મુતસદ્દીની જગ્યા ઉપર નિમાયો, તેના માન તથા નીમણુંકમાં વધારો થયો, તથા **મીર શમસુદ્દીનને** પાટણની ફોજદારી તથા તેવીલદારી આપવામાં આવી.

---

## અઠયાવીસમો સુબો શાઇસ્તાખાન.

### ( બીજીવારની નીમણુંક. )

સને ૧૦૬૨—૧૦૬૪ હિજરી.

જ્યારે બાદશાહજાદા **દારાસિકોહને** કંધહારની ચઢાઇ ઉપર નિમ્યો અને ખાસ કરીને કાબુલના સુબામાં લશકર રાખવાની જરૂર હતી તેથી શ્રીમંત હજુર બાદશાહી દરબારથી મીર યહયાની દીવાની. હુકમ થયો કે ગુજરાતનો સુબો કે જ્યાં તે બાદશાહજાદાનું લશકર હતું તેના બદલામાં તેને મુલતાનની સુબેગીરી ઉપર નિમવો, અને ગુજરાતમાં જે તેની જાગીર હતી તેના બદલામાં મુલતાનના સુબામાં જાગીરો કાપી આપવી.

સને ૧૦૬૨ હિજરીના શાબાન માસની સત્તરમી તારીખે આ હુકમ થયો, અને ગુજરાતની સુબેગીરી, દક્ષિણનો વહીવટકર્ત્તા શાઇસ્તાખાનને સોંપવામાં આવી અને તે વિષે સરકારી આજ્ઞાઓ પણ પ્રગટ થઇ. મજકુર

ખાન હજુર હુકમપ્રમાણે મીજલે મિજલ કરતો પંથ કાપી મજકુર સાલની આખરીએ શેહેરમાં દાખલ થયો અને સુબાનું કામ હાથમાં લીધું.

એ અરસામાં સુરતના વૃત્તાંત રીપોર્ટરના લખવાથી હજુરના જાણવામાં આવ્યું કે, બંદર અબાસથી ગુલામરજા નામનો માણસ સુરત બંદરમાં આવી પોહોંચ્યો છે, તેની સાથે સાત ઇરાકી ઘોડા છે, અને ઇરાનના હાકમ તરફથી કેટલુંક નાણું પણ રસ્તાના વળાવા ચોકી કરનારાઓને આપવાને એવી મતલબથી લાવ્યો છે કે, **ગુલામરઝાખાન** અલાવરદીખાનનો નોકર છે, અને તે તેને વાસ્તે લઈ જાયછે. માટે કોઇએ તેમાં હરકત હીલો કરવો નહીં. આ પરવાનો પોતાની સાથે લાવેલો હતો, તેને પોતાની અરજીની સાથે હજુરમાં મોકલી દીધો. તેપરથી એવું અનુમાન થયું કે, **અલાવરદીખાને** કંઇક લખાણ પોતાના પત્રસહિત ઇરાનના વાલીને મોકલ્યું હશે, કે જેથી એને નાણું મળ્યું; તેથી મજકુર લખાણ ઉપરથી એવી આજ્ઞા થઈ કે તેને દેખાડીને કહેવું જોઇએ કે, પારકી સત્તાનો પત્ર તથા ભેટ લાવવી તે, શ્રીમંત બાદશાહની રજા શિવાય ઘણીજ નાલાયક વર્તણુંક છે, અને તેથી કરી મનસબ તથા જાગીર લઈ લેવાની શિક્ષા કરવામાં આવે છે. જેથી તેણે ઇન્કાર કરી કહ્યું કે ગુલામરઝા પહેલાં મારી નોકરીમાં હતો, પરંતુ તેને મેં મોકલ્યો નહોતો. ટુંકમાં સુરત બંદરના મુત્સદીઓ ઉપર હુકમ મોકલાવ્યો કે, ઘોડા તથા ગુલામરઝાના કબજાનો સઘળો માલ જપ્ત કરી લેવો અને તેને બેડીઓ ઘાલી મુસ્કેટાઇટ બાંધી મોકલી દેવો, કે જેથી તેનાં કરેલાં કૃત્યની તેને પુરેપુરી શિક્ષા મળે. ઇસ્પંદીઆર કોકા ( દુધભાઇ ) નો ભાઈ **સુલતાનયાર** કે જેને હિમ્મતખાનનો ખેતાબ મળ્યો હતો, તે વડોદરાની ફોજદારી ઉપર નિમાયો.

સને ૧૦૬૩ હિજરીમાં શાઇસ્તાખાન સુબાની એવી અરજી થઇ કે, શહેર અહમદાબાદનો કોટ મરામત માગે છે ને જીર્ણ થઇ ગયો છે અને તેનો અડસટો આશરે વીશ હજાર રૂપીઆનો કરવામાં આવે છે. તે ઉપરથી એવો હુકમ થયો કે, તેની મરામત સુબાનો દીવાન કરે.

એજ વર્ષે (કે જે ૨૭ મી જુલુસી સાલ હતી) હજુરમાંથી અમીરો તથા અમલદારો, કે જેમને જાગીરના પેટામાં રોકડ રકમ મળતી હતી તે વિષે એક ફરમાન આખા હિંદુસ્તાનને વાસ્તે પ્રગટ કરવામાં આવ્યું કે જેની મતલબ આ નીચે પ્રમાણે છેઃ—

સને ૧૦૬૩ હિજરી, માહે શાબાન, મંગળવાર, સને ૨૭ જુલુસી માહે તીરને દહાડે મોતમિનુદ્દોલાની યાદી ઉપરથી ઠરાવ થયેલો—શ્રેષ્ઠ રાજ્યનો મોતમિનુદ્દોલા (રાજ્ય સંતોષ), ખુદાએ ઇનાયત કરેલાં રાજ્યનો સંતોષી, બાદશાહી પરોપકાર સંપાદન કરવાની યોગ્યતાવાળો, શાહિનશાહી કૃપાઓ મેળવવાના ગુણવાળો, શરીરસંબંધી સદ્દગુણોનો ધરાવનાર, આત્મિક, નિપુણતાનો ભંડાર, રાજ્ય તથા ઉપજના બંદોબસ્તનો અધિકાર રાખવાને પાત્ર, ભાગ્ય તથા રાજ્યના માર્ગને ચોખ્ખો કરનાર, બાદશાહી ભેદોના ભંડારનો ભંડારી, રૈયત તથા પ્રજાના સુખશાંતીનો પ્રથમ પુરૂષ, કૃપા તથા પરોપકારનું રહેઠાણ, દેશીઓમાં સર્વોપરી મુખ્ય પ્રધાન, મહા વિદ્વાન, મહાન સુજ્ઞ, સાદુલ્લાખાન બહાદુર, વૃત્તાંત રીપોર્ટર અને અતિ નમ્ર આજ્ઞાંકીત **મુહમ્મદ હશિમ**ને લખવામાં આવે છે કે, શ્રીમંત હજુર બાદશાહના શ્રવણે આવેલું કે અમીરો તથા મનસબદારોને જાગીરના બદલામાં રોકડ આપવામાં આવે છે, દરેક દાઘવાળા ઘોડાનો વધારો ઘટાડો બાદ કરતાં સાત ઘોડાનો પગાર થાય છે. જાગીરદાર આઠમાસી, સાતમાસી તથા છમાસીમાં ત્રણ રૂપીઆ અને પાંચ મહીનામાં છવીશ રૂપીઆ પગાર લે છે. તે ઉપરથી શ્રીમંત હજુર બાદશાહનો એવો હુકમ થાયછે કે, આઠમાસી તથા સાતમાસીના હીસાબથી એક વર્ષના ઘોડા દીઠ ત્રણ રૂપીઆ પગાર કરવો, અને પાંચમાસી તથા ચારમાસીના જે છવીશ રૂપીઆ અપાય છે, તે કામ વ્યાજબી નથી, કેમકે રોકડ પગાર આઠમાસથી વધારે નથી અને ચાર મહીનાથી ઓછી મુદત પણ હું મુકી શકતો નથી; માટે મેહેર સુર્યગતિના વર્ષની પેહેલી તારીખથી ઇસપંદીઆરમદની છેલ્લી તારીખ સુધી આખી સાલમાં પેહેલા ધારાપ્રમાણે પાંચ ભાગથી દાઘ દેવાનું કામ કાયમ જાણી ઘોડા દીઠ આઠમાસીમાં ત્રીસ રૂપીઆ અને સાત માસીમાં સાડીસત્યાવીશ રૂપીઆ, છમાસીમાં પચીશ રૂપીઆ, પાંચમાસીમાં વીશ તથા બે અર્ધ રૂપીઆ, અને ચાર માસીમાં વીશ રૂપીઆ પગાર કરવો, અને પેહેલાનો પગાર પેહેલા ધોરણપ્રમાણે કરવો, અને ફ્રવરદીન માસની પેહેલી તારીખે સને છવીશ જુલુસીનો હિસાબ કાબુલના સુબાના તેહનાતી લશકરનો કંદહારમાં જેઓને દાઘ પેહેલા ધોરણપ્રમાણે પાંચમો ભાગ બહાલ રહેલો, તેને એજ હુકમપ્રમાણે અમલમાં લાવવો અને એ શિવાય બીજાઓ, ગમે તો તેઓ સરકારી ખાસ નોકરીમાં હોય, કે કોઇ

પણ સુબામાં તેહનાતી હોય, તેમનો દાઘ ચોથા ભાંગનો કરવાનો હુકમ થાય છે કે, દરેક સ્વારી દીઠ ઉપર લખેલા ખુલાસાપ્રમાણે કરવો અને જો મજકુર રોકડમાંથી ફરવરદીન માસની શરૂઆતથી ફરદની મુદત સુધી જાપતા પ્રમાણે ચોથો ભાગ દાઘ કરેલો નથી, તો તેમનો પગાર પાંચમા ભાગ પ્રમાણે તૈયાર રાખવો અને તેના તફાવતમાંથી ચોથાઇ અથવા પંચમાંશ, મજકુર માસની પેહેલી તારીખથી તેની આશામીના પગારમાંથી બાદ કરવો, અને એવડા ઘોડાના વધારાને મંજુર નહીં કરવો. તેમજ રૂકનુ સલતનત ( રાજ્યસ્તંભ ) **અલીમરદાનખાન** તથા **અમીરૂલ ઉમરા**ની રોકડ પગારની રકમને પેહેલા ધારાપ્રમાણે દશમાસીના ધારાથી બહાલ રાખવી. જ્યારે સ્વારો આવી પહોંચે ત્યારે બીજી, રોકડીઓમાં અપાતી, પગાર પેટાની જાગીરનો હિસાબ કે જે **અમીરૂલ ઉમરા**ના પગારમાંથી કપાય છે તેને બક્ષી લોકોએ રસદ પોહોંચાડવાના સ્વારો જાગીરને અમીરૂલ ઉમરાની રોકડ મોજુદ લશકરની ગણી તેના ઉપર વધારાનો આંકડો મુકી તે પ્રમાણે દફતરમાં નોંધ કરવી અને પગારનો કાયદો સઘળા અમીરો, મનસબદારો અને કંદહારના તેહનાતી લશકરને બાદ કરી તારીખ ૧ ફરવરદીન સને છવીશ જુલ્સુસીથી ઉપર લખેલી રીતપ્રમાણે અમલમાં લાવવો. વળી એ પણ હુકમ થયો કે, પાંચ સ્વારોમાંથી એક ચોથાઇના એક ઘોડાને દાઘ કરવો, અને એક ઘોડાનો દાણો ચારો ચોથા ભાગનો કરવો, અને દશ સ્વારોમાં કે જે એક ચતુર્થાંશ છે અને અડધો સ્વાર ગણાયછે. જો તે ધારા પ્રમાણે ત્રણ ઘોડા દાઘ દેવાય તો એ અર્ધ સ્વારનો પગાર આપવો, અને અર્ધા સ્વારની વધારે રસીદ કરવી. પરંતુ જો એ સ્વારો દાઘ કરાય તો એ સ્વારની કમીને કાપી નાખવી, અને પંદર સ્વારોમાં કે ચોથો ભાગ ચાર સ્વારોમાંથી એક ચતુર્થાંશ કમી છે ત્યાં ચાર સ્વારોને દાઘ કરવા અને એક સ્વાર ગણી લેવો. આ વખતે જો ચોથા ભાગપ્રમાણે કમ પડતો દાઘ અર્ધા સ્વાર ઉપર ગણાય તો એક સ્વાર ગણવાની અડચણ દુર કરી દેવી અને પગાર પેટાની જાગીરમાં પણ તેની ખોરાકીના હિસાબની હરકત હુજત ઉભી કરવી નહીં અને જમીનદારોના સ્વારોના પગારનો હિસાબ પણ પેહેલાંપ્રમાણે અર્ધાના હિસાબથી ઠરેલો છે એમ જાણવું. તે સાથે એવી પણ હજુર આજ્ઞા થઇ કે, કોઇએ પણ તુર્કી ઘોડો, યાબુ, અથવા ખુરાસાની ઘોડો નોંધાયો હોય તો ફરવરદીન માસની તારીખ ૧ સને

છવીશ જુલુસીથી, યાબુ તથા ઇરાનીની કમી જાસ્તીના આંકડા હેઠળ લખ્યા પ્રમાણે તેના પગારમાં મુજરે કરવો. અને ઇરાકી ઘોડાને સુબા શિવાયના દેશોમાં, દક્ષિણમાં, અહમદાબાદમાં, બંગાલામાં, ઓડેસામાં, તથા ઠઠ્ઠામાં નોંધી દાખલ કરવો નહીં ( હેઠળની તપસિલ, જેમ ધોરણ લખ્યું છે તેમ લખવાનું યોગ્ય નહિં લાગવાથી લખી નથી. તારીખ. ૫ માહે રબીઉસ્સાની.)

એજ વર્ષે **ઉમરતરીન**ના બદલાયાથી હાફિઝ નસિર ( સુરત બંદરના મુત્સદ્દી)ને ત્યાંની ફોજદારીના ઓદ્ધા ઉપર ચઢાવવામાં આવ્યો, સેબંદીના ખરચનો એવો ઠરાવ થયો કે દર વર્ષે એંશીહજાર રૂપીઆ રોકડા–અર્ધા બાદશાહી સરકારમાંથી તથા અર્ધા **મલકાદોરાન** બેગમ સાહેબની સરકારમાંથી લેતા રહેવું

**હિમ્મતખાન**ને ધોલકાની ફોજદારી આપવામાં આવી અને તેના મનસબમાં વધારો કર્યો. **અલીચુલી** નામનો માણુસ કે જેની સાથે મક્કાના શરીફે એક અરજી મક્કાઉપર બાદશાહની આસ્તાના વખાણની તથા તે સાથે એક અરબી ઘોડો જે દરબારમાં મોકલ્યો હતો તેના સુરત બંદરે પોહોંચવાની હજુરમાં અરજી થઇ, તેથી હજુર આજ્ઞાપ્રમાણે ત્યાંના મુત્સદ્દીઓએ બે હજાર રૂપીઆ ઇનામ દાખલ આપ્યા, તે લઇને હજુર દરબાર ભણી રવાને થયો.

સુબા તરીકે વહીવટકર્તા **શાઇસ્તાખાને** મોકલેલી પેશકશી–થોડાંક રત્નજડિત્ર હથીઆરો તથા બે હાથીઓ સરકારની સમક્ષ નજર કરવામાં આવ્યા. સૈઇદ દિલેરખાનનો જમાઇ સૈઇદ **શેખન** પાંચસોનો વધારો, પંદરસોનું મનસબ અને હજાર સ્વારોથી **દિલદારબેગના** બદલાયાથી **થરાદ** વિગેરે પ્રગણાનો તેહવીલદાર ઠરાવવામાં આવ્યો. શેખ **અબ્દુસ્સમદ અમુદીને** સુબાની બક્ષિગીરી તથા વૃત્તાંત લેખકનો ઓધ્ધો અપાયો, **મુહમ્મદ અમીન** લશકરી સેના રજીસ્ટ્રારની જગ્યા ઉપર નિમાયો, અને હજુરમાંથી **અબ્દુસ્સમદખાન**ની સાથે ખાસ તબેલામાંથી બે ઘોડા–એક ઇરાકી સોનેરી સાજ સાથે તથા બીજો તુર્કી–સુબા **શાઇસ્તાખાન**ને ઇનામ મોકલાયા, અને **અલીચુલી** મક્કાનો પ્રવાસી પણ વિદાય થયો. દશ ઇરાકી ઘોડા તથા હાફિઝમુહમ્મદ નાસિર (સુરતબંદરના મુત્સદ્દી)ના સરકારનેવાસ્તે ખરીદ કરેલા અરબી ઘોડા દરબારમાં સરકારની સમક્ષ નજરાણા દાખલ મુકાયા, તેમાંથી સરખંગ–અરબી અને એરાકી–કુમેદ ઘોડાઓ બાદશાહને પસંદ

પડ્યા. પેહેલાને **સરબુલંદ** (શ્રેષ્ઠ) અને બીજાને **શાહપસંદ** નામ આપ્યાં. ધોલકાના ફોજદાર હિમ્મતખાનને જાતીકા પાંચસોના વધારાની નિમણુંક અને દોઢ હજારી મનસબનું માન આપવામાં આવ્યું.

ચુંવાલ પ્રગણાના કોળીઓએ બંડ ઉઠાવી અહમદાબાદ-હવેલીના પ્રગણામાં, ધોલકા પ્રગણામાં, કડી તથા ઝાલાવાડ વિગેરે પ્રગણાઓમાં ત્રાસ મચાવ્યો હતો. જેથી **શાઇસ્તાખાને** તે તરફ લક્ષ આપી, બંડખોરના ઉપરી **કાનજી**ને નસાડી મુકી, ધોલકા તાબે સાણુંદના ગરાસીઆ **જગમાલ**ને ત્યાંની જમીનદારી ઉપર ઠરાવ્યો.

સુરત બંદરના મુત્સદ્દી હાફિઝમુહમ્મદનાસિરે હજુરમાં અરજી કરી કે, તુર્કી સુલતાન **મુહમ્મદખાને,** તેના બાપ સુલતાન ઇબ્રાહીમના મુખ્ય પ્રધાન **સાલેહ** બાદશાહના ભાઈ **ઝુલકદરઆકાને** એલચીના ઓ-હ્દાથી સરકાર હજુરની સેવામાં રવાને કર્યો છે, અને તેની સાથે રાજ્યપત્ર પણ છે; તે સને ૧૦૬૪ હિજરીના સફરમાસની ઓગણત્રીશમી તારીખે સુરત બંદરે આવી ઉતર્યો છે. જેથી હાફિઝમુહમ્મદનાસિર ઉપર હુકમ થયો કે, સરકારી ખજાનામાંથી રોકડા બારહજાર રૂપીઆ તેને આપવા; અને એવી પણ અરજ કરવામાં આવી કે, સુલતાનના હુકમ તથા આજ્ઞા પ્રમાણે એલચીનો મનસુબો છે કે, જેમ બને તેમ તાકીદે હજુર દરબારમાં જઇ પોહોંચવું.

મરહુમ સૈયદ જલાલ બુખારીનો દીકરો સૈયદ **જાફર** શાહેઆલમ સાહેબનો ગાદીવાળો હતો તેણે પોતાના પિતાના જન્નત નશીબ થયા પછી સરકાર બાદશાહને સલામ કરી નહોતી, તેથી તે ગુજરાતથી નિકળી દર-બારમાં હાજર થયો. તેને પાંચહજાર રૂપીઆ રોકડા આપવામાં આવ્યા.

એજ વર્ષે દોઢ હજારી મનસબનો ધણી અને ચઉદસો **સ્વારો** ઉપરી **શમસુદ્દીન**ને, મિરઝાઇસાતરખાનના દીકરા મુહમ્મદસાલેહના બદલાયાથી, પોતાના પુત્રોસહિત જુનાગઢની ફોજદારી ઉપર તથા તેના મહાલના થોડાક ભાગની તેહવીલદારી ઉપર ઠરાવવામાં આવ્યો.

# ઓગણત્રીસમો સુબો બાદશાહજાદા મુહમ્મદ મુરાદબક્ષ.

સને. ૧૦૫૪--૧૦૫૯ હિજરી.

જ્યારે ઉંચ કુળવાળા બાદશાહજાદા **મુહમ્મદ મુરાદબક્ષે** હજુર હુકમથી રબીઉસ્સાની માસની પેહેલી તારીખે સને ૧૦૫૪ હિજરીમાં સરકાર સેવામાં હાજર થઇ એક હજાર સોના મોહરો ભેટ મુકી, તે વખતે તેને ખાસ પોશાક આપવામાં આવ્યો અને તેજ અવસરે ગુજરાત દેશના સુબાની જગ્યા બક્ષવામાં આવી, કેમકે શાઇસ્તાખાનને ગુજરાતથી માળવે બદલ કર્યો હતો જેથી તેની જગ્યા ખાલી હતી. તે ઉપર બાદશાહજાદાની નીમણુંક થઇ; તેની પંદરહજારી મનસબની તથા પંદરહજાર સ્વારોની–જેમાં પાંચ હજાર સ્વારો એવડા તેવડાની નીમણુંક હતી તે ઉપર ત્રણ હજારી મનસબનો વધારો કરી આપ્યો, અને તે ઉપરાંત એક કરોડ દામના મનસબ પેટે પંદર કરોડ દામ ઇનામ દાખલ આપવામાં આવ્યા, કે જે જુમલે સોલ કરોડ દામ થાયછે; તથા એક લાખ રૂપીઆ સ્વારી ખર્ચ માટે માળવાના સરકારી ખજાનામાં માગવાથી આપવા હુકમ થએલો તે આપવામાં આવ્યા, અને હુકમ થયો કે, એક લાખ રૂપીઆ બેગમસાહેબના રોજાના ખજાનામાંથી લેવા; અને હુકમ થયો કે, અગ્યાર કરોડ દામની જાગીર આપવી અને બાકીના પાંચ કરોડ દામ સુરતબંદરના ખજાનાથી રોકડ લેતા રહેવું. **દિયાનતખાનને** બાદશાહજાદાના દીવાનની પદવી બક્ષવામાં આવી.

દોઢહજારી મનસબનો ધણી અને ચારસો સ્વારોનો ઉપરી **રેહેમતખાન** મીર યહયાના બદલાયાથી અહમદાબાદની દીવાની તથા કરકરાજખાનાના દારોગાની જગ્યા ઉપર મીરયહયાની બદલીથી નિમાયો, તથા મોતમીદખાનનો દીકરો **દોસ્તકામ** રેહમતખાનની દીવાની સુબાના વૃત્તાંત રીપોર્ટર તથા બક્ષીગીરી ઉપર મનસબના વધારાનું માન પામી નિમાયો તથા સૈઇદ જલાલના પુત્ર સૈઇદ **જાફર** (શાહેઆલમસાહેબનો ગાદીવાળો)ને પાંચ હજાર રૂપીઆ રોકડા, પોશાક તથા હાથીનું ઇનામ આપવામાં આવ્યું. સૈઇદ જલાલના ભાઈ સૈઇદ **એહમદને** એક હજાર રૂપિયા રોકડા, પોશાક તથા એક હાથણી ઇનામ આપી તેમના સ્વદેશ એહમદાબાદ તરફ વિદાય કર્યા. **મુજા-**

**હીદખાન જાલોરીને**, સૈયદ દીલેરખાનના બદલાયાથી પાટણની ફોજદારી તથા તેહવીલદારી ઉપર નિમ્યો, અને **મીર શમસને** ગોધરાની ફોજદારી તથા તેહવીલદારી, દોઢહજારી મનસબનો વધારો અને પંદરસો સ્વારોના ઉપરીપણાનું માન આપી, પહેલાંના હક ઉપર નજર રાખી નીમવામાં આવ્યો.

જ્યારે બાદશાહજાદો **ઝાબુઆ** દેશની સરહદ ઉપર આવી પહોંચ્યો ત્યારે ત્યાંના જમીનદારે સેવામાં હાજર થઇ પંદર હજાર રૂપિયા રોકડા અને સાત ઘોડા પેશકશી દાખલ રજુ કર્યા. તે લઈ શાબાન માસની સત્તરમી તારીખે જ્યારે શાહજાદો અહમદાબાદમાં પહોંચ્યો ત્યારે ત્યાં સાત મહિના રહી કુતબુદ્દીનખાનની વિનંતિ ઉપરથી એક હાથી તથા દશ ઉંટનું ઇનામ મેળવી વિદાય થયો. ત્યારબાદ શેખનની અરજ ઉપરથી સુંવાલનો જમીનદાર કહાનજી, સેવામાં હાજર થઇ શરણે રહેવાના ભરૂસાદાર જામીનો આપી, દશ હજાર રૂપિયા પેશકશીમાં આપવાનો ઠરાવ કરી પોતાના દેશમાં નિરાંતે રહેવા લાગ્યો.

આ વખતે શ્રીમંત બાદશાહના શ્રવણે આવ્યું કે, મોંઘવારીના લીધે મક્કાના રહીશ ગરીબ લાચાર લોકો ઉપર ભારે સંકટ પડે છે. તેથી શ્રીમંત બાદશાહે સને ૧૦૬૪ હિજરીના જમાદીઉસ્સાની માસની સોળમી તારીખે બંદોબસ્તી અધિકારીને પોશાકનું ઇનામ આપી મક્કા–મદિના તરફ રવાને કર્યો; અને સુરતબંદરના કારકુનો ઉપર હુકમ લખી મોકલ્યો કે, તે આવી પહોંચે તે દરમ્યાનમાં એક લાખ રૂપિયાનો માલ ખરીદ કરી તૈયાર રાખે. તેમ તે અધિકારીને પણ આજ્ઞા કરી કે, મજકુર માલ પૈકી એક તૃતીઆંશ ભાગ મક્કાના શરીફને અને બીજો એક તૃતીઆંશ ત્યાંના વિદ્વાન મોલવીઓ, મુતવલ્લીઓ અને ઇમામો વિગેરે સારા ઇમાનદાર લોકોને વહેંચી આપવો અને બાકીનો માલ મદિનાના પાબંધ લોકોને પહોંચડાવવો; તેમજ મદિનાની મસજીદ કે જે નવેસરથી ઉંચા પ્રકારની બાંધી હતી તેનાવાસ્તે કમાનદાર પાથરણું જે મુલતાનમાં તૈયાર કરેલું હતું તે પણ મોકલી દેવામાં આવ્યું. એજ વર્ષે સરફરાઝખાનના દીકરા **દીલદોસ્તને** બાદશાહજાદા **મુરાદબક્ષની** અરજ ઉપરથી પાટણ તાબાના ગામ **વીજાપુરની** થાણદારી ઉપર નીમવામાં આવ્યો, અને તેને પાંચસો સ્વારોનો વધારો, દોઢ હજારી મનસબ અને પંદરસો સ્વારોનો ઉપરી બનાવવામાં આવ્યો.

સને ૧૦૬૫ હિજરીના સફરમાસમાં સૈઇદ શેખનને **ચીપલોદ** તથા **શાહરાની** ફોજદારી આપવામાં આવી; અને બાર કચ્છી તથા **અરબી** ઘોડા, કે જે **પેશકશી** માટે બાદશાહજાદે મોકલ્યા હતા તે હજુર દરબારમાં પહોંચતાં શ્રીમંત બાદશાહની સન્મુખ નજર કરવામાં આવ્યા. એજ વર્ષે બાદશાહની વર્ષગાંઠના દીવસે મખમલના જરી કામવાળો ત્રેતાલીશ ગજ લાંબો અને બત્રીશ ગજ પહોળો-અહમદાબાદના કારખાનામાં તૈયાર થયેલો શામીઆનો બાંધવામાં આવ્યો તે વખતે **સૈઇદ સદકા** કે જે, સરકારી હુકમથી ખાસ સ્વારીલાયક અરબી ઘોડાઓ ખરીદ કરવા માટે ગએલો, તેણે સુરતથી આવી દરબારમાં હાજર થઈ બે ઘોડા રજુ કર્યા. તે પૈકી એક **સરખંગ** હતો. તે સૈઇદે અરજ ગુજારી કે બસરાના હાકેમે જેના ઉપર બાર હજાર રૂપિયા મોકલ્યા હતા તેણે આ બે ઘોડા મોકલ્યા છે. હવે સરખંગ ઘોડો બાદશાહની સ્વારીલાયક હોવાથી બાદશાહે તે સૈઇદને પોશાક અને મનસબમાં વધારો કરી આપી દશ હજાર રૂપિયા રોકડા ઇનામ દાખલ આપ્યા; અને મજકુર ઘોડાને ખાસ જુદાજ તબેલામાં બંધાવી તેનું નામ **દશહજારી** રાખ્યું.

એજ વર્ષે સઇદ જલાલ મરહુમ સદરૂસ્સુદુરના દીકરા **સૈઇદઅલી**-ને ખાસ પોશાક, પાંચસો સ્વારોનો વધારો, બે હજારી મનસબ, રઝવીખાનનો ખિતાબ, બક્ષીગીરી તેમજ વૃત્તાંત-રીપોર્ટરનો ઓદ્ધો આપી દોસ્તકામની જગ્યા ઉપર નિમ્યો, અને સુબાનો અમીન બનાવી, એક ઇરાકી ઘોડો તથા હાથી આપ્યો. તેની સાથે બાદશાહજાદાને વાસ્તે ખાસ તબેલામાંથી બે ઘોડા મીનાકારી સોનેરી સાજવાળા તથા સાદાં સોનેરી જીનો આપી વિદાય કર્યો. અને તે ઉપરાંત પાંચસો સોનામોહોરો આપવામાં આવી, કે જેમાંથી અઢીસો તેના મોટા ભાઈ ગાદીવાળા સૈઇદ્દ જાફરને આપે તથા બાકીની ત્યાંના લાચાર યાને ગરીબ-ફકીરો વિગેરે ભીક્ષુક લોકોને વહેંચી આપે.

ત્યારબાદ બાદશાહજાદાની દિવાની ઉપર **દયાનતખાન**ના બદલાયાથી **દોસ્તકામ**ને નિમવામાં આવ્યો. મજકુર ખાને પોતાની દીવાનીના વખતમાં ઘણી ખરી નવી બીદઅતો આ સુબામાં સ્થાપી હતી. **ઔરંગખાન** પોશાક મેળવી સુબાની તેહનાતીમાં નોંધાયો. **પીર જીવો હોરો** સુરતબંદરના પૈસાદાર લોકોમાં સર્વથી શ્રેષ્ઠ ગણાતો હતો. **સતીદાસ** ગુજરાતના

ઝવેરીઓમાં સર્વથી વધારે ઝવેરાતવાળો **અને** પુષ્કળ ધનવંત હોવાથી **વહેપારીઓમાં** નામચીન અને આગેવાન પણ ગણાતો હતો. તેણે ચાર અરબી ઘોડા પેશકશી દાખલ હજુરમાં મોકલ્યા. તે પૈકી **નૂર** નામનો ઘોડો શ્રીમંત બાદશાહને પસંદ પડ્યો. જેથી હજુરમાંથી એક હાથી આપી માન આપવામાં આવ્યું. તે વખતે એક લાખ રૂપિયા **અહમદાબાદના** ખજાનામાંથી બાદશાહજાદા બહાદુરને હજુર હુકમથી ઇનામ દાખલ આપવામાં આવ્યા અને બે ઘોડાઓ-એક અરબી તથા બીજો ઇરાકી-ખાસ તબેલામાંથી સોનેરી મીનાકારી જીનસહિત બક્ષિશ કરવામાં આવ્યા.

સને ૧૦૬૬ હિજરીમાં **સુરતબંદર** તથા **ખંભાતબંદર**ની સત્તા (જગ્યા) મુઇઝ્ઝુલમુલ્કના નાના ભાઇ **અબ્દુલલતીફને** આપવામાં આવી. તે ઉપરાંત તેને રબીઉલઅવ્વલમાસની ઓગણત્રીશમી તારીખે મનસબના વધારાથી માન આપી, સુરતની દીવાની-ફોજદારી અને બંદરનો અધિકાર, હાફીઝ મુહમ્મદ નાસીરના બદલાયાથી સોંપવામાં આવ્યો; અહમદાબાદના સુબાની દીવાની ઉપર **રહેમતખાન** જાતીકા પાંચસોના વધારાની નીમણુંકથી દોઢ હજારી મનસબ પામી ચારસો સ્વારોના ઉપરીપણાનું માન પામ્યો; બાદશાહજાદાનું એક લાખ રૂપિયાનું ઇનામ સુરતબંદરના ખજાનામાંથી ઠરાવવામાં આવ્યું અને સુરતબંદરના મુત્સદ્દી **મુહમ્મદ અમીન**ને તેની ખરાબ ચાલ, અપ્રમાણિકપણું, ઘાલમેલ અને સરકારી નાણાં વિગેરેના ગેરઉપયોગ વિષે શ્રીમંત બાદશાહના સાંભળવામાં આવવાથી જાગીર ખુંચાવી લઇ લોકોની ઇબરતના વાસ્તે તેને કેદ કરવાનો હુકમ કર્યો, અને જે કંઇ રકમો તેણે ઉડાવી હતી તે પાછી વસુલ કરવામાં આવી. મજકુર સનના શાબાન માસની અગ્યારમી તારીખે **મુહમ્મદ કાસિમ** તથા **રોશનઝમીર**ને સુરતબંદરની ફોજદારી, બક્ષિગીરી અને વૃત્તાંત રિપોર્ટરનો ઓદ્ધો આપવામાં આવ્યો; **બેલપાર**ના થાણદાર **સુલતાનયાર**ને પાંચસો સ્વારોના વધારાથી દોઢ હજારી મનસબ આપી પંદરસો સ્વારોનો અધિકારી બનાવ્યો; જીલ્કઅદ માસની પચ્ચીસમી તારીખે દોસ્તકામના બદલાયાથી **અલી નકીને** બાદશાહજાદાના દીવાનની જગ્યા આપવામાં આવી અને બાદશાહજાદાની બેગમ (શાહ નવાઝખાન સફવીની દીકરી) થી કંઇપણ સંતાન થયું નહિ તેથી બાદશાહે અમીરખાનની દીકરી કે જે શાહજાદાને લાયક હતી તેને અહમદાબાદ મોકલી આપી, કે જેથી બાદશાહજાદો તેની સાથે લગ્ન કરે. તેને એક લાખ રૂપિયાના-ઝવેર તથા દાગીનાઓ કન્યાદાખલ આપ્યા અને બાદશાહજાદાને બેવડા તેવડા હજાર

સ્વારોની સત્તા આપી, એક લાખ રૂપિયા નગદ (જેમાંથી વીસ હજાર રૂપિયા સરકારી હિસાબે તથા બાકીના એંશી હજાર સુરતબંદરના ખજાના-માંથી) આપવામાં આવ્યા અને ક્ષેમકુશળતાનો પત્ર મોકલાવ્યો, તે ઉપરાંત ખાસ પોશાક અને ખાસ તબેલામાંથી બે ઘોડા અરબી, મીનાકારી–સોનેરી સાજવાળા **સૈઇદ્દ અલી,** મલેક અંબરના **પુત્ર** અને **સાલેહબેગ ગુરૂઝ-બરદાર**ની સાથે મોકલાવ્યા તથા **જુનાગઢ**ની તમામ આવક અને કુલ સત્તા આ વધારાના પગારપેટે આપવામાં આવી. આ પ્રમાણેની બાદશાહની આટલી બધી મહેરબાની જોઇ તેનો અહેશાન માની, બહાદુર બાદશાહજાદો સઘળું આવી પહોંચતાંજ લેવાને વાસ્તે ઘણી ધામધુમથી બહાર નિકળ્યો.

હવે જુનાગઢના તેવીલદારો **શમસુદ્દીન** તથા **કુતબુદ્દીન બેગીને** અરસપરસ એક બીજાને અણબનાવ હોવાથી કુતબુદ્દીનને પાટણની તેવીલ-દારી તથા ફોજદારી ઉપર બદલ કર્યો અને શમસુદ્દીનને પણ હુકમ કર્યો કે દક્ષિણમાં બાદશાહજાદા **મુહમ્મદ ઔરંગઝેબ**ની પાસે પહોંચી જવું. તે વખતે **રઝવીખાનના** બદલાયાથી બક્ષિગીરી તથા વૃત્તાંત રિપોર્ટરની જગ્યા **મીર મુહમ્મદ સફહાની**ને આપવામાં આવી અને તેને પોશાક તથા ઘોડાનું ઇનામ પણ આપવામાં આવ્યું. ત્યારબાદ બાદશાહજાદાની અરજ ઉપરથી એકહજારી મનસબ તથા ચારસો સ્વારોની સત્તા ખાનજહાંના દીકરા **સૈઇદ મનસુરને** આપી ગુજરાતના તેહનાતીઓમાં દાખલ કર-વામાં આવ્યો.

સને ૧૦૬૭ હિજરીમાં–અમુલ્ય ભેટ સોગાદો તથા ઝવેરાત, અઠયા-વીશ અરબી તથા કચ્છી ઘોડાઓ, અને અઢાર ગુજરાતી બળદો, તેમજ બીજી કેટલીએક બક્ષિસો કે જે, બાદશાહજાદાએ હજુર દરબારમાં પેશકશી દાખલ મોકલાવી હતી તે જોઈ શ્રીમંત બાદશાહ પોતાની પસંદગી બતાવી ઘણા ખુશી થયા.

એજ વર્ષ (સને ૧૦૬૭ હિજરી)ના જીલહજ માસની સાતમી તારીખે એકાએક શ્રીમંત બાદશાહ (શાહજહાન)ને ઘણોજ પીડાકારી રોગ રાતની વખતે લાગુ પડવાથી તબી-યતની તન્દુરસ્તી બગડી ગઇ. તે એટલે સુધી કે, છેવટ પણ તન્દુરસ્તી પાછી આવીજ નહિ. આ મહા ભયંકર–દુઃખદાયક બીના ધીમે ધીમે આખી બાદશાહતમાં ફેલાઇ ગઇ. પંથ લાંબો હોવાથી અને લુંટારૂ લોકોના તોફાનને લીધે, તેમજ રસ્તાઓ પણ

શ્રીમંત શાહજહાન(સા-હેબ કિરાન બીજો) બા-દશાહની નાદુરસ્ત તબી-યતથી શાહજાદા મુરાદ-બક્ષનું રાજ્ય ચલાવવું અને જાથુકની રાજધાની અકબરાબાદ તરફ જવું.

બંધ હોવાથી **દારાસિકોહ**ની યોજનાના આધારે, વકીલો બંધીખાને પડવાથી **અને** ખાત્રીપૂર્વક ખબર ન પડવાથી, તેમજ બાદશાહની પ્રકૃતિ કેવી છે તેના પણ કંઇપણ સમાચાર ન મળવાથી હિન્દુસ્તાનના મામલામાં ઘણી ગેરબંદોબસ્તી ઉભી થવા પામી અને ભારે અડચણો તેમજ મોટાં તોફાનો થવા લાગ્યાં. આ વખતે બાદશાહજાદો **મુરાદબક્ષ** કે જે, ગુજરાતનો સુબો હતો તેણે બાદશાહની તબીઅત નાદુરસ્ત હોવાના સમાચાર સાંભળતાંજ વગરસોચે આગળ પાછળનો કંઇપણ વિચાર નહિ કરતાં અલ્પ બુદ્ધિનો ઉપયોગ કરી, પોતાના નિશ્ચયપણાનાં નિશાનો ઉંચાં કરી તખ્તનશિન થયો (ગાદી ઉપર બેઠો); અને પોતાનું **મુરવ્વજજુદ્દીન** (ધર્મની વૃદ્ધિ કરનાર) નામ ધારણ કરી, રાજ્યધોરણની કુલ સત્તા પોતાને હસ્તક લઇ, સિક્કો તથા ખુતબો પોતાના નામનો ચાલુ કરી દીધો. ત્યારબાદ ફોજની એક ટુકડીને સુરતબંદર તરફ રવાને કરી. આ વખતે સુરતબંદર **બેગમસાહેબ**ના તાબામાં હતું. મજકુર ફોજે સુરતબંદરના કિલ્લાને ઘેરો ઘાલી, તે માંહેલા ખાલસા તથા બેગમસાહેબના ખજાના માલમિલ્કતસહિત જોરજુલમથી કબજે કરી લીધા; તેમજ લોકોની માલમિલ્કત ઉપર પણ જોરજુલમ અને જબરદસ્તી ગુજારી. વિગેરે કેટલાંએક નાલાયક કૃત્યો કર્યા. જેવાંકેઃ–ઇસ્લામખાનનો દીકરો **અબ્દુલ લતીફ** કે જે, સરકારનો ખાસ ભરોસાદાર અને પ્રમાણિક નોકર હતો, તેમ આ વખતે તે મજકુર બંદર (સુરત)નો મુત્સદ્દી હતો અને સરકારી હુકમથીજ તે જગ્યાએ હકુમત ચલાવતો હતો તેને, બીજા મુત્સદ્દીઓ સહિત કેદ કરી, અસહ્ય દુઃખો આપ્યાં. બીજું પોતાનો દીવાન **અલી નકી** કે જેને શ્રીમંત બાદશાહથી જાણપિછાન હતી અને સરકારી હુકમથી શાહજાદાના તાબામાં નોકરી કરતો હતો તેને કંઇપણ કસુર કર્યા શિવાય તેમજ કંઇપણ ગેરવફાદારી જાહેર થયા વગર, એનું મન ફરેલું છે એવા વહેમથી અને તે શુભ શિખામણો આપતો હતો તેથી પોતાના હાથે તેને કતલ કરી નાખી, માથાના ફરેલ તરીકે નોબતના નાદ કરવા લાગ્યો. આવાં ગેરવર્તણુંકવાળાં વર્તનથી વાકેફ થઇ બાદશાહજાદા **મુહમ્મદ દારાસિકોહે** શ્રીમંત બાદશાહને અરજ કરી. જેથી એવો ઠરાવ કર્યો કે, અહમદાબાદના સુબાને મુરાદબક્ષ પાસેથી બોલાવી લઇ **વરાડનો** સુબેદાર બનાવવો. માટે જો હુકમને માન્ય કરી તે તરફ જાય તો તેની કસુરો માફ કરવી, પરંતુ અમાન્ય કરે તો તેને કેદ કરી હજુરમાં પકડી લાવવો.

હવે બાદશાહજાદા **મુહમ્મદ ઔરંગજેબ**ને પણ પોતાના પિતાને જોવાનું બહાનું અને કેટલાંએક કામો (કે જેનું વર્ણન અત્રે કરવું મુનાસબ નથી) હતાં તેથી તે દક્ષિણથી પોતાની શણગારેલી સેનાને લઇ હજુરમાં આવવા માટે રવાને થયો. બન્ને શાહજાદાઓ (મુરાદબક્ષ તથા ઔરંગજેબ)ને પાછા ફેરવવા માટેના હુકમો વારંવાર દારાસિકોહઉપર આવવા લાગ્યા.

સને ૧૦૬૮ હિજરીના રબીઉલઅવ્વલમાસની ત્રેવીસમી તારીખે **જોધપુરના** જમીનદાર **મહારાજા જસવંતસિંહ**ને **માળવા**ની સુબેગીરી આપી તે તરફ રવાને કર્યો. તેવીજ રીતે **કાસીમખાન**ને પણ મજકુર સનના જમાદીઉલ અવ્વલમાસની છેલ્લી તારીખે અહમદાબાદની સુબેગીરી ઉપર નિમી તે તરફ વિદાય કર્યો; અને એવો ઠરાવ કર્યો કે, બન્ને સુબાઓએ **ઉજ્જેન**માં થોભી સાવચેતી રાખવી. જો મુરાદબક્ષ હુકમને માન્ય કરી અહમદાબાદ ખાલી કરી આપે તો ઠીક, નહિતો મહારાજાની મદદ લઈ તેની સાથે અહમદાબાદ જઈ તેને કહાડી મુકવો. આ હકીકતની ખબર મળવાથી મુહમ્મદ મુરાદબક્ષે રાજ્યના દાવેદારતરીકે ઘણું ધન ભેગું કરેલું હતું (ગુજરાતના લોકો કહે છે કે અમદાવાદીઓ પાસેથી તેણે પચાસ લાખ રૂપિયા લીધા હતા) તે વડે પોતાની તૈયારી કરી, સુબાનો દીવાન **રહેમતખાન** અને સુબાની તેહનાતમાં રહેલા ફોજદારોને લઇ રવાને થયો!

જ્યારે બાદશાહજાદો મુહમ્મદ ઔરંગજેબ પોતાના પિતાને જોવા માટે રવાને થએલ હતો ત્યારે તેણે શાહજાદા મુહમ્મદ મુરાદબક્ષને લખી જણાવ્યું કે, **નર્મદા** નદી ઉતર્યા પછી મને આવી મળવું. હવે રસ્તામાં બન્ને ભેગા મળી જ્યારે ઉજ્જેન પહોંચ્યા ત્યારે, રસ્તામાં નડતા કાંટારૂપી મહારાજા જસવતસિંહ તથા કાસીમખાનને હરાવી નસાડી મુકયા અને બન્ને બાદશાહજાદાએ **આગ્રા** રાજધાની તરફ વધવા માંડ્યું. અહમદાબાદના સુબાવિષેની બીજી હકીકત આ જગ્યાએ સંબંધ ધરાવતી નહિ હોવાથી **આલમગીરનામા**ના હવાલામાં મુકી દીધી છે.

અહમદાબાદના રહેવાસીઓ પાસેથી જે નાણાં મુહમ્મદ મુરાદબક્ષે લીધાં હતાં તે પૈકી પાંચ લાખ, પચાસ હજાર રૂપિયા દરબારમાં જાણીતા અને શાહજાદાની પણ વિશ્વાસવાળા **સતીદાસ**ના દીકરાઓના હતા. તે વખતે સતીદાસ હજુરમાં હતો. મુહમ્મદ દારાસિકોહની હાર થયા પછી પોતે (મુરાદબક્ષે)કેદમાં જતાં પહેલાં ચાર દીવસ અગાઉ **ખાજાસરા મોતમીદખાન**ના નામ ઉપર મજકુર રૂપિયાની ભલામણ કરી હતી. આ ખાજાસરાને પોતાનાં બાળબચ્ચાંના રક્ષણાર્થે નાયબતરીકે અહમદાબાદમાં મુકીને ગયો હતો. ફરમાન તથા

દસ્તખત ઓઝક મોહોરવાળાએ પોતાના હાથે લખીને આપેલું હતું. જેની અસલપ્રમાણેની નકલ ભોગજોગે મળી આવવાથી નીચે દાખલ કરૂંછું.

## ઓઝક મોહોરવાળા બાદશાહજાદા મુહમ્મદ મુરાદબક્ષના હુકમની નકલ.

અમીરી તથા બંદોબસ્તના લાયક, કિર્ત્તિવાન તથા ખાનદાનીના યોગ્ય, અને મહેરબાની તથા પરોપકારના પાત્ર મોતમીદખાન !

તમોએ સરકારી અત્યંત કૃપાના લાભ મેળવવાની ઇચ્છાઓથી વાકેફ થઇ જાણવું કે, સતીદાસે પોતાનો ભાગ્યોદય ઇચ્છી, સરકારના જે ઉપકારો તેના ઉપર છે તે તેણે સૂર્યસમાન તેજસ્વિ સદાએ માન્ય કર્યા છે; માટે એવો હજુર હુકમ થયો છે કે, જે રૂપિયા મજકુર સતીદાસના પુત્ર **માણેકચંદ** તથા તેના ભાઇઓપાસેથી હાથઉછીનાતરીકે અહમદાબાદમાં લીધેલા તે બદલ યુવંતઇલના ખરીફમાસથી જે પરગણાંઓ તેના પેટામાં લખેલાં છે, તેઓની આવકમાંથી આપવા. સતીદાસ તથા માણેકચંદે શુદ્ધ અંતઃકરણ અને સાચી નિષ્ટાથી સરકારી સેવાઓ બજાવેલી છે અને હજુરની હાજરીનો લાભ પણ લીધેલો છે, માટે ફરી પણ એવડી વખતે હુકમ કરવામાં આવેછે કે, એવિષે કંઇક યત્ન કરવો; કે જેથી તેનાં તથા તેના ભાઇઓનાં નાણાં વેહેલાસર વસુલ થઇ તેમને મળી જાય. આ બાબત પૂરતી તાકીદ સમજી સરકારી આજ્ઞાપ્રમાણે અમલ કરવો.

**પેટાંની ફ્રોડ**—હુકમ પ્રમાણે હાથઉછીનાં લીધેલાં માણેકચંદ વિગેરેનાં નાણાં યુવંતઇલની ખરીફ ફસલમાંથી હેઠળ બતાવેલી ફોડ પ્રમાણે આપવાં.

| | | |
|---|---|---|
| ૧,૫૦,૦૦૦ | રૂપિયા | ખંભાતબંદરમાંથી. |
| ૧,૦૦,૦૦૦ | ,, | પેટલાદ પરગણામાંથી. |
| ૧,૦૦,૦૦૦ | ,, | ધોળકા પરગણામાંથી. |
| ૭૫,૦૦૦ | , | ભરૂચબંદરમાંથી. |
| ૫૦,૦૦૦ | ,, | વીરમગામ પરગણામાંથી. |
| ૪૫,૦૦૦ | ,, | નિમકસાર (મીઠાનો અગર) માંથી. |
| ૩૦,૦૦૦ | ,, | સરકારમાંથી. |

કુલ એકંદર રૂપિયા ૫,૫૦,૦૦૦ પાંચ લાખ પચાસ હજાર રૂપિયા.

હજુર હુકમથી એવું ઠરાવવામાં આવે છે કે, માણેકચંદે હંમેશાં સરકાર સેવામાં હાજર રહી પહેલાં પોતાનાં હાથઉછીનાં નાણાં લઇ પછી બીજા નાણાવટીઓની રકમો પોહોંચાડવી.

# મુહૈયુદ્દીન અબુલમુઝફ્ફર મુહમ્મદ ઔરંગઝેબ—આલમગીર બહાદુરનું રાજ્ય.

સને ૧૦૬૮ થી ૧૧૧૯ હિજરી.

**બનાવો.**

૧, ગુજરાતી પ્રજાનાં રક્ષણ. ૨, મિરઝા શાહનવાઝખાનની સુબેગીરી. ૩, મહારાજા જસવતસિંહની સુબેગીરી. ૪, સરદારખાનના પત્રનો ઉત્તર. ૫, બીજો જુલુસ—અનાજના મહેસુલની માફી. ૬, આખા રાજ્યમાં સુધારકોની નિમણુંક. ૭, બાદશાહી ફરમાન. ૮, મહાબતખાનની સુબેગીરી. ૯, નવાનગરની ફતેહ. ૧૦ દારાસિકોહનું નામ ધારણ કરનાર બલૂચ, ૧૧, સુરત બંદર અને શિવાજી. ૧૨, બાદશાહી ફરમાન. ૧૩, એકતાલીસ—બેતાલીસના હિસાબથી રોકડ મહેસુલ. ૧૪, હરામ વસ્તુની મનાઇ. ૧૫, બાદશાહી ફરમાન. ૧૬, દામ ચૌદ માસાનો. ૧૭ એતલાસના મહેસુલની મુસલમાનોને માફી. ૧૮, મનસબદારોના માલની જપ્તિ. ૧૯, બહાદુરખાનની સુબેગીરી. ૨૦, જકાત લેવા વિષેનું ફરમાન. ૨૧, દંડારાજપુરીથી યાકુત હબશીનું આવવું. ૨૨, દીલેરખાનની સોરઠની ફોજદારી. ૨૩, મહારાજા જસવતસિંહની બીજીવારની સુબેગીરી. ૨૪, બાદશાહી ફરમાન. ૨૫, હરામ વસ્તુની માફી. ૨૬, અમીનખાનની સુબેગીરી. ૨૭, વીસલનગર અને ભીમસીંહ. ૨૮, ગેર મુસલમાનો ઉપર ટેક્ષ. ૨૯, મુસલમાનોથી જકાત. ૩૦, મોહટો દુકાળ. ૩૧, મુખતારખાનની સુબેગીરી. ૩૨, સોરઠ અને આઝમશાહ. ૩૩, રૂપિયાનું વજન. ૩૪, કારતલબખાનની સુબેગીરી. ૩૫, જકાત. ૩૬, ભરૂચના મતીઆ. ૩૭, દરકદાસ રાઠોડ. ૩૮, બેતુલ માલ. ૩૯, જકાત. ૪૦, અરબી માલ ઉપર જકાત. ૪૧, આઝમશાહની સુબેહગીરી. ૪૨, સફદરખાન બાબી. ૪૩, જાની બેગમનું મૃત્યુ. ૪૪, આઝમશાહનું બુરહાનપુર જવું. ૪૫, ધના જાદવ મરાઠો. ૪૬, બેદારબખ્તની સુબેગીરી. ૪૭, ઇબ્રાહીમખાનની સુબેગીરી. ૪૮, ઔરંગઝેબનો મૃત્યુકાળ. ૪૯, સુબેગીરી વિષે ફરમાન. ૫૦, અહમદાબાદ અને બાલાજી વિશ્વનાથ.

હવે **ઔરંગઝેબ**, પોતાના પિતાને જોવાને અને **મુરાદ**, રાજ લેવાના હેતુ સાથે **ઉજ્જેન**માં મહારાજા જસવતસિંહ તથા કાસિમખાનને

**હરાવી અકબરાબાદની** રાજધાની કે જ્યાં શ્રીમંત શાહજહાન બાદશાહનો મુકામ હતો, ત્યાં પહોંચી હજુર રૂબરૂ જવા ધાર્યું. ઘણી મજલો તથા ભારે પંથ કાપ્યા પછી એટલે સને ૧૦૬૮ હિજરીના શાબાન માસની નવમી તારીખે રાજધાની આગળ મુકામ કર્યો, અને મુહમ્મદ દારાસિકોહે **ધોલપુર** આગળ લડાઇ કરી, તેમાં તે રમજાન માસમાં હાર પામ્યો અને શવ્વાલમાસની ચોથી તારીખે મુરાદબક્ષ કેદ થયો; એટલે ઔરંગજેબ દારાસિકોહની પુંઠે પડી **દિલ્લી** રાજધાની તરફ કુચ કરી ગયો. રસ્તામાં જ્યારે **બાગે અઇઝ** (સુંદર અને સુગંધિ પ્રખ્યાત બગીચો)માં મુકામ થયો ત્યારે મજકુર સનના જીલ્કઅદ માસની પહેલી તારીખે (મુહુર્ત પ્રમાણે) પંદર ઘડી અને બાવીશ પળ વિત્યા પછી તખ્તનશિન થવાની ક્રિયા કરવામાં આવી. આ મુહુર્ત જોષીઓએ કાઢેલું હતું. ખુતબો તથા સિક્કો–બીજા વખતની તખ્તનશિની ઉપર મુલ્તવી રાખી પુંઠ લઇ રવાના થયો. કહે છે કે, આ તખ્તનશિનીની સાલ બાદશાહે પોતેજ કહી છે. તે આ પ્રમાણે **"આફતાબે આલમતાબમ"** એટલે "હું જગપ્રકાશિત સૂર્ય છું."

હવે જોરજુલમ કે રાજીખુશીથી મુહમ્મદ મુરાદબક્ષ પોતાની સાથે અહમદાબાદના સુબાના દીવાન વિગેરે જેઓ મજકુર સુબાની તેહનાતીમાં હતા તેઓ જ્યારે બાદશાહની રૂબરૂ હજુર સેવામાં હાજર થયા ત્યારે **રહેમતખાનને** પોશાક, બેહજારી મનસબ તથા છસો સ્વારોના અધિકારીનો દરજ્જો અને પહેલાં પ્રમાણે અહમદાબાદના સુબાની દીવાની ઉપર કાયમ કરવામાં આવ્યો;–**કુતબુદ્દીનખાન ખેશગીને** પોશાક, બે ત્રણ હજારી મનસબ અને એવડા તેવડા ત્રણ હજાર સ્વારોની સત્તા તથા સોરઠ સરકારની ફોજદારી આપવામાં આવી;–સરપ્રરાઝખાનના દીકરા **દીલદોસ્તખાનને** પોશાક, સરદાર અને ખાનનો ખિતાબ આપ્યો, તથા તેના નાના ભાઇ **દીલદારબેગને** પણ પોશાક, ખાનનો ખિતાબ અને પાટણ સરકારની ફોજદારી આપવામાં આવી. તેમજ સૈઇદ દીલેરખાનના દીકરા **સૈઇદ હસનને** ખાન બનાવવામાં આવ્યો. એવી રીતે દરેક યોગ્ય વધારાથી સરકારી કૃપાને પાત્ર થયા. ત્યારપછી સુરતબંદરના શાહુકાર **સતીદાસ ઝવેરીને** પોશાક અને બાદશાહી ફરમાન કે જે, "આ દેશની પ્રજાપ્રત્યે પૂર્ણ મહેરબાની ભરી લાગણી દર્શાવનાર તથા બાદશાહત તરફ સંતોષ અને વફાદારી ધરાવનાર"–વિગેરે સર્વોત્તમ વચનોનાં વાકયોથી ભરપૂર હતું તે, મોક-

લવામાં આવ્યું; તેના ઉપર બાદશાહી મોહોર નહોતી, કેમકે બાદશાહની પદવી (હોદ્દો) બીજી વખતની તખ્તનશિની ઉપર રહેલી હતી; જેથી મોહોર કોતરાવેલી ન હોવાથી બાદશાહજાદાના હોદ્દાની મોહોર કરી, આપવામાં આવેલું; કે તે તરફ સુબાના દીવાન વિગેરેની સાથે જઇ અમન ચમનની વધામણી ત્યાંના લોકોને પહોંચાડવી. મજકુર ફરમાનની નકલ નીચે મુજબ છે.

## ગુજરાતની સઘળી કોમના માણસોનાં મનની શાંન્તિઅર્થે શ્રીમંત બાદશાહનાં ખુશાલીભર્યાં ફરમાનની નકલ.

શ્રીમંત હજુર બાદશાહની હિમ્મત અને નિયત પ્રજાની સુખશાન્તિ તરફ વળેલી છે. આ અવસરનો **પ્રારંભ** કલ્યાણકારી, તથા **અંત** ક્ષેમકુશળતા ભરેલો છે. સરકારી હજુરીઓમાં સર્વથી શ્રેષ્ઠ સતીદાસ ઝવેરીએ શ્રીમંત બાદશાહની હજુરથી અહમદાબાદ તથા પોતાને દેશ જવાની પરવાનગી મેળવી છે, તેથી તેને હુકમ કરવામાં આવે છે કે ત્યાં પહોંચ્યા પછી ત્યાંના સઘળા વહેપારીઓ, શેઠ–શાહુકારો અને તમામ પ્રજાવર્ગને અમારી ન્યાયીક દૃષ્ટિ અને ખરાં દીલનીસાચી નિષ્ઠાવિષેની પૂર્ણ માહિતી આપવી, કે જેથી સર્વ પ્રજા રાજીખુશીથી હળીમળી એક સંપથી વર્તે, અને પોતાનો ધંધોરોજગાર પણ કંઇપિણ ભેદ કે ભિન્નભાવ રાખ્યાવગર સલાહસંપથી ચલાવે; તથા હાલના તેમજ ભવિષ્યના અધિકારીઓએ ત્યાંના કામકાજ તથા મામલાઓમાં **મુશારન ઈલૈહને** દરબારનો જુનો સેવક જાણી તેના પ્રત્યે સારી વર્તણુંક તથા મહેરબાનીથી વર્તવું, તેમજ તેના રજુ કરેલા હિસાબમાં યોગ્ય મદદ આપવી, અને એવો બંદોબસ્ત રાખવો કે, કોઇ શખ્સ તેને ઇજા કરે નહિ કે બીજા કોઇને હેરાન કરે નહિ. આ કામમાં તાકીદ સમજી, હુકમને માન્ય કરી તેનો પૂર્ણ રીતે અમલ કરવા ખાસ ધ્યાનમાં રાખવું. તારીખ ૨૧ માહે જીલ્કઅદ સને ૧૦૬૮ હિજરી.

# ત્રીશમો સુબો મિરઝા શાહનવાઝખાન સફવી.

## સને ૧૦૬૯ હિજરી.

સને ૧૦૬૯ હિજરીના મોહર્રમ માસની આઠમી તારીખે **મીરઝા શાહનવાઝખાન સફવીને** સુબાની પદવી આપવામાં આવી. આ મીરઝાને રાજ્યની ગેરબંદોબસ્તી તથા કેટલાંએક ગેરકામોના લીધે, જ્યારે બાદશાહી સ્વારી ઔરંગાબાદથી અકબરાબાદ તરફ પાછી ફરી તે વખતથી અત્યારસુધી સરકારી આજ્ઞાથી બુરહાનપુરના કિલ્લામાં કેદ રાખવામાં આવ્યો હતો. આ વખતે તેના ઉપર કૃપા કરી કેદથી મુકત કરી, તેને ખાસ પોશાક, જુનાં મનસબ ઉપરાંત એકહજારી મનસબનો વધારો અને એકહજાર સ્વારો એવડા તેવડા કરી આપ્યા; એટલે અસલ તથા વધારો મળી છ હજારીની નિમણુંક થાય, તેમાં પાંચ હજાર સ્વારો એવડા તેવડા થાયછે. તે પ્રમાણેનાં સરકારી ફરમાનથી સઘળું આપી ગુજરાતની સુબેગીરી તેને સોંપવામાં આવી. જેથી મજકુર ખાન સરકારી હુકમને માન્ય કરી પોતાને સોંપેલી જગ્યા તરફ રવાને થઈ એજ વર્ષના રબીઉલઅવ્વલ માસમાં અહમદાબાદમાં આવી દાખલ થયો. હજી તો આવીને પુરી વિશ્રાન્તિ પણ લીધી નહોતી, કે એટલામાં **ઠઠ્ઠાથી** અહમદાબાદ તરફ મુહમ્મદ દારાસિકોહના આવી પહોંચવાની ખબર મળી કે, તે કૂચ ઉપર કૂચ કરી, **ચુલ** કે જે કચ્છમાં આવેલું છે તેના કિનારે પહોંચી ચુકયો છે. વર્ષાદ કમ હોવાને લીધે આ વર્ષે તે માર્ગનાં તળાવો સૂકાઇ ગયેલાં હતાં, અને કોઇ કોઈ રસ્તે કુવા હતા ત્યાં લસ્કરને પૂરતું પાણી પણ મળે તેમ નહોતું. જેથી આ બે–ત્રણ મીજલોમાં તેના ઘણાખરા માણસોનો ઘાણ (નાશ) વળી ગયો; તે છતાં મરીમથીને પણ ચુલમાં દાખલ થયો. ચુલની હકીકત એવી છે કે, તે ભાગ એક ખારો પાટ છે. ચાલીશ મિજલ ખારા સમુદ્ર ઉપર આ સઘળા માર્ગમાં મીઠા પાણીનાં સાંસાં પડે છે તેમ દરેક ઠેકાણે પાણીને બદલે ઝાંઝવાં જોરમાં દેખાય છે, અને સમુદ્ર નજીક હોવાના લીધે તે ધરતીમાં કેટલેક ઠેકાણે એક જાતની એવી મટોડી છે કે, ભોંયતળીએ પતાળ પાણી સુધી પણ માત્ર કીચડ છે અને

મુહમ્મદ દારાસિકોહનું અહમદાબાદ આવવું, ત્યાંથી અજમેર જઇ બાદશાહથી લડવાનો મનસુબો કરવો અને પોતાના તરફથી સૈઈદ અહમદ બુખારીને સુબેગીરી આપવી.

તેમાં પેસી જઇ પાણી હેઠળ જતું રહે છે. તેને ગુજરાતીમાં **દલદલ** કહે છે. તે શિવાય એક રસ્તો છે, કે જ્યાં સ્વારો બરાબર રીતે જઇ શકતા પણ નથી. આ રણની લંબાઇ **તુણા** ગામની સીમા સુધી પૂરી થાયછે. તે ગામ કચ્છમાં આવેલું છે, અને ત્યાંથી એક માર્ગ ગુજરાત તરફ જાયછે, તથા બીજો માર્ગ જુનાગઢ તરફ જુદો પડે છે.

ટુંકમાં છેવટે મુહમ્મદ દારાસિકોહે ગુજરાતને, પોતાની સાથે યુદ્ધ કરી શકે એવા લશ્કર અને સરદારોથી ખાળી જોયું. તેમાં ત્યાંના કેટલાએક જમીનદારોના દર્શાવ્યા પ્રમાણે રણ તથા **ચુલ**ના માર્ગ તરફ પગલાં ભરી, જે રસ્તો મહા વિકટ અને પાંસરો નહિ હતો, છતાંપણ તે રસ્તે થઇ કચ્છ દેશમાં પહોંચી ગયો. તે વખતે ત્યાંનો રાજા અજાણપણે તેને લેવાને આવી ભેટયો. મુહમ્મદ દારાસિકોહ એ એક ઠગબુદ્ધિવાળો માણસ હતો. તેણે પોતાની ફરેબ દેનારી અક્કલવડે ઘણીજ માયા તથા પ્રેમથી કામ લીધું અને તે રાજાને ઘણાં સારાં ઇનામઇકરામો આપી તેની પુત્રીનાં લગ્ન પોતાના કુંવર **સિપિહરસિકોહ** સાથે કરવામાટે માગણી કરી, અને તે પ્રમાણેનો કરાર રાજાએ કબુલ પણ કર્યો. તેમજ તેની ભેટો અને મીઠાં વચનો ઉપર લોભાઇ જઇ રાજાએ તેને પોતાના દેશમાંથી રસ્તો આપ્યો. હવે મુહમ્મદ દારાસિકોહની પાસે માત્ર ત્રણહજાર માણસો રહેલા હતા, તે લઇ તેણે ગુજરાત તરફ આગળ વધવા માંડયું.

**મીરઝા શાહનવાઝખાન** કે જે ગુજરાતનો નવો સુબો બની આવેલો હતો તેણે શાહજાદા સામે ટકી શકવાની સત્તા પોતામાં જોઇ નહિ, તેમજ તેણે જુની વાત યાદ લાવી **બુરહાનપુરમાં** ઔરંગજેબની પાછી ફરતી સ્વારી વખતે તેની સાથેનો જે બનાવ બન્યો હતો તે ઉપર તેણે દીર્ઘ દષ્ટીથી વિચાર કરી જોયો; જેથી તેનો ખુશ ચહેરો શ્યામ (નાખુશ) થવા લાગ્યો અને શોકસાગરમાં ગરકાવ થયો. આ બનાવ તેના માટે ઘણોજ દુઃખદાયક અને વિચારવા લાયક હતો. આ વખતે તેની પાસે કંઇ લશ્કર કે સિપાહીનું નામસરખું પણ નહોતું, કે જેથી અમદાવાદ આવતા શાહજાદાને કોઇપણ રીતે અટકાવી શકે ! છેવટે સુબાના દીવાન રહેમતખાન તથા સઘળા મદદગારોને લઇ, અહમદાબાદથી બહાર નીકળી શાહજાદાને લેવા વાસ્તે સામો આવી **સરખેજ** મુકામે તેની સેવામાં હાજર થયો.

જ્યારે શાહજાદો દારાસિકોહ કંઇપણ અટકાયતસિવાય વગર હરકતે

સને ૧૦૬૯ હિજરીના માહે રબીઉસ્સાનીમાસની તારીખ ત્રેવીસમીના રોજ **શહેરમાં દાખલ થયો** ત્યારે, તેણે પ્રજાના ઉપર દુઃખદાયક જુલમ વર્તાવવા માંડયો અને શાહજાદા મુરાદબક્ષનો રહી ગએલો માલ, કારખાનાં તથા જણુસો ઉપર નજર નાખી આશરે દશ લાખ રૂપિયાસુધીનો માલ ઉચાપત કરી દીધો, અને નાણાંનો પોતાની મરજીપ્રમાણે ઉપયોગ કરી, જેમ આવે તેમ ઉડાવી લશ્કરી સિપાહીઓ ભેગા કરવામાં વિખેરવા લાગ્યો; તેમજ સુબાના કુમકી (મદદગારો) વિગેરે કસ્બાતીઓને રોકડ ઇનામ ઇકિરામોની લાલચથી લોભાવી, મનસબો તથા મોટી મોટી પદવીઓની લાલચમાં નાખી દીધા. ત્યારબાદ ૪ળદ્રુપ શહેર **સુરતબંદર** ઉપર પોતાની લોભ દ્રષ્ટી ફેરવી. આ વખતે **અમીના** નામનો માણુસ, કે જેણે મરહુમ બાદશાહના વખતમાં ગુજરાતનો અધિકાર ભોગવેલો, તે **અહમદાબાદમાં** હતો, તેને પોતાના તરફથી અધિકારી નિમ્યો; અને ત્યાંનો સરકારી અધિકારી **સાદિક મુહમ્મદખાન** કે જે મુત્સદ્દી હતો, તે વગરતજવીજે કંઇપણ વિચાર કર્યાસિવાય પોતાથીજ બરતરફ થઇ ઘેર બેઠો, અને દારાસિકોહના હાકેમ અમીનાએ ખાલસા થયેલા માલ ઉપર હાથ નાખ્યો. ટુંકમાં એટલુંજ કે, દારાસિકોહે અહમદાબાદમાં એક માસ ને સાત દિવસ ગુજાર્યા બાદ સારૂં લશ્કર એકઠું કરી, બાવીશહજાર સ્વારો તથા તોપખાનું બનાવી, પૂરતી તૈયારી કરી જમાદીઉલઆખર માસની પહેલી તારીખે અહમદાબાદથી રવાને થઈ, મીરઝા શાહનવાઝખાન સફ્વીને પોતાના તાબેદારો તથા સગાસંબંધી સહિત તેમજ મુરાદબક્ષની ઘણીઆણી અને સુબાના સારા અધિકારીઓ જેવાકે–રહેમતખાન (સુબાનો દીવાન), મુહમ્મદબેગખાન, કે જેને 'કઝલબાશન'નો ખિતાબ આપ્યો હતો તેને, અને બીજા કેટલાકને પોતાની સાથે લઇ, સૈયદ જલાલબુખારીના ભાઇ સૈયદ એહમદને ગુજરાતનો સુબો બનાવી, પોતાના નોકરો પૈકી કોઇપણ માણુસને અત્રે નહિ મુકતાં શ્રીમંત બાદશાહ ઔરંગજેબની સાથે રણસંગ્રામ કરવાના મનસુબાથી અજમેર તરફ વિદાય થયો.

# એકત્રીશમો સુબો મહારાજા જસવતસિંહ.

## સને ૧૦૬૯ થી ૧૦૭૨ હિજરી.

રહેમતખાનની દીવાની, દારાસિકોહને અહમદાબાદમાં દાખલ નહિ થવા દેવા માટે સરદારખાનની અટકાયત, સૈઈદ એહમદબુખારીનું કેદ પકડાવું, શ્રીમંત બાદશાહનું બીજી વખત તખ્તનશિન થવું અને ત્યાર બાદ મકરમતખાનની દીવાની.

કેટલાંએક એવાં કારણો, કે જેનું વર્ણન આલમગીરનામામાં પૂર્ણ રીતે આપેલું છે, જેથી આ જગ્યાએ વર્ણન કરવું દુરસ્ત નથી. તેવાં કારણોના લીધે **મહારાજા જસવતસિંહ** ઝંખવાણો પડેલો હતો; પણ મીરઝારાજાની કૃપાદષ્ટીના લીધે, પ્રથમ કરેલાં શરમભરેલાં કૃત્યોની માફી આપવામાં આવી. તે ફરમાનની સાથે બાદશાહી ખાસ પોશાક અને પ્રથમનું મનસબ કે જે સાત હજારી ઉપરાંત સાત હજાર સ્વારોનું હતું, તે પૈકી પાંચ હજાર સ્વારો બેવડા-તેવડા કરી આપ્યા. અને તેના ઉપર બાદશાહની મહેરબાની એટલી બધી તો વધી ગઈ કે, જો તે ક્ષણવાર પણ સેવામાંથી દૂર થતો તો તેને મોહટો ગુનોહ કર્યા બરાબર ગણતો. ત્યારબાદ સને ૧૦૬૯ હિજરીના રજબમાસની પહેલી તારીખે તેને ગુજરાતની સુબેગીરી સોંપવામાં આવી. તે વખતે સરકારી આજ્ઞા થઈ કે, સોંપેલી સુબેગીરીની જગ્યાએ જઈ ત્યાંનો કારોબાર સંભાળી લેવો અને તેના ( જસવતસિંહના ) કુંવર **પૃથ્વીસિંહ**ને હજુરમાં મોકલી દેવો.

હવે જ્યારે **અજમેર**ના યુદ્ધમાં હાર પામી મુહમ્મદ **દારાસિકોહ ઘણીજ** ઉતાવળે છ દીવસની અંદર ગુજરાતની સરહદમાં આવી પહોંચ્યો ત્યારે, ત્યાંના અમીરો તથા કુમકીઓએ દારાસિકોહની હાર થયાની ખબર સાંભળી, તેના ઉપર જે આશાઓ બાંધી હતી તે નિષ્ફળ જવાથી નિરાશ થઈ તેની સાથેનો સઘળો સંબંધ તોડી નાખી ઠરાવ કર્યો કે, જો મુહમ્મદ દારાસિકોહ શહેરમાં પેસવાનો ઇરાદો કરે તો તેને પેસવા દેવો નહિ; તે ઉપરથી આ કુમકીઓ પૈકી જુના કુમકી **સરદારખાને** કેટલાક માણસોને સાથે લઈ, રાજ્ય કચેરીમાં આવી, દારાસિકોહે ગુજરાતના હાકેમ તરીકે નીમેલા સૈઈદ એહમદ બુખારીને પકડી કેદ કર્યો, અને શહેરનો પાકો બંદોબસ્ત તથા કિલ્લાને મજબૂત કરી દારાસિકોહને અટકાવવા માટે તત્પર થઈ બેઠો. મુહમ્મદ દારાસિકોહને આ ગોઠવણની ખબર થવાથી શહેરને કબજે

લેવાની લાલચને પડતી મુકી ત્યાંથી વીસ કોસ ઉપર આવેલા **કડી કસ્બા** તરફ ગયો, અને ત્યાંથી ચુંવાલના કોળી **કહાનજી**ને સંદેશો મોકલી મદદની માગણી કરી; જેથી કહાનજી પોતાના સાથીઓને લઇ, તેનો સંગાથ કરી **કચ્છ દેશ** સુધી મુકીને પાછો ફર્યો. તે વખતે રસ્તામાં સુરત શહેરનો હાકેમ **ગુલમહમ્મદ** પચાસ સ્વારો તથા બસો બંદુકચી-પેદલની સાથે આવી મળી તેની સાથે રવાને થયો.

હવે જ્યારે મુહમ્મદ દારાસિકોહ કચ્છ દેશમાં પહોંચ્યો ત્યારે ગુજરાત જેવા દૂર દેશની મુસાફરીએથી આવેલો જોઇ, ત્યાંનો રાજા તેને લેવા માટે સામો આવી, સઘળા પ્રકારની પરોણાગત કરી સાથે રહ્યો; અને પોતાની કન્યા તેના કુંવરની સાથે આપવા વિષેની જે કબુલત કરી હતી તે વિસારી મુકી તદ્દન અજાણ્યો બની ગયો, તેમ ખાતરબરદાસ્ત કરવાનું પણ ગણકાર્યું નહિ; જેથી તે (દારા) ત્યાં બે દીવસ કરતાં વધારે નહિ થોભતાં **ભખર** તરફ રવાને થયો. સરદારખાને આ બધી હકીકત અને પોતાથી થએલી ઘટતી યોજનાઓની ખબર બાદશાહની હજુરમાં લખી જણાવી. જે ઉપરથી બાદશાહી ફરમાન ઘણા માન તથા પ્રસંશાપાત્ર સરદારખાન તરફ મોકલવામાં આવ્યું. જેની નકલ નીચે પ્રમાણે છેઃ-

## સરદારખાનના પત્રના જવાબમાં બાદશાહી ફરમાન.

રાજ્યવંશીરૂપી, શુરવીર અને પરોપકારી સરદારખાને આ બાદશાહી ફરમાનથી માન પામી જાણવું કે, તમોએ મોકલાવેલી અરજી હજુરની દૃષ્ટીએ આવી. તેમાં લખેલી હકીકતપ્રમાણે દારાસિકોહ અજમેરમાં હાર પામી દાળીદ્રાવસ્થામાં ઉજ્જડ-વેરાન જંગલમાં ભટકતો થયો; અને તમે લસ્કર તૈયાર કરી, અહમદાબાદના કિલ્લાને મજબૂત કર્યો, તેમજ વખત આવે લડાઇ કરવા તત્પર થઇ જવાની ગોઠવણ કરી, અને તે મુજબ **વીરમગામ** તરફ એજ કારણસર ગએલા; તે પ્રમાણેની દરેક રીતે હુશિયારી અને ચાલાકી કામે લગાડી મજકુર કિલ્લાની મજબૂતી તથા ચોકસાઇ રાખવા સંબંધી હકીકતની શ્રીમંત બાદશાહને જાણ થતાં, તેજ પ્રમાણેનો બંદોબસ્ત ચાલુ રાખવા ઇચ્છા જણાવી છે, તે એવી રીતે કે, સર્વથી શ્રેષ્ઠ માનને પાત્ર રાજા જસવતસિંહને હુકમ ફરમાવવામાં આવ્યો છે કે, પોતાની સન્યાસહિત અહમદાબાદ પહોંચી ત્યાંનો બંદોબસ્ત કરવો, અને એવું ધારવામાં આવે છે કે તે અત્યારસુધીમાં ત્યાં પહોંચી પણ ગયેલ હશે. માટે તમારે તે શ્રેષ્ઠ

અધિકારીની સાથે રહી, **સરકારી** નોકરી સંતોષકારક રીતે વફાદારીથી **કરવી**, કેમકે તેવી રીતે નોકરી કરવાથી અને રાજ્યનું ભલું ઇચ્છિવાથી માન, આબરૂ તથા મહેરબાનીમાં વધારો થાયછે. તે સિવાય **અમીના** તથા તેના નાના દીકરાને કેદ પકડવાનું કામ હજુરશ્રીને ઘણુંજ પસંદ પડયું છે. કેમકે તે **સૈયદપુર** સુધી દારાસિકોહની સાથે ગયો હતો અને ત્યાંથી પાછો ફરી સુરતબંદર તરફ જવાનો તેનો મનસુબો હતો; તેમજ તેનો મોટો દીકરો **અસકરી** કે જે સુરતબંદરમાં છે તેનો પણ પત્તો મેળવી કેદ કરવો અને તેની સઘળી કેફીઅત મજકુર રાજાને જાહેર કરવી; અમીનાને હાથ–પગમાં બેડીઓ પહેરાવી, મુસ્કેટાઇટ બાંધી, અહમદાબાદના સુબાના તેહનાતી મનસબદારો સહિત અત્રે દરબારમાં મોકલી દેવા; તથા એ પણ વિદિત થયું છે કે, **સૈઇદ હસન**ને બોલાવ્યા છતાં પણ તે સરકારી નોકરીની કસૂર કરી તમારી સાથે રહેલો નહિ, જેથી આ કસૂરને લીધે તેની જાગીર અને મનસબ જપ્ત કરી, વડોદરાપરગણું તેના પાસેથી ખુંચાવી લઇ, સરકારી કૃપાને પાત્ર **ફતાહખાન**ને સોંપવામાં આવ્યું છે, માટે તે વહેલાસર પહોંચી જશે એવી વકી છે. **શેર બાબી** તથા **આબિદ બાબીની** જાગીર અહમદાબાદમાંથી સરકારી નોકરીમાં આવવાની હકિકત વિષે સરકારને જાણ થઇ. ત્યાંના બક્ષી **સેફુલ્લા** વિષે સરકારમાં જે અરજ થઈ હતી તેથી તેને બદલવાથી બક્ષીગીરીની જગ્યા **સૈઇદ રઝવીખાન**ને આપવામાં આવી છે; માટે મજકુર ખાનના ત્યાં પહોંચ્યા પછી તેને હજુરમાં મોકલી દેવો. આ કામની ઘણી તાકીદ સમજી તુરત અમલ કરવો. તારીખ પાંચમી માહે શાબાન સને ૧૦૬૯ હિજરી.

**મહારાજા જસવતસિંહ** કે જે, સુબેદારી ઉપર નિમાયો હતો તે, મજકુર સનના રબીઉલઅવ્વલમાસની સત્તરમી તારીખે અહમદાબાદ આવી પહોંચી સુબેગીરીનું કામ ચલાવવા લાગ્યો; તેમજ સુબાનો દિવાન **રહેમતખાન** તથા **મુહમદબેગ તુર્કમાન** કે જેઓ સુબાના કુમકીઓ પૈકીના હતા, કે જેમને દારાસિકોહ જબરદસ્તીથી પોતાની સાથે લઇ ગયો હતો અને જેઓને તેની હાર પછી બાદશાહી બક્ષિશો પણ મળી હતી, તેઓ હજુરની કૃપા મેળવી પોશાક તથા વિદાયગીરીનું માન પામી જુના રીવાજ પ્રમાણે પાછા ફર્યા. હવે **સોરઠના** ફોજદાર **કુતબુદ્દીનખાન બેશગીએ** અંત ઉપર વિચાર કરીને દારાસિકોહની સાથે જવાનું માંડી વાળ્યું હતું,

તેથી સુબાની દીવાનીના મુત્સદ્દી **રાજા રઘુનાથદાસ**ની મોહોરથી સરકારી હુકમો નિકળતા હતા. આ વખતે મજકુર રાજાની મોહોરથી સુબાના દીવાન **રહેમતખાન** તરફ **ભાંગ** વાવવા તથા વહેંચવાની મનાઇનો હુકમ પહોંચેલો. તે નીચે મુજબ છેઃ—

**હુકમ**—પ્રધાનપદ તથા ઉત્તમ માનને પાત્ર રહેમતખાનને માલુમ થાય કે શ્રીમંત બાદશાહનો હુકમ થયો છે કે, સઘળા રાજ્યમાં કોઇપણ સ્થળે નિશા(કેફ)વાળી વસ્તુ જેવી કે, **ભાંગ** વાવવી નહિ, પરંતુ તેને બદલે બીજી કોઇ વસ્તુનું વાવેતર કરવું. જેથી ફરજ પાડી લખવામાં આવે છે કે, આ ફરમાન પહોંચેથી ખાલસા પરગણાના અધિકારીઓ, જાગીરદારો તથા તમારા તાબાના અમલદારો વિગેરેને હુકમ કરવો કે, દરેકે પોતપોતાના તાબાના શહેર કે પરગણામાં તાકીદ કરવી કે કોઇપણ માણસ ભાંગ વાવે નહિ, પરંતુ તે બદલ બીજી વસ્તુ વાવે. તેમ છતાં જો કોઇ હુકમનો અનાદર (અપમાન) કરી વાવે તો તેને સખ્ત શિક્ષા કરવી, કે જેથી બીજો કોઇ એ કામ કરવા માટે હિમ્મત ધરે નહિ. માટે ખાસ અવશ્ય તો એ છે કે આ બાબતમાં ઘણીજ તાકીદ સમજી ફરમાનપ્રમાણે અમલ કરવો અને કોઇ એથી ઉલટું કરે નહિ તે માટે પૂરતી તપાસ રાખવી. જો કોઈ પણ અમલદાર કે જાગીરદાર તે વિષે અંજાણપણું દર્શાવશે તો તેને પણ ગુનેહગાર ગણવામાં આવશે. આ વિષે વધારે લખવાની જરૂર નથી, માટે ટુંકામાં સમજી લેવું. તા. ૧ લી માહે રમઝાન સને ૧૦૬૯ હિજરી.

## દાણાના મહેસુલવિષે બાદશાહી ફરમાન અને બીજી વખતની તખ્તનશિનીનો રાજ્યાભિષેક.

માહે રમઝાનમાસની મુબારક તારીખ ૨૪ મી રવીવારે **શાહજહાંબાદ** એટલે દિલ્લીની રાજધાનીમાં કિલ્લાની અંદર સિક્કા તથા ખુતબાનો ઠરાવ કરવા માટે બીજા વખતના રાજ્યાભિષેકની ક્રિયા કરવામાં આવી. તે રાજ્યાભિષેકની તારીખ, માસ તથા વર્ષ જુના રાજવહીવટપ્રમાણે ચંદ્રગતિના ગણિતથી ઠરાવવામાં આવ્યા. તે વખતે ફરમાનો મોકલવામાં આવ્યાં કે **જુલુસી** સાલ (વર્ષ) રમઝાનમાસની પહેલી તારીખથી ચાલુ કરવી; તે પછી રાજ્યના મોટા કાજીને આજ્ઞા કરવામાં આવી કે, એક છટાદાર ખુતબો કે જેમાં રાજ્યનું ઉપનામ હોય તે તૈયાર કરી વાંચી સંભળાવો. તે આજ્ઞા થતાં કાજીએ અરજ કરી કે પિતાની હયાતીમાં પુત્રના નામનું ભાષણ (ખુતબો)

વાંચવું તે **શરેહ-મુહમ્મદી** પ્રમાણે દુરસ્ત નથી. આ બનાવથી બાદશાહના મનને માઠું લાગ્યું અને ચિંતાતુર થયો. ત્યારબાદ **પાટણના** રહીશ **કાજી શેખ અબ્દુલવહાબ-ગુજરાતી** કે જે એક લશ્કરનો કાજી હતો તેણે તે વાતથી વાકેફ થઈ અરજ કરી કે, જો આજ્ઞા હોય તો, શ્રીમંત બાદશાહના નામનું ભાષણ વાંચવા વિષે મોટા કાજીથી તકરાર (વાદવિવાદ-સંભાષણ) કરી, હરાવીને સિદ્ધ કરી આપવા હું તૈયાર છું. તે ઉપરથી હુકમ મળ્યો કે એ કાર્ય સરકારને પસંદ પડતું છે. હુકમ મળતાંજ તે કાજી (શેખ)એ શરેહના નિયમો મુજબ વાદવિવાદ કરી, બુદ્ધિપૂર્વક અનેક દૃષ્ટાંતો આપી સાબિત કરી આપ્યું કે, શ્રીમંત હજુર બાદશાહ શાહજહાંની સ્થિતિ (તબીયત) બેભાન અવસ્થામાં છે, તેમજ શકિત પણ બિલકુલ નાશ પામી છે, તેથી રાજ્યનીતી ચલાવવાનું કામ પણ થઇ શકે તેમ નથી, કેમકે પ્રજાની સુખશાંન્તિનો આધાર ખાસ રાજા-બાહશાહની રાજ્યનીતી ઉપર હોય છે; માટે આવા વખતે તેનો પુત્ર કે જે, રાજ્ય કરવા યોગ્ય હોય તેના નામથી ભાષણ (ખુતબો) વાંચવું તે શરેહની આજ્ઞાપ્રમાણે અનુસરતું અને વ્યાજબી છે. એ બીના ઉપર ભરૂસાલાયક શરેહના આધારો કાઢી, મોટા કાજી તથા બીજા વિદ્વાનો જેઓ હાજર હતા તેઓને બોલતા બંધ કરી દઇ જીત મેળવી. તે વખતે શ્રીમંત બાદશાહ **ઔરંગજેબે** તેને પોતાના નામનો ખૂતબો પઢવાનો હુકમ આપ્યો, અને મોટા કાજીનો હોદ્દો પણ તેનેજ બક્ષિશ કરવામાં આવ્યો; તેમજ રૂપિયા તથા મોહોરો ઉપર "**શાહ ઔરંગઝેબ આલમગીર**" ના નામનો સિક્કો પાડવામાં આવ્યો. ત્યારબાદ સૈઇદ જલાલ સદરૂસ્સુદુરનો દીકરો **સૈઇદ જાફર** કે જે શાહેઆલમસાહેબની ગાદી ઉપર હતો તેને હજુર બાદશાહ તરફથી ખાસ પોશાક મોકલવામાં આવ્યો. આ વર્ષે સુબાના દીવાનની જગ્યા **મકરમતખાનને** આપવામાં આવી; પરંતુ તે બરતરફ થયો અને મરણ પામ્યો, એ સિવાય વધારે હકિકત કાંઈ જણાઇ નથી.

એજ વર્ષના જીલહજ મહિનામાં "**આલમગીરી હુકમ**" આખા હિન્દુસ્તાનની દરેકે દરેક જગોએ પહોંચ્યો કે, સઘળી જાતની રાહદારીઓ, અનાજ ઉપર લેવાતાં મહેસુલ અને હાંસલ તથા ખાવાપીવાની સઘળી જણસો ઉપર લેવાતા તમામ જાતના કરો (વેરા) કે જે પ્રથમ લેવામાં આવતા હતા તે વસુલ કરવાનો ખાલસા રાજ્યમાં ખાસ ધારો હતો; તે

મુજબ નાણું (કર) વસુલ થઇ; જમાબંધીમાં ગણાઇ ખજાનામાં જમે થતાં હતાં. તે નાણું, તેહવીલનાં ગામો, અમીરો તથા મનસબદારોના વાંટાઓ, ગરાશીઆઓની સરહદ અને જાગીરદારોના પગારમાં ગણાતાં હતાં; તેમ ખજાનાઓ પણ તેથીજ ભરપુર રહી શકતા હતા. જેમકે ખાલસા રાજ્યોમાં તેથી પચીશ લાખ રૂપિયા જમે થતા હતા તે સરકારે માફ કરી દીધા; તેમજ સઘળા રાજ્યમાંથી રાહદારી હાંસલ પણ કાઢી નાખવામાં આવ્યું. પ્રથમ રાહદારી હાંસલને લીધે તેનો હિસાબ રાખનારા તથા લેનારાઓ પૈકી કોઇપણ માણુસ બહાર આવજાવ કરી શકતો નહિ. આ વિષે ઉત્તમ દૃષ્ટાંતો તેમજ સમજુતીપૂર્વક પત્રિકાઓ ઘણીજ તાકીદથી દરેક સુબાના મુત્સદ્દીઓ, ફોજદારો, અને આસપાસના મહેસુલ ઉઘરાવનાર અમલદારો તથા કારકુનો ઉપર મોકલી આપવામાં આવી; તે એવા હેતુથી કે, હવે પછી સરકારે માફ કરેલાં મહેસુલની વસુલાત કરવાના સબબસર કોઇએ પણ હાથ લાંબો કરવો નહિ. આ હુકમ દરેક સુબાઓ વિગેરેને પહોંચાડવા માટે હજુરી ગુરજવાળા યસાવલો અને એકાંડીઆઓને નીમવામાં આવ્યા.

## સઘળા રાજ્યમાં ઇસ્લામી ધર્માધિકારીઓની નિમણુંક.

શ્રીમંત બાદશાહના દરેક વખતના પ્રયત્નો ધાર્મિક ઉત્તેજન, ખુદાઇ ફરમાન તથા પેગમ્બરસાહેબના દીનને ફેલાવવા તરફ દોરાએલા રહે છે. આ વેળા શ્રીમંત બાદશાહના મનનું વલણ એ તરફ દોરાએલું છે કે, જે ઇસ્લામી (મુસલમાન) ધર્મ–વિદ્યાથી ભરપુર હોય, શરેહનું પણ પૂરતું જ્ઞાન ધરાવતો હોય અને સદાચારવાળો હોય તેને મોટા ધર્માધિકારીની જગ્યા ઉપર નીમવો, કે જે, પ્રજાને ખોટાં કૃત્યોથી દૂર રાખે; એટલુંજ નહિ, પરંતુ ખાસ કરીને મદ્યપાન, ભાંગ, ગાંજો વિગેરે નિશાવાળી ચીજો અને બદઆચ્ચ (કુચાલવાળી) સ્ત્રીઓની સોબતથી પણ દૂર રાખે. જેથી આ અધિકારની સત્તા હજુરમાં **તુરાન** દેશના ઘણા બાહોશ અને વિદ્વાન **મુલ્લાં અવેઝવતુહ**ને આપવામાં આવી, અને તેને મદદ કરવા માટે તેની સેવામાં સઘળા મનસબદારો તથા એકાંડીઆઓને નિમવામાં આવ્યા. જો કદી કોઇપિણ માણુસ અજ્ઞાનતા, નાદાની કે બેસમજવાળી નફટાઈ ભરેલી વર્તણુંકથી મનાઇ કરેલા હુકમથી વિરૂદ્ધ રીતે વર્તે અને તેથી ટંટો–બખેડો ઉભો થવા પામે તો તેવી ટોળીના માણુસને પૂરતી શિક્ષા કરવી. તે પ્રમાણેના હુકમો સુબાઓ, અધિકારીઓ અને આજુબાજુના દેશના સત્તાધિકારીઓ

તરફ મોકલાવી લખવામાં આવ્યું કે, આ હુકમનો અમલ પૂરતી તાકીદ સમજીને તે પર ખાસ ધ્યાન દઇને કરવો; આથી શરેહના હુકમો જે જીર્ણ (નાશ) થઇ ગયેલા હતા તે સઘળા ઘણાજ થોડા વખતમાં પાછા પ્રકાશમાં આવી અમલમાં મુકાયા. તે વિષેનું જે બાદશાહી ફરમાન થયું તે નીચે મુજબ છે:—

## બાદશાહી ફરમાનની નકલ.

અહમદાબાદના સુબાના તાબેદાર અધિકારીઓ, મોટા અમીરો, સત્તાધારીઓ, ફોજદારો, જાગીરદારો, થાણદારો, દીવાન, દીવાનના કારકુનો અને પ્રજાવર્ગના આગેવાનો વિગેરે જેઓ સરકારી સંબંધ ધરાવનારા છે તેઓ અને સરકારી ખાલસા રાજ્યોના અમલદારો તેમજ શહેરો તથા કસ્બામાં વસતા લોકોએ પણ આ સરકારી હુકમથી વાકેફ થઇ જાણવું કે, અમારી સંપૂર્ણ ઇચ્છા, હિમ્મત, પ્રયત્નો અને શુદ્ધ નિષ્ઠા એજ કાર્યમાં રોકાએલી છે કે, આ અવિચળ રાજ્ય તેમજ બાદશાહતના ચાલુ સમયમાં શરેહની આજ્ઞાઓ અને ઇસ્લામી કાયદાઓ પ્રજાવર્ગમાં પ્રસાર (ફેલાવો) પામે, કે જેથી કરી ચાલુ–કાળમાં તેમજ ભવિષ્ય-કાળમાં પણ તેઓને લાભકારક થઇ પડે. એટલામાટે ખાસ હુકમ કરવામાં આવે છે કે, સરકારી–અમલદારી કે ખાલસા રાજ્યમાં કોઇપણ માણસે નિસો કરવો નહિ, તેમ નુકશાનકર્તા વસ્તુનો અહાર પણ કરવો નહિ; અને કોઇપણ જાતનો દારૂ અથવા તો ભાંગ, કે જે બુદ્ધિનો નાશ કરે છે તેનો ઉપયોગ કરવો નહિ. પોતાનો અમુલ્ય વખત નીચ માણસોનાં કૃત્યોમાં નકામો ગુમાવી ગેરઉપયોગ કરવો નહિ. જો કોઇનો ગુલામ કે લોંડી નાશી ગઇ હોય અથવા તેને ફોસલાવી કોઇ લઇ ગયો હોય અને તે ગુલામ કે લોંડી જો સરકારી અમલદારોના પકડવામાં આવે, તો તેને કાયદાસર તેના માલીકના હવાલામાં સોંપી દેવી. આ કામ કર્યા બદલ કંઇપણ રકમ કે વસ્તુ હકસાઈ દાખલ લેવી નહિ. તેવીજ રીતે કોઈ માણસનું લેહેણું તેના દેણદારપાસેથી અપાવ્યા બદલ તે લેહેણદારપાસેથી કંઇપણ લેવાની લાલચ રાખવી નહિ. આ હુકમને દરેકે દરેક શહેર, કસ્બા, નગર અને પરગણાઓમાં ખુલ્લી રીતે પ્રગટ કરવો; તેથી વિરૂદ્ધ રીતે જો કોઇપણ માણસ વર્તે કે ચાલે, તો તેને ગુન્હેગાર ગણી, તેના કરેલા ગુન્હા બદલ પૂરતી શિક્ષા કરવી, કે જેથી બીજો કોઈ માણસ તેમ કરવા હિમ્મત ભીડે નહિ. આ બાબતમાં જે કોઇ ચર્ચા

કે નિંદા કરશે તો તે પણ શરેહ વિરૂદ્ધ ચાલવાનો ગુન્હેગાર થઇ ભારે શિક્ષાને પાત્ર થશે.

હવે કેટલાએક બનાવો, કે જે અમારા ઇતિહાસમાં લખાઈ ગયા છે તે બનાવોના લીધે કેટલાક બખેડાઓ ઉભા થવા પામ્યા, તેમ કેટલાંક તોફાનો પણ ઉભાં થવા પામ્યાં, કે જેથી કરી તમામ પ્રજાની સુખશાન્તિમાં ભંગ પડી નાખુશી અને કુસંપનાં બીજ રોપાઇ ચુકયાં; તેમજ કેટલાક તોફાનીઓનાં તોફાન અને બખેડીઆઓની કનડગતનાં કારણથી ખેતીવાડીનો પણ જેવો જોઇએ તેવો પૂરતો બંદોબસ્ત નહિ થવાથી કરેલાં વાવેતરનો નાશ થઇ ગયો. આવા સબબથી અનાજ વિગેરે દાણાદુણીના ભાવ ઘણા વધી ગયા હતા. તેમાં વિશેષ કરી ગુજરાતની ઘણીજ માઠી હાલત હતી. તે જોઇ શ્રીમંત બાદશાહે પ્રજાનાં દુઃખ નિવારી (કાપી) સુખ આપવા માટે અને સુખશાંન્તિ ફેલાવવા અર્થે એવી સગવડ કરી આપી કે, તમામ રાજ તથા ખાલસા મુલકમાં અનાજ વિગેરે ખાવા પીવામાં વપરાતી બીજી જણસો, કે જેમના ઉપર જે હાંસલ લેવાય છે તે, તેમજ બીજાં ઘણાંખરાં કારણોના લીધે સાયરની ઉપજનું જે બંધારણ બંધાયું છે તે માફ કરવામાં આવ્યું છે. જેથી આ વિષેના હુકમો ઘણીજ તાકીદે અમલ થવા સારાં વિદ્વતાભર્યાં દૃષ્ટાંતો આપી, સુબાઓ, ફોજદારો, જકાતખાતાંના કામદારો અને મુત્સદ્દીઓ ઉપર મોકલવામાં આવ્યા, અને તે સાથે તાકીદ થઇ કે હવે પછી સરકારે માફ કરેલા મહેસુલની વસુલાત કરવી નહિ. આ હુકમો દરેક દેશના સુબાઓ વિગેરેને પહોંચાડવા માટે ગુરજબરદાર તથા એકાંડીઆઓને નિમવામાં આવ્યા. તે વિષે પ્રથમ લખાઇ ગયેલ છે. ત્યાર પછી થોડોક કાળ વિત્યાબાદ અનાજના ભાવોમાં જોવાજેવો ફેરફાર થઇ ગયો.

સને ૧૦૭૦ હિજરીમાં **રઝવીખાન બુખારી** નોકરીનો ત્યાગ કરી એકાંતવાસમાં રહેવાનો મનસુબો કરતો હતો, તેથી તેને બાર હજાર રૂપીઆનું વર્ષાસન કરી આપવામાં આવ્યું. એજ વર્ષે **મહારાજા જસવતસિંહની** "મહારાજા" ની પદવી, કે જે તેની પ્રથમની કસુરોના લીધે પાછી ખેંચી લેવામાં આવી હતી તે ફરીથી તેને પાછી આપવામાં આવી અને તેના ઉપર બાદશાહની ઘણીજ મહેરબાની થઈ. (તે વિષે આગળ લખાઇ ગએલ છે.) ત્યારપછી સૈઇદ જલાલ બુખારીનો દીકરો **સૈઇદ જાફર** અને તેનો દીકરો **સૈઇદ મુહમદ** તેમજ મરહુમ સૈઇદ જલાલનો ભાઈ

**સૈઇદ હુસન** કે જેઓ રાજ્યાભિષેકની મુબારકબાદી આપવા માટે દરબારમાં આવ્યા હતા તે સઘળાઓને સારા પોશાકો આપવામાં આવ્યા અને તેઓ કેટલાક માસ સુધી સરકારી સેવામાં હાજર રહ્યા. સૈયદ જાફર ગાદીવાળાને એક હાથી, પોશાક તથા દશ હજાર રૂપીઆ રોકડા આપવામાં આવ્યા, સૈઇદ જલાલના ભાઇ સૈઇદિ હસનને પોશાક, એક હથણી તથા એક હજાર રૂપિયા રોકડા ઇનામ મળ્યા, અને કુતબે આલમસાહેબની ગાદીવાળા **સૈઇદ મુહમદ સાલેહ બુખારી**ને પોશાક, હથણી અને બસો સોનામોહોરો આપવામાં આવી. છેવટે બાદશાહી મહેરબાની સંપાદન કરી તેઓ પોતાના દેશ અહમદાબાદ તરફ રવાના થયા. ત્યારપછી સને ૧૦૭૧ હિજરીમાં શ્રીમંત બાદશાહના શ્રવણે એવું આવ્યું કે, **બસરાના** હાકેમ **હુસન પાશાએ** શુદ્ધ અને પવિત્ર નિષ્ઠાથી બાદશાહના રાજ્યાભિષેક થવાના શુભ અવસરની ખુશાલીની યાદગીરીમાં **કાસમ આકા**ની સાથે કેટલાક ઘોડાની ભેટ પેશકશી દાખલ મોકલી છે તેથી તેના સુરતબંદર પહોંચ્યાની ખબર જાણવામાં આવતાં ત્યાંના મુત્સદ્દી **મુસ્તફાખાન** ઉપર સરકારી હુકમ આવ્યો કે, કાસમ આકાને ચાર હજાર રૂપિયા ખર્ચપેટે આપી દરબારમાં મોકલી દેવો. ત્યારબાદ એજ વર્ષના શવ્વાલમાસમાં સરકાર તરફથી સોરઠના ફોજદાર **કતબુદ્દીનખાન બેશગીને** કિંમતી પોશાક તથા સોનેરી સાજવાળો ઘોડો, અને કચ્છના જમીનદાર **તમાજી**ને પોશાક આપવામાં આવ્યો; તેમજ સુબાનો કુમકી **સરદારખાન** હજુર હુકમાનુસાર દરબારમાં આવી સેવામાં હાજર થયો; તેથી એક હાથી તથા કેટલાક ઘોડા ઉપરાંત આ દેશની રૂઢી પ્રમાણે પુરી ટીપની કેટલીક ભેટો પેશકશી દાખલ રજુ કરી. જે ઉપરથી તેને ભરૂચની ફોજદારી ઉપર નિમવામાં આવ્યો.

સને ૧૦૭૨ હિજરીમાં અહમદાબાદની સુબેગીરીપર બિરાજતા મહારાજા જસવતસિંહ ઉપર સરકારી ફરમાન આવ્યું કે, પોતાની સઘળી સન્યા લઈ **અમીરૂલ ઉમરા** કે જે, દક્ષિણમાં **શિવાજી મરેઠાની** સામા યુદ્ધ કરે છે તેની મદદે જવું. તે પછી જુનાગઢના ફોજદાર કુતબુદ્દીનખાન ઉપર હુકમ કરવામાં આવ્યો કે, સરકારી આજ્ઞાથી જ્યાંસુધી બીજો સુબો ન આવે ત્યાંસુધી તમારે સુબેગીરીનો અધિકાર ચલાવવો. જેથી તે સરકારી ફરમાનને માન આપી મજકુર સનના મોહરમમાસની ૧૭ મી તારીખે અહમદાબાદ આવી સુબાતરીકેનો કારોબાર ચલાવવા લાગ્યો. આ વર્ષમાં સુરતબંદરના મુત્સદ્દી મુસ્તફાખાનની પેશકશીના અગ્યાર અરબી ઘોડા અને પાંચ ગુરજીદાસીઓ સરકારમાં દાખલ થઇ.

# બત્રીશમો સુબો મહાબતખાન.

## સને ૧૦૭૨ થી ૧૦૭૮ હિજરી.

મોહર્રમમાસની સોળમી તારીખે મહારાજા જસવતસિંહના બદલાયાથી હજુરમાં ગુજરાતની સુબેગીરી ઉપર મહાબતખાનની નિમણુંક થઈ. તેને ખાસ પોશાક, સોનેરી સાજ સહિત અરબી ઘોડો, તથા ચાંદીના સામાન અને કસબી ઝૂલવાળો એક હાથી ઇનામ આપી તેના માનમાં વધારો કર્યો; તેમજ તેની તેહનાત પૈકીના બેહજાર ઘોડાઓ બેવડા-તેવડા કરી આપી ગુજરાત તરફ રવાને કરી દીધો. જેથી તેણે ત્યાંથી નીકળી સને ૧૦૭૩ હિજરીના રબીઉલઅવ્વલ માસની સત્તરમી તારીખ ને રવીવારના દીવસે અહમદાબાદ આવી પહોંચી સુબાનો ચાર્જ સંભાળી લીધો. આ વખતે સરદારખાન કે જે, **ભરૂચ**ની ફોજદારી ઉપર નિમાયો હતો તે ત્યાંથી બદલાઇ ઇડરની ફોજદારી ઉપર આવ્યો. કેમકે ત્યાંના ફોજદાર શેરસિંહની સત્તા પૂરતી રીતે ચાલતી નહોતી; તેમ સરદારખાન પણ ઘણા લાંબા કાળથી અહમદાબાદના સુબાનો તેહનાતી હતો, જેથી તેની નિમણુંક થઇ તે ઘણી યોગ્ય થઇ. તેને હુકમ કરવામાં આવ્યો કે, ઇડર પરગણાના તોફાની લોકોમાંથી જે કોઇ અંતના પરિણામનો જરાપણ વિચાર નહિ કરતાં બખેડા તથા તોફાનો કરી ખરાબ વર્તણુંકથી વર્તે તો તેને સખ્ત શિક્ષા કરવી, અને બીજા તોફાની કે લુચ્ચા લફંગા વિગેરે બખેડીઆઓનો પણ નાશ કરી, તેમનાં નામોનિશાન બાકી રહેવા ન આપતાં ખેદાનમેદાન કરી નાખવું.

હાજી શફીખાનની દીવાની અને સરદારખાનની ભરૂચથી ઇડરમાં બદલી.

## નવાનગરની જીત, અને બાદશાહી હુકમથી તેનું ઇસ્લામનગર નામ આપવું.

નવાનગરનો પહેલો જમીનદાર રણમલ્લસિંહ કે જે, સરકારી હુકમને તાબે રહી બાદશાહી શુભેચ્છકપણું ખરા તનમનથી જાળવતો હતો અને તે પ્રમાણે સદાએ બાદશાહી સેવામાં રહી પેશકશી પહોંચાડવામાં બિલકુલ કસુર કરતો નહોતો. તે આ વર્ષ (૧૦૭૩) માં મૃત્યુ પામ્યો, અને તેના કુંવર **સતરસાલને** તેની જગ્યાઉપર હજુરતરફથી કાયમ કરવામાં આવ્યો. જેથી તે બાદશાહી હુકમાનુસાર પોતાના પિતાની જગ્યાએ આવી પોતાના

જાતભાઇઓનું ઉપરીપણું તથા રાજ્યકારભાર ધમધોકાર ચલાવવા લાગ્યો. રણમલનો ઇતરાજી પામેલો ભાઇ **રાયસિંહ** નાલાયક, બંડખોર અને અભિમાની હતો. તેને એની નિમણુંકથી ખોટું લાગ્યું, તેથી તેણે કોપાયમાન થઇ શત્રુતા કરવા માંડી, અને તેને ત્યાંથી કાઢી મુકી સઘળું લઇ લેવાની તૈયારી કરી. તે રાયસિંહ રાજખટપટના કામમાં નિપૂણ હતો, જેથી લોકોને તેનાથી વિખુટા પાડી પોતાના પક્ષમાં લીધા અને સમજાવી ફોસલાવી પાંચ છ હજાર સ્વાર–પ્યાદા ભેગા કરી બંડ મચાવી દીધું. જેમાં રાજપ્રધાન **ગોવરધન** કે જે, સતરસાલનો ભાઈ હતો તેને મારી નાખ્યો. સતરસાલને તેના નોકરો, ખવાસો, અધિકારીઓ અને તેની માતુશ્રી સાથે કેદ પકડી, તેની જમીનદારી ઉપર કબજો કરી ગાદીએ બેઠો, અને કચ્છ દેશના સઘળા જમીનદારોને પોતાની તરફ ખેંચી લઇ પોતે ધારેલું કાર્ય બેધડક રીતે સિદ્ધ કરી લીધું. આ વખતે કુતબુદ્દીનખાન ( સોરઠનો ફોજદાર ) તે દેશનો બંદોબસ્ત કરતો હતો, અને અધિકાર ભોગવતો હોવાથીજ તેનો મુકામ ત્યાંજ હતો. જ્યારે તેના માણસોએ ખબર કરી કે રાયસિંહનો દીકરો તમાજી અને તેનો ભાઇ જબા–બન્નેએ પોતાની સાથે ત્રણ હજાર બંડખોરોને લઇને હાલાર પરગણામાં બખેડો ઉઠાવ્યો છે. તે ઉપરથી કુતબુદ્દીનખાને પોતાના દીકરા **મુહમદખાન**ને બે હજાર સ્વારોની સાથે તે બન્નેને હરાવી, પકડી લાવવા માટે હુકમ આપી મોકલ્યો. આ હકીકતથી વાકેફ થતાંજ બન્ને જણા પોતાના સાથિઓસહિત મજકુર પરગણામાંથી નાસી જઇ કચ્છ તરફ નીકળી પડયા. તેમને પકડી પાડવામાટે મુહમદખાને પણ ઉતાવળ કરવામાં કંઇ કચાશ નહિ રાખતાં તેઓને પકડી પાડયા અને સામસામું ભયંકર યુદ્ધ થયું. તેમાં તોફાની અધર્મીઓના એકસો સાત માણસો કપાઇ ગયાં અને બાકીના અધમુવા જેવી સ્થિતિમાં નાસી છુટયા; તેમ મુહમ્મદખાનના પણ કેટલાક મુસલમાન લડવૈયાઓ લડાઇમાં ખપી ગયા. જ્યારે આ અધર્મીઓનાં તોફાન તથા બંડથી કુતબુદ્દીનખાને તે દેશને તદ્દન નિરાળો એટલે શાંત–સહિસલામતીવાળો કરી મુકયો અને ત્યાંનો પાકે પાયે બંદોબસ્ત થઈ ગયો ત્યારે તે **જુનાગઢ** તરફ પાછો ફર્યો. આ ફતેહની ખબર જ્યારે દરબારમાં પહોંચી ત્યારે તેના ઉપર ઘણીજ મહેરબાની થઇ અને હજુર હુકમથી આ શહેર (નવાનગર) નું નામ **ઈસ્લામનગર** મુકવામાં આવ્યું. આ વર્ષની આખરીએ અહમદાબાદના સુબાની

સદારત ઉપર **મીર બુઝુર્ગની** નિમણુંક થઇ, જેથી તેણે ત્યાંનો ચાર્જ સંભારી લીધો. ત્યારપછી સને ૧૦૭૪ હિજરીના સફરમાસની બીજી તારીખે મોટા પ્રધાનનો હોદ્દો હજુરમાં **જાફરખાન**ને આપવામાં આવ્યો.

## દારાસિકોહનું નામ ધારણ કરનાર બલુચનું શિક્ષાએ પહોંચવું.

અહમદાબાદના સુબાના વખતના બનાવો પૈકી એક એ પણ બનાવ છે કે, એક **બલુચ** જાતનો બંડખોર કે જે, વિરમગામ તથા ચુંવાલની સરહદમાં પોતાને દારાસિકોહ કહેવડાવવાની ઘેલછામાં પડ્યો હતો, તેણે કેટલાએક બંડખોર–લુચ્ચા લોકોને ભેગા કરી તોફાન મચાવી દીધું હતું તેને, તથા જે કોળી લોકોએ તેને પોતાની જુના વખતથી ચાલતી આવેલી આદત અને સ્વભાવને લીધે આશરો તથા મદદ આપી હતી તેઓનો નાશ કરવા માટે સુબા મહાબતખાને જેવી રીતે ધાર્યું હતું તેવીજ રીતે એકઠા થયેલા સઘળા બંડખોરોને એકદમ વિખેરી નાખ્યા, કોળી લોકોને સખ્ત શિક્ષાઓ કરી તાબે કર્યા, અને તે તોફાની બંડખોર(બલુચ)ને પાયમાલ કરી આ દેશમાંથી ખરાબ હાલતે કાઢી મુકયો. તે પછી ત્યાંના બંદોબસ્ત અર્થે **ખંભાત**નું થાણું, કાજના અને બેલપાડ તાબે **પેટલાદ**નું થાણું કાયમ કરી, તેના ઉપર દેખરેખ રાખવા માટે **સૈઇદ મેહમુદખાન**ને નિમ્યો. આ વખતે મહાબતખાન ઉપર સરકારી ફરમાન આવ્યું કે, ચુંવાલના કોળી **દુદા**ને શિક્ષા કરી અને પાંચસો સ્વારો સાથે **શેર બાબીની** નિમણુંક કરી, તે સાંભળી યોગ્ય બંદોબસ્ત છે એવું અમો માનીએ છીએ; તોપણ પૂરતી સંભાળ રાખવી અને બીજા સો સ્વારો ખાસ કુમક (મદદ) માટે રાખવા.

## સુરતબંદર ઉપર શિવાજી મરેઠાની લુંટ અને સુબાના અધિકારીનું તેની સામા જવું.

જે વખતે શિવાજી દક્ષિણમાં બંડ ઉઠાવી સુરતબંદર તરફ આવી લુંટફાટ કરવા લાગ્યો તે વખતે સુરતમાં કોટ(ગઢ–કિલ્લો) નહિ હોવાથી ત્યાંના વેપારીઓ તથા વતનીઓની ઘણીજ બરબાદી થઇ અને બેચેની ફેલાઇ ગઇ. તે જોઇ જ્યારે શિવાજી લુંટફાટ કરી પાછો ફર્યો ત્યારે સુબાનો અધિકારી કેટલુંક લશ્કર લઇ તેની સામે આવ્યો, અને કટલાક ફોજદારો પણ જમીનદારોનું લશ્કર લઇ મદદ કરવામાટે સામેલ થયા.

**સાણંદ**નો જગમાલ નામનો ગરાશીઓ ધોળકાના ફોજદાર**નીસાથે**
બસો સ્વારોથી આવ્યો હતો.

દદરનો જમીનદાર શાદીમલ, સઇદહસનસાથે ,, ,, ,, ,,
**ડુંગરપુર**નો જમીનદાર ... ... એકહજાર ,, ,, ,,
**વઢવાણ**ના જમીનદારો, સબળસિંહવિગેરે ઝાલાવાડની અનિયમીત સન્યા-
ના પાંચસો સ્વારોથી આવ્યો હતો.

**માંડુ**નો જમીનદાર લાલકલ્યાણ ... બસો ,, ,, ,,
**દલોલ** એહમદનગરપરગણાનો જમીનદાર પચાસ ,, ,, ,,
**રવાસણ**નો જમીનદાર પૃથ્વીરાજ ... સો ,, ,, ,,
**લુણાવાડા**નો જમીનદાર ... ... પાંચસો ,, ,, ,,
**બેલપાડ**નો જમીનદાર ... ... ... ત્રણસો ,, ,, ,,

ટુંકમાં શિવાજીના નાસી ગયાબાદ **મહાબતખાન** ત્રણમાસ સુધી સુરતબંદરમાં રહ્યો અને ત્યાંના જમીનદારોની પેશકશીના આશરે ત્રણ લાખ રૂપિયા લઇ પાછો ફર્યો. પાછળથી સુરતબંદરના મુત્સદ્દીએ ત્યાંનો કિલ્લો બંધાવ્યો.

હવે જાણવું જોઇએ કે શ્રીમંત બાદશાહની રાજકારકીર્દીનાં દશ વર્ષનું વૃત્તાંત, ગુજરાતથી સંબંધ રાખનારા અને પૂર્ણ સત્યતાભરેલા આધારોથી આ પુસ્તકમાં દાખલ કરવામાં આવેલ છે. ત્યારપછીની હકીકત વિષેનું કોઇ પુસ્તક જોવામાં આવેલું નથી, પરંતુ કેટલાક ચાલુ બંદોબસ્તની કારકીર્દીના હુકમો થએલા, તે દીવાની વિગેરે દફતરોમાંથી લઇને તેમજ ભરોસાદાર સાધનોની શોધ કરી લખવામાં આવે છે.

**જુનાગઢ**નો ફોજદાર કુતુબુદ્દીનખાન આ વખતે મહારાજા જસવતસિંહની ફોજ સાથે **દક્ષિણ**ની ચડાઇ ઉપર ગયો હતો, તેથી ત્યાંની ફોજદારી ઉપર સરદારખાનની નિમણુંક થઈ હતી. આ વર્ષે સોરઠની ઘણી ખરી પ્રજા ફરીઆદ કરવા માટે હજુરમાં ગએલ હોવાથી મજકુર ખાન ઉપર લોકોની સ્થિતિ સુધારવા અને અદલ ઇન્સાફ આપવા વિષેનું ન્યાયીક ફરમાન મોકલવામાં આવ્યું. તેની અસલપ્રમાણેની નકલ નીચે મુજબ છે.

## બાદશાહી ફરમાનની નકલ.

શૂરવીર, બહાદુર અને બાદશાહી ઉપકાર સંપાદન કરનાર સરદારખાને બાદશાહી કૃપાના ઉમેદવાર રહી જાણવું કે, શ્રીમંત મહાન બાદશાહનું લક્ષ સઘળી રીતે એજ તરફ વળેલું છે કે, સદાએ અવિચલ રાજ્ય અને દીન-

પ્રતિદીન વૃદ્ધિ પામતા અમલના વખતમાં પ્રજાવર્ગના માણસો તમામ સુખશાંન્તિમાં રહી સલાહ–સંપથી વર્તતાં, આ રાજ્ય–અમલ અચળ રહે એવી પ્રાર્થના ખુદા કે ઇશ્વિરપ્રત્યે કરતા રહે; એટલામાટે અદલ ઇન્સાફની રૂઢીઓ સજીવન રાખવા અને ગેરઇન્સાફ તથા જોરજુલમાટનો તદ્દન નાશ કરવા, જાતે જુલમ સાંખનારા કે ઇન્સાફ માગનારાઓના ઇન્સાફનું કામ ખાસ ન્યાયપૂર્વક કરવામાં આવે છે, તેવીજ રીતે હમેશાં જે ત્રાસ પામેલા લોકોને હજુર રૂબરૂ લાવવામાં આવેછે તેઓને પણ ઇન્સાફપૂરતો ન્યાય આપી રાજીખુશીથી રજા આપવામાં આવે છે; જેથી હજુરનો હુકમ થાયછે કે, તમે ઉપકારી પુરૂષ છો માટે શરેહશરીફના હુકમો પ્રમાણે ન્યાયનાં સર્વોત્તમ સાધનોને અનુસરી, રૈયતની સ્થિતિ સુધારી સુખ આપવામાં અને સોરઠસરકારના કસ્બા તથા ગામોમાં રહેનારાઓને ન્યાય આપવામાં કોઇપણ પ્રકારની કસર કે ખામી રહેવા આપવી નહિ, અને એવું ન બને કે, બળીઆઓ નિર્બળ–માણસો ઉપર કાંઇ જુલમાટ ગુજારે. કજીઆખોર કે ફરીઆદીઓ પૈકી જે કોઈ શરેહના હુકમથી સંબંધ રાખતા હોય તેઓને • કાજી, મુફતી કે મુખ્ય ન્યાયાધિકારીની સલાહથી શરેહપ્રમાણે ફેસલા આપવા તેમજ દીવાની કે દેશી કાયદાઓથી સંબંધ રાખતા કેસો હક હિસાબ પ્રમાણે અને ચાલુ કાયદાઓના આધારે ફેસલ કરવા; કે જેથી સઘળી પ્રજા પોતાની મતલબ (ઉમેદ) પૂરી કરવા અને જુલમાટ દૂર કરવાના અર્થે પોતાનો દેશ કે સ્વભૂમી મૂકીને દેશાટણ કરવામાં લાંબો પંથ કાપવાથી થતાં સંકટોનો ભોગ ન થઇ પડતાં ઇન્સાફપૂરતો ન્યાય મેળવી ધારેલી મુરાદો પાર પાડવામાં ફતેહમંદ નિવડે. આ વિષે ઘણી તાકીદ સમજી અમલ કરવો, અને તેનો અનાદર ન થાય તે વિષે પૂરતી કાળજી રાખવી. તારીખ ૪ માહે જમાદીઉલઅવ્વલ સને ૪ જુલુસી.

બિદાતની ઉપજ કાઢી નાખવા વિષે શાહજાદા મુરાદબક્ષની સુબેગીરીના વખતમાં તેના દીવાને જે હુકમો ચાલુ કર્યા હતા તે મકરમતખાન સુબાના નામથી મોકલવામાં આવ્યા.

ત્યારબાદ સરકારી આજ્ઞાપત્રી મોકલવામાં આવી કે, દરેક સુબાના તાબામાં શિક્ષકો રાખવા અને **મીજાનથી કશ્શાફ** સુધી ભણનારાઓને સદરહુ સુબાની મારફતે શિક્ષકોની મોહોરથી ખજાનચીના તાબાના ખજાનામાંથી વિદ્યા–દાન આપવું. જેથી આ વખતે અહમદાબાદ, પાટણ અને

સુરતમાં મળી ત્રણ શિક્ષકો તથા ચાલીશ-પચાસ વિદ્યાર્થીઓનો વધારો અહમદાબાદના સુબાના તાબામાં કરવામાં આવ્યો.

## એકતાલીશ-બેતાલીશના હિસાબે રોકડ મહેસુલનો ઠરાવ.

સને ૧૦૭૫ હિજરીના શવ્વાલમાસની ચોથી તારીખે સરકારી હુકમ પ્રમાણે સાયરના મહેસુલ વિષે હુકમ થયો કે, સુબાઓના તાબાનાં રાજ તેમજ ખાલસાના નગરો તથા પરગણાઓમાં જે મહેસુલ લેવાય છે તે, દરેક સ્થળે જુદું જુદું છે. એવી ખબર મળવાથી બાદશાહી વલણ અને ઇચ્છા પ્રજાની સ્થિતિ સુધારવા તથા તેના જાનમાલનું રક્ષણ કરવા તરફ દોરાએલી રહે છે, તેમાં ખાસ કરીને ઇસ્લામી ધર્મ અને મુસલમાનોની હાલત દુરસ્ત કરવા તરફ વળેલી રહેછે. જેથી બાદશાહી હુકમ કરવામાં આવે છે કે, શવ્વાલમાસની પહેલી તારીખ સને ૮ જુલુસીથી દરેક સુબાના અધિકારીઓએ દરેક ઠેકાણે મુસલમાનો પાસેથી એકતાલીશ તથા હિન્દુઓ પાસેથી બેતાલીશના હિસાબે કિમ્મત પ્રમાણે વસુલ કરવા, અને જે વસ્તુની કિમ્મત સાડીબાવન રૂપિયાથી ઓછી હોય તેનું હાંસલ લેવું નહિ. તથા વહેપારીઓની કસ્બા કે શહેરોની મુસાફરી વખતે તેમના સામાન કે માલઉપર રાહદારીદાખલ કંઇ લેવું; અને દાસ-દાસીનું હાંસલ તેમજ ઘાસફુસનું મહેસુલ માફ કરી દેવામાં આવેછે; ગાડી, ડોલી, કજાવો અને ઘોડા કે જે, મનસબદારોનાં છોકરાં-છૈયાંની સ્વારીમાં, કે સિપાઇઓ અથવા મુસાફરોની સ્વારીમાં હોય તેમને જોવા, અને મનસબદાર સિપાઇઓ તથા બીજા સિપાઇઓની સ્વારીના ઉંટ કે ઘોડાઓને હાંસલલાયક ન ગણવા. આ વિષે બાદશાહી હુકમ તથા યાદી સુબાના દીવાન મકરમતખાન ઉપર આવી પહોંચી, અને માફ તથા મનાઈ કરેલાં મહેસુલવિષેનું બાદશાહી ફરમાન દરેક વખતના મુતસદ્દીઓ ઉપર આવ્યું, તેની નકલ નીચે મુજબ છે.

## હરામ વસ્તુ (માફ કરેલું મહેસુલ)ની મનાઇવિષેનો હુકમ.

તારીખ ૨૨ માહે જમાદીઉલઅવ્વલ સને ૮ જુલુસીથી એવું ઠરાવવામાં આવેછે કે અહમદાબાદના અધિકાર ભોગવનારા મુતસદ્દીઓએ બાદશાહી કૃપાના ઉમેદવાર રહી જાણવું જોઇએ કે આ વખતે શ્રીહજુરના સાંભળવામાં આવ્યું છે કે, અધિકારીઓના ગુમાસ્તાઓ, પોલીસવાળાઓ, દોલ પાબંદીઓ, તથા ચબુતરાના પ્યાદાઓ અહમદાબાદ તથા તેના તાબાના પુરા(લત્તા)ઓ, કસ્બાઓ અને પરગણાઓના વહેપારીઓ તથા વતનીઓ

પાસેથી હેઠળ લખ્યાપ્રમાણે ધારાવિરૂદ્ધ બિદાત વસુલ કરે છે. જેથી ખાસ કરીને લોકોના દીલમાં સંકટ તથા ઉચાટપણાનો વધારો થાયછે. તેમજ આ સુબાના કેટલાક મહાલોમાંના માણસોએ હજુરના રાજ પહેલાં બાદશાહી આજ્ઞાથી અપૂજ્ય ઠરાવેલાં દેવાલયો, કે જેમને ફરીથી તૈયાર કરી તેમાં પ્રતિમાઓ પધરાવી પૂજન કરેછે, તેથી કરી હજુરને ન ગમતું કાર્ય થાય છે. માટે સરકારી હુકમ કરવામાં આવેછે કે આ કામો વિષે ખરી હકીકતની માહેતી મેળવી સત્યપૂર્વક કેફીયત અરજ કરવી; અને એવું ઠરાવવું કે હવે પછી આધકારીઓના, પોલીસના, દેશપાંડીઆઓના અને પ્યાદાઓના ગુમાસ્તાઓ બિદતી જણસોના આધારે વહેપારીઓ અને મહાલોવિગેરે કસ્બાઓમાં રહેતા બીજા લોકો પાસેથી કંઇપણ લે નહિ તેમજ ત્યાંના દેશીઓ ધર્મવિરૂદ્ધ કૃત્યો કરવા પામે નહિ; અને પડી ગએલાં મંદીરોને જો હાલ મરામત કરી હોય તો તે દૂર કરવી. આ વિષે ઘણી તાકીદ સમજી અમલ કરવો.

હવે બાદશાહી ફરમાનમાં દર્શાવેલી ફોડ ઉપર નજર ફેરવીએ.

(૧) **અહમદાબાદ**, તેના તાબાના કસ્બાઓ તથા પૂરાઓની દાણચોરી.

(૨) મજકુર શહેરમાં રહેનાર કોઇ માણસના, પોતાના વારસામાં ચાલતા આવેલા ઘરમાં જો કાંઇ મોટું ઝાડ ઉગેલું હોય અને તેને, ઇમારત વિગેરેની નુકશાનીના ભયથી કાપવા ચાહે તો અધિકારીઓ તેને તે ઝાડ કે તેની કોઇપણ ડાળ કાંઇક રકમ લીધા સિવાય કાપવા દેતા નથી. (૩) અધિકારીઓ તથા તેના મળતીઆઓ વેચાણમાં તેમજ ખરીદીમાં ખબર રાખી છુટથી ખરીદી કરતા નથી. (૪) અહમદાબાદના સુબાના તાબાના મહાલના મુત્સદ્દીઓ કંઇક લવાજમ લે છે. (૫) કોઇ માણસ કસબી કામ, વટવાપણું, કાંગસી કામ, સોય બનાવવાનું કામ અને ચીકન બનાવવાનું કામ, જો શિખવા ચાહે તો મુત્સદ્દીઓ હુન્નર શિખવાનો કર તેની પાસેથી લે છે. (૬) શહેર તથા તેની હદમાં, તેમજ અહમદાબાદ તાબાના ઘણાખરા પરગણાઓમાં કોટવાલ અને પ્યાદાઓ, ઘર વેચનાર પાસેથી દર સેંકડે અઢી ટકા (રૂપિયા) લે છે. (૭) પીંજારા અને ઘાંચીઓ લાચાર થઇ જઈ પોતાનું ઘર મુકી બીજે ઠેકાણે ધંધો કરવા ચાહે તો જ્યાંસુધી તે ત્યાંના મહેતા મુત્સદ્દીઓને દોઢ રૂપિયો આપે નહિ ત્યાંસુધી તેને ધંધો ચાલુ કરવા દેતા નથી. (૮) શહેરની અંદર દરેક ચકલા ( ચોક કે મહોલ્લા ) ના ચબુતરા ઉપર શેઠ,

કોટવાલ કે દેશાઇ દાણચોરીની ખબર કરેછે અને પોતે પણ શામેલ થાય છે. (૯) જેઓ બળદોવિગેરે ભાર ઉચકનારાં પશુઓને બહારથી શહેરમાં લાવેછે તેઓ ઘાસ તથા કડબ વેચાતી લઇ ખવરાવે છે તેઓ પાસેથી બળદ ચારવાનો કર મુત્સદ્દી લોકો એકવાર એક ટકો લે છે. (૧૦) ઘાસ તથા કડબના દરેક ભર ( ગાડું ) ઉપર કેટલેક ઠેકાણે એક પુળો ઘાસનો કે કડબનો તથા પાંચશેર કાઠી ( લાકડાં ) લે છે, અને દરેક ભરે ચાર બદામ પ્રમાણે વસુલાત કરે છે. (૧૧) પચુસણ એકાદશી અને હિન્દુઓના દીવાળીના તહેવાર ઉપર દુકાનો બંધ થાયછે તેનો બંદોબસ્ત રાખવો, કે હમેશાં દુકાનો ઉઘાડી રહે અને વેપાર ખુલ્લી રીતે ચાલુ રહે. (૧૨) અહમદાબાદ શહેર તથા તેના તાબાના પરગણાઓમાં મજુરોને વેઠવિગેરેનું ઘણું દુ:ખ પહોંચે છે. (૧૩) મુત્સદ્દીઓ, શેઠીઆઓ અને દેશાઇઓ ઘણા ખરા પરગણાઓમાં નવાં અનાજની આવકવખતે રૈયતને વેચાતું લેવા આપતા નથી, પણ પ્રથમ પોતે ખરીદ કરી લે છે, અને કોહી ગએલું કે સડી ગએલું અનાજ વહેપારીઓને વેચાણ આપી સારા અનાજનો ભાવ જબરદસ્તીથી મુકાવે છે. (૧૪) એક જાત કે જેઓ અદોવાયા કહેવાય છે ને ભાડુતી ગાડીઓનો ધંધો કરેછે, તે લોકોએ બુરહાનપુર વિગેરે બીજી કોઇ જગ્યાએથી એક બળદ ખરીદ કર્યો હોય અને ત્યાં તેનું મહેસુલ આપ્યું હોય છતાંપણ પાછા જ્યારે અહમદાબાદમાં આવે તો ફરીથી તેની ખરીદીનું હાંસલ આપવું પડેછે. અને જો હાંસલ ન આપે તો તેને ગુનેહગાર ઠરાવી તેનો દંડ લે છે. (૧૫) અધિકારીઓ અથવા શ્રીમંતો પોતાના તથા સરકારી બાગો ( બગીચા કે વાડી ) માં ભાજીપાલો તેમજ ફળ ફુલ વિગેરે મેવો વાવે છે, અને કાછીઆઓને દશવીશ ગણી કરી વેચાણ આપી તેની કીમતનાં નાણાં જબરદસ્તીથી કઢાવે છે. (૧૬) પ્રથમ બળદ તથા ગાય-ભેંસની ખરીદી વખતે મહેસુલ લેવામાં આવેછે તેવીજ રીતે મજકુર સુબાના તાબાના પરગણાઓમાં પણ કંઇક ઠરાવ કરી લેવાય છે અને વધ કરવાની વખતે દરેક જાનવર દીઠ દોઢ રૂપિઓ વસુલ કરવામાં આવે છે તેથી માંસ મોંઘું મળે છે. (૧૭) સરસપુરમાં ઘી તથા તેલના કુલ્લાઓ ઉચકનારા પાસેથી દરેક વર્ષે એક રૂપિઓ લેવાય છે. (૧૮) અહમદનગરમાં કસ્બાની અંદર દરવાજા નજીક મસ્જીદ આવેલી છે, ત્યાં અમલદાર ન હોવાથી કોળી લોકોને નાણાં આપી કસ્બામાં રહેછે, અને એક વર્ષ થયાં કોળી લોકો મુસલમા-

નોને શુક્રવારની નિમાજ પડવા દેતા નથી, જેથી એવો ઠરાવ કરવો કે મુસલમાનોને કોઇપણ માણુસ હરકત કરે નહિ અને મુસલમાનો રાજીખુશીથી શુક્રવારની નિમાજ પઢે. (૧૯) સાબરમતી તથા વાત્રકકાંઠા ઉપરના માણુસો પાસેથી ફોજદારો તથા જકાતખાતાંના અમલદારો ગેરતખાનની કચેરીએ દશ રૂપિઆથી પચાશ રૂપિઆ સુધી શાવાસ્તે લે છે? (૨૦) અહમદાબાદ તથા બીજા પરગણાઓમાં, શ્રીમંત બાદશાહની તખ્તનશિનીના રાજ્યાભિષેક પહેલાં બાદશાહી હુકમથી મંદીરો તોડી નાખવામાં આવ્યાં હતાં, છતાં પણ ફરીથી તે મંદીરોની મરામત કરી પાછી મૂર્તિપૂજા ચાલુ કરી દીધી છે. માટે તે વિષે કરેલાં ફરમાનનાં લખાણ પ્રમાણે અમલ કરવો. (૨૧) અહમદાબાદ તથા તેના તાબાનાં પરગણાઓ અને શહેરોમાં હિંદુઓ ખોટા ચાલને પોતાનો અસલી રીવાજ ઠરાવી દીવાળીના તહેવારની રાત્રે બત્તીઓ વિગેરેથી રોશની કરેછે, તેમ હોળીના તહેવાર ઉપર પણ ગાળો કે અપશબ્દો બોલી ચકલાઓ અને બજારોમાં હોળી સળગાવે છે ને તેમાં જેની કાઠી હાથ લાગે તેની જબરદસ્તીથી અથવા તો ચોરી કરીને અગ્નિમાં હોમી દે છે; માટે એવો ઠરાવ કરવો કે દીવાળીની રોશનાઈ કરવી નહિ અને કોઇની કાઠી જબરાઇથી કે ચોરીથી લઇ જઇ અગ્નિમાં હોમી દેવી નહિ, તેમ મુખથી અપશબ્દો પણ ઉચ્ચારવા નહિ. (૨૨) જે માણુસો જીવતા પ્રાણીઓનાં માટીનાં પૂતળાં બનાવવાનો ધંધો કરેછે તેઓ માટીના હાથી-ઘોડાઓ, બનાવી, ઇદશુબરાત અને ઓરસોમાં-બજારોમાં વેચે છે, તેને માટે એવો ઠરાવ કરવો કે, કોઇપણ પ્રાણીનું પુતળું બનાવે નહિ અને વેચે પણ નહીં. (૨૩) અહમદાબાદ અને તેના તાબાના પરગણાઓ કે પુરાઓમાં કેટલાક માણુસો ચોખાનો ઇજારો રાખે છે તેથી બીજો કોઇ માણુસ તેનું વેચાણ કે ખરીદી કરી શકતો નથી અને તેજ કારણથી ચોખાનો ભાવ ચડી ગયો છે. (૨૪) શહેરના અને પુરાના દરવાનો બળદવિગેરે જાનવરોપર લાદેલા માલને કે માણુસે ઉચકેલા માલને આવતાં જતાં અટકાવી, માલધણી જ્યાં-સુધી કંઇ ન આપે ત્યાંસુધી તેમને જવા આપતા નથી. (૨૫) ગુલાબનાં ફુલની ખરીદી વાસ્તે ચોકસ સરકારી મુત્સદ્દીઓ નથી માટે દરેક જગ્યાએ મરજીમાં આવે ત્યાં વેચવાની પરવાનગી આપવી, અને સરકારી ગુલાબનાં ફુલ સિવાયનાં બીજાં ફુલોનાં વેચાણ વિષે કુતબુદ્દીનખાનની અરજ ઉપરથી સરકારી ફરમાન જે થયું છે તે પ્રમાણે અમલ કરવો. (૨૬ પુરૂપ તથા

સ્ત્રીઓ ઓરસોના અવસરે, જુમેરાતની રાત્રે, તેમજ ચાંદણીઆમાં પીરોની કબરો ઉપર જઈ ભીડ કરે છે અને તેથી તોફાની બનાવો બને છે, માટે એવું ઠરાવવું કે કોઇ માણસો દરગાહોમાં ભેગા થાય નહિ. (૨૭) ધોળકા કસ્બામાં કોઈ લાચાર માણસ પોતાનું ઘર પાડી કે વેચી નાખવા ધારતો હોય તો તેની પાસેથી દરહજારે એક રૂપિયાને બદલે ત્રણ ટકા ત્યાંના કોટવાલ લે છે. (૨૮) બળદ અથવા ભેંસ મોલુદ કે ઉજાણીના અર્થે કોઇ માણસ ખરીદ કરે તો તે ખરીદીનું મહેસુલ ચબુતરામાં લેવાય છે. પહેલાં સરકારી હુકમથી ઠરાવવામાં આવેલું હતું કે આંકેલી કીંમત ઉપર ચાલીશ બાર હિંદુઓ પાસેથી અને ચાલીશ પ્રમાણે મુસલમાનોથી વેચનાર પાસેથી વસુલ લેવા; અને બીજી કોઇ તકરાર ઉભી નહિ કરતાં સરકારી હુકમ પ્રમાણે અમલ કરવો. બીજી જે કોઈ જણુસની કીંમત સાડીબાવન રૂપિયાથી ઓછી હોય તેનું હાંસલ લેવું નહિ જે અગ્યાર અથવા દશ હોય તેનું મહેસુલ દર પ્રમાણે ઠરાવી લેવું. (૨૯) રૈયત પૈકીના ગરીબ માણસો દરેક જાતનાં જાનવરો શહેરમાં કે પુરાઓમાં વેચવા માટે લાવે છે તેમની પાસેથી વારંવાર કંઇ લેવામાં આવે છે, એટલે કે પહેલું આવક ઉપર, બીજું વેચાણ ઉપર અને ત્રીજું જો ન વહેચાય તો પાછાં લઇ જવા વખતે જાવક ઉપર પણ કાંઇક લે છે. (૩૦) પાટણ શહેરમાં કેળાં તથા શેરડી ઉપર દરેક ભાર (ગાડું) દીઠ ચાર–પાંચ રૂપિયા લે છે અને વળી તે ઉપરાંત ચારસો કેળાં પણ લે છે. (૩૧) લાદેલા ભારના જતી વખતે (પછી તે દાણાનું હોય કે તેમાં કોઇ બીજી વસ્તુ ભરેલી હોય.) ચીઠી આપનાર ચબુતરા ઉપર બે રૂપિયા લે છે. (૩૨) પાટણ શહેરમાં દરેક ઘેટાં–બકરાં ઉપર એક વર્ષે ત્રણ આના, ગાય–બળદ ઉપર અર્ધો રૂપીયો અને ભેંસ ઉપર એક રૂપીઓ લે છે. જો તે હિસાબે પહોંચ્યા ન હોય તો જબરદસ્તીથી લે છે, તે ઉપરથી હજુર હુકમ ફરમાવે છે કે ઢોરોની જકાત શરેહપ્રમાણે લેવી. (૩૩) સ્થાનો, તિર્થો અને મુલકની ઓલ તથા ખરાબ ચાલની બાઇડીઓની બજારમાં બેસવાની રીતી, કે જેમ અહમદાબાદ અને તેના પુરામાં બેસે છે, તેપરથી હુકમ થાયછે કે મસ્જીદોમાં ઇમામો (નિમાઝપઢાવનારા) નિમણુંક કરી ફરમાવવું કે સ્થાનો, તિર્થો અને મુલકની ઓલ કે ખરાબ વર્તણુંકવાળી ઓરતોની બજારો અને બેઠકો દૂર કરી દેવી. (૩૪) અનાજ મોંઘું થવાથી દરેક ઠેકાણે જમાબંધી પૂર્ણ થઇ ચુકી છે. હવે અનાજ સોંઘું થવાથી જાગીરદારો તથા

મુત્સદ્દીઓ નજર રાખી જબરદસ્તીથી જમાબંધી કરે છે, અને અડધ ઉપર કરાર કરે તો સો મણ અનાજની જગ્યાએ બાવન મણ કલતર કરી બેઉનો ત્રણ પ્રમાણે ભાગ લે છે; અને પચીસ મણ અનાજ વધારે લેવાને વાસ્તે આખું વર્ષ જીવલેવા સરખું દુ:ખ આપી મજુરીથી વસુલ કરે છે, અને ખેતીને વખતે મારઝાડ કરી ખેતી કરાવે છે. માટે જે બીના ખરી હોય તે પ્રમાણે કરાર કરાવી, ચોખ્ખી રીતે અમલ કરી અર્ધો ભાગ લેવો અને વધારો વસુલ કરવો નહિ. (૩૫) કોટવાલોના વધી પડવાથી ખંભાત બંદરની એવી દશા થઇ છે કે, ઘણાખરા વહેપારીઓ પોતાની ભૂમી મૂકી દઈ સુરતબંદરમાં જઇ વસ્યા છે, તેમ આસપાસના રહેનારાઓ પણ ખંભાત-બંદરથી નિકળી, લાંબો પંથ કાપી ખરીદી તથા વેચાણને વાસ્તે અહમદાબાદ આવે છે. તે પહેલાં બાદશાહે એવો ઠરાવ કર્યો હતો કે દરેક પરગણામાં બે ચોદરીઓ તથા કોટવાલીવાળા બે અમલદારો, કે જેઓ રૈયતને પસંદ હોય અને કામ પણ ચાલાકીથી સુધારીને કરી શકતા હોય તેઓને નિમવા, કે જેઓ સરકારની મરજી પ્રમાણે કામ કરતા રહે. (૩૬) કસ્બે પ્રાંતિજ, મોડાસા, હરસોલ અને વડનગરમાં મુસલમાનોના આંબા છે. જેથી ત્યાંના મુત્સદ્દીઓ તેમનાં ફળોની ગણત્રી નહિ કરતાં અડસટો કરી તેનું હાંસલ નક્કી કરે છે, અથવા બેઉ ગણત્રીનાં નાણાં તે ઝાડોના હાંસલથી આપે છે અને વધારા ઘટાડાને માટે પાછા ઝગડા ઉભા થાય છે; પરંતુ જો ઓછાં ફળો ઉતરે છે તો પોર–પરારે ઉતરેલાં પ્રમાણે ગણી હાંસલ વસુલ કરે છે, ત્યાં હિંદુઓના બાગ–બગીચા અને વાડીઓ પણ છે, તેમનું હાંસલ તદ્દન માફ છે; જેથી હુકમ કરવામાં આવે છે કે, જો કોઇ બગીચા વિષે વાંધો કે તકરાર ઉઠે (એટલે કે, ગમેતો તે બગીચાના ખર્ચ પ્રમાણે કમી–જાસ્તી હોય અથવા તો બરાબર હોય) તો તેની તકરાર કરવી નહિ; પરંતુ જો ખર્ચ કરતાં ઉપજ વધેલી હોય તો તે વધારામાંથી પાંચમો ભાગ હિન્દુઓથી અને છઠ્ઠો ભાગ મુસલમાનોથી વસુલ લેવો. પણ તેથી વધારે કંઇ પણ લેવું નહિ; તે છતાં સરકારી ઠરાવપ્રમાણે જો સાડીબાવન રૂપીયા કરતાં ઓછી નિપજ થઇ હોય તો તેનું હાંસલ બિલકુલ માફ છે એમ સમજવું. હવે કેટલાક માણસો કામસારૂ કકડે કકડે મફત બળતણ લે છે, તે વાત મુત્સદ્દીઓની જાણમાં આવ્યાથી તેઓએ ઠરાવ કરી તેના મહેસુલને માફીમાંથી કાઢી નાખ્યું છે માટે તે ઉપજને જરૂરી કામના

ઉપયોગમાં લેવી અને હકદાર લોકોના દાનપૂનમાં ખર્ચ કરવાને ઠરાવ કરવો, પરંતુ જો ખર્ચ કરતાં ઉપજ (હાંસલ) વધી જાય તો જે માલની કીમત ઉપર મહેસુલ લેવાતું હોય તેનો રજીષ્ટરમાં નોંધ કરી ખજાનામાં દાખલ કરી દેવો.

ત્યારબાદ સુબાના દીવાન ઉપર સરકારી હુકમ આવ્યો કે, ફિરંગીઓ અને વલંદા લોકોના અહમદાબાદના મહેસુલમાં હાથ ઘાલવો નહિ, કેમકે તેઓ સુરતબંદરમાં હાંસલ આપે છે. તે પછી અમલદારોને સુચના થઇ કે, સુબાનો દીવાન કે જે પોતે જાતે અધિકારી હોય તેણે પોતાના તાબાના માણસોનાં નાણાંમાંથી એક ભાગ માફ કરી ત્રણ ભાગ લેવા. અમલદારો કે જેઓ અમુક મુદત સુધી કેદમાં હોય, અને તેમનાં નાણાં જો વસુલ ન થતાં હોય તો તેમની હાલત ઉપર નજર રાખવી. આ વર્ષે સુરતબંદરની સરહદમાં દક્ષિણી મરેઠાઓએ આવી હુલ્લડ મચાવ્યું અને તેઓ લુંટફાટ કરી કેટલીક જગ્યાઓ ઉજ્જડ કર્યા બાદ પાછા ફર્યા.

સને ૧૦૭૬ હિજરીના રજબમાસની ૨૬મી તારીખ ને સોમવારના રોજ **શાહજહાન** બાદશાહનાં આયુષનો અંત આવ્યો. અને **મકરમતખાન** દીવાન પણ એજ વર્ષે મૃત્યુ પામ્યો. મજકુર સાલની આખરે **હાજી શફીખાન** સુબાનો દીવાન ઠર્યો, અને સુરતબંદરના બનાવો પૈકી સરકારે સાંભળ્યું કે **મીર અઝીઝ બદખશી** કે જે **મક્કે** તથા **મદીને** ભેટો લઇ જવાને નિમાયો હતો તે પણ ત્યાં મૃત્યુ પામ્યો.

## ચઉદ માસા (વજન) ને એક:દામ ગણવાવિષે ઠરાવ.

આ વખતે ત્રાંબાનો ભાવ ઉતરી ગયેલો હોવાથી અહમદાબાદના શરાફો લોઢાંના પૈસા બનાવી, તેનું મોંઘા ભાવે વેચાણ કરતા હતા. તે જોઇ **મહાબતખાંએ** આસપાસના તમામ શહેરોમાંથી ઘણું ત્રાંબું ખરીદ કરી લીધું અને પ્રથમના પૈસાના પ્રમાણમાં કંઇક થોડું વજન કમી કરી, તેની ઉપર સિક્કો પાડી ચલાવવા લાગ્યો, અને ટંકશાળના દરોગાને હુકમ કર્યો કે પૈસા ઉપર લેવાતું મહેસુલ માફ કરવું. પરંતુ દરોગાએ એ વિષે સુબાના દીવાનને જાહેર કર્યું કે હજુરની આજ્ઞાસિવાય પૈસાનું હાંસલ હું માફ કરી શકતો નથી. તેથી સુબાએ કહ્યું કે જો એ માફીની સનંદ હજુરમાંથી મળશે તો ઠીક છે, નહિતો હું એક સાલનું હાંસલ સરકારી ખજાનામાં રજુ કરી આપીશ. આ વિષેની ખબર જ્યારે હજુરમાં પહોંચી ત્યારે તે ઉપરથી સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે 'એક દામનું વજન ચઉદ

માસાનું ઠરાવવામાં આવેછે, માટે તે ઉપર સરકારી સિક્કો પાડી તેનું ચલણ ચલાવવું; અને તે ઉપરાંત એક સાલનાં હાંસલની માફી આપવામાં આવેછે.'

## એકતાલીશના મહેસુલ વિષે મુસલમાનોને માફી.

મહાન ધર્મી બાદશાહની હિમ્મત અને ન્યાયવંત ઇચ્છાઓ, પ્રજા-સુખાકારી તથા મુસલમાનોનાં હિત્ત તરફ વળેલી હતી, તેથી સુબાના દીવાન ઉપર એક મહેરબાનીભર્યું ફરમાન મોકલવામાં આવ્યું તે એ કે, મુસલમાનોના વહેપાર ઉપરના એકતાલીશના કરનું મહેસુલ કે જે સરકારમાં લેવાય છે તે સને ૧૦૭૭ હિ. (બરાબર સને દશ જુલુસી) ના જીલ્કાદ માસની પચીસમી તારીખથી માફ કરેલું સમજવું. તે વિષેનો જરાપણ લોભ નહિ રાખતાં વસુલાત કે હરકત પણ કરવી નહિ. હિન્દુઓ પાસેથી પહેલાં પ્રમાણે બેતાલીસી હાંસલ લેવું, અને તે વિષે પૂરતી ચોકસી રાખવી કે તે પૈકીનો કોઇપણ માણસ મહેસુલ ન આપવાનાં કારણથી પોતાનો માલ મુસલમાનોના માલમાં મેળવી દેવા માટે ધાલમેલ કરે નહિ.

હવે જુનાગઢનો ફોજદાર સરદારખાન કે જેને તેની ફોજદારી ઉપરાંત **ઇસ્લામનગર** (જામનગર) નો અધિકાર મળ્યો હતો તેને પાંચસો સ્વારો બેવડા-તેવડા કરી આપ્યા. આ વખતે સુબા મહાબતખાને હજુરમાં એવી અરજ કરી કે મનસબદારોની સન્યા રજીષ્ટરપ્રમાણે જોતાં વીશહજારની થાયછે પરંતુ કામ પડેછે ત્યારે એકહજાર સ્વારો પણ નિકળતા નથી. આ અરજ ઉપરથી હજુરે તે લસ્કરનું કમીપણું, બક્ષીની આળસ તથા નાલાયકી ઉપર નજર પહોંચાડી, સરકારી રિપોર્ટરની સુસ્તીના લીધે **મીર જાફરને** તે હોદ્દા ઉપર નિમ્યો. હવે સુબા ઉપર હુકમ કર્યો કે, હાજરી લેનાર કાસમ દરોગાને ખરેખરી તાકીદ કરવી કે હાજરી લેતી વખતે કાયદા પ્રમાણે મજકુર લસ્કરની ખાત્રી કરવી અને તે સાથે તેહનાતી મુત્સદ્દીઓને તાકીદી હુકમ આપવો કે દરેકે પોતપોતાના લસ્કરને ધારાપ્રમાણે બરાબર રાખવું. તે પછી અને સુબાના દીવાન હાજી શફીખાન ઉપર પણ હુકમ આવ્યો કે હાજરીપત્રક બરાબર રીતે ઠીક કરી મનસબદારોની હાજરી વર્ષોવર્ષ તપાસતા રહેવું, અને જો નિમણુંકથી કંઇ ઓછું લસ્કર રાખેલું હોય તો તેની જાગીર જપ્ત કરી લઇ તે વિષેની હકીકત હજુરમાં નિવેદન કરવી. આ વખતે સુબાની અરજી એવી મતલબની હજુરમાં પહોંચી કે ઘણો કાળ વિતવાથી **આઝમાબાદ** જીર્ણ થઇ ગયું છે, જેથી તેની મરામત કરવાની જરૂર છે. એ ઉપરથી

સુબાના દીવાનને હુકમ થયો કે તેનું એસ્ટીમેટ (ખર્ચનું લીસ્ટ) કરી, તેપર પોતાનો સિક્કો મારી હજુરમાં મોકલી દેવું અને જેપ્રમાણે હુકમ થાય તેપ્રમાણે અમલ કરવો.

મરહુમ બાદશાહ શાહજહાંના વખતમાં ઘડાએલા કેટલાક કાયદાઓ હાલસુધી ચાલુ છે, તેથી લોકોને ફાયદો થાય તે માટે જે જે વખતે જે કાયદાઓ ઘડવામાં આવ્યા હતા તે લખવામાં આવે છે.

## મનસબદારોના માલની જપ્તિ.

સને ૧૦૭૭ હિજરી ( સને નવ જુલુસી ) ના સફરમાસની પહેલી તારીખ ને મંગળવાર, તથા મજકુર સનના માહે શેહેરયુર ઇલાહીની બારમી તારીખના દીવસે સઇદ શિરોમણી, અશરાફનાં છત્ર, પ્રધાનપદના લાયક, અને પરોપકારી **ઇફ્તિખારખાન**નો પત્ર **મીર ઇમાદુદ્દીન** પ્રધાનની મારફત કામરાનબેગ રિપોર્ટરના અધિકારની વખતે લખાએલો આવ્યાથી હજુર હુકમથી લખવામાં આવેછે કે, જો કદી કોઇ સરકારી નોકર મરી જાય અને તેનો કોઇ વારસ ન હોય, તેમ તેનાપર કંઈ સરકારી લેહેણું પણ ન હોય તો તેની મિલકત બેતુલ–માલ ( નિવારસી માલ ) ના અધિકારીને હવાલે કરવી. પણ જો કદી સરકારી લેહેણું તેના પાસે નિકળતું હોય, તો લેહેણા જેટલી રકમ સરકારમાં વસુલ લઇ, બાકી રહેલા માલને બેતુલ–માલમાં નાખી દેવો, પરંતુ જો તેનો કોઇ વારસ હોય તો, તેના મરી ગયા પછી ત્રણ દહાડા કેડે તેના માલને જપ્ત કરી લેવો, અને સરકારી લેણાથી વધારે માલ હોય તો સરકારી લેણા જેટલો લઇ લઇને બાકી રહેલા માલને વારસોની સાબીતીપૂર્વક ખાત્રી કર્યા પછી વારસોમાં વહેંચી દેવો. પણ જો મિલ્કત કરતાં સરકારી લેહેણું વધારે હોય તો સઘળા માલને સરકારી લેહેણા પેટે લઇ લેવો. સરકારી લેહેણું બિલ્કુલ ન હોય તો તેના ખરા વારસો નક્કી ઠરાવી તેમને સોંપી દેવો અને તેમને હરકત કરવી નહિ. આ વિષે સુબાઓના દીવાનો ઉપર આખા રાજમાં હુકમ મોકલવામાં આવ્યો કે આ હુકમ પ્રમાણે માલને જપ્ત કરવામાં અમલ કરવો.

ત્યારબાદ અમદાવાદના બગીચાઓની ઈમારતોના તથા બીજાં કારખાનાંના મુત્સદ્દીઓએ અરજ કરી કે, આજથી પહેલાં મજુરોવિગેરેની મજુરીમાં એકવીશ માસાના પૈસા આપવામાં આવતા હતા અને મજકુર સનના શવ્વાલ માસથી પૈસાનું ચલણ બંધ કરવામાં આવ્યું છે. તથા

સરકારી આલમગીરી સિક્કાના પૈસા ચઉદ માસાના ઠરાવવામાં આવ્યા છે તેથી મજુરો પહેલાંના પૈસાના બદલામાં હાલના સિક્કાના પૈસા લેતા નથી અને કહેછે કે દસ પંદરના (જુના દશ, અને નવા પંદર) પ્રમાણનો એમાં ફેરફાર છે. જ્યારે આ અરજ બાદશાહના સાંભળવામાં આવી ત્યારે સુબાના દીવાનને હુકમ કર્યો કે દશ પંદર રોજીંદા ઠરાવથી પગાર કરતા રહેવું. તે દિવસથી ગુજરાતમાં ટંકો ત્રણ પૈસાનો ગણાય છે. ( ટકો )

મજકુર સનના શવ્વાલ માસની તારીખ આઠમી ને ગુરૂવારના દીવસે મહાબતખાન સુબાની બદલી થઇ અને તે હજુરમાં જવા માટે રવાના થયો.

## તેત્રીશમો સુબો બહાદુરખાન ઉર્ફે ખાનજહાં કોકા.

### સને ૧૦૭૮ થી ૧૦૮૧ હિજરી.

સને ૧૦૭૮ હિજરીના માહે રબીઉસ્સાનીની તારીખ ૫મી ના દીવસે **મહાબતખાન** બદલાયાથી **બહાદુરખાન** ઉર્ફે **ખાનજહાં** બહાદુર કે જે **ઈલાહબાદ**નો સુબો હતો તે ગુજરાતની સુબેદારી ઉપર નિમાયો, અને તેની ઉપર સરકારી ફરમાન આવ્યું કે અલહવરદીખાનના પહોંચ્યા પછી તમારે ગુજરાત જવું. તેથી શવ્વાલમાસની તારીખ ૧૧ મી રવીવારના દીવસે મજકુર સાલમાં તે અહમદાબાદ પહોંચી ગયો અને સુબાનો સઘળો બંદોબસ્ત હાથ લીધો. સને ૧૦૭૯ માં હાજી શફીખાનની જગ્યાએ **મુહમદહાશમને** સુબાના દીવાનની જગ્યા ઉપર નિમ્યો તેથી તે અત્રે આવી પહોંચ્યો. આ વર્ષે રૈયતથી જમાબંધી શરેહપ્રમાણે કરવાના હેતુથી ફરમાન પ્રગટ થયું. તેની નકલ હેઠળ પ્રમાણે લખવામાં આવેછે.

### જકાત (મહેસુલ) લેવા વિષે બાદશાહી ફરમાન.

બાદશાહી મહેરબાનીના ઉમેદવાર રહી મુહમદ હાશમે જાણવું કે બાદશાહની કૃપાભરી નજર રૈયત ઉપર ચાલુ રહેછે અને હિમ્મત બંદોબસ્ત અર્થે પેગમ્બર સાહેબનાં ફરમાન ઉપર આધાર રાખેછે, કે જે ફરમાન એ છે કે "ન્યાયથી પૃથ્વિ તથા આકાશ ટકી રહ્યાં છે." તે તરફ બાદશાહનું વલણ દોરાએલ છે. આવા શુભ સમયમાં ન્યાયપૂર્વક ફરમાન પ્રગટ કરવામાં આવેછે કે હિન્દુસ્તાન પૈકીના સર્વે અર્વાચિન તથા ભવિષ્યના અધિકારીઓએ જાણવું કે એક કાંઠેથી બીજા કાંઠા સુધી મહેસુલ વિગેરેની વસુલાત કરવામાં શહેરમાં દર્શાવેલા હનફી ધોરણ પ્રમાણેઠરાવવામાં આવ્યું

છે, અને તેના ધોરણને આ ફરમાનમાં ઘણા મજબુત આધારથી મંજુર કરવામાં આવ્યું છે માટે તે પ્રમાણે વસુલાત કરવી; દર વર્ષે નવા હુકમની માગણી કરવી નહિ.

(૧) રૈયતની સાથે હમેશાં મળતાવડાપણું રાખવું, તેઓની સ્થિતિ ઉપર દયા રાખવી અને શુભ રાજનિતીથી વર્તતા રહેવું, કે જેથી કરી તેઓ શુદ્ધ અને નિખાલસ દીલથી ઘણીજ ખુશાલીની સાથે ખેતીવાડી વધારવામાં પાછા નહિ હઠતાં ખેડાણલાયક જમીનને ખેડતા રહે. (૨) વર્ષની શરૂઆતથી દરેક ખેતી કરનાર ખેડુની સ્થિતિ અને તેઓએ ખેતીથી પોતાનો હાથ પાછો ખેંચી લીધો કે નહિ તે વિષે માહેતી મેળવતા રહેવું અને તેઓને સમજાવી ઘટીત રીતે ઉત્તેજન આપવું. જો કોઇ કામમાં તેઓ દરગુજર કરવાની માગણી કરે તો તે પ્રમાણે પણ કરવું; પરંતુ જો તપાસ કરતાં માલુમ પડે કે ખેતી કરવાની શક્તિ છે, છતાં પણ એ કામથી તેઓ પાછા ખસી ખેતી કરતા નથી તો તેઓને ભલામણ અને તાકીદ કરવી, તેમ છતાં જો ન માને તો કેદ કે શારીરિક શિક્ષા કરવી; અને જમીનવાળા લોકોથી નક્કી કરી જાહેર કરવું કે, ખેતી કરે કે ન કરે તોપણ તેમનાથી હાંસલ લેવામાં આવશે. પણ જો એવું જણાય કે ખેડુતો તદ્દન લાચાર થઇ ગયા છે, તો સરકારમાંથી તકાવીની અપાતી રકમ જામીન લઇને આપવી. (૩) જાથુ દાણમાં એમ જણાય કે ખેતીનાં સાધનો પુરાં પાડવાને કેવળ લાચાર છે, અથવા જમીન પડતી મુકી નાસી ગયો છે તો તે જમીનને ઇજારે આપતાં ખેતીમાંથી જમીનના માલીકનો ભાગ ઠરાવવો અને કંઇ બાકી રહે તો તેના માલીકને આપવું, અથવા કોઇ શખસને માલીકની જગ્યાએ નોંધવો, કે જે, ખેતી કરી મહેસુલ સરકારમાં જમે કરાવે અને વધેલું હોય તે પોતાના ઉપયોગમાં લીએ, અને જ્યારે ખેડુત ખેતીનાં સાધનો ઠીક કરી લે, તો તેની જમીન તેને પાછી આપવી, પણ જો જમીન પડતી મુકી ખેડાણ કર્યાવગર નાસી ગયો હોય તો તેને વર્ષોવર્ષ ઇજારે આપતા રહેવું. (૪) પડતર અને વગરખેડાણ જમીનની માહેતી મેળવવી. જો તે સઘળી જમીન રસ્તાઓ કે માર્ગના વપરાશમાં આવતી હોય તો તેને ગામતળીઆંની જમીન ઠરાવવી, કે જેથી તેમાં કોઇ વાવેતર કરે નહિ. પણ જો તે સિવાય બીજી જમીન જોવામાં આવે ને તેમાં કંઇ ખેતી બાકી રહેલી હોય પણ લાભકારક ન હોય તો તે જમીનના દાણ વિષે કોઇ હરકત કરે નહિ, પણ જો તેના બાકી રહેલા ભાગમાં લાભ સચ-

વાતો હોય અથવા ફાયદાકારક હોય તો એ બેઉ રીતે: જો તે જમીન માલકીની હશે તો તેના માલિકને તાકીદ કરવી કે, તેમાં વાવેતર કરે. અને જો માલકીની ન હોય તો બીજા માણુસને વાવવા આપવી, કે તે તેમાં વાવેતર કરે. જો કદી ઇજારદાર મુસલમાન હોય અને મજકુર જમીન કોઇ બીજા માણુસની પાસે હોય તો તેની ઉપર ગેરહકદારને નોંધવો, પણ જો મહેસુલી જમીનની પાસે હોય અને વાવેતરકર્તા મુસલમાન ન હોય તો તેની ઉપર કંઇપણ લેવું નહિ. મહેસુલની વસુલાત કરી કાળને અનુસરી જે કાંઈ મહેસુલ લેવું તેને વાંટાદાણ કહેછે, અથવા તેના નક્કી ઠરેલાં દાણને અર્ધાં દાણ પૈકી ભાગદાણ કહેછે તે ઠરાવવું, પરંતુ જો ધણી હોય અને તે ધણોજ લાચાર હોય કે ખેતી ન કરી શકતો હોય અને તે જમીનનો પ્રથમથીજ કર ઠરેલો હોય તો તે વિષે મળતા હુકમનો અમલ કરવો. જો ભાગોટી દાણની ન હોય અથવા પડતર હોય, તો બીજાના વાંધાથી દાણની તકરાર કરવી નહિ, પરંતુ લાચારીના અવસરે તકાવી આપી ખેતી કરાવવી. (૫) જો કોઇ જમીનનો ટુકડો ભાયાતોની માલીકીનો માલુમ પડે તો તેમને તે આપી દેવો, અને બીજા ભાઇઓને તેની વચ્ચે પડવા ન દેવા. પણ જો તેનો માલિક માલુમ ન પડે અને તેની વસુલાત બરાબર ન થતી હોય તો સમય સાચવવાના અર્થે જેને તે જમીનની લાયક વ્યવસ્થા કરનાર જુઓ તેને આપવો, અને જો તેમાં તેણે ખેતી કરી તો તેને તે જમીનના રકબાનો માલીક જાણવો, અને તેની પાસેથી તે જમીન પાછી લઇ લેવી નહિ. પણ જો તે જમીનમાં કંઇ કારણ જેવું હોય તો તે એક નિરર્થક છે એમ જાણી તેને મના કરવી, અને તે જમીનનો લાભ લેવા કે ખેતીવાડી વિગેરેનો ઉપયોગ કરવા કોઈ માણુસને પગપેસારો કરવાનો હેતુ છે એમ જાણવું. જો કોઇ જમીનનો ભાગ કોઇ ગામસહિત કોઈના મરણથી રોકાઇ ગયો હોય અને તેના ખરા માર્ગથી તેનું ધોરણ અવળું ચાલતું માલુમ પડે તો તે કાળ પહેલાં જેનો કબજો હોય તેનાજ તાબામાં સોંપવો અને બીજાને વચ્ચે આવવા દેવો નહિ. (૬) જે જગ્યાઓમાં ખેતી ઉપર મહેસુલ નક્કી ઠરેલું ન હોય ત્યાં શરેહપ્રમાણે ઠરાવ કરવો અને મહેસુલ લેતી વખતે એટલું લેવું જોઇએ કે જેથી રૈયતના પગ ભાંગી ન જાય અથવા કોઇપણ રીતે અર્ધથી ઉપર ન લેવું જોઇએ. જોકે વધારે કર આપવાની શક્તિ હોય તોપણ વધારે ન લેવું, અને જે જગ્યાએ નક્કી ઠરાવેલું હોય ત્યાં પણ વધારે લેવું નહિ. તે પ્રમાણે લીધાથી રૈયત ખુશીમાં રહેછે.

તોપણ પહેલાંને ઓછું કરી જે કંઈ સત્તાપ્રમાણે હોય તે લેવું, અને ઠરાવથી વધારે જો ગુંજાશ હોય તો લેવું. (૭) વજીફ થએલી જમીનના દરને બદલવાને વજીફાનું ભાગ વહેંચાણ જો રૈયત રાજી હોય તો કરવું, નહિતો જવા દેવું. (૮) વજીફ જમીનના મહેસુલની વસુલાત તે વેળા ગણાય છે, કે જ્યારે ધાન પાકે અને જ્યારે દરેક જણસ પૂરતી થાય, કે તે જણસની વીઘોટી બરાબરીની જણસનો ભાગ લેવો. (૯) જો કોઇ વજીફ જમીનની ખેતી ઉપર બરાબર કપામણી સુધીના વખતમાં કંઇ આફત આવી પડે તો, તેની પાકી તજવીજ કરી હક તથા ખરી બીના ઉપર નજર રાખી વધારામાંથી તે મુજરે આપવું અને બાકીની વસુલાત ઉપર કંઇપણ માફી આપવી, કે જેથી અડધ ભાગ પૂરો રૈયતને પહોંચે. (૧૦) વજીફાની વિઘોટીની વસુલાતવિષે જે કોઇ શખસ પોતાની જમીનમાં પોતાનામાં શક્તિ છતાં વાવેતર ન કરે અને પડતર રાખે તો તેનું હાંસલ બીજામાં વસુલ કરવું. અર્થાત કે, તેમાં પાણી આવી જાય અથવા વર્ષાદનું પાણી પુરૂં થઈ જાય ત્યાંસુધી કાપવાના વખત સુધીની કંઇપણ હરકત નડે. તે એવી રીતે કે ધાનમાંથી કંઇપણ તેને હાથે ગયુ ન હોય, અને તે વર્ષે એટલી મુદત ન રહી હોય કે બીજું વર્ષ આવતાં સુધી ફરીથી ખેતી કરે તો તેની ઉપરનાં મહેસુલને માફ જાણવું. જો કાપ્યા પછી કંઈ હરકત થાય તો ગમેતો તે કપામણી ન કરવા દે એવી હોય. જેમકે જાનવરોના ખાઇ જવાની આફત. હવે જો તે મુદત મજકુર વર્ષની રહી હોય તો વસુલાત લેવી. (૧૧) જો વજીફદારી જમીનના માલીકે પોતાની જમીન વાવી હોય અને વસુલ આપતાં પહેલાં તે મરી જાય તો ખેતીનું મહેસુલ તેના વારસો કે જેઓને લાગુ પડેછે તેઓથી વસુલ લેવું. જો મજકુર મરનાર ખેતી કરી શકે એવી હાલતમાં હોય અને મરી જાય તે વર્ષે તેટલું બધું તેની કને ન હોય પરંતુ લાવી શકે તેટલું સઘળું લેવું. (૧૨) જો વજીફદારી જમીનને તેનો માલિક ઇજારે અથવા માગી આપે તો, અને ઇજારદાર કે માગણી કરનાર તેમાં વાવેતર કરે તો તેની વસુલાત જમીનની મિલ્કતમાંથી કરવી અને જો તેઓ બાગબગીચા કરે તો ઇજારદાર અથવા ઉછીતી લેનાર પાસેથી વસુલાત લેવી, અને જો વજીફદારી જમીનને કોઇ પચાવી પાડી પોતાની મિલ્કત બતાવતો હોય તો તેના માલીકના સાક્ષીઓ લેવા અને જો પડાવી લેનારે વાવેતર કર્યું હોય તો તે પડાવી લેનાર પાસેથી વસુલાત લેવી. જો વાવેતર ન કર્યું હોય તો કોઇની કનેથી વસુલાત

લેવી નહિ. જો પડાવી લેનાર કબુલ કરે અને માલીકની પાસે શાક્ષી હોય તો માલીકની પાસેથી મહેસુલ લેવું અને ઘરેણીઆતમાં પડાવી લેનારને હુકમ કરવો, તે એવી રીતે કે ઘરેણે દેનારના હુકમથી ઘરેણે લેનારે તેમાં વાવેતર કર્યું હોય તો. (૧૩) જો કોઈ માણસ પોતાની દાણુવાળી વજીફાની વાવેતર થતી જમીનને વર્ષની અંદર વહેંચે, પણ જો તે એક-ફસલી હોય તેમ વેચાતી લેનાર તેને પોતાના તાબામાં લેતો હોય, અને તે વર્ષ પૈકી એવી મુદ્દત બાકી રહેતી હોય કે, જો તેમાં વાવેતર કરવા ધારે તો ઘણી ખુશીથી બીન હરકતે કરી શકે. માટે તેનું દાણ વેચાતી લેનાર પાસેથી લેવું; પણ જો તે જમીન બેફસલી હોય તો એક ફસલ લેનારને, તથા બીજું આપનારને લાગુ કરી બન્નેના હિસ્સાપ્રમાણે લવું, અને તે જમીનમાં એવી ખેતી કે જે તૈયાર થઇ ગઇ હોય તો તેનું હાંસલ વેચ-નાર પાસેથી લેવું. પછી ગમે તો તે એક ફસલી હોય અથવા તો બે ફસલી હોય. (૧૪) વજીફા જમીનમાં કોઇ માણસ ઘર બાંધે તો તેનું મહેસુલ પહેલાંપ્રમાણે આપે. તેવીજ રીતે જો તે જમીનમાં ફળવગરનાં ઝાડ રોપી બગીચો બનાવે અને ફળવાળાં ઝાડોને વગરઅંતરે રોપે તો સવાપાંચ રૂપિયા અથવા તો વજીફ બગીચાઉપર જે હાંસલ લેવાયછે તે લેવું. પછી તે ઝાડોમાં ફળો આવ્યાં હોય કે ન આવ્યાં હોય; અને દ્રાક્ષ તથા બદામોના ઝાડોનું હાંસલ પહેલાંપ્રમાણે લેવું, અને ફળ આવ્યા પછી રૂ. ૨ાા પોણા ત્રણ વધારે લેવા. તેની શરત એવી છે કે શરેહપ્રમાણે એક વીઘો, શાહજહાની પીસ્તાલીશ ગજનો ચોરસ થાયછે અને શરેનો સાઠે સાઠનો ગુણાકાર થાય છે એવો હોવો જોઇએ. તેની ઉપર સાડા પાંચ રૂપિયા પ્રમાણેનું ફળઉપરનું મહેસુલ નિમે હાંસલપ્રમાણે લેવું. પરંતુ જો મહેસુલનો આંકડો પા સવાપાંચ રૂપિયાથી ઓછો હોય તેમજ શાહજહાની તોલમુજબ એક શેર કે પાંચશેર ધાન હોય તો તેનું હાંસલ કમ લેવું. જો કોઇ ગેરઇસ્લામી માણસ કોઇને પણ જમીન વેચાતી આપે અને તે લેનાર જોકે મુસલમાન છે એમ સાબીત થાય છતાં પણ તેનું હાંસલ બરા-બર લેવું. (૧૫) જો કોઇ માણસ પોતાની જમીનને દરગાહ કે ધર્મશાળા વિગેરે કોઇ ધર્માદા કામમાં આપી દે, તો તે જમીનનું હાંસલ માફ કરી દેવું. (૧૬) ભાગોટીમાં જો કોઇ માણસ તેનો માલિક ન હોય અને મુસ-લમાન કે ગેરમુસલમાન તેનો ખરીદનાર હોય, અથવા તે ઘરેણે હોય તો બસ છે. હવે જે કાંઈ તે જમીનમાં પેદા થાય તેમાંથી નક્કી કરેલો ભાગ

બરાબર તેની સમજુતીથી લેવો, પણ તેની શરત એવી છે કે, અડધ કરતાં જો વધારે હોય તો કમી કરવું, અને જો જણસમાં કમ હોય તો વધારવું એમાં જે કાંઇ મુનાસબ લાગે તે કરવું. (૧૭) જો જમીનનો માલિક ખેતી બાકી ન રાખે તો તે જમીનને ઇજારે અથવા ખેતી કરવા આપવા માટે વજીફાની જમીનવિષે જે લખેલ છે તે પ્રમાણે કરવું. (૧૮) ભાગોટીમાં જો વાવણીને કંઇ આફત આવી પડે તો જેટલું નુકશાન થયેલું હોય તેનું હાંસલ લેવું નહિ; પણ જો કપામણી પછી આફત નડે, અથવા કપામણી પહેલાં કંઇ રહી ગયેલું હોય તો તેનું હાંસલ વસુલ કરવું.

હવે એ જણાવવું પડેછે કે, ફરમાનની અસલ કોપી સુબાના દફ્તરખાનામાં પણ નહોતી. પરંતુ ઘણો વખત વિતિ જવાથી નકલઉપરથી નકલો થએલી, તેમાં નકલો કરનાર અલ્પ જ્ઞાનીઓના હાથે ઘણી ભુલો રહી ગએલી. તેથી જે મારી અક્કલને ઠીક લાગ્યું તે સુધારીને લખ્યું છે અને જે દુરસ્ત કરવાનું અશકિતભરેલું હતું તે રહી ગયું છે. તે એવા હેતુથી કે ખરી નકલ મળેથી દુરસ્ત કરી લેવાશે. પ્રથમ પહેલાંના દીવાનો ઉપર જોકે ફરમાનો સાથે સરકારી હુકમો મોકલવામાં આવતા અને એવી આજ્ઞા હતી કે સુબાની દીવાની બીજાને મળે તો ફરમાનો કે જે, રાજના કાયદાનાં તત્વ છે તે બીજા દીવાનોને કબજે આપવાં:અને તેમણે પોતાના કબજામાં લેવા. એવો હુકમ છતાંપણ તે વધઘટ આ સુબાના વખતમાં થઇ તેમનાં ફરમાનો હાલ દફતરખાનામાં નથી.

## દંડારાજપુરીવાળા યાકુતખાન હબશીનું સરકારી સેવામાં આવવું.

શિવાજી મરાઠાએ ઘણાંખરાં મોટાં મોટાં શહેરોને લુંટી તારાજ કરેલાં હતાં તે કારણથીજ તેને પુરી સત્તા પ્રાપ્ત થઇ હતી. તે એટલે સુધી કે, દક્ષિણના કોઇપણ રાજકર્ત્તા જમીનદારમાં તેની સામે બાથ ભીડવાની શકિત રહી નહોતી. જેથી વીજાપુર તાબાના **દંડારાજપુરી**ના કિલ્લાને જીતી કબજે કરવાની તેની ઇચ્છા થઇ; કેમકે તે કિલ્લો એક ઉંચી પહાડીની ટોચ ઉપર આવેલો છે, તે ઘણોજ મજબૂત છે અને તે ખરા સમુદ્રમાં આવેલો છે. તેવિષે એવું કહેવાયછે કે હિંન્દુઓમાંના પરશુરામે તે કિલ્લો બાંધેલો છે. શિવાજીનો આ કિલ્લો લેવાનો હેતુ એ હતો કે **સુરત**વિગેરે હિંદુસ્તાનથી **અરબસ્તાન, યુરોપ** અને બીજાં બંદરોએ જતાં વહાણો આ કિલ્લાની હેઠળ થઇને જાય છે તેથી આ કિલ્લાને કબજે કરી લઇ આવજાવ કરનારાં વહાણો

ઉપર તરાપ મારવી. આવા ખોટા ઇરાદાથી તે મજકુર કિલ્લાઉપર ચડાઇ લઇ ગયો. તે વખતે વીજાપુરનો ધણી પહેલાંથીજ કિલ્લાનો બચાવ કરવામાં રોકાયેલો હતો તેથી યાકુતખાન સિધિ તોપો તથા બંદૂકો સજ કરી કોઇને પણ કિલ્લાની આસપાસ ફરકવા દેતો નહોતો. હવે જ્યારે દક્ષિણીઓ ( શિવાજીના માણસો ) માં ત્યાંસુધી પહોંચી તે કાર્ય સિદ્ધ કરવાની હિમ્મત ન રહી ત્યારે તેઓ કિલ્લાની સામે એક ડુંગરીઉપર આવેલા સમુદ્રઅંદરના કિલ્લામાં વહાણમાં બેસીને ગયા, અને મોટા મોટા પથરાથી લાંબ બાંધી, તેની ઉંચાઇ ઉપર પહોંચી જઈ મજકુર કિલ્લાને તોડી નાંખવાની ગોઠવણ કરી. આવી રીતે બે વર્ષ સુધી તેનો ઘેરો રહ્યો. છેવટે કિલ્લેબંધ માણસો ઘણીજ માઠી હાલતમાં આવી લાચાર બની ગયા. આવી હાલત થવાથી યાકુતખાન હબશીએ બાદશાહતરફથી દક્ષિણની ચડાઇ માટે નિમાયેલા **મિરઝારાજાની** મદદ માગી અને મજબૂત રીતે કેટલીક શરતોનો ઠરાવ કર્યો કે, "હું આજથી સરકારી તાબેદારી સ્વીકારૂંછું અને મને પોતાને એક સરકારી નોકર ગણુંછું, પણ દક્ષિણના સુબાને મળવાની મને તક મળતી નથી, તેમ સાબંધીના કિલ્લાના તોપખાનાંના ખર્ચમાટે એક લાખ પચાશહજાર રૂપિયા દર વર્ષે સુરતબંદરથી મળવા જોઇએ; દુશ્મનોનાં વહાણોને આ રસ્તેથી પસાર થવા દઇશ નહિ અને બાદશાહી વહાણો તથા વેપારી બારકસોને સહિસલામત રીતે રવાના કરતો રહીશ." આ અરજને મિરઝા રાજાએ હજુરમાં નિવેદન કરી, કે જે બાદશાહને ઘણીજ પસંદ આવી. તે વખતથી આજદીન સુધી દંડારાજપુરીમાં તેની ગાદીએ જે કોઇ બેસેછે તેને યાકુતખાન કહેછે. હવે તેણે સુરતના મુત્સદ્દી પાસેથી સદરહુ રૂપિયા લેવા શરૂ કર્યા, અને પૂર્ણ સત્તાવડે સ્વતંત્રતા મેળવી કિલ્લાને મજબૂત રીતે પોતાના કબજામાં લીધો. તેને મુત્સદ્દી કંઇપિણ કરી શકતો નહિ હોવાથી લાચાર હતો, તેનું વર્ણન તેની જગ્યાએ લખવામાં આવશે. મતલબ કે, મજકુર યાકુતખાનની અરજ મંજુર થવાથી મીરઝારાજા દંડારાજપુરીમાં તેને મદદ કરવામાટે ગયો અને કરવી જોઇતી યુક્તિઓ તથા ગોઠવણોથી દક્ષિણી મરેઠાઓની સન્યામાં ફાટફુટ અને વિખવાદ પાડી દઇ કિલ્લાનો પૂરતી રીતે બચાવ કર્યો.

## દિલેરખાનનું ગુજરાતમાં આવી સોરઠની ફોજદારીપર નિમાવું.

એજ સમયમાં રોહેલાજાતનો દિલેરખાન કે જે, સર્વોત્તમ શુરો ગણાતો હતો અને દક્ષિણની ચડાઇ વખતે **શાહજાદા મુહમ્મદ અજમ-**

ની તેહેનાતીમાં મહારાજા જસવતસીંહની સાથે હતો તે કેટલાએક અઘટિત બનાવો કર્યાને લીધે નોકરી મુકી વગરરજાએ **ઉજ્જેન** શહેરમાં જતો રહ્યો. તે કેટલોક વખત સુધી મુસાફરીના થાક અને માંદગીથી વિશ્રાંતિ લેવા માટે ત્યાં મુકામ કરી રહ્યો. હવે ભોગજોગે આ દેશ (ગુજરાત) ની સુબેગીરી ઉપર નિમાયેલો **બહાદુરખાન** આ તરફ આવતો હતો, તે દિલેરખાનના નિકળી આવવાની ખબર સાંભળી ઉજ્જેનમાં જઈ ત્યાંથી તેને પોતાની સાથે અહમદાબાદ લાવ્યો, અને તેના સારા વિચારો તેમજ તેની નિમકહલાલીની હકીકત તથા શાહજાદાના કેટલાક મતલબીઆ ખુશામતખોરોની ખોટી ઉસ્કેરણીવિષેની કેટલીક બીનાઓ તેણે હજુરમાં લખી મોકલી, અને તે સાથે અરજ કરી હતી કે સરદારખાનના બદલાયાથી સોરઠની ફોજદારી તથા તેવીલદારીની જગ્યા દીલેરખાનને આપવી. આ અરજ હજુરમાં પહોંચતાં તે મંજુર થઇ, અને **શેરસિંગ**ના બદલાયાથી **ઈડર**ની ફોજદારી તથા તેવીલદારી ઉપર સરદારખાનને નિમવામાં આવ્યો.

એજ વર્ષે **હૈદરાબાદ**ના થાણદાર **સૈઈદ હૈદરે** અરજ કરી હતી કે ત્યાંના બંડખોરોનો નાશ કરી ત્યાં એક ગઢ બનાવવાની પરવાનગી માગું છું. તેથી સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે તેના ખર્ચનો અડસટો આંકી હજુરમાં મોકલી દેવો. આ વખતે **ડીસા** પરગણાના **કોટા** ગામની રૈયતે હજુરમાં ન્યાયાધિકારીઓ મારફત અરજ કરી હતી કે **પાલણપુર**નો ફોજદાર **કમાલખાન જાલોરી** ગઉચરામણી તથા ઘોડાની ખોરાકી બદલ દર વર્ષે જબરાઈથી નાણાં કઢાવે છે. આ વિષેનો બંદોબસ્ત કરવા માટે સુબાના દિવાનઉપર હુકમ આવ્યો કે, ગઉચરામણી વિગેરે કેટલીક બાબતો કે જે, સરકારતરફથી માફ કરવામાં આવી છે તે નહિ લેવામાટે પૂરતો બંદોબસ્ત રાખી તેને તે કામથી દૂર કરવો, તથા મોટા કાજી **અબ્દુલ વહાબે**, અહમદાબાદના હવેલી પરગણામાં આવેલી મોજે **આડલજ**ની વાવ કે જે, મુસાફરો તેમજ ઢોરઢાંખરોને ઘણીજ ઉપયોગમાં આવેછે તેની મરામત કરવામાટે અરજ કરેલી અને તેના ખર્ચનો અડસટો જે બે હજાર રૂપિયાનો થયો હતો તે સુબાના ખજાનામાંથી આપવા માટે હુકમ થયો. તે સિવાય વળી એ પણ હુકમ થયો કે અહમદાબાદના સુબાના તાબાના નોકરો અઠવાડીયામાં બે વખત કચેરીમાં બેસે છે. એટલે કે મંગળ અને બુધવારે સુબાની હજુરમાં હાજર રહેછે ને બાકીના દીવસોની રજા

ભોગવે છે. તો સરકારી નોકરીમાં તેવો ધારો કયાંએ નથી, છતાં આ ઠેકાણે આવો દસ્તુર થવાનું કારણ શું છે, માટે તેવિષે બંદોબસ્ત કરી સુબાના દિવાન **ખાજા મુહમદ હાશમે** તાકીદ કરવી કે, કચેરીના નોકરોએ **શની, રવી, સોમ, મંગળ** અને **ગુરૂ**–આ પાંચ દિવસોએ સુર્યોદય થયાને બે ઘડી વિત્યા પછીના વખતથી તે સુર્યાસ્તસુધી, કચેરીમાં રહી શરેહપ્રમાણે કેસોના ફેંસલા આપવાનું કામ કરવું, **બુધવારે** સુબાની હજુરમાં જવું અને **શુક્રવારે** રજા ભોગવવી.

સને ૧૦૮૦ હિજરીમાં દોરબજારના બંદોબસ્તવિષે હજુરની યાદી આવી કે દરેક દોરોમાં જકાત દરપ્રમાણે લેવી. એટલે કે મુસલમાનો પાસેથી ચાલીશ ઉપર એક, હિન્દુઓ પાસેથી ચાલીશ ઉપર બે, અને તે સિવાયના વગર ધંધાના માણસો પાસેથી ચાલીશ ઉપર ચાર. એ રીતે દરેક ચંદ્રગતિનાં વર્ષમાં એક વખતે દરેક ઘરથી લેતા રહેવું. તે સાથે બીજો એ પણ ઠરાવ થયો કે કેટલાક અધિકારીઓ સ્વારો તથા પ્યાદાઓને જમાબંધી કરવા અથવા તો બીજી કોઇ વસુલાત કરવાના કારણથી ગામડાંઓમાં મોકલે છે, તો તે વખતે તે નોકરીપર જતા દરેક સ્વારે માણસ દીઠ દોઢ-શેર લોટ, પાશેર દાળ, અને બે દામભાર ઘી તથા ઘોડા માટે ત્રણશેર દાણા લેવા; તેમજ દરેક પ્યાદાએ પોણોશેર લોટ તથા બે દામભાર ઘી લેવું, એથી વધારે કોઇપણ માણસે લેવું નહિ; અને હંગામી ફસલના છેવટે રૈયત પાસેથી જે કંઇ વધારે વસુલાત આવી હોય તે જકાતખાતાંવાળાઓએ જમાબંધીની કચેરીમાં હિસાબ ચોખ કરતી વખતે મજરે આપવી. ખોરા-કીની જણસનું વજન શાહજહાની તોલથી ગણવું તે વ્યાજબી અને યોગ્ય ગણાય છે. આ વખતે વળી એ પણ અરજ કરવામાં આવી હતી કે, બેલ-દારો, કુંભારો અને સુથારોવિગેરે મજુરીવાળા લોકો સરકારમાંથી ઓછા દરની મજુરી મળવાથી પોકાર કરે છે. તેપરથી સરકારી મોહોરથી ઇફ્તિારખાન તરફથી સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે તે લોકોની મજુરી શહેરના ધારાપ્રમાણે આપતા રહેવું. હવે **દીલેરખાન** કે જે, બહાદુરખા-નની ફરમાશથી સોરઠની ફોજદારી ઉપર નિમાયો હતો તેને હજુરમાં બો-લાવી લેવાનો હુકમ થયાથી તે હજુરમાં જવામાટે રવાને થયો, અને સરદારખાન પ્રથમની માફક સોરઠની ફોજદારી તથા તેવીલદારી ઉપર પાછો આવ્યો.

સને ૧૦૮૧ હિજરીમાં બહાદુરખાનને દક્ષિણની ચડાઇની સરદારી આપવામાં આવી. દરીઆપુર આગળનું **પનાપુર** કે જેનું હાલમાં નામ કે નિશાન કંઇપણ નથી તે બહાદુરખાનનું પોતાની સુબેગીરીના વખતમાં આબાદ કરેલું ગામ હતું. કેમકે તેનું નામ પણ **મુહમદપના** હતું; તે સિવાય અહમદાબાદમાં ભદ્રના કિલ્લાની ઉત્તરાભીમુખની ઈમારત, કે જેમાં હાલ સુબાની બેઠક છે તે પણ તેનીજ બાંધેલી છે. તે પછી **કુતબુદ્દીનખાન** ઉપર એવો હુકમ આવ્યો કે જ્યાંસુધી નવો સુબો ઠરાવવામાં ન આવે ત્યાંસુધી સુબેગીરીનો તમામ બંદોબસ્ત રાખી કાળજીપૂર્વક કામકાજ કરવું અને અહમદાબાદ તાબાના મહાલોની આવક કે જે, સુબાઓના પગારમાં જમે ઉધાર થતી હતી તે સરકારમાં જમે કરવી.

# ચોત્રીશમો સુબો મહારાજા જસવતસિંહ.

## ( બીજીવારની સુબેગીરી. )

### સને ૧૦૮૧ થી ૧૦૮૩ હિજરી.

એજ વર્ષે સરકારી હુકમપ્રમાણે દક્ષિણના યુદ્ધની તૈયારી કરવાને **મહારાજા જસવતસિંહ** કે જે **બુરહાનપુર**માં છાવણી નાખી રહેલો હતો તેને બહાદુરખાનની બદલીમાં અહમદાબાદની સુબેગીરી ઉપર બીજીવાર નિમવામાં આવ્યો. જેથી તે હજુર આજ્ઞાને માન્ય કરી સને ૧૦૮૧ હિજરીના રબીઉસ્સાની માસમાં અહમદાબાદ આવી સુબેગીરીનો અધિકાર ચલાવવા લાગ્યો. તેને જાગીરમાં અપાએલા પરગણાઓના બદલામાં કોટના ચકલાઓ તથા **પેટલાદ** અને **ધંધુકા** કે જે સુબાના તાબાનાં હતાં તે બક્ષિશ કરવામાં આવ્યાં. તેમજ સરકારી સઘળું લેહેણું કે જે મહારાજાના જોખમ તથા હામીઉપર રાખવામાં આવેલું હતું તેવિષે એવું ઠરાવવામાં આવ્યું કે દર વર્ષે હફતાના બે લાખ રૂપિયા સુબાના ખજાનામાં દાખલ કરવા. આવિષે મહારાજાના વકીલે સરકારમાં અરજ કરી કે, પરગણાઓના પેટામાં અપાએલી કોટના ચકલાઓની ઉપજનું હાંસલ ઓછું પડેછે, જેથી દરેક વર્ષના બે લાખ રૂપિયા આપી શકાય તેમ નથી. તે સિવાય સુબાના બંદોબસ્તમાટે પાંચહજાર સ્વારોનું લશ્કર રાખવું તે વ્યાજબી અને ઘણુંજ ઉપયોગી છે. તે ઉપરથી એવો ઠરાવ કરવામાં આવ્યો કે તંકોઝીલ મોસમની ખરીફ તથા સચકાનપ્રલિ મોસમની રબીમાંથી પચાશહજાર રૂપિયા અદા કરવા અને તે

ખાજા મુહમદ હાશિમ તથા શેખ નિઝામુદ્દીનની દિવાની.

પછી જે પ્રમાણે ઠરાવ થાય તે પ્રમાણે અમલ કરવો. આ હુકમ સરકારી મોહોરથી મોટા પ્રધાન **અસદખાન** તરફથી સુબાના દીવાન મુહમદ હાશમખાન ઉપર મોકલવામાં આવ્યો. ત્યારબાદ વિદ્યાર્થીઓ વિગેરે બીજા વર્ગના લોકો કે જેઓ સરકારી સનંદોપ્રમાણે વિદ્યાદાનનો પગાર બાદશાહી ખજાના તથા કોઠાના સાયરમાંથી મેળવતા હતા તેઓએ હજુરમાં અરજ કરી કે, પ્રથમના સિક્કા એકવીશ માસાના હતા અને તે ભાવ પ્રમાણે રોજીંદા પગારનાં નાણાં મળતાં હતાં; પરંતુ હવેના સિક્કાના દામો ચૌદ માસાના કરવામાં આવેલા હોવાથી અધિકારીઓ તે માટે અમારી પાસે સરકારી હુકમ માગેછે. આ અરજ ઉપરથી સરકારી આજ્ઞા થઇ કે દશ અને પંદર એ દર મુજબના કાયદા પ્રમાણે હિસાબ ગણી લેવો, એટલે કે પ્રથમના બે દામને બદલે હાલના ત્રણ દામો આપવા જોઇએ.

સને ૧૦૮૨ હિજરીમાં ગામડાંઓની તોડજોડ કરવાના કાયદા પસંદ કરી તે વિષેનું ફરમાન સુબાના દીવાન મુહમદ હાશમખાન ઉપર મોકલવામાં આવ્યું તેની નકલ નીચે મુજબ છે.

## તેત્રીશ કલમોના કાયદાવાળું બાદશાહી ફરમાન.

સને પંદર જુલુસીના માહે સફર માસની પચીશમી તારીખે લખાયેલા ધારાઓવિષે અહમદાબાદના સુબાના તાબાના અધિકાર ભોગવનારા અમલદારોએ બાદશાહી કૃપાના ઉમેદવાર રહી જાણવું કે, આ વખતે શ્રી હજુરના જાણવામાં આવેલ છે તે મુજબ મજકુર સુબાની કારકીર્દીમાં જે લોકો કેદ પકડાય છે તેમની તજવીજ કરવા કે નિકાલ કરવામાં ઘણીજ ઢીલ થાયછે. જે પરથી હજુર ફરમાવેછે કે, તેમ નહિ કરતાં પરોક્ષ રીતે એવો ઇન્સાફી ફેંસલો આપવો કે, જેથી બીનગુનેહગાર છુટો થાય અને ગુનેહગારને શિક્ષા મળે; તેમજ તમામ રૈયત પૈકી કોઇપણ માણસ ઉપર જોરજુલમ કે એવી ગેરવ્યાજબી વર્તણુંક ચલાવવી નહિ, કે જેથી બિચારા નિરઅપરાધી અને બીનગુનેહગાર લોકો કેદમાં પડી સડ્યા કરે. માટે દરેકની ઘણીજ ઊંડી બારીકીથી તજવીજ કરી ઘટીત અને ન્યાયસર ફેંસલો આપવો. આ વિષે ઘણીજ તાકીદ સમજી નિચે જણાવ્યા મુજબની કલમોના આધારે અમલ કરવો. તે સાથે વળી એટલું પણ યાદ રાખવું કે, તે વિષે પાકી તજવીજ તથા પૂછપરછ કરવામાં આવશે.

**કલમ**—(૧) જો કોઇપણ માણસ ઉપર ચોરીનો શક પડતો હોય, અને તે શરેહપ્રમાણે કબુલત કે પુરાવાથી સાબીત થતાં તેને શિક્ષા કરવાની જરૂર

પડે તો તેને શિક્ષા દઇ કેદ કરવો અને જ્યારે એવું સિદ્ધ થાય કે ફરીથી તે ચોરી કરશે નહિ, ત્યારે તેને છુટો કરવો. (૨) જો કોઇ શહેરમાં કોઇ ચોર, ચોરી કરીને નાશી જાય અને પાછળથી પકડાઇ જતાં, તપાસ કરતાં તેનાપર ગુનોહ સાબીત ઠરે તો તેને મારી નાખવાની શિક્ષા કરવી નહિ, પણ એવી શિક્ષા કરવી કે જીવે ત્યાંસુધી યાદ કરે, કારણ કે તેવી શિક્ષા થવાથી ફરી વખત ચોરી કરવાનો સંભવ રહેતો નથી. (૩) જો કોઇ શખસ નિસાબ જેટલા (નિસાબ એટલે જે માલઉપર જકાત લાગુ થાયછે તે.) અથવા તો તેથી ઓછી કિંમતના માલની ચોરી કરે, ને તે શરેહપ્રમાણે સાબીત થાય તો તેને શિક્ષા કરવી; અને જો ફરીથી પણ તે એજ ગુનોહ કરે તો તેને પાછો શિક્ષા કરી કેદમાં રાખવો. ત્યારબાદ તે ફરી વખત ગુનોહ નહિ કરે એવી પાકી ખાત્રી થાય તોજ તેને મુક્ત કરવો; પરંતુ તેમ કર્યા છતાં પણ તે નહિ સુધરતાં ગુનાહો કર્યાજ કરે, તો તેને જન્મટીપની શિક્ષા કરવી કે મારી નાખવાની શિક્ષા કરવી, અને તેના માલને (ચોરેલો માલ) તેનો અસલ માલિક જો હાજર હોય તો તેના સ્વાધિન કરવો, નહિ-તર નિવારસી માલમાં જમા કરી દેવો. (૪) જો કોઇ માણસને બે વખત ચોરી કર્યા બદલની શિક્ષા મળી ચુકી હોય, છતાંપણ તેને નહિ ગણકા-રતાં તે હંમેશાં તેવાંજ કૃત્યો કર્યા કરે તો તેને કલમ ત્રીજીમાં બતાવ્યા મુજબની શિક્ષા કરવી. (૫) જો કોઇ બદમાશે હરકોઈની કબર તોડી તેમાંથી કફનની ચોરી કરી હોય અને તેને પકડવામાં આવતાં તે ગુનોહ તેનાપર સાબીત થાય તો તેને અંગિકશિક્ષા કરી છોડી મુકવો. પણ જો હંમેશાં એવોજ ધંધો કર્યા કરતો હોય તો તેને હદપાર (દેશનિકાલ) કરવો અથવા તો કર (હાથ) કાપવાની શિક્ષા કરવી. એ બંન્નેમાંથી શરેહ તથા સુબાને જે યોગ્ય લાગે તેપ્રમાણે ન્યાયાધિકારીઓના અભિ-પ્રાયો લઇ વર્તવું અને ચોરેલો માલ કાજીને સોંપી દેવો, કે જેથી તે શરેહપ્રમાણે ઉપયોગમાં લાવે. (૬) કોઇપણ માણસ કાજીની રૂબરૂ શરે-હના પુરાવાથી ડાકુ (ચોર કે ઠગારો) સાબીત થાય તો કાજીએ પોતાની રૂબરૂમાં તેને અંગિકશિક્ષા કરવી, પછી જે પ્રકારનો ગુનોહ સાબીત થાય તે પ્રકારની સજા (કેદ) આપવી. (૭) જો કોઇ ચોર પકડાઇ જાય અને પોતાને શિક્ષા થશે એવા ભયથી બીજાના ચોરેલા માલનો પત્તો મેળવી આપે અથવા તો તે માલ તેનીજ મારફત જાહેર થાય તો તે વિષે પૂરતી તપાસ કરવી, તપાસ કરતાં સાબીત થાય કે તે ચોરોનો પ્રમુખ છે તો

તેને શિક્ષા કરવી, પણ જો વધુમાં એમ જણાય કે આ ગુનોહ પણ તેનોજ કરેલો છે, તો તેને શિક્ષા કરી કેદની સજા કરવી અને તે સજાની મુદત ફરી વખત તે કામ કરવાની તેનામાં હિમ્મત ન રહે ત્યાંસુધીની: જાણવી. તેમ છતાં જો છુટયા પછી પણ થયેલી શિક્ષાને નહિ ગણકારતાં ફરીથી તેવાજ ગુનાહો કરવા માંડે તો તેને સખત શિક્ષા કરી જન્મકેદની સજા કરવી, અને પકડાએલા માલને ધારાપ્રમાણે તજવીજ કરતાં જો તેનો માલીક મળી આવે તો તેને સોંપી દેવો, નહિતો નિવારસી ઠરાવી જમા કરવો. તેમજ કોઇ માણસે અજાણપણાથી ચોરાઉ માલ વેચાતો લીધો છે એવું જો જણાય તો તેને છોડી દેવો, પરંતુ જો તેનો માલીક તે માલ પોતાનોજ છે એમ સાબીત કરી આપે અને તે વિષે તજવીજ કરતાં પણ એવુંજ માલમ પડે તો તે માલ તેને સોંપી દેવો, નહિતો ઉપર જણાવ્યા મુજબ વ્યવસ્થા કરવી. (૮) ઘરફાડુ લુંટારુઓ, કે જેઓ લોકોનાં ઘરવિગેરે ઇમારતો તોડી ફોડીને લુંટી લેવાનો ધંધો કરેછે અને લોકોના જાન-માલનાં નુકશાન કરેછે તેઓપર જો ગુનોહ કર્યો સાબીત થાય તો તેઓને સખતમાં સખત શિક્ષા કરવી. (૯) ગરાશીઆ તથા જમીનદારોમાં જેઓ બંડખોર, હુલ્લડખોર કે તોફાની હોય અને તેવાઓને મારી નાખવાથી પ્રજાવર્ગમાં જો ખસુશાન્તિ જળવાતી હોય તો તેઓપર ગુનોહ સાબીત થએથી તે પ્રમાણે શિક્ષા કરવી. (૧૦) ફાંસીયા લોકો કે જેઓ, માણસને ફાંસો ( ફુંપો ) દઇ મારી નાખવાનો ધંધો કરેછે તેઓ ઉપર જ્યારે તેવો ગુનોહ સાબીત થાય તો તેઓને ઘણીજ ભારે શિક્ષા કરી કેદમાં રાખવા, તે એટલે સુધી કે તેઓમાં ફરી તેવું કામ કરવાની બિલકુલ શક્તિ પણ રહે નહિ. આવી સજા થયાની જાણ લોકોને તથા સુબાને કરવી જોઇએ. તે સિવાય શકઉપરથી તપાસ કરતાં જો ફાંસો દેવાનાં સાધન કે લોકોનો માલ તેમની પાસેથી મળી આવે, અને સુબા તથા ન્યાયાધિકારીઓને પણ ખાત્રી થાય કે, ખરેખર આ માણસો તેવાજ ધંધો કરેછે તો તેઓને સખ્ત સજા કરવી. (૧૧) કોઇ માણસ ચોરી, ઘરફાડુ કે ફાંસો વિગેરે જેવા નીચ ધંધા કરતાં પકડાઈ જાય અને તે ગુનોહ સાબીત થાય તો તેને સખત શિક્ષા દઇ કેદ કરવો, કે જે સજા સુબા તથા ન્યાયાધિકારીઓને પણ યોગ્ય લાગે, તેમજ એ પણ સાબીત થાય કે તેણે ઘણી વખત એવા ગુનાહો કર્યા છે તો તેને સખત શિક્ષા કરવી અને કાજી પાસે તેને રજુ કરવો. (૧૨) લુચ્ચા માણસો કે જેઓ લોકોનાં ઘરોને આગ લગાડી, જેવા મળેલા માણસોની

થયેલી ભીડમાં ભળી જાયછે અને માલની ચોરી કરેછે, તથા ધતુરો, ભાંગ કે જાયફળ જેવી બીજી નિશાવાળી ચીજો ખવડાવી લોકોને બેભાન કરી તેમનો માલ લઇ જાયછે તેવાઓને ગુન્હો સાબીત કર્યા બાદ એવી સખત શિક્ષા કરવી કે જેથી બીજી વખત કરવા પામે નહિ; પરંતુ છુટયા પછી પણ ફરીથી તેવોજ ગુનોહ કરે, અને તેનાપર પોતાના માલની કોઈ ફરીયાદી કરે તો તેને સખત શિક્ષા કરીને કાજીનીપાસે રજુ કરવો; ત્યારબાદ પકડાએલો માલ તેના માલીકને ખાત્રી કરી સોંપી દેવો. (૧૩) કોઇ એવી ટોળી કે જે, રાજ્ય-રિપુ ( રાજનો દુશ્મન ) થવાની ઇચ્છાથી યુદ્ધ સામગ્રી કરતી હોય, પણ પૂર્ણતાએ ન પહોંચી હોય તો તેવી ટોળીના માણસોને પકડી કેદમાં નાખવા, પરંતુ જો કોઇ જગ્યાનો કબજો કરી લઇ લડાઇ ચાલુ કરી દીધી હોય, તો તેઓને હરાવી કેદ પકડવા અને ઘાયલ થએલાઓને મારી નાખી પકડાએલો માલ જેનો તેને મુચરકા કે જામીન લઈ પાછો સોંપવો. (૧૪) જો કોઈ માણસ સિક્કા પાડે તો તેને પહેલી વખતે શરીરશિક્ષા કરી છોડી મુકવો, તે છતાં જો તે કામ ફરીથી પણ કરે તો તેને શરેહપ્રમાણે સાબીત કરી સખત શિક્ષા કરીને જન્મ કેદ કરવો. ( ૧૫ ) કોઈ માણસ સિક્કા પાડનાર પાસેથી નાણાં લઇ, સાચાં નાણાંની બદલીમાં તે નાણાં ચલાવે તો તેને પકડી શિક્ષા કરી છોડી મુકવો, પણ ફરીથી તેજ ગુનોહ પાછો કરે તો તેને કેદ કરવો અને તેવો ગુનોહ ફરીવાર નહિ કરવાની કબુલત તથા જામીન ન આપે ત્યાંસુધી કેદમાં રાખવો. (૧૬) કોઇ માણસ પાસેથી બનાવેલા સિક્કા મળી આવે અને તેની તપાસ કરતાં માલુમ પડે કે, તે માણસ સિક્કા પાડનાર કે ચલાવનાર નથી, તો તેને છોડી મુકી તેની પાસેથી તે સિક્કા લઇ લઇને ભાંગી નાંખવા; પણ જો એમ સાબીત થાય કે તે સિક્કા તેનાજ પાડેલા છે તો તેને પકડી શિક્ષા કરવી. (૧૭) કોઇ ઠીમીઓ ( ઠગ ) પોતાની ઠગબાજીથી લોકોને ધુતી લેતો હોય અને તે સાબીત થાય તો તેને પકડી શિક્ષા કરવી અને ધુતેલો માલ તેના માલીકને સોંપવો, માલીક ન મળે તો નિવારસીખાતાંમાં જમા કરવો. (૧૮) કોઇ માણસ ફરેબ (દગો) કરી કોઇને ઝેર ખવરાવે અને તે ખાનાર માણસ મરી જાય તો સાબીત થયેથી સખ્ત શિક્ષા કરી તેને સુધરે ત્યાંસુધી કેદ રાખવો. ( ૧૯ ) કોઇ લુચ્ચો માણસ કોઇની સ્ત્રી, છોકરો કે છોકરીને ફોસલાવીને લઇ જાય તો, તેને શિક્ષા કરવી, અને જ્યાંસુધી

તેઓને તેમના વાલીને સોંપવામાં ન આવે ત્યાંસુધી તેને કેદમાં રાખવો. તેમજ કોઇ કુટણી સ્ત્રી, કોઇની છોડી કે સ્ત્રીને કુમાર્ગે દોરે, અથવા તો ખરાબ કામ કરવામાટે કોઇને ઘેર લઇ જાય, તો તેને સખત શિક્ષા કરી કેદ કરવી અને સુધરેથી તેવાં નિચ કૃત્યો નહિ કરવામાટે તેને સુચના આપવી. ( ૨૦ ) જુગારી માણસોની તજવીજ કરતાં ગુન્હો સાબીત થાય તો તેઓને સખત મજુરી સાથે કેદ કરવા; તેમ છતાં છુટયા પછી પણ ન સુધરે તો તેઓને જન્મકેદ કરવા અને શરેહપ્રમાણે પૂરવાર કરી જુગારમાં પકડાએલો માલ તેના અસલ માલિકને સોંપી દેવો, અને જો માલિક ન મળે તો નિવારસીખાતામાં તે માલ જમા કરવો. (૨૧) કોઇ માણસ મુસલમાની શહેર કે કસ્બામાં ગુલામનું વેચાણ કરે તો તેને જ્યાંસુધી તેવું કામ કરતાં તે અચકાય નહિ ત્યાંસુધી સખત કેદમાં રાખવો. (૨૨) કોઇ માણસ દારૂ બનાવનારને નોકર રાખી દારૂ બનાવરાવી વેચાણ કરતો હોય તો ગુનોહ સાબીત થએથી સખત શિક્ષા કરવી, પણ જો અજાણ્યો માણસ હોય તો તેણે હજુરમાં અરજ કરવી, તથા દારૂ બનાવનારને શિક્ષા તથા શિખામણ આપવી. (૨૩) ભાંગવિગેરે કેફી જણસો વેચનારને ગુનોહ સાબીત થયેથી શિક્ષા કરી કેદ કરવો. ( ૨૪ ) કોઇ માણસે કોઇ બીજા માણસને પાણીમાં નાખી દીધો હોય કે ઉંચી જગ્યાએથી ફેંકી-પછાડી મારી નાખ્યો હોય અને તેનો શરેહપ્રમાણે પૂરાવો મળે તો તેને શરીર-શિક્ષા કરી કેદમાં રાખવો અને તેના વારસોને તેનો શરેહપ્રમાણેનો બદલો અપાવવો; પણ જો તેણે તેવું કામ વધારે વાર કર્યું હોય તો તેને મોતની શિક્ષા કરવી. (૨૫) કોઇ બદચાલવાળો માણસ કોઇના ઘરમાં કુકર્મ કરવા માટે પેસી જાય અને તેવો ગુનોહ જો સાબીત થાય, તો તેના સુધરતાં સુધી તેને સખત કેદની સજામાં રાખવો, કે જેથી તે ફરી વખત તેવા ગુનોહ કરવા પામે નહિ. (૨૬) જો કોઇ ખટપટી માણસે કોઇ હાકેમની પાસે પોતાની અદેખાઇથી લોકોની હકીકત ખોટી રીતે જાહેર કરી તેમના માલનું નુકશાન કરાવ્યું હોય અને તે જો પૂરવારરીતે સાબીત થાય તો તેને તેવાં ખટપટનાં કૃત્યો કરવાથી દૂર રાખવામાટે તે સુધરે નહિ ત્યાંસુધી કેદમાં રાખવો અને જેમનો માલ ઉચાપત થયો હોય તેમને તેના માલની શરેહપ્રમાણે સાબીતી કરીને બદલો અપાવવો. (૨૭) કોઇ પણ ગેરમુસલમાન સ્ત્રી કે પુરૂષ, અને કોઇપણ મુસલમાન સ્ત્રી કે પુરૂષ-બન્ને

આમનસામન એકબીજાને ધણીધણીઆણી કરી રાખે, અને તે ગેરમુસલમાન સ્ત્રી-પુરૂષ જો ખ્રિસ્તી કે યાહુદી ન હોય તો તેમને કાજીની સમક્ષ રજુ કરવાં, કે જેથી તે શરેહપ્રમાણે અમલ કરે. (૨૮) પુરૂષ-પુરૂષથી કુકર્મ કરનાર, જારકર્મ કરનાર, મદ્યપાન કરનાર, નિશો કરનાર અને ધર્મથી ફરી જનાર વિગેરેને કાજીના સ્વાધિન કરવા; તે સિવાય ગુલામો, જો પોતાના અસલ માલીકના ઘરમાંથી નિકળી જઇ, દિવાનો કે મહાજનોની નોકરીમાં રહ્યા હોય તો તેઓને પણ કાજીને હવાલે કરી શરેહપ્રમાણે ફેંસલા કરાવવા અને કાજીના હુકમપ્રમાણે અમલ કરવો. (૨૯) ખુનીઓએ કરેલાં ખુન શરેહપ્રમાણે જો ચોકસરીતે સાબીત થાય તો તેઓને પકડી કેદ કરી, તેઓની હકીકત હજુરમાં રજુ કરવી. (૩૦) કોઇ માણસ કોઇના બાળકને શતડો બનાવે અને તે જો સાબીત થાય તો તેને, તે ફરી વખત તેવું કામ નહિ કરે તેવી ખાત્રી થાય ત્યાંસુધી સખત કેદની સજામાં રાખવો; તથા બાળકના વાલીનો કંઇ દાવો હોય તો તેને કાજીની રૂબરૂ રજુ કરવો. (૩૧) કેટલાક એવા ધર્મગુરૂઓ, કે જેમના બોજથી ખોટી અને નવી આસ્થાઓનો પ્રચાર થતો હોય અને તે સાબીત થાય તો તેમને શિક્ષા કરવી. (૩૨) કેદખાનાવિષે-જે વખતે જે જે કેદીઓને પકડવામાં આવે, તે વખતે તે દરેકની હકીકતથી વાકેફ થઇ, તે ગુનોહ જો ખાલસાના સંબંધનો હોય તો કેદીને મહાલના અધિકારીના હવાલામાં સોંપી દઇ તાકીદ કરવી કે ઘણી તાકીદે કામ ચલાવી ફેસલો કરે; પણ જો બીજી કોઇ જાતનો ગુનોહ હોય, તો કાયદાની કલમોપ્રમાણે અમલ કરવો. તે સિવાય કેદીઓની સ્થિતિ જોવામાટે કચેરીઓ તથા ચબુતરાપર કોટવાલવિગેરે અધિકારીઓએ વખતોવખત જવું, અને તેમાં જેઓ બેગુનાહ માલુમ પડે તેઓને છોડી મુકવા. (૩૩) જે કોઇ ગુનેહગારને અધિકારીઓ જો ચબુતરા કે કોટવાલ તરફ મોકલે, કે ફરીયાદી કોઇને લઇને આવે, અથવા તો કોટવાલના માણસો કોઇને પકડી લાવે, તો કોટવાલે પોતાની જાતથી તેની તજવીજ કરવી. જો તે બેગુનાહ હોય તો તેને ચબુતરે રાખવો, અને જો શરેહપ્રમાણે કોઇની હાઇકોર્ટની અપીલ હોય, તો તેને કોર્ટમાં નોંધવા ભલામણ કરવી; પરંતુ જો જમીનના માલસંબંધી ખાલસાનો મુકદ્દમો હોય તો સુબાને જાહેર કરી કાયદાપ્રમાણે અમલ કરવો. જો કાજી કોઇને કેદમાં મોકલે, તો કાજીના હસ્ત-ખતનો દસ્તાવેજ લઇ કેદીને કેદખાનામાં દાખલ કરવો,

અને જો કંઇ મુદ્દત ઠરાવી હોય, તો તે મુદ્દત પુરી થયે ન્યાયાધિકારીઓની રૂબરૂ તે કેદીને રજુ કરવો, કે જેથી તેઓ તેને છોડી મૂકે અથવા તો તેનો તાકીદે કંઇકપણ ફેસલો આપે. ( આ જગ્યાએ મારે જણાવવું પડે છે કે, આ ફરમાનની નકલ લેવામાં એવું બન્યું હતું કે, તેની ઘણીજ જુની અને કીડાની ખાધેલી એક પ્રત મને મળી આવી હતી, જેમાંથી કેટલુંક લખાણ તો તદન નાશ પામેલ હતું, જેથી મેં મારી બુદ્ધિપ્રમાણે તેને શુદ્ધ કરીને દાખલ કરેલ છે. )

વળી ઉપરના ફરમાનસાથે બીજું પણ એ ફરમાન મોકલવામાં આવ્યું કે, પ્રધાનપદીને લાયક અને શુદ્ધ બુદ્ધિવાળા ખાજા મુહમદ હાશિમ સદાએ રાજ્યરક્ષણમાં રહો. હવે સરકારશ્રીની જાણમાં આવ્યું છે કે, અહમદાબાદના સુબાના તાબાના કેટલાએક અમલદારો કેદીઓપ્રત્યે બેદરકારી બતાવી મુકદ્દમાઓની તજવીજ કરવામાં વિલંબ કરેછે અને જલદી ફેસલા આપી નિકાલ કરતા નથી; તેમ એવું પણ કરતા નથી, કે જેથી બીનગુનેહગાર કેદમાંથી મુક્ત થાય અને ગુનેહગાર શિક્ષા પામે. જેથી મજકુર સુબાના અધિકારીઉપર હજુર–હુકમ મોકલવામાં આવ્યો કે, કેદીઓના મુકદ્દમાવિષે જે ધારાઓ દ્રષ્ટાંતરૂપે લખાયા છે તેપ્રમાણે તાકીદે અમલ કરવો, કે જેથી કરી કોઇપણ બીનગુનેહગાર કેદમાં પડે નહિ તેમ તેનાપર જુલમ પણ થાય નહિ. માટે તમારે પણ હુકમપ્રમાણે અમલ કરવો; અને હમેશાં સઘળી હકીકત હજુરમાં મોકલતા રહેવું.

આ વખતે મોટી પદ્વીનો અમીર **અમીરખાન** કે જે, પોતાની કેટલીક ગેરવર્તણુંકોના લીધે સરકારી ઇતરાજીમાં આવી પડ્યો હતો તે નોકરીથી દૂર થયો, અમીરીનું માન તથા હાથી, ઘોડા, નોબત–નિશાન વિગેરે સઘળું સરકારમાં જપ્ત થઇ ગયું અને તેને મક્કે જઇ રહેવાનો હુકમ થયો. તે રવાને થઇ જાલોરની સરહદમાં પહોંચ્યો ત્યારે, પાછળથી **અસદખાન ઉમ્દતુલમુલ્કની** અરજઉપરથી હુકમ થયો કે, તેણે (અમીરે) અહમદાબાદમાં જઇને રહેવું. પરંતુ સુબાના મનસબદારો પૈકી કોઇએ પણ તેને મળવા જવું નહિ.

ત્યારબાદ **મહારાજા જસવતસિંહે** હજુરમાં નમ્રતાપુર્વક અરજ કરી કે, ખોટાં કામ કરવાના લીધે થયેલી શરમીંદગીથી **જામ** પશ્ચાતાપ કરેછે અને એવો કરાર લખી આપેછે કે, સદાએ સરકારનો નિમકહલાલ રહી

સેવામાં તત્પર રહીશ. તો તેને ઇસ્લામનગરનો સઘળો બંદોબસ્ત સોંપવો જોઇએ, તથા દિલેરખાનને તેના બે ભાઇઓની સાથે પોતાની ફોજદારીની વખતે જે મનસબ મળતું હતું તે, તેને આપવું, કે જેથી તેનો નાનો કુંવર પણ લાભ મેળવે; અને તેની સાથે રહેલા જાડેજા રજપુતોનાં રહેવાનાં વીશ ગામો પણ ઇનામમાં આપવાં. આ પ્રમાણે થવાથી દેશનો સંતોષકારક બંદોબસ્ત રાખવા તે કબુલ કરેછે; તથા **તમાજી** કે જેને નવાનગરની જીત વખતે કુતબુદ્દીનખાને નસાડી મુકયો હતો અને જે જાડેજા જાતનો રજપુત હતો, કે જે જાત રજપુતોમાં સર્વોત્તમ ગણાય છે તેથી મહારાજાએ અસદખાનની મારફતે તેની અરજી હજુરમાં પહોંચાડી. તે અરજી મંજુર થઇ અને તેનાં કૃત્યોની માફી બક્ષવામાં આવી, ઇસ્લામનગર (નવાનગર) નો બંદોબસ્ત, એકહજારી મનસબ અને સાતસો સ્વારોની સત્તા તેને સોંપવામાં આવી. તે સિવાય **ફુલને** ત્રણસો અને એકસો સ્વારો, **જાદવને** દોઢસો સ્વારો, તથા **મેરામણને** બસો અને એકસો સ્વારો એપ્રમાણેની સત્તા મળી. તમાજીના મોટા દીકરા **લાખાએ** હજુરમાંથી બસોનું મનસબ અને સાઠ સ્વારોની સત્તાનું માન મેળવ્યું અને તે પોતાના પિતાપાસે જવામાટે રવાને થયો, તથા તેનો (તમાજીનો) નાનો કુંવર **રણમલ** દોઢસોનું મનસબ અને પચાશ સ્વારોની સત્તાનું માન પામ્યો. **જામને** તેના ભાઇઓ તથા પુત્રોની સ્વારોની હાજરી માફ કરીને પચીસ ગામો ઇનામમાં અપાયાં અને હુકમ થયો કે, ધર્મસંબંધી જે જે નિયમો ચાલુ થાયછે તેમાં કંઇપણ દખલ નહિ કરતાં નિમકહલાલીથી એક હજાર સ્વારો તથા તેટલાજ પેદલથી સુબાની સાથે રહી સરકારી સેવા બજાવવી. આ વિષે સને પંદર જુલુસી માહે રબીઉસ્સાનીનું લખેલું ફરમાન સોરઠ તથા ઇસ્લામનગરના દીવાન **શમશુદ્દીન** ઉપર મોકલવામાં આવ્યું. જેમાં એ પણ ભલામણ કરેલી હતી કે જાગીરનાં ગામો પણ નક્કી કરવાં.

હવે એ પણ જાણવું જોઇએ કે, નવાનગરના ગરાશીઓ કે જે, અકબર બાદશાહના વખતમાં **રાજા ટોડરમલ** જ્યારે બંદોબસ્ત કરવામાટે અત્રે આવ્યો હતો ત્યારે, **શેરખાન** ગુજરાતીની મારફતે તેને આવી મળ્યો હતો. મજકુર સાહેબે જાહેર કર્યું હતું કે, સુલતાન મુજફ્ફર ગુજરાતીના વખતમાં ચારસો ગામો દરોબસ્ત તથા ચારહજાર વાસો જમીનદારીના ચોથા ભાગમાં તેના સ્વાધીન હતાં અને તે પાંચહજાર સ્વારો તથા ચાર

હજાર પેદલથી સુલતાનની સેવામાં હાજર રહેતો હતો તેથી તેને જાતીકા ચાર હજાર રૂપિયાનું મનસબ, ચાર હજાર સ્વારો અને ચાર હજાર પેદલની સત્તા બહાલ રાખીને નવાનગરનો ગરાસ કાયમ કરી આપ્યો તથા એક લાખ મેહેમુદી અને એકસો ઘોડા પેશકશીમાં લેવાનો ઠરાવ કર્યો હતો, કે જે ઠરાવ બાદશાહજાદા મુહમ્મદ મુરાદબક્ષની સુબેગીરી સુધી ચાલુ રહ્યો હતો; અને પોતે પણ સેવામાં રહી સુબાના હુકમ પ્રમાણે અમલ બજાવતો હતો. તેવી રીતે **મહાબતખાન**ની સુબેગીરી અને **કુતબુદ્દીનખાન**ની ફોજદારી સુધી ચાલુ રહ્યું.

આ વખતે મહારાજાની સિફારસથી ઉપર લખ્યા પ્રમાણે ઠરાવ મંજુર થયો. ઇસ્લામનગરની સરકારી ઉપજ કે જે, અહમદાબાદના સુબાના તાબાના સરદારોના પગારમાં વપરાતી હતી તે, છેક **ઔરંગઝેબ** બાદશાહના સ્વર્ગવાસ સુધી ચાલુ રહી. **ખંભાળીયા,** કે જ્યાંઆગળ રહીને જામરાજા બાદશાહી સેવા બજાવતો હતો અને **ઇસ્લામનગર,** કે જ્યાંઆગળ સરકારી ફોજદાર–તેવીલદાર મંડળનો દરોગો કાયમ હતો; તેમજ મહેસુલની વસુલાત પણ સરકારી ધારાપ્રમાણે વસુલ થતી હતી. હવે ઔરંગઝેબ બાદશાહના સ્વર્ગવાસ પછી **જામે** કબજો કરી લઈ એક મજબુત કિલ્લો બાંધ્યો અને તેની પાસેના સમુદ્રમાંથી નિપજતાં મોતી પોતાના ઉપયોગને માટે કઢાવવા લાગ્યો. પ્રથમ તેને એવી ધાસ્તી હતી કે, મોતી કઢવાથી મારાં રાજને નુકશાન પહોંચશે, એમ ધારીને તે કઢાવતો નહોતો. નવાનગરી મોતી જોકે પાણી તથા રંગમાં સર્વોત્તમ ગણાયછે, પરંતુ તે વધારે મુદત ટકી શકતાં નથી; તે એવી રીતે કે, થોડોક કાળ વિતતાં તેના રંગ–રૂપમાં ફેર પડી જાયછે અને તેથી તેની ખરી કીંમત પણ ઉપજતી નથી. ત્યારબાદ સરકારી અધિકારીઓનો તેનાપર કંઇપણ હક કે દાવો રહ્યો નહિ, પણ સુબો જોર રાખીને પેશકશી દાખલ કંઇક વસુલાત કરેછે. તેમ પહેલાંના ધારાપ્રમાણે અમલ પણ રહ્યો નહિ. કેમકે, વહેપારીઓનો જે કંઈ માલ ઇસ્લામનગરમાં જાયછે, તેને ત્યાંની મંડઇમાં મંજુર રાખી મહેસુલ લેવામાં આવતું નથી. તે ઉપરથી સોરઠ સરકારની ફોજદારી તથા તેવીલદારી ઉપર સરદારખાનને નિમવામાં આવ્યો અને મજકુર સનના જમાદીઉલઅવ્વલ માસમાં **શેખ નિઝામુદ્દીન એહમદ**ને સુબાની દીવાનીપર નિમવાનો ઠરાવ થયો. સને ૧૦૮૩ માં માફ કરેલા

માલની જકાતવિષેનું ફરમાન દીવાનના નામઉપર મોકલવામાં આવ્યું. જેની નકલ નીચે મુજબ છે.

## માફ કરેલી જકાત નહિ લેવાવિષેના ફરમાનની નકલ.

સને ૧૬ જુલુસીના માહે મોહરમમાસની બાવીશમી તારીખે આ ઠરાવ લખવામાં આવ્યોઃ–કરકસરનું પોપણ ધરાવનાર **નિઝામુદ્દીન એહમદે** બાદશાહી ઉપકારના ઉમેદવાર રહી જાણવું કે, હજુરનું આ માનભર્યું ફરમાન પહોંચ્યા પછી એવો બંદોબસ્ત કરવો કે, અહમદાબાદના સુબાના તાબાના મહાલના જાગીરદારોએ શ્રીમંત શાહજહાન બાદશાહના વખતમાં સને ૨૦ માં જે પ્રમાણેનો ધારો પસંદ કરેલો તે પ્રમાણેના માલનું મહેસુલ હિન્દુઓ પાસેથી વસુલ કરતા રહેવું, અને મુસલમાનોને તે દરેક રીતે માફ કરવામાં આવ્યું છે; તથા મનાઇ કરેલા મહેસુલવિષે કોઇપણ રીતે હરકત કરવી નહિ. જેની ફોડ આ મુજબ છેઃ—(૧) પ્રથમ જાગીરદારો, વહેપારીઓ અને વણઝારાઓ, કે જેઓ પોતાનો માલ વેચાણઅર્થે કોઇ જગ્યાએ લઇ જતા, તો તેઓ પાસેથી વાહનદીઠ જે મહેસુલ લેવાતું હતું તે લેવાની છુટ આપવામાં આવેછે. (૨) માછલાનું હાંસલ (જે, માછીઓ શિકાર કરી લાવીને વેચેછે), ભાજી–તરકારી (જેને કાછીઆઓ પોતાની વાડીઓમાંથી લાવીને વેચેછે), ઘાસફુસ ને કાઠી (બળતણ–જેને ગરીબ લોકો જંગલમાંથી કાપી લાવીને વેચેછે), પાલી, પરડા કે છાલ–બાવળનાં, કે જે, લોકો જંગલમાંથી લાવીને વેચેછે, દૂધ કે દહીંની બનેલી ચીજો, કસાઇપણાનું હાંસલ, કતલખાનાનું હંગામી હાંસલ કે જે, બકરાં વિગેરે ઉપર લેવાતું હતું, વાજાં વગાડનારા કે જેઓ લોકોના લગ્ન પ્રસંગે જઇ વગાડેછે તેઓપર લેવાતો કર, પાણીના માર્ગો કે જેના સુકાઈ ગયા પછી પણ મહેસુલ લેવાતું હતું, નાકા ઉપરનું હાંસલ કે જે, વહેપારીઓ તથા મુસાફરો ઉપર સરકારમાં સલામી દાખલ લેવાતું હતું, નાવડીઆઓની મહેનતઉપરનું હાંસલ કે જે, ઠરાવથી પણ વધારે સરકારમાં લેવાતું હતું, વાર્ષિક, માસિક ફસલ ઉપર શુક્રવારે, અને એક દીવસને આંતરે ઠંડી મોસમમાં, તથા ઇદ ઉપર, પાઘડી દીઠ, માથા દીઠ અને ઘર દીઠ લેવાતું હાંસલ કે જે, મુસલમાનોને માફ અને હિન્દુઓથી લેવાતું હતું, ઘાસ ચરામણ કે જે, વણજારા તથા બીજા લોકોથી લેવાતું હતું, તેહબજારીનું હાંસલ કે જે, લુગડાંને છાપ કરવાની વખતે લેવાતું હતું,

કલ્લાલો ઉપરનું હાસલ, કે જે, લોખંડની કડાઓ (જેમાં ખાંડ તથા ગોળ બનાવવામાં આવેછે તે) ઉપર લેવાતું હાંસલ, જોખવાનાં કાટલાંઓ (તોલાંઓ-લોઢાનાં કે પથ્થરનાં ) ઉપર મોહોર કરવામાં આવે ત્યારે લેવાતું હાંસલ, હવેલીઓની જમીનના વેચાણ કે ખરીદીપર લેવામાં આવતું હાંસલ અને લશ્કરના પડાવમાં મંગાવવામાં આવતી જણસોપર લેવામાં આવતું હાંસલ. (૩) બળદગાડી, ડોલી કે સ્વારીનાં બીજાં વાહનોને અડચણ કરવી નહિ. તે સિવાય ડોલી, બળદગાડી કે લોકોનાં બચ્ચાંઓમાટેની પેટીઓપર લેવામાં આવતું મહેસુલ. દાણા, કેરીઓ અને બીજી જણસોના વહેપારીઓ કે રૈયતપાસેથી અનાજ વધારે ભાવ લઇ આપવું અને ઓછો ભાવ આપી ખરીદવું તે- પીંજારા કે ઘાંચીવિગેરે જે લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ જઇ નવી દુકાન ઉઘાડે તો તેમની પાસેથી કેટલાક અધિકારીઓ કે ચોદરીઓ જે કંઇ મહેસુલ લેતા હતા તે- નવા અધિકારીઓ પોતાની ભેટ કે જે, કોઇ કોઇ ઠેકાણે વણઝારાવિગેરે બીજા લોકોપાસેથી લેતા હતા તે- શકરાનાનો દંડ- બચ્ચાંઓના જન્મવખતે લેવામાં આવતા ટેકસની ચોથ, અને ચોરાઉ માલ તેના અસલ માલિકને સોંપતી વખતે અધિકારીઓ જે કંઇ ભેટ દાખલ લેતા હતા તે- વણઝારાની ભેટ, ચુંગી, ઉપરનો કર, ત્રાજવું ઝાલવાવિષે દરોગાગીરીનું નજરાણું ( જેને કેટલીક જગ્યાએ દંડીદરાજી પણ કહેછે) ભાજી-તરકારીની નોંધ કરવામાટેનો કર, મેવા વિગેરેની નુકશાની, કોટવાલીના કર કે જે, કોટવાલીના ચબુતરા ઉપર લેવાતા હતા તે, અને આશ્રિત લોકોના પોષણાર્થે લેવામાં આવતા કર વિગેરે.

તે સિવાય શ્રીમંત બાદશાહના સાંભળવામાં આવ્યું છે કે, દ્રાક્ષનાં ફળો રસ્તામાં આવતી ચોકીઓપર લેવામાં આવેછે અને અમલદારો જુલમ કરેછે. તે ઉપરથી હુકમ થયો કે, જે મેવા સરકારી આજ્ઞાથી આવતા હોય તેમાં બિલકુલ હરકત કે ડખલ નહિ કરવામાટે ઘણીજ સખત તાકીદ તથા બંદોબસ્ત કરવો.

આ વખતે **મોરબી** પરગણું કે જે, સરકારી ખાલસામાં ગણાતું હતું તેને આબાદ કરી વસાવવા માટે સુબાના દીવાન ઉપર હુકમ થયો; તથા આલમગીરી પૈસાઓ ચાલુ કરવા માટે દશ-પંદરના હિસાબે રોજીંદા મજુરીમાં આપવાવિષેનો ઠરાવ થયો. તે સિવાય **પોરબંદર** મહાલ કે

જે, સોરઠ સરકારના તાબામાં ખાલસાતરીકે ગણાતો હતો, ત્યાંનો જમીનદાર નોકરી તથા બંદરના રક્ષણ પેટે ચોથો ભાગ ભોગવતો હતો; કે જેણે નવી સનદને માટે સુબાના દીવાનને અરજ કરી હતી. જેથી સુબાના દીવાને હજુરમાં અરજ કરીને રજા મેળવી તેને સનદ કરી આપી.

ગુજરાતના સુબાનાં સાયરખાતાંની ઉપજ કે જે, ગુજરાતી સુબાના તેવીલદારોના પરગણામાં વપરાતી હતી, તે ખાલસા કરી નાખવામાં આવી અને મનાઇ કરેલા કરો કાઢી નાંખવાનો હુકમ થયો, કે જે વિષે ઉપર લખાઈ ગયેલ છે. કેટલાક મહાલો કે જે, સુબાવિગેરેની તેવીલમાં હતા તેમાં માફ કરેલા કરોને લીધે ઓછી ઉપજ થવાથી પગારદારોએ અરજ કરી. આ વેળાએ મહારાજાના વકીલે હજુરમાં મુચરકો લખી આપ્યો કે, મહારાજાની જાગીરનાં મહાલમાં માફ થયેલા કરો અમે વસુલ કરીશું નહિ, તેમ ચીજોઉપરનું મહેસુલ મુસલમાનો શિવાય હિન્દુઓ પાસેથી પણ ધારાપ્રમાણે લઇશું, અને તેમાં જે કંઇ નુકશાની જશે તેવિષે કંઇપણ અરજ કરીશું નહિ. આ ઉપરથી હજુર હુકમ થયો કે, મહારાજાની જાગીરના મહાલોમાં કોઇએ પણ કોઇપણ પ્રકારની દખલ નહિ કરતાં હાથ ઘાલવો નહિ. તે પછી આખા રાજ્યના દીવાનો ઉપર સરકારી આજ્ઞા થઇ હતી કે, જમીનો, પગારો અને રોજીંદાના પોષણાર્થે હિન્દુઓ તરફથી જે કંઇ અપાતું હોય તે જપ્ત કરી લેવું. તેથી **પેટલાદ** પરગણામાં આવેલું **રામોલરી** ગામ કે જે, માજી બાદશાહતના વખતમાં થયેલા ફરમાનથી **વરશા** નામના માણસને તે તરફના લુંટારાઓના ભયથી બચાવ અને રક્ષણાર્થે ઇનામમાં આપવામાં આવેલું હતું, તે ગામ આ કાયદાને અનુસરી જપ્ત કરવામાં આવ્યું; જેથી પ્રજાવર્ગ પૈકીના બસો માણસોએ મહારાજા પાસે આવીને પોતાની હકીકત જાહેર કરી. મહારાજાએ તે અરજી હજુરમાં મોકલાવી, કે જે ઉપરથી તે લોકોને પ્રથમના ધારાની શરતોથી તે ગામ પાછું ઇનામ દાખલ આપવામાં આવ્યું. આ વર્ષે મહારાજાને હજુરમાં બોલાવી લેવા હુકમ થયો, અને તેની સુબેગીરી **ઉમ્દતુલમુલ્ક અમીનખાનને** સોંપવામાં આવી.

# પાંત્રીશમો સુબો ઉમ્દતુલમુલ્ક મુહમ્મદ અમીનખાન.

સને ૧૦૮૩ થી ૧૦૯૩ હિજરી.

શેખ નિઝામુદ્દીન એહમદ, મુહમ્મદ શરીફ અને અબ્દુલ લતીફની દીવાની.

**કાબુલ**ના રસ્તાના બનાવ પછી **મુહમ્મદ અમીનખાન** અફગાનીઓથી હાર પામીને પાછો નાસી આવ્યો. એ બીના હજુરના સાંભળવામાં આવવાથી હજુરે તેને હુકમ ફરમાવ્યો કે, મહારાજા જસવતસિંહની બદલીમાં તેણે અહમદાબાદની સુબેગીરી ઉપર જવું; તે સાથે મહારાજા જસવતસિંહ ઉપર પણ હુકમ મોકલ્યો કે, તે ત્યાં આવી પહોંચે, કે તુરત તમારે તાકીદે દરબારમાં આવી પહોંચવું **ઉમ્દતુલમુલ્ક** કે જે, છહજારી મનસબ તથા એવડા તેવડા પાંચ હજાર સ્વારોની સત્તા ભોગવતો હતો, તે ગુજરાત તરફ આવવા રવાને થઇ સને ૧૦૮૩ હિજરીના માહે રબીઉસ્સાનીની બારમી તારીખે શહેરથી ત્રણ ગાઉ ઉપર આવેલા **કાલી** ગામમાં આવી પહોંચ્યો અને દરબારમાં જવા માટે રાહ જોઇ બેઠેલા મહારાજાને જઇ મળ્યો. અને ત્યાર બાદ તે અહમદાબાદ શહેરમાં દાખલ થયો. દીવાન શેખ **નિઝામુદ્દીન એહમદ** તથા વૃતાંત્ત લખનાર બક્ષી **મીર બહાઉદ્દીને** જઇ તેની મુલાકાત લીધી; અને **પાટણ** તથા **વીરમગામ** કે જે, સુબાના પગારની જાગીરમાં કપાએલાં હતાં ત્યાંનેમાટે ફોજદારો અને અધિકારીઓની નીમણુંક કરી.

આ વખતે પહેલાંની સુબેગીરીમાં નીમાએલા કેટલાક ફોજદારો તથા કેટલાક થાણદારો હતા. જેઓ પૈકી **સૈઇદ હસનખાન** અને **સૈઇદ દીલેરખાન** કે જેઓને દોઢ હજારી મનસબ અને બેવડા-તેવડા પંદરસો સ્વારોની સત્તા હતી તેઓ ઇડર તથા ભોલના પરગણામાં આવેલા **અંબીયાલા**ની ફોજદારી તથા તેહવીલદારી ઉપર નિમાયેલા હતા. સૈઇદ હસનખાનનો દીકરો **સૈઇદ હાશમ** વીજાપુરમાં આવેલા **બાંઝાના** થાણાનો થાણદાર હતો. સૈઇદ દીલેરખાનનો દીકરો **સૈઇદ મેહમુદખાન** જાતીકા નવસોનું મનસબ, બેવડા આઠસો સ્વારોના સત્તા અને વગરશરતે **વડોદરા**, **ડભોઇ**, **નાંદોદ** તથા બહાદુરખાનના વખતમાં નવા ઠરાવેલા **પેટલાદ** પરગણામાંના **પીપલીઆર** થાણાની ફોજદારી ઉપર હતો, તેમજ **મહાબતખાન**ના અમલ વખતે ખંભાતબંદરમાં આવેલા **કાજનાનું** થાણું પણ તેનાજ તાબામાં

હતું. **શાહ વરદીબેગ** કે જે, જાતિકા સાતસો રૂપિયાનું મનસબ અને ત્રેત્રીસસો સ્વારોની બિનશરતની પદ્વી ભોગવનાર હતો તે, **આઝમાબાદ** અને **પુનાદરા** ઉર્ફે **ઇસ્લામાબાદ**ની ફોજદારી તથા થાણુદારી ભોગવતો હતો. **મુહમદ જાફર** અલીબેગનો દીકરો કે જે, પાંચસોનું મનસબ તથા ચારસો સ્વારોની સત્તા ભોગવનાર હતો તે, સરનાલમાં **નાન્ડકાલ**નો ફોજદાર હતો. નડીયાદ પરગણામાં આવેલા **ઘોડવાલ** ઉપર મુઇઝુલમુલ્કના ભાઇ લતીફનો દીકરો બદલાયાથી પાંચસોનું મનસબ અને અઢીસો સ્વારોથી **ખંભાત બંદર**નો મુત્સદ્દી અમલ ચલાવતો હતો. સૈયદ કામીલનો દીકરો **સૈયદ કમાલ** કે જે, ચારસોનું મનસબ અને ચારસો સ્વારોની સત્તા ભોગવતો હતો તે, **પરાંતી, ઇસ્લામાબાદ** ઉર્ફે **શાહદરા** અને **વિસલનગર**ની ફોજદારી, તેમજ **કડોદ, ચલોદ, વાસના** અને **વાડલા**ની થાણુદારી પણ તેના તાબામાં હતી. શેરબાબીનો દીકરો **મુહમ્મદ મુઝફ્ફર** કે જે, **કડી**વિગેરે પરગણાની ફોજદારીઉપર હતો તેને વગરશરતના ચારસો સ્વારોની સત્તા અને ચારસો રૂપિયાનું મનસબ મળ્યું. કડી પરગણામાં આવેલા **ધોલેરીયા** ઉપર **મુહમ્મદ મુબારઝ બાબી** તથા **શેરબાબી**ને થાણુદાર ઠરાવવામાં આવ્યા, અને **કમાલ જાલોરી** કે જે, જાતીકા ચારસો રૂપિયાનું મનસબ અને સાડા ત્રણસો સ્વારોની સત્તા ધરાવતો હતો તેના બદલાયાથી **પાલણપુર**ની ફોજદારી **મુહમ્મદ ફતેહ જાલોરી**ને સોંપવામાં આવી હતી; આ વખતે તેના બદલાયાથી **કમાલ જાલોરી**ને પાછો પહેલાંની માફક કાયમ કર્યો.

**આઝમાબાદ**નો કોટ ( કિલ્લો ) કે જે, જીર્ણ થઇ ગયો હતો તેની મરામત કરવામાટે રૂ. ૮૨૫૦) આઠ હજાર, બસો પચાસ રૂપિયાનો અડસટો થયો હતો તે રૂપિયા સરકારી ખજાનામાંથી આપવા હુકમ થયો.

એજ વર્ષે વળી એવું પણ હજુરના સાંભળવામાં આવ્યું કે, ખાલસાના અધિકારીઓ અને જાગીરદારો પાછલી સાલોના બાકી રહેલા લેહેણાને વાસ્તે રૈયતને ઘણી અડચણો કરેછે અને તેથી જે લોકો ઉપર લેહેણું હતું તેઓમાંના ઘણાખરા જતા રહ્યા છે, કેટલાક નાસી જવાની તૈયારીમાં છે, અને જે થોડા ઘણા રહેલા છે તેઓ ગરીબ–નિર્ધન, લાચાર–નાદાર અને આપી શકે એવા નથી. તેથી સરકારી હુકમ થયો કે, પાછલી સાલોની ખાલસાની તેમજ જાગીરદારોની રૈયત ઉપર લેહેણી રહેતી રકમો માફ કર-

વામાં આવી છે; જેથી ખબરદાર, કોઇએ પણ રકમો લેવાને બહાને તે લોકોને હેરાન કે હરકત કરવી નહિ. જે લોકો પાસે પાછલી સાલનું લેહેણું નિકળતું હોય અને તે હાજર હોય, તેમ તે આપી શકે એવી સારી સ્થિતિમાં હોય તો તેમની પાસેથી વસુલાત કરવાની ગોઠવણ કરવી, પણ જો ગરીબ અવસ્થામાં હોય તો કોઇપિણ પ્રકારની કનડગત કરવી નહિ. આ વિષેનું ફરમાન સુબાના દીવાન ઉપર મોકલવામાં આવ્યું.

આ વખતે **ઉમ્દતુલમુલક** સુબા ઉપર એવો હુકમ આવ્યો કે, શહેરના કાજી **મુહમ્મદશરીફ** અને ધર્મ સત્તાધારીને શરેહના હુકમો અમલમાં લાવવાવાસ્તે પેદલ સિપાહીઓની સત્તા કરી આપવી. તે પછી જ્યારે શ્રીમંત બાદશાહને જાણ થઈ કે, શહેર અહમદાબાદના સાયરના મહાલની લુગડાંવિગેરેના હાંસલની રકમ કે જે, દરોગાપણા અને અમીનીનાં ખાતાં કે જે, **શેખ મોહૈયુદ્દીન**ના તાલુકામાં છે તેમાં પાછલી સાલો કરતાં આ વર્ષે વધારો થયો છે, તેથી તેની અરજ એવી છે કે, સાયરના માલનું મહેસુલ ઉઘરાવવા વાસ્તે વધારે નોકરો રાખવાની મંજુરી મળવી જોઇએ. તે ઉપરથી સુબાના દીવાનને મંજુરી આપવામાં આવી કે, એ નોકરો રાખી આપવા. ત્યારબાદ **મુલ્લાં હસન ગુજરાતી**એ અરજ કરી કે, એકવીશ ગામડાં **વીજાપુર, કડી** અને **પાટણ**માંથી જુદાં કાઢી, **વીસલનગર**માં દાખલ કરવાં. તે ઉપરથી મંજુરી આપવામાં આવી; અને તે દિવસથી તેને એક જુદું પરગણું ગણવામાં આવ્યું. તે વખતે, **હેબતખાન**ની બનાવેલી કસ્બામાં આવેલી મસ્જીદની મરામત કરવામાટે અડસટેલા રૂપિયા ૯૯૨) નવસો-બાણું સુબાના ખજાનામાંથી આપવામાં આવ્યા. તેવીજ રીતે **જુનાગઢ**નો કિલ્લો કે જે, મરામત કરવા લાયક થઇ ગયો હતો અને તુટી ગયો હતો, તેને વાસ્તે પણ મંજુરી અપાઈ. તે સિવાય **ખંભાત**ની હકિકત કે જે હજુરને વિદિત થઇ હતી, તે ઉપરથી ફરમાન મોકલવામાં આવ્યું કે, **ખંભાત**ની મુત્સદ્દીગીરી, ફોજદારી ચોરાસીની અને દેવાનની થાણદારી મુઇઝુલમુલ્કના ભાઇની બદલી થવાથી **મુહમ્મદ હાશમ**ને આપવામાં આવી.

સને ૧૦૮૫ હિજરીમાં સોરઠના ફોજદાર અને તેવીલદાર સરદારખાનના વકીલે અરજ કરી કે, સાયરનો મહાલ તેવીલદારો પાસેથી ખાલસા કરવામાં આવ્યો છે, અને તેનો બદલો આપવામાટે સુબાનો દિવાન તક-

રાર કરેછે. તે પરથી હુકમ થયો કે, માફ થયેલા રોકડ મહેસુલના બદલામાં એમ ગણાયું હોય તો પગાર કરી આપવો. ત્યારબાદ સને ૧૦૮૭ હિજરીમાં **દોહદ** કસ્બામાં એક ધર્મશાળા તથા મસ્જીદ બાંધવા માટે ૭૬૩૦૦) છોંતેરહજાર ત્રણસો રૂપિયાની રકમ અડસટવામાં આવેલી હતી અને તે પ્રમાણે **મુહમ્મદબેગ દરોગા**ના ઝડપથી કામ લેવાના બંદોબસ્તને લીધે તાકીદે પુરી બંધાઇ રહી. તથા જે ઠેકાણે સતીદાસનું મંદીર હતું તે ઠેકાણે ગરીબ મુસલમાનોના રહેવાને માટે મસ્જીદના તાબામાં ખાલસા જમીન બક્ષિશ કરવામાં આવી. તે પછી **સૈઇદ બાકર**ને અહમદાબાદના મુહતસિબ (ધર્માધિકારી)ની જગ્યાએ નિમવામાં આવ્યો, અને લંગરખાનાની ખેરાતમાંથી દરમાસે રૂપિયા પચીશ અને સોળ રૂપિયા પરચુરણ ખર્ચમાંથી, તેમજ છ પેદલ સિપાહી ખજાનામાંથી રાખવામાં આવ્યા. શહેરના કોટની દીવાલ તથા ભદ્રના કિલ્લા માંહેલા મહેલો, જે જીર્ણ થઇ ગએલા હતા તેની મરામત કરવામાટે અડસટાપ્રમાણે ૨૯૦૦) બેહજાર નવસો રૂપિયા સુબાનો દીવાન ખજાનામાંથી આપે એવો હુકમ થયો; તથા **અહમદાબાદ** અને **પાટણ**ના સાયરના મહાલો જે, સુબાની જાગીરમાં ગણાતા હતા તે ખાલસામાં લઇ લેવામાં આવ્યા.

મજકુર સનના માહે જમાદીઉસ્સાનીની તારીખ પંદરમીએ **શેખ નિઝામુદ્દીન એહમદ**ની બદલીમાં **મુહમ્મદ શરીફ** સુબાની દીવાની ઉપર નિમાઇને અહમદાબાદ આવી પોતાનું કામ ચલાવવા લાગ્યો અને મજકુર **શેખ માળવા**ના સુબાની દીવાનગીરી ઉપર બદલાયો.

પહેલાં હજુર હુકમ પ્રમાણે **ઉમ્દતુલમુલ્ક અસદખાન**ની અરજ ઉપરથી **મીરખાન** અહમદાબાદ શહેરમાં આવીને થોભ્યો હતો. આ વખતે મોટા મોટા સરદારોએ તેના ગુન્હાની માફી આપવા માટે હજુરમાં અરજ કરી હતી. તેઉપરથી બાદશાહે તેના ઉપર કૃપા કરીને તેના ગુન્હાની માફી આપી, પ્રથમની માફક મનસબ તથા ખિતાબ આપી હજુરમાં બોલાવી લેવાને ફરમાન મોકલાવ્યું. તેપછી **મુહમ્મદ અમીનખાન** સુબાનો બંદોબસ્ત અને પેશકશી વસુલ કરવા માટે નિકળી પાટણ સરકારમાં આવેલાં **કાકરેજ** તરફ ગયો અને ચાર માસસુધી ત્યાંના હુલ્લડખોરોને શિક્ષા કરવામાં રોકાયો. આ વખતે શ્રીમંત બાદશાહને એવી અરજ કરવામાં આવી હતી કે, અહમદાબાદના સુબાના તાબાના ચોદરી તથા મુકદ્દમ

લોકો, પરગણા તથા ગામોનો ઇજારો (કંટ્રાકટ) પોતેજ રાખી લે છે, અને તેથી રૈયત ઘણી દુઃખી થઇ ભિન્નભિન્ન પ્રકારનાં સંકટો ભોગવે છે. આ ઉપરથી સુબાના દીવાનઉપર હુકમ આવ્યો કે, ખાલસા તથા સુબાની તેત્રીલદારીમાંના કોઇએ ઇજારાનું કામ કરવું નહિ, તેમ રૈયતથી કોઇપણ પ્રકારે વધારે માગણી કરવી નહિ. આ હુકમવિષેની ખબર **ધોળકા** વિગેરે પરગણાના અમીન **સૈય્દ આજમ** તથા બીજા મહાલોના અમીનોને આપવી, કે જેથી તેઓ હુકમપ્રમાણે અમલ કરે.

હવે રજપુતોના બંદોબસ્તને માટે નિમાયેલી સરકારી સ્વારી કે જે, ક્ષેમક્ષેત્ર **અજમેરમાં** હતી, તેને બોલાવવાથી ઉમ્દતુલમુલ્ક શણગારેલી સેન્યાસહિત હજુરમાં અગ્યાર દહાડામાં જઇ પહોંચ્યો. તે વખતે સુબાના દિવાન ઉપર હુકમ આવ્યો કે, એકસો તેંતાલીશ મોહોરો અને પાંચ લાખ રૂપિયા તારીખ ૧૫ મી મોહર્રમ સને ૧૦૮૮ હિ. સુધીમાં જમે છે એવી ખબર હજુરમાં આવી છે, તો તે રકમ મુહમ્મદ અમીનખાનની સાથે હજુરમાં મોકલી દેવી. ત્યારબાદ થોડાક દહાડા પછી ઉમ્દતુલમુલ્ક બાદશાહી ઇનામ-ઇકરામો મેળવી, રવાને થઇ પાછો પોતાની સુબેગીરીપર આવી પહોંચ્યો.

તે પછી ૧૫૮૦) પંદરસો-એંશી રૂપિયા અડસટાપ્રમાણે **શેફ્ખાનના** બનાવેલા વિદ્યાલય, મસ્જીદ અને હમામ (સ્નાન-સ્થાન) ની મરામત કરવા માટે આપવામાં આવ્યા. અહમદાબાદની ટંકશાળમાં તથા કેટલાક ધાતુ ગાળનાર તારકશ લોકો કે જે, સીરમાલના નામથી ઓળખાય છે અને જેઓ અહમદાબાદી બાદલામોરનું કામ, કારખાનું સ્થાપવામાં આવ્યું ત્યારથી કોઇને શામેલ કર્યાસિવાય કરતા હતા અને કોઇને ધંધાની માહિતી થવા દેતા નહોતા. આ વિષેની ખબર જ્યારે હજુરમાં થઇ ત્યારે હુકમ થયો કે, શરેહના ધારાપ્રમાણે કોઇને મના કરવી યોગ્ય નથી, માટે તેવો ભેદ કાઢી નાખવો. આ વર્ષે સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે, ગુજરાતના સુબાપૈકી વીસલનગર પરગણાને **રસુલનગર** નામ આપવામાં આવ્યું છે, માટે દીવાની દફતરમાં સરકારી ફરમાનપ્રમાણે વીસલનગરને બદલે "રસુલનગર" દાખલ કરવું. આ વખતે અત્તર કાઢનાર સરકારી ચેલો **મુહમ્મદ સુકીબ** હજુર હુકમથી બાદશાહી બગીચાઓનાં ગુલાબવિગેરે ફુલોનું અત્તર કાઢવામાટે નિમાઇ આવ્યો.

સને ૧૦૮૯ હિજરીમાં સુબાના દીવાન ઉપર એવા પ્રકારનું સરકારી

ફરમાન આવ્યું કે, કોઇને પણ શિક્ષા કરવામાં નાણાં લેવાં કે દંડ કરવો, તે શરેહપ્રમાણે દુરસ્ત નથી. તેપરથી ખાલસા મહાલના અમીનોવિગેરે અમલદારોને હુકમ કરવામાં આવ્યો કે, હવેથી કોઇપણ ગુનેહગારને તેના ગુનાહના પ્રમાણમાં કેદ, નોકરીથી દૂર, દેશનિકાલ કે તેવીજ બીજી શિક્ષા કરવી, પરંતુ નાણાંની કંઇપણ રકમનો દંડ કરવો નહિ.

સને ૧૦૯૦ હિ૦ માં શાહજાદો બાહાદુર **મુહમ્મદ આજમશાહ** જ્યારે દક્ષિણની ચડાઇમાં રોકાએલો હતો ત્યારે સુબાના દીવાન ઉપર હજુર હુકમ થયો કે, જે પ્રકારનો જેટલો ખજાનો અહમદાબાદમાં તૈયાર હોય તે સઘળો સુબાની લશ્કરી ટુકડી સાથે સુરત મોકલાવી દેવો, કે જેથી, **મુહમ્મદબેગ મુત્સદ્દી** કે જે ગ્યાસુદ્દીન મુસદ્દીની જગ્યાપર નિમાઇ આવ્યો હતો તે, જે વખતે બાદશાહજાદો નાણાંની માગણી કરે તે વખતે **અવરંગાબાદ** મુકામે મોકલાવી આપે. તે સાથે વળી બીજો એ પણ હુકમ થયો કે, કોઇ શહેર કે પરગણામાં કોઇ મુસલમાન મરી જાય અને તેની પાછળ કંઇપણ સંતાન કે કુટુંબપૈકીનું કોઇપણ માણસ ન હોય, તો ત્યાંના કાજીએ મરનારની મૈયત પાસે જઇ તેનું કફ્ન-દફ્ન કરવું અને તેમાં જે કંઈ ખર્ચ થાય તે સઘળું નિવારસી કચેરીમાંથી અપાવવું. આ વખતે સુરતબંદરના મુસદ્દી મુહમ્મદબેગને **કારતલબખાન**નો ખિતાબ ( ઇલ્કાબ ) મળ્યો.

## ઉદેપુરના રાણાના પુત્ર ભીમસિંહનું આ દેશમાં આવવું અને વિસલનગર તથા વડનગર ઉપર લુંટ ચલાવીને પાછા ફરવું; ઇડરના રાજાનું પોતાની જગ્યાએ કાયમ થવું, પાછળથી બેહલોલ શેરવાનીએ કરેલી ઇડરપરની ચડાઇમાં નાસી જઇ મરણ પામવું.

એજ અરસામાં, કે જ્યારે સરકારી સૈન્યા રજપુતોને શિક્ષા આપવાના કામમાં રોકાયેલી હતી તેમાં ખાસ કરીને મુખ્ય હેતુ રાણાવિષેનો હતો; કેમકે તેનાથી સરકારી નોકરો કે માણસો સ્વદેશમાં સ્થિર રહી શકતા નહોતા. જેથી ખુદ બાદશાહ પોતે કેટલાક દીવસ સુધી **ચિતોડ**માં પડાવ નાખીને રહેલા હતા. તે વખતે રાણાનો નાનો કુંવર **ભીમસિંહ** ભારે બીકના લીધે ઘણા માણસોસહિત પહાડના સાંકડા રસ્તાઓ પસાર કરી ગુર્જરદેશમાં ભટકાતો થયો, અને તેની સાથે બીજા કેટલાક અલ્પબુદ્ધિવાળા

ગામડીઆઓ પણ મળી જવાથી **વડનગર** તથા **વિસલનગર** કસ્બાઓને લુંટી માલમતા લઇ ચાલતો થયો.

ઇડરનો જમીનદાર, (રાજા), કે જે બહારવટીઆરૂપે ફરતો હતો તે, પોતાને લાગ મળવાથી ટંટાખોર બખેડીઆ રજપુતોને મેળવી લઇ પોતાની જગ્યા દબાવી પડ્યો. તે વિષે જે લોકોએ નજરે જોએલું તે લોકોથી એવું સંભળાય છે કે, ઇડરના જમીનદારના કબજા પછી **મુહમ્મદ અમીનખાને** (સુબાએ) પોતાના કુમકીઓપૈકીના **મુહમ્મદ બેહલોલ શેરવાનીને**, તે જમીનદારને કાઢી મુકવાના કામઉપર ઠરાવી મદદખર્ચપેટે નાણાંની મદદ આપી હતી. મુહમ્મદ બેહલોલ--જાતે બહાદુર, શુરો અને સિપાહીગીરીના કામમાં સંપૂર્ણ કાબેલ હતો. તેણે પોતાના સગા-સ્નેહી અને જાતીલાવિગેરે ભરૂસાદાર માણસોની એક ફોજ બનાવી લાયક સિપાહીઓને ઘોડા તથા હથિયારો આપ્યાં, અને બીજા થોડાક માણસો કે જેમના માટે ઘોડાઓનો બંદોબસ્ત ન થઇ શકયો તે બધાને ભાડુતી બળદ-ગાડીઓમાં બેસાડી ઇડર તરફ રવાને થયો. જ્યારે તે **પરાંતી** કસ્બામાં પહોંચ્યો ત્યારે, તે માર્ગના માહિતગાર કેટલાક કસ્બાતીઓને નોકર રાખી સાથે લઇને આગળ વધ્યો. આવી રીતની ફોજ ચડી આવવાની ખબર મળ્યા છતાં પણ ઇડરનો જમીનદાર, કે જેના ભેજામાં ધિક્કારરૂપી કાગડો માળો ઘાલીને બેઠો હતો-તે ઉંચી ટેકરી ઉપર આવેલા પોતાના કિલ્લાના ભરોસાથી ફોજને કાઢી મુકવાનો કંઇપણ ઉપાય નહિ કરતાં બેસીજ રહ્યો; એટલે મુહમ્મદ બેહલોલખાન એકદમ કૂચ કરી મારફાડ કરતો સહેજવારમાં દરવાજાઆગળ આવેલા બે-ત્રણ મોરચાઓ કબજે કરી આગળ વધ્યો. મજકુર જમીનદાર હજુ સુધી પણ પોતાનાં કમનસીબને લીધે આળસરૂપી નિદ્રામાં ગોથાં ખાતો હતો,-તે હવે એકદમ જાગૃત થતાંજ ગભરાઈ ગયો અને આબરૂ બચાવવાથી દૂર હઠીને પોતાનાં બાલ-બચ્ચાંને તરછોડી તરતજ નાસી ગયો અને લોંકડીની પેઠે પહાડમાં જઇ એક ગુફામાં ભરાઇ બેઠો. આ વખતે મુહમ્મદ બેહલોલ શુરા લડવૈયાઓને સાથે લઇ તેના મહેલમાં આવી પહોંચ્યો, પણ ત્યાં તે જમીનદારનો કંઇપણ પત્તો નહિ મળવાથી પોતે કિલ્લાનો બંદોબસ્ત અને રક્ષણ કરવામાં રોકાયો. તલવારના મારથી બચી ગએલા રજપુતોમાંથી કેટલાક કેદ પકડાયા અને કેટલાક નાસી-ભાગી છૂટયા. જમીનદારની ઘણી ઘણી શોધ-ખોળ કરી, પરંતુ તેનો કયાંયપણ પત્તો મળ્યો નહિ. આખરે લોગ-

જોગે એક ઢેડો (ભંગી) કે જે તે પહાડમાં ઇંધણાં (બળતણ–લાકડાં) લેવા માટે ગયો હતો તેણે તે જમીનદારને ધૂળે મળેલો પડેલો જોયો અને પાસે જઇને જોયું તો તે મરી ગયેલો માલુમ પડ્યો; તેના મોતનું કારણ તેને હંમેશના બંધાણનું અફીણ નહિ મળવાનું અને આવી પડેલી આફતનું હતું. તે ઢેડાને તેનો ચહેરો તથા કાનમાં પહેરેલાં મોતી જોઇ બરાબર ખાતરી થઇ કે, તે રાજા ( જમીનદાર ) જ છે, જેથી તેનું માથું ધડથી જુદું કરી, તેના હાથ ને ગળામાં પહેરેલા દાગીના કાઢી લઇ મુહમ્મદ બેહલોલની પાસે લાવ્યો. બેહલોલે તે માથું પોતે નહિ ઓળખી શકવાથી તેની (જમીનદારની) સ્ત્રીઓ પાસે ઓળખવા માટે મોકલ્યું. તે માથાંને જોતાંજ તેની સ્ત્રીઓ હાયવોયની રડાપીટ કરવા મંડી ગઇ. મુહમ્મદ બેહલોલખાને તે માથાંને તેની સવિસ્તર હકિકત મળવાથી કેદીઓને આપી પોતાના માણસો સાથે તમામ હકિકતસહિત **મુહમ્મદ અમીનખાન** (સુબા)ની રૂબરૂ અહમદાબાદ મોકલી દીધું. સુબાએ બેહલોલખાનના વખાણ અને તેણે બજાવેલી સેવાનું વર્ણન હજુરમાં નિવેદન કર્યું. હજુરે સુબાનાસંબંધમાં લેખકોએ કરેલા વખાણપરથી પૂર્ણ માહેતી મેળવી હતી તેથી બેહલોલ શેરવાનીને બાદશાહી માનમરતબાસહિત તેના મનસબમાં વધારો કરી આપી ઇડરની ફોજદારી ઉપર કાયમ કરવામાં આવ્યો.

આ વેળાએ **શેખુલ ઇસ્લામ**ની મોહોરથી સરકારમાં અરજ કરવામાં આવી કે, સોદાગરો બહારથી ઘોડાઓ ખરીદી લાવીને અત્રે વહેંચે છે. તેમાં જો કોઇ નોકરીઆતો નોકરીઅર્થે ખરીદ કરેછે, તો તેમની પાસેથી મહેસુલી કારકુનો તરફથી કંઇપણ જકાત લેવામાં આવતી નથી, અને જો કોઇ વેપારી વેપારઅર્થે ખરીદ કરેછે, તો તેમની પાસેથી જકાત લેવામાં આવેછે. જકાત લેવાનું કામ તેમનું નથી પણ શરેહનું છે. આ ઉપરથી સુબાના દીવાન ઉપર સરકારી હુકમ આવ્યો કે, ઘોડાની ખરીદી કરનાર કોઇપણ માણસ ગમે તો તે નોકરીઅર્થે, વેપારઅર્થે, કે બીજા કોઇપિણ ઉપયોગઅર્થે ખરીદ કરે તોપણ શરેહની હુજતથી જકાત લેવી નહિ અને ઘોડા વેચનારાઓએ નક્કી ઠરાવેલું મહેસુલ આપતા રહેવું.

## આખા રાજ્યમાં ગેરમુસલમાન–આશ્રીત પ્રજાઉપર જિઝયાવેરો નાખવા વિષે સરકારી ઠરાવ.

શ્રીમંત સરકાર બાદશાહની સઘળી હિમ્મત ઇસ્લામી ધર્મ અને શરેહ શરીફના હુકમો ચાલુ કરવા ભણી વળેલી હોવાથી મુલકી તથા માલી

સઘળાં કામોને શરેહનાં ધોરણોથી બાંધી લીધાં હતાં અને તે પ્રમાણે બંદોબસ્તના ધારા પણ ચાલુ કર્યા હતા. આ વખતે સરકારને ધર્મચુસ્ત જોઈ વિદ્વાનલોકો તથા મુસલમાન-ધર્મ-શાસ્ત્રીઓએ અરજ કરી કે, શરેહપ્રમાણે ગેરમુસલમાનો કે જેઓ આશ્રિત (સત્તાતળે) રહીને મુસલમાન પ્રજાની માફક ગણાઇ સર્વ હકોને લાયક થાય, તેમની પાસેથી આખા રાજ્યમાં એક કર, કે જે '**જિઝયા**' (જજીયા વેરો)ના નામથી ઓળખાય છે તે લેવો જોઇએ. જેથી તે કેટલો અને કેવી રીતે વસુલ કરવો તે ધાર્મિક પુસ્તકોમાંથી ટાંકી લઈ બાદશાહની સન્મુખે રજુ કરી.

૧—ખ્રિસ્તી, યાહુદી, પારસી, ગેરઅરબ અને મુર્ત્તિપૂજકો ઉપર એ કર લાગુ કરવો, અને નિરાશ્રિત-મુર્ત્તિપૂજક, ધર્મથી ફરી ગએલા, પુખ્ત ઉમ્મરે નહિ પહોંચેલા, અપંગ, આંધળા, ગાંડા કે ભીખારી અને ગેર ગૃહસ્થને એ કરથી માફ જાણવા.

૨—દરેક સાલે ગરીબ પાસેથી બાર દિરહમ, મધ્યસ્થ (સાધારણ સ્થિતિવાળા) પાસેથી ચોવીસ દિરહમ, અને મોટા પૈસાદાર ગૃહસ્થો પાસેથી અડતાલીશ દિરહમો વસુલ કરવા; (દિરહમ-એટલે આશરે ચાર આનાની કિંમતનો સિક્કો) પરંતુ હાલમાં દિરહમો ચાલુ થયા નથી તેથી ત્રણ તોલા ને એકમાસો ચાંદી તથા પોણાચાર માસા ને તે ઉપરાંત એક માસાના વીસમા ભાગ જેટલું ત્રાંબું લેતા રહેવું. ઉપર બતાવ્યા મુજબ દરેક પાસેથી દરવર્ષે વસુલાત કરવી અને તેમાં તે સિવાય બીજી અડચણો કરવી નહિ, તથા જો કોઇ રૂપિયા આપે, તો તેટલુંજ વજન કરીને લેવા, અને દિરહમો ચાલુ થયા પછી તો દિરહમોજ લેવા.

૩—**ગરીબ, મધ્યસ્થ** અને **ગ્રહસ્થ**—આ ત્રણે નામમાં મતભેદ છે, માટે આ પ્રમાણે વર્તવું:- **ગૃહસ્થ** તેને જાણવા કે, જેના કબજામાં દશ હજાર કે તેથી વધારે દિરહમો હોય! **મધ્યસ્થ** તેને જાણવો કે, જેની પાસે બસો દિરહમોથી વધારે હોય! અને **ગરીબ** તેને જાણવો કે, જેના પાસે બસો દિરહમોથી ઓછા હોય! તે લોકો પાસેથી વસુલાત કરવી, પણ જો કોઇની પાસે કંઇ ન હોય તો, તે વખતે કર લેવો કે, જ્યારે તેની પાસે તેની આવકમાંથી પોતાના કુટુંબની ખાધાખોરાકી બાદ કરતાં વધારો જણાય! પરંતુ જો કંઇ વધારો માલુમ પડે નહિ, તો કંઇપણ લેવું નહિ.

૪—આશ્રીતની પાસેથી એવી રીતે કર વસુલ કરવો કે, કર આપનારો કરનાં નાણું લઇ પોતે ચાલીને આવે અને વસુલ કરનાર બેસી રહે. આપનારો આવીને પોતાના હાથ નિચા રાખીને ઉભો રહે તથા લેનાર હાથ ઉંચા કરીને લઇ લે અને તે વખતે એમ કહે કે, ઓ આશ્રિત! જિઝયો લાવ, અને જો પોતાની તરફથી કોઇ માણુસ કર મોકલે તો, તે કબુલ રાખવો પણ લેનાર તેને માટે લાગુ કરે નહિ.

૫—આ કરની વસુલાત ગૃહસ્થપાસેથી દરવર્ષે કરી લેવી અને મધ્યસ્થ તથા ગરીબને છુટ આપવી કે, તે બન્ને આખા વર્ષનો કર એકી વખતે કે બે હપ્તે અને ગરીબો ચાર હફ્તે આપતા રહે.

૬—આ કર મુસલમાન થવાથી અથવા તો મોત આવેથી માફ જાણવો.

૭—કર આપવાની મુદ્દત પહેલાં કોઇ માણુસ ઉમ્મરલાયક થઇ જાય, કોઈ ગુલામને છુટો કરવામાં આવે, નિરાશ્રીત આશ્રીત થઇ જાય અથવા તો રોગી નિરોગી થઇ જાય તો, તેમની પાસેથી કર લેતાં પહેલાં તે સાલનો કર દરેક માણુસની વિગતપ્રમાણે વસુલ કરવો; પણ જો કરની વસુલાત લીધા પછી કોઇ ઉમ્મરલાયક થાય, ગુલામ છુટો થાય, નિરાશ્રીત આશ્રીત થાય અને રોગી નિરોગી થાય તોપણ તે વર્ષે, તેમની પાસેથી એક વખત લીધા પછી કંઇપણ વસુલાત કરવી નહિ.

૮—જો આશ્રિત પૈકીનો કોઇ ગરીબ, ગૃહસ્થ થઇ જાય અને ફરી તેજ વર્ષમાં તે ગરીબ થઇ જાય, તો જોવું જોઇએ કે, જો તે માણુસ વર્ષમાં વધારે વખત સુધી ગરીબ હાલતમાં રહ્યો હોય, તો તેની પાસેથી 'ગરીબ'નો કર લેવો; પરંતુ જો તેણે અર્ધું વર્ષ ગરીબી અને અર્ધું વર્ષ ગૃહસ્થાઇમાં ગુજાર્યું હોય તો, તેની પાસેથી 'મધ્યસ્થ' કર લેવો.

૯—જો કોઇ આશ્રીત માણુસ અર્ધું વર્ષ કે તેથી વધારે મુદ્દત માંદો રહ્યો હોય તો તેની પાસેથી કર લેવો નહિ.

આ કામને માટે સરકાર બાદશાહે ઈનાયતુલ્લાખાનને નીમીને એવો હુકમ કર્યો કે, સરકારી નોકરો પાસેથી આ કરની વસુલાત લેવી કે માગણી કરવી નહિ, પરંતુ તે સિવાયના સઘળા આશ્રીતો પાસેથી શરેહપ્રમાણે વસુલ કરતા રહેવું. આ હુકમ મળવાથી ઇનાયતુલ્લાખાને સઘળા રાજ્યમાં ધર્માધિકારીઓ ગોઠવી દઇ, કરની વસુલાત કરવા માંડી. તેમાં ગુજરાતના

સુબાના આશ્રીત લોકો પાસેથી વસુલ થઇ આશરે પાંચ લાખ રૂપિયા સરકારી "જઝિયા વેરા"ના ખજાનામાં જમે થતા હતા.

એજ વર્ષે સુબાના દીવાન **મુહમ્મદ શરીફ**ની બદલી થવાથી તે જગ્યાએ પ્રધાન **મુહમ્મદ લતીફ** નિમાયો અને સૈયદ અનવરખાનની બદલીમાં **મુલતફિતખાન** ગોધરાની ફોજદારી ઉપર નિમાયો. આ વખતે સુબાના દીવાન ઉપર હુકમ મોકલવામાં આવ્યો કે, **શેખુલ ઈસ્લામ**ની મોહોરના હુકમથી પરવાનગી આપવામાં આવેછે કે, જો કોઇપણ માણસ (સ્ત્રી અથવા પુરૂષ) શહેર અહમદાબાદમાં ઇસ્લામી ધર્મ ધારણ કરે તો, તેમાંથી પુરૂષોને સુનતા દુરૂસ્ત થતાં સુધી અને સ્ત્રીઓને ઇદ્દત (ચાર માસ) સુધી ત્યાંના કાજીની ભલામણથી આલમગીરી બે ટકા રોજીંદા ખર્ચ માટે આપવા અને સુનતા ઠીક થયા પછી કે ઇદ્દત વિત્યા પછી એક હાથ લુગડું નિવારસી ખજાનામાંથી આપવું. તે સિવાય ચાંપાનેરના કિલ્લાની છ માસની ખોરાકીવાસ્તે સુબાની અરજઉપરથી હુકમ થયો અને એજ વર્ષે ખાલસાની રૈયત તથા તેહવીલદારો ઉપર એકલાખ દામઉપર સો રૂપિયાના હિસાબે કર ઠરાવવામાં આવ્યો, તથા સૈઈદ **ઝુહુર**ને મુલતફિતખાનની જગ્યાએ (ગોધરાની ફોજદારી) ઉપર નિમવામાં આવ્યો; પરંતુ એજ વર્ષમાં તેની બદલી થવાથી સુબાના કુમકીખાતાંના **દોલત સુમરા**ને ફોજદારી આપવામાં આવી. ત્યારબાદ ૧૦૯૧ હિ૦માં મદારૂલ મહામ (મુખ્ય પ્રધાન) **અસદખાનની** મોહોરવાળું મુસલમાનો પાસેથી જકાત લેવા સંબંધીનું ફરમાન સુબાના દીવાનઉપર મોકલવામાં આવ્યું. જેની અસલપ્રમાણેની નકલ નીચે જણાવ્યા મુજબ છે:—

## મુસલમાનો પાસેથી જકાત વસુલ કરવા સંબંધી મદારૂલ મહામ ઉમદતુલમુલ્ક અસદખાનના મોહોરવાળા ફરમાનની નકલ.

રબીઉલઅવ્વલ માસની તારીખ પાંચ, સને પચીસ જુલુસીના દીવસે એવો ઠરાવ કરવામાં આવ્યો કે, પ્રધાનપદ જેવી ઉંચી પદવીને લાયક અને કરકસર વિદ્યામાં નિપૂણ **મુહમ્મદ લતીફખાને** બાદશાહી રક્ષણમાં રહીને જાણવું કે, શ્રીમંત બાદશાહની પવિત્ર નિષ્ઠા એતરફ વળેલી છે કે, ઇસ્લામી પ્રજા સદાએ બાદશાહી પરોપકારનો લાભ મેળવે અને ગેરઇસ્લામી મજહબ કે બીજાં દુરાચરણી પાપોથી દૂર રહે. હાલ મુસલમાનોના માલઉપર જકાત લેવા વાસ્તે જે કૃપા ચાલુ છે, તે મુજબ પ્રથમ હુકમ થયો હતો;

પરંતુ હાલમાં શ્રીમંતબાદશાહના સાંભળવામાં એવું આવ્યું છે કે, કેટલાક મુસલમાનો દુન્યવી ફાયદાનેમાટે ગેરમુસલમાનોના માલને પોતાના માલની સાથે ભેળવી દેછે, અને તે માલને પોતાનો માલ જણાવીને મહેસુલમાંથી છોડાવેછે, તેથી કરીને નિવારસી માલનો ભંડોળ કે જે, મુસલમાનોના કેટલાક હકોસાથે સંબંધ રાખેછે તેને ઘણું નુકશાન પહોંચવા પામ્યું છે; તે સિવાય ઘણાખરા મુસલમાનો પોતાની ઉપર માલની ફરજ છતાંપણ આપતા નથી, જેથી તે તેઓની પાસે બાકી રહી જાયછે, માટે જો તેમની પાસેથી જકાત લેવામાં આવે તો, તેઓ તે જોખમમાંથી મુક્ત થાય. આ કામ ઘણું વ્યાજબી છે, જેથી હુકમ કરવામાં આવેછે કે, કામ કરનાર મુસદ્દીઓ અને મામલામાં ખબર રાખનાર માણસોએ સઘળા રાજ્યમાં જકાત વસુલ કરવાનાં ધોરણો કે જે આ સાથે ટાંકવામાં આવેલ છે તે ચાલુ થયા પછી જકાત વસુલ કરનારા અધિકારીઓની સાથે રહી મુસલમાનો પાસેથી ચાળીશ ઉપર એક રૂપિયાના હિસાબે જકાત લેતા રહેવું, પણ તેમાં એટલું તો ખાસ ધ્યાન રાખવું કે, જકાત કમ–જાસ્તી કે સોના રૂપાનાં ચલણી નાણાં લેવાં નહિ. તે સિવાય જો કોઇપણ કેસનું કામ વિદ્વાનો પાસે રજુ થાય તો તેમાં કાજી અને શરેહનો હુકમ આપનાર મુફ્તી પોતાનો અભિપ્રાય આપે. તેમજ તમારે પણ ગુજરાતના સુબાના હાથ તળે રહીને શરેહની આજ્ઞાપ્રમાણે પુરતા ન્યાયસર પ્રધાનપદનું કામ બજાવતા રહેવું.

## જકાત વસુલ કરવાનાં ધોરણોની શરતો.

જકાત વસુલ કરવાની શરતો એવી છે કે, (૧) દરેક માણસ યોગ્ય ઉમરે પહોંચેલો, શાણો અને પોતાની પાસે નિસાબ ( ચોપન રૂપિયા ને સાડાબાર આનાની મિલ્કત ) ધરાવતો હોય અને તે એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય, દસકાની ઉપર થઈ જાય, વેપારનાં સાધનોમાં વધારો થાય, દેવું આપ્યા પછી કંઇ વધારો રહે અને તે પોતાની માલકીમાં હોય અને તેની કિમ્મત નિસાબ જેટલી થઇ જાય, તો તે માલ, અથવા બીજો માલ કે જે, એજ જાતનો હોય તેની ઉપર તેનો કબજો એક વર્ષનો હોવો જોઇએ. (૨) દેશના બંદોબસ્તને માટે જે સરકારી વકીલ ઠરાવેલો હોય તેણે વહેપારનો માલ પસાર થએથી જો જકાતનો ધારો લાગુ થાય તો, તે ઉપર જકાત લેવી. (૩) આજ્ઞા પામેલા ગુલામને તેના માલેકે વહેવારઅર્થે કંઇ માલ આપેલો હોય, અને તે દસકા ઉપરાંત થઇ જાય, અને રજાવાળા

ગુલામની સાથે મેળવતાં દાવેદાર સિવાયનું લખાણ હોય, એવી હાલતમાં જો એક દસકાથી વધારે થાય તો, તે વિષે તજવીજ કરી, શરતોપ્રમાણે જો તેનો માલેક તેની સાથે હોય તો, તે ઉપર જકાત લેવી જોઇએ, નહિતો નહિ લેવી જોઇએ. (૪) જો કોઇનો માલ બીજાની પાસે વેચાણની ભાગીદારીમાં હોય અને તે વિષે કંઈ ઝગડો થવા પામે તો તે થવા પામ્યા પછી જો વેચાણહક નિસાબની ગણત્રીએ પહોંચી શકતો હોય તો, તેને જકાતના ધારા લાગુ થતાં વેચાણહકમાંથી જકાત લેવી જોઇએ. (૫) જો કોઇ મુસલમાન કોઈ માલ વિષે એવું જાહેર કરે કે, મારા માલઉપર વર્ષ વિત્યું નથી, અથવા મારી ઉપર એટલું દેવું છે કે, જે આપ્યા પછી પણ નિસાબ જેટલી રકમ મારી પાસે રહેતી નથી. મારી પાસેના જાથુક માલ ઉપર બહારથી શહેરમાં આવતાં પહેલાં મેં ફકીરોને જકાત આપી દીધી છે. મારો માલ વેપારી માલ નથી કે માલ ઉપર જકાત નથી. અથવા તો એમ કહે કે, આ માલ મારી મિલ્કતનો નથી, પણ થાપણદાખલ અનામત છે. માલના માલિકનો હું ઇજારદાર છું કે ગુલામ છું, તેવાં વચનોની જો તે પ્રતિજ્ઞા કરે તો, તે કબુલ રાખવાં અને તકરાર કરવી નહિ. (૬) જો કોઇ મુસલમાન કોઇપણ પ્રકારના માલનો વેપાર કરે અને એમ કહે કે, મેં આ માલની જકાત ફકીરોને આપી દીધી છે, પણ જો સાબીત ન થાય તો જકાત લેવી. જો કોઇ વેપારી કહે કે, મારો માલ ફલાણી જાતનો છે, પરંતુ અધિકારી શક ઉપરથી બીજી જણસ હોવાનું જણાવી જોવા માગતો હોય તો, તે ઉઘાડતાં પહેલાં ખાસ ધ્યાનમાં રાખવું કે, તેમ કરવાથી તે માલને કંઇ નુકશાન પહોંચતું હોય તો ખુલ્લો કરવો નહિ અને તેના માલેકની હકીકત તેને પ્રતિજ્ઞા લેવડાવીને સાચી માની લઇ તે પ્રમાણે તેની પાસેથી જકાત વસુલ કરવી; પણ જો કંઇ નુકશાન થતું ન હોય તો, તેના બોલવા ઉપર ભરોસો નહિ રાખતાં ખુલ્લો કરીને જોવો અને તે પ્રમાણે જકાત લેવી. તે સિવાય જો કોઈના કબજામાં વેપારી માલ ( રોકડ અથવા જણસો હોય ) અને તેને આખું વર્ષ વિતતાં પહેલાં, જો તે તે અવેજ ઉપર બીજો માલ વેપાર અર્થે ખરીદ કરે અને બાકીનું વર્ષ વિતી જાય, તથા તે માહિતી જકાત અધિકારીને આપે તો તે જણસો ઉપર જકાત લેવી જોઇએ.

## દુઃખદાયક દુકાળ અને ભયંકર હુલ્લડ.

આ વર્ષે ( ૧૦૯૨ હિ૦ ) અહમદાબાદના સુબાના તાબાના રાજ્યમાં સખ્ત દુકાળ પડવાથી અનાજની મોંઘવારી વધી પડી હતી, અને લોકો

રોટલાનાં નામને તરસતાં હતાં. જેથી તેઓ મુહમ્મદ અમીનખાન (સુબો) ની સ્વારીમાં ભારે પોકારો અને ફરીયાદો કરવા લાગ્યાં. આ વિષે વધુ વર્ણન વૃદ્ધ લોકો પાસેથી સાંભળેલું, પોતાના સંબંધીઓથી સાંભળેલું ને એકથી વધારે જગ્યાએથી સાંભળેલું આ પ્રમાણે સિદ્ધ થયું કે, જ્યારે ત્રાજુતું ભારતું પલ્લું વજનદાર થઇ ગયું, ત્યારે અનાજની અછત થઇ ગઈ અને તેથી લોકો રડવા–કુટવા મંડી ગયા. ભોગજોગે તેવા સમયે ઇદનો તહેવાર આવી પહોંચ્યો, અને મુહમ્મદ અમીનખાન ઇદની નમાજ પઢવા માટે ઇદગાહે ગયો. પાછા ફરતી વખતે જ્યારે તે શહેરના રસ્તાના બજારમાં દાખલ થયો ત્યારે, ઇદની મોજમજા મ્હાલવાને આવેલાં બાળકો, જુવાનીયાઓ, વૃદ્ધ પુરૂષો અને સ્ત્રીઓ મોંઘવારી તથા માઠી દશા થઇ જવાને લીધે પોકો ( ધુમો ) પાડી પાડીને રડવા–કુટવા લાગ્યાં. તેમાં એક ઠામઠેકાણાંવગરનો **શેખ અબુબકર** નામનો એક માણસ કે જે, ઘણોજ તોફાની, ટંટાખોર, અને લોકોની દાદ મેળવવાને માટે પોતાને આગેવાન સમજતો હતો, તેણે ત્યાં આવી લોકોમાં બંડ ઉઠાવવા માટે એવી રીતની ઉશ્કેરણી કરવા માંડી કે, મુખથી ફરીયાદ અને રડાકુટ કરતાં કરતાં આગળ વધીને મુહમ્મદ અમીનખાનની પાલખી ઉપર કચરો કે પથરા ફેંકવા. આ ઉશ્કેરણીથી તે લોકોએ ઉશ્કેરાઇ જઇ, તેના ઉશ્કેરણીભર્યા બોલને અનુસરીને તેપ્રમાણે વર્તવા માંડ્યું. તેમાં તેઓની હીમ્મત એટલે સુધી તો વધી ગઇ કે, છેક પાલખીમાં પણ હાથ ઘાલવા લાગ્યા. મતલબ કે તેનાં એવાં કથન ( બોલેલા શબ્દો)થી ચોતરફ તોફાનો ઉભાં થવા પામ્યાં અને બંડની અગ્નિ ( ચળવળ ) એટલી બધી તો પ્રગટી નીકળી કે, જાણે પૃથ્વીના અંતકાળનો દીવસ આવી પહોંચ્યો! હવે આવો બનાવ બનતો ન જોઇ શકવાથી સુબાની સ્વારીમાંના જલીબવાળા સિપાહીઓ પોતામાં તે લોકોને અટકાવવાની સત્તા નથી એમ સમજીને યુદ્ધ સામગ્રીઓ તત્પર કરી હુલ્લડ અટકાવવા મંડી ગયા. આ જાહેર બંડ થવાથી વખતને અનુસરી મુહમ્મદ અમીનખાન ભદ્રના કીલ્લામાં ચાલ્યો ગયો. આ બનાવની ખબર જ્યારે શ્રીમંત બાદશાહને વૃત્તાંત લખનારની હકીકત ઉપરથી વિદીત થઇ ત્યારે તે ઉપરથી બાદશાહે ઘણાજ ગુસ્સામાં આવી જઇ ક્રોધાયમાન થઇને (સુલતાની ક્રોધ એ એક ખુદાઇ કોપનો નમુનો છે) હુલ્લડખોરોને પકડી પકડીને કેદ અને મારી નાખવાનો હુકમ મુહમ્મદ અમી-

નખાન ઉપર મોકલ્યો. આ સાર્વજનીક બંડ હતું, તેથી તેનો ઉપાય સુબાએ એવો કર્યો કે, જે માણસે આ બંડથી પોતાને માટે લાભકારક ફુલો ખીલવેલાં હતાં, તેનીજ જીંદગીની ઇમારત તોડી પાડવી. આમ ધારીને તેણે મોટા વિદ્વાન લોકો અને પીર લોકોને બોલાવીને ઉજાણીનો ડોળ કર્યો અને તેમાં શેખ અબુબકરને પણ નોતરવામાં આવ્યો.

જ્યારે સભા ભરાઈ ગઇ અને પંગત તત્પર થઇ ગઇ ત્યારે મુહમ્મદ અમીનખાને ( સુબાએ ) પેલા શેખસાહેબને પોતાની પાસે બેસાડીને ઝેર ભેળવેલા થોડાક કકડા પોતાના હાથે ખાવામાટે આપ્યા, અને ખાધા પછી હિંદુ વિગેરે બીજા માણસો જુદા થઇ ગયા, કેમકે આ ઉજાણી તો ફક્ત શેખનેજ માટે કરવામાં આવી હતી. ' **જગતરૂપી પતરાળાં ઉપર હાથ લાંબો ન કરવો; કેમકે આ કોળીયાને ઝેરથી મિશ્ર કરેલા છે.** " હવે ખાતાંવારજ શેખની પ્રકૃત્તિમાં ફેર જણાવા લાગ્યો, અને તે સભામાંથી ઉઠીને ચાલતો થયો, ત્યારે સુબાએ કહ્યું કે " શેખસાહેબ ! આટલી બધી ઉતાવળથી કયાં જાઓછો ? " ત્યારે તેણે જવાબ આપ્યો કે " મારા માટે એક ઘર તૈયાર કરવામાં આવ્યું છે ત્યાં જાઉંછું. " આટલું કહેતાં કહેતાં તો તે ઘરે પહોંચતાં પહેલાં સુન્યકાર સંસારભણી ચાલતો થયો. આ વર્ષમાં મોટા કાજી **મુલ્લાં અહદ સુલેમાન** પણ આ ક્ષણભંગુર સંસારમાંથી તે સજીવન સંસારભણી રવાના થયો.

સને ૧૦૯૩ હિ૦ ના જમાદીઉસ્સાની માસની તારીખ બાવીશમીની મધરાત્રે કેટલાક દીવસથી બીમારી ભોગવતો મુહમ્મદ અમીનખાન આ દેહ છોડી ચાલ્યો ગયો. તેના શબને ભદ્રના કીલ્લાની અંદર કચેરીના દરવાજા પાસે દફનાવવામાં આવ્યું, અને તેની ઘોર ( કબર ) ઉપર એક રોજો તથા મસ્જીદ બાંધવામાં આવી, કે જે હાલ સુધી છે. કોઇ એક શાયરે " **મુહમ્મદ અમીન મુરદહ** " એટલે " મુહમ્મદ અમીન મરી ગયો " એના દરેક અક્ષરના આંકડામાંથી તેના મૃત્યુની સાલ શોધી કહાડી છે.

થોડાક દીવસ પછી તેના શબને બહાર કહાડીને એક પવિત્ર સ્થાને પહોંચાડવામાં આવ્યું. ત્યારપછી કેટલાએક બાદશાહી નોકરોને સાથે મેળવીને સુબાના દીવાન મુહમ્મદ લતીફે તેની તમામ મીલકત તથા જીવતા માલને કબજે કરીને તેની ( સુબાની ) હકીકતની કેફીઅત દરબારમાં

જાહેર કરી. તે ઉપરથી સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે, સરકારમાં કેટલીક એવી ખબર મળી છે કે, મુહમ્મદ અમીનખાનના મૃત્યુ પામવાની ખબર ત્યાંના મુસદ્દીઓએ કેટલાએક દીવસ સુધી છુપાવી રાખી છે, અને તેની માલ મીલકતમાં ઘણો ફેરફાર તથા ઉલટ-પાલટ કરી નાખી છે. તેથી ફરમાવવામાં આવેછે કે, કારખાનાંઓને જપ્ત કરવામાં ઘણીજ સંભાળપૂર્વક સાવચેતી રાખીને કરકસર કામે લગાડવી. જો કાંઇ ગોલમાલ કે ગેરવ્યવસ્થા થઈ હશે, અથવા તો કાંઇ ગેર-વલે ગયેલ હશે, તો ઘણીજ સખ્તરીતે ખુલાસો લેવામાં આવશે. તે ઉપ-રાંત એવો પણ હુકમ થયો કે, થાણા તથા સિબંધીના માણસો કે જેમને મુહમ્મદ અમીનખાન સુબાએ બંદોબસ્ત માટે રાખેલા છે તેઓને સુબાના મૃત્યુની તારીખથી તે નવો સુબો આવી પહોંચે તે તારીખસુધી પ્રથમના દસ્તુર મુજબ કાયમ ગણી સરકારમાંથી પગાર આપતા રહેવું, કે જેથી તેઓ ખબરદાર રહીને શુદ્ધ અંતઃકરણથી ફરજ બજાવી મજબુતીથી બંદોબસ્ત ટકાવી રાખે; તથા જાનવરો માટે ખોરાક હુજુરમાંથી આવી પહોંચે ત્યાંસુધી ખાતાંના ધારાપ્રમાણે જે બંદોબસ્તથી મુહમ્મદ અમીન-ખાનના વખતમાં આપવામાં આવતો હતો તે પ્રમાણે ખોરાક આપતા રહેવું, કે જેથી જાનવરો પણ સુખી અને આબાદ રહેલાં જણાય.

વળી બીજું એ કે, **દીવાન, ખાનસામાન, મુનશી, મુલ્લાં યુસુફ, અલીબેગ** વિગેરે બીજા કામદારો તથા સરકારી જાણીતા નોક-રોમાંથી કોઇની મરજી સરકારી સેવામાં હાજર થવાનો લાભ લેવાની હોય તો તેમને હજુરમાં રવાને કરવા. આ વખતે સુબાના તેહેનાતી પૈકીનો અધિકારી **શાહ વરદીખાન** સરકારમાં અરજ કરી મંજુરી મેળવીને નવો સુબો નિમાઇ આવતાં સુધી સુબાનો હોદ્દો ચલાવવા લાગ્યો; અને મુહમ્મદ અમીનખાનની સંગતવાળા કેટલાક ઇરાનીઓ તથા તુરાનીઓ અહમદાબાદને પોતાનું વતન બનાવીને રહેઠાણ કરી બેઠા, કે જેમના કુટું-બી-સગાસ્નેહીઓ હાલસુધી આ શહેરમાં વસે છે. મુહમ્મદ અમીન-ખાને જે બંધારણ બાંધ્યું હતું, તે વિષે સત્યવક્તા બાદશાહની રસના ( જીભ ) **થી** કેટલીક વખતે એજ શબ્દો નિકળતા હતા કે, " મુહમ્મદ અમીનખાનના જેવો બંદોબસ્ત કોઇપણ સુબાએ કરેલો નથી !!! "

# છત્રીસમો સુબો મુખ્તારખાન.

સને ૧૦૭૩ થી ૧૦૭૬ હિજરી.

**મુખ્તારખાન** કે જે ચાર હજારી મનસબ તથા એવડાતેવડા ચારહજાર સ્વારોનો સત્તાધિકારી હતો અને **માળવાની** સુબેગીરી કરતો હતો તેને હજુરમાંથી એક હાથી, એક ઘોડો તથા ખાસ બાદશાહી પોશાકની ભેટ મોકલવામાં આવી; તે ઉપરાંત તેને મુહમ્મદ અમીનખાનના મૃત્યુ પામવાથી ગુજરાતની સુબેગીરી આપવાનો ઠરાવ કરી હુકમ કર્યો કે, તેણે (મુખ્તારખાને) માળવેથી રવાના થઇ ગુજરાતમાં જઇ સુબાનો અધિકાર સ્વહસ્તક લેવો; અને તેનો પુત્ર કમરૂદ્દીનખાન કે જે, એક હજારી મનસબ તથા પાંચસો સ્વારોનો સત્તાધિકાર ભોગવતો હતો તેને સુબાના પગાર પેટાની **પાટણ**ની જાગીરનો ફોજદાર ઠરાવવામાં આવ્યો. હવે મુખ્તારખાનને સરકારી ફરમાન પહોંચ્યા પછી પોતે ગુજરાતમાં આવી પહોંચવાના ઇરાદે મંજલ ઉપર મંજલ કરી પંથ કાપતો કાપતો તા૦ ૪ માહે રમજાન સને ૧૦૭૩ હિ૦ ના રોજ શહેર અહમદાબાદમાં આવી પહોંચ્યો. તે વખતે સુબાનો દીવાન **મુહમ્મદ અબ્દુલ લતીફ,** બક્ષિ **મુહમ્મદ બહાઉદ્દીન,** વૃત્તાંત લખનાર **શેખ મુહૈયુદ્દીન** તથા કાજી **ખાજા અબ્દુલ્લા** વિગેરે અધિકારીઓ અને બાદશાહી નોકરો તેને (સુબાને) લેવા વાસ્તે બહાર આવી મળ્યા. તે પછી સુબાએ શહેરમાં આવીને સુબેગીરીનો અધિકાર સંભાળી લીધો; અને તે બંદોબસ્ત કરવામાં, પેશકશી વસુલ કરવામાં તથા તોફાની બંડખોર કોળી લોકોના જામીનો લેવાના કામમાં રોકાયો.

મુહમ્મદ લતીફખાન અને મુહમ્મદ તાહેરની દિવાની, તથા સુરતની મુસદ્દીગીરીનું દિવાનીના પેટામાં જોડાઈ જવું.

એજ વર્ષે ખુદાની ઇબાદત કરનારાઓ, ભક્તો, સાધુઓ, વિદ્વાનો, હકદારો અને વિદ્યાર્થીઓ કે જેમને આ સુબાના રાજ્યની સનદો આપવામાં આવી હતી તેમને ખજાનામાંથી પગાર ચાલુ કરી આપવા વિષેનો હજુર હુકમ ઉમ્દતુલમુલ્ક અસદખાનની મોહોરવાળો સુબાના દીવાન ઉપર આવ્યો. તે સિવાય તેમાં એવો પણ હુકમ ફરમાવ્યો કે, સોના–ચાંદીના સીક્કા તથા સાદી ધાતુ કે જે, લોકો વેચવાના કારણથી સરકારી ટંકશા-

જોમાં લાવેછે તે ઉપર મુસલમાનોથી એકતાળીસ અને હિંદુઓથી બેતાલીસના હિસાબે મહેસુલ લેવું અને ટંકશાળના અધિકારીઓએ વેપારીઓ પાસેથી એવા મુચરકા લેવા કે, તેઓ ટંકશાળો સિવાય બીજે કોઇપણ ઠેકાણે લેવડદેવડ કરે નહિ.

સુબાના બનાવો પૈકીની એવી ખબર હજુરમાં વિદીત થઈ કે, કડી પરગણાના જલોસણ ગામના મોંધીઆ વિગેરે ચાર ગરાશીઆ કે જેમને પ્રથમ ત્યાંના ફોજદાર મુઝફ્ફર બાબીએ બંડ ઉઠાવવાના કારણથી કેદ કરીને મુહમ્મદ અમીનખાનની રૂબરૂમાં મોકલ્યા હતા તેમને ચબુતરામાં કેદ કર્યા હતા; પરંતુ આ વખતે કાજી અબ્દુલ્લાએ તેઓને ચબુતરેથી બોલાવી છોડી મુકયા છે; અને એજ પ્રમાણે ઘણાખરા હુલ્લડખોરો કે જેઓને ચાર પાંચ વર્ષથી તોફાની ગુન્હાના લીધે મુહમ્મદ અમીનખાને કોટવાલીમાં નજરકેદ રાખેલા તેમને છોડી મુકેછે. જેથી તે લોકો છુટા થઇને પોતાના ગામમાં જઇ પાછાં હુલ્લડ મચાવે છે. આ ઉપરથી સુબાના દીવાન ઉપર હજુર હુકમ આવ્યો કે, એ લોકોને શામાટે છોડવામાં આવ્યા છે? હવે પછી જે હુલ્લડખોરો પકડાયેલા છે તેમને છોડવા નહિ. જો કોઇપણ ચબુતરામાંનો કેદી કે જે, હુલ્લડના લીધે પકડાયેલો હોય અને તે છુટો થઇ જાય તો તેની જવાબદારી તમારા ( દીવાનના ) શીર રહેશે. આવો સખ્ત હુકમ એટલાજ માટે કરવામાં આવ્યો કે, ખાલસા વિગેરેના કોઇપણ અધિકારી કે મહેસુલી કારકુનોએ ઉપરીપણાનું નજરાણું, તેહસીલદારીનું નજરાણું અને આવનાર-જનારનું નજરાણું વિગેરે ભેટો લેવાનું કામ કરવું નહિ. તે સાથે એ પણ હુકમ કરવામાં આવ્યો કે, જે લોકો પાસેથી જજીઆવેરો લીધો હોય અને તે આપતાં પહેલાં તેના ઉપર એક વર્ષ વીતી જઇ બીજું વર્ષ ચાલુ થયું હોય, છતાં કારકુનોની મુશ્કેલીથી પહેલા વર્ષનો વેરો રહી ગયો હોય તો અબુ હનીફા સાહેબના ફરમાવ્યા પ્રમાણે દેનારનાં વચનો ઉપર ભરોસો રાખી, પહેલા વર્ષનો કર તેની પાસેથી નહિ લેતાં બીજા વર્ષનો કર લેવો. પરંતુ જો ઠગાઇ કરીને પહેલા વર્ષનો કર આપ્યો ન હોય તો, સાહેબેનના ફરમાવ્યા મુજબ તેની પાસેથી બન્ને વર્ષનો કર લેવો અને શરેહપ્રમાણે કામ કરતા રહેવું.

આ વખતે સુબાના દીવાન મુહમ્મદ લતીફે મુખ્તારખાનના અભિપ્રાયથી મુહમ્મદ અમીનખાનના ઘોડા પૈકીના ઓગણસાઠ ઘોડા સરકારમાં

જમ થઇ આવ્યા હતા તેમને ઘરડા અને ખોડખાપણવાળા ગણી કાઢી બાકીનાને **મીર તકીની** સાથે હજુરમાં મોકલી દીધા. તે સિવાય એજ વર્ષમાં **પાટણ** પરગણાની રૈયતની ફરીયાદોથી **દલુ અબ્દુરરહેમાન** ( **મહેસુલી અધિકારી** ) ની બદલી કરવામાં આવી, તથા સરકારી હુકમ થયો કે **સોરઠનો** ફોઝદાર **સરદારખાન** પોતાના ભાયાતો અને મિત્ર-મંડલ વગેરે જે કોઈ નોકરીમાં હોય તેમને ત્યાં નિમે. આ કામ ઉપર **મુહમ્મદ સઈદ** મનસબદાર ઠર્યો.

સને ૧૯૦૪ હીજરીમાં સુબાની અરજી ઉપરથી મરી ગયેલા **મુસલમાનો** અને કેદીઓ કે જે કેદખાનામાં હતા તેમને જો તેમના વારસો ખાધેપીધે દુઃખી હોય તો ચબુતરાના કેદીને ઘઉંનો લોટ શેર એક, અને મરી ગયેલાને બે, ચાર કે પાંચ ટકા મુરાદી નિવારસી ખાતામાંથી આપતા રહેવું, અને મુહમ્મદ અમીનખાનના બાગની ડાલી મોકલવા વિષે એવી **ભલામણ** થઇ કે, સુબાએ ડાકચોકીના માણસોની સાથે ભરૂચને **રસ્તે હજુરમાં** મોકલવી. તે સાથે બીજો એ પણ હુકમ થયો કે તે બાગને ઘણી મહેનતે બનાવેલો છે અને તેમાંનાં ફળદ્રુપ ઝાડોને સારી ગોઠવણથી રોપી પરવરશી કરીને ઉછેર્યો છે તે માટે એક એવી ગોઠવણ ચાલુ રાખવી કે, જેથી તેની શોભા અને આબાદી દીવસે દીવસે વધતી જાય. તેમજ તેની આવક-જાવક, કેટલી જમીન, ઇમારતની કેફીઅત, કેટલાં અને કેવાં ઝાડો છે, અને મજકુર બાગ કેવા પ્રકારનો છે તે વિગેરે હકીકત હજુરમાં લખી મોકલવી. આ સાલની આખરે સુબાના દીવાન મુહમ્મદ લતીફની બદલી થવાથી તેની જગ્યા **તાહીરખાન** કે જેને પ્રથમ **અમાનતખાન** અને ત્યારપછી **એતેમાદખાનનો** ખિતાબ મળ્યો હતો તેને આપવામાં આવી.

સને ૧૦૯૫ હિ. માં સુબાના દીવાન **મુહમ્મદ તાહીર** ઉપર હુકમ આવ્યો કે **ડુંગરપુર** પરગણાના રાણ **જેસીંગના** બદલાયાથી ૧,૬૦,૦૦,૦૦૦ એક કરોડ સાઠ લાખ દામો અને હુઇલની ખરીફના છઠ્ઠા ભાગના બાકી રહી ગયા છે, અને મજકુર પરગણામાંથી ⅚ પાંચ ષષ્ટાંશ બીચીઈલની રવીના ત્યાંના જમીનદાર **રાવલ જસવંતની** જાગીરમાં નોંધાઇ ગયેલા છે. તે જમીનદારે મજકુર હાંસલની રકમ કે જે ૬૬,૬૯૦૧ રૂપીઆ થાયછે તે ખાલસાની સાથે ખજાનામાં દાખલ કરી નથી. માટે તંકોજીલની ખરી-

ફના હક્તાની જમાબંધી વખતે કાંઈપણ તકરાર વગર વસુલ કરી ખજાનામાં પહોંચાડી દેવી જોઇએ.

આ વર્ષે ઘણો વરસાદ વરસવાથી **સાબરમતી** નદીમાં ભારે પુર ( રેલ ) આવવાને લીધે ત્રણ દીવસ સુધી બજારના મેદાનનું ઘણું નુકશાન થતું રહ્યું હતું. તેમાં ઘણી ઈમારતો પડી ગઇ હતી, અને ઘણેખરે ઠેકાણે શહેર અહમદાબાદનો કોટ તથા **ભદ્ર**ના કીલ્લાની દીવાલો તુટી પડી હતી. તે ઉપરથી સુબા **મુખ્તારખાને** હજુરમાં અરજ કરી કે કોટની મરામત કરવાની જરૂર છે. તે ઉપરથી સુબાના દીવાન ઉપર હજુરહુકમ આવ્યો કે, માફી મુકિત પામેલા બાદશાહના વખતમાં ગુજરેલા વર્ષોની હકીકતની તજવીજ કર્યાથી દફતરી રીતે એવું માલમ પડ્યું છે કે, સને બાવીસ જુલુસીમાં ખજાનામાંથી ખરા વજનની ૧૦૦૪ મોહરો અને સને ઓગણત્રીસ જુલુસીમાં **રજવીખાને** શહેરના મહાજનોથી સાઠહજારનો ફંડ કરી ભેગા કરી આપ્યા હતા તે આ રાજ્યમાં આપવા વિષેનો હુકમ થયો છે. આ વખતે ખર્ચનો અડસટો ૨૨,૬૦૪ રૂપીયા થાયછે. તેથી જેવો હુકમ હોય તેમ કરીએ. આ ઉપરથી સરકારી હુકમ થયો કે, ખજાનામાંથી ચાર વખત કરી આપવા; પણ શહેરના રહેવાશીઓથી તે પ્રમાણે માગણી કરવી નહિ.

ત્યારબાદ એજ અરસામાં **સોરઠનો** સરદાર **સરદારખાન, ઠઠ્ઠાની** સુબેગીરીપર નિમાયો અને ત્યાં જઇને થોડા દિવસો વિત્યા બાદ મરણને શરણ થયો ( મરી ગયો ). તેના શબને ત્યાંથી અહમદાબાદ લાવીને તેના બનાવેલા જમાલપુરના સુશોભિત ઘુમટમાં દફનાવવામાં આવ્યું; અને જુનાગઢથી નવો ફોજદાર નિમાઈ આવતાં સુધી **સૈઈદ મેહમુદખાન,** ખબરદારી અને હોશીયારીથી તે કામ બજાવતો રહે એવો હુકમ થયો.

## સોરઠનું સરકારપદ બાદશાહજાદા મુહમ્મદ આઝમશાહના નામ ઉપર ઠરાવવા વિષે.

શ્રીમંત બાદશાહના ફરમાન મુજબ સોરઠનું સરકારપદ **બાદશાહજાદા મુહમ્મદ આઝમશાહ**ના નામ ઉપર ઠરાવવામાં આવ્યું. તે પછી **શાહ વરદીખાન** ઉપર સરકારી હુકમ આવ્યો કે તાકીદે સોરઠમાં પહોંચી જવું, તથા સિબંધીના બે હજાર સ્વારો અને પંદર રૂપીયાના પગા-

રના ત્રણ માણસોને ધારા પ્રમાણે સુબાના બક્ષિનો **અભિપ્રાય** પૂછી નોકર રાખવા; અને બાદશાહજાદાના આવી પહોંચતાં સુધી ત્યાંના બંદોબસ્તની સાવચેતી રાખવી. તે બાદ સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે, **મુખ્તારખાન** ( સુબા ) ની મારફત તે બેહજાર સ્વારોના એક માસના પગારના રૂપીયા **અહમદાબાદ**ના ખજાનામાંથી આપવા. તથા ગુમાસ્તાઓ, મુશરફો અને તેહવીલદારોને પગાર કરવાના કામસારૂ તેની સાથે મોકલવા. પગાર આપ્યા પછી તેની હકીકત હજુરમાં લખી જણાવવી, કે જેથી તે નાણાં બાદશાહજાદાના વકીલોની રકમમાંથી વસુલ લેવામાં આવે.

હવે કામની વધારે ઉતાવળના લીધે ગુરજબરદાર **મુહમ્મદ સીદીક** નિમાઇને આવ્યો. હજુ સુધી સોરઠ સરકારમાં કાયમી ફોજદાર આવ્યો નહોતો અને સુબાના ઇન્તેખાબથી હજુરે જાણ્યું હતું કે બક્ષિ **બહાઉદ્દીનખાને** સુબા મુખ્તારખાનને જાહેર કર્યું હતું કે, સોરઠના દેશાઇઓએ આ વખતે કેટલાક હુલ્લડખોરોને રાખી સોરઠને ફોજદાર વીનાનો ખાલી જાણી કેટલાંક ગામો ઉપર લુંટફાટ ચલાવી છે, માટે જો ફોજદાર આવી પહોંચે તેટલી મુદત સુધી કરોડગીરીખાતાંમાં થોડાક માણસોના લશ્કરનું હંગામી ખર્ચ ખાલસામાંથી મળે તો બંદોબસ્ત સારી રીતે થઇ શકે. તે ઉપરથી સુબાએ પોતાના દીવાન મુહમ્મદ તાહીરને હામી ( કબુલાત ) આપવાને કહ્યું. પરંતુ દીવાને કહ્યું કે હજુર–આજ્ઞા સિવાય મારાથી હામી થઈ શકતી નથી. તેથી સુબાના દીવાન ઉપર હજુર હુકમ આવ્યો કે, આવા પ્રકારનાં કામમાં હજુર હુકમની રાહ નહીં જોતાં સુબાની હામીથી આપી દેવું જોઇએ; આ પહેલાં શાહ વરદીખાનને હુકમ ગયો હતો, તેથી તેના સોરઠ પહોંચતાં સુધીમાં સુબાની હામીથી પગારદારોના પગાર કરવા અને તેની હકિકત લખી મોકલવી.

જ્યારે એજ વર્ષે **શાહ વરદીખાને** હજુર હુકમપ્રમાણે સોરઠમાં પહોંચી જઇને અરજ કરી કે, સરકારી કામ સરંજામે પહોંચાડવાના હેતુથી ૪૬ છેતાલીશ જણાને પ્યાદાતરીકે, બકંદાઝ ( જેની કીમ્મત સરકારી ચાર રૂપિયા કરતાં થોડી ઓછી થાયછે ) ના ઠરાવથી નોકર રાખ્યા છે, કે જે પ્યાદાઓ અત્રે કામલાયક જણાય છે; તો આશા છે કે તે લોકોના ઠરાવનો પગાર સુબાના દીવાનના નામથી મોકલવામાં આવશે. એ ઉપરથી સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે, પ્યાદાઓનો એક મા-

સનો પગાર કે જે, ત્યાંના ધારાપ્રમાણે દર જણુ દીઠ સાડાત્રણ રૂપીઆ થાયછે તે, તે મુજબ સુબાની મારફતે અહમદાબાદથી સોરઠ મોકલાવવો તથા બે હજાર સ્વારો અને નવસો છેંતાલીશ પેદલોના પગારની રકમ સોરઠ સરકારના મહેસુલમાંથી બાદશાહજાદાના વકીલોથી વસુલ કરી મજકુર ખજાનામાં ભરી દેવી.

## પોતખાનાના ધારા અને રૂપિયાનું વજન.

એજ વર્ષે શ્રીમંત બાદશાહના સાંભળવામાં આવ્યું કે, જે નાણું લોકો પોતખાનામાં રજુ કરે છે તે નાણું પરગણાના અધિકારીઓ સરકારી હુકમ છતાં લેતા નથી અને રૈયતને બજારમાં વસુલ કરવામાં ઘણી વાર થાયછે. તે ઉપરથી સરકારી હુકમ થયો કે સચકાનઇલિ ૪સલની ખરીફથી રૈયતે દરેક જાતના કમવજનના રૂપીયા અને ખોટી જણુસો લાવીને પોતખાનામાં રજુ કરવી જોઇએ અને પછી પાછી આપવી જોઇએ, તેમજ પરવાનાના વધારામાં લખેલા લખાણ મુજબ અમલ કરવો. તે પછી સુબાના દીવાનને હુકમ થયો કે ખાલસા મહાલના અધીકારીઓ તથા દીવાની બાકીના અમલદારોએ આવી રીતે ઠરાવ કરવો કે એક સુરખો, ( રાતો ) બે સુરખા કે ત્રણ સુરખાને રૂપીયો ગણી લઈ, રૂપીયાનું વજન જે સાડા પંદર માસા છે તેથી જો ઓછું હોય તો તે, તે કાંટાનું વજન અને ચાંદી કે જેથી રૂપીયાનું વજન કમી થયેલું, અથવા તો જ્યારે સાડાપંદર વજન થાય તો તે રૂપીયાના અવેજમાં સઘળું વજન મુજરે લેવું જોઇએ અને પ્રથમ રૂપીયાનું એક સુર્ખ પુરૂં વજન ધારેલું, તેમાં કમી થવાની પુછપરછ થતી હતી તે હવે ત્રાજુની ખામીથી થતાં વધતાં–ઓછાં વજન વિષે કરવાનો ઠરાવ થયો છે. માટે તે કમવજનને કાંટાવડે વજન કરીને પકડવું. બીજું એ કે, જે રૂપીયાનું વજન ત્રણ સુર્ખથી કમ હોય તેને ચાંદીમાં ગણીને તે ચાંદીનો ભાવ દર તોલે રૂપીયા પ્રમાણે મૂકી પોતખાનામાં લેવો. ત્રીજું એ કે, ફકત સરકારી સિક્કા સિવાય દરેક ઓછાં વજનની જણુસો તથા રૂપીયા ઉપર સરકારી સિક્કા ઉપરાંત પ્રથમના ધારા પ્રમાણે અડધો દામ વસુલ થવો જોઇએ.

ત્યારબાદ અહમ્મદાબાદના રહેવાશીઓ પૈકીના કેટલાએક માણુસોએ હજુર–દરબારમાં જઈ ન્યાયાધીકારીઓ મારફત બાદશાહને અરજ કરી કે, સુબા મુહમ્મદ અમીનખાનના વખતથી હાથીખાનાં અને ઉંટખાનાની મુકા-

દમીના માણુસો રાયણ, મહુડા વિગેરે ફળદાયક ઝાડોને કાપી નાંખેછે, અને જો તેનો માલીક તરફનો કોઇ માણુસ તેઓને અટકાવે છે તો તેને માર મારીને જબરદસ્તી ગુજારે છે. આ અરજ ઉપરથી સરકારી હુકમ આવ્યો કે, લોકોએ કહેલી હકીકત ખરી હોય તો એકદમ સખત તાકીદ કરતાંની સાથેજ તેઓના પાસેથી મુચરકા લેવા, કે જેથી તેઓ પૈકીનો કોઇપણ માણસ એવું કામ કરવામાટે હવે પછી હિમ્મત કરે નહિ અને કાપેલાં ઝાડોની કિંમત શરેહપ્રમાણે આપી દેવી. આ વખતે **દોલત સુમરાની** બદલી થવાથી **મુહમ્મદ જાફરને** ગોધરાની ફોજદારી ઉપર નીમવામાં આવ્યો.

સને ૧૦૯૬ હિ૦ માં દુકાળ પડવાથી થઇ પડેલી દુર્દશા જોઇને **શેખુલઈસ્લામે** અરજ કરી કે ગરીબ મુસલમાનો અને અહમદાબાદની સઘળી રૈયત મોંઘવારીના લીધે ખરાબ–ખસ્ત થઇ ગઇ છે, માટે અનાજ ઉપરનાં મહેસુલની માફી આપવી જોઇએ. એ ઉપરથી સુબાના દીવાનપર હુકમ આવ્યો કે, શેખુલઇસ્લામની અરજ મુજબ અનાજનું મહેસુલ એક વરસને માટે માફ કરવામાં આવેછે. આ વખતે મોટા કાજી અબ્દુલ વહાબનો દીકરો **શેખ મુહેયુદ્દીન** સદારત, અમીની અને જજીઆ અધિકારી હતો તથા નિરખીપણું પણ તેનીજ એક શાખા હતી. તેના વિષે ફડીયાઓએ ગપ ઉરાડી કે તેણે લાંચ લઇને દાણાનો ભાવ લોકોની મરજીપ્રમાણે ઠરાવ્યો છે. જેથી રૈયત ઉશ્કેરાઈ ગઇ અને ખળભળાટ થઇ પડ્યો. એક વખત ભોગજોગે તે સ્વાર થઇને શુક્રવારની નમાજ માટે જતો હતો તેવામાં અનાજની મોંઘવારીના લીધે ભૂખે મરતાં સ્ત્રી–પૂરૂષોએ ફરીયાદ કરી અને પથરા વિગેરે જે કાંઈ હાથ આવ્યું તે તેના ઉપર ફેંકવા મંડી પડ્યાં. તેમાં છેવટ પરીણામ એવું આવ્યું કે શેખસાહેબની પાલખી તુટી ગઇ અને પોતે પણ મરતાં મરતાં મહા મુસ્કેલીથી બચવા પામી ઘેર પહોંચતો થયો. આ પ્રમાણે બનેલા બનાવ વિષેની હકીકત તેણે પોતાના બાપ શેખુલઇસ્લામને લખી મોકલી. તેમાં લોકોને ઉશ્કેરવાનો દોષ અદેખાઇના લીધે શહેરના કાજી **અબ્દુલ્લા** ઉપર મુકયો હતો. એક કવિતના અર્થમાં કહેલું છે કે:–

“ અભિમાન, અદેખાઇ, કપટ–દગો કે કીનો એ સઘળા ગુણો માણસજાતમાં મુખ્ય દુર્ગુણો છે; માટે ખરી વાત તો એ છે કે, જ્યાંસુધી તમે એ દુર્ગુણોથી દુર રહીને તમારૂં અંતઃકરણ શુદ્ધ નહીં કરો ત્યાંસુધી ખરા પુરૂષાતનને પામવામાટે કદીપણ શક્તિવાન થશો નહીં. ”

શેખુલ-ઇસ્લામે આ હકીકત મળતાંજ હજુરમાં જાહેર કરી દીધી. જે ઉપરથી આજ્ઞા થઇ કે **ખાજા અબ્દુલ્લાને** પગમાં બેડીઓ પહેરાવી મુશકેટાઇટ બાંધીને હજુરમાં પહોંચાડી દેવો. આ કામ કરવા માટે ગુરજબરદારની નીમણુંક કરવામાં આવી. હવે ગુરજબરદારના નીકળતાં પહેલાં, આવી એકાએક ચોંકાવનારી માઠી ખબર ખાજા અબ્દુલ્લાને પહોંચી ગઈ. પરંતુ તેને એવી ખબર નહોતી કે રૈયત પણ એકઠી થઇ જશે; તેતો એમજ ધારતો હતો કે મારા ઉપર આ એક આરોપ ઓઢાડવામાં આવ્યો છે. તે આરોપમાંથી છુટવા અને ગુરજબરદારના લઇ જવામાં પોતાને બેગુનાહ ગણાવવા માટે નાણાંની એક રકમ રોકવામાં આવી હતી. ત્યારબાદ વળી તેને એવો ખ્યાલ આવ્યો કે પોતે હજુરમાં પહોંચી જવું એ આબરૂનું કામ છે. એમ ધારીને તે હજુરમાં જવામાટે રવાને થયો. કહેવત છે કે, " જો ખુદા મહેરબાંન હોય તો શત્રુથી પણ લાભ મળી શકે છે. "

આ વેળાએ સરકારી સ્વારી દક્ષીણમાં હતી. સરકારી હુકમાનુસાર **બાદશાહજાદો** શ્રીમંત બાદશાહની સેવામાં હાજર થવામાટે રવાને થઇ બુરહાનપુરની હદમાં આવી પહોંચેલો હતો. ભોગજોગે ખાજા અબ્દુલ્લા પણ હજુરમાં જવામાટે નીકળેલો, તે ત્યાંઆગળ આવી પહોંચ્યો, અને તેણે ધાર્યું કે, મારાં તકદીર પાંસરાં છે, કે મને બાદશાહજાદાની મુલાકાત થઇ. હવે મારી કસુરો માફ થઇ મારી ઇચ્છાઓ બર આવશે. એવા વિચારથી તે તેની સેવામાં હાજર થયો, અને પોતાની ઉપર આવી પડેલી આફતની સઘળી હકીકત શાહજાદાને વિદીત કરી. તે ઉપરથી બાદશાહજાદાને માલમ પડ્યું કે તે બેગુનાહ છે, તેથી તેણે આજ્ઞા કરી કે, મારી સ્વારીની સાથે આવવું અને હજુરમાં હું માફી અપાવવા અરજ કરીશ. ખાજા અબ્દુલ્લા એક નિપૂણ માણસ હતો, જેથી બાદશાહજાદાની કૃપાનજર તેના ઉપર દીવસે દીવસે વધતી જતી હતી. તે પછી હજુરમાં હાજર થઇને બાદશાહજાદાએ મજકુર ખાજાની તમામ કેફીઅત તથા તેનું બેગુનાહપણું બાદશાહને વિદીત કર્યું તેથી સઘળી હકીકત જાહેર થઇ.

ભોગજોગે તે વખતે બાદશાહજાદાના લશ્કરનો કાજી નાશ થવાની રજા નાશ પામતા ખાતાંમાં ભોગવતો હતો તેથી બાદશાહજાદાના કાજીતરીકે

મજકુર ખાજાને ઠરાવવામાં આવ્યો, અને શહેર અહમદાબાદના કાજીની જગ્યા **કાજી અબુલફરોને** આપવામાં આવી; તે કેટલોક વખત સુધી બાદશાહજાદાની સેવામાં કાજીપદ ધરાવતો રહી યુદ્ધવખતે શુરો બની મરદાઇ બતાવતો હતો મજકુર ખાજાના કર્મ–ગ્રહ સારા હોવાથી શેખુલઇસ્લામ હજ કરવા જવાની રજા મેળવીને તે તરફ રવાને થઇ ગયો. તેના બદલા-યાથી તે જગ્યાએ **અબુ સઈદ** નામના શખ્સને નિમવામાં આવ્યો. તેણે થોડીજ મુદતમાં રાજીનામું આપીને બીજી જગ્યાએ ગોઠવણ કરવા સરકા-રને અરજ કરી; તે સાથે બાદશાહજાદાએ પણ અરજ કરી કે, ખાજા અબ્દુલ્લા આ મોટી પદવીને લાયક અને સરકારી નોકરી સંતોષ-કારક રીતે કરવામાટે યોગ્ય છે, કેમકે તે કાજી પણ છે અને સિપાહી પણ છે. ત્યારે હુકમ સાથે સવાલ થયો કે, તમારા લશ્કરનો કાજી કોણ થશે? ત્યારે શાહજાદાએ અરજ કરી કે તેનો દીકરો **ખાજા અબ્દુલ હમીદ,** તે વિદ્વાન છે તેમજ ધર્મશાસ્ત્રી પણ છે. હવે બાદશાહજાદાની અરજ મંજુર કરવામાં આવી. તે બન્નેને સુંદર પોશાક બક્ષવામાં આવ્યા અને તેઓ ધીમે ધીમે સારી સેવા બજાવવા લાગ્યા. તેમાં ખાજા અબ્દુલ્લા મોટી પદ-વીએ ચઢયો અને પછી ગુજરાતના સુબાની ઘણીખરી અરજીઓ તેની મારફતે નોંધવામાં આવતી.

સન મજકુરના માહે જમાદીઉલ અવલમાસની તારીખ છેલ્લીના દીવસે સુબા મુખ્તારખાને દેહ છોડી દીધી (મૃત્યો પામ્યો.) અને અમાનતની રીતથી શહેરમાં આવેલી શાહઅલીજી ગામધણીની દરગાહમાં દાટવામાં આવ્યો; તે પછી કેટલેક દહાડે ત્યાંથી કાઢીને તેના શબને બીજે સ્થળે લઇ જવામાં આવ્યું.

**મુહમ્મદ તાહિરે** (સુબાના દિવાને) શહેર તથા જીલ્લાની કચેરીઓના કારકુનો અને બાદશાહી નોકરોની માલમિલ્કત તથા જાગીરો જપ્ત કરવા માંડી, તેમજ શહેર અને પરગણાના બંદોબસ્ત માટે સ્વારો, પેદલો કે સિરબંદી-ઓને ઠરાવી દીધા. તે સિવાય દર મહિને ૨૦,૧૦૦ રૂપિયા આપવાના ઠરાવી **સઇદ મુહમ્મદખાનની** સાથે કમરૂદ્દીનખાન (મુખતારખાનનો દીકરો) ને, તથા **મીર બહાઉદ્દીનખાન** બક્ષિ (વૃત્તાંત લેખક)ને રીસાલદાર નીમીને સુબાના બંદોબસ્ત મુજબ ગોઠવી દીધા; અને પછી સઘળી હકીકત શ્રીમંત હજુરને લખી મોકલાવી.

# સાડત્રીશમો સુબો કારતલબખાન.

## સને ૧૦૯૬ થી ૧૧૧૩ હિજરી.

જ્યારે મુખતારખાનના મોતના સમાચાર હજુરમાં પહોંચ્યા ત્યારે ગુજરાતની સુબેગીરી બાદશાહજાદા મુહમ્મદ આજમશાહના વકીલોને સોંપવામાં આવી; તથા બેવડા તેવડા સાતસો સ્વારો વગરશરતના અને જાતીકા નવસો રૂપિયાના મનસબવાળા **કારતલબખાનને** સુરતબંદરની ફોજદારી તથા મુસદ્દીગીરીઉપર નિમવામાં આવ્યો; તથા તેનો દત્તપુત્ર **નજરઅલી** કે જે, બસો રૂપિયાનું મનસબ અને ત્રણસો સ્વારોનો ઉપરી હતો તે, સ્વારો તથા પગારમાં વધારાનું માન મેળવી બાદશાહજાદાનો નાયબ ઠર્યો. ત્યાર પછી સુરતબંદરની ફોજદારી અને મુસદ્દીગીરી **સલાબતખાનને** આપવામાં આવી.

મુહમ્મદ તાહિર, મુહમ્મદ મોહસના (એતેમાદખાનનો દીકરો) અને ખાજા અબ્દુલ હમીદખાનની દીવાની.

હવે કેટલીએક ભરૂસાદાર હકિકત જે વારંવાર સાંભળવામાં આવી છે તે એવી રીતે છે કે, કમરૂદ્દીનખાને પોતાના પિતાનો આ દુઃખદાયક એહેવાલ હજુરમાં ઘણીજ ઝડપથી વિદિત કર્યો. આ વખતે સરકાર-સ્વારી દક્ષિણની ચડાઇમાં રોકાએલી હતી. તે ખબર લઇજનાર મંડળી વીશ કાસદોસહિત સુરતબંદરથી નિકળીને ત્યાં જઇ પહોંચી, અને આરામ મેળવવા માટે તેમણે થોડોક વખત વિસામો લીધો. પછી મુખતારખાનના મોતની અને હજુરમાં અરજી લઇ જવાની ખબર તરતજ કારતલબખાનને પહોંચી, તેથી તેણે તે કાસદોને પોતાની પાસે બોલાવીને પુછપરછ કરવા માંડી; તે ઉપરથી તેને ભરૂસાદાર માહિતી મળી. તે માહિતીને સાચી કરી અને જે કાંઇ સરકાર આપે તે, પોતાના ગજાંઉપરાંત આપી તેમને રોકી રાખ્યા અને છુપી રીતે મુખતારખાનના મોતની સઘળી હકિકત સરકારમાં જાહેર કરી દીધી. પછી પોતાના માણસોસહિત ઇનામઇકરામોના વાયદા કરી પોતાના માણસોને કમરૂદ્દીનખાનના માણસોની પહેલાં પહોંચી જવાની આજ્ઞા કરી, અને કમરૂદ્દીનખાનના માણસોને વાતોના ગપાટા મારવામાં તથા જરૂરી કામમાં રોકી રાખીને પછી રજા આપી. આ પ્રમાણે તેની યોજના ખરી ઉતરી કે, કારતલબખાનની અરજી અડધી રાત્રે સરકારી છાવણીમાં પહોંચી. તેજ વખતે હજુરે ઉઘાડીને વાંચી, તો તે વાંચતાંજ કારતલબખાનની હુશિયારી અને ચાલાકી ઘણીજ પસંદ આવી, અને તેની નોકરી

તથા વર્તન જ્યારથી તે સુરતબંદરની નોકરીઉપર નિમાયો હતો ત્યારથીજ શ્રીમંત સરકારને ઘણુંજ પસંદ અને મરજીમાફક હતું, તેથી સર્વથી પહેલાં હજુરની ખુશ કૃપાદષ્ટી કારતલબખાનની નીમનોક કરવા ઉપર પડી; જેથી તેજ રાત્રે ખુદ હજુરના હાથથી બાદશાહજાદાની સુબેગીરી ને તેની નાયબીવિષેનો હુકમ લખવામાં આવ્યો. તે સાથે વળી એવી આજ્ઞા થઇ કે, આ હુકમ લઇને કાસદોએ તરતજ વગરવિલંબે રવાના થઈ જવું; અને પાછળથી ફરમાન તેમજ કાયદેસર હુકમો વકીલને આપવામાં આવશે. સારાં નસીબે કારતલબખાનના કાસદો કમરૂદ્દીનખાનના માણસોની પહેલાં પહોંચી જઇને મતલબપ્રમાણે કાર્ય સિદ્ધ કરીને પાછા ફરતી વખતે વાયુવેગ કરતાં પણ વધારે ઝડપથી ચાલી નિકળ્યા હતા. રસ્તામાં એવું બન્યું કે, બાદશાહી છાવણીથી ત્રીશ ગાઉઉપર કમરૂદ્દીનખાનના મોકલેલા માણસો સામા મળ્યા, કે જેઓ હજુરમાં જતા હતા. એવું કહેવાય છે કે, અમદાવાદની બાદશાહજાદાની સુબેગીરીની નાયબીવિષે ઘણાખરા અમીરો કારતલબખાનના દરજ્જા ઉપર નિહાળી જોઇ વિચાર કરતા હતા કે, તેની બદલી થવાથી બીજો કયો માણસ આ કામને કબુલ કરીને સરાડે પહોંચાડશે!

આ અદ્રષ્ય સંસારમાં કેવળ નિશ્ચયપુર્વક તો એજ છે કે, તેના ઉંચી પદવીએ પહોંચવાનો માનમર્તબો તેના કિસ્મતમાં લખાએલો હતો, અને તેજપ્રમાણે બનવા પામ્યું. તે એવી રીતે કે, સરકારી નિમકહલાલ નોકરી, શુદ્ધ દીલ, ચોખ્ખી દાનત અને રૈયતની સાથે સદ્વર્તન ચલાવીને દેશનો સારો બંદોબસ્ત તથા સંભાળપૂર્વક દેખરેખ રાખ્યાથી, બાદશાહજાદાની નાયબીના મર્તબાથી જોઇતા મનસબના વધારાસાથે દિવસે દિવસે વધતી જતી બાદશાહી મહેરબાનીથી જાતીકા પાંચહજાર રૂપિયાનું મનસબ અને વગરશરતના એવડાતેવડા ચારહજાર સ્વારોની સત્તા, સજાઅતખાનનો ખિતાબ અને સુંદર સુશોભિત પોશાક, નોબત-નિશાન, હાથી અને બાદશાહજાદાના વકીલોની નાયબીથી જોધપુરની ફોજદારી મેળવીને સુબેગીરીઉપર નિમાયો, અને જેવી રીતે બાદશાહ ખુશી રહે તેવી રીતે સઘળાં કાર્યો શુદ્ધ અંતઃકરણથી બજાવવા લાગ્યો. તે જ્યાંસુધી જીવ્યો ત્યાંસુધી તેના વખતમાં કોઇપણ જાતની ઇતરાજીનું કારણ ઉભું થવા પામ્યું હતું નહિ. તેની કારકિર્દી જોતાં તેના જેટલી સુબેગીરી કોઇની ટકી નહિ; તેમજ એવો બંદોબસ્ત, કે લોકોમાં સુખશાન્તિ અને ભપકો પણ એવો જણાયો નહિ, કે

જેવો તેના વખતમાં જણાતો હતો. તે વિષે લોકોના મુખમાંથી સુવાકયો ચાલી છે અને હિન્દુ–સ્ત્રીઓ પણ તેના રાસ અને ગીતો ગાયછે. તેના (કારતલબખાનના) વખત પછી આ દેશના લોકોને સુખશાંતિ મળવા પામી નહિ.

કારતલબખાનની ટુંક હકિકત એ છે કે, તે પોતાની જુવાન અવસ્થામાં બાદશાહજાદા **મુહમ્મદ મુરાદબક્ષ**ની સાથે આ દેશમાં આવીને રહેલો હતો. તે સુબાઓના વખતમાં થાણદારી તથા ફોજદારીની નોકરી કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. સારાં નસીબે તેને ગુપ્તરીતે સરકારી ખાસ સેવાનો લાભ અને મનસબ મળવાથી પ્રથમ તે **પેથાપુર**નો થાણદાર થયો હતો. પછી તેને મુહમ્મદ બેગખાની વર્ગની પદવી મળી અને તે પછી તેની સારી નોકરીની હકીકત હજુરમાં પહોંચી. તે ઉપરથી તે વખતે તેને કારતલબખાનનો ખિતાબ અને **કડી**ની ફોજદારી આપવામાં આવી. તે પછી **ધોળકા**નો અમલદાર થયો અને ત્યાંથી **મુહમ્મદ ગ્યાસુદીન મુહમ્મદખાન**ના મરી જવાથી સુરતબંદરની મુસદીગીરી ઉપર આવ્યો. તે પછી સુબાનો નાયબ થયો અને જાતે અમીરોની મોટી પદવીને પામ્યો. તેના મરી ગયા પછી બાદશાહજાદો **આજમશાહ** ખુદ સુબેગીરી ઉપર આવ્યો.

લખવા મકસદ કે, કારતલબખાન ખાસ ચીઠી આવ્યા પછી તે હકિકતને ગુપ્ત રાખી તરતજ તંબુમાં દાખલ થયો અને લશ્કરી કોઇ માણસ જાણે નહિ તેવી રીતે અમદાવાદ તરફ રવાને થઇ ગયો. થોડા દીવસમાં આ સુશોભિત શહેરમાં તારીખ બીજી, રજબ સને ૧૦૯૬ના દીવસે દાખલ થઇને કમરૂદ્દીનખાનને તે ચીઠી દેખાડી, અને પોતાને આ બંદોબસ્તની બિલકુલ ખબર નહિ હોવાથી પોતે બંદોબસ્ત કરવા માંડયો. થોડા દીવસ પછી કમરૂદ્દીનખાન હજુર–હુકમપ્રમાણે **મ.ળવાતરફ** રવાને થઈ ગયો. સુબાનો દીવાન મુહમ્મદ તાહીર અને કાજી અબુલ ફરા વિગેરે સુબાના તેહેનાતી મનસબદારો, શહેરના મોટા મોટા નામાંકિત માણસો અને સજ્જનો આવીને તેને મળ્યા.

કારતલબખાને દેશના બંદોબસ્ત અને રક્ષણાર્થે દરેકે દરેક જગ્યાએ થાણાં બેસાડયાં અને તેના બંદોબસ્તને માટે પોતાના માણસોને ઠરાવી મોકલી દીધા; વિગેરે કરવી જોઇતી ગોઠવણ કરવામાં રોકાયો. આ વખતે હજુર હુકમથી બાદશાહજાદા આજમશાહના વકીલોની જાગીરમાં **પેટલાદ** પરગણું કાપી આપવામાં આવ્યું. તે સિવાય પ્રથમ શાહવરદીખાનની સાથેના સિર-

બંધી સિપાહીઓના **એક** માસના પગારમાં ૨૯,૬૭૧ રૂપિયા આપવાનો હુકમ થઇ અપાએલા તે, ઓલક–સોરઠના પરગણાની બાદશાહજાદાની જાગીરમાંથી કાપી અમદાવાદના ખજાનામાં પાછા ભરી દેવાનો હુકમ થએલો, તે રૂપિયા હાલસુધી નહિ ભરાતાં બાકીમાં હતા, તેમજ પેટલાદમાં અપાએલી તકાવીની રકમના રૂપિયા જે બાકી રહેલા હોય તે કાપી લઇ સઘળા પગાર કરી દેવા. તે વિષેનો સરકારી હુકમ સુબાના દીવાનઉપર આવ્યો. ત્યારપછી **શાહવરદીખાનને** તેના બાપના મરી જવાથી જુનાગઢની ફોજદારી ઉપર નિમવામાં આવ્યો.

સને ૧૦૯૭ હિ. માં **મોતેમીદખાન**, સુરતબંદરના મુસદ્દી સલાબતખાનના બદલાયાથી તે જગ્યાએ માનવંતો ઉમદા પોશાક પહેરીને આવ્યો; તથા શેર અફગનખાનની બદલીમાં જુનાગઢની ફોજદારી ઉપર જાતીકા અર્ધહજારી મનસબ અને વગરશરતના ત્રણસો સ્વારોનો ઉપરી **બેહલોલ શેરવાની** નીમાઈ આવ્યો. ત્યારબાદ સરકારી હુકમ થયો કે, સુબાએ પોતાના બક્ષિ **મીરબહાઉદ્દીનના** અભિપ્રાયથી ચુંટી કહાડેલા એકહજાર સ્વારો અમદાવાદની સરહદમાંથી નોકર રાખીને શહેરનો મનસબદાર મુહમ્મદ રફી કે જે, તે સ્વારોને લાવવા માટે હજુરમાંથી નિમાયો છે તેની સાથે રાખીને, તેઓ સાથે ભથાંના બેવડા તેવડા સાઠ રૂપિયા અને એકવડા એક માસના ત્રીશ રૂપિયાની સરાસરીનો કરાર કરવો; પચાસ સ્વારોના જમાદારને સો રૂપિયાનો વગરકપાતનો ઠરાવ કરી નહિ રાખતાં ધારાપ્રમાણે જે નાણાં વસુલ કરવાનાં હોય તે વસુલ કરવાં અને તે પગાર ઉપરાંત વધારી નામ લખવાં; તેમના ઘોડાને દાઘ (ડામ) દેવા, તથા જે તારીખે દાઘ દીધા હોય તે તારીખથી ખરી નોંધ કરવી અને જામીનગીરી લેવાની શરત બે માસના પગારની રાખવી. તે હિસાબ ઉપરાંત ખજાનામાંથી આપી હજુર તરફ રવાના કરવા. તેઓમાંથી જેઓ મનસબને લાયક હોય તેઓ ઉપર તેજ પગારના પ્રમાણમાં મનસબ ઠરાવવાં એ મુજબ સરકારી હુકમનો અમલ કરવામાં આવ્યો.

હવે **પાટણ** શહેરના કોટની મરામત કરવામાટે હજુર હુકમ આવ્યો. આ વખતે સુબાના દીવાનની અરજઉપરથી હજુરના સાંભળવામાં આવ્યું કે, તેણે (દીવાને) એવી અરજ કરી હતી કે "ગઇ સાલમાં સરકારી હુકમ આવેલો હતો કે મોંઘવારી સબબે થતાં દુઃખનાં કારણથી અમદાવાદ શહે-

રનાં ગરીબોની હાલત જે ઘણીજ ખરાબ થઇ ગઇ છે તેમાટે એક વર્ષ સુધી અનાજનું મહેસુલ માફ જાણવું, કે જેવિષે પ્રથમ પણ લખાઇ ગયું છે, અને તે પછી ધારાપ્રમાણે વસુલ કરતા રહેવું; પરંતુ આ વર્ષે પણ વર્ષાદની તંગી હોવાથી ગઈ સાલ કરતાં અનાજ ઘણું મોંઘું છે, છતાં જો મહેસુલ લેવામાં આવશે તો ગરીબો બુમો પાડીને રડવા મંડી જશે. આ ઉપરથી શ્રીમંત દયાળુ બાદશાહનો હુકમ આવ્યો કે, સાયર કોઠાના મુસદ્દી લોકોએ એવો ઠરાવ રાખવો કે, મોંઘવારી વખતે અનાજના જે ભાવ ઉપરથી મહેસુલ માફ કરેલું તે ઉપર નજર રાખીને જ્યાંસુધી સસ્તું ન થાય ત્યાંસુધી હાંસલ લેવું નહિ.

સને ૧૦૯૮ હિ. માં સુબાના દીવાન–મુહમ્મદ તાહીરને મનસબમાં વધારો અને અમાનતખાનના ખિતાબનું માન મળ્યું, અને બક્ષિ (વૃત્તાંત લેખક) મીર બહાઉદ્દીનખાનના મરી જવાથી તે જગ્યાએ **મીર ગાજીને** નિમવામાં આવ્યો. એજ વર્ષે હજુરમાંથી હુકમ આવ્યો કે, ખજાનામાંથી સાતહજાર રૂપિયા શહેર અમદાવાદના હકદારોને સુબાના સદરની મારફતે હાથોહાથ વહેંચી આપવા, અને ચાંપાનેર તથા અમદાવાદના તાબામાં આવેલા રખીઆલ ગામનાં ઝાડોની લીલી હરડેનો મુરબ્બો સરકારી ખાસ ઉપયોગને માટે રાખવો, અને કારેજની વહેતાં પાણીની મોરી (નહેર) નું બાંધકામ, સલાપોશ આગળ આવેલી મલેક શાબાન–ગુજરાતીની મસ્જીદની ખેરાત અને ૨૦૦૦ બે હજાર રૂપિયા વગરવિલંબે ખજાનામાંથી મોટા કાજી અબ્દુલાની અરજઉપરથી શાહઆલમની ગાદીવાળા **સૈઈદ મુહમ્મદને** આપવા. તે રૂપિયા એક આંકડે આપવામાં આવ્યા અને બીજાં કામો બરાબર બજાવવા માટે પુરતો બંદોબસ્ત કરવામાં આવ્યો. આ વખતે સુરત-બંદરના મુસદ્દી મોતેમીદખાનની અરજ ઉપરથી હજુરના જાણવામાં આવ્યું કે, **મુહમ્મદ અકબર** નિરાશીભર્યા દુઃખથી મુકત થઇને **મસ્કતબંદરે** જઈ પહોંચ્યો છે. તે પછી દંડારાજપુરીના કિલ્લેદાર યાકુતખાન હબશીએ અરજ કરી કે "મુહમ્મદ અકબર કેટલાંક જંગી વહાણો સહિત ઇરાન જવાના મનસુબે તે બંદરમાં આવેલો અને ત્યાંનો રાજકર્ત્તા કે જે ઇમામ કહેવાય છે તેણે તેની ઘણી બરદાસ્ત કરી. કેટલાક દિવસ પછી સુરતના ખબરપત્રીઓના લખવાથી હજુરમાં ખબર થઇ કે, મુહમ્મદ અકબરે ત્રણ માસસુધી મસ્કતબંદરમાં રહીને ત્યાંથી ઈરાનના બાદશાહ **સુલેમાનશાહ**

ઉપર મદદ આપવા સંબંધીનો પત્રવહેવાર ચલાવેલો, તે ઉપરથી શાહે તેની અરજ ધ્યાનમાં લઇ ઇરાનતાબાના બંદર અબાસ ઉપર હુકમ મોકલ્યો કે, કેટલાંક વહાણો મસ્કતમાં મોકલી મુહમ્મદ અકબરને તેના સાથીઓ સહિત સ્વાર કરાવી અત્રે પહોંચાડવો. તે હુકમને અનુસરીને અધિકારીઓ તથા અમલદારોએ રસ્તામાં પડતા પોતપોતાના મુકામો ઉપર લેવા જઇ આમંત્રણ તથા બાદશાહી ખાણાંવિગેરે આપી સારૂં માન દીધું અને બંદર અબાસથી અસેફખાનસુધી પહોંચાડી દીધો." આ સાંભળીને હજુર હુકમ થયો કે, આ હકિકતને સરકારી નોંધનાં ટીપણમાં દાખલ કરવી. તે પછી બાદશાહજાદો મુહમ્મદ આજમશાહ કે જે, તેને પકડવામાટે નિમાયો હતો તેનાઉપર સરકારી હુકમ આવ્યો કે, પાછા ફરી આવીને શ્રીમંત હજુરને મળવું. શેર અફગનખાન બેહલોલ શેરવાનીની બદલીથી જુનાગઢની ફોજદારી ઉપર બીજીવાર નિમાયો, અને મોતેમીદખાનની બદલી થવાથી મુખ્તારખાનને સુરતબંદરની મુસદ્દીગીરીનો માનવંતો સુશોભિત પોશાક બક્ષિશ કરવામાં આવ્યો.

સને ૧૦૯૯ હિ. માં જોધપુરના ફોજદાર **ઇનાયતખાન**ના મૃત્યુ પામવાની ખબર જ્યારે હજુરમાં પહોંચી ત્યારે હુકમ થયો કે, કરતલબખાને જોધપુર જઇને ત્યાંની સંભાળપૂર્વક દેખરેખ રાખવી. તે હુકમને અનુસરી તેણે ત્યાં જઇને સારી રીતે બંદોબસ્ત કર્યો; અને હજુરમાં અમદાવાદના સુબાની નાયબીની ગોઠવણ કરવાની યોજના થઇ, તે વિષે હજુતો કંઇપણ ઠરાવ થયો હતો નહિ એટલામાં તો તે ખબર ગુજરાત અને જોધપુરના લોકોમાં વાયકારૂપે ફેલાઇ ગઈ. તેની સાથે સઘળા સિપાહીઓ અને સાથીઓ અમદાવાદ શહેરનાજ હતા. તેઓને આ ખબર મળતાંજ તેમનાં મન ઉચક થઇ ગયાં અને તેઓ નોકરી છોડી દઇને અમદાવાદ તરફ રવાના થઇ ગયા; તે એટલે સુધી કે, તેના ઘરના કેટલાક ખાનગી નોકરો પણ તેમની સાથે જતા રહ્યા. આ હકીકત જાણવામાં આવતાં કરતલબખાને તેઓને દીલાસો દઇને પોતાના સિપાહીઓની હકીકત મોટા કાજી અબ્દુલાને લખી મોકલી, કેમકે તેઓની અરજ આજ્ઞાનો સંબંધ તેનીસાથે હતો, જેથી તેણે અરજ કરી. આ વેળાએ બાદશાહની સાથે રહેવાને દક્ષિણમાં ફોજ અને સરદારો માગેલા હતા, તે ત્યાં તેહેનાતી થઇ ગયા. આ વખતે બીજો કોઇપણ માણસ સુબાગીરી કે બીજા મોટાં જોખમનાં કામોની યોગ્યતા ધરાવતો નહોતો, અને

અમદાવાદના બંદોબસ્ત તથા સુબેગીરીના કામથી માહિતગાર તેમજ હિમ્મતવાન ફક્ત કારતલબખાનજ હજુરની નજરમાં ઠસેલો હતો; તેથી જોધપુરની ફોજદારી અમદાવાદની સુબેગીરીમાં ઉમેરી દેવી યોગ્ય છે એમ ધારીને હજુરની કૃપા–દ્રષ્ટી તેના ઉપર પડી, જેથી બાદશાહજાદાના વકીલોની બદલી કરી, અને કારતલબખાનને સુબેગીરી આપવામાં આવી, તેમાં જોધપુરની ફોજદારી પણ ઉમેરી દેવામાં આવી. તે ઉપરાંત તેના મનસબમાં વધારો કરી આપીને જાતીકા પાંચ હજાર રૂપિયાનું મનસબ કરી આપ્યું અને એવડા તેવડા ચાર હજાર ઘોડા શરતવગરના, જોધપુર તેમજ પાટણની ફોજદારી, એક ખાસ હાથી, નોબત–નિશાનનું માન અને એક કરોડ દામ રોકડા ઇનામ આપીને સજાઅતખાનની પદવી આપવામાં આવી. તે વખતે સરકારી આજ્ઞાપત્રી પ્રગટ થઈ કે, તેને અમીર દરજ્જે ચઢાવવામાં આવ્યો છે. તે વિષે બાદશાહી ફરમાન પ્રગટ થઈ અત્રે આવી પહોંચ્યું. ત્યારબાદ **નજરઅલીને** જાતી પદવી અને જાતીકા સાતસો રૂપિયાના મનસબનો વધારો અને ત્રણસો સ્વારો આપવામાં આવ્યા અને બાદશાહજાદાની વિનંતી ઉપરથી ગુજરાતની સુબેગીરીના બદલામાં માળવાની સુબેગીરી આપવામાં આવી.

**દરકદાસ** રાઠોડ કે જે, મુહમ્મદ અકબરને ઉશ્કેરનાર હતો તેની પુંઠે સરકારી ફોજ લાગુ થઇ હતી તેથી તે કોકનની ખીણોમાં છુપાતો ફરતો હતો. છેવટે બચવાનો કોઇપણ ઉપાય નહિ હોવાથી મુહમ્મદ અકબરને વહાણે બેસાડી દીધો, અને પોતે જુદો પડીને નર્મદા નદી ઓળંગી મારવાડ તથા હિન્દુસ્તાનમાં હુલ્લડ મચાવવાના હેતુથી બહાર પડયો. હવે સજાઅતખાન મારવાડના બંદોબસ્તને વાસ્તે કેટલાક દીવસ થોભી સંતોષકારક રીતે બંદોબસ્ત કરીને, **કાજીમબેગ મુહમ્મદ અમીનખાન** કે જે એક બહાદુર માણસ હતો તેને પોતાનો ત્યાંનો નાયબ ઠરાવીને અમદાવાદ તરફ પાછો ફર્યો.

એવું કહેવાય છે કે, જોધપુરની ફોજદારી ઉપર નાયબ નિમવા વખતે સુબાના ઘણાખરા મનસબદારો અને જમાદારો પોતાની નોકરીનું જોખમ સમજતા હતા અને કોઇ માણસ રજપુતોનાં તોફાનની બીહીકના લીધે ત્યાંની નોકરી પણ કબુલ કરતા નહોતા, કેમકે આ વખતે મરી ગએલા જમીનદાર રાજા જસવતસિંહના પુત્ર **અજીતસિંહે** દરકદાસ રાઠોડની સાથે

મળી જઇને હુલ્લડ ઉભું કર્યું હતું. કાજીમબેગે બહાદુરી તથા અકલમંદીથી કાયમ રહીને નાયબપણું કબુલ કર્યું અને ત્યાંજ રહ્યો; જેથી સજાઅતખાને તેનામાટે યોગ્ય મનસબની ગોઠવણ કરી. આ વર્ષે સુબાનો દીવાન અમાનતખાન સરકારી વસુલાતખાતાંમાં હુશિયારીથી તન દઇને કામ કરતો હતો તેના ઉપર પણ બાદશાહની મહેરબાની અને રહેમ-નજર થઇ, જેથી તેને અસલમાં વધારો કરી આપીને જાતીકા બેહજાર રૂપિયાનું મનસબ તથા મોતેમીદખાનની પદવીનું માન આપવામાં આવ્યું, તે પછી મુખતારખાનના બદલાયાથી અમદાવાદની સુબેગીરીમાં સુરતબંદરની મુસદ્દીગીરી ઉમેરી દેવામાં આવી અને તેનો સગો સૈઇદ મુહમ્મદ હસન કે જે ઇદ્રીસખાનનો ભત્રીજો થતો હતો તેને દીવાનનો નાયબ ઠરાવવામાં આવ્યો.

## વેચાણવાળી જગ્યાએ જકાત (મહેસુલ) લેવાનો ઠરાવ.

એજ વખતમાં સુબાના દીવાન ઉપર હજુર હુકમ આવ્યો કે, જકાત અધિકારીઓએ: પોતે વેપારીઓના જકાતવાળા માલને કંઇપણ હરકત કે અટકાયત કર્યાશિવાય તેની કિમ્મત નહિ અડસટતાં મોહોરવાળી રજાચિઠ્ઠી આપવી, કે જેથી તેઓ તે ચિઠ્ઠી મેળવીને પોતાનો માલ બતાવવા માટે કાપડના અધિકારીઓ પાસે જઇને બીજક ( ભરતીયાં ) પ્રમાણે રજુ કરે. તે પછી વેપારીઓ તે માલનું જયાંઆગળ વેચાણ કરશે ત્યાંઆગળ ત્યાંના જકાત-અધિકારીઓ ધારાપ્રમાણે તે માલ ઉપર જકાત લેશે. પરંતુ એટલું તો ખાસ ધ્યાનમાં રાખવું કે, જે મોહોરવાળી રજાચિઠ્ઠી વેપારીઓને આપવામાં આવી હોય તે ચિઠ્ઠી તેઓ ત્યાં બતાવે એટલામાટે તેઓ પાસેથી મુચરકા લખાવી લેવા જોઇએ. આ હુકમ આખા રાજ્યના સુબાના દિવાનો ઉપર મોકલવામાં આવ્યો. આ ઠરાવ કરવાનું કારણ માત્ર એટલુંજ કે, દરેક ચીજની કિમ્મત ખરીદીવાળી જગ્યા કરતાં વેચાણવાળી જગ્યાએ વધારે ઉપજે છે, માટે આમ કરવાથી મહેસુલમાં વધારો થાયછે. પરંતુ વેપારીઓ વળી એવી ચાલાકી કરવા લાગ્યા કે, જે જગ્યાએ જકાત કે મહેસુલ લેવાનો બિલકુલ ધારો નહોતો તે જગ્યાએ જઇને પોતાના માલનું વેચાણ કરવા લાગ્યા, કે જેથી જકાત આપવી પડે નહિ. તેમ થવાથી મહેસુલમાં નુકશાન થવા લાગ્યું. જેથી ફરીથી ખરીદીવાળી જગ્યાએ જકાત લેવાનો ઠરાવ થયો, કે જે વિષેનું વર્ણન હવે પછી તેની જગ્યાએ વર્ણવવામાં આવશે.

સને ૧૧૦૦ હિજરીમાં મોટા કાજી **ખાજા અબ્દુલ્લાએ** હજુરમાં અરજ કરી કે, **અમદાવાદ** શહેરની કચેરીઓના સિપાઇઓ વગરપગારે નોકરી કરેછે અને ત્યાંના રહેવાશીઓને રસ્તા તથા ગલીઓમાં પકડી પકડીને તેમની પાસેથી નાણાં કઢાવ્યાવગર મુકતા નથી, વિગેરે ઘણી રીતે પજવે છે. તેપરથી સુબાના દિવાનઉપર હુકમ આવ્યો કે, ત્યાંના મુસદ્દીઓને જણાવવું કે વગર નોકરીના સિપાઇઓની તપાસ રાખવી અને સિપાઇઓને પણ તાકીદ કરવી કે, કોઇપિણ માણસ પાસેથી કાંઇપણ લેવું નહિ. છતાં પણ જો કાંઇ લે, તો તેમને સજા કરીને શિખામણ દેવી. તે વિષેની ખરે ખરી હકીકત હજુરમાં લખી જણાવવી. આ વર્ષમાં એતેમાદખાન દિવાન તરફની ભેટ ગુજરાતી ચાર બળદની બે ગાડીઓ સાથે હજુરમાં આવી, અને તે શ્રીહજુરની નજરે મુકવામાં આવી. તે ભેટ જોતાંજ હજુરને પસંદ પડી. તે પછી સુબાનો ધર્માધિકારી તેમજ જઝિયા કરનાં વસુલાતી ખાતાંનો ઉપરી અમલદાર **શેખ મોહૈયુદ્દીન** મરી ગયો, અને તેના દીકરા **શેખ ઇકરામુદ્દીને** સરકારી રકમોનું જોખમ પોતે કબુલ કર્યું. જેથી તેના માલ ઉપર જપ્તિ આવતી બંધ રહી અને તેને તેના બાપના હોદ્દાઓ આપવામાં આવ્યા.

ત્યારબાદ મોટા કાજી ખાજા અબ્દુલ્લાએ હજુરમાં અરજ કરી કે, સોરઠ સરકારનો બંદોબસ્ત રાખનાર પૈકીના ઘણાખરા માણસો કે જેઓ સત્તાધિકારીઓની સનદોના આધારે પોતાની ગુજરાનવાળી જમીનનો ભોગવટો ભોગવે છે તેઓને ત્યાંના મુસદ્દીઓ તેઓની જમીનમાટે દરબારી સનદોનો વાંધો કાઢી પજવે છે; અને ખુલ્લી રીતે જોતાં તેઓમાં એટલી પણ સત્તા નથી કે તેઓ હજુરમાં આવીને સનદો મેળવે. તે ઉપરથી સરકારી હુકમ થયો કે, સુબાના દિવાને તેમની જમીનોને જપ્ત કરવાનું કે ખુંચવી લેવાનું કામ અટકાવીને તેઓને સનદો આપવી, અને જે જગ્યાના લોકો સુબાના દિવાન પાસે આવવાની શક્તિ ધરાવતા ન હોય તે જગ્યાએ પોતાનો ભરોસાદાર માણસ મોકલી તજવીજ કરાવીને તેઓને ભોગવટાનો હક તથા સનદો આપવી.

## ભરૂચમાં મતિયા લોકોનું તોફાન.

**સજાઅતખાન**ની સુબેગીરીમાં આ બીના ( ભરૂચમાં મતિયા લોકોનું બંડ ) ખાસ નોંધ કરવાલાયક છે. તેની હકીકત એવી છે કે, મતિ-

યા, એ એક જાતના લોકો છે, કે જેઓ ખાનદેશ અને બકલાનામાં રહી ધંધો–રોજગાર કરી પોતાનું ગુજરાન ચલાવે છે, અને તેઓ મુસલમાન કહેવાયછે. જે લોકો પોતાના બાપદાદાના મુસલમાન હોવાને લીધે **અમદાવાદ**ના સુબાના રાજ્યમાં રહેછે તેઓને મોમના કહેછે, અને જે લોકો **ઓલક સોરઠ**માં રહેછે તેઓને ખોજા કહેછે. તેઓને ધર્મમાં દોરનાર **સૈઈદ ઈમામુદ્દીન** છે, કે જેમના ચમત્કારો જોઇને તે લોકો દોરાએલા છે. તેમની કબર અમદાવાદની હવેલી અને પરગણાનાં ગામ **કરમતા**માં છે, કે જે ગામ અમદાવાદથી સાત ગાઉ ઉપર આવેલું છે. જુદી જુદી જાતના કેટલાક હિન્દુલોકો ઇસ્લામની ખુબીથી માહિતગાર થઇ સૈઇદસાહેબના ધર્મમાં આવી મુરીદ થયેલા છે. તેઓનો ધર્મ ચાલતા ધર્મોથી કેવળ જુદોજ છે. સૈઈદસાહેબના મૃત્યુ પામવા પછી એ ધર્મમાં ખંડન પડીને કેટલાક ફાંટા પડેલા છે અને તેઓની આસ્તા કેવળ જુદાજ પ્રકારની છે. તેમના મુરીદો દર વર્ષે જે કાંઇ મળે તેમાંથી દસમો ભાગ ભેટ કરેછે. આ રિવાજ એટલી હદસુધી વધી ગયો કે, જો કોઇ માણસને ત્યાં દસ છોકરા હોય તો તેમાંથી એક છોકરાને સૈઇદસાહેબને ભેટ આપેછે, અને સૈઇદિસાહેબની ઓલાદની જો મરજી હોય તો તેની અવેજીમાં તેની કીમ્મત આપેછે, તથા વારસાદાખલ તેમની ઓલાદમાં મુરીદોની વહેંચણી થાય છે. સૈઇદસાહેબની ઓલાદ આ ઉપજપર મોજમજા માણે છે, અને લગ્નની વખતે મુરીદોને કન્યાદાનમાં પણ આપેછે. લખવા મતલબ કે, આ એક નવાઇજેવી આસ્તા અને હેરતભરેલો પંથ છે. તેમજ ઘણાખરા મોમના લોકો પોતાની નાત–જાતમાં ખુલ્લી રીતે હિન્દુઓના જેવાજ રહેછે અને ધર્મે સૈઈદિની તાબેદારી કરેછે.

જ્યારે સૈઇદ ઇમામુદ્દીનના પૌત્ર શાહજીના ગાદીપર બેસવાનો વખત હતો, ત્યારે કેટલાક હજાર મોમનાઓ અને મતિયાઓ ભેગા થયા હતા. સૈયદ શાહજીને ઘણા મુરીદો હોવાથી મોટી મોટી ભેટો મળી, અને પોતે એક મોટો જબરદસ્ત માણસ છે એમ માનવાનું કારણ થઈ પડ્યું. સૈઇદ શાહજી પોતે ઘણોખરો વખત એક પડદા આગળ બેસતા અને લોકોથી ઘણીજ થોડી મુલાકાત કરતા હતા. જ્યારે આસપાસના દેશવિદેશના લોકો આવી, મળવાની કે દર્શન કરવાની ઇચ્છા દર્શાવતા ત્યારે સૈઇદસાહેબ પોતાના પગ પડદાથી બહાર રાખતા અને તેને મુરીદ લોકો મોટો લાભ સમજીને

ખુદાનો ઉપકાર માની પગે લાગતા. તે લોકોનો એવો ધારો હતો કે, ખાલી હાથે પગે લાગવું નહિ, પણ જે કાંઈ મળે તે નજરાણું મુકવું. આથી સૈઇદસાહેબના પગ આગળ રૂપીયા તથા મહોરોના ઢગલા થતા. હવે ઔરંગજેબ બાદશાહના વખતમાં શરેહની આજ્ઞા પળાવવા તથા જુદા ધાર્મિક ઝગડાઓ અટકાવવા માટે ઘણીજ સખત તાકીદ હતી. તેથી તેના બંદોબસ્તાર્થે તે લોકોએ ભેગા મળીને પોતાની હિમ્મતને આ કામમાં વાપરવાના કામને એક મુક્તિનું કારણ ગણીને માણસોને ધર્મના અંધકારમાંથી સતેજ કરવાના નિમીતે શીઆપણાનું તોહમત મૂકી જરાસરખું પણ બાકી નહિ રાખતાં કેટલાકને કેદ અને બંધીખાનામાં દાખલ કરતા.

ત્યારપછી આવા માણસો પૈકીના એક માણસે જ્યારે હજુરમાં સૈઇદ શાહજીની હકીકત અને તેના મુરીદોનું અધર્મીપણું જાહેર કર્યું ત્યારે શ્રીમંત બાદશાહે ધર્મરક્ષા કરવામાટે ધર્માધિકારી અને સુબાના કાજીને હુકમ કર્યો કે, મજકુર સૈઇદને હજુરમાં મોકલી દેવો, કે જેથી અહીં તેના પંથ અને આસ્તા વિગેરેની પુછપરછ વિગેરે તજવીજ થાય. આ વખતે સૈઇદ શાહજી સૈઇદ ઇમામુદ્દીનની દરગાહનજીક રહેતો હતો, જેથી અધિકારીઓએ તેને બોલાવવામાટે કેટલાક માણસો મોકલ્યા, પણ સૈઇદે અમદાવાદ આવવાનો ઇનકાર કરીને તે માણસોને પાછા કહાડી મુક્યા. તે વિષે કાજીના જાહેર કરવાથી સજાઅતખાંએ **સૈઇદ મંઝા** નામના જમાદારને **બારનેનપુર**ની લસ્કરી ટુકડીની સત્તા આપીને સૈઇદ શાહજીને લાવવામાટે હુકમ કર્યો. મજકુર સૈઇદ પોતામાં લડવાની શક્તિ નહિ હોવાથી તરતજ ખુશી થઇને રવાને થયો. તેનાવિષે એવું કહેવાય છે કે, ઘરથી વિદાય થતાંજ પોતે ઝેર ખાઇને પ્રાણઘાત કર્યો, અને થોડે દૂર જઇને મૃત્યુ પામ્યો, અને કેટલાક તો વળી એમ કહેછે કે, અમદાવાદ પહોંચ્યા પછી હજુરમાં જવાનો હુકમ સાંભળીને સુબાને મળી પાછા ફરતી વખતે ઝેર ખાઈ પ્રાણઘાત કરીને મૃત્યુ પામ્યો. તે પછી તેના બાર વર્ષના પુત્રને હજુરમાં મોકલાવી આપ્યો.

હવે મજકુર સૈઇદના મૃત્યુ પામવાના ખબરો તેના દુરના તેમજ નજીકના મુરીદોને પહોંચતાં તે લોકોનાં મન શોકાતુર થયાં અને મતિયા લોકો મતે ભરાઇને એવું ધારવા લાગ્યા કે, સુબાએ સૈઇદને ઝેર આપીને મારી નાખેલ છે, માટે તેનો બદલો લેવો એ ખાસ જરૂરી અને પુન્યનું

કામ છે. આ કામમાં બેસી રહેવું એ પાપનું કામ છે. એમ ધારી લોકોનાં ટોળેટોળાં ભેગાં થવા લાગ્યાં. તેમાં યુવાનથી તે વૃદ્ધ સુધીનાં માણસો પણ પોતાના સગાસંબંધીઓને સાથે લઇ, પૈસા ટકાને ગાંઠે બાંધી પોતાનાં વતનને છોડીને પોતાના જીવની જરાપણ દરકાર કર્યાવગર અમદાવાદ તરફ આવવા રવાના થઇ ગયા, અને નર્મદાપર આવેલાં ભરૂચની લગભગ આવીને હોડીમાં બેસી નદી ઉતરી આવ્યા. તેઓના આવી પહોંચવાની ભરૂચના ફોજદારને ખબર થતાં તેણે તેઓને અટકાવવા માંડ્યા, પરંતુ તેમાં મારામારી થતાં ભરૂચનો ફોજદાર માર્યો ગયો અને ત્યાંનો કિલ્લો તે લોકોએ પોતાના હસ્તક લીધો. તે પછી ત્યાંની રૈયતના જાનમાલને જરાપણ નુકશાન નહિ કરતાં કીલ્લાની મજબુતી કરીને તેમાં આવી ઉતર્યા, અને થોડી મુદતમાં તેઓને બંડખોર લોકોની બીજી કેટલી એક ટુકડીઓ આવી મળી.

ત્યારબાદ આ ખબરો સાંભળીને વડોદરાનો ફોજદાર તેઓનાઉપર ચઢી આવ્યો, પણ તે જગ્યાએ જીત મળવી ઘણી મુસ્કેલ હતી; કેમકે તે કીલ્લો ઉંચી ટેકરી ઉપર આવેલો છે અને વળી તેની એક બાજુએ નર્મદા નદી વહેછે. આ વખતે દુશ્મનો ઘણા હતા તેથી કોઇપણ રીતે ફાવી શકે તેમ નહિ હોવાથી મજકુર ફોજદાર નિષ્ફળ થઇ પોતાના માણસો સહિત પાછો ગયો, અને મતિયાઓની સંખ્યામાં વધારો થવા લાગ્યો. તે પછી પ્રજાવર્ગમાં એવી વાયકા ચાલી કે, તેઓની ( મતિયાઓની ) ઉપર "ઘા બિલકુલ અસર કરતો નથી." એવી રીતે કેટલાક દિવસો વિતી ગયા પછી આ બનાવવિષેની ખબર સુબાના લખવાઉપરથી હજુરમાં પહોંચી. તે ઉપરથી સુબા સજાઅતખાન ઉપર સખ્ત હુકમ આવ્યો કે, એ લોકોને એકદમ ઘણીજ ઉતાવળે દૂર કરવામાટે તેઓની તોફાનરૂપી અગ્નિને તલવારની તિક્ષણ ધારનાં પાણીથી ઓલવીને ભરૂચના કિલ્લાને બચાવી લેવો. તે હુકમને અનુસરીને સુબાએ નજરઅલીખાન તથા મુબારજખાન બાબીના તાબામાં તૈયાર લશ્કર સોંપીને મુસદ્દીઓને તેહનાતી ફોજદારોનું લશ્કર આપ્યું તથા પોતાના સાથીઓને મુકરર કરીને સાથે લઇ ભરૂચ પહોંચીને પુરતી સામગ્રીઓ તૈયાર કરી અને દમદમા તેમજ ક્રુસો બનાવીને આગળ લઇ જવાનો સામાન ગલીઆરીઓ સલામત રાખવા અને મોરચાઓ બાંધવા મચી ગયા. ત્યારે તે તોફાની લોકો પણ પોતાના જીવની દરકાર કર્યા શિવાય

કિલ્લામાંથી બહાર આવીને ઝપાઝપી કરવા લાગ્યા, એટલે કે, બંદૂકો અને તોપોનો મારો ચાલવા લાગ્યો. કહેવત છે કે " સઘળાં કામો તેના મુકરર થયેલા વખતેજ પાર પડેછે, " આવી રીતે કેટલાક દીવસો વિતિ ગયા તોપણ કોઇના જય-પરાજયનો અંત આવ્યો નહિ.

જ્યારે શ્રીમંત બાદશાહના શુભ કર્મ-ગ્રહો સંપૂર્ણ પ્રકાશિત થયેલા હતા ત્યારે શત્રુઓનાં કર્મ ઉપર દરિદ્રતા ફેલાઇ રહી હતી; જેથી તે લોકોનું મોટા જથ્થામાં એકઠા થવું અને કિલ્લાને પચાવી પાડવાનું કામ જરાપણ લાભકારી થઇ શક્યું નહિ. તેમજ તેઓમાં એવું પણ જ્ઞાન કે સમજ નહોતી, કે જેથી કિલ્લાનું રક્ષણ કે કિલ્લેદારી સારી રીતે કરે. તે લોકોનો ડોળ બિલકુલ નકામો-ધડાવગરનો હતો અને કોઇ આગેવાન સરદાર પણ નહોતો, તેમ અનુભવનું તો બિલ્કુલ નામ પણ નહોતું. આવા લોકો જો જુદે જુદે ઠેકાણેથી આવી એકઠા મળીને કોઈ કામમાં ફતેહ મેળવવા ઇચ્છે તો કદીપણ ફતેહ મેળવવા પામેજ નહિ અને એક બીજાનો હુકમ કે તાબેદારી પણ ઉઠાવેજ નહિ.

આ બંડખોર લોકો પોતાની સંખ્યાનો વધારો અને જગ્યાની મજબુતીથી મદોન્મત (અભિમાની) બની જઇને કોઈ કોઇ વખતે બુરૂજોમાં જવાની ગફલત કરતા, અને પોતાનાં બાળબચ્ચાં પાસે જવાને તથા માણસની જરૂરીયાતનાં કામોને લીધે ગેરહાજર રહેતા. તે વિષેની ખબર જોકે બાદશાહી મોરચાના લોકોને મળી અને વાત ખુલ્લી પણ થઇ ગઇ, તોપણ તેઓ (સરદારો) શાંત બેસીને લાગ જોઇ રહ્યા હતા. ભોગજોગે દુશ્મનોનાં નસિબ ફુટી ગયાં અને કાળ પણ આવી પહોંચ્યો. કહ્યું છે કે-" જ્યારે માણસને ખુદાઇ તેડું આવેછે ત્યારે એક ક્ષણવાર પણ ઢીલ કે ઉતાવળ થતી નથી." મતલબ કે, દુશ્મનોનો અંત આવી રહ્યો. આ વખતે રવિ (સૂર્ય)એ પણ પોતાની સંપૂર્ણ ઉષ્ણતાવડે પોતાનાં તેજસ્વિ કિરણોપર સખત ગરમી (તાપ) ફેલાવેલી હતી. એક તરફ: બુરજાના કોટની દીવાલ હતી, કે જ્યાં કિલ્લો બચાવનાર લોકો પૈકીના કેટલાક ભુખમરાની ગરમી મટાડવા ગએલા અને બાકીના થોડા કે જેઓ ત્યાં રહેલા હતા તેઓ ગરમીને લીધે છાંયડાનો આશરો ખોળતા એક જગ્યાએ બેઠા હતા.

બાદશાહી લશ્કરના માણસો મોરચાઓમાં એવા વખતનીજ રાહ જોઇ રહ્યા હતા. તેઓએ આવો લાગ જોઇ પોતાનાં રક્ષણનાં સાધનો સજ કરી લીધાં અને વખતને અમુલ્ય સમજી, આ કામને માટે બનાવેલી સીડીઓ જે તૈયાર હતી તે કિલ્લાની દીવાલે અડકાડીને ઉપર ચડી છાંયડામાં સુતેલા માણસોને તેમની જાણમાં આવતાં પહેલાં સદાને માટે નિદ્રા લેતા મોતને શરણ પહોંચાડી દીધા. તે પછી કિલ્લાના દરવાજાનાં કમાડો સદાને માટે ખુલ્લાં કરી દીધાં. અને બાદશાહી તમામ સરદારોએ એકદમ આંખના પલકારાની પેઠે અંદર ઘુસી જઇને બિલ્કુલ વગર વિલંબે હુમલો કરી **અલ્લાહ ! અલ્લાહ !** નો પોકાર કરતાં કાપાકાપી તથા મારામારીની અગ્નિરૂપી જવાળા (ઝાળ) પ્રગટાવી મુકી અને બાંધવા-ફેંકવાનું કામ ચાલુ કરી દીધું. સામાવાળા દુશ્મનો પણ ચારે બાજુથી એકઠા થઈ લડવા લાગ્યા, અને જવાંમરદી તથા શુરાતન બતાવી લડતા લડતા મરતા ચાલ્યા. તેઓ પોતાના ધર્મગુરૂને માટે મરવું એ મુક્તિ છે એમ ધારી પોતાના જીવની કશીપણ દરકાર નહિ કરતાં કપાઇ મરતા હતા. તેમાંના કેટલાક તો બાદશાહી સરદારોના હાથે પકડાઇ જવાથી વિનંતિ કરવા લાગ્યા કે, અમોને અમારા સાથીઓથી શામાટે દૂર રાખોછો ! જેમ બને તેમ વહેલાસર અમારો પણ કાળ લાવો ! ! બાકીના પૈકી જેઓને મરવાનો લાભ નહોતો મળતો તેઓને બીજા લોકો એ લાભ આપતા હતા, અને ઘણાંખરાં સ્ત્રી-પુરૂષો પોતે જાતે, અથવા તો પોતાની મદદ કરનાર મારફતે નર્મદા નદીમાં પડીને મરણ પામવા લાગ્યાં.

આ યુદ્ધમાં જમાદાર **નુરૂદ્દીન ભઠી** કે જેણે પૂરતો શ્રમ લઇ સારી નોકરી બજાવેલી તેપણ સરકારી મરી ગએલા સરદારોની સાથેજ માર્યો ગયો. જ્યારે હજુરમાં બંડખોરોની આ તોફાની અગ્નિ ઓલવાઇને સરકારી ફોજને ફતેહ મળ્યાબાબતની ખબર પહોંચી ત્યારે હજુરમાંથી સજાઅતખાનને ઘણું માન મળ્યું અને તેનાં પૂરતી રીતે વખાણ કરવામાં આવ્યાં.

હવે જાણવું જોઇએ કે, **બાદશાહ ઓરંગજેબના** વખતથી ઘણી બીનાઓ સાંભળેલી છે અને તેવિષે પ્રથમ પણ લખાઇ ગએલું છે. આ બનાવના વર્ષની તિથિ જોકે બરાબર માલુમ થઈ શકી નથી તોપણ કલ્પના પ્રમાણે લખવામાં આવી છે. માટે પહેલાં કે પછી ઓછું કે વધતું વર્ણન કાંઇ લખાયું હોય તો દરગુજર ફરમાવશો.

મજકુર વર્ષમાં મતિયા લોકોનાં તોફાનને શાન્ત કરીને સુબાએ ઠરાવેલી પેશકશી લેવા તથા બંદોબસ્ત કરવામાટે મારવાડ તરફ લક્ષ આપ્યું. આ સુબો પોતાની સુબેગીરીના વખત સુધીમાં છ માસ મારવાડમાં અને છ માસ અમદાવાદમાં રહેતો. જ્યારે તે મારવાડમાં રહેતો ત્યારે તેનો ખાનગી દીવાન બીહારીદાસ અને કાજીવિગેરે બાદશાહી મુસદ્દીઓ સાથે રહીને જરૂરી કામો કરતા હતા. તેના વખતમાં દર વર્ષ કરતાં આ વર્ષે આવવા જવાના રસ્તાઓ અને સલાહશાન્તિનો બંદોબસ્ત ઘણો સારો રહ્યો હતો.

સને ૧૧૦૧ હિ. માં મારવાડનો બંદોબસ્ત જેવો જોઇએ તેવો થએલો નહિ હોવાથી સજાઅતખાને હજુરમાં લશ્કરના ખર્ચને માટે સુબાના સરકારી ખજાનામાંથી મદદ લેવાવિષેની અરજ કરી. તે અરજ મંજુર થઇ અને સુબાના દીવાન એતેમાદખાન ઉપર હજુર હુકમ આવ્યો કે, તેની મોહોરનું તમસુક લખાવી એક લાખ રૂપિયા આપવા અને તેની જાગીરોની વસુલાતમાંથી મજકુર રકમ બે વર્ષની અંદર વસુલ કરીને ખજાનામાં દાખલ કરવી. તે સિવાય વળી સજાઅતખાનની અરજ ઉપરથી એ વાત સરકારના જાણવામાં આવી કે, આઝમાબાદનો કોટ એ વર્ષ થયાં વરસાદના જોશથી તુટી ગયેલો છે, કે જેની મરામત પ્રથમ મરહુમ શાહવરદીખાને હજુર આજ્ઞાથી કરેલી. તે ઉપરથી હુકમ થયો કે, સુબાનો દીવાન મરામતના ખર્ચનો અડસટો કરીને કોટની મરામત કરે.

સને ૧૧૦૨ હિ. માં અમદાવાદ શહેરની કેટલીએક મસ્જીદો મરામત કરવા લાયક થઇ ગઇ હતી. જેથી સુબાએ તેની મરામત માટે (૨૭૦૫૦) સત્યાવીશ હજાર–પચાસ રૂપિયાના ખર્ચનો અડસટો કરીને હજુરમાં મોકલી આપ્યો હતો. તે ઉપરથી હજુર હુકમ આવ્યો કે, સુબાના દીવાનની મંજુરી લઇને મરામત શરૂ કરવી.

આ વખતે સુબો સજાઅતખાન કાઠીઆવાડના જમીનદારોની પેશકશીની વસુલાત અને બંદોબસ્ત કરવામાટે લશ્કર લઇને તે તરફ ગયો અને ઓલક–સોરઠમાં આવેલું ગામ **થાન** કે જ્યાં તોફાની કાઠી લોકો વસત્તા હતા ત્યાં જઇ પહોંચ્યો અને તેઓના બચાવનો કિલ્લો કે જે, તેઓએ પોતાને માટે બનાવ્યો હતો તે કબજે કરી પાડી નાખીને પાછો ફર્યો. એજ વર્ષે સુરત, અમદાવાદ અને ભરૂચબંદરવિગેરે સ્થળોએ દુષ્ટ

દુષ્કાળ **અને** કોગળીયાંના રોગના લીધે પ્રજાવર્ગ પૈકીનાં ઘણાં ખરાં માણસો નાશ પામ્યાં. હવે પાલણપુર વિગેરેના હિન્દુઓ પાસેથી જજીયાવેરો વસુલ લેવાનો હુકમ આવેલો હોવાથી સુબાએ તે હુકમ ઘણી તાકીદથી **કમાલખાન જાલોરી** ઉપર મોકલ્યો, અને જાલોરીએ પોતાનો પુત્ર **ફીરોઝખાન** કે જે પોતાની નાયબીનું કામ કરતો હતો તેને તે હુકમવિષે ઘણીજ તાકીદથી લખી મોકલીને **શેખ અકરમુદ્દીન** ( જજીયા–અધિકારી ) ની જોઇતી મદદ આપી. તે પછી વડોદરાના ફોજદારની બદલી થઈ, પણ ત્યાંનો બંદોબસ્ત ઘણો મજબુત હતો તેથી સુબાની અરજ ઉપરથી તેની બહાલી થઇ; અને કુતબે–આલમ સાહેબની ગાદીવાળા **મુહમ્મદ સાલેહે** આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. એજ અરસામાં એવી ખબર આવી કે, **દરકદાસ રાઠોડે** મારવાડમાં લુટફાટ ચલાવી લોકોને દુઃખ દેવા માંડી હુલ્લડ મચાવ્યું છે. આ ખબર સાંભળીને સુબા સજાઅતખાને **જોધપુર** જઇને સમયસુચકતા વાપરી ઘણાખરા રજપુતો તથા પટાવતો પૈકીના કેટલાકને તેમના બાપદાદાના અસલી ધારાપ્રમાણે જાગીરના બદલામાં પટો કરી આપ્યો અને કેટલાકને નાયબ **કાજીમબેગ**ની તજવીજ ઉપરથી મનસબમાં ઘટતો પગાર કરી આપ્યો. વિગેરે શુભોપકારી કૃત્યોથી તે લોકોને રાજીખુશીથી પોતાને કબજે કરી લઇ સરકારી નોકરી તથા સરકારી કામે વળગાડી દીધા.

મજકુર રાઠોડના તોફાનવિષે **પાલણપુર** તથા **સાંચોર**ના ફોજદાર કમાલખાન જાલોરી ઉપર ઘણીજ સખ્ત તાકીદથી એવું લખી મોકલ્યું કે, પાલણપુરથી જાલોર જઇને ખબર રાખવી અને થોડાક દીવસ જોધપુરમાં રહીને તૈયાર ફોજથી કાજીમબેગને **મીરઠે** જવું, અને ત્યાંના ફોજદારને પણ તાકીદે હુકમ કર્યો કે, ભાડુતી જાનવરો તથા ગાડીવાળાઓ પાસેથી એવા મુચરકા લેવા કે, જેથી તેઓ વહેપારના માલને **ઉદેપુર**ને રસ્તે થઈ અમદાવાદ પહોંચાડતા રહે. તે પછી મજકુર પરગણાના ફોજદાર **સુબહાનસિંહ**ના બદલાયાથી તે જગ્યાએ **કુંવર મોહકમસિંહ**ને ઠરાવીને જોધપુરના બંદોબસ્તથી સંતોષ માની સન મજકુરના જમાદીઉલઅવ્વલ માસમાં અમદાવાદ તરફ રવાને થઈ આવી પહોંચ્યો. તે વખતે પાટણના ફોજદાર **સફદરખાન બાબી**ના લખવા મુજબ **ખટોલી** તથા **સાંપરા**ના કિલ્લાની મરામતના ખર્ચનો અડસટો કે જે એક હજાર રૂપિયાનો કરવામાં આવ્યો હતો, તે રૂપિયા આપવામાટેનો હુકમ ત્યાંના અમલદાર ઉપર લખી મોકલ્યો અને તેની મરામત કરવામાટે સખત તાકીદ કરી.

સને ૧૧૦૩ હિ. માં **અમદાવાદના** બનાવોમાંથી **હજુરમાં જાહેર** થયું કે, સોરઠના ફોજદાર **શેરઅફગનખાને** લખ્યું છે કે, **મુસ્તફાબાદ** ઉર્ફે જગતનો કિલ્લો સખત વરસાદના મારથી તુટી ગયો છે **અને તેની** દીવાલો પડી ગયેલી હોવાથી તેમાં તોફાની–બંડખોર લોકો આવીને **આશ્રય** લે છે. તે ઉપરથી હુકમ થયો કે, સુબાના દીવાન એતેમાદખાંએ ઘણીજ ઉતાવળે કડીયા–મજુરો અને ભરૂસાદાર માણસોને ત્યાં મોકલી દેવા, કે જેથી તેઓ જઇને કામ કરવું શરૂ કરે. આ વખતે સૈઇદ **ઇદરીસ કે** જે નડીયાદનો ફોજદાર તથા તેવીલદાર હતો તેના મૃત્યુ પામવાથી સુબાના દિવાને તેની માલમિલ્કત જપ્ત કરવામાટે માણસોને મોકલ્યા, પરંતુ એ વિષેની ખબર જ્યારે હજુરમાં પહોંચી ત્યારે સુબાના દિવાન ઉપર હજુર હુકમ આવ્યો કે, એવા માણસો કે જેમના વારસો સરકારી નોકરીમાં હોય તેમના માલને કંઇપણ હરકત નહિ કરતાં તેના વારસોને સ્વાધિન કરી દેવો.

સુબો **સજાઅતખાન** જ્યારે કાઠીઆવાડમાં ઝાલાવાડનો બંદોબસ્ત અને જમીનદારોની પેશકશીની વસુલાત કરીને નોકરી પેટાની જાગીરોની તજવીજ કરી ત્યાંના નાયબ ફોજદાર **મુહમ્મદ ઝાહીદને** બંદોબસ્તમાટે તાકીદ કરીને પોતાના દર સાલના ધારાપ્રમાણે જોધપુર તરફ જવાને રવાને થયો, ત્યારે તેણે પોતાના ખાનગી દિવાન **બિહારીદાસને** પણ મુલ્કી તથા માલી બંદોબસ્ત અર્થે અમદાવાદ તરફ રવાને કર્યો, અને પોતાના તાબાના ફોજદારો તેમજ થાણદારોને પણ રાહ–રસ્તાઓના બંદોબસ્ત માટે સખત તાકીદ કરી. **શેખ મુહમ્મદ ફાજીલ** મનસબદાર કે જે, હજુરમાંથી પરગણાઓના મહેસુલી કાગળો તથા સુબાના દશ વર્ષના હિસાબી કાગળો લેવા માટે આવેલો હતો અને જુબાનીઓ તથા દસ્તાવેજો જોવામાટે દીવાની દફતરે દેશાઇઓની રાહ જોતો હતો તેણે પોતાની હકીકત સુબાને, સુબાના પરગણાના મુખ્ય અધિકારીઓને, મનસબદારોને અને તેહનાતીઓને દીવાની મારફતે મોકલાવી હતી, જેથી કેટલાક જાગીરદારોએ આવીને હિસાબ રજુ કર્યા અને દેશાઈ લોકોએ વિલંબ કરેલી હોવાથી તેઓને તાકીદ કરવામાં આવી, તેથી બિહારીદાસે મજકુર શેખના કહેવા મુજબ મુદામ માણસોની મારફતે દેશાઇઓને બોલાવી હિસાબ રજુ કેરાવ્યો. આ વખતે **મીરઠા** પરગણાના કાજીના હોદાઉપર **મુહમ્મદ શફી** નામના માણસને હજુરમાંથી નિમવામાં આવ્યો, જેથી તે આવીને સુબા સજાઅતખાનને

મળ્યો. આ કાજીની નાણાંસંબંધીની હાલત ઘણીજ માઠી હોવાથી સુબાએ તેને બંદોબસ્ત થતાં સુધી પોતાના તરફથી દરરોજનો એક રૂપિયો કરી આપ્યો અને એજ પરગણામાં નોકરીપેટેનો પગાર જે જોધપુરની ફોજદારીથી અપાતો હતો તેનો બંદોબસ્ત કરી આપ્યો. તે પછી માહે જમાદીઉલઅવ્વલ માસમાં સુબો સજાઅતખાન મારવાડના બંદોબસ્તથી પરવારીને અમદાવાદ આવવા રવાને થયો. જ્યારે મજલ ઉપર મજલ મારીને પંથ કાપતો કાપતો કડી તાબાનાં ગામ **ચોરંગ**માં આવીને મુકામ કર્યો ત્યારે તેને માલુમ પડ્યું કે, એ મુસાફરીમાં પાણીની ઘણીજ અછત છે, તેથી તેણે ત્યાં એક મોટો કુવો ખોદાવ્યો, અને જ્યારે **ફરજામખાંએ** **ખેરાલુમહાલ**ને પોતાની જાગીરમાં આપવાની દરખાસ્ત કરી, ત્યારે વડનગરના નાયબ ફોજદાર **મુહમ્મદ મુબારઝ બાબી**ને લખવામાં આવ્યું.

સને ૧૧૦૪ હિ૦ માં વૃત્તાંત લેખક **મુહમ્મદ જાફરે** અમદાવાદની જે હકિકત હજુરમાં લખી મોકલી હતી તેથી શ્રીમંત બાદશાહને જાણ થઇ કે, સુબાએ દિવાનને કહ્યું કે–ચલણી રૂપિયાના કારણથી એક મહિના થયાં રૈયતનો તમામ વહેવાર બંધ છે, અને જ્યારે મેં ટંકશાળના દરોગાના ગુમાસ્તાને કહ્યું કે, રૂપિયાનું વજન ઓછું થતું હોવાથી સરાફ લોકો તે ભાવથી પૈસામાં વધારે વટાવ લે છે તો તેથી રૈયતને ઘણું નુકસાન થાયછે, અને જ્યારે સરાફોને કહેવામાં આવેછે ત્યારે તેઓ કહેછે કે, ચલણી રૂપિયાનું વજન નક્કી કરી આપો, ત્યારે તે ગુમાસ્તો તેનો જવાબ લાવ્યો કે, હજુર–આજ્ઞાસિવાય હું તે કામ કરી શકતો નથી. આ હકીકત ઉપરથી સુબાના દિવાન એતેમાદખાન ઉપર હજુર–હુકમ આવ્યો કે, ઓછાં વજનના રૂપિયાને નવા સિક્કામાં બદલી નાખવા અને હુકમાનુસાર ત્રણ સુરખાને એક રૂપિયો ગણવો, પણ જો તેથી કમ હોય તો તેને ચાંદીમાં ગણવો. તેવિષે સરાફો પાસેથી એવા મુચરકા લખાવી લેવા કે, ત્રણ સુરખા સુધીના રૂપિયાને બરાબર એક રૂપિયો ગણવો, પણ જો તેથી ઓછા વજનના હોય તો જેટલા રૂપિયા હોય તે બધાને ટંકશાળમાં લઇ જઇ ગાળી નખાવીને ફરીથી સિક્કો પડાવવો.

આ વર્ષે શહેર અમદાવાદનો કોટ, ઇમારતો અને કાંકરીઆ તળાવની મરામતના ખર્ચનો અડસટેલો હિસાબ સુબાના દિવાનની મોહોરવાળો હજુ-

રમાં રજુ થયો. તે હિસાબમાં (૪૨૫૪) ચાર હજાર, બસો ચોપન રૂપિયા દર્શાવેલા હતા. તે ઉપરથી હજુરે મંજુરી આપી કે, મજકુર રૂપિયા અહિંના સરકારી ખજાનામાંથી લઇને મરામત કરવી. તે સિવાય **આઝમાબાદ**ના કિલ્લાની મરામતને માટે એતેમાદખાનના નાયબ સૈઇદ **મોહસના**એ ખજાનામાંથી સાત હજાર રૂપિયા આપેલા હતા, તે વિષેની ખબર અમદાવાદના ખબરપત્રીઓના કાગળોથી સરકારમાં પહોંચી. તે ઉપરથી હુકમ થયો કે, મજકુર રૂપિયા શામાટે આપવામાં આવ્યા? તેની મરામત સુબો તથા ફોજદાર પોતાના ખર્ચથીજ કરે અને આપેલાં નાણાં પાછાં વસુલ કરી ભરી આપવાં. ત્યારબાદ વળી એવી ખબર હજુરના સાંભળવામાં આવી કે, દરકદાસની ઉસ્કેરણીથી અજીતસિંહ થલોમાં ભરાઇ બેઠો છે અને ત્યાં રહીને તોફાન તથા બખેડા ઉભા કરેછે. તે ઉપરથી સુબા સજાઅતખાન ઉપર હુકમ આવ્યો કે, જોધપુર જઈ તોફાની લોકોને સરાડે પહોંચાડવા. તે હુકમ મળતાં સુબો બનતી ત્વરાએ તે તરફ રવાને થઇ ગયો. ત્યારબાદ પાટણથી આરસપહાણની જે બસો હેલ (શિલા) સરદારખાંએ મસ્જીદ, પાઠશાળા અને પોતાના ઘુમટને માટે મગાવી હતી તે અમદાવાદ આવી પહોંચી, અને ત્યાંના નાયબ ફોજદાર સફદરખાન બાબીએ લખી જણાવી જાહેર કર્યું કે, જો આપને હજાર હેલની જરૂર હોય તો તેનો બંદોબસ્ત પણ હું કરી શકુંછું. તે પછી **મુહમ્મદ સુલતાન**નામનો માણસ હજુરમાંથી **મીરઠા**ના સરકારી ખબરપત્રીની જગ્યાઉપર નિમાઇને આવી પહોંચી પોતાના કામકાજમાં દાખલ થયો.

સને ૧૧૦૫ હિ૦માં બાદશાહજાદા **આઝમશાહ** બહાદુરના વકીલ **સુલતાન નઝીરે** હજુરમાં જાહેર કર્યું કે, બાદશાહજાદા-બહાદુરનાં ફરમાનથી અમદાવાદમાં જે જણસોની ખરીદી થાયછે તે ઉપર મહેસુલ લેવા માટે ત્યાંના મુસદ્દીઓ તકરાર કરેછે. એ ઉપરથી સુબાના દિવાન એતેમાદખાન ઉપર હુકમ આવ્યો કે, સરકારી મુસદ્દીઓએ બાદશાહજાદા બહાદુરની લખેલી ફરમાશી જણસો જોઇ તેની નોંધ લઇ તેમાં તેમની મોહોર કરાવીને તે જણસોના મહેસુલમાટે તકરાર નહિ ઉઠાવતાં જવા આપવી. તેસિવાય વળી સુબા ઉપર પણ ખાજા હસનની સાથે હજુર-હુકમ આવ્યો.

કે, **વડનગર**નું મંદિર પાડી નાખવું. આ હુકમ મળતાં સુબાએ ત્યાંના ફોજદાર મુહમ્મદ મુબારઝ બાબી ઉપર હુકમ લખી મોકલ્યો કે, ફરમાન મુજબ ત્યાંનું મંદિર પાડી નાખવું, અને શેરઅફગનખાન કે જે, સોરઠનો ફોજદાર તથા તેહવીલદાર હતો તે સુબાની જાગીરના ધંધુકાના મહાલોનાં ઢોરઢાંખર લઇ ગયો છે તે બધાં પાછાં ફેરવવાં અને ગામડાંઓને કાંઈપણ હરકત ન થાય તેટલા માટે પૂરતો બંદોબસ્ત કરવો. આ વર્ષે પાટણનાં સાયર ખાતાંની જે ઉપજ ખાલસામાં લેવાતી હતી તે સજાઅતખાનની જાગીરમાં ઉમેરી આપવામાં આવી. ત્યારબાદ પાટણના આધકારીની જગ્યાએ **અબ્દુલગની** નામનો માણસ નિમાઇ આવ્યો અને પાટણના નાયબ ફોજદાર **સફ્દરખાન**ની બદલી થવાથી તે જગ્યાએ તેના ભાઈ **મુબારઝખાન** બાબીની નિમણુંક કરી પોતે મારવાડ જવા માટે તૈયાર થઇ જોધપુર ગયો. ત્યાંનો નાયબ ફોજદાર કાઝીમબેગ મરણ પામવાથી તેની જગ્યાઉપર **ફીરોઝખાન મેવાતી**ની નિમણુંક કરીને ત્યાંના બંદોબસ્તથી સંતોષ પામી નિરાંતે સુખશાન્તિથી અમદાવાદ તરફ પાછો ફર્યો.

સને ૧૧૦૬ હિ૦માં જોધપુરના ખબરપત્રીના લખવાપરથી સુબા સજાઅતખાનને જાણ થઈ કે, ત્યાંના કિલ્લાના અમલદાર મુહમ્મદ શફીએ શવ્વાલ માસની ઓગણીશમી તારીખે આ સંસારનો ત્યાગ કર્યો છે, અને તેની જગ્યાએ બીજા કિલ્લેદારનો બંદોબસ્ત થતાં સુધીમાં વડોદરાનો ફોજદાર મુહમ્મદ બેહલોલ શેરવાની પણ મૃત્યુ પામ્યો, તેથી ત્યાંની ફોજદારી મુહમ્મદ બેગખાનને આપવામાં આવી છે. આ વર્ષમાં પણ મોંઘવારી હોવાથી સજાઅતખાને પરગણાના મુખ્ય અધિકારીઓને લખ્યું કે, જે જે જાતનું અનાજ પરગણામાં નીપજે છે તેમાંથી અમુક ભાગ જાગીરદારો તથા રૈયતને આપવો, કે જેથી તે ત્યાંના બજારોમાં વેચાય; પણ એવું બનવા દેવું નહિ, કે જેથી ત્યાંના વેપારીઓ જથાબંધ ખરીદ કરીને એકઠું કરી રાખે. તે પછી શહેરનાં પીઠાંઓના અમલદારો ઠરાવવામાં આવ્યા, કે જેઓ પોતાને ફાવે તેમ ખરીદી કરે અને તેમની પાસેથી ગરીબ કે લાચાર લોકો ખરીદ કરી શકે, પરંતુ ફડીઆવિગેરે અનાજના વેપારીઓ જથાબંધ ખરીદ કરી શકે નહિ.

હવે કારેજનાં પાણીની મોરી કે જે ત્યાંથી જુમામસ્જીદ વિગેરે સ્થળે થઇને જાયછે તે તુટી જવાથી સુબાના દીવાને તેની મરામત કરવામાટે રૂપિયા ૧૨૦૦ બારસોના ખર્ચનો અડસટો કરીને હજુરમાં મોકલી આપ્યો હતો. તે ઉપરથી હજુર હુકમ આવ્યો કે, આવાં ધર્માદા લોકોપયોગી પૂન્યનાં કામો કરવામાં બિલ્કુલ એવી ઢીલ કરવી નહિ, કે જેથી કંઇ નુકસાન થવા પામે, માટે તેની તુરતજ વગર વિલંબે મરામત કરી લેવી અને પાટણ શહેરમાં આવેલી **શેખ અહમદ**ની બનાવેલી જુમામસ્જીદની મરામતમાટે પણ રૂપિયા પંદરસો સરકારી ખજાનામાંથી આપવા. આ વખતે ધોળકાનો અમીન **મીરહયાતુલ્લાખાન** પોતાની નોકરીથી દૂર થઇને હિસાબ આપવા માટે હજુરમાં ગયો અને તેનો હોદ્દો **મુહમ્મદ બાકર અસોફખાની**ને આપવામાં આવ્યો. જ્યારે અમદાવાદની રોજનીશી ઉપરથી અહિંની હકિકત વિષે હજુરમાં જાહેર થયું કે, હજુ સુધી પણ મોંઘવારી ચાલુજ છે, તેથી હુકમ થયો કે, સને જુલુસના ધારાપ્રમાણે સદાવ્રતમાં સો રૂપિયાનો વધારો કરવો અને તે જ્યાંસુધી પ્રથમ મુજબ સોંઘારત ન થાય ત્યાં સુધી ચાલુ રાખવો. હવે સજાઅતખાન પોતાના નિમીત વખતે મારવાડ તરફ ગયો અને ત્યાંથી પૂરતો સંતોષલાયક બંદોબસ્ત જમાવી માહે જીલહજ માસમાં પાછો અમદાવાદ આવી પહોંચ્યો.

સને ૧૧૦૭ હિ૦ માં મોટા કાજી ખાજા અબ્દુલ્લાએ હજુરમાં અરજ કરી કે, અમદાવાદમાં રાયખડ દરવાજા પાસે આવેલી પથરાની બાંધેલી સડક કે જે **સાબરમતી** સુધી જાયછે તે ભાંગી ગએલી હોવાથી લોકોને આવતાં જતાં ઘણીજ મુસ્કેલી અને હાડમારી ભોગવવી પડેછે. તે ઉપરથી સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે, મજકુર સડકની મરામત જેમ બને તેમ વહેલાસર તાકીદેથી કરાવી લેવી અને આવાં હલકી રકમનાં નજીવાં ખર્ચમાટે બિલકુલ હજુર હુકમની વાટ જોવી નહિ; તે સિવાય વળી એ પણ હુકમ આવ્યો કે, ગરીબ-લાચાર કે નિર્ધન લોકો કે જેઓનો કોઇ વારસ કે માલીક ન હોય અને તેઓ મરી જાય તો તેઓને દાટવા કે અવ્વલ મંજીલે પહોંચાડવા માટે સરકારી રાજ્યના દીવાનોએ જે જગ્યાએ નિવારસી ખાતાંઓની કચેરી હોય તેમાંથી અને જ્યાં તેવાં ખાતાં ન હોય ત્યાં જજીયા કરની કચેરીના ખજાનામાંથી કાજીને સાથે રાખીને જોઇતું

ખર્ચ કરવું. હવે સુબાના દીવાન **એતેમાદખાંએ** દાહોદની મસ્જીદની મરામતના ખર્ચમાટે જે અડસટો રૂપિયા ૧૪૩૦ ચૌદસો ત્રીસનો કરીને મોકલ્યો હતો તેની મંજુરી આપવામાં આવી કે, વહેલાસર મરામત કરી લેવી. તે પછી સુબો સજાઅતખાંન પોતાના ધારાપ્રમાણે ફરતો બંદોબસ્ત કરીને પેશકશી લઇ મારવાડ તરફ રવાને થયો ત્યાં આઠ મહિના સુધી રહીને માહે જમાદીઉલ અવ્વલ માસમાં પાછો અમદાવાદ તરફ રવાને થઇ આવી પહોંચ્યો અને પોતાનો કારોબાર ચલાવવા લાગ્યો. આ વર્ષે **બુલાકીબેગ** નામનો માણસ કે જે ગુરજબરદારીની નોકરી કરતો હતો તે, **લાખાવરણમલ** અને તેનો ભાઇ, કે જે નવાનગરનો ફોજદાર હતો તેનો ટંટો (તકરાર) મટાડવા તથા સોરઠની રૈયતનો પોકાર દૂર કરવામાટે હજુરમાંથી નિમાઇને આવી પહોંચ્યો.

ત્યાર પછી પાટણનો નાયબ ફોજદાર મુહમ્મદ મુબારઝ બાબી કે જે, પાટણ તાબે **સોપડા** (ગામ)ના કોળી લોકોનાં હુલ્લડને શાન્ત પાડી તેઓને શિક્ષા દેવા માટે ગયો હતો તે, જ્યારે હુલ્લડ શાન્ત કરીને અગ્નિ મુકી પાછો ફરતો હતો તે વખતે તેને એક તીર લાગ્યું અને તેથી તે મૃત્યુ પામ્યો. આ ખબર સુબા સજાઅતખાનને પડતાં તેણે તે જગ્યાએ સફદરખાન બાબીને નિમ્યો અને મુહમ્મદ મુબારઝ બાબીના દીકરાઓને ઘટતું મનસબ કરી આપ્યું; ગોધરાના ફોજદાર મુહમ્મદબેગખાનના બદલાયાથી તે જગ્યાએ હજુરમાંથી મુહમ્મદ મુરાદખાનને નિમવામાં આવ્યો અને **મુઅજમપુરની** મસ્જીદ તથા **અસાવલમાં** આવેલી અબુ તુરાબની મસજીદ કે જે, ખંડિત થઇ ગયેલી હતી તેની મરામતમાટે સુબાના દીવાને રૂપિયા ૪૧૬૪ ચાર હજાર, એકસો ચોસઠનો જે અડસટો કરેલો હતો તે વિષેની હજુરમાંથી મંજુરી મળી અને તે સાથે એવી આજ્ઞા કરી કે, સરકારી રાજ્યના દીવાનોએ, વેપારીઓ પોતાનો માલ જે જગ્યાએ લઇ જાય તે જગ્યાએ તેઓનું નામ લખી લઇ તેમની પાસેથી સાયરનું મહેસુલ વસુલ કરવું. આ વર્ષમાં વડોદરાના દીવાન મુહમ્મદ બેગખાનની બદલી થવાથી તે જગ્યા **અસાલતખાનને** આપવામાં આવી અને સુબાનો દીવાન એતેમાદખાન કે જે, સુબાની દીવાની તથા સુરતબંદરની મુસદ્દીગીરી કરતો હતો તે માહે શાબાનમાં સુરતબંદરમાં મરણને શરણ થયો.

## દરકદાસ રાઠોડની અરજનો સ્વિકાર તથા સુલતાન બુલંદ અખ્તર અને સફીતુન્નીસા બેગમ (બાદશાહજાદા મુહમ્મદ અકબરનાં પુત્ર-પુત્રી)ને સજાઅતખાનની મારફ્તે હજુરમાં મોકલી આપવાં અને સુલતાનની સાથે મજકુર રાઠોડનું હજુરમાં જવું.

આ વર્ષમાં પોતાના તકદીરના સારા સંજોગે બાદશાહી લશ્કરના જોશના લીધે પીડા પામતો પર્વતો કે પહાડીઓમાં, જંગલ કે ઝાડીઓમાં ભટકતો અને તોફાની હુલ્લડો મચાવનારો દરકદાસ પોતે કરેલાં કૃત્યોની માફી માગવા ઉભો થયો. આ લખાણની મતલબ એવી રીતે છે કે, ઘણા દીવસો ઉપર બાદશાહજાદો સુલતાન મુહમ્મદ અકબર પોતાની દુર્બળ અને ભટકતી સ્થિતિમાં પોતાના પુત્ર સુલતાન બુલંદ અખ્તર તેમજ પોતાની પુત્રી સફીતુન્નીસા બેગમને દરકદાસ રાઠોડના હવાલામાં સોંપી ગયો હતો. તે બન્નેને સાથે રાખીને મજકુર રાઠોડ અતિ ભયાનક અને સંકટભર્યા પહાડોમાં ભુખે દુઃખે દહાડા ગુજારતો હતો. હવે તેનાં ભાગ્યહિણપણાનો અંત આવી રહ્યો અને સદ્‌ભાગ્યનો વખત પ્રાપ્ત થતો હોવાથી તેણે ઇશ્વરીદાસ કે જે સજાઅતખાન તરફથી ભરોસાપૂર્વક કેટલાક મહાલોનો અધિકાર ભોગવતો હતો તેને એક અરજી લખીને જણાવ્યું કે, મારી આ અરજ શ્રીમંત હજુર બાદશાહ સુધી પહોંચીને પાછી કબુલ થઇ આવે ત્યાંસુધી જોધપુરમાં રહેતી સરકારી ફોજ મારા ઘર આગળ આવે નહિ. તેવિષે સુબો સજાઅતખાન જો મને વચન આપે તો હું સફીતુન્નીસા બેગમને હજુરમાં હાજર કરૂં. આ અરજી તેણે સજાઅતખાન ઉપર મોકલી દીધી અને સુબાએ તે અરજી હજુરમાં મોકલી દીધી. જયારે તે અરજી હજુરના વાંચવામાં આવી ત્યારે તરતજ પોતાની પૂર્ણ ખુશાલી સાથે સજાઅતખાન ઉપર હુકમ મોકલ્યો કે, મજકુર દરકદાસને શાન્તી અને ધીરજ આપીને શાહજાદા બહાદુરની દીકરી સફીતુન્નીસાને તેડાવી યોગ્ય સરંજામ સાથે હજુરમાં આવવામાટે રવાના કરી દેવી.

જયારે આ હુકમ સજાઅતખાનને મળ્યો ત્યારે તેણે તે મુજબ તરતજ ઇશ્વરીદાસને આજ્ઞા લખી મોકલી. તે આજ્ઞાનુસાર ઇશ્વિરીદાસ અતિ ભયાનક અને દુઃખદાયક જગ્યામાં રહેલા દરકદાસ પાસે ગયો અને તેને

અકલમંદીથી ધીરજ અને સમતાપૂર્વક સમજાવીને વચનો આપ્યાં; જેથી તે રાઠોડ ઘણોજ ખુશી થયો અને મજકુર બેગમને પોતાનાં લશ્કરને સાથે લઇને અમદાવાદ સુધી પહોંચાડી દીધી. એટલે સુબાએ આ કામમાં ફતેહ-મંદી મેળવનાર ઇશ્વરીદાસને બેગમની સાથે હજુરમાં જવામાટે રવાને કર્યો. જ્યારે તે બેગમે પોતાના વૃદ્ધ દાદા પાસે પહોંચીને શિશ નમાવી ધાર્મિક વચનો ઉચ્ચારવા માંડયાં ત્યારે તેમને એવો વિચાર ઉત્પન્ન થયો કે, આ બેગમને કુરાન પઢતાં કયાંથી આવડતું હશે! તેથી તેમણે તે બેગમને સવાલ કર્યો, તેના જવાબમાં બેગમે અરજ કરી કે, દરકદાસે મારેમાટે અજમેરથી એક નેક સ્ત્રી-શિક્ષકને બોલાવી સારા પગારથી નોકર રાખીને મને ભણા-વવા-પઢાવવાનું કામ તેને સોંપ્યું હતું. તેનાં શિક્ષણથી હું આખું કુરાન મોઢે કરી ગઇ છું. આ જોઇને બાદશાહની ખુશાલીનો પાર રહ્યો નહિ, તેથી દરકદાસના જે ગુન્હાઓ હતા તે એક પછી એક માફ થવા લાગ્યા. દરક-દાસમાટે માફીના હુકમો નિકળ્યા અને ઇશ્વિરીદાસ કે જે હજુરમાંજ હતો તેને હુકમ કર્યો કે, જઇને સુલતાન બુલંદ અખ્તર તથા દરકદાસને હજુ-રમાં લઇ આવો. તે વખતે સુબા સજાઅતખાન ઉપર પણ એવીજ મતલબનો હુકમ આવ્યો કે, આ કામ કરવામાં ખરેખરી સચ્ચાઇ છે, માટે ઘણીજ સંભાળપૂર્વક સુલતાન બુલંદ અખ્તરસહિત દરકદાસને હજુરમાં મોકલાવી આપવો.

સને ૧૧૦૮ હિ૦માં **મુહમ્મદ મોહસન** ( એતેમાદખાનનો દીકરો) પોતાના બાપનું મૃત્યુ થતાં તેની ખાલી પડેલી જગ્યા-સુબાની દીવાનીના મોટા હોદ્દાઉપર નિમાઇ ગયો હતો. તેના ઉપર સરકારી હુકમ આવ્યો કે, દરકદાસ રાઠોડને મદદ અને ખર્ચમાટે ૧,૦૦,૦૦૦ એકલાખ રૂપિયા રોકડા આપવા-તેમાંથી પચાસ હજાર રૂપિયા જોધપુર આવ્યા પછી અને બાકીના પચાસ હજાર રૂપિયા અમદાવાદ પહોંચ્યા પછી સુબા સજાઅતખાનની મારફતે દરકદાસની મોહોરનો તમસુક લઇ ખજાનચીની તેહવીલમાંથી આ-પવા. તે સિવાય તે રાઠોડને જોધપુર તાબાનું **મીરઠા** પરગણું જાગીરમાં આપવામાં આવ્યું અને સુબા સજાઅતખાનને તેનાં પ્રસંશનિય કામો તથા સદ્ગુણોની કદરનાં માનપત્રો ગુરજબરદારની સાથે મોકલવામાં આવ્યાં. ત્યારબાદ અસલી રીવાજમુજબ પેશકશીઓ લઇ પૂરતો બંદોબસ્ત કરીને મારવાડ તરફ જવાને તૈયાર થયો. એવામાં ગુરજબરદાર અને ઇશ્વરીદાસ

ત્યાં આવી મળ્યા. સુબાએ ફરીથી દરકદાસ પાસે જવા ઇશ્વરીદાસને હુકમ કર્યો. તે હુકમાનુસાર ઇશ્વરીદાસને એક બે વખત આવજાવ થયા પછી મજકુર રાઠોડ પાકા કોલકરારથી મદદ ખર્ચના રૂપિયા લેવાનો હુકમ જોઇને તથા પોતાની જાગીરનો ચોકસ ઠરાવ કરીને સુલતાન મુહમ્મદ અકબરને પોતાની સાથે લઇને સુબા તરફ આવી પહોંચ્યો. સુબાએ માન પૂર્વક આદરસત્કાર કરીને ભેટો બક્ષિશ કરી અને તે બન્ને (દરકદાસ રાઠોડ તથા મુહમ્મદ અકબર)ને સુરતબંદરસુધી પહોંચાડી આવ્યો. **મુગલખાન** અને **શાહબેગ** નામના બે માણસો કે જેઓ શાહજાદા સુલતાન મુહમ્મદ અકબરના શિક્ષકોતરીકે નિમાઇને સુરત આવેલા હતા તેઓ શાહજાદા અને દરકદાસને પોતાની સાથે લઇને હજુરમાં ગયા. જ્યારે તેઓ હજુરમાં પહોંચ્યા ત્યારે તેઓનાં પૂરતાં વખાણ કરવામાં આવ્યાં.

ત્યારબાદ ૧,૨૭,૩૦૫ એકલાખ–સત્યાવીશ–હજાર ત્રણસો પાંચ રૂપિયા કે જે **શાહજાદા મુહમ્મદ બેદારબખત**ના પગારપેટામાં સુબાના ખજાનામાંથી આપવાનો હુકમ થયો હતો, તેનો પરવાનો એતેમાદખાનના નામનો હતો, પરંતુ તે મરી ગએલો હોવાથી શાહજાદાએ કરેલી અરજઉપરથી સુબાના દીવાન મુહમ્મદ મોહસન ઉપર તે વિષેનો હજુર હુકમ આવ્યો. એજ વર્ષે મુહમ્મદ મુકીમનો દીકરો **હયાતુલ્લા મુહમ્મદ બાકર** અને ધોળકાનો બરતરફ થએલો **અમલદાર**—જેઓ પોતાનો હિસાબ બરાબર ચોખ થયેલો નહિ હોવાથી હજુરમાં આવેલા હતા. તેથી સુબાના દીવાનતરફ ઘણીજ તાકીદે ગુરજબરદાર સાથે સરકારી હુકમ આવ્યો કે, તે ત્રણે અમલદારોને પોતાની રૂબરૂમાં રૈયતની સામે રજુ કરવા, કે જેથી તેઓ પોતાનો હિસાબ સાફ કરી લે. તે સાથે વળી એ પણ આજ્ઞા કરી કે, ખાલસા ખર્ચના રૂપિયા કે જે ઇસ્લામનગરના જમીનદાર–તમાજીના પુત્ર તથા પૌત્ર પાસે બાકી લેણા છે તે પણ વસુલ કરી લેવા.

સરકારી રૂલ (રિવાજ) મુજબ હજુરમાં એવી અરજ કરવામાં આવી કે, ૩૦૦ ત્રણસો મહોર તથા ૫,૦૭,૪૧૫ પાંચલાખ સાત હજાર ચારસો પંદર રૂપિયા ગુજસ્તા સાલના માહે શાબાન માસસુધી અમદાવાદના ખજાનામાં તૈયાર પડેલા છે. તેઉપરથી સુબાના દીવાન ઉપર હજુર–હુકમ આવ્યો કે, આ હુકમ પહોંચતાં ભેગા થએલા તમામ રૂપિયા વગરવિલંબે ધારા પ્રમાણે હજુરમાં મોકલી દેવા.

એજ વર્ષે સૈઇદ મોહસન કે જે એતેમાદખાનની જગ્યાએ રહીને દીવાનીનું કામ કરતો હતો તેને ધોળકાનો અમીન અને "અમલદાર" ઠરાવવામાં આવ્યો અને મીર ઇસ્કુલાના બદલાયાથી તે જગ્યા (શહેરની કોટવાલી) ખાજા કુતબુદ્દીનને હજુરમાંથી સોંપવામાં આવી. તે પછી હજુરમાંથી હુકમ આવ્યો કે, સુબાની તહેનાતીના લસ્કરસિવાયના જે બાવીશ સ્વારો અને પચાસ પેદલો બરતરફ થયેલા કોટવાલની સત્તાતળે હતા તે મળી સો સ્વારો કે જેઓનો પગાર સરકારમાંથી ૨૧૮ બસો અઢાર રૂપિયાનો થતો હતો તેઓની હમેશની કસુરવિગેરેની કસર કાપતાં બાકી ૧૯૦) એકસો નેવું રૂપિયા થાયછે, માટે તે આંકડાપ્રમાણેના પગારના ઠરાવથી કાયમ રાખવા તથા તેનું ભથું ખજાનચીના ખજાનામાંથી ખર્ચ કરીને પગાર કરવો. વગર કસુરની કસરના પાંચસો રૂપિયા **શેખ મુહમ્મદ ગોસીને** ઈનામમાં આપવા, અને પગાર કરતી વખતે સુબાના કાજી **અબ્દુલ ફરાહને** હાજર રાખીને પગાર કરવો. તે વખતે સઘળા રાજ્યના સુબાના દિવાનો ઉપર પ્રધાન ઉમ્દતુલમુલ્ક અસદખાનની મોહોરવાળો હુકમ મોકલવામાં આવ્યો કે, પરવાનાઓના, મુકદ્દમાઓની તપાસના અને સરકારી પત્રોના જવાબ લેવાના હુકમો દીવાનોના નામઉપર મોકલવાનો કાયદો ચાલુ રૂઢી અને વહીવટથી છે, છતાં તેના જવાબો વખતસર મળતા નથી. જેથી તમામ સુબાના દીવાનોને ફરમાવવામાં આવેછે કે, પરવાનાઓ અને સરકારી હુકમોના જવાબો તુરત તેમની સાથેજ વિગતવાર વિસ્તારથી લખી મોકલવા અને તેમાં પુરતી સંભાળ રાખવી કે, મુકદ્દમાના જવાબો મુકદ્દમાથી લખીને હજુરના લખાણવાસ્તે બાકી રાખવા. આ લખાણ સુબાના દીવાન મુહમ્મદ મોહસન ઉપર મોકલવામાં આવ્યું.

એતેમાદખાનના મરણ પામવાથી આ વર્ષમાં સુરતબંદરની મુસદ્દીગીરી ઉપર **અમાનતખાનને** નિમવામાં આવ્યો, તેથી તેણે આવીને તે જગ્યાનો વહીવટ સંભાળી લીધો. તે વખતે ચંદેરી તાબેના **રનોદ ચકલા** વિષે એવી ખબર જાહેર થઈ કે, ત્યાંના મનસબદાર–સાકીબેગનો દીકરો **ન્યાઝબેગ**–ગુરજબરદાર કે જે સરકારી હુકમ લઇ ગએલો તે હજુરમાં પાછો ફરેછે અને જાહેર કરેછે કે, બામ–ઘોડા કે જે હિન્દી બોલીમાં ડાકના ઘોડા કહેવાય છે તે **કાલાબાગ** તેમજ **શાહપુરની** સરામાં નથી અને મેં પગ–રસ્તે સઘળો પંથ કાપ્યો છે. તે ઉપરથી હુકમ કરવામાં આવ્યો કે, સુબાના દીવાનોએ તમામ ફોજદારોને લખવું કે, તેઓએ ડાકના ઘોડાની જગ્યાએ પોતાના ઘોડાને બાંધવા, કે જેથી સરકારી હુકમો લાવવા–લઇ

જવામાં વિલંબ થવા પામે નહિ, અને તેનું પત્રક ભરીને હજુરમાં મોકલાવી આપવું. તે પછી **શેખ નુરૂલહક** ધર્માધિકારીની જગ્યાઉપર નિમાઇ આવ્યો અને પોતાનું કામ સંભાળી લીધું; તેમજ સુબાના વિદ્યાધિકારી **શેખ અકરમુદ્દીને** પોતાની મોહોરથી ચાલુ રિવાજમુજબ હજુર-દફતરે લખી મોકલ્યું કે, વિદ્યાર્થિઓ પોતાના શિક્ષકોને સાબિતીમાટે લાવતા નથી તેથી બહાલી પુસ્તક મેળવવામાં વિલંબ થાયછે. તે ઉપરથી સુબાના દિવાનઉપર હુકમ આવ્યો કે, એ લોકોને સખત તાકીદ કરવી કે, તેઓ પોતાના શિક્ષકોને ધારાપ્રમાણે સદર કચેરીમાં રજુ કરે કે જેથી શુદ્ધ રીતે પુસ્તક તૈયાર કરીને હજુરમાં મોકલવામાં આવે.

જ્યારે સૈઇદ મોહસનને મુસદ્દીગીરી ઉપર નિમવામાં આવ્યો ત્યારે બીજો એ પણ હુકમ આવ્યો કે, શહેર અમદાવાદના હકદાર લોકોને ચાર હજાર રૂપિયા ખજાનામાંથી લઇને શહેર-કાજી, ધર્માધિકારી અને પંચ (વહેપારી)ની સલાહ લઇ તેઓની રૂબરૂમાં વહેંચી આપવા. ત્યારબાદ સોરઠના ખબરપત્રી **મીર અબુતાલીબ**ના લખાણથી હજુરમાં જાહેર થયું કે, સોરઠનો કિલ્લો મરામત કરવા લાયક થઇ ગયો છે. તેઉપરથી હુકમ થયો કે, સુબાના દિવાને તેની મરામત જેમ બને તેમ તુરત કરી લેવી. આ વર્ષમાં સુબાનાં ઘણાંખરાં પ્રગણાંઓમાં વરસાદ નહિ હોવાથી કોઇ કડાક થઇ પડ્યું હતું; પાટણથી જોધપુરસુધી ખરડીઓ જણાતો હતો અને ઘાસ-પાણીનાં સાંસાં થઇ પડયાં હતાં. હવે પોતાના ધોરણમુજબ સુબો સજાઅતખાન માહે જમાદીઉલ અવ્વલમાસની તારીખ ૭મીના રોજ અમદાવાદથી જોધપુર જવાના મનસુબે રવાના થયો. અસાલતખાનની બદલી થવાથી **મુહમ્મદ શેરાનીને** વડોદરાની ફોજદારીઉપર નિમવામાં આવ્યો અને **મુહમ્મદ મોમીન** નામના માણસને જોધપુરની કિલ્લેદારીઉપર કાયમ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. તે પછી સુબાના દિવાન ઉપર રાજ્યના બક્ષિ-**નવાબ મુખલીસખાન**ની મોહોરવાળો હુકમ આવ્યો કે, **મુહમ્મદ ફાજીલ** નામના માણસને **મુલતાન**તરફ ઉભા થયેલ રાજદ્રોહી મુહમ્મદ અકબરના ખબરપત્રીની જગ્યાએ ઠઠ્ઠામાં કાયમ કરવો, કે જેથી તે ત્યાં જઇ તેની તમામ હકિકતો લખી સરકારમાં મોકલતો રહે.

સરકારી આજ્ઞા મુજબ સુબા સજાઅતખાન ઉપર ઉમ્દતુલમુલ્ક અસદખાનની મહોરવાળો હુકમ આવ્યો કે, તમારી સુબેગીરીમાંના જમીનદાર, ફોજદાર અને થાણદારો વિગેરે જેઓ પોતાના કબજામાં છે તેઓ પાસેથી એવા મુચરકા લખાવી લેવા કે, તેઓ પોતાના રાજની અંદર કદાચ કોઇ

પણ રાજદ્રોહી માણુસ આવે તો તેને, તે રાજકુંવર છે એવું ધ્યાનમાં નહિ રાખતાં વગરવિલંબે ઠાર કરવા કે કેદ પકડવામાં તત્પર રહે, અને જો તે બંડખોરના સાથીઓ એવું જાહેર કરે કે, તે રાજકુંવર છે; તોપણ તે વાતપર ભરોસો નહિ કરતાં એકદમ શિક્ષાને પાત્ર કરી દેવો. પરંતુ જો કોઇપણ તાબાનો માણુસ આ હુકમનો અમલ નહિ કરતાં તેથી વિરૂદ્ધ-પણે વર્તશે તો તેને સખત કેદની શિક્ષા કરવામાં આવશે. તે પછી જોધ-પુરના કિલ્લેદાર **મુહમ્મદ મોમીએ** પોતાનું રાજીનામું મોકલી દીધેલું હતું તેપરથી સુબા ઉપર હુકમ આવ્યો કે, સજાઅતખાંએ પોતાની સાથે લાવેલ માણસો પૈકીનો જે કોઇ આ કામ કરવામાટે લાયક હોય તેને કિલ્લાનો આધિકાર સોંપી હજુરમાં અરજ કરવી. આ હુકમ મળતાં સુબાએ પોતાના માણસો પૈકીના **લતીબબેગ** નામના માણસને તે જગ્યાઉપર નિમ્યો.

આ વખતે કેટલાક દિવસથી સુબાની દીવાનીનાં કેટલાંક કામો એતે-માદખાનના દીકરા મુહમ્મદ મોહસનથી સરંજામે પહોંચતાં નહોતાં, તેથી સન મજકુરના આખર વખતમાં મોટા કાજી ખાજા અબ્દુલ્લાનો દીકરો **ખાજા અબ્દુલ હમીદ** કે જે મક્કે હજ કરીને જ્યારે પાછો ફરી હજુરમાં ગયો ત્યારે મુહમ્મદ મોહસન પાસેથી દીવાની લઈ લઇને તેને આપવામાં આવી, અને તેણે આજ્ઞાપ્રમાણે માહે જીલ્કાદ માસની ચોથી તારીખે અમદાવાદ આવી પહોંચીને પોતાનું તમામ કામ સંભાળી લીધું. તે જ્યારે આવ્યો ત્યારે **ખંભાલીના** કોળી લોકોએ તોફાન મચાવી બંડ કરેલું હોવાથી તેણે ત્યાંજ પોતાનો મુકામ કરીને એક મજબુત કિલ્લો બાંધ્યો અને થાણું બેસાડ્યું. ત્યારબાદ દીવાન ઉપર એવો હુકમ આવ્યો કે, જે દીવાનો તથા પેશકારો સરકારથી નિમાયેલા છે તેઓ તથા બરતરફ થયેલા દીવાનો પ્રથમમુજબ ખાનગી પેશકારનું કામ કરતા રહે. સુબાની ખબરો પૈકીની એક એ ખબર હતી કે, ડાકના દરોગા **યારઅલીએ** સરકારમાં અરજ કરી કે, સુબાએ કહ્યું છે કે શહેરના મહાલના સાયરનું હાંસલ બંદો-બસ્તી ખાતાંના માણસોના પગારમાં અપાય છે, તથા હાલમાં અમદાવાદના સુબાના તાબામાં કેટલાંક પરાંઓ જે નવાં વસાવેલાં છે, ત્યાં અનાજના જે ભોરો આવેછે તેના ઉપર મહેસુલ લઇ વેપારીઓ પોતાના ઉપયોગમાં લાવેછે તેથી ઘણું નુકસાન થાયછે. તે ઉપરથી સુબાઉપર હજુર હુકમ આવ્યો કે, ખરી હકીકત વિષે તજવીજ કરીને એવો ઠરાવ કરવો કે, અનાજના વેપારીઓ પોતાના માલને નવાં વસેલાં પુરાંઓમાં નહિ ઉતારતાં

જુની રીત મુજબ જુના ઠેકાણે લાવતા રહે, કે જેથી સજાઅતખાનને મહેસુલનું નુકસાન થવા પામે નહિ. કેમકે સાયર મહાલ તેના પગારમાં કાપી આપેલો છે.

આ વખતે હજુરમાં જાહેર થયું કે, કેટલાક લોકો ખરાબ ઈરાદાથી ખોટા પરવાનાઓ સુબાના દીવાનની હજુરમાં વાપરે છે. જેથી તે શક દુર કરવાને એવું ઠરાવવામાં આવ્યું કે, જે પરવાનાઓ હજુરમાંથી દીવાનોના નામે મોકલવામાં આવેછે તે દરેકની નકલઉપર પોતાની રૂબરૂમાં મોહોર કરીને હજુરમાં મોકલાવતા રહેવું. તે આજ્ઞા મુજબ ઉમ્દતુલમુલ્ક અસદખાનની મહોરથી મોકલવામાં આવ્યા. તે પછી હજુરમાં એવી અરજ કરવામાં આવી કે, શહેર અમદાવાદના સરાફોએ ભેગા મળીને એકમત થઇ ઓછા તોલના રૂપિયા ચલાવી દીધા છે. તેઓ આપતી વખતે ઓછા તોલના રૂપિયા આપેછે અને લેતી વખતે ગરીબ–લાચારો પાસેથી એક રૂપિયે બે ત્રણ ટકા વધુ લેછે. જેથી ઘણા ગરીબ લોકોને નુકશાની વેઠવી પડેછે. તે ઉપરથી હજુર હુકમ થયો કે, સુબા તથા દીવાનોએ આ હુકમને અનુસરીને એવી રીતના મુચરકા લખાવી લેવા કે, જે રૂપિયા પૂરતા વજનના હોય તેનુંજ ચલણ ચાલુ રાખવું, પણ જો તેના વજનથી ઓછા વજનવાળા હોય તો તેવા રૂપિયા બિલ્કુલ ચલાવવા દેવા નહિ. ત્યારબાદ ગ્યાસુદીન મહુમ્મદ નામના માણસે હજુરમાં એવી ખબર લખી મોકલી હતી કે, પહેલાં શાહીબાગ તથા ગુલાબખળાંમાં મોટી વાડીઓ (બગીચા) હતી, જેમાં ગુલાબનાં ફુલો પુષ્કળ નિપજતાં હતાં; પરંતુ હાલમાં તે વાડીઓમાં આમલી તથા પીપળનાં એવાં મોટાં ઝાડો ઘણા ફેલાવામાં ઉગી ગયેલાં છે કે, તેની છાયા પડતી હોવાથી તથા પાણીની તંગાશને લીધે વધારે ફુલો નિપજવા પામતાં નથી, માટે જો તે ઝાડો કાપી નાખવામાં આવે અને પુરતું પાણી પૂરું પાડવામાં આવે તો તે બગીચાઓ પાછા પ્રફુલ્લિત થાય. તે ઉપરથી સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે, તે વિષેનો બંદોબસ્ત કરી બગીચાઓમાં નિપજતાં ફુલો ઉપરનું હાંસલ જેમ વધે તેવી રીતની ગોઠવણ કરવી અને તે બગીચાઓનો નાશ ન થાય તેમાટે સખત તાકીદ આપવી. નહિતો તેનો જવાબદાર દરોગાને ગણવામાં આવશે.

## નિવારસી માલના ખજાનાની અમીની રાજ્યના કાજીની કચેરીમાં સોંપી આપવા વિષેનું ફરમાન.

એજ વર્ષમાં હજુર હુકમના ફરમાનથી નિવારસી માલના ખજાનાને કાજીની કચેરીમાં સોંપી આપવાનો ઠરાવ થયો અને તે વિષે હજુર

હુકમ આવ્યો કે, અહિની અમીનીને કાજી અબુલફરાહના સ્વાધિનમાં મુકી દેવી. તે પછી એવો ઠરાવ લખી મોકલવામાં આવ્યો કે, દર વર્ષે ઠંડી મોસમમાં સરકારમાંથી ત્રણ હજાર રૂપિયા લઇને તેમાંથી અમદાવાદના સુબાના તાબાના ગરીબ અને લાચાર લોકોને ધર્માદા તરીકે પંદરસો ડગલા અને પંદરસો કામળીઓ (દરેક ડગલાનો દોઢ રૂપિયો અને દરેક કામળીનો અર્ધો રૂપિયો એ હિસાબે) લઇને ત્યાંના કાજીવિગેરેની સલાહથી શહેર તથા પરગણાંના ગરીબોને તેઓના રહેવાના ઠેકાણે તેમની હાલત જોઇને આપતા રહેવું.

**સિનોર** પરગણાના બ્રાહ્મણોએ સુબા સજાઅતખાનને અરજ કરી હતી કે, ફોજદારવિગેરે અમલદારો કાસદનું કામ અમારી પાસે કરાવે છે તેથી અમને ઘણો ત્રાસ ઉપજે છે, માટે તેવાં દુઃખમાંથી અમોને મુક્ત કરવા મેહેરબાની કરશો. તે વિષે સરકારે પોતાનો ઠરાવ બહાર પાડેલો હોવાથી સુબાએ ત્યાંના અમલદારોને તેવાં કામથી દૂર રહેવા માટે લખી મોકલ્યું; અને **મહેમદાવાદ** વિગેરે જીલ્લાનું જંગલ કાપવામાટે **મીર અબ્દુલગની** નામના માણસની નીમણુંક કરી.

મજકુર વર્ષે દરકદાસ રાઠોડને હજુરમાંથી ધંધુકા અને બીજા મહાલો જાગીરમાં આપવામાં આવ્યા અને એક માનપત્ર, ખાસ પોશાક તથા જમધર ગુરજબરદારો **ખાજા મુહમ્મદ** અને **અબ્દુલ્લાબેગ**ની સાથે શુબાતરપ મોકલવામાં આવ્યા. તે લઇને તેઓ રવાના થઇ શહેરની બહાર આવેલા પરામાં તારીખ બાર, શનિવાર માહે જીલહજ માસમાં આવીને ઉતર્યા. સુબો સજાઅતખાન તેઓને સરકારી અદબપ્રમાણે માન આપવા સામે ગયો અને તેઓએ પણ તેને આપવાની વસ્તુઓ માનસહિત ભેટ કરી. આ વખતે કેટલાક માલી તથા મુલકી મુકદ્દમાઓની ખટપટના લીધે પાટણના નાયબ ફોજદાર સફદરખાન બાબી અને સજાઅતખાનનાં મન ઉચક થઈ ગયેલાં હતાં. તેમાંથી નાયબ ફોજદાર રીસાઇને ત્યાંથી આવતો રહ્યો હતો, તેથી બીજા નાયબનો બંદોબસ્ત થતાં સુધી ત્યાંના બંદોબસ્તના કામ બાબત તેણે **મુહમ્મદ બહાદુર શેરાની**ને લખી મોકલ્યું. જે ઉપરથી તેણે એક જમાદારને મુકરર કરીને મોકલી દીધો. **કાજના**ના થાણદાર **દોલત સુમરા**ના મૃત્યુ પામવાથી તે જગ્યાએ **સૈયદઅલી** નામના માણસને નિમવામાં આવ્યો અને સોરઠની ફોજદારીની જગ્યા **મુહમ્મદ બેગખાન**ને સોંપવામાં આવી.

## ખરીદીની જગ્યાએ તથા અરબી સમુદ્ર તરફ જતા માલ ઉપર જકાત લેવાનો ઠરાવ.

સને ૧૧૦૯ હિજરીમાં સુબાના દિવાન **ખાજા અબદુલ હમીદખાન** ઉપર ખરીદીની જગ્યાએ મહેસુલ લેવા વિષે ઉમ્દતુલમુલ્ક અસદખાનની મોહોરવાળો સરકારી હુકમ એવી મતલબનો આવ્યો કે, હાલમાં હજુરના સાંભળવામાં આવ્યું છે કે, પહેલાં એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે, વેપારીઓ ખરીદીની જગ્યાએ માલ ઉપરતું મહેસુલ ભરી આપીને ચીઠ્ઠી લેતા હતા અને એક વર્ષ સુધી તેઓને કાંઇ અડચણ પડતી નહોતી, અને પછીથી એવો ઠરાવ થયો કે, વેચાણની જગ્યાએ મહેસુલ લેવું; પરંતુ આ ઠરાવથી પૂરતું મહેસુલ વસુલ થતું નથી. મીર મુહમ્મદ બાકર વિગેરે વેપારીઓ વેચાણવાળી જગ્યાએ જકાત લેવાતી હોવાથી અને જામીનગીરીના માટે ફરીઆદો કરે છે. તે ઉપરથી હજુર આજ્ઞા કરે છે કે, તે વિષે મોટા કાજી **મુહમ્મદ અકરમ** સાહેબનો અભિપ્રાય લેવામાં આવ્યો છે કે, ખરીદીની જગ્યાએ મહેસુલ વસુલ કરવું તે દુરસ્ત છે કે નહિ ? તે વિષેની તજવીજ થયા બાદ મોટા કાજી તરફથી તેમની મોહોરવાળો એક પત્ર સરકારી કચેરીમાં આવ્યો. જે ઉપરથી આ કામની ખુલ્લાસાવાર વિગત હજુરના જાણવામાં આવી. તેથી સરકારી એવી આજ્ઞા પત્રિકાઓ પ્રગટ થઇ કે, આયંદેથી મહેસુલ તથા જકાત વેપારીઓ પાસેથી ખરીદીની જગ્યાએ લેતા રહેવું, અને એ વિષે સઘળા રાજના સુબાઓના દિવાનોને હુકમ કરવામાં આવ્યો છે, માટે તમો પ્રધાને પણ અમદાવાદના મહેસુલખાતાંના અધિકારીઓને એવો ઠરાવ કરી આપવો કે, જેથી તેઓ પ્રથમના ધારાપ્રમાણે વેપારીઓ પાસેથી મહેસુલની વસુલાત ખરીદીની જગ્યાએ કરતા રહે. અને તે સાથે એવો બંદોબસ્ત રાખે કે, જેથી દાણચોરી અથવા કંઇપણ નુકશાન થવા પામે નહિ. તે વખતથી આજ દિવસ સુધી તે ધારાપ્રમાણે વસુલાત કરવામાં આવેછે.

જ્યારથી ખરીદીની જગ્યાએ મહેસુલ લેવાનો ઠરાવ થયો ત્યારથી જે માલ વહાણો ઉપર લઇ જવા માટે બંદરોમાં લઇ જવામાં આવતો તે માલ ઉપર પણ અમદાવાદના મુસદ્દીઓ મહેસુલની વસુલાત કરવા લાગ્યા. આથી બંદરોના મહેસુલમાં ઘટાડો થવા લાગ્યો. જેથી ખંભાત બંદરના મુસદ્દી **મુહમ્મદ કાજીમબેગે** લખી જણાવ્યું કે, જ્યારથી મજકુર બંદર

આબાદ થયેલું છે ત્યારથી તે આજ સુધી એવો ધારો ચાલતો આવ્યો છે કે, **મુખા બંદરે** લઇ જવાનો જે માલ વેપારીઓ અમદાવાદથી ખરીદ કરતા હતા તે માલ ઉપર તે જગ્યાએ મહેસુલ લેવા માટે મહેસુલ અધિકારીઓ હરકત કરતા નહોતા અને તેનું મહેસુલ બંદરમાં લેવાતું હતું, તથા વડોદરા, નડીઆદ વિગેરે બીજાં સ્થળો કે જ્યાં મહેસુલ લેવાનો ધારો નહોતો ત્યાં પણ મહેસુલ લેવામાં આવે છે; જેથી મહેસુલમાં ધાલમેલ થવા સંભવ રહે છે અને મુખા બંદર તરફ રવાને થનારાં વહાણોને પણ જેમ તેમ મુકી દેવામાં આવે છે. તો આશા છે કે, સુબાના દિવાન ઉપર એ વિષેનો હુકમ ફરમાવવામાં આવશે; અને આપ પણ ઠરાવ કરશો કે, ધારાપ્રમાણે વર્તવામાં આવે, પણ તેથી વિરૂદ્ધ રીતે કોઇ વર્તન ચલાવે નહિ તે વિષે તાકીદ સમજવી.

એજ વર્ષે શહેરની ટંકશાળના દરોગા મીર મુહમ્મદ બાકરની ફરીયાદ ઉપરથી સુબાના દિવાન ઉપર હુકમ આવ્યો કે, ટંકશાળ સિવાય કોઇ પણ જગ્યાએ કોઇપણ માણુસ સોનું કે ચાંદી ગાળે નહિ અને તે વિષે પૂરતી સંભાળપૂર્વક તજવીજ રાખવી, કે જેથી મહેસુલમાં નુકશાન થવા પામે નહિ. તે પછી મોટા કાજી મુહમ્મદ અકરમની અરજ ઉપરથી હજુરે ઠરાવ કર્યો કે, સુબાના કીલ્લાના તથા કોટવાળીના ચબુતરાના કેદીઓ પૈકી જેઓની પાસે કાંઇપણ સાધનો ન હોય તેઓને શીયાળા જેવી ઠંડી ઋતુમાં જણ દીઠ ટોપી, પહેરણુ અને ઇજાર આપતા રહેવું તથા ઉનાળાના વખતમાં ટોપી, ચાદર અને ઇજાર આપવી. એ વિષેનો હજુરહુકમ સુબાના દિવાન ઉપર મોકલવામાં આવ્યો.

ત્યારબાદ જજીયાવેરો વસુલ કરનાર **શેખ અકરમુદ્દીન**ના ગુમાસ્તાએ સુબાને જાહેર કર્યું કે, મહેમુદાબાદ પરગણાના આશ્રીત ગેરમુસલમાન લોકો આજ દીનસુધી કર આપતા આવ્યા છે, પણ આ વર્ષે તે લોકો દેશાઇઓ તથા શેઠીયાઓની હિમાયતના લીધે જજીયાવેરો આપવા માટે લાસડીઆપણું બતાવી આનાકાની કરેછે. તે ઉપરથી સુબાએ ત્યાંના નાયબ ફોજદાર અબ્દુલ ગની ઉપર તાકીદી હુકમ લખી મોકલ્યો કે, આશ્રીત લોકોને કર આપવા માટે રજુ કરવા અને દેશાઇ વગેરે લોકોને વચ્ચે આવવા માટે સખત મના કરી અટકાવવા.

જ્યારે **મુહમ્મદ બહાદુર શેરાની**ને પાટણના નાયબ ફોજદારની જગ્યાએ નિમવામાં આવ્યો તેજ અરસામાં વળી એ પણ બન્યું કે, શાહજાદા સુલતાન બુલંદ અખતરની સાથે હજુરમાં ગયેલો દરકદાસ રાઠોડ, કે જેનું વર્ણન પ્રથમ આવી ગયું છે તે જ્યારે હજુરમાં જઇ શ્રીમંત બાદશાહની રૂબરૂ હાજર થયો ત્યારે તેના ઉપર હજુરની કૃપાવૃષ્ટી થઇ. જેથી તેને મનસબ કરી આપી જાગીર બક્ષીશ કરવામાં આવી; અને તેણે મર્હુમ સ્વર્ગવાસી મહારાજા જસવંતસિંહે બજાવેલી નોકરી ઉપર ખ્યાલ કરી, પોતાનો પુત્ર અજીતસિંહ, કે જે ડુંગરોમાં ભટકતો ફરતો હતો તેની કસુરોની માફી માગી, તે માફી તેને બક્ષવામાં આવી તથા મનસબ આપવામાં આવ્યું અને જ્યારે **મુજાહીદ** જાલોરીની બદલી થઇ ત્યારે તેને **જાલોર**ની જાગીર તથા ફોજદારી ઉપર કાયમ કરવામાં આવ્યો.

આ વખતે આપણે જાણવું જોઇએ કે, મુજાહીદખાન જાલોરીનો મોટો દાદો **ગઝનીખાન** કે જે, છેલ્લા ગુજરાતી બાદશાહ **મુઝફ્ફર** ઉર્ફે **નહુનુ**ના વખત પહેલાંથી ફોજદારી ઉપર હતો અને ગુજરાતનો મુલક ખાલસા થવા તથા તેને **અકબર બાદશાહ**ના કબજે કરવા વખતે પોતાનાં સદ્દભાગ્યને લીધે બાદશાહની સેવામાં આવી પહોંચી સત્તાધીન થયો હતો. તેના ઉપર બાદશાહની કૃપા થઇ હતી અને તેની જાલોરની ફોજદારીની ઉમેદને પ્રથમથી ચાલતા આવેલા ધારા પ્રમાણે પુરી પાડવામાં આવી હતી તથા સરકારી નોકરી કરવા માટે સુબાની સાથે નીમણુંક કરવામાં આવી હતી. તે વિષેના વારંવારના લખાણ ઉપરથી જણાઇ આવેલ છે અને એવું કહેવાય છે કે, ગઝનીખાનના ઘરડાઓ પરદેશના વતનીઓ હતા. તેઓ કોઇ કામપ્રસંગે પોતાના દેશથી નીકળીને આ દેશમાં આવી વસ્યા હતા અને ગુજરાતી બાદશાહોના આશ્રયનીચે રહીને પોતાની જીંદગી ગુજારતા હતા. આ વર્ષે રાજના લાભાર્થે જાલોર પરગણું અજીતસિંહને આપવામાં આવ્યું તથા મુજાહીદખાન જાલોરીને **પાલણપુર** તથા **ડીસા**ની જાગીરદારી અને ફોજદારી આપવામાં આવી. તેની ઓલાદ એક પછી એક આ લખાણમાં ઉતરતી ચાલી આવેછે.

**મુહમ્મદ ફર્રોખશીયર** બાદશાહ કે જેને કતલ કરવામાં આવ્યો હતો તેના વખતમાં **રહીમ યારખાં** નામનો માણસ **પાલણપુર**નો ફોજદાર થઇને અમદાવાદ આવેલ હતો, અને ત્યાંથી લશ્કર એકઠું કરીને પાછો

તે તરફ ગયો હતો. ત્યાં જઇને તેણે **ગઝનીખાન** જાલોરીની સાથે લડાઇ કરી પણ તેમાં તેને ફતેહ મળી નહિ. તે પછી ગઝની ખાતે પોતાની ભેટ તથા પેશકશી દરબારમાં મોકલી હતી અને માલ મોકલ્યાની બહાલીનો હુકમ તેણે મેળવ્યો હતો, તથા જાતનાં ભાગની જાગીરો તથા પાગાનો બંદોબસ્ત અને નોકરી પેટાનો પગાર કે જે, બસો સ્વારો જાતના અને પ્રગણાના સો સ્વારોનો પગાર તેને મળતો હતો અને બાકીનો ભાગ જાગીરદારોને મળતો હતો.

આ દેશમાં બખેડા ઉભા થયા અને રાજકારોબારમાં ભંગ પડી ગયો ત્યારથી તે જગ્યા જમીનદારની માફક તેમના કબજામાં છે. તે લોકો બાદશાહી સેવા કરતા નથી. અને આસપાસનાં કેટલાંક સ્થાનોને જબરદસ્તીથી ઝગડો કરી કબજે કરી લીધાં છે અને તેઓ પાંસરો જવાબ પણ આપતા નથી. તેનો ટુકમાં સાર એ છે કે, સુરતબંદરના મુસદ્દી અમાનતખાંને પોતાના જીવનની દોરી જગકર્તાને સ્વાધીન કરી દીધી હતી અને એક જાતની મરેઠાઓની ગડબડ તે તરફ ફેલાઇ ગઇ હતી. તેથી સુબા સજાઅતખાંએ એવો ઠરાવ કર્યો કે, નજરઅલીખાનને તૈયાર લશ્કર આપીને સુબાના તેહનાતી લોકોની સાથે રક્ષણાર્થે તે જગ્યાએ મોકલી દેવો. જેથી તે બંદરના રહેવાસીઓનાં કાળજાં ઠંડાં પડયાં. હજુરમાંથી સુરત બંદરની મુસદ્દીગીરી દયાનતખાનને અપાઇ, અને શેખ મહમ્મદ ફાજલ હુજુરી ગુરજબરદારની સાથે સજાઅતખાનને એક હાથી ઇનામમાં મોકલવામાં આવ્યો. આ વખતે જોધપુરનો નાયબ ફોજદાર ફીરોઝખાં મેવાતી મરી ગયો હતો તેથી સજાઅતખાંએ વીરમગામમાં નાયબ ફોજદારનું કામ કરનાર શેખ મુહમદ ફાજલ જાહિદને જોધપુરની ફોજદારી ઉપર નિમ્યો અને ધોળકાના ખાલસા મહાલની અમલદારી તથા ફોજદારી સૈઇદ મોહસનના બદલાયાથી હજુરમાંથી નીમાયેલા મીર મુહમ્મદ બાકરને આપવામાં આવ્યાથી તેણે આવીને પોતાને સોંપેલું કામ કરવા માંડયું. સને ૧૧૧૦હિ૦ માં સરકારી હુકમ પ્રમાણે બસે રૂપિયાના પુઠાંથી એક હજાર ઘોડા ખરીદ કરવા ઉમ્દતુલ મુલ્કની મોહોરનો હુકમ સુબાના દીવાન ઉપર આવ્યો.

## કાળાં લુગડાં ઉપર મહેસુલ લેવાનો ઠરાવ.

સુરતબંદરના મુસદ્દીની એવી અરજ હજુરમાં આવી કે, ફુરજાનાં બંદરના મહેસુલ ખાતાં તરફથી એવું જાહેર થયું છે કે, જ્યારે પહેલા હુકમ

પ્રમાણે ચાલીશે એક અને ચાલીશે બેનું હાંસલ ખરીદીની જગ્યાએ લેવાનો ઠરાવ થયો હતો, તથા કાળાં લુંગડાંનો જે માલ અરબી સમુદ્રમાં થઇને અરબસ્તાન જવામાટે અમદાવાદ તથા ધોળકા વિગેરેના સુબાના મહાલોમાંથી આવેછે તે માલ ઉપરનું મહેસુલ ફુરજામાં નોંધવામાં આવતું હતું અને વેપારીઓ તે માલની રસીદો લઇને ધારા પ્રમાણે અમદાવાદ મહાલના મુસદ્દીઓની રૂબરૂ રજુ કરતા હતા અને ત્યારબાદ સરકારી ઠરાવ પ્રમાણે વેચાણની જગ્યાએ મહેસુલ લેવાનો ઠરાવ થયો હતો. તેથી અમદાવાદ અને ધોળકાવિગેરેના સઘળા માલ ઉપરનું મહેસુલ ફુરજામાં લેવાતું હતું અને વળી પાછો હાલમાં પહેલાંના ધારાપ્રમાણે ખરીદીની જગ્યાએ મહેસુલ લેવાનો ઠરાવ થયો છે તેથી મહાલોના મુસદ્દીઓ કાળાં લુગડાં વગેરેનું સેકડે પાંચ ટકા પ્રમાણે કાયદા વિરૂદ્ધ અમદાવાદમાં લે છે અને વેપારીઓને દાખલા ચિઠ્ઠિઓ આપેછે. જેથી જુના કાયદાને બાજુએ મુકાય છે અને સરકારને નુકસાન થાયછે. તે ઉપરથી સુબાના દીવાન ખાજાઅબ્દુલ હમીદ ઉપર ઉમ્દતુલમુલ્ક અસદખાનની મોહોરવાળો હુકમ આવ્યો કે, મહાલોના મુસદ્દીઓ અમદાવાદમાં પાંચ ટકા ઠરાવે કે, કાળાં લુગડાંની આવદાનીની નિકાસ કે જે, અરબસ્તાનના વાસ્તે થાયછે તેમાંથી બનાવવામાં આવતા ધોળકા વિગેરેના માલને કંઇપણ હરકત કરવી નહિ, જેથી જુના ધારા પ્રમાણે ફુરજામાં મહેસુલ વસુલ કરવામાં આવે અને સરકારને નુકશાન પણ થાય નહિ વેપારીઓ પાસેથી એવી જામીનગીરીઓ લખાવી લેવી કે, તેઓ જે માલ ત્યાં લઇ જાય તેનું મહેસુલ ભર્યાની રસીદો સુરત બંદરના મુસદ્દીઓ પાસે રજુ કરતા રહે.

પ્રથમ એવું લખાઇ ગએલ છે કે, સુબા અને સફદરખાન બાબી વચ્ચે અણબનાવ થયો હતો, અને પાટણની નાયબ ફોજદારીથી તેને બદલવામાં આવ્યો હતો. આ વખતે સજાઅતખાનની અરજ ઉપરથી તેને હજુરમાં બોલાવવામાં આવ્યો, જેથી તે માળવાને રસ્તે રવાને થયો. મુહમ્મદ બહાદુર શેરાની કે જે, સફદરખાન બાબીની બદલીમાં ત્યાંની નાયબ ફોજદારીનું કામ કરતો હતો તેણે તે હાલોલ કાલોલના નાયબ ફોજદાર **સૈયદ કાલેને** સોંપી દીધી તે પછી સરકારી પેશકશીમાં મોકલાએલા શિકારી ચિત્તાઓ આ વખતે હજુરમાં જઇ પહોચ્યા હતા તે ઉપરથી સજાઅતખાન ઉપર સરકારી હુકમ આવ્યો કે, બીજા ચિત્તાઓ પણ મોકલાવી આપવા.

તે હુકમને અનુસરી સુબાએ પાટણના ફોજદાર સઇદ **કાલેને** રાજા અજીત-સિંહની તરફથી નિમાયેલા સાંચોરના નાયબ ફોજદારને, હળવદના ફોજદારને, પાલણપુરની જાગીર અને ફોજદારી ઉપર નિમાયેલા કમાલખાન જાલોરીને અને જે જે સ્થળોએ ચિત્તાઓ મળી આવે છે તે તે ઠેકાણે ઘણી તાકીદથી લખી મોકલ્યું અને પોતે જમીનદારોથી પેશકશી વસુલ કરવા તથા બંદોબસ્ત કરવા અર્થે બહાર નિકળ્યો અને સંતોષકારક બંદોબસ્ત કરી દસ્તુર પ્રમાણે જોધપુર જવાને તૈયાર થયો.

સને ૧૧૧૧ હિ૦ માં **સીશતાન**ની સરહદથી બાદશાહજાદા મુહમ્મદ અકબરની એવી અરજી હજુર ઉપર આવી કે, જેમાં સરહદ સુધી લેવા આવવાનું લખ્યું હતું. તે પરથી બાદશાહજાદાની મદદને માટે માશીપત્ર અને સુંદર પોશાક મોકલવામાં આવ્યો અને આ કામ આરંભનાર સુબો સજાઅતખાન તથા દરકદાસ રાઠોડ ઉપર ગુરજબરદાર **ખાજા મહમ્મદ જયા** તથા **મુહમ્મદ રજા**ની સાથે હુકમો અમદાવાદ મોકલવામાં આવ્યા. તેઓ અત્રે આવ્યા ત્યારે બાદશાહને જાણ થઈ કે, આ અરજી સાચી નહોતી, જેથી સઘળું કામ બંધ રહ્યું. તે સિવાય સજાઅતખાને ધંધુકા મહાલના અમલદારની અરજ ઉપરથી સોરઠના ફોજદાર મુહમ્મદ બેગને, તોફાની કાઠીઓને શિક્ષા કરવા માટે લખ્યું, કેમકે ધંધુકા પરગણું દરકદાસની જાગીરમાં કપાયેલું હતું.

**શેખ હિદાયતુલ્લા** ખબરપત્રીના લખવાથી બનાવોની નોંધબુકમાં સરકારે જોયું કે, ઇદગાહની મસ્જીદમાં નિમાજ પઢનારાઓને જગ્યાની ઘણી તંગી પડે છે. તેથી સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે, એ દરજાને કાઢી નાંખી મસ્જીદને વધારી આપવી. "યા ખુદા! તે વખતે મુસલમાનોને જગ્યાની સંકડાશ પડતી હતી અને આ વખતે એક હાર પણ પુરી થતી નથી." એજ વર્ષમાં **શેખ અકરમુદ્દીન**ની બનાવેલી નિતીશાળા અને મસ્જીદ એક લાખ ચોવીશ હજાર રૂપિયાથી પુરી બંધાઇ ચુકી હતી. તેપછી ધર્માધિકારીની અરજી ઉપરથી નિશાળ તથા વિદ્યાર્થીઓના ખર્ચને માટે **સાંવલી** પરગણામાં આવેલું **સુંદરા ગામ** તથા કડી પરગણામાં આવેલું **સેહીઆગામ** અને ભોજ ખર્ચના દરરોજના બે રૂપીઆ સરકારમાંથી કરી આપવામાં આવ્યા. આ વખતે આ શોભિતિ નિશાળ પડી ભાગવાની તૈયારીમાં છે અને ગામો મરેઠાઓના ભોગવટામાં ગયાં છે.

સને ૧૧૧૨ હિ.માં ખાસ બાદશાહી હુકમથી સુબા સજાઅતખાન ઉપર **હાતમબેગ** નામના ગુરજબરદારને જાલોર મોકલવા વિષેનો હુકમ આવી પહોંચ્યો. જેથી તે ગુરજબરદાર **જાલોર** ગયો. અને રાજા અજીતસિંહ પોતે કરેલાં કૃત્યોનાં કારણથી બીક રાખીને ઢીલ કરતો હતો તથા જવાબ લખવામાં વિલંબ કરતો હતો તેથી સુબા સજાઅતખાને ગુરજબરદારને લખ્યું કે, ઘણી ઝડપથી શેરાવલી કરી જવાબ લઇને મોકલાવી દેવો કે જેથી હજુરમાં વિદિત કરવામાં આવે.

આ વખતે બાદશાહની સ્વારી **પરનાલા**:મુકામે હતી ત્યાંથી હુકમ આવ્યા મુજબ **નજરઅલીખાન**ને સારી સન્માસહિત ત્યાં મોકલી દીધો, જેથી તેણે ત્યાં જઇને મરેઠા સાથની લડાઇમાં પૂરતી મહેનત કરી અને તેમાં તેની ઘણી પ્રસંશા થઈ, તેમજ બાદશાહે પણ તેની સારી કદર કરીને વખાણ કર્યા અને તે સુબા સજાઅતખાનના મૃત્યુ સુધી ત્યાંજ રહ્યો હતો. તે પછી તેને પોશાકનું માન આપવામાં આવ્યું અને રજા લઇને તે અમદાવાદ તરફ પાછો ફર્યો.

સને ૧૧૧૩ હિ.માં માહે સફર માસની તારીખ ૧૩ મી ને બુધવારના દિવસે સુબા સજાઅતખાનની આયુષ્યનો અંત આવી રહેલો હોવાથી તે મૃત્યુ પામ્યો અને પોતાના ઘરની પાસે બનાવેલ મકરબા (દરગાહ)માં તેને દફન કરવામાં આવ્યો. એક કવિતામાં દર્શાવેલ છે કેઃ–" **ગમે તેટલાં વર્ષ સુધી દીર્ઘાયુષ ભોગવો, તોપણ એક દિવસ તો, જરૂર આ સંસારના સુંદર અને સુશોભિત મહેલોમાંથી જવાનું તો છેજ.** "

સુબાના મૃત્યુ પામ્યા પછી ખાજા:અબ્દુલ હમીદખાન દીવાને સરકારી નોકરોને પોતાની સાથે રાખીને સુબાના માલ ઉપર જપ્તી મુકી, તથા સિપાહીઓમાં પગારના પૈસાને માટે જરા સરખો બખેડો ઉઠમો. તે સઘળી હકીકત હજુરમાં લખી મોકલવામાં આવી અને બંદોબસ્ત તથા રક્ષણને માટે પુરતી તજવીજ રાખવામાં આવી.

ખરા પૂરાવાવાળી હકીકત ઉપરથી એવું જણાય છે કે, સુબા સજાઅતખાને પોતાના મૃત્યુ પામવા પહેલાં પોતાની હાલતનો વિચાર કરતાં પોતાને નહિ બચવાની આશા જણાવાથી પોતાનાં ઢોર, ઘોડા અને માણસો વિષે હજુરમાં લખી જણાવેલ હતું. જ્યારે તેના મૃત્યુ પામવાના ખબર બાદશાહના સાંભળવામાં આવ્યા ત્યારે તેની આવી પડેલી ખોટ અને તેની

સારી સેવાઓ કે જે બાદશાહને દીલપસંદ હતી તેના વિષે પણ હવે પછીના માટે ઘણીજ અફસોસી દર્શાવવામાં આવી, અને તેની તમામ મીલ્કત તેના વારસોને પાછી સોંપી આપવાનો હુકમ કરવામાં આવ્યો. તે હુકમ મળતાંજ સઘળી મીલ્કત સોંપવામાં આવી અને સુબાના દીવાને ઘોડા તથા હાથીઓને ધારાપ્રમાણે હજુર તરફ રવાને કરી દીધા.

આ વખતે **ખાજા અબ્દુલ હમીદ** ઘણોજ માનવંતો થઇ પડ્યો હતો, તેની ઉપર સરકારી હુકમ આવ્યો કે, જયારે બાદશાહજાદો મુહમ્મદ આજમશાહ ત્યાં પહોંચી જાય ત્યાંસુધી સુબાના બંદોબસ્તની પૂરતી તજવીજ રાખવી. તે બાદ હજુરમાં એવી અરજ કરવામાં આવી કે, સજાઅતખાને મરવા પહેલાં પાટણની નાયબ ફોજદારીનું લશકર બરતરફ કરીને રસ્તાઓમાંથી ઉઠાડી લીધું હતું, જેથી થાણાના માણસોના જતા રહ્યા પછી કોળી લોકોના બખેડા અને તોફાનમાં વધારો થઇ ગયો છે. તે એટલે સુધી કે, ગામડાંનાં ઢોરો પણ બહાર ચરવા જઇ શકતાં નથી અને ધોળા દીવસે પણ દરવાજા બંધ કરી દેવા પડે છે. તે ઉપરથી સરકારી હુકમ થયો કે, બાદશાહજાદાના આવી પહોંચતાં સુધી સુબાનો બંદોબસ્ત પૂરતી તજવીજ અને સંભાળથી રાખવો. અથવા તો સુબાના દીવાને સજાઅતખાનના નોકરોમાંથી પહેલાંના ધારા પ્રમાણે જરૂર જેટલાને બહાલ રાખીને બંદોબસ્ત કરવો અને તેઓનો પગાર સુબાના મહેસુલોમાંથી આપવો તથા એવો પાકો બંદોબસ્ત કરવો કે જેથી કોઇપણ જાતના બખેડા ઉભા થવા પામે નહિ.

## આડત્રીશમો સુબો બાદશાહજાદો મુહમ્મદ આજમશાહ.

### સને ૧૧૧૩ હિજરી.

સુબો સજાઅતખાન કે જે, જાતીકા ચાલીસ હજાર રૂપિયાનું મનસબ અને ચાલીસ હજાર સ્વારોના લશ્કરનો ધણી હતો તેના મરણ પામવાથી તેની જગ્યાએ **બાદશાહજાદો નામદાર આલીજાહ મુહમ્મદ આજમશાહ બહાદુર** હજુરમાંથી **અમદાવાદ**ની સુબેગીરી તથા **જોધપુર**ની ફોજદારી ઉપર નિમાઇ આવ્યો, અને **અજમેર**ની સુબેગીરી પણ અમદાવાદની સાથે જોડી દેવામાં આવી. આ વખતે તે પોતે દક્ષિણી લોકોને શિક્ષા દેવા માટે ઉજેન

ખાજા અબ્દુલ હમીદખાનની દીવાની.

તાબાના ગામ **ધાર**માં પડાવ નાખીને પડેલો હતો, તે વખતે સરકારી હુકમ આવ્યો કે, ત્યાંથી અમદાવાદ જઇને સુબાઓના મુલકી તથા માલી બંદોબસ્તને હસ્તક કરી પૂરતી તજવીજ રાખવી. તે હુકમને અનુસરી બાદશાહજાદો **ઝાબુવા**ને રસ્તે થઇ અમદાવાદ આવવા રવાને થયો. તે વિષેની ખબર ઝાબુવાના જમીનદારને પડતાં તેણે સામે આવીને રૂપિયા ૧૬,૦૦૦ સોળહજારની પેશકશી રજુ કરી, અને પોતાના તાબાની સરહદ સુધી સાથે જઇને પોશાક તથા ઘોડો ઇનામમાં લઇ રજા મેળવીને તે પાછો ફર્યો. ત્યાર પછી રસ્તામાં દીવાન **અબદુલ હમીદખાન** તથા બાદશાહી નોકરો લેવા માટે સામે આવી સેવામાં હાજર થયા. બાદશાહજાદો પેશકશીઓ લેતો અને બંદોબસ્ત કરતો સન મજકુરના માહે જમાદીઉસ્સાની માસની ૧૬ મી તારીખે જોષીઓએ જોએલા મુહુર્તની સારી ઘડીએ શહેરમાં દાખલ થયો, અને તમામ કારોબાર સંભાળી લઇ ફોજદારો તથા થાણદારોની નિમણુંકો કરી દીધી. તે સિવાય બાદશાહી નોકર **અનામુલ્લા ગુજરાતી**ને ચારહજાર શિરબંધીના સ્વારો તથા શહેરના કોટ બહારની ફોજદારી આપી, **જાફર કુલી** તથા **કાજીમબેગ**ને જોધપુરના નાયબ ફોજદારની જગ્યા આપી અને કેટલાક રાજદરબારી પેચના લીધે પાટણની ફોજદારી હજુરમાંથી દરકદાસ રાઠોડને આપવામાં આવી. હવે પોતાને પૂરાણી ઇમારતો પસંદ નહિ હોવાથી રૂસ્તમબાગ તથા ગુલાબબાગમાં મોટી ઇમારતો તૈયાર કરવાનો હુકમ આપી પાયા નંખાવવાનું કામ શરૂ કરી દીધું, અને તે ઇમારતો તૈયાર થતાં સુધી પોતે તંબુ–ડેરાઓમાં રહેવા લાગ્યો.

હવે જાણવું જોઇએ કે, **ઔરંગજેબ** બાદશાહના દશ વર્ષના રાજ્યમાં જે બનાવો બન્યા તે પૈકીના જે આ સુબાના અમલના હતા તે બધા ગોઠવાઇને રચાયા, કે જેનો આધાર દફતરમાં દીવાનો તથા સુબાઓ ઉપર આવેલા હુકમો છે, અને બીજા ભરૂસાદાર લોકોના લખાણ તથા કહેવા ઉપરથી શામેલ કરવામાં આવ્યા છે. સુબા સજાઅતખાનની હકુમતના બનાવો તેના ખાનગી મુસોદા કે જે, તેણે ફોજદારો તથા નાયબો વિગેરેને લખ્યા હતા તેમાંથી જે લખવાલાયક હતા તે લખાઈ ગયા છે. હવે કેટલીક બીનાઓ કે જે, આગળ પાછળ મુકવાની સમજ નહિ પડવાની કસુર થઇ હોય તો દરગુજર કરશો, અને બાદશાહજાદાના વકીલોની સુબેગીરીના વખતે જે કાંઇ લખવામાં આવે તેમાંથી કેટલાંક આલમગીરી લખાણો

**હજુરમાંથી** બાદશાહજાદાના નામથી અને અમીરોના નામથી આવેલાં તેની ઉપર ખાલસાના દીવાન **ગ્યાસુલ્લાખાન**ના દસ્તખત હતા તે લખાઇ ગયા છે અને તે સાહેબના મરણ પામવા પછી કાયમ બાંધેલા છે અને થોડીક હકીકત સુબાના દીવાન ઉપર આવેલા હુકમોના દફતરમાંથી લેવાઇ છે, અને તે શિવાય લોકોની બતાવેલી હકીકત છે.

આ વખતે સુરતના બનાવો પૈકીની હકીકત હજુરમાં વિદિત થઇ કે, **નંદનબાર, સુલતાનપુર, કસારા** અને **બાલાઘાટ**માંથી આશરે દશ બાર હજાર મરેઠા સ્વારો આવી પહોંચ્યા છે અને તેઓનો મનસુબો સુરત ઉપર ચડાઇ કરવાનો છે. તે વિષેની ખબર સુરતબંદરના મુસદ્દી **નજાઅતખાન**ને પણ થઈ છે. તે ઉપરથી બાદશાહજાદા બહાદુર ઉપર હજુર હુકમ આવ્યો કે, સુરતબંદર એ પણ ગુજરાતની સુબેગીરીમાંજ આવેલું છે, માટે તેની પૂરતી ખબરદારી અને બંદોબસ્ત રાખવો. તે સિવાય જોધપુરના કિલ્લેદારે પોતાની નોકરીનું રાજીનામું આપ્યું હતું તેથી હજુર હુકમ આવ્યો કે, જો બાદશાહજાદાની મરજી હોય તો કોઇ પણ લાયક માણસને ત્યાંની કિલ્લેદારી ઉપર નિમવો, અને જો તેમ ન રૂચતું હોય તો પછી સરકારી નોકરો પૈકીના કોઇપણ ભરોસાદાર અને લાયક નોકરને ત્યાં મોકલાવી દેવો. ત્યારબાદ વળી હજુરે એવો હુકમ કર્યો કે, દરકદાસ રાઠોડનાં જાનવરોને આજદીન સુધી ખોરાક મફત મળતો હતો અને તેની મુદત પુરી થઈ ગઇ છે, તેમ તેનો વકીલ પણ હજુરમાં નથી, કે જેથી તે આ કામ કરી શકે; માટે તેના વકીલને અને તેના દીકરાને, તથા તેના ભાઇને અને તેના સ્નેહી-સોબતીઓને હજુરમાં મોકલાવી આપવા.

ત્યારબાદ હજુરમાં એવી અરજ કરવામાં આવી કે, બાદશાહજાદાના તબેલાના ઘોડા મરી ગયા છે. તે ઉપરથી હજુરમાંથી ત્રણ ઘોડા સાજ સામાન સહિત મોકલવામાં આવ્યા, અને એજ વખતમાં દરકદાસ રાઠોડને હજુરમાં લાવવા માટે એક ગુરજબરદારને મોકલવાનો ઠરાવ કરવામાં આવ્યો, તેથી બાદશાહજાદા ઉપર હુકમ આવ્યો કે, જો બની શકે તો દરકદાસ રાઠોડને હજુરમાં આવવા માટે રવાને કરી દેવો અથવા તો એજ જગ્યાએ તેનું કામ કાઢી નાખવું, કે જેથી તે, **અજીતસિંહ** વિગેરે બીજા રાઠોડોને ઉશ્કેરવાનું કામ કરવા પામે નહિ. આ વખતે વડોદરાના ફોજદાર બહાદુર **શેરાની**એ લુટારાઓને પકડવા તથા તેઓમાંના ૭ જણને ઠાર મારવાનું

કામ ઘણી બહાદુરીથી કરેલું હતું અને બાદશાહજાદાએ તેના જાતીકા મનસબમાં સો રૂપિયાનો વધારો કરી આપવાની હજુરમાં સિફારસ કરી હતી, કે જે મંજુર થઇ અને હુકમ આવ્યો કે, તે લોકો જ્યાંસુધી ફરીથી તેવાં કામ કરવામાટે અચકાય નહિ અને તેવા ગુન્હાનાં કામો નહિ કરવા માટેના ભરોસા લાયક જામીનો આપે નહિ ત્યાંસુધી તેઓને કેદમાં રહેવા દેવા અને બીજા લુટારાઓ કે જેઓ તેવા ગુન્હાનાં કામો કરતા હોય અને તેઓ કેદ પકડાયલા ન હોય તો તેઓને પકડીને કેદ કરવા. તે પછી ખંભાતની મુસદ્દીગીરી પોતાના બાપ ( એતેમાદખાન ) નો ખેતાબ મેળવનાર મુહમ્મદ મોહસનને આપવામાં આવી અને બાદશાહજાદાની તજવીજ ઉપર તેને ઠરાવવામાં આવ્યો.

## સફદરખાન બાબીનું આવવું અને દરકદાસ રાઠોડનું ન્હાસવું, તથા તેની પુંઠે લશ્કર મોકલવાનો ઠરાવ.

સજાઅતખાનની સુબેગીરી વખતે એવું લખવામાં આવેલું છે કે, કેટલાંક ખટપટભર્યાં કૃત્યોના લીધે **સફદરખાન** બાબીને સજાઅતખાનની અરજ ઉપરથી હજુરમાં બોલાવેલો હોવાથી તે, તે તરફ જવામાટે રવાને થઇ ગયો હતો. તે જ્યારે માળવે પહોંચ્યો ત્યારે, મુખતારખાનનો દીકરો **કમરૂદ્દીનખાન** કે જે, પોતાના પીતાના મરી જવાથી તેનો ખિતાબ તથા માન ભોગવતો હતો અને **માળવાની** સુબેગીરી ઉપર નિમાયલો હતો તેણે અમદાવાદની સુબેગીરીના વખતની જુની ઓળખાણના લીધે મજકુર બાબીને પોતાની પાસે રાખીને સરકારમાં અરજ કરી કે, આ કર્મહિણુ-અભાગ્યો માણુસ હજુરમાં આવવા માટે તૈયાર છે, માટે સરકાર તેના ઉપર કૃપા કરીને તેને પણુ સરકારી નોકરીમાંજ ગણુશે એવી આશા છે. આ અરજ બહાલ રાખવામાં આવી અને સફદરખાન બાબી પોતાના પુત્ર-પરિવાર સહિત ત્યાંજ પડી રહ્યો હતો. તે પછી બાદશાજાદાના વકીલોના કબજામાં તેને સોંપી દેવામાં આવ્યો અને સફદરખાન બાબીને પણુ અમદાવાદ આવવાની ઇચ્છા પુરી પાડવાની તક મળી, જેથી બાદશાહજાદાની હજુરમાં પોતાના વકીલને મોકલી પોતાના અંતઃકરણુની સત્રળી વાત જાહેર કરી અને બાદશાહજાદાએ હજુરમાંથી રજા મેળવીને તેને અમદાવાદ બોલાવી લીધો.

હવે આ વખતે સરકારી હુકમ આવેલો હતો કે, દરકદાસ રાઠોડને હજુરમાં મોકલાવી દેવો અથવા તો તેનો જલદીથી અંત લાવવો. તે હુકમ માટે સફદરખાન બાબીએ કરાર કર્યો કે, મજકુર રાઠોડને બાદશાહજાદાની દેવડીએ કેદ કરીને લાવુંછું અથવા તો તેને ઠાર મારી નાખુંછું; પરંતુ દરકદાસતો બાદશાહજાદાના બોલાવ્યાથી પોતાની ફોજદારીના મહાલ પાટણથી રવાને થઇને **સાબરમતી** (નદી)ના કિનારા ઉપર આવેલા **વાડેજ** ગામમાં આવીને મુકામ કર્યો હતો, અને જે દીવસે તે બાદશાહજાદાની સેવામાં જવાનો હતો તેજ દીવસે બાદશાહજાદાના હુકમથી લસ્કરના તમામ બક્ષિઓ, સુબાના તેહનાતી મનસબદારો અને સફદરખાન તથા તેના છોકરાઓ, એ બધાઓએ પોતાનાં હથિયારો સહિત સજ થઇને એવી ગપ ચલાવી કે, બાદશાહજાદાની સ્વારી શિકારે જાયછે. તે સઘળાઓ દરબારમાં હાજર થયા અને બાદશાહજાદાએ દીવાનખાનામાંથી બહાર નિકળીને દરકદાસને હાજર કરવાનો હુકમ કર્યો. દરકદાસે તે દીવસે અગિયારશ હોવાથી હિન્દુ લોકોના રિવાજ પ્રમાણે અપવાસ કરેલો હતો અને તેથી ભોજન લઇ પરવારીને બાદશાહજાદાની હજુરમાં હાજર થવાનું ધારતો હતો તેવામાં ઉપરા ઉપરી માણસો મોકલી તેને બોલાવવામાં આવ્યો, તેથી તેને સંદેહ ઉત્પન્ન થયો અને શિકારે જવા માટે લસ્કરની તૈયારી થયેલી સાંભળીને તેના મનમાં વધારે શંકા આવવા લાગી. જેથી ભોજન નહિ કરતાં પોતાના તંબુઓને આગ લગાવી સળગાવી મુકીને સ્વાર થઇ પોતાના લસ્કર સાથે મારવાડ તરફ ન્હાસી ગયો.

જ્યારે દરકદાસના ન્હાસી જવાની ખબર બાદશાહજાદાને પહોંચી ત્યારે તેણે **અફ્જલખાન** તથા બાદશાહી લસ્કર સાથે તોપખાનાના દારોગાને, મનસબદારોને અને સફદરખાન બાબીને હુકમ કર્યો કે, મજકુર રાઠોડની પાછળ જઇને તેને પકડી લાવવો અથવા તો તેને ઠાર મારી નાખવો. આ હુકમ મળતાંજ સઘળાઓ ઘણીજ ઝડપથી દોડીને **પાટણ** તરફ જઇ પહોંચ્યા. તે વખતે ત્યાં દરકદાસનો જુવાન પૌત્ર ન્હાસી નહિ જતાં પોતાની હિમ્મતથી મુકામ કરીને રહેલો હતો. તેણે પોતાના દાદા દરકદાસને કહ્યું હતું કે, સંગ્રામમાંથી વગર ઘા ખાધે ન્હાસી જવું તે ઘણુંજ શરમાવા જેવું લાંછન છે. હું જઇને ફોજથી ગુંથાઇ જાઉંછું અને તમે આ સંકટમાંથી બચીને ચાલતા થઇ જાઓ, જોકે તે ( દરકદાસ ) એ વાતને નહિ ગણ-

કારતાં એવું ધારતો હતો કે, પોતે જાતે યુદ્ધ કરવું, પરંતુ પોતાના પૌત્રે ઘણું ઘણું કહેવા માંડયું તેથી અને વખતની તંગાશના લીધે પોતે ચાલતો થઇ ગયો. તે પછી દરકદાસનો પૌત્ર પોતાની પંગતિમાં મેળવી લીધેલા કેટલાક રજપુતોને સાથે લઇને રસ્તા ઉપર હિમ્મત બીડીને સામે આવીને ઉભો રહ્યો, અને યુદ્ધ કરવું શરૂ કરી દઇને પોતાનાં હથિયારો વાપરતાંની સાથેજ બહાદુરી દેખાડવા લાગ્યો. છેવટે દરકદાસનો પૌત્ર, સફદરખાન બાબીના દીકરા કે જેઓને હમણાં સુધી કંઇપણ ખિતાબ મળેલા નહોતા અને જેઓનાં નામ **મુહમ્મદ સલાબતખાન** તથા **મુહમ્મદ ખાનજહાં** હતાં તેઓના અને **મુહમ્મદ અશરફ ગોરી**ના ઉપરા છાપરી ઘા પડવાથી ધરણી ( જમીન ) ઉપર ઢળી પડયો અને મરણ પામ્યો; તેની ઉછળતી તલવારનો ઘા મુહમ્મદ સલાબતખાનના માથા ઉપર અને તીરનો ઘા મુહમ્મદ અશરફને લાગેલો હતો. તે સિવાય બાકી સહિસલામતી હતી અને કેટલાક રજપુતો પણ મરીને જમીનદોસ્ત થઇ પડેલા હતા. આ અવસરનો લાભ લઇને દરકદાસ ત્રણ ગાઉ ઉપર આવેલા **ઉંઝા** તથા **ઉનાવે** પહોંચી ગયો, અને તેની પાછળ પડેલું સરકારી લશ્કર તેના પૌત્ર સાથેની મારામારીના થાકના લીધે થોભી ગયેલું હતું તેમજ વખત પણ વધારે વિતિ ગયેલો હોવાથી થોડે દૂર જઇને મુકામ કર્યો. રાતના પાછલા પહોરે દરકદાસ નિશ્ચયપણું ધારણ કરીને આગળ ચાલતો થયો અને પોતાનો પુત્ર પરિવાર કે જેને પોતે પાટણમાં મુકી ગયો હતો તેને લઇને **થરાદ** જતો રહ્યો. હવે સરકારી લશ્કર પાટણમાં ગયું અને દરકદાસના નિમેલા કોટવાલને મારી નાખ્યો, તે પછી દરકદાસના ન્હાસી જવાની હકીકત, તેના પૌત્રનું કપાઈ જઇ મરણ પામવું અને ફોજના સરદારોની હકીકત બાદશાહજાદાને રોશન કરવામાં આવી, જેથી થયેલા હુકમ પ્રમાણે સઘળાઓ પાછા ફર્યા.

એજ વર્ષે **શેખ નુરૂલહક** તથા **શેખ ફખરૂલ ઇસ્લામ** કે જેઓ હજુરની રજા લઇને હજ કરવા ગયેલા હતા તેઓ જ્યારે પાછા ફરીને આવતા હતા તે વખતે બાદશાહી વહાણોના કોલકરાર ફીરંગીઓથી લેવા વિષેનો સરકારી હુકમ જવાના લીધે પાટણમાં આવેલાં ફીરંગી લોકોનાં નૌકાસૈન્યનાં વહાણોએ પોતાની સન્મુખે આવતાં જતાં વહાણોને પકડી લીધાં, તેમાં આ બન્ને શેખ લોકો પણ તેઓની ( ફીરંગીઓની ) કેદમાં

પકડાયા. જ્યારે એ વિષેની ખબર હજુરના જાણવામાં આવી ત્યારે **એતે-બારખાનની** જગ્યાએ નિમાઈ આવેલો સુરતબંદરનો મુસદ્દી **નજાબત-ખાન** કે જેને જાતીકા પાંચ હજાર રૂપિયાનું મનસબ અને શરતવાળા ત્રણસો સ્વારોનો વધારો કરી આપેલો હતો અને અસલ તથા વધારો મળીને કુલ જાતીકા પાંચસો અને એક હજાર એવડા સ્વારોની સત્તા ભોગ-વતો હતો તેને ખાસ સુશોભિત પોશાકનું ઇનામ આપવામાં આવ્યું હતું અને તેને એવો હુકમ કરવામાં આવ્યો હતો કે, ફિરંગીઓની કેદમાં પક-ડાયેલા સઘળા મુસલમાનો તથા બન્ને શેખોને ઘણીજ તાકીદે મુક્ત કરાવવા. તે પછી બાદશાહજાદા આલીજાહના તાબાના **મીર સામાની** પદવી **મીર મુહ-મ્મદ બાકરને** આપવામાં આવી. તે સિવાય બક્ષિગીરી તથા પત્ર વહેવા-રીની જગ્યા ઉપર **નોમાનખાનને** નિમવામાં આવ્યો. તે પછી બાદશા-હજાદાએ **શેખ અબ્દુલ હક**ના દીકરાઓ ઉપર કૃપા દેખાડવા અને **શેખ અકરમુદ્દીનને** ખિતાબ આપવા વિષેની તજવીજ કરીને હજુરમાં જે અરજ કરી હતી, તે ઉપરથી હુકમ આવ્યો કે, વધારાની ગુંજાશ નથી. જેથી કાજી અબ્દુલ હક વહાબ, શેખુલ ઇસ્લામ, અબ્દુલ હક અને નુરૂલ હકને ખિતાબો મળેલા નહોતા.

આ વર્ષમાં **સૈઈદ કમાલખાન** કે જે, ઇડરની ફોજદારી ઉપર નિ-માયેલો હતો તે પોતાના સ્વાભાવિક મોતથી મરણ પામ્યો. જેથી તેના પુત્ર **સૈઈદ બાકરને** દોઢસો રૂપિયાનો વધારો અને શરતવાળા ચારસો સ્વારો આપીને **પ્રાંતીજ**ની ફોજદારી અને **રસુલનગર**ની થાણદારી ઉપર કાયમ કર્યો અને તેના બીજા ભાઇઓને મનસબ આપવામાં આવ્યું. ત્યારબાદ સુરતબંદરથી એવી ખબર મળી હતી કે, કસારા ઘાટના, નંદનબારની આસપાસના અને સુલતાનપુરના મરેઠાઓનાં ટોળાં નિકળેલાં છે અને તે-ઓનો મનસુબો સુરતબંદર લેવાનો છે તેથી સુરતબંદરનો બચાવ કરવા વિષેનો બાદશાહજાદા ઉપર હુકમ આવેલો હતો, જેથી બાદશાહજાદાએ મુહમ્મદ બેગખાન અને નજરઅલીખાન વિગેરે સુબાના તેહનાતી મનસબ-દારોને બોલાવીને પોતાની સરકારી ફોજ તેઓને સોંપી. તે ફોજ સુરત-બંદર પહોંચીને થોડીક મુદત ત્યાં રહીને પાછી ફરી. આ વખતે સરકારી હુકમ આવ્યો કે, **હુસેન મોહમ્મદ ગુજરાતી**નો દીકરો શેખ અબ્દુલ શકુર જો કાંઇપણ ધર્મસંબંધી કામ બતાવે તો તેની ગોઠવણ કરી આપવી,

તે સિવાય અજમેરમાંથી અપાતા એક કરોડ દામ કમી થયેલા હતા તેથી તેના બદલામાં ઇડર પરગણું બાદશાહજાદાની જાગીરમાં કાપી આપવામાં આવ્યું.

## શિયળવંત-સ્ત્રી જાનીબેગમનો દેહત્યાગ.

### સને ૧૧૧૪ હિજરી.

બાદશાહજાદા બહાદુરની સ્ત્રી **જાનીબેગમ** કે જે, લાંબી મુદતથી મંદવાડ ભોગવતી હતી તેનો કુદરતી રીતે મૃત્યુકાળ પાસે આવેલો હોવાથી મરણ પામી, અને તેની મૈયતને શાહી બાગની બાજુએ દફનાવવામાં આવી. તેની ચોતરફ ફરતી દીવાલ બાંધવામાં આવી અને તેના શબને થોડાક દહાડા રહેવા દઇને ત્યાંથી કાઢીને દીલ્લી લઇ જવામાં આવ્યું. તે બેગમના મોતનું વર્ષ કોઇ શબ્દપતિએ કુરાનના શ્લોકમાંથી એવી રીતે શોધી કહાડેલું છે કે, " **વ ઉદ ખુલી જન્નતી** " ( ૧૧૧૪ ) એટલે તેને સ્વર્ગમાં દાખલ કરો "

એજ વર્ષે બાદશાહજાદાની અવલ બક્ષિગીરી અને સુબાની બક્ષિગીરી સાથે મેળવી દઇને હજુરમાંથી **નોમાનખાનને** નિમવામાં આવ્યો; આ વખતે **સૈયદ અજમતુલ્લા** કે જે, કાપડ-ગાંસડીના દરોગાનું કામ કરતો હતો તેણે ચોરી કરેલી હતી. બાદશાહજાદાએ પોતાના નોકર **અબ્દુલ વાસે નામીને** કરોડગીરી મહેસુલના અધિકારીની જગ્યા ઉપર નિમ્યો. હવે સૈયદ અજમતુલ્લાની ચોરીની ખબર જ્યારે હજુરમાં પહોંચી ત્યારે તેને નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યો અને તેની જગ્યાએ નોમાનખાનના દીકરા **મીર અમજદને** નિમવામાં આવ્યો; તે સાથેજ સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે, મજકુર દરોગાએ ચોરી કરીને જે કાંઇ લીધું હોય તે વિષે બીલકુલ વિલંબ નહિ કરતાં તેનો ખુલાસાથી જવાબ લેવો અને ચોરેલી રકમ વસુલ કરીને ખજાનામાં દાખલ કરી દેવી તથા તે વિષેનો દાખલો હજુરમાં મોકલાવી દેવો. ત્યાર બાદ લુગડાંની ગાંસડીઓના અમીન શેખ અકરમુદીનની અરજી ઉપરથી સુબાના દીવાન ઉપર હુકમ આવ્યો કે, બાદશાહજાદાના વકીલોના હુકમથી અબ્દુલ વાસે કે જેને મહેસુલની વસુલાત ઉપર કામ કરેલો છે તેને દૂર કરીને ગેરવ્યાજબી રીતે થતા બંદોબસ્તને અટકાવી વ્યાજબી રીતે બંદોબસ્ત કરવો.

એજ વર્ષે સઘળા સુબાઓ ઉપર હજુર હુકમ આવ્યો કે, કોઇએ પણ પંચાંગ લખવાં નહિ, કેમકે એ કામ ધર્મશાસ્ત્રથી વિરૂદ્ધ છે અને એ વિષે જોષીઓ પાસેથી મુચરકા લખાવી લેવા. તે પછી બાદશાહજાદા ઉપર હજુર હુકમ આવ્યો કે, તમારે ફરમાશો તથા ખર્ચમાં ઘણુંજ ધ્યાન રાખવું અને ગુજરાત દેશ એ એક હિન્દુસ્તાનના શણગાર રૂપ ગણાય છે. તેમાં સઘળી જાતના હુન્નરી અને ધંધાદારી લોકો રહેછે; ત્યાંથી હાલમાં સરકારી કારખાનામાં જે જાતનો માલ આવેછે તે ઘણીજ ઉત્તમ કારીગીરીવાળો, ઉમદા કસબનો, ચળકાટવાળો, ટકાઉ અને કિમ્મતમાં પણ ઘણોજ મોંઘો છે. ત્યાંની સઘળી વસ્તુઓ કુદરતને પણ ભુલાવો ખવરાવે તેવી છે, માટે તે ઉપર ખાસ ધ્યાન રાખીને તે લોકોને કામવગર રહેવા નહિ દેતાં એક ચોકસ ટાઇમ મુકરર કરી આપીને કામે વળગાડવા જોઇએ, કે જેથી જે કાંઈ નસિબમાં હોય તે તેઓને મળી શકે, દીલ્લીના કારખાનાઓમાં કિનખાબ તથા રૂની વસ્તુઓની બનાવટ ઘણીજ ઉમદા થતી હતી પરંતુ તે હાલમાં બંધ પડી ગયેલી છે. તોપણ જો તમો ગોઠવણ કરવા ધારશો તો ત્યાંથી પણ ઘણાજ ઉમદા કારીગરો મળી આવશે.

મજકુર વર્ષમાં કુરાનની બે પ્રતો, કે જેમાંની એક સોનેરી જાડા અક્ષરથી લખાયેલી હતી અને બીજી મુહમ્મદ રજાના શિષ્યના હાથથી લખાયેલી હતી તે તથા તેની સાથે બેતાલીશ હદીસો કે જેનો સંગ્રહ ખુદ બાદશાહે પોતે પણ કરેલો હતો તે, તથા સકરલાટનાં વરસાદી લુગડાં કે જે, તે વેળાએ યુરોપથી તુરતનાં જ આવેલાં હતાં તે બધાં હજુરમાંથી બાદશાહજાદા બહાદુરને ઇનામમાં આપવામાં આવ્યાં.

જ્યારે શ્રીમંત સરકાર (બાદશાહ)ના જાણવામાં આવ્યું કે, મરેઠા લોકોનાં ટોળાંઓ બહાર નિકળી પડીને **બકાના** અને **સુરત**બંદરે આવવાનો ઇરાદો રાખે છે ત્યારે બાદશાહજાદા ઉપર હુકમ લખી મોકલ્યો કે, કોઈ પણ બનાવ બનતાં પહેલાં તેને નહિ બનવા દેવાનો બંદોબસ્ત અગાઉથી કરવો જોઇએ અને સુરત તરફ લશ્કર રવાને કરીને તમારે શિકાર અર્થે **ભરૂચ**માં જઇને થોભવું. તે સાથેજ વળી એવો પણ હુકમ કરેલો હતો કે, સોરઠમાં આવેલું સોમનાથનું મંદીર કે જે, ખારા સમુદ્રમાં આવેલું છે અને તે પડી ગયેલું હોવાથી ત્યાં મૂર્ત્તિપૂજા પણ થતી નહોતી તે વિષેની કંઈ પણ હકીકત જાહેર થઈ નથી કે, ત્યાંની શું હકીકત છે!

માટે જો ત્યાં ફરીથી મૂર્ત્તિપૂજા થતી હોય તો તેમાંથી સઘળી મૂર્ત્તિઓને બહાર કાઢી નાખીને તે મંદીરનો બધો ભાગ પાડી નાખવો, કે જેથી ઈમારતની નિશાની પણ રહેવા પામે નહિ, તે પછી બાદશાહી લોટો અને થાળી તથા સુરતમાંથી ખરીદ થયેલો એક ઘોડો કે જે, ઘણોજ ખુબસુરત દેખાવવાળો, કદાવર બાંધાનો અને ખાસ સ્વારીને લાયક હતો તે બાદશાહને માટેજ ખરીદેલો હતો તે, તથા બીજો ઘોડો કે જેનું નામ સમંદ રાખલું હતું તે બિમાર હોવાથી હજુરમાં મોકલવામાં આવ્યો નહોતો તે બાદશાહજાદાને ઈનામ આપવામાં આવ્યાં. તે વખતે હજુરનો હુકમ આવ્યો કે, એતેમાદખાનનો દીકરો મુહમ્મદ મોહસન કે જે, એતેમાદખાનનો ખિતાબ ભોગવે છે તેને રૂબરૂમાં બોલાવીને કેટલાક ઘોડા બતાવી તેના અશ્વજ્ઞાનની પરિક્ષા કરવી.

ત્યારબાદ બાદશાહજાદા ઉપર હજુર હુકમ આવ્યો કે, એક વખતે **સમસુદીનખાને** એવી અરજ કરી હતી કે, ફીરંગીઓ સાથે કરારનામું કર્યા શિવાય વહાણો મુસાફરીએ જતાં નથી અને આઠ વર્ષ થયાં સુરતના વહેપારીઓ, આરબ સોદાગરો અને મક્કાના વહેપારીઓનાં વહાણોને સમુદ્રમાં લુંટી લઇ નાશ કરવામાં આવે છે, તેમજ મુસલમાનોનાં વહાણો પૂરતી ધારતીમાં આવી પડયાં છે અને એતેમાદખાનની છેલ્લી કારકીર્દીના વખતથી આજ દીન સુધી ત્યાંના ફોજદારો તેનો બંદોબસ્ત બિલકુલ કરી શકયા નથી તેમ કરી શકતા પણ નથી, અને ઇસ્લામીઓની દુઃખદાયક સ્થિતિ માટે આંખ આડા કાન કરીને દૂર દૂર ફરતા ફરે છે. સુરત–એ અમદાવાદના તાબામાં આવેલું છે માટે તમો બહાદુરે બંદરમાં રહેતા સોદાગરો વિગેરે માહિતગાર લોકોની સલાહ લઇ એ વિષેનો પૂરતો બંદોબસ્ત કરવો અને તેની વિગતવાર ખબર હજુરમાં લખી મોકલવી. ફીરંગીઓ હદ ઉપરાંત વધી ગયેલા છે તેથી બિલકુલ વિલંબ કરવા જેવું નથી અને હવે કામ કરવામાં પણ સખ્તાઇ અને બેમુરવ્વતીપણાની જરૂર છે. સમુદ્રમાં તુર્ક અને ફીરંગીઓમાં આમનસામન લડાઇ ચાલ્યાજ કરે છે. તેઓ કદી કદી એક બીજાથી સરસાઇમાં ચડી જાયછે. મસ્કતના ખારજીઓ કે જેઓ મક્કા તરફના ધર્મચુસ્ત લોકો છે તેઓની પાસે યુદ્ધ સામગ્રીઓ પણ સારી છે. આપણા સરકારી લસ્કર અને ફીરંગીઓની વચ્ચે કદી પણ લડાઇ થઈ નથી. તે બાદ હજુર આજ્ઞા પ્રમાણે સુબાના દીવાને ટોપીવાળા

વહેપારીના માલને શહેરમાં જપ્ત કર્યો, પરંતુ કેટલાક દીવસો વિત્યાબાદ સુરતબંદરના મુસદ્દીની અરજી ઉપરથી તેની કસુરની માફી આપવામાં આવી અને તેવિષે એવો સરકારી ઠરાવ બહાર પાડ્યો કે, મજકુર સુબાના તાબાના રાજ્યમાં વસતા જે ટોપીવાળા અને અરમની લોકોનો માલ જપ્ત થયો હોય તેઓને તેઓના માલ ઉપરથી જપ્તી ઉઠાવી લઇને સઘળો માલ પાછો આપવો, તેમ તેઓના વહેપારમાં હવે પછી બિલ્કુલ હરકત કે ડખલ કરવી નહિ.

આ વખતે સુબાના દીવાને અમદાવાદના કોટની મરામત કરવા માટે ૨૬,૦૦૦ છવ્વીશ હજાર રૂપિયાના ખર્ચનો અડસટો કરીને હજુરમાં અરજી મોકલેલી હતી, તે ઉપરથી પરવાનગી આપવાગાં આવી કે, વીશ હજાર રૂપિયા બે હપ્તે શાહજાદાના વકીલોને સરકારી ખજાનામાંથી આ કામ વાસ્તે આપવા અને તેઓએ આ મરામતનું કામ ઘણીજ તાકીદે પૂરૂં કરવું.

હવે દરકદાસ રાઠોડ તથા અજીતસિંહ કે જેઓ નાસી ગયા હતા તેઓનું અભિમાન વધી પડ્યું હતું. તેઓ હદ ઉપરાંત આગળ આગળ ડગલાં ભરતા જતા હતા અને અતિશે ઘાતકી વિગેરે કેટલાંક નાલાયક કામો કરતા હતા. તે ઉપરથી સરકારી હુકમ આવ્યો કે, તેઓનું જસવતસીંહનો સિદ્ધાંત લઇ બોધ કરવાનું કામ બનાવટી છે, પણ બેશક, તેની ભવિષ્ય સુચનાથી પણ બાદશાહજાદા અને ધર્માધિકારી ગ્યાસુદ્દીનની તજવીજથી મનસબના વધારાનું માન મળ્યું. તે પછી સુબાના દીવાન અબ્દુલ હમીદખાન ઉપર ઉમ્દતુલમુલ્ક અસદખાનની મહોરવાળો હુકમ આવ્યો કે, એક લાખ મણ અનાજ ખંભાતબંદરે લઇ જઇ સમુદ્ર કિનારે રહેલાં સરકારી લશ્કરના માણસોને જેમ બને તેમ વહેલાસર પહોંચાડી દેવું. ત્યારબાદ એવો હુકમ આવ્યો કે, સાયર-કોઠા મહાલના મુસદ્દીઓએ શહેરની આસપાસના માલના મહેસુલની હકીકત તથા સાયરખાતાંની પૂરતી કેફીઅત સંક્ષેપમાં લખી કૉક (નળી) ના ભુંગળાંમાં નાખીને દર મહિને એકવાર હજુરમાં મોકલતા રહેવું.

સને ૧૧૧૫ હિજરીમાં સુબાના બનાવોના કાગળો તપાસતાં બાદશાહજાદાની હજુરમાં પૂરદીલ શેરાનીની જગ્યાએ વડોદરાની ફોજદારી જાતીફ સો રૂપિયાનો વધારો અને નોકરીની શરતના ૫૦૦ સ્વારોની

સત્તાના વધારાથી પહેલાંની તેમજ આ નવી નોકરીઓ ભેગી કરી દઇ **અબ્દુલ હમીદખાનને** આપવામાં આવી અને વીજાપુરની ફોજદારી ઉપર ત્રણસો સ્વારોનો વધારો તથા પોશાક આપીને **સફદરખાન બાબીને** નિમવામાં આવ્યો. તે બન્ને ફોજદારી તથા સોરઠની ફોજદારી ઉપર મુહમ્મદબેગખાનના બદલાયાથી **શેર અંદાજખાનને** આસપાસના ફોજદારની જગ્યા ઉપર કાયમ કર્યો. જ્યારે તે વિષેની અરજ હજુરમાં જાહેર કરવામાં આવી ત્યારે હુકમ થયો કે, જો પુરદિલ શેરાનીથી કંઇ કસુર થઇ હોય, કે જેથી તેને કાઢી મુકવામાં આવે, માટે તેની ઘટતી તજવીજ કરીને હજુરમાં ખબર આપવી. અને સોરઠની જગ્યા કંઇ ઓછાં મનસબવાળી નથી માટે તે જગ્યાએ મોટા મનસબવાળા માણસને નિમવાની જરૂર છે. આ કામ ઉપર કાયમ થતા સુરતના મનસબદાર તરફથી રૂપિયા પાંચ હજાર ચાલ્યા આવેછે, રાજધાનીથી દૂર હોવાના લીધે દક્ષિણ તથા બંગાલાના સુબાઓને બહાલી બરતરફીની સત્તા આપવામાં આવેલી છે અને હજુર સ્વારી હાજર છતાં પણ હજુર હુકમસિવાય, હજુરે બહાલ કરેલા ફોજદારોની ફોજદારીના મનસબ ઉપર બીજાની નિમણુંક કરવી યોગ્ય નથી. સુબાની દીવાનીનું કામ ફોજદારી સાથે કંઇપણ સંબંધ ધરાવતું નથી, અને તેમાં નવાઇ જેવું પણ કંઇ નથી. **ધોળકા** એ ખાલસા પરગણું છે અને તે, શહેરની નજીકમાંજ આવેલું છે, માટે ત્યાંની અમલદારી ઉપર તેને, તથા **વડોદરાની** ફોજદારી ઉપર **મુહમ્મદ બેગખાનને** તેના મનસબમાં વધારો કરી આપીને નિમવામાં આવેછે. **અમદાવાદ** બહારની ફોજદારીની જગ્યા સરકારી નોકરો તેમજ તમારા નોકરોમાંથી જે કોઇ યોગ્ય હોય તેને સોંપવી. આ વખતે બાદશાહજાદાના વકીલોને સોરઠ પ્રાંત વાંટાસહિત આપવામાં આવ્યો.

શહેરની મસ્જીદો અને તેમાં વિષેશ કરીને જુમામસ્જીદ તથા ઇદગાહમાં શુક્રવારના દીવસે જે મીમ્બર ઉપર ઉભા રહીને ખુતબો પઢવામાં આવતો હતો તે મીમ્બરનાં પગથીયાં વધારે હતાં તેથી બાદશાહજાદાએ વિદ્વાન આલેમ લોકોના મતથી તે બન્ને મસ્જીદોના મીમ્બરો તોડી નંખાવીને ફક્ત ત્રણજ પગથિયાં ફરીથી કરાવી આપ્યાં; કારણ કે, હજરત પેગમ્બર સાહેબના વખતમાં એથી વધારે પગથિયાં નહોતાં તેથી તે પ્રમાણે કરી આપ્યાં.

હવે **વીજાપુરની** ફોજદારીની જગ્યા સફદરખાન બાબીને માટે મંજુર કરવામાં આવી, કેમકે તેથી દીવાનનું કામ તદન જુદુંજ અને

બિલકુલ નિઃસંબંધી હતું. ખંભાતના મુસદ્દીના જુલમથી કાયર થઇ ત્યાંની રૈયતે બાદશાહજાદા આગળ જઇને ફરીયાદ અરજીઓ રજુ કરી, કે જે અરજીઓ હજુરમાં મોકલવામાં આવી. તે ઉપરથી હજુર હુકમ આવ્યો કે, વડોદરાની નોકરી નહિ મળવાથી તેમજ વીજાપુરની નોકરી ઉપરથી ઉતારી મુકયાથી ખાજા અબ્દુલ હમીદખાન ઘણો ઝંખવાણો પડી ગયેલ હશે, માટે ખંભાતની અમલદારી તેને સોંપવી, કે જેથી તે ત્યાં જઇ નાયબ મુકી પાછો આવે. સરકારી હુકમ આવ્યાથી બાદશાહજાદાએ ખંભાતબંદરની મુસદ્દીગીરી ઉપર એતેમાદખાનની નીમણુંક કરી હતી જેથી ફરી હુકમ થયો કે, તેને ખંભાત મોકલી દેવો અને બીજી ફોજદારીઓ પૈકીની વીજાપુરની ફોજદારી ઉપર જો તમારી ઇચ્છા હોય તો અબ્દુલ હમીદખાનની નિમણુંક કરવી. તે બાદ ઈક્તિફખાનને માટે હજુરમાંથી સો રૂપિયાના મનસબના વધારાની મંજુરી આપવામાં આવી અને બાદશાહજાદાની સરકારના મીર સામાન મીર બાકરને મોતમીદખાનનો ખિતાબ આપવામાં આવ્યો.

ત્યારબાદ શહેરના ઔષધાલયના અધિકારી **હકીમ મુહમ્મદ તકી-શિરાજી**ની બદલી થવાથી તે જગ્યાએ **હકીમ રજીઉદ્દીન**ને નીમવામાં આવ્યો અને બાદશાહજાદાની દરખાસ્ત ઉપરથી પહેલા દરજ્જાની બક્ષિ-ગીરી ઉપર **મસ્તઅલીને** ઠરાવવામાં આવ્યો. એજ વર્ષમાં બાદશાહી નીલમ, બાદશાહી પોશાકનાં ત્રણ લુગડાં, નાજુક સુશોભિત ચિનાઇ લોટો અને સોનેરી જડાવ ખંજર કે જે ઉપર સુલેમાની ઝવેરનું જડિત્ર કામ કરેલું હતું તે, તથા કાશ્મીરી કારીગીરીવાળી નકશિદાર કચકડાની એક ખુરશી-એ બધી ચીજો હજુરમાંથી બાદશાહજાદાને ઇનામ દાખલ આપવામાં આવી. તે પછી સાબરમતીના સામા કાંઠા ઉપર રહેતી રઈયત ઉપર સિપાઇઓ તેમજ પઠાણો તરફથી ગુજારવામાં આવતા જુલમાટ વિષેની અરજી જયારે બાદશાહજાદા બહાદુરને રોશન કરવામાં આવી ત્યારે હુકમ કર્યો કે, લશ્કરી ટુકડીએ જઇને તેમને શિક્ષા તથા સમજુતી આપવી. જેથી તે ફોજના લોકો જુલમી દસ્તુર છોડી દઈ લડવા તત્પર થઈ ગયા. તે વખતે મુહમ્મદ ઉમર તથા મુહમ્મદ ઉસમાન તકી-એ બન્ને જમાદારોની સિફારસી અરજ ઉપરથી તેમની બધી કસુરો માફ કરી હુકમ કર્યો કે, હવે પછી કોઈપણ માણસને દુઃખ દેવું કે નુકશાન કરી જુલમ કરવો નહિ. આ વખતે હજુરમાંથી બાદશાહજાદાએ કરેલી અરજ ઉપરથી **શેખ અકરમુદ્દીનને**, તેના સગા-ઓને અને નજરઅલીખાનને જાગીરો આપવામાં આવી તથા નાણાં

ચોકસીના દરોગાના અમીન **નજમુદ્દીનખાન**ને પચાસના **વધારાનું** ઈનામ આપવામાં આવ્યું.

સને ૧૧૧૬ હિ. માં અમદાવાદના પીર લોકોના ઉરૂસોમાં જે નાદુરૂસ્ત કામો થતાં હતાં તે બાદશાહજાદા બહાદુરના હુકમથી બંધ કરવામાં આવ્યાં અને મુહમ્મદ બેગખાનને બાદશાહજાદાની ગોઠવણ પ્રમાણે સો સ્વારોની સત્તાનો વધારો કરી આપવામાં આવ્યો. એજ અરસામાં સુલેમાની વોહોરાઓ રસીઓ વેચનાર ઈસા તથા તાજ લોકોને દબાવી ડરાવીને તેમની પાસેથી નાણાં કઢાવે છે અને લોકોમાં ખોટો ધર્મ પ્રસરાવે છે. એવી અરજ થવાથી બાદશાહજાદાના હુકમથી તેઓને કેદ કરવામાં આવ્યા, કે જેથી તેઓ ફરીથી એવું કામ કરવા પામે નહિ. આ વર્ષમાં દક્ષિણી લોકોનું તોફાન સુરત ભણી આવી પહોંચેલું હોવાથી બાદશાહજાદાને હુકમ કરવામાં આવ્યો કે, સુરત એ એક ગુજરાતમાં આવેલું શહેર છે માટે બિલકુલ વિલંબ નહિ કરતાં ઘણીજ ઝડપથી કુમકનું લશકર ત્યાં મોકલાવી દેવું અને જો તે તોફાની લોકો ત્યાં આવી પહોંચ્યા હોય તો તેઓને પકડીને સખત શિક્ષાએ પહોંચાડી દેવા, અને નજરઅલીખાન જે ખજાનો લઈને આવેછે તે ખાનદેશના સુબા ફેહરોઝખાનને પહોંચાડવામાટે તમારે સુરતની સરહદ સુધી પહોંચાડવો. ત્યારબાદ વળી એવો હુકમ થયો કે, **મુસ્તુફાકુલી** નામનો સરકારી નોકર કે જે, ભરૂચની ફોજદારી તથા વડોદરાના બંદોબસ્તીખાતાનું કામ બરાબર રીતે કરેછે તેના વિષે હુકમ થયો કે, મજકુર સરદારને એકહજાર સ્વારોની કુમક તુરતજ પહોંચાડી આપવી, કારણ કે તે સુરતથી ઘણીજ નજીકમાં છે, તેથી તે ત્યાં વહેલાસર પહોંચી શકશે. એજ અરસામાં શ્રીમંત બાદશાહના સાંભળવામાં એવું આવ્યું કે, અમદાવાદના વેપારીઓના માલના રોજમેળમાં ખબરપત્રી હમેશાં નિશાન કરી હરકત કરે છે. તે ઉપરથી સુબાના દિવાન ઉપર હુકમ આવ્યો કે, ખબરપત્રી અથવા તો તેના ગુમાસ્તાઓ તેમના માલનાં નાણાંના સંબંધમાં વચ્ચે પડી હાથ ઘાલે નહિ, તેમજ પરવાનાનાં નિશાનો પણ કરી શકે નહિ, તે વિષેનો પૂરતો બંદોબસ્ત રાખવો.

### બાદશાહજાદા મુહમ્મદ આજમશાહની સ્વારીનું હજુર હુકમાનુસાર બુરહાનપુર તરફ રવાના થવું.

અમદાવાદનાં હવા–પાણી બાદશાહજાદાની તંદુરસ્તીને માફક પડતાં નહિ હોવાથી તે વિષેની અરજ બે વખત હજુરમાં કરવામાં આવી, જેથી

આ વખતે બાદશાહને દયા ઉપજવાથી એવું ફરમાન બાદશાહજાદા ઉપર મોકલ્યું કે, તમારે આ આજ્ઞાનુસાર અમલ કરી આવતા રહેવું અને ત્યાં એક લાયક કાયમ નાયબને ત્યાંસુધી મુકરર કરવો, કે જ્યાંસુધી કાશ્મીરનો સુબો ઇબ્રાહીમખાન અમદાવાદની સુબેગીરી ઉપર અને તેનો પુત્ર જબરદસ્તખાન લાહોરની સુબેગીરીથી બદલાઇને અજમેરની સુબેગીરી તેમજ જોધપુરની ફોજદારી ઉપર આવી જઇ પોતાને સોંપાયેલા હોદ્દાનું કામ પોતાના હસ્તક સંભાળી લે. આ ફરમાન મળતાં બાદશાહજાદો સન મજકુરના માહે શાબાનમાસની તારીખ ૧૯મી શુક્રવારના રોજ શુદ્ધ નિષ્ઠાથી બાદશાહી નોકરી બજાવતા ખાજા અબ્દુલ હમીદખાન-સુબાના દિવાનનો તે જગ્યાએ ઠરાવ કરી બુરહાનપુર જવા માટે રવાને થયો. તે પછી એક એવો હુકમ આવ્યો કે, મકકે ગયેલા શેખ જમાલુદ્દીન ઉપર ગુપ્તદાન માટે ચાલીશ હજાર રૂપીયાની હુંડીઓ મોકલાવી દેવી.

હવે દરકદાસ રાઠોડ કે જે, પોતે કરેલા ગુન્હાઓની બીકના લીધે ન્હાસી ગયો હતો તેણે પોતાની કસુરોની માફી તથા પોતાની થઇ પડેલી કઢંગી હાલતની હકિકત હજુરમાં લખી મોકલી હતી. તે જોઈ શ્રીમંત બાદશાહે તેના ઉપર કૃપાદૃષ્ટિ ફરમાવી તેને જુનું મનસબ આપી નોકરી ઉપર બહાલ કર્યો અને હુકમ કર્યો કે, ખાજા અબ્દુલ હમીદખાન કે જે, હાલમાં નાયબ સુબાનું કામ કરેછે તેના મનસબના બહાલની જાગીરની નોકરીની અને તેને મદદ આપવાની ગોઠવણની સારી સલુકાઇથી કામ કરતા રહેવું, કે જેથી તેની મુસ્કેલીઓ દૂર થાય. તે સાથે વળી એવી પણ કેફીયત આપવામાં આવી કે, એ પ્રમાણે અરજ કરવાથી હજુરમાંથી તે મુજબ આપવામાં આવશે.

તે સિવાય **શેખ અકરમુદ્દીન સદરે** શેખ નુરૂલ હકના મારફતે હજુરમાં અરજ કરેલી તે ઉપરથી એવું જાણવામાં આવ્યું કે, રસીઓ વેચનાર [illegible] તથા તાજ વોહરા કે જેઓ પાસેથી બાદશાહજાદાએ મુચરકા લખાવી લીધા હતા તેઓ રૈયત વર્ગના માણસોને ધર્મથી ભ્રષ્ટ કરવામાં પછાત રહેતા નથી, માટે જો સરકારી ગુપચુપ હુકમ આ આજ્ઞાંકિત ઉપર આવે તો તેમને કેદ કરી હજુરમાં મોકલવામાં આવે. જેથી તે પ્રમાણે એવો હજુર હુકમ આવી પહોંચ્યો કે, તે બન્નેને કેદ પકડી બંધીવાન કરી હજુરમાં મોકલાવી દેવા. તે હુકમ મળવાથી તેનો પૂરતો અમલ કરવામાં આવ્યો।

ત્યારબાદ સરકારે એવું સાંભળેલું હતું કે, **ખાનજી** નામનો મુલ્લાં કે જે, મૃત્યુ પામેલા કુતબુદ્દીનની ગાદીવાળો અને ઇસ્માઇલીયા વોહોરાનો મુલ્લાં હતો તેણે બાર માણસોની સાથે એક ધર્મ-બોધકને મોકલ્યો છે, કે જે, લોકોને ખોટા ધર્મનો બોધ કરેછે. તે લોકો અમદાવાદમાં આવી પહોંચ્યા છે અને તેમની નાતના કેદમાં પડેલા વોહોરાઓને છોડાવવા માટે તેના સેવકોએ ૧,૧૪,૦૦૦ એક લાખ, ચૌદ હજાર રૂપિયા ભેગા કર્યા છે. તે રૂપિયા હજુ સુધી ખર્ચ થયા નથી અને તે ઉપરાંત કેટલાંક પુસ્તકો પણ તેમના હવાલામાં છે. તે ઉપરથી સુબાના દિવાન ઉપર હજુર હુકમ આવ્યો કે, કાજી અબુલફરાની સલાહ લઇને કોઈ જાણે નહિ તેવી રીતે એ ખોટા ધર્મ-વાળાઓથી ગુપચુપ રીતે આ સાથે બીજા કાગળ ઉપર જે લોકોનાં નામ લખેલાં છે તેમની સાથે પકડી કેદ કરી લખેલા રૂપિયા તથા પુસ્તકો સહિત ઘણીજ સંભાળપૂર્વક હજુરમાં મોકલાવી દેવા, અને વોહોરા લોકોના મોટી વયના અભણ તથા નાની વયનાં બચ્ચાંઓ માટે શહેર તથા પરગણાઓમાં લોકોની ધાર્મિક આસ્થાપ્રમાણે તેમને શિખવવાનું કામ કરે અને તેઓનું ખર્ચ તેમની ઉપર ઠરાવી આપવું, તથા દર માસે શિક્ષકોની પરિક્ષા લેતા રહેવું અને તે વિષેની સઘળી હકીકત હજુરમાં લખી મોકલવી. તે વિષેનો બાદશાહી હુકમ કાજી અબુલફરા ઉપર પણ આવ્યો કે, તેણે સુબા (પ્રધાન) તરફથી જે હુકમ મળે તે મુજબ અમલ કરવો.

## ધના જાદવ વિગેરેની સરદારી હેઠળ મરેઠી લશ્કરનું આવી પહોંચવું, સુબાના દીવાન ખાજા અબ્દુલહમીદનું તેની સામા લડવા જવું, દક્ષિણીઓના હાથમાં તેનું પકડાઇ જવું અને કેટલાક તેહનાતી મનસબદારોનું ઘાયલ થઇ મરણ પામવું.

સને ૧૧૧૭ હિજરી.

સન મજકુરના અ વખતમાં મુહમ્મદ ... ખાનની નાયબ સુબેગીરી.

જ્યારે દક્ષિણમાંથી મરેઠા લોકો ધના જાદવની આગેવાની સુરતબંદર ઉપર ચડી આવ્યા ત્યારે ખાજા અબ્દુલ હમીદ સુબા-દિવાન તથા નાયબ સુબાએ તેમના ઉપર ચડાઇ કરી હતી, પરંતુ તેમાં તે પકડાઇ ગયો. આ બનાવમાં જે લોકો હાજર હતા તેમાંના ભરૂસાદાર લોકોએ જે હકિકત કહેલી તેનો વિસ્તાર આ લઘુ વર્ણન વિષે

**એવી રીતે છે કે,** (સાચ-જુઠનો દોષ, કહેનારના ઉપર છે) બાદશાહજાદાના ગયા પછી નવો સુબો તિમાઇ આવતાં સુધી બાદશાહી હુકમથી **અબ્દુલ હમીદખાન** નાયબ સુબાનું કામ ચલાવી બંદોબસ્ત રાખતો હતો. આ વખતે મરેઠાઓ બાદશાહી રાજ્યમાં માથાના ધરેલની પેઠે ભમતા તોફાની હુલ્લડ કરતા હતા; તેઓએ લુંટફાટ કરી નાનાં નાનાં ગામડાં તથા કસ્બાઓને બરબાદ કરી નાખ્યા હતા, અને જો કોઇપણ તેમની સામે થતો તો તેની સાથે લડતા હતા, જેથી તેઓને હાંકી કહાડવા માટે સરકારી ફોજને મોકલવામાં આવી હતી અને સુબા તથા દીવાનોને એવા હુકમ થયેલા હતા કે, મરેઠા લોકો તોફાનો મચાવતા લુંટફાટ કરી પોતાના શત્રુપણાના કામમાં આગળ વધવા પામે નહિ એટલા માટે એકબીજાને મદદ કરી રાહ-રસ્તાઓનો પૂરતો બંદોબસ્ત રાખવો તથા જેમ બને તેમ તુરતમાંજ તેઓને નસાડી મુકવાની કોશિશ કરવી અને તે વિષેની ખબર વખતો વખત આપતા રહેવું. તે ફરમાન અનુસાર વખતો વખતના સમાચાર મોકલવામાં આવતા હતા. હવે સુબાનું કામ કરનાર અબદુલ હમીદ પોતાની સાથે તેહનાતી મનસબદારોને લઇને તે લોકોના આવતાં પહેલાં સુબાની સરહદ ઉપરના નર્મદાના ઘાટ આગળ તથા સુરતબંદર તરફ મુકાબલો કરવા ઉપડી ગયો. તે સિવાય બરાડ તથા ખાનદેશનો સુબો અને સરહદના ફોજદારો કે જેઓની હદ સુરતબંદર સુધી આવેલી છે તે બધા પણ એજ ઈરાદાથી પોતાની જગ્યાએથી નિકળી આવેલા હતા.

હવે બાદશાહજાદાની સ્વારી ઉપડી જવાની, અને અમદાવાદમાં કોઇ સુબો નહિ હોવાની તથા પોતાને હંફાવીને પાછા કહાડે એટલું લશ્કર નહિ હોવાની ખબર જ્યારે મરેઠાઓને મળી ત્યારે ધના જાદવે આશરે વીશહજાર મરેઠાઓને ભેગા કરી આ તરફ કુચ કરી. આ ખબર સુરતબંદરનાં લખાણોથી નાયબ સુબાના સાંભળવામાં આવી, તેથી તેણે કાયમના ધારા પ્રમાણે નજરઅલીખાન, સફદરખાન બાબી, ઇલતિફાતખાન, સૈયદ ઈદિરીસખાન, નડિયાદનો ફોજદાર, મુહમદખાનનો દીકરો-અલીમરદાનખાન અને મનસબદારો ફોજદારો તથા થાણદારો એ બધાને નોકરીમાં બોલાવી આજ્ઞા કરી કે સુરતબંદર જઈ પૂરતો બંદોબસ્ત અને કોશિશ કરી તે તોફાની લોકો પાછા હઠાવવા અને વડોદરાના ફોજદાર મુહમ્મદ પુરદિલ શેરાનીને લખવામાં આવ્યું કે, તમારે ત્યાંથીજ ફોજની સાથે મળી જઈ સરકારી કામમાં

શામેલ થવું. તે પછી એ સઘળા લોકોએ યુદ્ધની તૈયારી કરીને રવાના થઇ બાબા પ્યારાના ઘાટમાં જઇ પડાવ નાખી મુકામ કર્યો અને મરેઠાઓનું લશ્કર કયારે આવશે તે જાણવા માટે તેઓ જાસુસો ઠરાવી ખબર મગાવવા લાગ્યા, પરંતુ તે લોકોના મેળાપની જગ્યાની ખરેખરી માહિતી મળતી નહિ હોવાથી તેઓ બાબા પ્યારાના ઘાટ ઉપર આશરે દોઢ માસસુધી નિરાંતથી પડી રહ્યા. એટલામાં સુરતબંદરની પેલી બાજુના જાસુસોએ મરેઠાઓના આવવાની ખબર પહોંચાડી, અને તે ખબરો સાચી છે એવું ચોક્કસ થયું એટલે નજરઅલીખાને સરદારો સાથે મસલત ચલાવવા માટે એક સભા ભરીને મરેઠાઓના આવી પહોંચવાના ખબર અને તે લોકોના લશ્કરનું વધારેપણું વિગેરે જે હકીકત તેણે સાંભળી હતી તે સઘળી અબ્દુલ હમીદખાનને લખી જણાવી અને પોતે જવાબની રાહ જોતો બેઠો, પછી જ્યારે તે સિપાહીઓની નિગેહદાસ્તી (દેખરેખ), તોપખાનું લઇ કુચ કરી જવાની તૈયારી અને આ બનાવ બને તે પહેલાં લશ્કર ભેગું કરી લેવાને તથા ફોજદારો અને થાણદારોને બોલાવી ભેગા કરવાના કામમાં રોકાયેલો હતો તે વખતે તેને તથા નોકરી ઉપર ચડેલી ફોજને જવાબ આપવામાં આવ્યો કે, થોડાજ વખતમાં ઘણીજ ઉતાવળે તૈયાર લશ્કરની સાથે તોપખાનું લઇ મને આવી પહોંચ્યો જાણજો, તેમજ એ કંઇ નવાઇ જેવું નથી કે તે લોકો નદી કાંઠે મોજમોજાહ મહાલતા હશે અને આળસ કરી બાદશાહી કામમાં રોકાઇ સુરતબંદરે ગયેલા નહિ હશે. તે પછી એક કામ એવું તો અયોગ્ય થયું કે, અબદુલ હમીદખાન, પોતાના ઉતાવળીયા સ્વભાવને લીધે શત્રુઓની મોટી સંખ્યા સામે થોડા માણસો લઇ જવાથી પરિણામ કેવું આવશે તેનો બિલકુલ ખ્યાલ નહિ કરતાં જેટલું બની શકયું તેટલું લશ્કર તૈયાર કરી બહાર નિકળ્યો, તે વખતે ભેગાં થયેલાં લશ્કર પૈકીના ઘણાખરા મનસબદારો કે જેઓની પાસે બિલકુલ ઘોડા પણ નહોતા તેઓ પોતાને તાકીદી હુકમ મળવાથી બળદગાડીમાં સ્વાર થઇ અથવા તો કોઇનાં ટટુઓ ભાડે લઇ સાથેજ રવાને થયા;

હવે નોકરીઆત લશ્કરના સરદારો કે જેઓ જવાબ આવ્યા પછી ઘણી જગ્યાએથી ભેગા મળવાને આતુર હતા અને જેઓના દીલમાં સુરત બંદરની સેલ કરવાની ઇચ્છા ઘણા વર્ષોથી ભરાઇ બેઠેલી હતી તેઓ એવું ધારતા હતા કે, સુરતબંદર એ એક સલામત મથક છે અને ત્યાંના મુસદ્દી

પાસે લશ્કરનું જોર પણ પૂરતું છે, માટે ત્યાં જો મરેઠાઓની પહેલાં પહોંચી જવાય તો સારૂં થાય. એવી ઇચ્છામાં ને ઇચ્છામાંજ તેઓ આગળ વધી શક્યા નહિ, તેથી અબ્દુલ હમીદખાન તરફથી ન ખમી શકાય તેવાં મેણાં–ટોણાં મારવામાં આવ્યાં, જેથી તેઓ ઉતાવળના લીધે થોડું લશ્કર (જેમાં પેદલસ્વારો મળીને પૂરા બેહજાર માણસો પણ નહોતા) લઇને રવાના થયા. તે લશકરનો દરેક ખાન પોતાનાં દીલથી એવુંજ માનતો હતો કે, હુંજ વરરાજા છું અને મારા જેવો બહાદુર બીજો કોણ હશે ? એવા ખ્યાલવાળો પવન દરેક સરદારના મગજમાં ભરાઇ બેઠો હતો તેથી તેઓ એમ ધારતા હતા કે, જો અબ્દુલ હમીદખાન આવી મળે તો ઠીક, અને નહિ મળે તોપણ આપણાં મન મેલાં છે એવું તે કદી પણ માનશે નહિ. હવે ગ્રહકાળ માથે ભમી રહેલા હતા. જ્યારે તેઓએ એ લોકોને ઘેરી લીધા ત્યારે આ લોકો રવાને થઇ જવાના નિર્ણય ઉપર આવ્યા અને તે મુજબ રવાના થઈ તેજ દીવસના પાછલા પહોરે નર્મદા નદી ઉતરવાના ઘાટ આગળ આવી પહોંચી નદીની પેલી બાજુએ મુકામ કર્યો અને બીજે દીવસે ત્યાંથી સાત ગાઉ ચાલીને **દાગામ** આગળ આવીને મુકામ કર્યો.

બીજા દીવસે જ્યારે દીવસ ઉગવાનો પ્રારંભ થયો તે વખતે તે લોકો આગળ વધ્યા અને થોડોક દીવસ ચડયો હશે તે વખતે નર્મદાના કિનારા ઉપરનાં ગામ **રતનપુર** આગળ આવીને સારાં હવા–પાણી જોઇ તેઓએ પડાવ નાંખ્યો, તેમાં દરેક સરદારે જ્યાં પોતપોતાની ઇચ્છાનુસાર અને મનપસંદ જગ્યા જોઇ ત્યાં તંબુ ઉભા કરી દીધા, અને સંભાળ કે રક્ષણ કરવાના નિયમોને એક ઠેકાણે ઉતરવાના લીધે બિલ્કુલ વિસારી દીધા હતા; એટલુંજ નહિ, પણ જેવી રીતે કેટલીક ખુબસુરત ચંદ્રકાંતિવાળી યુવાન સ્ત્રીઓના વાળ જેમ જુદા જુદા વિખેરાઈ જાયછે તેમ એ લોકો પણ જુદા જુદા વિખેરાઇ જઇને જેમ તેમ પડેલા હતા. હજુ તેઓનો મજબુત રીતે મુકામ જામ્યો નહોતો તેવામાં તો બપોરના વખતે મરેઠા લોકોના કુલ સ્વારો કે જેઓ આગેવાન કહેવાય છે તે આગેવાનોના કેટલાક સ્વારો બાદશાહી ફોજની સંખ્યાની કમી–જાસ્તીની કેફીઅત લઈ જવા માટે દૂરથી આવતા નજરે પડયા. ગુજરાતી સિપાઇઓને કોઇ દિવસ આવા શત્રુથી લડવાની તક મળી નહોતી તેમ તેઓને યુદ્ધ કરવાની રૂઢીનો બિલ્કુલ અનુભવ પણ નહોતો. આ ખબર જેવી સામાવાળા લોકોના જાણવામાં આવી કે તુરતજ

બની શકી તેટલી ઝડપે તેઓના દરેક સરદારના કેટલાક સ્વારો ઘોડેસ્વાર થઇને લડવાને નિકળી આવી ઘોડા કુદાવવા લાગ્યા અને મારામારી શરૂ થઇ. થોડીવાર સુધી મારામારી અને ઝપાઝપી ચાલ્યા બાદ જ્યારે દક્ષિણી આગેવાનો પોતાના લડવાના કાયદા પ્રમાણે શત્રુને આગળ ખેંચી લાવવાના ઇરાદાથી પાછા હઠયા તે વખતે મુસલમાન શુરા સરદારો આ ઝપાઝપીને એક લડાઈ સમજી થોડીક છેડછાડ કરીને પોતાના મુકામ તરફ પાછા ફરી રાંધવા ખાવા વિગેરેના કામમાં રોકાઇ ગયા. એવામાં બીજી એક ટુકડીએ વળી એવું કામ કર્યું કે, લશ્કરના ભારબરદારી ઉંટો કે જેઓને લશ્કર પાસે ચરવામાટે છોડેલા હતા તે બધાને જે મરેઠી સ્વારો ગુપ્ત રીતે લઇ ગયા હતા તેઓની પાછળ પડીને તે ટુકડી બધા ઉંટોને છોડાવી પાછા લઇ આવી.

આ વાતને હજી થોડીજ વાર થઈ હશે અને તે લશ્કરીઓએ પણ થોડોજ વિશ્રામ લીધો હશે, કે તેવામાં અચાનક એક મોટા વંટોળીઆથી ધૂળ ઉડતી જોવામાં આવી. તે ધૂળ આ શત્રુઓની ભારે સન્યાની નિશાની દાખલ હતી. આ વંટોળીઆથી દિવસ અંધકાર થઇ ગયો અને તે જોતાંજ કેટલાક કાચાં મનના માણસો ઘેલા–ગાંડા જેવા બની ગયા અને કેટલાકનાં તો કાળજાં પણ ખસી ગયાં; જેથી તેઓ એક સ્થળે રહી શકયા નહિ અને થરથર ધ્રુજવા લાગ્યા. તેઓ એવો વિચાર કરવા લાગ્યા કે, એ દુઃખરૂપી કાળા ભૂતના પંજામાંથી શી રીતે બચી શકાશે ! એવા વિચારમાં ને વિચારમાં તેઓને નાસી જવાનો કે કોઇ ઠેકાણે જઇ જીવ બચાવવાનો ઉપાય જણાયો નહિ; એટલામાં મરેઠાઓનું લશ્કર આવી પહોંચ્યું. તેઓએ પોતાના બળનું પહેલું તીર બીજા લોકો સામે મુકામ કરી રહેલા સફદરખાન બાબીના તંબુ ઉપર અજમાવ્યું અને તે સ્થળને ચંદ્રની આસપાસના જળકુંડળની માફક ઘેરી લીધું. હવે મજકુર બાબી પોતાનું શુરવીરપણું અને મરદાઇ દર્શાવતો જોશભેર લડવા લાગ્યો. આ લડાઇ ઘણીજ ભયાનક દેખાતી હતી. તેને જેટલી તલવારો મળી શકી તેટલી તેણે હિમ્મતથી તાણી તાણીને વાપરતાંની સાથેજ પોતાનું પરાક્રમી શુરાતન દેખાડવા માંડયું, તેમાં તેની સાથેના કેટલાક માણસો અને તેનો (બાબીનો) દીકરો **મુહમ્મદ ઉસમાન** આ સર્વોત્તમ મોતના ભોગ થઈ પડયા, તે સિવાય ઘણા માણસો ઘાયલ થયા અને પોતે (બાબી) પણ યુદ્ધસાગરમાં ડુબકી મારી કારી ઘાનો

ભોગ થઇ મેદાનમાં પડી ગયો; જેથી મરેઠાઓએ તેને કેદ કરી લીધો. તેના તંબુ–ડેરા–માલમતા એ સઘળું લુંટાઇ ગયું અને તેનો ભત્રીજો **મુહમદ આજમ** પોતાનો ઘોડો મરી જવાથી કેટલાક ઘાયલ તથા બચી ગયેલા માણસોની સાથે મરતાં પડતાં નજરઅલીખાનના તંબુ આગળ જઇ પહોંચ્યો.

હવે મુહમ્મદ પૂરદિલ શેરાની કે જે, કેટલેક દૂર મુકામ કરી પડેલો હતો તેના ઉપર પણ મરેઠાઓએ પોતાના માણસોની ઠઠ કરી દીધી અને આ બખેડાને એક સખત લડાઇના રૂપમાં બનાવી દીધો. તે ( મુહમ્મદ શેરાની ) પોતાની બહાદુર ટોળીઓ સાથે રહીને પોતાને મળી આવ્યાં તેટલાં તિરોથી લડવા લાગ્યો. આ વખતનો દેખાવ ઘણોજ દગાજનક થઇ પડયો હતો અને બન્ને બાજુના માણસો પૂર્ણ જોશથી લડતા નજરે પડતા હતા. તેમાં જે લોકોનાં મોતનો કાળ નજીક આવી રહ્યો હતો તેઓ યુદ્ધનો ભોગ થઇ પડયા અને બાદશાહી દરબારમાં બહાદુર ગણાઈ યાદી દાખલ નોંધાઇ ચુકયા, તથા જે લોકો તલવારોના વારથી બચી ગયેલા હતા તેઓ પણ મજબૂત રીતે ટકી શકયા નહિ, તેથી મુહમ્મદ પૂરદિલ શેરાની પોતે પણ લાચાર થઈ લડાઇમાંથી પાછો ફરીને નદી ઉપર આવી પહોંચ્યો અને ઇલતીફખાને કેટલાક ગણત્રીના સ્વારોથી પગની ચાલ અને મજબૂતીના લીધે ઘોડો મુકી દીધો. આ વખતે અસુર થઇ ગયેલ હોવાથી દક્ષિણી લોકોએ નજરઅલીખાન તથા બાકી રહેલા લોકોને કતલ કરી નાખ્યા અને તેઓ ઘોડા ઉપરથી ઉતરી પડયા. રાત્રીનો અંધકાર સમય આવી પહોંચેલ હોવાથી એક બીજા માણસોની સુઝ પણ પડતી નહોતી. ગાફેલ લોકોનાં દિલ ગભરાવા લાગ્યાં અને તેઓ રાતના અંધકારને દીવસ સમજવા લાગ્યા, જેથી તેઓ જે તરફ રસ્તો મળ્યો તે તરફ નાસી ગયા અને કેટલાક તો મરેઠાના હાથમાં પકડાઇ ગયા. જ્યારે નજરઅલીખાને આ સઘળું જોયું અને સિપાઇઓની માઠી હાલત થયેલી જોઇ, ત્યારે તેણે માલમતા સહિત પોતાના તંબુને બાળી મુકયો.

એજ વખતે જાનવરો તથા માણસોને ઘણીજ તરસ લાગેલી હતી, કેમકે સવારથી તે સાંજ સુધી લડાઇ કરેલ હોવાથી તરસ્યા થયા હતા તેમજ થાકી ગયેલા હતા, તેથી જરા વિસામો લેવા માટે થોડેક દૂર આવેલા નદીના કાંઠા ઉપર ગયો અને તેઓને પાણી પાઇ વિશ્રાંતિ લેવા દઇને જ્યારે પોતાના મુકામ તરફ આવવાનું ધારતો હતો તેટલામાં નર્મદા

નદીમાં ભરતી ચડી આવી અને સર્વ સ્થળે પાણી ફેલાઈ ગયું, તેમાં કેટલીક જગ્યાએ તો માથોડાં પૂર પાણી ચડી ગયેલું હતું, જેથી કેટલાક સ્વારો અને પેદલો તે પાણીની નાશવંત ધુમરીમાં ફસાઇ પડી મરણને શરણ થયા, તથા કેટલાએક એવા માણસો કે જેઓની જીંદગી હજી બાકી હતી તેઓ પાણીમાં ગોથાં ખાઇ નદીને સામે કાંઠે નિકળી આવી પડતા આથડતા ભરૂચ જઇ પહોંચ્યા. ત્યાંના ફોજદાર **અકબરકુલીએ** તેઓના ઉપર રહેમ નજર કરી અને તેમની સારી બરદાસ કરવા માંડી. નજરઅલીખાન થોડાક માણસોની સાથે મુકામ ઉપર આવ્યો અને સુર્યોદય થતાં સુધી કતલ થવાની તથા ખુદાઇ સંદેશાની વાટ જોતો સંગ્રામ કયારે મચશે તેની આતુરતામાં પડી રહેલો હતો. જ્યારે દીવસ ઉગવાનો પ્રારંભ થયો અને સૂર્ય ઉદય પામ્યો તે વખતે લશ્કરમાંથી ભુંગળો, ડંકા તથા શરણાઇઓના નાદ થવા લાગ્યા અને પૃથ્વી ડોલાયમાન થવા લાગી. દક્ષિણી લોકો યુદ્ધની હીલચાલ કરવા લાગ્યા અને ચોતરફથી તીડની પેઠે ભેગા થઇ નજરઅલીખાનને ઘેરવા લાગ્યા.

આ વખતે નજરઅલીખાનને ચોતરફથી ઘેરાએલો તથા જીવ ઉપર ખેલી જનાર જેવી હાલતમાં આવી પડેલો જોઇ તેમની મંડળીના કેટલાક માણસો કહેવા લાગ્યા કે, બનવા કાળ આ કામ આપના જેવા મોટા અને સારા સારા બાદશાહી અમીરો ઉપર આવી પડયું. [ આ સ્થળે એક કવિતના અર્થમાં દર્શાવેલ છે કેઃ—" આ દુનિયારૂપી ધર્મશાળાની રીત એ છે કે, કદી માણસને જીનની પૂઠ ઉપર બેસાડે છે, તો કદી પૂઠ ઉપર જીન પણ ઉપડાવે છે. ] તમોએ શૂરવિરતા, બહાદૂરી અને ખરી મર્દાઇ તો જેવી જોઇએ તેવીજ બતાવી દીધી છે. આવાં દળ–વાદળ લશ્કરની સાથે લડવું અને વળી ફતેહ પામવાની આશા રાખવી એ એક ભવિષ્ય સુચક બુદ્ધિથી ખુલ્લી રીતે જોતાં પોતાને નાશકારક મેદાનમાં ઝપલાવાનું કામ છે, પણ જીવરૂપી રોકડને સહેજમાં ગુમાવી બેસવું તે કોઇ રીતે ફળદાયક નથી. તે પછી બાકી રહેલા સઘળા શુભેચ્છકો, નજરઅલીખાનની સાથે રહેલાઓને જ્યારે આ પ્રમાણેની જીવ બચવાની વધામણી મળી અને આ ચિંતામાંથી નીકળી જવાનું સાંભળી શુદ્ધ બુદ્ધિથી દૃષ્ટાંતો કહી સંભળાવી હથિયારો નહિ ચલાવવાનું કામ માંડી વાળવાને તેમણે જોર દેખાડયું. તેઓ અવશ્ય કરી મળ્યા અને ઘણી ઇજત આબરૂની સાથે આગળ વધ્યા. આ બનાવ સન મજકુરના જીલ્કાદમાસની છેલ્લી તારીખે બન્યો.

ખાજા અબ્દુલ હમીદખાનના બહાર પડવાની અને અત્રે આવવાની ખબર દક્ષિણીઓમાં એવી રીતની ફેલાઇ કે, તે ઘણોજ પાસે આવી લાગ્યો છે, જેથી તેઓએ એવું ધાર્યું કે, રખેને તેને આ થયેલી હારના બનાવની ખબર મળે અને તેથી તે કદાચ અહિંથી પાછો જતો રહે અથવા તો કોઇ ઠેકાણે ભરાઇ બેસીને તે જગ્યાને પાકે પાયે મજબુત બનાવી લે.

દક્ષિણી–મરેઠાઓ ઉતારા આગળ આવી પહોંચ્યા તે વખતે મુસલમાની ફોજ મોટા ફેલાવમાં પડાવ નાંખી પડી રહેલી હતી. હવે ભારે ઘોંઘાટ તથા બુમાટ ચોતરફ થવા લાગ્યો. આ ભયંકર અને ત્રાસ ઉપજાવનારા બનાવથી જે લોકોના મનમાં બીક પેસી ગઇ હતી તે લોકો રાત્રીના અંધકારરૂપી કાળા પડદાને દિવસનો તેજસ્વી પ્રકાશ માની લઇને રાત્રીના વખતને સદ્‌ભાગ્યે મળેલો સમજી બીકના લીધે પોતાનો બચાવ કરવાની ખાતર આસપાસ જ્યાં નજર પડી ત્યાં પહોંચી ગયા. સ્હવારે કે જ્યારે ઘણાખરા માણસોના આયુષનો અંત આવી લાગેલો હતો ત્યારે તારારૂપી લશ્કરના બાદશાહે પોતાની ચળકતી સોનેરી તલવારને રાત્રીરૂપી મ્યાનમાંથી બહાર કાઢી એટલે કે દીવસના વખતે દક્ષિણી લોકો લઢાઇ કરવા લાગ્યા. મુસલમાન બહાદુરો પણ તેમની સામે હાર બંધાઇ પોતાનો બચાવ કરતા લડવા લાગ્યા. એક બીજાઓ આમન સામન પોત પોતાની બહાદુરી બતાવવા લાગ્યા અને તોપો તથા બંદુકોની અગ્નિનો વર્ષાદ વરસવા લાગ્યો. ધર્મયુદ્ધની પેઠે યુદ્ધના મેદાનને લગ્નનો મંડપ સમજી ઘેલા–ગાંડા થઇ વખાણવા લાયક બહાદુરી બતાવવામાં આવી અને તીરના રૂપમાં ગોળીઓના આવવાથી આત્મારૂપી પ્રાણ ઉડી જવા લાગ્યા. ઘણાખરા નામદાર અને શુરવીરો કપાઇ ગયા જ્યારે કેટલાક લોકોએ ઘા ખાઇ બન્ને તરફની ભલાઇ મેળવી હતી. શત્રુઓનું લશ્કર ગણત્રીમાં જોકે ઘણું વધારે હતું પરંતુ તે કેવું અને કેટલું હશે તેતો બિલકુલ કહી શકાતુંજ નહોતું. તે સઘળું દરેક ઠેકાણેથી કીડીઓ તથા તીડની માફક એકઠું થયું હતું અને ફોજના કાયદેસર યુદ્ધના નિયમોમાં ભંગ પાડી દીધો હતો, જેથી હાર થઇ ગઈ. આ ખબર મળતાંજ દક્ષિણી લોકો બનતી ઉતાવળે જલદી રવાને થઇ એક રાતમાં નર્મદા નદી ઉતરવાના બાબા પ્યારાના ઘાટ ઉપર આવી પહોંચ્યા. બનવાકાળ તેજ દિવસે અબ્દુલ હમીદખાન–મનસબદારો અને ખોટા ઢોંગ દેખાડનાર જવાંમરદો–જેવા કે, સફદરખાન બાબીના દીકરા–મુહમદ શેર

તથા મુહમદ સલાબત, મુહમદ અશરફ તથા મુહમદ અસદ ગોરી, ખલીલ-ખાન, મુસાહેબખાન, માસુમ કુલી અને આઝમાબાદનો ફોજદાર સૈયદ મુજફ્ફર ઉર્ફે સૈયદ મસ્તુ અને પેથાપુરનો થાણદાર મીર અબ્દુલ વહાબ નવા નોકરો સાથે ચારહજાર સ્વારો અને તેટલાજ પેદલ લઇને બાબા પ્યારાના ઘાટ ઉપર પહોંચી સન્યા શણગારી મુકી હતી. જ્યારે તે (યુદ્ધનો) વખત આવ્યો એટલે આફ્રિકન સિપાહીઓ તૈયાર થઇ ઉભા રહ્યા; આ વખતે દિવસને ઠાર કરી રાત્રીએ પોતાનો ઘોર અંધકાર આકાશમાંની સર્વ જગ્યાએ ફેલાવી દીધો હતો.

આ યુદ્ધમાં ઘણાખરા નાહિમ્મત અને નબળાં મનવાળા માણસો એક નિશ્ચયથી ટકી નહિ શકવાથી પેટની ઠંડી વરાળ બહાર કાઢતા બડ-બડતા બડબડતા પોબાર ગણી ગયા, કેટલાકનો અંત આવી રહેલ હોવાથી મરણ પામ્યા અને કેટલાક માણસો તે ભયંકર મેદાનમાંથી સહિસલામત બહાર નિકળી ગયા. તે વખતે **મુહમ્મદ સલાબતખાન, મુહમ્મદ અસદ, મુહમ્મદ અશરફ ગોરાની** અને **મુહમ્મદ શેર બાબીએ** જોયું કે, હાથમાંથી કામ અને કામમાંથી હાથ નકામા થઈ પડ્યા છે અને મરેઠાઓનું લશકર થોકેથોક છે, તેથી તેઓ અંતનો વિચાર કરી બહાર નિકળી આવ્યા. મરેઠી સ્વારો તેમની પાછળ પડયા અને ઝપાઝપી થઇ. તેમાં મુહમ્મદ શેર ઘાયલ થઈ જમીન ઉપર પટકાઇ પડયો; મુહમ્મદ અશરફ હિમ્મત અને જવાંમરદીથી તેની મદદે વેળાસર જઇ પહોંચ્યો, અને તે તેને ઘોડો પહોંચાડવાનું ધારતો હતો તેવામાં તેનો પોતાનોજ ઘોડો મરણ પામ્યો તેથી તે પેદલ થઇ ગયો. હવે દીવસ પણ અસ્ત થવા આવ્યો અને મરેઠાઓ પાછા ફરી ગયા, જેથી રણભૂમી ખાલી પડેલી જો-વામાં આવી. મુહમ્મદ શેરમાં ચાલવાની શકિત નહિ હોવાથી તેને ઉંચકી લીધો અને ઘણીજ મુશકેલીથી પડતાં આથડતાં કરનાલી–ચાંદોદ પાસેના માંડુગામમાં પહોંચાડી દીધો. મુહમ્મદ સલાબત તથા મુહમ્મદ અસદ બંને અમદાવાદ પહોંચી ગયા.

**અબ્દુલ હમીદખાન** કે જે, પોતાના સગાસંબંધીઓ તથા ઓળ-ખીતા દોસ્ત આસનાઓને સાથે લઇ ઉભો થઇ રહ્યો હતો તે પોતે પણ પેદલ થઈ ગયો અને પોતાના કેટલાએક સાથીઓ સહિત પકડાઇ ગયો. **સૈયદ મુઝફ્ફર ઉર્ફે સૈયદ મસ્તુ** ઘાયલ થયો, **મીર અબ્દુલ વહાબ**

કપાઇ ગયો અને **માસુમ કુલી** ઘાયલ થઇ પકડાઇ ગયો. હવે દક્ષિણી લોકોની સાથેનો **તલબઅલી** નામનો એક માણસ કે જે, જાતનો મુગલ હતો અને મરેઠાઓની સાથે ઘણી સારી પિછાણ ધરાવતો હતો તેણે માસુમ કુલી (કાઝમ બેગનો દીકરો)ને તે લોકોના હાથથી છોડાવીને પોતાની પાસે રાખ્યો, કેમકે તેને માસુમ કુલીના બાપ સાથે ઘણી સારી પિછાન હતી, અને તેની મલમ-પટી વિગેરેની ઘણી સારવાર તથા મહાવજત કરી તેને ભરૂચ પહોંચાડયો. અબ્દુલ હમીદખાનને કેદ કર્યા પછી દક્ષિણી લોકોએ તેના તંબુ-ડેરાને લુટી લીધા અને કેટલાક દીવસ સુધી ત્યાંજ મુકામ કરી લુંટફાટનું કામ ચાલુ કરી દીધું. કસબા તથા ગામડાંઓમાંથી ખંડણી લેવા માંડી અને સુબાના રાજ્યમાં જબરૂં તોફાન મચાવી દીધું તથા કાયદા કાનુનોનું નામ પણ રહેવા ન દીધું. હવે કોળી લોકો કે જેઓ તોફાની હતા પણ ફોજદારો તથા થાણદારો વિગેરેના પૂરતા જાબતાવાળા બંદોબસ્તને લીધે ગુપચુપ કોઇ જાણે નહિ તેવી રીતે એક ખુણામાં પડેલા હતા તેઓ પણ આ વખતનો લાગ જોઇ જાહેરમાં આવી પોતાનો તોફાની ધંધો કરવા લાગ્યા, અને વડોદરા શહેરમાં બે દીવસ સુધી રાત-દીવસ લુટફાટ ચલાવી.

જ્યારે આ સઘળી હકીકત અમદાવાદના લશ્કર પૈકીના નાસી આવેલા લોકોના મુખથી સાંભળવામાં આવી ત્યારે **મીર નોમાનખાન** બક્ષી વૃત્તાંત લેખક, **શેખ મુહમ્મદ અકરમુદ્દીન** અને કાજી **અબુલફરાએ** ભેગા મળી મસલત કરી. **મુહમ્મદ બેગખાન** કે જે, આ વખતે સોરઠની ફોજદારી કરતો હતો અને આગળ વધવાના મનસુબે શહેરથી ત્રણ ગાઉ ઉપર આવેલા **સરખેજ**માં મુકામ કરી રહેલો હતો ત્યાં એ લોકો ગયા અને શહેરનો બચાવ કરવા માટે તેને બોલાવી લાવ્યા. તેણે સરકારી કામ વાસ્તે બાદશાહી ખજાનામાંથી નાણાં ઉઠાવી બક્ષિની સલાહથી સિપાહીઓને સંભાળી રાખવા, લશકર ભેગું કરવા, મહી નદીનાં કોતરોનો બંદોબસ્ત કરવા, શહેરના દરવાજા મજબુત બનાવવા અને બુરજો તથા કોટનો બચાવ કરવામાટે પુરાઓનું રક્ષણ કરવાનું કામ ઘણીજ સંભાળ પૂર્વક કરવા માંડયું. આ બનાવની તમામ હકીકત અને મુહમ્મદ બેગખાનને બોલાવી લાવવાની વિગતવાર કેફીઅત બક્ષિ તથા કાજીએ ઘણીજ ઝડપથી ચાલનારા માણસોની સાથે હજુર દરબારમાં જાહેર કરી દીધી.

દક્ષિણી લોકોએ કેદમાં પકડાયેલા દરેક માણસની સ્થિતિ તેમજ યોગ્યતાની ખરી હકીકતની માહેતી મેળવી હતી અને તેના બદલામાં દરેક દીઠ એક એક રકમ દંડની ઠરાવી હતી. તે પૈકીનો સફદરખાન બાબી પોતાની ઉપર જે રકમ મુકરર થઈ હતી તે અદા કરવાનાં કારણથી પોતાના દીકરા **સલાબતને** પોતાની જગ્યાએ સોંપી પોતે ભરૂચ આવ્યો અને રકમ ભેગી કરી આપી છુટો થયો. તે સિવાય બીજાઓ પણ પોતાથી જેવી રીતે બની શકી તેવી રીતે શાહજોગ રકમ આપી છુટા થયા. તથા **અબ્દુલ હમીદખાન** અને **નજરઅલીનું** કામ ઘણું ભારે હતું તેથી કેટલાક દીવસ સુધી તેમની માહેતીવિષે વિલંબ થઈ. પ્રથમ નજરઅલી રજા લઇ છુટો થઇને અમદાવાદ આવ્યો, પણ તેની કેટલી રકમ હતી તે જણાયેલ નહિ. અબ્દુલ હમીદખાન માટે ત્રણ લાખ રૂપિયા ઠરાવવામાં આવ્યા હતા તેથી તેનો બંદોબસ્ત કરી અમદાવાદ પહોંચાડવા વાસ્તે તેણે પોતાના સગા સંબંધીઓ અને કાનદાસ પેશકારને લખી મોકલ્યું, જેથી તેઓએ તે કામ પૂરૂં કરવાની તજવીજ કરવા માંડી. આ રકમ (ત્રણ લાખ રૂપિયાની) ઘણી ભારે રકમ હતી. જો કે તે રકમ એકઠી કરવામાં તેના સગાસંબંધીઓએ પોતાની રોકડ રકમ તથા ઝર ઝવેરાત વિગેરે આપવા માંડી તોપણ તે રકમ પુરી થઈ શકી નહિ. છેવટે જ્યારે બક્ષિવિગેરેની અરજીઓ ઉપરથી હજુરના જાણવામાં આવ્યું ત્યારે **માળવાના** બંડખોરોના નાશકર્ત્તા **શાહજાદા મુહમ્મદ બેદારબખ્ત** ઉપર એવું ફરમાન મોકલવામાં આવ્યું કે, શાહજાદો આજમશાહ બહાદુર ઝાબુવાને જે રસ્તે થઇને ગયો હતો તેજ રસ્તે થઇને તમોએ અમદાવાદના નવા નિમાયેલા સુબા **ઇબ્રાહીમખાનના** આવતાં સુધીમાં ઘણીજ ઝડપથી જઇ મરેઠા લોકોને નસાડી મુકવા અને શહેરનો પૂરતો બંદોબસ્ત તથા રક્ષણ કરવું. તે સાથે વળી એવી આજ્ઞા કરવામાં આવી કે, તે તરફના કેટલાક ફોજદારો કે જેઓ મરણ પામ્યા છે, કેટલાક અભાગીયાઓ કે જેઓ કેદ પકડાયેલા છે અને કેટલાક માણસો કે જેઓ દંડ ભરીને છુટી આવ્યા છે તે બધાઓના મનમાં એવી ધાસ્તી ભરાઇ બેઠી છે કે, તેમનાથી ફોજદારીનું કામ થવું ઘણું મુશ્કેલ છે, માટે તે લોકોની જગ્યાએ સુબાના તેહનાતીઓ પૈકીના લોકોને પગારમાં વધારો કરી આપી નોકરીની શરતથી અને બેકાર થયેલાઓના પગારની શરતથી તજવીજ કરી લખી જણાવવું. જેથી તે ઉપર ધ્યાન આપી મંજુરી આપવામાં આવશે.

વળી સરકારી એ હુકમ મુહમ્મદ બેગખાન ઉપરે આવ્યો કે, એવું સાંભળવામાં આવ્યું છે કે, અબ્દુલ હમીદખાન ગભરાટ તથા જોરજુલમના લીધે કેદમાંથી છુટા થવા માટે પોતાના લશકર તથા નાયબોને સરકારી ખજાનામાંથી તેમજ નામદાર બાદશાહજાદાના ખજાનામાંથી નાણું મોકલવાનું લખેછે, માટે તમારે સરકારી તેમજ શાહજાદાના ખજાનાની પૂરતી તપાસ રાખવી, અને એવું બનવા ન પામે, કે દિવાનોનો કોઇ પણ માણસ ખજાનામાંથી એકાદ રૂપિયો પણ પોતાના ઉપયોગમાં લાવી શકે કાનદાસ પેશકારથી એ વિષે મુચરકો લેવો અને તાકીદ કરવી કે, દીવાનના નાયબો ઉપર ખાલસા મહાલના તથા બાકી નિકળતા રૂપિયા જે લેણા હોય તે લખી મોકલવા, કે જેથી દીવાનના પેશકારને ખાલસા મહાલ અને સરકારી તેવીલનાં નાણાંમાંથી એક દોકડો પણ મળવા પામે નહિ; તથા સરકારી નાણાં પ્રથમના રીવાજ મુજબ બાદશાહી ખજનામાં દાખલ થવામાટે હુંડીઓ કરાવી હજુરમાં મોકલાવી આપવાં. તેવિષે નાયબો પાસેથી પણ મુચરકા લેવા અને નાયબ સુબાની સિબંદીનું ખર્ચ સુબાના ચાકરી પેટાના મહાલમાંથી આપવામાં આવશે.

અબ્દુલ હમીદખાન દંડની રકમ ભરાતાં સુધી કેટલાક દિવસ મરેઠાઓની કેદમાં રહ્યો, અને કાનદાસથી જેટલાં બની શકયાં તેટલાં નાણાં વસુલ કરીને બાકી રહેતી રકમને વાસ્તે પોતાના ભત્રીજા **મુહમ્મદખાન** અને ભાણેજ **ગુલામ મુહમ્મદ**ને પોતાને બદલે કેદમાં રખાવીને દુશ્મનના નોકર **મુઝફ્ફરહુસેન** તથા કેટલાક માણસોની સાથે અમદાવાદ આવ્યો અને જેટલા રૂપિયા મળી શકયા તેટલા ભેગા કરી મોકલાવી દીધા. હવે ફકત થોડાજ રૂપિયા બાકી રહ્યા હતા તેવામાં મુઝફ્ફરહુસેનને વિદાય થવાની રજા આપી દીધી. મુહમ્મદ બેગખાન તેને પકડવાનું ધારતો હતો પરંતુ દીવાન તેની હિમાયત કરશે એવું તેને જણાયાથી તે હિમ્મત કરી શકયો નહિ. તે વિષે તેણે પોતાના આવવા પહેલાં એક દીવસ અગાઉ હજુરના દીવાન મારફતે અરજ કરેલી અને તે ઉપરથી હુકમ આવવાની રાહ જોતો બેઠો હતો. ભોગજોગે આ શહેરમાંથી નિકળતી વખતે તેને તુરત કેદ પકડવાનો હજુર હુકમ આવી પહોંચ્યો, તે એવો હુકમ હતો કે, તે નનામા માણસને પકડીને સખત કેદમાં રાખવો અને શાહજાદો બહાદુર કદાચ ત્યાં આવી પહોંચેલ હશે તો તેને સ્વાધિન કરી દેવો, જેથી તે કેદ

કરીને પોતાની સાથે લઇ આવશે. મુહમ્મદ બેગખાન કે જે, હુકમનો અમલ બરાબર કરતો હતો તેણે તે કામ કરવા માટે કેટલાક માણસોને નિમી દીધા, અને મુઝફ્ફર હુસેનને તેની સાથેના છ માણસો સહિત શહેરથી ત્રણ ગાઉ ઉપરના **પટવા** ગામ આગળથી પકડીને લઇ આવ્યો.

એજ વખતે આઝમાબાદનો ફોજદાર સૈયદ મુઝફ્ફર ઉર્ફે સૈયદ મરતુ કે જે ઘાયલ થયો હતો તે મરણ પામ્યો. તે વિષેની ખબર ત્યાંના ખબર પત્રીએ સુબાના બનાવોની ટીપમાં લખીને હજુરમાં જાહેર કરી દીધી. તે ઉપરથી મુહમ્મદ બેગખાન ઉપર હુકમ આવ્યો કે, અમદાવાદની નાયબ સુબેગીરી અને ફોજદારી ઉપર કાયમ કર્યાં છતાં મીર નોમાનખાંએ તેહનાતી પૈકીના કોઇ પણ એકને નિમવો હતો અને હજુરમાં ખબર આપવી જોઇતી હતી; તેમજ બીજા મહાલોના ફોજદારો પૈકીના જેઓ મરણ પામ્યા હોય તેઓની ખાલી પડેલી જગ્યાઓનો બંદોબસ્ત અમારાથી અત્રે બરાબર થઇ શકતો નથી માટે કામના પ્રમાણમાં પગારનો વધારો અને તે સાથેજ નોકરીની શરત ઉપર ધ્યાન રાખી, નકામા થઇ પડેલાઓ ઉપર નજર કરીને સુબાના બક્ષિની સલાહથી તમારે તજવીજ કરવી.

હવે અબ્દુલ હમીદખાનનો ભત્રીજો **મુમજદખાન** અને ભાણેજ **મીર ગુલામમહમદ** કે જેઓ (બન્ને) બાકી રહેલી રકમના બદલામાં મરેઠાઓની કેદમાં પડેલા હતા તેઓનાં સદભાગ્યના લીધે મરેઠાઓમાં એક એવો બનાવ બન્યો કે, જેથી તેઓ પોતપોતામાં અંદર અંદર લડી મર્યા. આવો એકાએક મળી આવેલો ઉત્તમ લાગ જોઇ તે બન્ને જણા મુક્ત થઇ ન્હાસીને પગે ચાલતા ઘણાં દુઃખો ભોગવતા ભરૂચ પહોંચી ગયા. આ વખતે શાહઝાદા બહાદુરની પધરામણીની ખબર ઝાઝુએથી વારંવાર સંભળાતી ચાલી. એ ખબરની ચોકસીથી અને મરેઠાઓના પાછા ફરવાનો વખત નજીક આવેલો હોવાથી કુચ કરીને સુરત બંદરની આસપાસની સરહદ અને પુરાંઓ ઉપર હુમલા કર્યા, પણ તેમાં કાંઇ વધારે લાભ મેળવવા પામ્યા નહિ; તોપણ ખેડા જીલ્લાનાં કેટલાંક ગામડાંનો નાશ કરીને પોતાના મુલકમાં પાછા જતા રહ્યા.

## નવા સુબા ઇબ્રાહીમખાનના સુબેગીરી ઉપર આવતાં સુધી હજુર હુકમ પ્રમાણે શાહજાદા મુહમ્મદ બેદારબખ્તનું આવી પહોંચવું.

સને ૧૧૧૮ હિજરી.

શાહજાદો મુહમ્મદ બેદારબખ્ત બહાદુર કે જે, આ તરફ આવવા માટે સરકારી ફરમાનને અનુસરીને નીકળેલો હતો તે જ્યારે સુબાની સરહદ સુધી આવી પહોંચ્યો, ત્યારે સરકારી અધિકારીઓ તેમજ શહેરના મોટા મોટા ગૃહસ્થો તેને મળવા માટે સામા ગયા અને સન મજકુરના માહે રબીઉસ્સાની માસની છેલ્લી તારીખે જોષીઓએ ઠરાવેલા શુભ મુહુર્તને વખતે સાબરમતી ઉપર આવેલા **શાહીબાગ**માં બાદશાહજાદા બહાદુરની રહેવાની જગ્યાએ આવી મુકામ કર્યો અને સુબેગીરીનું કામ સ્વહસ્તક સંભાળી લઇ કારોબાર ચલાવવા લાગ્યો.

**સૈયદ મુહમદઅલી** કે જેનો બાપ સૈયદ ઇદરીસના માન ભરેલા નામથી પ્રખ્યાત હતો તે **નડિયાદ**ની ફોજદારી અને **બાવાપ્યારા**ની થાણદારીથી દૂર થયેલો હતો તેને આ વખતે શાહજાદા બહાદુરની અરજ ઉપરથી પહેલાં પ્રમાણે પાછો કાયમ કરવામાં આવ્યો. મીર નોમાનખાન બક્ષિની ભલામણથી **સોનખેડા (સંખેડા) બહાદુરપુર**ની ફોજદારી ઉપર **નોરંગખાન સજાઅતખાનીને** નિમવામાં આવ્યો હતો તે વિષે શાહજાદા બહાદુર ઉપર એવો હુકમ આવ્યો કે, જો સારી ગોઠવણ ન કરી શકે તો તેની જગ્યાએ બીજા કોઇનો ઠરાવ કરવો. સુરતબંદરની મુસદ્દીગીરી સાથે ખંભાતની મુસદ્દીગીરી મેળવી દઇ તે ઉપર હજુરમાંથી અમાનતખાનને નિમવામાં આવ્યો. મુહમ્મદ બેગખાંએ પોતાની નાયબ સુબેગીરીના વખતમાં અમદાવાદની કિલ્લેદારી ઉપર પાંચસો માણસોની સાથે **શેખ મુહમ્મદ જાહેદ**ની નિમણુંક કરી હતી; પરંતુ જ્યારે તે વિષેની હકીકત હજુરના જાણવામાં આવી ત્યારે હુકમ થયો કે, તે (શહેરના) કિલ્લામાં સરકારમાંથી લશ્કર કે તોપખાનાની સામગ્રી કદી પણ રાખવામાં આવી નથી તેથી મંજુર કરવામાં આવતી નથી. તે પછી **મુહમ્મદ બેગખાન**નું **ઇડર**ના કિલ્લાને પોતાના તાબામાં લેવાનુ લખાણ અને ખાજા અહમદના ત્રીશહજાર રૂપિયા શાહજાદાની સરકારમાં દાખલ કરવાનું સુબાના ખજા-

નાનું લખાણ આ બન્ને લખાણો શાહજાદાના તાબાના માણસોના લખવાથી હજુરમાં જાહેર થયાં. તે ઉપરથી હુકમ થયો કે, નાયબ દીવાન હોવા છતાં પણ એમ બનવાનું શું કારણ? અને એક એવો રોગ કે જેનો કાંઇ ઇલાજ નથી એટલે મુહમ્મદ બેગખાન એક બીનજરૂરી નોકરીનું કામ કરે છે તેમજ તેનું ત્યાં રહેવું પણ બિલ્કુલ નકામું છે.

જ્યારે શાહજાદાને ખબર મળી કે, દ્વારકા ઉપર બંડખોરોએ કબજો કરી લીધો છે; તેથી તેણે મુહમ્મદ બેગખાનને પુછાવ્યું, તો તેણે જાહેર કર્યું કે, તે એક ગપ છે, જોકે બંડખોરોએ મજકુર કિલ્લા ઉપર હુલ્લડ મચાવ્યું હતું અને તેમાં થાણદાર પણ મરાયો હતો, પરંતુ તેના ભત્રીજાએ ઘણીજ અસરકારક બહાદુરી વડે કિલ્લાનો બચાવ કર્યો હતો. આ હકિકત શાહજાદાની અરજ ઉપરથી હજુરમાં જાહેર થઈ; આ વખતે હજુરમાંથી હુકમ થયો કે, સોરઠમાં એક મોટું મંદિર છે એમ કહેવાય છે માટે જો તે વાત ખરી હોય તો તેને તોડી પાડવું; અને મરહુમ મહારાજા જસવતસિંહનો પુત્ર રાજા **અજીતસિંહ** કે જે, **જાલોર** તથા **પરિસાલ**નો ફોજદાર અને **રાજપનીલા**નો જાગીરદાર હતો તેણે એક જાતનું તોફાન રચ્યું હતું તેથી તેને દુરસ્ત કરવા માટે શાહજાદાને હુકમ કરવામાં આવ્યો. શાહજાદાએ અરજ કરી હતી કે, દક્ષિણી લોકો એકઠા થઇ ગયા છે અને સુરત તરફ લુંટફાટ ચલાવવાનો તેમનો વિચાર છે. તે સાથેજ પોતાના તાબાના સરકારી નોકરોને બાવા પ્યારાના ઘાટ ઉપર મોકલવાની અરજ હજુરમાં કરવામાં આવી.

તે સાથે એ પણ અરજ કરી હતી કે, એટલી ફોજ નથી, કે જેથી કોઇ એક જગ્યાએ મુકી કામ લઇ શકાય અને થોડીક ફોજ પોતાની નોકરીમાં રાખવી પડે છે, તેમજ સુબાના તેનાતીઓમાંથી કોઇ એવો માણસ નથી કે જેને ફોજનો અધિકારી નિમી શકાય, અને જો **સરફરાઝખાન** ફીરોઝજંગખાનની સાથે મળતો થઈ જાય તો દંગાઇ લોકોને પુરેપુરી શિક્ષા મળે તથા જોઈતી મદદ મળી શકે. તે ઉપરથી હજુર હુકમ આવ્યો કે, અહિંથી એક પણ માણસ મોકલી શકાશે નહિ, કેમકે વખત ઘણોજ તંગ છે તો પછી તે કયારે ત્યાં પહોંચી શકે! અને તેટલામાં તો વખત પણ વિતી જાય, માટે તેમ બનશે નહિ. ગુજરાત દેશ લશ્કર ભેગું કરવામાટે ઘણોજ લાયક છે, ત્યાં તો જયારે જોઇએ ત્યારે

ઘણા માણસો મળી શકેછે અને ત્યાંના પ્રજાવર્ગ પૈકીના ઘણા લોકો સિપાઇઓથીજ રહેછે. લશકરી માણસો ઉપર એક મુખ્ય સરદારની ખાસ જરૂર છે, ગુજરાતનો નાયબ સુબો બીચારો દીવાન હોય તો સિપાઈઓની શી કસુર ? મુરાદબક્ષની સાથે બેહજાર સિપાઇઓ તૈયાર રહેતા હતા, તો તમારે પણ ચાર પાંચ હજાર સ્વારો બનાવી રાખવા; તે સાથે પેદલ પણ તત્પર રાખશો, અને નકામું ખર્ચ કરશો નહિ એવી આશા છે. જો કાયમ કરેલો સુબો આવી શકે તેમ ન હોય તો તેનો દીકરો કે જે અજમેરમાં રહે છે તેને બોલાવી સઘળું કામકાજ સોંપી દઇ તેજ રસ્તે પાછા ફરવું; જેથી મરેઠાઓ આવવાની હિમ્મત કરે નહિ.

હવે શાહજાદાના સાથીઓના લખાણથી હજુરમાં અરજ થઇ કે, એક પહોર ઉપર ચાર ઘડી દિવસ ચડે ત્યારે કચેરીમાં બેસવું. તે ઉપરથી હજુરે હુકમ કર્યો કે, કચેરીમાં જેમ બને તેમ વહેલા જઇને બેસવું તે સારૂં છે; તે સિવાય મુલ્લાં ગાલિબ દરોગાને જણાવવામાં આવ્યું કે, તમામ સુબાઓમાંથી અદાલતની દરોગી કાઢી નાખવામાં આવી છે, કારણ કે તે કામ નકામા માણસોનું છે.

પ્રથમ લખવામાં આવ્યું છે કે, **મુઝફ્ફરહુસેન** નામના માણસને અબ્દુલ હમીદખાન પોતાની સાથે લાવેલ, કે જેને મુહમ્મદ બેગખાને કેદખાનામાં નાખેલો હતો અને તે માણસ વિષે સરકારી હુકમ પણ થયેલો કે તેને ( મુઝફ્ફર હુસેનને ) શાહજાદાના તાબામાં સોંપી દેવો. તે વિષે અબદુલ હમીદખાને હજુરમાં અરજ કરી કે, તેને હું ખાસ બાદશાહી નોકરીનું માન અપાવવા માટેજ મારી સાથે લાવ્યો હતો માટે મારી એવી ઇચ્છા છે કે, તેને છુટો કરી દેવો. તે ઉપરથી એવો હુકમ થયો કે, એ અરજ તમારે શાહજાદા બહાદુરને કરવી, જેથી તે મુનાસબ હશે તે પ્રમાણે ઇન્સાફ કરશે. તે પછી શાહજાદા બહાદુરને અરજ કરતાં તે વાત ખરી હોવાથી શાહજાદા બહાદુરે તેને છુટો કરી દીધો.

મુહમ્મદ બેગખાંએ પોતાની નાયબ સુબેગીરીના વખતમાં બાદશાહી ખજાનામાંથી સિપાઇઓના ખર્ચ માટે રૂપિયાનો ઉપાડ કરેલો હતો તે વિષેની અરજ હજુરમાં કરવામાં આવી. તે ઉપરથી તેની ઉપર હુકમ આવ્યો કે, સુબા ઇબ્રાહીમખાનની જાગીર સિવાય મીર નોમાનખાન બક્ષિની સલાહથી બે માસમાં સરકારી ખજાનામાંથી બે લાખ, સિત્તેર હજાર

રૂપિયા લીધા છે અને તે પૈકીના એક લાખ રૂપીયાનું ખર્ચ **મહી** નદીના કોતરોના રસ્તા રોકવામાં સૈયદ એહમદ બાકરના નામ ઉપર બતાવવામાં આવેછે; પરંતુ ચોકસ તપાસ કરતાં મજકુર નદીના કોતરોમાં કોઇપણ માણસ ગયેલ હોય તેમ જણાતું નથી, તેથી હુકમ કરવામાં આવેછે કે, મજકુર નાણાં કે જે, મજકુર સૈયદ સાહેબના નામ ઉપર ઉધારેલા છે તે રકમ શા કામમાં વાપરી અને તેનું ખર્ચ શી રીતે થયું તેની પૂરી હકીકત વિગતવાર લખી મોકલવી. તે હુકમની સાથેજ નોમાનખાન ઉપર પગાર ઘટાડવા વિષે ઇતરાજી થઈ. તે હુકમ મળવાથી મુહમ્મદ બેગખાને કાજીની સલાહથી નાણાં ઉચાપત થયાં નથી તે સિદ્ધ કરી આપ્યું અને શાહજાદાએ નોમાનખાનના ઘટાડેલ પગાર વિષે અરજ કરી. તે અરજ મંજુર ન થઈ અને હુકમ થયો કે, તે શાહજાદાની સાથેજ હજુરમાં આવે. તે પછી મુહમ્મદ બેગખાનને પોતાના હોદ્દા ઉપર સોરઠ જવાનો હુકમ કરવામાં આવ્યો.

શાહજાદાએ **નજરઅલીખાનને મુહમદનગર ઉર્ફે હળવદનો** ફોજદાર બનાવ્યો અને તેની સાથે એવી શરત કરી કે, તે ત્યાં જઇને ત્યાંના જમીનદાર ચંદ્રસેનને કાઢી મુકી તે જગ્યાએ પોતે કાયમ થાય, સુબાનું તેનાતી લશકર ત્યાં નથી તે પાછું જમાવી દે અને જાતીકા ભાગના ઘોડા રાખે. આ વિષેની અરજ હજુરમાં થએલી. હવે નજરઅલીખાન વિષેની શાહજાદાની અરજ મંજુર કરવામાં આવી અને હુકમ થયો કે, શાહજાદાએ તેનાતી લોકોને ભાગના ઘોડા તૈયાર રાખવાની તાકીદ કરવી. આ વખતે શ્રીમંત બાદશાહે ગુલાબનું સુગંધી અત્તર, બનફશાનો અર્ક અને બદામનું તેલ એ સઘળાં શાહજાદાને ભેટ દાખલ મોકલ્યાં. રાજા **જયસિંહ** કે જે, સરકારી હુકમથી ફોજ લઇને દક્ષિણી લોકોનાં આવતાં ટોળાંઓને અટકાવવા માટે બાવા પ્યારાના ઘાટની આ તરફ ખોટા મનસુબાથી પડાવ નાખી પડેલો હતો તે જોઈ તે લોકો પાછા ફરીને જતા રહ્યા; તે વિષેની હકીકત શાહજાદાએ હજુરમાં રોશન થવા માટે લખી જણાવી; તે ઉપરથી આજ્ઞા કરવામાં આવી કે, ઇબ્રાહીમખાન સુબો હુકમાનુસાર **અજમેર**થી રવાના થયેલ છે અને થોડાજ વખતમાં બકલાનાને રસ્તે થઇ ત્યાં પહોંચી જશે. તે સિવાય વળી એવો હુકમ કર્યો કે, સુબાની રવાનગી અને મેળાપ એકજ દીવસે એકજ સભામાં થવાં જોઇએ,

અને અર્ધ બાંયનો પોશાક, જડિત્ર ખંજર અને મોતી વીગેરેના હાર આ· શરે બે–ત્રણ હજાર રૂપિયા સુધીની કિમ્મતના તેને આપવા.

આ વખતે સુરત બંદરથી એવી ખબર આવી હતી કે ઈરાનના શાહનો ભાણેજ **અલી કુલી** હજુરમાં હાજર થવાના વિચારથી સુરતમાં આવેલો છે. તે ઉપરથી શાહજાદા બહાદુર ઉપર હુકમ આવ્યો કે જ્યારે તે મળવાને આવે ત્યારે તેની સામે જઇ માનપુર્વક લઇ આવવા માટે દીવાન તથા ઇલતીફતખાનને મનસબદારોની સાથે પોતાની લશકરી છાવ· ણીથી આગળ મોકલવા અને દીવાન ન હોય તે વખતે તેની સાથે મેળાપ કરવો; તથા તેને કિમતી પોશાક, સુશોભીત નંગદાર જડિત્ર ખંજર, ભારે કિમતનો સાજ સામાનથી સજેલો અરબી ઘોડો, નવી તરેહનું જીન, સારા વણાટવાળો નવો ઝુબ્બો અને તમારા પોતાના ખજાનામાંથી બેહજાર રૂપિયા રોકડા તેને ભેટ દાખલ આપી જે ફોજ સરકારી ખજાનો લઈને આવેછે તે ફોજના સરદારની સાથે હજુરમાં આવવા માટે રવાને કરી દેવો અને તે ત્યાં રહે ત્યાંસુધી કંઈપણ ચોરી થાય નહિ તેવિષે સિ· પાઇઓને તાકીદ કરવી અને તે કોઇ પણ રીતે હેરાન થાય નહિ તે માટે ખાસ બંદોબસ્ત કરવો. તે વિષે હુકમ થયો કે દીવાન તથા બક્ષિના લેવા જવાની જરૂર નથી અને તેના ઉતારા માટે તમારી પાસેના કોઇ મકાનમાં કોટવાલ ગોઠવણ કરી આપે તોપણ બસ છે. તથા મુલાકાતના દીવસે બક્ષિ તથા મીર તોજકજ જઇને લઇ આવે. તેમજ જો રસ્તાની અંદર સ્વારી ઉપર મુલાકાત થાય તો ઘણું સારૂં, પણ હાથ તો મેળ· વવાજ જોઇએ.

પ્રથમ લખવામાં આવ્યું છે કે, ફિરંગી લોકોએ સમુદ્રમાં તોફાન કરીને વહાણોને પકડેલાં હતાં તે વખતે તોફાની દંગો દૂર કરવાની ગોઠવણ થઇ શકી નહોતી; તે ઉપરથી સરકારે હુકમ કર્યો હતો કે, વલંદા લોકોનો વહેપાર આ દેશમાંથી બંધ કરવો. તે વિષેનો હુકમ અબદુલ હમીદખાન ઉપર આવેલો, એજ વર્ષે **ફખરૂલ ઇસ્લામ** અને **શેખુલ ઈસ્લામ** કે જેઓ (બન્ને) ફીરંગીઓની કેદમાં હતા તેઓ જ્યારે ફીરંગીઓની સાથે સલાહ થઇ ત્યારે છુટા થઇને આવ્યા; સમુદ્રનો ફિસાદ દૂર થઇ ગયો અને સુખેથી વહાણો રવાને થવા લાગ્યાં.

આ વખતે દક્ષિણી મરેઠાઓનો ઉમાટો ઘણોજ સંભળાતો હતો તેથી મુજાહીદખાન જાલોરીના પુત્ર **મુહમ્મદ કમાલખાં** (પાલણપુરનો ફોજદાર) એ પોતાની નોકરીને માનભરી સમજીને શેખ નુરૂલહકની મારફતે હજુરમાં અરજ કરી કે, દક્ષિણી લોકોની દાનત ભ્રષ્ટ થયેલી સાંભળીને મારા પુત્ર **મુહમ્મદ ફીરોજને** મારી જગ્યાએ લશ્કરની સાથે મુકીને પોતપોતાના સ્વારો તથા પેદલો અને નોકરો તથા જમીનદારોને સાથે લઇને અમદાવાદ પહોંચ્યું છું, જેથી આશા છે કે, આપના સેવકની કુમકે આવતાં લશ્કરને સરકારી કામ પુરૂં થાય ત્યાંસુધી ગુજરાતના ધારા પ્રમાણે ખાધાખોરાકી સરકારમાંથી મળશે, કે જેથી કરીને તેઓ મારી સાથે જીવ જોખમનું કામ બજાવે. આ અરજ મંજુર કરવામાં આવી અને તે વિષે સુબા દિવાન ઉપર હજુર હુકમ આવ્યો કે, સુબા તથા ફોજદારોને લખવામાં આવેછે કે, હુકમ પ્રમાણે અમલ કરવો, અને મના કરેલા કામથી દૂર રહેવું. તે સિવાય વળી બીજો હુકમ સુબા દિવાન ઉપર આવ્યો કે **મીરઝા મીરને** દરેક જગ્યાએથી ખસેડી મુકવો, તેથી હુકમ પ્રમાણે બરાબર અમલ કરવામાં આવ્યો.

પહેલાં બાદશાહજાદાએ લુગડાં-ગાંસડીના દરોગાખાતાંમાં થયેલી ચોરીના લીધે હાંસલ ખાતાંના ઉપરીની જગ્યાએ અબ્દુલવાસેની નિમણુંક કરી હતી અને કરોડગીરીની બહાલી કાયદા વિરૂદ્ધ હતી તથા તે ખાતાંની દરોગી કાયદા પ્રમાણે હતી જેથી ઠરાવની અરજ વખતે તે હુકમ બંધ રહ્યો અને કરોડગીરીનાં કામો વિષે સુબા દિવાન અબ્દુલ હમીદખાન ઉપર જે હુકમ આવ્યો તે પ્રમાણે કરવામાં આવ્યું. અને તે સાથે વળી એ પણ હુકમ કરવામાં આવ્યો કે, નોકરીની તજવીજના કાગળો ઉપર અને તેવાજ બીજા કાગળો ઉપર હજુરમાં ગુંચવણ, શક અને બનાવટ જેવું ધારી શકાય છે, તેથી એવું ઠરાવવામાં આવેછે કે, દીવાને તથા ખાલસાના અમીનોએ લખાણની શરૂઆત તથા સમાપ્તિ પોતાનાં હાથે કરવી, કે જેથી શક ઉત્પન્ન થાય નહિ અને એ પણ હુકમ થયો કે, ફસલ પૈકીના જે રૂપિયા ઇનામ તથા મદદખર્ચ દાખલ ખર્ચાય છે તેમાં કંઇપણ કાપકુપ કર્યા સિવાય પુરેપુરા આપતા રહેવું અને વટાવ-ખર્ચ બતાવી કંઇ હરકત કરવી નહિ.

હવે અજીતસિંહના ઉશ્કેરવાથી દરકદાસ રાઠોડ કે તેના સાંસારમાં આવી ગયો હતો તેણે જોધપુરના જીલ્લામાં બખેડા ઉભા કર્યા હતા તેથી શાહજાદા બહાદુરે થરાદ વિગેરે ઠેકાણે ફોજો મોકલી આપી. આ ખબર જ્યારે દરકદાસના સાંભળવામાં આવી ત્યારે તે ગભરાઇ ગયો અને શરણે નહિ આવેલા કોળીઓના રહેઠાણમાં જતો રહ્યો. તેનો ગભરાટ ઘણોજ વધી પડયો અને ફરીથી એજ કામ કરવાનું તેને સુઝયું. તેણે સાંભળ્યું કે, મને કેદ પકડવા અથવા તો જાનથી મારી નાખવા લશ્કરનો ઠરાવ થયો છે. સફદરખાન બાબીએ તેને ઠેઠ પહોંચાડવાના સુચરકા આપેલા, જેથી તેને પાટણની ફોજદારી નોકરીની શરતના વધારાથી શાહજાદાની અરજ ઉપરથી હજુરમાંથી મંજુરી આપવામાં આવી. પછી એહમદ બાકરને અમલીયારાની થાણદારી અને નોકરીની શરતના વધારામાં મોડાસાની જાગીર આપવાની અરજ થઈ. તે ઉપરથી હુકમ થયો કે, પહેલાં જોકે ચંદ્રસિંહ ઝાલાને વાસ્તે મોડાસાની તજવીજ થઇ હતી પણ બીજી જગ્યાઓ ઘણી છે, માટે નોકરી શરતને માટે કોઈ બીજા ઠેકાણાની તજવીજ કરવી. ત્યારબાદ કેટલાક અરજ કરનારાઓના કહેવાથી શાહજાદા બહાદુરને જ્યારે ખબર થઇ કે, દરકદાસ રાઠોડની સાથે અબ્દુલ હમીદખાન ઘણો સંબંધ ધરાવે છે અને તેના વકીલોને તે છાની ખબરો પણ આપેછે ત્યારે તેણે હજુરમાં અરજ કરી, તે ઉપરથી પ્રત્યુત્તર આવ્યો કે, તેણે કુરાન મોઢે યાદ કરેલું છે, મક્કા જેવાં પવિત્ર સ્થળની તેણે હજ પણ કરેલી છે અને વળી એક નેક મુસલમાન પુરૂષ છે. માટે તે એવા ગેરમુસલમાન માણસનો દોસ્ત બને તે સંભવતું નથી.

હવે શાહજાદા બહાદુર ઉપર એવો હુકમ આવ્યો કે, મરેઠાઓનો પોકાર નાશતો કરી જવાના કારણથી ફરીથી સુરત અને ગુજરાત તરફની અરજ કરવામાં આવેછે માટે તમે ઇબ્રાહીમખાનને બોલાવી વહેલાસર સુરત તરફ જઈ પહોંચો અને કામ કરતા કરતા બકલાનાને રસ્તે થઇ હજુરમાં પહોંચી જાઓ. શેખ અલી સરહિન્દીના દીકરાના મનસબની જે તજવીજ કરી હતી તે મંજુર થઇ નહિ એજ વખતે શાહજાદા બહાદુરને અમદાવાદના ખજાનામાંથી એક લાખ રૂપિયા ઇનામ દાખલ બક્ષિ કરવામાં આવ્યા.

# ઓગણચાલીશમો સુબો ઇબ્રાહીમખાન.

## સને ૧૧૧૮ થી ૧૧૨૦ હિજરી.

### શ્રીમંત બાદશાહ ઔરંગજેબનો [illegible]

અબદુલ હમીદખાનની દિવાની.

બાદશાહજાદો મુહમ્મદ આજમશાહ પોતાને હવાપાણી માફક નહિ આવવાથી સુબા દિવાન અબ્દુલ હમીદખાનને નાયબ ઠરાવી હજુરમાં જતો રહ્યો અને ત્યાં જઇને સુબેગીરીનું રાજીનામું આપ્યું. તેથી કાશ્મીરના સુબા ઇબ્રાહીમખાનને અમદાવાદની સુબેગીરી આપવામાં આવી.

### અમદાવાદની સુબેગીરીની નિમણુક કરતી વેળાએ જે સરકારી ફરમાન પ્રગટ થયું તેની નકલ.

અમીરી તથા ગૃહસ્થના ગુણ ધરાવનાર, બારે ઉપકાર સંપાદન કરવાની યોગ્યતાવાળા, નિમકહલાલ નોકરોમાં શ્રેષ્ઠ શુરવીરતા દર્શાવનાર અને સરકારી સેવામાં સર્વોત્તમ બહાદુરીનું ભૂષણ ધરનાર ઇબ્રાહીમખાને બાદશાહી કૃપાઓની આશા રાખીને જાણવું જોઇએ કે, અમારા કાળજાંની કોર, ઉત્તમ કુળવાળા શ્રેષ્ટ જન્મ ધારણ કરનાર અને ઉંચી પદીવાળા મુહમ્મદ આજમશાહે પોતાની અમદાવાદની સુબેગીરીના ઓદ્ધાનું રાજીનામું ત્યાંનાં હવાપાણી માફક નહિ આવવાથી રજુ કરેલું છે, અને અમારી પવિત્ર ધારણાઓ તમારી યોજના, હુકુમત અને ડહાપણ વિષે હમેશાં સારી અસર કરતી રહેછે, જેથી તમારી ઉપર ઉપકાર કરવા અર્થે તથા તમારી સેવાઓની બુઝ જાણીને તમને તે સુબાનો તમામ કારોબાર તમારા જાતના હજાર રૂપિયાના લવાજમના વધારા સાથે એકહજાર સ્વારો અને ચાલીશ લાખ દામો (નાણું) ઇનામ આપવામાં આવેછે. તમોને અસલ તથા વધારો મળીને અમીરીપદે ૭ હજાર રૂપિયા મળશે અને પાંચહજાર સ્વારો, તેમાં એકહજાર સ્વારો એવડા મળી કુલ સાત હજાર સ્વારો, તેમજ ચાલીશ લાખ દામો ઇનામમાં મળશે માટે તમારે કાશ્મીરના સુબાના આવતાં સુધી ત્યાં નાયબ મુકીને વહેલાસર અમદાવાદ કેટલા જવું જોઇએ.

હવે તે ઠેકાણે કામ કરતા બાદશાહજાદાનેજ સુબો નિમવામાં આવ્યો અને મોટા નામદાર અમીરનેજ તે જગ્યા આપવામાં આવેલી, તે લોકોએ

ત્યાંનો સારો બંદોબસ્ત રાખ્યો હતો. બખેડા કરનારા તોફાની લોકોને **શિક્ષા** આપી છે અને પ્રજાને વખતો વખત મદદ પણ આપેલી છે. મુહમ્મદ અમીનખાને પોતાની પુરી લાયકીના લીધે ઘણોજ ઉત્તમ પ્રકારનો બંદોબસ્ત કરેલો અને અમીરૂલ ઉમરા શાઇસ્તાખાને પણ આ કામ કરવામાં કંઇ બાકી રાખ્યું નથી અને તેથીજ સારૂં મનસબ, ભારે ઇનામ અને સારૂં લશ્કર તેણે મેળવેલું છે. હવે તે લોકોથી ઓછી કીમતની તમારી હુકુમત પણ ત્યાં હશે નહિ, કે જેથી કરી તમારી ચઢતી અને મરતબાનો વધારો થશે. ખુદાની ઇચ્છા હશે તો અમદાવાદ–ગુજરાતમાં પહોંચ્યા પછી નવી જાગીરો તથા ઇનામો સંભારવા લાયક આપવામાં આવશે તમારી ઉપર અમારી મહેરબાની વધુ થતી જાય છે.

ઇબ્રાહીમખાંએ આ માનપત્રને ભેટવા બહાર જઇને તેની ઘણી અદબ કરી માન આપ્યું અને તે લખાણથી બરાબર વાકેફ થઈ સરકારમાં અરજ કરી કે, હું શરત કરૂંછું કે, જે લોકોએ અમદાવાદના સુબાનો બંદોબસ્ત સારો કર્યો છે તે સુબાઓના બંદોબસ્તમાં હું કોઇ પણ રીતે કમી કરવાનો નથી. મુહમ્મદ અમીનખાનના મરતબા અને દરજ્જા વિષે હજુરમાં અરજ થયેથી બાદશાહે કૃપા કરીને તેને એક હજાર સ્વારોનો વધારો કરી આપ્યો તથા મદદ ખર્ચ માટે લાહોરના ખજાનામાંથી એંશી લાખ દામનું ઇનામ અને એક લાખ રૂપિયા આપવામાં આવ્યા. તેનો પુત્ર **જબરદસ્તખાન** કે જેને **અજમેર**ની સુબેગીરી અને **જોધપુર**ની ફોજદારી સોંપવામાં આવી હતી તેણે પોતાની નોકરીનું રાજીનામું આપ્યું. તે વિષે ઇબ્રાહીમખાનને હુકમ મળ્યો કે, તેને સમજાવીને રાજી કરવો. જબરદસ્તખાન સરકારી હુકમને માન આપી સુબાના આવતાં પહેલાં પોતાની અસલ જગ્યા ઉપર પહોંચી ગયો. તે પછી ઇબ્રાહીમખાન કુચ ઉપર કુચ કરી મજલો મારતો અમદાવાદ તરફ આવવા રવાને થઇ દેશાટણ ભોગવતો સને ૧૧૧૮ હિ. માં માહે જીલ્કઅદ માસની સોળમી તારીખે શાહજાદા બહાદુરની સેવામાં હાજર થયો અને સરકારી ફરમાનથી નક્કી થયેલું ઇનામ, અર્ધ બાંયનો પોશાક અને જહિત્ર ખંજરની ભેટ મેળવવા પામ્યો. તેણે આવીને તમામ કામ પોતાના હસ્તક સંભાળી લીધું. શાહજાદો બહાદુર શનિવાર તારીખ ૭ મી જીલહજના રોજ હજુરમાં પહોંચવાના ઇરાદાથી વિદાય થયો. હવે ઇબ્રાહીમખાન કામ કરવા લાગ્યો અને સુબાના બંદોબસ્ત તરફ પોતાનું લક્ષ લગાડ્યું, ફોજદારોની નિમણુકો કરી અને થાણદારો મુકી બંદોબસ્ત

કર્યો. કાજીમબેગના દીકરા **અલીકુલીને પાટણની ફોજદારી આપી, અને** બીજા ભાઇ **માસુમકુલીને વીરમગામની** ફોજદારી ઉપર કાયમ કર્યો. આથી બન્ને જણા તે તરફ ગયા અને દંગો ફિસાદ કરનારા કોળી લોકોના જામીન લેવાના કામમાં રોકાયા. અલીકુલીએ પાટણ તાબે **સમુગામ** ઉપર ચડાઇ કરી પણ તેમાં તે મરાયો; અને માસુમકુલીએ ચુંવાળ ટપાના **છેતારગામ** ઉપર ચડાઇ કરી, પણ તેમાં તેના સાથવાળા કેટલાક માણસો મરાયા તથા કેટલાક ઘાયલ થયા, અને તેની સ્વારીનો ઘોડો મરી જવાથી પોતે પણ મહા મુશ્કીલીથી ત્યાંથી નિકળવા પામ્યો.

**રાજા જેતસિંહ** કે જે કેટલાક દિવસથી બખેડા કરતો હતો અને સરકાર બાદશાહની પાસે કુંવર મોહકમસિંહ હતો તેની સાથે બંડ મચાવતો હતો. તે તેની સાથેની લડાઇમાં એક વખત જય પામ્યો હતો અને તેને એક જાતની સત્તા તેમજ જોર મળેલું હતું તેથી તેણે જોધપુર ઉપર ચડાઇ કરીને ત્યાંના ફોજદાર જાફર કુલીને કાઢી મૂકી ત્યાં પોતાનો કબજો કર્યો.

બકરી ઇદની નિમાજ પઢયા પછી **શ્રીમંત બાદશાહના સ્વર્ગવાસ થવાની ખબરો પ્રગટ** થઇ અને બીજે દીવસે તે ખબરો સાચી છે એવું માનવામાં આવ્યું.

એક કવિતાના અર્થમાં સમજાવેલ છે કેઃ–" જો કોઇ માણસ ગ્રહોને
" ખોલીને જુએ અને તે પહેલાંથી પોતાના કૃત્યનું વર્ણન કરી આપે તો
" તેમનું માથું શુરાઓના લોહીથી ભરપુર હશે અને તેમની બેઉ બાજુમાં
" મુકુટધારીઓના માથાંજ હશે. તેમનાં અંગરખાંની ચાળોમાં ડાહ્યા
" માણસો ગુંથાયેલા હશે અને સુંદર સ્ત્રીઓથી ભરપૂર તેમનાં પેરણ અને
ખિસ્સા જોવામાં આવશે."

## બાલાજી વિશ્વનાથનું ભારે સૈન્યાથી ચડી આવવું અને ઘણાં પરગણાંઓ ઉપર લુંટફાટ કરી અમદાવાદમાંથી બે લાખ–બે હજાર રૂપિયા ખંડણીના લઇ પાછા ફરવું.

સમુદ્રની પેઠે જયનાં મોજાં ઉછાળતી બાદશાહી ફોજે તોફાની મરેઠાઓને બાંધી મારવા માટે તેઓની પુંઠ પકડવા ઠરાવેલી હતી. તે લોકો

જ્યાં જતા ત્યાં ચોરોની પેઠે લુંટફાટ કર્યા સિવાય બીજું કંઇ પણ કરી શકતા નહોતા. આ વખતે બાદશાહની પચાસ વર્ષની ઉમર થઇ ગઇ હતી. રાજ્ય કારકીર્દીમાં ફેર પડવા લાગ્યો હતો, અને હિંદુસ્તાનમાં કેટલીક ગડબડ અને ઉચાટ શરૂ થઇ ગયાં હતાં. આ જગ્યાએ એક કવિતાના અર્થમાં સમજાવેલ છે કે, "જે પુરૂષથી મુલકરૂપી ઘર આબાદ હતું તે જતો રહ્યો, અને એક દુન્યવી કારોબાર કે જે તેના ઉપર આધાર રાખે તે નર પણ ચાલતો થઈ ગયો."

વિશેષમાં સુબા વિગેરે જે જગ્યાએ તેવા બંદોબસ્તના કારણથી અને થાણદારો તથા ફોજદારોની નબળાઇના લીધે તોફાની કોળી લોકો અને રજપુતો એક લોંકડીની માફક ઉજડ જગ્યામાં સંતાઇ બેઠા હતા તેઓએ ત્યાંથી બંડ કરવાને પોતાનાં માથાં ઉંચાં કર્યા, તેમાં વળી એ વધારો થયો કે દક્ષિણી લોકો અબ્દુલ હમીદખાનના વખતમાં આ દેશનો સ્વાદ લઇ ગયા હતા તેથી મોટી સેન્યા લઇ પોતાના વિચારને પૂર્ણ કરીને બાલાજી વિશ્વનાથ નામનો માણસ ઝાબુઆને રસ્તે થઇ આ દેશ ભણી આવવાના ઇરાદાથી સઘળાં ઠેકાણાં ઉજડ કરતો ગોધરે આવી પહોંચ્યો, તે વખતે ત્યાંની બક્ષિગીરી અને ફોજદારીની જગ્યા ઉપર નાયબ તરીકે મહમદ મુરાદખાન હતો, પણ પોતામાં લડવાની હિમ્મત ન જોઇ તેથી તે છાનોમાનો બેસી રહ્યો. તેમજ બીજા ઘણાખરા ફોજદારોએ પણ તેવીજ રીતે કર્યું. મરેઠાઓ આગળ વધી મુંધા (મહુધા) ગામઉપર ચઢી આવ્યા અને તે ગામને લુંટીને બાળી નાખ્યું. જેથી સને ૧૧૧૯ હિજરીના માહે સફર માસની છઠ્ઠી તારીખે મહેમુદાબાદના ખાજા અબ્દુલ હમીદખાને (સુબા દીવાને) રાખેલા અમલદાર તરફથી એવી ખબર જાહેર કરવામાં આવી કે, દક્ષિણી લોકો નડિયાદ કસ્બાની આ તરફ આવી પહોંચ્યા છે. આ હકિકત વિષે ઉપરા ઉપરી ખબરો મળવાથી તે ખરી માલુમ પડી અને તે પસરાઇ ગઇ. સુબાદિવાન તથા બક્ષિ–બન્ને જણાએ ઇબ્રાહીમખાનની પાસે ઉતાવળે જઇ જાહેર કરી દીધું; તેમજ માલુમ પણ પડી આવ્યું કે, બાલાજી વિશ્વનાથ સઘળા રૂપિયા કે જે અમાનતખાતાંના કહેવાય છે અને જે તેમની ભાષામાં ખંડણીના નામથી ઓળખાય છે તે રૂપિયા વસુલ કરવાનો દાવો રાખેછે. જ્યારે ઇબ્રાહીમખાનને આ ખબર પડી ત્યારે બક્ષિ મીર અબ્દુલ હાદી અને પોતાના દીવાન પેદીમલને પોતાના નવા રાખેલ સિપાઈઓની સાથે તૈયાર કર્યા અને બુરજો તથા વાડાનો બચાવ કરવાની હિમ્મત ધરી,

હવે સાબરમતીને પેલે પાર સિપાઇઓ રહેતા હતા તેથી ત્રણ દિવસની અંદર આઠ હજાર સ્વારો અને ત્રણ હજાર પેદલો અને આસપાસ રહેતા કોળી–રજપુતો મળી ચાર હજાર માણુસો કુમક માટે બોલાવ્યા મુજબ ભેગા થઇ ગયા. અને શહેરવાળામાં સદર અબ્દુલ હાદી દીવાન પંદીમલ, સુબા દિવાન અબ્દુલ હમીદખાન, સુબાનો ખાનગી દીવાન અને મુહમ્મદ બેગખાન, નજરઅલીખાન, સફદરખાન બાબી, કેટલાક મનસબદારો તેમજ ગુજરાતના સુબાના તેનાતી બહાદુર લોકો અને ફોજદારોએ તોપખાનું લઇને કાંકરીઆ તળાવ ઉપર લશ્કર ગોઠવી દીધું અને મોરચાબંધી કરી દીધી. આ સઘળો ફોજનો બંદોબસ્ત છતાં આસપાસનાં પુરાં તથા ગામડાંના માણુસો હાથ પગ વગરના થઇ પડી ભારે ગભરાટથી બાલબચ્ચાં લઇને ગાંસડા પોટલા ઉંચકી શહેરના કોટ આગળ આવી ભરાયા; જેથી દરવાજા ઉપર ભારે ભીડ થઈ ગઇ, તે એટલે સુધી કે, કેટલાંક માબાપો પોતાનાં બાલબચ્ચાં જુદાં પડી ગયાં અને એક બીજા ઉપર પડી મરેલ હોવાથી તમામ માલમિલ્કત ગેરવલે થઇ ગઇ; તેથી ભોઇ લોકો, ગાડીવાળા અને ગધેડાવાળાઓના રોજગારમાં એટલો બધો વધારો થઇ પડયો કે, તેઓ પોતાની સાત દીવસની કમાણી ( મજુરીનાં નાણાં ) બે દીવસમાં મેળવવા લાગ્યા.

લખવા મતલબ કે, પહેલાંની લડાઈમાં હાર ખાધેલી હોવાથી સરદારોનાં દીલમાં બેદીલી અને અસ્થિરપણાએ વાસ કરેલ હોવાંથી તેઓ કુચ અને મુકામ કરવાની ચિંતામાં ગભરાઇ જઇ આકુળ વ્યાકુળ બની ગયા હતા. તે વિષેની મરેઠાઓને ખબર પડતાં તેઓ બહાદુર થઈને લુંટ ફાટ કરતા જગ્યાઓને ખેદાનમેદાન કરી ઉજડ કરતા શહેરથી બાર ગાઉ ઉપર આવેલા **મહેમુદાબાદ**માં આવી પહોંચ્યા અને હુશિયાર ઘોડેસ્વારો શહેરથી ત્રણ ગાઉ ઉપર આવેલા બટુવા ગામ ઉપર ધાડ પાડી. અબ્દુલ હાદી તથા પેંદીમલ દીવાને આવી દક્ષિણી લોકોથી સિપાઇઓ કેવી રીતે લડશે તે વિષેની ખબર ઇબ્રાહીમખાનને આપી અને પોતે સ્વાર થઇને લશ્કરના પડાવમાં આવી પહોંચી સઘળું બરાબર જોયું, પણ સિપાઇઓમાં હિમ્મત તથા બહાદુરી દીઠી નહિ.

શ્રીમંત બાદશાહના જન્નતવાસી થવાની ખબર સઘળે ઠેકાણે ફેલાઇ ગઇ હતી. તેમના પછી બાદશાહજાદાઓમાંથી કોઇને રાજ્યાભિષેક કરેલો

નહિ હોવાથી શુભેચ્છક લોકોના મત લઈને અગમ બુદ્ધિ વાપરી **મુઝફ્ફરહુસેન** કે જે પ્રથમ મરેઠા લશકરથી જુદો પડી ગયો હતો અને અબ્દુલ હમીદખાનની સાથે આવ્યો હતો અને મુહમદ બેગખાને જેને કેદ કર્યો હતો કે જેવિષે પહેલાં લખાઇ પણ ગયું છે તેને નારણદાસ મનસબદારની સાથે સુલેહના સંદેશાથી બાલાજી વિશ્વનાથની પાસે મોકલ્યો અને ઘણી વાતચિત થયા બાદ એવી શરતથી ફેસલો થયો કે, તેઓએ બેલાખ બે હજાર રૂપિયા ખંડણીના લઇ અહિંથીજ પાછા ફરવું. તે પ્રમાણે મજકુર રૂપિયા સુબાના કહેવાથી તેમજ સુબા દિવાનના હસ્તખતથી આપવામાં આવ્યા, તે રૂપિયા લઇને તે લોકો ત્યાંથીજ પાછા ફરી રવાને થઇ ગયા અને એજ મહિનાની બાવીશમી તારીખે સુબાનું લશકર શહેરમાં આવતું રહ્યું, જેથી શહેર તથા પુરાંઓની સઘળી રૈયત અને સર્વ લોકોનાં મન શાન્ત થઇ ગયાં.

---

# અબુનનસ્ર કુતબુદ્દીન મુહમ્મદ મુઅઝ્ઝમ શાહેઆલમ બહાદુરશાહ ગાઝીનું રાજ્ય.

### સને ૧૧૧૯ થી ૧૧૨૪ હિજરી.

ઈબ્રાહીમખાનની સુબેગીરી, ખાજા અબ્દુલ હમીદખાનની દિવાની અને મુહમ્મદ બેગખાનની નાચળી.

સન મજકુર (૧૧૧૯)ના જીલ્કઅદ માસની સાતમી તારીખે **અહમદનગરમાં ઔરંગજેબ બાદશાહના** મૃત્યુનો ખેદકારક બનાવ બન્યો. તે વખતે બાદશાહજાદો **મુહમ્મદ આજમશાહ** હજુરની રજા લઇને **માળવે** જવા માટે નિકળ્યો હતો. તે હજી બે ત્રણ મજલો ગયો હશે તેવામાં તેને બાદશાહના મૃત્યુ થવાની ખબર મળી, જેથી તે તુર્તજ ઘણીજ ઉતાવળે પાછો ફર્યો અને બાદશાહે પોતાની પાછળ મુકેલાઓના દીલાસાના લીધે ધારા પ્રમાણે શોક પાળ્યો તે પછી બકરી ઇદને દહાડે તખ્તનશિન થઇ રાજધાની તરફ રવાને થયો. આ વખતે બાદશાહજાદો મુહમ્મદ મુઅઝ્ઝમ **બહાદુરશાહ** કાબુલના સુબાના બંદોબસ્ત માટે ત્યાં પડેલો હતો અને તેને એ ખબર મળતાંજ તે દિલ્લી તરફ રવાને થઇ ગયો,

તેની પહેલી તખ્તનશિની **લાહોરમાં** થઇ. પછી તે આગળ વધ્યો અને બેઉ શાહજાદાઓનાં લશ્કર **આગ્રા** આગળ મળ્યાં અને બાદશાહી લડાઈ થઇ પડી. ભોગ જોગે **મુહમ્મદ આજમશાહ** એ લડાઇમાં મરાયો અને તખ્ત ઉપર **મુહમ્મદ મુઅઝઝમ શાહેઆલમ બહાદુરશાહે** અકબરાબાદમાં આવેલા ડેરાબાગમાં આસન લીધું. એતો તારીખ અઢારમી. રબીઉલ અવ્વલ સને ૧૧૧૮ માં બન્યું, પણ આ તો બીજીવારની તખ્તનશિની હતી. આ વખતે ખુતબો તથા સિક્કો ચાલુ થયો અને વકાલતની મોટી પદ્વી ઉમ્દતુલમુલ્ક અસદખાનને અને હિંદુસ્તાનના સૈન્યાધિપતી ખાનખાના જમ્દતુલમુલ્કને મુખ્ય પ્રધાનની જગ્યા આપવામાં આવી અને તાબેદારીનાં ફરમાનો તથા હુકમો હિન્દુસ્તાનના સુબા તથા દીવાનના નામ ઉપર રવાને કરવામાં આવ્યા.

## તખ્તનશિની તથા બંદોબસ્ત કાયમ રાખવા માટે ઇબ્રાહીમખાન ઉપર આવેલ બાદશાહી ફરમાનની નકલ.

રાજ્યના હિમાયતી, રાજ્ય સંપાદન કરવાના ભરૂસાદાર, બાદશાહી ઉપકારો ગ્રહણ કરી વધારે માન મેળવનાર, નાયબોમાં સર્વોત્તમ નાયબ અને બાદશાહી દરબારમાં સર્વથી શ્રેષ્ટ ગણાતા ઇબ્રાહીમખાને બાદશાહી ઉપકારોથી સંતોષી થઇ જાણવું કે, અંબરની સુગંધવાળા પવનનો ઝપાટો ચાલ્યાથી જય તથા જીતના પોકારોએ સદાએ કાયમ રહેતા અવિચળ બાદશાહી નસીબને વધારે પ્રકાશિત બનાવી લોકોની ઉપર ચળકાટ નાખ્યો છે, જે ભાગ અવિચળ અને શત્રુસંહારક છે તેવિષે લખવામાં આવેછે કે, કેટલાક અંત નહિ વિચારનાર માણસોના ઉશ્કેરવાથી ખરાબખસ્ત થયેલો અને સંસારમાં હલકો પડેલો શત્રુ જે મોટા થવાનો અને ખુદાના પ્રતિનીધીની સાથે બરાબરીનો દાવો રાખતો હતો અને તેના અભિમાન તથા ટુંક સમજણના લીધે છોકરાં છૈયાં તથા સરદારોની સાથે કપાઈ મુઓ અને તેના તાબાના માણસો તેમજ સંબંધીઓ પકડાઇ જઇ ચાલુ કેદમાં નંખાઇ ગયા છે.

તમો, સઘળા નોકરોમાં શ્રેષ્ટ અને સદાકલ્યાણી છો તેથી શુરા યુદ્ધ કરનાર તથા ધર્મી બહાદુર સિપાઇઓને જે અદર્શ ભવમાંથી દર્શ ભુમી ઉપર મોટી જય મળી તેની ખુશાલી તે તરફના સઘળા નાના મોટા ગરીબ

તવંગર લોકોની જાણ કરી ખુદાનો ઉપકાર માનવાની પ્રાર્થના કરવી અને અગણિત દયા પૂર્વકનાં કૃત્યો તથા બેસુમાર મહેરબાની કરી પહેલાં પ્રમાણે અમદાવાદની સુબેગીરી, તમો પ્રધાન ઉપર બહાલ રાખવામાં આવેછે.

તમારે રૈયતની સ્થિતિ સુધારવા, સરકારી મહેસુલો વસુલ કરવા, ચોર–લુટારૂ લોકોનો નાશ કરવા અને સુબેગીરીનો બંદોબસ્ત મજબુત રાખવા માટે પૂરતી સંભાળ અને સાવચેતી રાખવી. તે સાથેજ સુકૃત્યો કરવા પોતાના દીલને દોરવું. તારીખ ૧, માહે રબીઉલ અવ્વલ, સને ૧ (એક) જુલુસ. આ ફરમાન આવ્યા પછી ઇબ્રાહીમખાન ધારાપ્રમાણે અદબ તથા વિવેકની સાથે તેને લેવાને ગયો અને તેની સાથે ભદ્રના કિલ્લામાં દાખલ થયો. હવે આ વખતે તોફાની કોળીઓએ તોફાન–ફીસાદ કરવાને પગલાં ભરવા માંડયાં હતાં, તેથી ઇબ્રાહીમખાન તેના બંદોબસ્તને વાસ્તે કડીની પેલી બાજુએ ગયો અને તોફાન નહિ કરવાની જામીનગીરી લેવાને લશકર લઇ જઇ ચડાઇ કરીને પાછો ફરી આવ્યો. હવે તેનો મનસુબો નોકરીનું રાજીનામું આપી બાકીની જીંદગી એકાંતમાં ગુજારવાનો હતો, તેથી બીજો સુબો આવતાં સુધીના વખત માટે **મુહમ્મદ બેગખાનને** નાયબ સુબાની જગ્યા ઉપર નિમ્યો અને પોતે સન મજકુરના માહે રજબ માસની નવમી તારીખે **દિલ્લી** તરફ રવાને થઇ ગયો. હવે મુહમદ બેગખાન, સુબાનો બંદોબસ્ત અને શહેરની સલામતી બરાબર રીતે કરવા લાગ્યો. તેની નાયબીની જગ્યાનો ઠરાવ ખબરપત્રીઓના લખવાથી હજુરના સાંભળવામાં આવેલો હતો, તેથી સુબો આવે ત્યાંસુધી ખુતબાની તજવીજ તથા સિક્કાના ચલણના બંદોબસ્તનો હુકમ તેના તથા સુબાદીવાન ખાજા અબ્દુલ હમીદખાનના નામ ઉપર આવ્યો. બાદશાહના નામના સિક્કાની વિગત હજુરમાંથી આવી હતી.

## શાહેઆલમ બહાદુર બાદશાહ ગાજીના સિક્કાની વિગત.

એજ વખતે અખબારી લોકોના લખવાથી હજુરમાં ખબર થઇ કે, "નાયબ સુબા મુહમ્મદ બેગખાને, મરેઠા લોકોનો ફેલાવ કે જે સુરત અને અમદાવાદ વચ્ચે થવાનો સંભવ હતો તેવિષેની હકીકત સાંભળીને સુબા દીવાનને જાહેર કર્યું કે, સિપાઇઓ તૈયાર રાખવા અને સરકારમાંથી તોપખાનાની ગોઠવણ થવાની જરૂર છે. તે ઉપરથી દીવાને જવાબ દીધો કે, હજુર હુકમ સિવાય એક પણ દામ સરકારી ખજાનામાંથી પગાર

કરવામાં આવશે નહિ, માટે હજુરમાં અરજ કરવી. ત્યારે મુહમ્મદ બેગખાને કહ્યું કે, મારો જાનમાલ તો સરકારને અર્પણ છે, પણ જો અધર્મીઓ આ તરફ આવી પહોંચે તો હજુરમાંથી જવાબ આવતાં સુધીમાં બાજી બગડી જાય; પણ આ કામ તો ઘણુંજ જરૂરનું છે." તે ઉપરથી હજુરમાંથી જમ્દતુલમુલ્ક ખાનખાનાની મોહોરવાળો હુકમ આવ્યો કે, સુબાના બક્ષિની સલાહથી કાયદાપ્રમાણે સિબંધી ફોજનો પગાર આપવો, તે સિવાય મુહમ્મદ આજમશાહની બાકીની રકમવિષે મુહમ્મદ બેગખાન વિગેરે ઉપર હુકમ આવ્યો. રાજની વિકાલતનું કામ ઉમ્દતુલમુલ્ક અસદખાનને આપવામાં આવ્યું હતું, જેથી જાગીરદારો, નોકરો, ભાટચારણો અને પગારદારોના પરવાના મંજુર રાખવા, રોકડ વિગેરેની સનદો, વિકાલત અને પ્રધાનની મોહોરોથી ફરમાન મોકલવામાં આવ્યું અને હુકમ થયો કે, સુબાના દીવાનોએ જમીન વિગેરેના હકદાર માણસોના પોષણની મદદને સ્વર્ગવાસી મરહુમ ઔરંગજેબ બાદશાહના ધારામુજબ પાળવામાં કાયમ રાખવી તથા જુના કાયદા પ્રમાણે દરેકની સનદ ખરી ગણી મુકી દેવી અને તેમને કંઇપણ હરકત નહિ કરતાં જે લોકો સરકારી નોકરો છે તેમના હકો પહેલાં પ્રમાણે બહાલ રાખવા. સુરત તથા ખંભાત બંદરના મુસદ્દી અમાનતખાનની અરજ ઉપરથી સરકારમાં જાહેર થયું કે, ખંભાત બંદરના મુસદ્દી એતેમાદખાને ગોઘા બંદરના મહેસુલના તેરસો પીસ્તાળીશ રૂપિયાનો ઉપયોગ કરી લીધો છે, તેથી સુબાદીવાન ઉપર હુકમ આવ્યો કે, મજકુર રૂપિયા તેની કનેથી વસુલ કરી ખજાનામાં દાખલ કરવા અને તેની વિગતવાર હકીકત હજુરમાં મોકલવી.

## ચાલીશમો સુબો ગાઝીઉદ્દીન બહાદુર ફીરોઝજંગ.

### સને ૧૧૨૦ થી ૧૧૨૪ હિજરી.

ખાન અબ્દુલ હમીદખાન અને શરીઅતખાનની દિવાની.

અમદાવાદના સુબા ઇબ્રાહીમખાને પોતાની નોકરીનું રાજીનામુ આપવાથી હજુરમાંથી વગર શરતના બેવડાતેવડા સાત હજાર સ્વારોની સત્તા ધરાવનાર સેનાધિપતિ ગાઝીઉદ્દીન ખાનબહાદુર ફીરોઝજંગને તે જગ્યા (સુબેગીરી) ઉપર નિમવામાં આવ્યો. આ વખત તે બુરહાનપુરની સુબેગીરી ઉપર હતો. તેને

સુંદર પોશાક અને ખાસ ઘોડો ઇનામમાં આપતી વખત ફરમાન પણ આપવામાં આવ્યું, તે સાથેજ હુકમ થયો કે, તમારે ત્યાંથીજ તે સુબેગીરી ઉપર જઇ સઘળું કામકાજ સ્વહસ્તક સંભાળી લઇ પૂરતો બંદોબસ્ત કરવો. તેથી હુકમપ્રમાણે કુચ ઉપર કુચ કરી વિદાય થઇ સુબાની સરહદ ઉપર આવી પહોંચ્યો. તે વખતે મુહમ્મદ બેગખાન, અબ્દુલ હમીદખાન (સુબા-દીવાન) અને બક્ષિ મહેરઅલીખાન અખબારી વિગેરે સુબાના તેનાતી મનસબદારોએ તેને માનસહિત લઇ આવવા માટે સામે જઈ મુલાકાત કરી. તે (નવો સુબો) તારીખ નવમી, રજબ સને ૧૧૨૦ ના રોજ શહેરમાં દાખલ થયો. તેણે આવીને સુબેગીરી તાબાના ફોજદારો તથા થાણુદારોની નીમણુંકો કરવા માંડી. મુહમદખાનને મહાલની શરતથી પાટણનો નાયબ ફોજદાર ઠરાવ્યો; **સૈયદ અકીલખાનને** અમદાવાદના સુબાના તાબાની શાહજાદા બહાદુર મુહમદ જહાંશાહને મળેલી જાગીરના મહાલોની મુસદ્દીગીરી ઉપર કાયમ કર્યો, અને **પેથાપુરની** થાણદારી ઉપર **મીર અબ્દુલ વહાબ** કે જે પ્રથમ પણ એજ જગ્યાએ હતો અને મરેઠા સાથની લડાઇઓમાં પણ પડયો હતો તેને ફરીથી તે જગ્યા ઉપર નિમવામાં આવ્યો, તથા મુજ ગ્રંથકર્ત્તાના પિતા **મુહમ્મદઅલીને** મજકુર મહેલાતના અખબારીની જગ્યા આપવામાં આવી. જ્યારે બાદશાહી સ્વારી **કામબખ્શનું** કામ પુરૂં કરવાને દક્ષિણ તરફ ગએલી હતી ત્યારે તેઓ રસ્તામાંથીજ રજા લઇને પાછા અત્રે આવી પહોંચ્યા અને પાનાંના મુસદ્દા ઉપરથી જણાય છે કે, તેઓ આઠ વર્ષની ઉમરે આ શહેરમાં આવેલા, તે વખતે તેમણે જે કંઇ પોતાની નજરોથી જોએલું અને યાદ રાખેલું હતું તેમજ ભરોસાદાર લોકોથી જે કાંઇ સાંભળ્યું હતું તે બધાંનો સંગ્રહ કરી એક પુસ્તકનું રૂપ આપ્યું.

**ખાન ફીરોઝજંગે,** ઇવજખાનનો બંદોબસ્ત તથા જમીનદારોની પેશકશી લેવાનો ઠરાવ કર્યો. આ વખતે સઘળા સુબાઓ ઉપર સરકારી હુકમ આવેલો હતો કે, શુકરવાર તથા ઈદોની નિમાજના ખુતબામાં મોલા અલીના નામની સાથે વસી (વસિઅત થયેલો) વધારવો. જ્યારે ફીરોઝ-જંગની સાથે તુર્કી લોકો હતા ત્યારે ભાષણકર્ત્તાએ પહેલા શુક્રવારે ભાષણ વાંચ્યું, જેથી કેટલાક લોકોએ તેને તાકીદ કરીને કહ્યું કે, ફરીથી એ શબ્દ વધારીને વાંચવું નહિ. આ વિષે સરકારી હુકમ થઇ ગએલો હતો

તેથી મના કરનારને અજ્ઞાન અને અભણ ગણી કાઢવામાં આવ્યા અને બીજા શુક્રવારે પણ એજ શબ્દ વધારી ભાષણ કર્યું. એ સાંભળતાંજ એક નિડર માણસે તેને ઓટલાપરથી ટાંગ પકડી ઘસડીને મારી નાખ્યો અને બીજાઓએ તેને ઢસડીને રસ્તામાં નાખી દીધો, તે છેક સાંજસુધી એમ ને એમજ પડી રહ્યો. પછી સુબાની રજા લઇ તેનાં કફનદફનની ગોઠવણ કરી દાટવામાં આવ્યો.

આ વખતે સુબા દિવાન ઉપર હુકમ આવ્યો કે, બાદશાહી સ્વારી **હેદરાબાદ** જાયછે માટે સુબાના ખજાનામાં જે કાંઇ નાણું એકઠાં થયેલાં હોય તે લઇને **ઉજ્જૈન** મુકામે પહોંચતાં કરવા આવી મળવું. આ હુકમને માન્ય કરી અબ્દુલ હમીદખાને ભારબરદારીનો બંદોબસ્ત કરી ખાજાની સાથે ઉજ્જૈન મુકામે હજુર સન્મુખ રજુ કરી દીધું, જેથી તેના ઉપર હજુરની મહેરબાની થઇ. પછી તે પાછો ફરી પોતાના તાબાના સુબામાં જવાની આજ્ઞા મેળવવા પામ્યો.

બાદશાહજાદા જહાંશાહના દીવાન **મોતેમીદખાનને ચાંપાનેરનો** કિલ્લેદાર બનાવવામાં આવ્યો અને તેની સોંપણી સૈઇદ અકીલખાનને થઇ, અને લુગડાં-ગાંસડીનું મહેસુલ ખાતું કે જે ઔરંગજેબ બાદશાહના વખતમાં બંધ પાડવામાં આવ્યું હતું તે ઉપર મહેસુલ અધિકારી તથા કોટવાલીની જગ્યાએ **મીર અબુલ બકાની** નિમણુંક થઇ. શેખ નજમુદ્દીનની બદલીએ ઘોડાના વાગ્ર અને હાજરીના અમીનની જગ્યા ઉપર **મીર અબુલ કાસિમને** કાયમ કરવામાં આવ્યો. કાપડ વણાટનાં કારખાનાં ઉપર મુહમદ હાતમબેગના દીકરા **મુહમદ કાજમને** મુકવામાં આવ્યો અને સરકારી ખજાનાના દરોગા **અબ્દુલ વાસેની** બદલીથી તે જગ્યા **ખાજા ઇવજને** અપાઇ. અલી અકબર બક્ષિ તથા અખબારી **શેખ નુરૂલ્લાને** નિવારસી ખાતાંના અમીનો નિમ્યા અને કાપડ વણવાનું ખાતું સરફુદ્દીનના બદલાયાથી હજુર તાબે ઠરાવવામાં આવ્યું.

ઔરંગજેબ બાદશાહના વખતમાં કેટલાંક પરગણાંઓમાં દામોની તાણ પડી ગઇ હતી તેથી હુકમ પ્રમાણે ફરીથી આપવા માંડયાં, અને કેટલેક ઠેકાણે દામોનો વધારો પણ થયો. અમાનતખાનના બદલાયાથી **ખંભાતબંદરની** મુસદ્દીગીરી તથા સૈઇદ અલીખાન ફીરોઝજંગના બદલાયાથી **કાજનાની** થાણદારી એતેમાદખાનના નામ ઉપર ગોઠવી તેને કામ-

કાજમાં શામેલ કર્યો, મુહમદ કુલીને જાતિકા બસો રૂપિયાનું મનસબ અને ત્રીશ સ્વારો આપ્યા. કાજીમબેગના દીકરા ઇબ્રાહીમ કુલી તથા કાસમકુલીને જાતીકા સો રૂપિયા પગારનું મનસબ કે જે વિષે ઇબ્રાહીમખાંએ તજવીજ કરી હતી તેની મંજુરી આવેથી આપવામાં આવ્યાં. આ અવસરે હજુરના સાંભળવામાં આવ્યું હતું કે, અમદાવાદ તાબાના અખબારી તથા વૃત્તાંતિ અધિકારીઓ એવું ધારેછે કે, પોતાના ગુમાસ્તાઓ લુગડાંમાં ગોટાળા કરેછે, તે ઉપરથી સરકારી હુકમ આવ્યો કે, બાદશાહ ઔરંગજેબના વખતમાં એવો ઠરાવ થયો હતો કે, અખબારી તથા વૃતાંતિઓના ગુમાસ્તાઓએ માલ ખાતાંમાં હાથ ઘાલવો નહિ, માટે તે હુકમનો બરાબર અમલ કરવો અને તે લોકો પગ પેસારો કે હાથ ઘાલવા પામે નહિ. તે સાથે એ પણ હુકમ થયો કે, આલમગિરી પૈસાને ભાંગીને બાદશાહના વખતમાં તેમના ઉપર એકવીશ માસાનો સિક્કો પાડવામાં આવ્યો હતો તે વખતે એજ વજનના પૈસા ઘણા દીવસ સુધી ચાલુ થયા હતા અને ફરીથી એજ આલમગીરી થઈ પડયા. સરકારી વણાટ ખાતાંનાં કાપડની ચીજો અને બાદશાહજાદાના કારખાનાંની વસ્તુઓ કે જે, અત્રેથી રવાના થયેલી તે મરેઠા લોકોની ખબર સંભળાતાં પાછી લાવવામાં આવી.

બાદશાહી સ્વારી કામબખ્શ ઉપર ફતેહ મેળવી દક્ષિણથી હિન્દુસ્તાન તરફ પાછી ફરી. તે પછી સુબા દીવાનને હુકમ કરવામાં આવ્યો કે, ધારા પ્રમાણે જે કાંઇ નાણાં ખજાનામાં હોય તે સઘળું ધન લઇ હજુરમાં પહોંચાડવું અને તમારે માળવાના સુબાની સરહદમાં આવી બાદશાહી સ્વારીને મળવું તે સિવાય એ પણ હુકમ થયો કે, શાહેઆલમ સાહેબની દરગાહના પુસ્તકાલયમાં **હજરત ઇમામ મુસા રજાના દીકરા હજરત અલી**ના હાથનું લખેલું જે કુરાન છે તે ત્યાંના ગાદીવાળા પાસેથી લઇને હજુરમાં મોકલવું, કેમકે તેમની લખવાની રૂઢી અને તેમના અક્ષર કેવા હતા તે જાણવા તથા તેનાં દર્શન કરવાની ઘણીજ ખંત છે. તે ઉપરથી અબ્દુલ હમીદખાને તે ગાદીવાળા પાસેથી તે કુરાન જોવા દાખલ લીધું અને પોતે ખજાનાની સાથે રવાને થયો. જ્યારે રસ્તે જતાં **સાંવલી** મુકામે પહોંચ્યો ત્યારે **સૈઇદ અકીલખાન** કે જેને સલાબતખાન બાબીએ ત્યાંની ફોજદારી ઉપર નિમ્યો હતો તેને લશકરી ટુકડીના વધારા દાખલ પોતાની સાથે લીધો અને સરકારી સ્વારી સુધી સાથેજ રાખી માળવાના સુબાના તાબાના

ગામ **ધાર** મુકામે સરકારી સ્વારીમાં જઇને હજુર સેવામાં હાજર થઇ લાવેલ કુરાન રજુ કર્યું. તે પછી કેટલાક દીવસ વીત્યાબાદ અરજ કરી કે, ત્યાંના ગાદીવાળા પાસેથી તે કુરાન ફક્ત હું જોવા દાખલજ લાવ્યો છું. તે પરથી સરકારે ફરમાવ્યું કે, મારે તો ફકત તેનાં દર્શનજ કરવાં હતાં, અને આ અમુલ્ય ભેટ તો એજ જગ્યાએ મુકવી ઘટેછે. એમ કહી તેને આપી દીધું અને ફરમાવ્યું કે, ગાદીવાળાની રસીદ લઈ હજુરમાં મોકલવી.

બાદશાહ **ઔરંગઝેબ**નાં મૃત્યુ પછી કેટલીક રાજખટપટો ઉભી થયેલ હોવાથી રાજા **અજીતસિંહે** તોફાન ફિસાદ કરવાનાં પગલાં ભર્યાં હતાં અને જોધપુર ઉપર કબજો કર્યો હતો. એ કામ વાસ્તે અને **અજમેર**માં ખાજા મુઇનુદ્દીન ચિસ્તીનાં દર્શન કરવા અર્થે બાદશાહે તે તરફ કુચ કરી, અને ખાન ફીરોઝજંગ ઉપર હુકમ આવ્યો કે, શણગારેલી સૈન્યા તથા તોપખાનાની તૈયારી અમદાવાદમાંથી કરી લઇ તમારે જાતેજ અત્રે આવી મળવું અને સિબંધીના ત્રણહજાર સ્વારો, તથા પાંચહજાર પેદલ, દરેક સ્વારોનો પગાર પાંત્રીશ રૂપિયા અને પેદલના ચાર રૂપિયા ઠરાવવામાં આવ્યા છે. તો તે હિસાબથી એક લાખ બાવીશ હજાર રૂપિયા પગારના ગણીને આઠ માસ ને ચોવીસ દહાડાના અગિયાર લાખ રૂપિયા હફ્તે હફ્તે દસ્તખતો કરીને અબ્દુલ હમીદખાન તથા શરીઅતખાન (સુબા-દીવાનો) ની મોહોરથી સરકારી ખજાનામાંથી લેવામાં આવ્યા. સાથે રાખેલું લશ્કર આ સિવાય બીજું પણ હતું. સુબા દીવાનોને હુકમ કરવામાં આવ્યો કે, પાંચ તોપો, પચાસ રેંકલા, એક હજાર મણ દારૂ, સો મણ બપોરીઆ અને સરકારી તોપખાનામાંથી બસો એલદારો, એકસો કુવાડીઆ, એકસો પખાલી અને એક હજાર મણ સીસું લઇને ખાન ફીરોઝજંગની ફોજમાં હવાલે કરી દેવું.

સને **૧૧૨૧** હિજરીમાં અબ્દુલ હમીદખાન કે જે હજુરમાં ગયેલો હતો તેના ઉપર બાદશાહી કૃપાની વૃષ્ટી થઇ. બાદશાહતની મોટા કાજીની પદ્વીએ તેને ચઢાવવામાં આવ્યો અને બાદશાહની સ્વારીમાં તે પોતાના હોદ્દા ઉપર કાયમ થયો. તે પછી સાથે લઇ ગયેલા સલાબતખાન **બાબીને** પાછા ફરવાની રજા આપી, અને તેનો ભાઇ શરીઅતખાન કે જે અમદાવાદમાં નાયબીનું કામ કરતો હતો તેને સુબાની દીવાની આપવામાં આવી. એ વખતે **ખાન ફીરોઝજંગને** કેટલાક દીવસથી રોગ લાગુ પડેલો હોવાથી તેની પ્રકૃતિ તદન બદલાઇ ગઇ હતી. તેથી જ્યારે આરામ થાય

ત્યારે સૈયદ લોકો, પીરજાદા લોકો, મોટા મોટા માણસો, મનસબદારો અને શહેરના તમામ ગૃહસ્થોને ખાણું આપવાનું તેણે નક્કી કર્યું અને સાબરમતીના કિનારા ઉપર લાગટ ત્રણ રાત્રી સુધી રોશની કરી દારૂખાનું ફોડ્યું તથા મોટો મેળાવડો કર્યો. એવિષે બક્ષિ અખબારી મેહેરઅલીએ તેની ખોટી વર્તણુંક દેખાડી કેટલાંક અયોગ્ય કામો હજુરમાં લખી મોકલ્યાં. તેને થોડીકવાર કોટવાલીના ચબુતરામાં રાખી છોડી મુકયો. **મુહમદ મોહસન** અખબારીને જુમા મસ્જીદમાં શુક્રવારની નિમાજ પઢી રહ્યા પછી લોકોની આગળ દોડાવ્યો.

હવે **અકરમોદ્દીનખાન**ની પાસેથી લાખ રૂપિયા તથા તેટલાજ રૂપિયા દીવાનના પેશકાર કહાનદાસની પાસેથી જબરદસ્તી કરીને લીધા અને રજપુતો ઉપર કેડ બાંધી મારવાડ જવાના મનસુબે નિકળ્યો; અને જ્યારે તે હવેલીના અમલમાં આવેલી સેકોહી (ત્રણ ગાઉ)માં આવેલા સાબરમતી ઉપરના ગામ **અચેદ**માં મુકામ કર્યો ત્યારે બીજી વખતે રોશનીના દારૂનો મેળાવડો કરવામાં આવ્યો.

**મુહમ્મદ રજાખાન** નામનો માણસ કે જે ઇરાનથી આ શહેરમાં તરતજ આવેલો હતો તેના વિષે સરકારમાં અરજ કરવામાં આવી. તે ઉપરથી સુબા દિવાન **શરીઅતખાન** ઉપર હુકમ આવ્યો કે, તેના ખર્ચ વાસ્તે ખજાનામાંથી બેહજાર રૂપિયા રોકડા આપવા. તે પછી દર માસે નવી રાખેલી સીબંધીના ખર્ચના અને રજપુતોની ચડાઇના ખર્ચના એક લાખ પચીસહજાર રૂપિયાનો પરવાનો ખાનફીરોઝજંગને આપવા માટે જો કે માજી દીવાન અબ્દુલ હમીદખાન ઉપર આવેલો હતો, પરંતુ આ વખતે તે (દિવાનીની) જગ્યાએ શરીઅતખાન નિમાયેલ હોવાથી તેના ઉપર તે પરવાનો આવ્યો. તેની મતલબ એ હતી કે, જ્યારે ખાનફીરોઝજંગ અમદાવાદથી બહાર નિકળે ત્યારે જે નોકરો રાખેલા હોય તેઓને બક્ષિની નોકરીના કાયદાની સનદ પ્રમાણે મજકુર લખેલા રૂપિયામાંથી પગાર આપવો. તે પછી મુહમ્મદ મોહસનના બદલાયાથી તે જગ્યાએ મુહમદ અબ્દુલ્લા અખબારીને હજુરમાંથી નિમવામાં આવ્યો અને સૈયદ **અહસનુલ્લાખાન**ને ખંભાત બંદરનો મુસદ્દી ઠરાવવામાં આવ્યો. ખાનફીરોઝજંગ શહેરની સરહદથી રવાને થઈને સાબરમતી જીલ્લાના જમીનદારોની પેશકશી લેતાં ઇડર તાબે વાલાસનામાં જઇ મુકામ કર્યો અને ત્યાં કેટલાક દિવસ સુધી રોકાયો.

**સને ૧૧૨૨** હિજરીમાં સુબા દિવાન ઉપર હજુર હુકમ આવ્યો કે, મોહોર તથા રૂપિયા સરકારી સિક્કાના વજન મુજબ પાડવા. એ પ્રમાણે કેટલાક દીવસ સુધી અમલ થયો; પાછળથી પહેલાંના ધારા પ્રમાણે પાડવાનો હુકમ કરવામાં આવ્યો. આ વખતે **જમ્દતુલમુલ્ક મદારૂલ મહામ ખાનખાના વજીરૂલ મમાલિકે** લાલ દરવાજા પાસે ભદ્રના કિલ્લાના નગારખાનાં નજીક જમીન લઇ ધર્મશાળા, મસ્જીદ અને પાઠશાળાની ઇમારતનું કામ ચાલુ કર્યું હતું, અને ત્યાં આગળ કોટવાળીના ચબુતરાનાં કેદખાનાની જમીનનો કેટલોક ભાગ આવેલો હતો, તે ભાગ ખરીદ કરવાની તેણે અરજ કરેલી. તે ઉપરથી સુબાદિવાન શરીયતખાન ઉપર ઇનાયતુલ્લાખાન મીર સામાનની મહોરવાળો હુકમ આવ્યો કે, મજકુર જમીનની કિમત ખાનખાનાના પગારમાંથી તેની જાગીરનો હિસાબ ચોખ કર્યા પછી વાળી લેવી અને તે જગ્યા તેની ઇમારતમાં ગણી ઘણી ઝડપથી કામ કરાવવું, પરંતુ ખાનખાનાના ભાગ્યમાં તે ઇમારત પુરી થવાનું લખાયેલું નહોતું, જેથી તેના મરણ વખતે અર્ધું કામ બાકી રહી ગયું હતું; તે પુરૂં કરવા અને રાજ્યાસન તખ્ત ઉપર ઉભો કરવાનો સારો તેજસ્વિ ચળકાટવાળો મખમલનો ચંદ્રવો મોકલવાનો હુકમ થયો. જેથી દિવાને ખાસ મંડપનાં ત્રણ અબરા અબેડ કે જેના તૈયાર ખર્ચનો અડસટો પાંસઠ હજાર રૂપિયાનો થયો હતો તે મોકલવા વિષેનો હુકમ સુબાદિવાન ઉપર મોકલવામાં આવ્યો. તે પછી સુબાના હલકારે અરજ કરી કે, હજુરમાંથી મરેઠા તથા રજપુતોની ખબરો પહોંચાડવાને ઘણી તાકીદ છે, જેથી ખાન ફીરોઝજંગના કહેવાથી પચાસ જાસુસોને દરેકના સાત રૂપિયાના પગારથી નવા નોકર રાખ્યા છે અને તેઓ મરેઠા તેમજ રજપુતોની ખબરો વારંવાર લઈ આવેછે, કે જે વિષે ફીરોઝજંગખાનને ખબર પણ અપાય છે, તેપરથી તે હજુરમાં અરજ કરેછે, પરંતુ તે લોકો પોતાને બરાબર પગાર મળતો નહિ હોવાથી ફર્યાદ કરેછે. તે ઉપરથી દીવાન ઉપર હુકમ આવ્યો કે, જ્યાંસુધી પૂરતી તૈયારી ન થાય ત્યાંસુધી તૈયાર કામ જોઇ નિયમસર પગાર આપતા રહેવું.

હવે શાહીબાગના અને કાંકરીયાના બગીચાઓ તથા રૂસ્તમબાગ અને ગુલાબબાગમાં મુહમદ આજમશાહે બનાવેલા બગીચાઓની મરામતને વાસ્તે ત્રણ હજાર ચારસો એંશી રૂપિયાની મંજુરી સુબા દિવાનને આપવામાં આવી, અને એ પણ હુકમ થયો કે, **મીરજા હાશમ** નામનો

માણસ કે જે હમણાજ ઈરાનથી અમદાવાદ તરફ આવેલો છે તેના આવવાની ખબર હજુરમાં પહોંચી હતી અને ખાન ફીરોઝજંગને હુકમ ફરમાવવામાં આવ્યો હતો કે, તમારી તરફથી તમે બરદાસ્ત કરીને તેને સામાન સરંજામ આપી સારી રીતે મહેમાનગીરી કરીને સાથે માણસ આપી હજુરમાં મોકલી દેવો. તે વિષે પાછો આ વખતે ફરીથી હુકમ થયો કે, જો હુકમ પ્રમાણે તેને રવાના કરવામાં કંઈ વિલંબ જેવું હોય તો તેને સરકારમાંથી એક હજાર રૂપિયા ખર્ચના આપવા. આ વખતે હજુરના સાંભળવામાં આવ્યું કે, જુનાગઢના ખજાનામાંથી મુહમ્મદબેગના ખરચે ગુરજબરદાર બાકરબેગના અવેજના એક હજાર રૂપિયાની વસુલાત થઇ છે. તે ઉપરથી દીવાનને ફરમાવવામાં આવ્યું કે, મજકુર રકમ વગરવિલંબે વસુલ કરી ખજાનામાં દાખલ કરી દેવી.

આ વર્ષમાં શહેરકાજી **અબુલફરા**ના બદલાયાથી તે જગ્યા **અબુલખેર**ને આપવામાં આવી અને **મુહમદ અબ્દુલા** અખબારીની બદલી થતાં તે જગ્યાએ ખિતાબ પામેલા **અકરમુદીનખાન**ને નિમવામાં આવ્યો. તે પછી ખંભાતબંદરના હલકારાના લખવાથી હજુરના સાંભળવામાં આવ્યું કે, **સૈઇદ અહસનુલ્લાખાન** મુસદ્દીએ શહેરની અંદર એક મોટું દીવાનખાનું તથા એક મહેલ બાંધેલ છે, જેને માટે લાકડબર વિગેરે સાતહજાર રૂપિયાનો સામાન તેણે કાટપીટીઆ પાસેથી ચારહજાર રૂપિયામાં લીધો છે, તેમજ મોભ વિગેરે કેટલોક માલ બંદરની સરકારી કચેરીમાંથી કઢયો છે. તે માલ સરકાર તાબાનો છે અને અમદાવાદ મોકલાવેલ છે; તેમાં છત્રીશ આરસપહાણની શિલાઓ અને એકસો બીજા પથરાની છાંટો દરવાજા બહાર આવેલી મક્કી મસજીદમાંથી કાઢીને અમદાવાદ મોકલવાનો મનસુબો રાખતો હતો, પણ **શેખ અબ્દુલવહાબ**ના રોકવાથી તે લઇ જઇ શકયો નથી અને આરસપહાણની શિલાઓ ચોકીમાં ( પહેરામાં ) રાખેલી છે; તે ઉપરથી હુકમ થયો કે ગુરજબરદારે જઇ તેને હજુરમાં પકડી લાવવો અને સુબાદિવાન ઉપર પણ હુકમ કર્યો કે, તેનું ઘર સરકારમાં જપ્ત કરી લેવું.

## ફીરોઝજંગખાન સુબાનો અંતકાળ અને તેના માલ ઉપર જપ્તિ.

ખાન ફીરોઝજંગે **વાલાસ** મુકામેથી આગળ કુચ કરીને પેશકશી લેવામાટે **દાંતા**ના જમીનદારને ત્યાં મુકામ કરેલો હતો, ત્યાં તેને થોડી

ઘણી કમજોરી થઇ ગઇ હતી. પછી એક ગાંઠ થઇ અને જલંદરના રોગનાં ચિન્હો જોવામાં આવ્યાં દીવસે દીવસે મંદવાડ વધતો જતો હોવાથી તે પાછો ફરી અમદાવાદ આવ્યો. આવતાં વેંતજ તે ખાટલે પડયો અને કમજોર થઇ પથારીવશ થઈ ગયો. તેનો આયુષ્યરૂપી પ્યાલો ભરાઇ ચુકયો હતો અને જીંદગીના દિવસોનો અંત પણ આવી રહ્યો હતો તેથી તેને વૈદ્યકવિદ્યા બીલ્કુલ લાગુ પડી નહિ. તે, સન મજકુરના શવ્વાલ માસની ૧૭ મી તારીખ, ને બુધવારના રોજ મૃત્યુ પામ્યો, અને તેના શબને કબરમાંથી કાઢી લઇ જવાના ઇરાદાથી **શાહજહાંબાદ**માં તેની બનાવેલી પાઠશાળામાં શાહ વજીહુદ્દીનની કબર પાસે તેની કબરની જગ્યાએ દફનાવવામાં આવ્યું.

હવે શરીયતખાન–દિવાન, મીર અલી બક્ષિ–ખબરપત્રી અને બનાવો નોંધનાર **અકરમુદ્દીનખાંએ** આ વખતે પાટણના નાયબ ફોજદાર **મુહમ્મદ બેગખાનને** બોલાવવા માટે ઘણી ઝડપી ચાલવાળા કાસદને મોકલી કહેવડાવ્યું કે, વહેલા આવીને સુબેગીરીનું કામ સંભાળીલો. તે ખબર મળતાંજ તેણે એજ માસની ચોવીસમી તારીખે ઉતાવળથી આવીને સુબા દિવાન વિગેરેની સલાહથી ખાન ફીરોઝજંગનો માલ જપ્ત કરવા માંડયો, પરંતુ એવજખાન તથા બીજા નોકરીએ રૂકેલા માણસોના લીધે બીજો કેટલોક માલ કબજે કરાય તેમ નહોતો અને જેમાં તે ફાવી શકયો તે કબજે કર્યો, તે વિષેની તમામ કેફીયતના કાગળો ઉપર મોહોર કરીને હજુરમાં મોકલી દીધા. તેના વખતમાં વસુલાતના ઘણાખરા ઉપાયો નવા યોજવામાં આવ્યા હતા, કે જે દુર કરવાની કોઇપણ સુબાની હિમ્મત ચાલી નહિ, એટલે જો ખરૂં કહીએ તો ચાલે કે, પ્રથમ જોર જુલમનો પાયો હલકે રચાયો હતો અને ત્યારપછી જે આવ્યો તેણે તેની ઉપર વધારોજ કર્યો. આ વખતે (આ પુસ્તક રચાતી વખતે) જુલમ જારતીનાં કામો સંપૂર્ણ થઈ પડયાં છે. હવે જો ખુદાની ઇચ્છા હશે તો ઘટતી રીતે દરેકના અમલની વખતે વર્ણન કરવામાં આવશે. વારાનેનપુરમાં ફોજદારે વધતો ઓછો કર કરેલો છે, અને કોટવાલી ચબુતરામાં જે વખતે જે કાંઇ થતું તે વખતે માણસોના હાથમાં એક રીતે છુટ હતી તેથી એટલું બધું જણાતું નહોતું. બીજો દાખલો એ છે કે, સાયરની કચેરીમાં ઢોરઢાંખરોના ખોરાકીના દાણાના દરેક બેડીયાં (૩૨ મણ) દીઠ એક રૂપિયો લેવાતો હતો અને વહેપારીઓ કાપડ ગાંસડી ખાતાંના મહાલમાં મહેસુલ ભરવા માટે

જે માલ રજુ કરતા તે ઉપર દર સેંકડે મુસલમાનો પાસેથી અર્ધો રૂપિયો અને હિન્દુઓ પાસેથી એક રૂપિયો સુબાની ગોલકનો ઠરાવેલો હતો અને તેની વસુલાત કરવા માટે પોતાના એક ભરોસાદાર માણસને ઠરાવી ત્યાં તેને બેસવાની જગ્યા આપેલી હતી. હવે આ નવા કરો જે ચાલુ થયા તે વિષે ખરૂં જોતાં સુબાને મહેસુલી ખાતાંમાં ઠરાવેલાં મહેસુલ સિવાયના માલને ઓળખવાની કે કિમ્મત કરવાની સત્તા નહોતી. સરકારી મુસદ્દીઓ કાયદા પ્રમાણે કામ કરતા હતા. આ વખતે મહેસુલ ખાતાંના એક અધિકારીને અધિકાર મળ્યો છે, તથા સરકારી મુસદ્દીઓ તો ફક્ત જોવાનાજ છે. બીજો નવો નંખાયલો કર તે વખતનો ભાજી તરકારી ઉપરનો હતો અને બુરહાનપુરમાં જુના વખતથી તરકારીની મંડાઇમાં ભાજીપાલા ઉપર હાંસલ લેવાય છે, કે જેનો અમદાવાદના સુબાના રાજ્યમાં કદી પણ અમલ થયો નથી. ખાન ફીરોઝજંગ કે જે, જેવો અમદાવાદની સુબેગીરી ઉપર આવ્યો કે તુરતજ તેણે મહાલોમાં પુછાવી મંગાવ્યું, ત્યારે જાહેર થયું કે, અહિં એ માલ ઉપર હાંસલ લેવાતું નથી. તે ઉપરથી તે માલ ઉપર હલકું મહેસુલ લેવાનો ઠરાવ કરવામાં આવ્યો; હમણા તે ઉપર રૂપિઆનો વધારો થયો છે અને શહેરના દરવાજા ઉપર કારકુનો રાખવામાં આવ્યા છે, કે જેઓ તરકારી અને મેવાવિગેરે ફળ ફુલાદી માલની નોંધ કરતા રહે. તે પછી ઘીના બજારમાં જે માણુસો ઘીભર્યાં વાસણો માથે ઉંચકીને લાવેછે તે ઉપર પણ નવો કર નાખવામાં આવ્યો, કેમકે એ બે મહાલો જુદા થયેલા છે.

જ્યારે ફીરોઝજંગખાનના મૃત્યુની ખબર હજુરમાં પહોંચી ત્યારે તે ઉપરથી સુબાદિવાન ઉપર હુકમ આવ્યો કે, તેના માલ ઉપર જપ્તિ કરવી અને તે વખતે અમાનતખાનને, અખબારીને અને ખબરપત્રીને સાથે રાખી પૂરતી સંભાળથી કામ લેવું, કે જેથી એક કોડી પણ ગેરવલે જવા પામે નહિ, તેમજ લેશ માત્ર પણ મુકી દેવામાં આવે નહિ અને તેના દાગળો હજુરમાં મોકલાવી આપવા. તે વખતે સુબાના હલકારાની એવી અરજ હજુરમાં આવી હતી કે, મુસદ્દીઓએ ફિરોઝજંગખાનનું ઘર ઉઘાડીને સિપાઇઓ તથા ખીજમતદારોને કાગળો ઉપર નોંધ કર્યા વગર નાણાં આપી દીધાં છે અને હજુપણ આપેછે, તેમજ આપવાનાં કારણથી તેનો ઉપયોગ પોતેજ કરી લે છે તથા **જયકિસનદાસ** દિવાન કારખાનાઓના કાગળોને રદ બદલ કરેછે, તેથી સુબાદિવાન ઉપર હુકમ આવ્યો કે, આ

હુકમ પહોંચતાંજ સઘળો માલ અમાનતખાન અને મુહમ્મદ બેગખાનની સલાહથી પાકો બંદોબસ્ત કરીને જપ્ત કરી લેવો અને જે લોકોએ જે કંઇ માલ ઉચાપત કર્યો હોય તે તેઓની પાસેથી પાછો કઢાવી તેની સઘળી હકીકત લખી મોકલવી અને કોઇપણ માણુસ દફતરી કાગળને રદબદલ કરવા પામે નહિ તેટલા માટે પૂરતી તજવીજ રાખવી તથા મુસદ્દીઓના પૂર્ણ ભરોસાદાર જામીનો લેવા.

અમાનતખાન હજીસુધી સુરત બંદરથી આવ્યો નહોતો એટલામાં મુહમ્મદ બેગખાને ફીરોઝજંગખાનના દિવાન જયકિશનદાસને, અલ્લમાસ મિત્રને અને ઉકરોજ ખાજાસરાને નજરબંધ રાખેલા હતા, અને અકરમુદ્દીનખાન કે જેના તાબામાં ઉમ્દતુલમુલ્ક અસેમુદ્દૌલા અસદખાન અને મોટા જાગીરદારોની જાગીરો હતી તેણે હજુરમાં જાહેર કર્યું કે, ફીરોઝજંગખાને મારી પાસેથી એક લાખ રૂપિયા વગર કારણે જોરજુલમથી લીધા છે. જોકે તે વખતે મારી પાસે નાણું નહોતાં પરંતુ તેની જબરદસ્તીને લીધે મેં જાગીરોનાં મહેસુલની રકમમાંથી તેને આપ્યા છે. તે ઉપરથી બાદશાહી હજુર હુકમ આવ્યો કે, સુબાદિવાને ફીરોઝજંગના સઘળા માલમાંથી તેના રૂપિયા વસુલ કરાવી દેવા.

હવે ફીરોઝજંગખાનના શબને અહિંથી કાઢી લઇ જવા માટે જે ઠરાવ થયો હતો તે વિષે બાદશાહે એવો હુકમ કર્યો કે, તેનો માલ સરંજામ તથા જાનવરો વિગેરે તમામ મિલ્કત તેનાં શબ ( મુડદું ) ની સાથે આવનાર માણુસોને સોંપી દેવી, કે જેથી તે લોકો હજુરમાં લઇ આવે.

## સુરતબંદરના મુસદ્દી અમાનતખાનને કરવામાં આવેલો ફીરોઝજંગના માલની જપ્તિવિષેનો હુકમ.

ફીરોઝજંગખાન મહાલોના સરંજામને વાસ્તે અમદાવાદના હવેલી પરગણાં વિગેરેની અમીની તથા ફોજદારી, પારસાઇલ મોસમની ખરીફના બે તૃતિયાંશથી ખાલસા કરવામાં આવી. તે વખતે સુરતબંદરના મુસદ્દીપણાનું માન ધરાવનાર, જાતિકા ત્રણહજાર રૂપિયાના મનસબદાર અને ચાલીશહજાર સ્વારોના અધિકારી **અમાનતખાન** ઉપર

સુબાની નાયબીની જગ્યા ખાલસા કરવામાં આવી.

હુકમ ફરમાવવામાં આવ્યો કે, અમદાવાદ જઇને તમોને સોંપેલું કામ ઘણીજ હોશિયારીથી બજાવવું અને ફીરોઝજંગખાનનો માલ જપ્ત કરવામાં પૂરતું લક્ષ આપવું.

ત્યારબાદ **અમીરૂલ ઉમરાની** મોહોરના હુકમ મુજબ અમદાવાદની આસપાસની ફોજદારી, પાંચસો રૂપિયાનું મનસબ નોકરીની શરત અને સો સ્વારોના વધારાથી **નજરઅલીને** આપવામાં આવી. પછી અમાનતખાંએ કેટલાંક જરૂરી કામો તથા વર્ષાઋતુના લીધે રસ્તાઓ બંધ થઇ જવાનાં કારણથી તે રસ્તા પાછા ખુલ્લા થાય ત્યાંસુધી સુરતમાં થોભવાનું કર્યું. અને પોતાના પહોંચતાં પહેલાં પોતાના સગા મુહમ્મદબેગ તથા અનવરખાન નામના માણસને સોંપેલાં કામો કરવા માટે અગાઉથી મોકલી દીધા. તે પછી ત્યાં થોડાજ દહાડા રોકાઇને પોતે પણ તારીખ આઠમી, રબીઉલઅવ્વલ સને ૧૧૨૩ હિ. ને સોમવારના રોજ પાછો અમદાવાદ આવી પહોંચ્યો અને સુબેગીરી તથા શહેરના રક્ષણાર્થે પૂરતો બંદોબસ્ત કરવાનું કામ કરવા લાગ્યો. સુરતબંદરની મુસદ્દીગીરી **દીલાવરખાનને** આપવામાં આવી અને એજ વખતે અમાનતખાનને પણ શહમતખાનનો ખિતાબ આપવામાં આવ્યો. તેણે સરકારમાં એવી અરજ કરી કે, મરેઠા લોકો પોતાની ખોટી દાનતથી અમદાવાદ તાબાના કસ્બાઓમાં દરવર્ષે આવેછે, જેથી સિપાઇ તથા લશ્કરી ફોજ ફાંટો રાખવાની જરૂર પડશે; જેથી મુજ તાબેદારને તોપખાનાની સામગ્રી માટે જરૂરત પડતું જોઇએ તેટલું નાણું આપવાની પરવાનગી આપવામાં આવશે. તે ઉપરથી સરકારી હુકમ થયો કે, જરૂરીયાત વખતે દર મહિને ખજાનામાંથી એક લાખ રૂપિયા સુધીનો ઉપાડ કરવો; અને એ ઉપાડ કરતી વખતે કાયદા પ્રમાણે બક્ષિ, અખબારી અને ખબરપત્રીનો અભિપ્રાય લેવો, કે જેથી હરકત હુજ્જત રહેવા પામે નહિ, તેમજ પગાર પણ ત્યાંના ખજાનામાંથી કરવો. તેથી દસ્તખતો પ્રમાણે ત્રણ માસ, સત્તર દિવસના પગારના ૩,૫૬, ૮૧૬ ( ત્રણ લાખ, છપ્પન હજાર, આઠસો સોળ ) રૂપિયા આપવા વિષેનું સુબાદિવાનની મહોરવાળું ફરમાન આવી પહોંચ્યું.

## મુહમ્મદબેગખાનની માંહોમાંહેની લડાઇનો બનાવ.

મુહમ્મદબેગખાન એક જુનો હકદાર સરકારી નોકર હતો અને જાતે સિપાઇગીરીનો ગુણ ધરાવતો હતો. તેણે પોતાની નોકરી સારી રીતે બજા-

વી હતી, તેમજ પોતે જુનો નોકર હોવાને લીધે જેવી જોઇએ તેવી ઘટતી વર્તણુંકથી પહેલા રોજેજ લેવા માટે સામે જઇ મળ્યો. તે વખતે આવતાં જતાં શહમતખાંએ તેની સાથે જરા અભિમાની દેખાવથી મુલાકાત કરી હતી, જેથી મુહમદ બેગખાનના દીલમાં નાખુશી પેદા થઇ; મતલબકે, બન્ને અધિકારીઓ એક બીજા તરફ દ્વેષભાવ રાખવા લાગ્યા. ફીરોઝજંગખાનના મરી ગયા પછી શહેરનો બંદોબસ્ત અને નોકરીમાં અપાતા મહાલો શહમતખાનના તાબામાં સોંપવામાં આવ્યા હતા; જેથી સઘળો હિસાબ સાફ કરવાના નિમિતે તેણે મુહમદ બેગખાનની પાસે સરકારી લેણાના રૂપિયાનો હિસાબ માગ્યો, પણ તે બરાબર જવાબ આપતો નહોતો તેથી તેઓની વચ્ચે નારાજીપણું અને દ્વેષભાવ વધતો જતો હતો; તે ઉપરાંત વળી કેટલાક એવા બનાવો બનતા હતા કે જેથી કોઇનું દીલ પણ ઉશ્કેરાયા વગર રહે નહિ.

હવે શહમતખાને, તેને હલકો પાડવા માટે બાકી રહેલા હિસાબનો ખુલાસો લેવાને બહાને તેના ઉપર જબરદસ્તી ગુજારવા માંડી, અને એક દીવસે તેણે શિકાર કરવાના ઢોંગથી પોતાની સ્વારી તથા ફોજને તૈયાર કરીને તે પૈકીના કેટલાક માણસોને મુહમદબેગખાનનું ઘર કે જે સાબરમતી નદીના કિનારા ઉપર હતું ત્યાં અચાનક રીતે મોકલી આપ્યા અને તેઓને એવો હુકમ કર્યો હતો કે, મુહમદબેગખાનને બેસાડીને બાકી રહેલો હિસાબ સાફ કરી લેવો. જો તેમ કરતાં કદાચ ઝઘડો થાય તો, જે લશ્કર તૈયાર છે તેને આવી પહોંચ્યું જાણજો. પછી તે લોકો એક ઘડી દીવસ ચડ્યો હશે તે વખતે ત્યાં પહોંચી ગયા અને જીલોખાનામાં ( બેઠકમાં ) પહોંચી દિવાનખાનામાં જવાનો મનસુબો કરતા હતા તેવામાં ભોગજોગે એવું બન્યું કે, તેના માણસો ત્યાં પહોંચી જાય તે પહેલાં તો તે અંદર ગયો હતો, અને કેટલાક પેદલો તથા ખીજમતગારો ત્યાં હાજર હતા. બંન્ને તરફ જ્યારે મુહમ્મદબેગખાનના માણસોને કહેવામાં આવ્યું કે, ઘરની અંદર હોય તો ખબર કરો, ત્યારે તે લોકોએ જવાબ આપ્યો કે, તમો લોકો બહારથી અંદર આવી શકતા નથી. પરંતુ તે લોકો આ મનાઇ પ્રત્યુત્તરને નહિ ગણકારતાં જોરજુલમથી અંદર જવાનું ધારતા હતા, જેથી બન્ને તરફના લોકોમાં તકરાર વધી ગઈ અને બન્ને તરફના લોકોમાંથી બે ત્રણ માણસો ઘાયલ થયા. તે પછી ચઢી આવેલા લોકોને બહાર કાઢી બારણું બંધ કરી

દેવામાં આવ્યું. ત્યારબાદ મુહમદબેગખાન આ ગડબડ અને ખુમાટો સાંભળી એકદમ બહાર આવ્યો અને સઘળી હકીકતથી વાકેફ થઇને પોતાના ભાઇઓ, પુત્રો અને ગુલામોને સાથે રાખી લડવા માટે તૈયાર થઇ બેઠો.

જ્યારે શહમતખાંએ આ ખબર સાંભળી ત્યારે લશ્કર, તોપખાનું, લડાઇ માટે તૈયાર કરેલો પાટીયાંનો માર્ગ તથા હાથીઓને પણ મદદ અર્થે મોકલી દીધા અને બાણ, તોપો તથા બંદુકોની લડાઈ ચાલુ થઇ. આ લડાઇની ખબર શહેરની અંદર તથા બહાર સર્વત્ર ફેલાઈ ગઇ.

ઘણાખરા જમીનદારો તથા લશ્કરી માણસો સાબરમતી નદીના કિનારા ઉપર છ-સાત હજારની સંખ્યામાં પડેલા હોવાથી તે જગ્યાએ એક નાના શહેર જેવો દેખાવ થઈ ગયો હતો; તે બધા અફઘાન પઠાણો હતા, અને તેઓ પ્રથમથી મુહમદબેગખાનની નોકરીમાં વારંવાર તહેનાત થયેલા હતા. તેઓને જ્યારે લડાઈની ખબર મળી કે તરતજ તેઓ આવી પહોંચ્યા અને નદીના પાણી તરફ જે બારણું હતું તેમાંથી અંદર જઇ મદદ કરવા મચી પડ્યા. શહમતખાનની ફોજ જોકે હુમલા ઉપર હુમલા કરતી હતી, પરંતુ બંદુકો તેમજ જંજીરની ગોળીઓ કે જે ઘરની દીવાલો પાછળથી આવતી હતી તેના મારાથી કંઇ પણ ફળદાયક કામ બની શકતું નહોતું. તેમાં ઘણા માણસો ઘાયલ થયા અને ઘણા મરણ પામ્યા. આ હંગામમાં કેટલાક પાસે આવેલાં ઘરો બળીને લુંટાઇ ગયાં. છેવટે એજ દિવસે સુબાનો બક્ષિ **મહેરઅલીખાન** તથા **સફદરખાન બાબી** આ બન્ને જણ વચ્ચે પડ્યા અને બન્ને બાજુના માણસોને લડતા અટકાવી દઇને મારામારી અને કાપાકાપીની અગ્નિને સલાહ ભરેલાં સુવચનો વડે શાન્ત પાડી દીધી. પહેલાં કદીપણ આવી માંહોમાંહેની ઘરની લડાઇ તો થઇ નહોતી, જેથી તે એક નવા બનાવ તરીકે નોંધાઇ ચુકી. તે લડાઇને કેટલાક દહાડા વિત્યા પછી મુહમ્મદબેગખાનને પોતાનું અહિંઆં રહેવું ડહાપણભરેલું જણાયું નહિ તેથી તે ત્યાંથી રવાને થઈ ખરકોલની તરફ જતો રહ્યો. એજ વખતે મોટા કાજી અબદુલ હમીદખાંએ પોતાની નોકરીનું રાજીનામું આપી હજુરમાંથી અમદાવાદ આવવાની રજા માગી, પરંતુ તેની અરજ હજુરે મંજુર કરી નહિ. તેથી તે પોતાના તંબુને અગ્નિવડે સળગાવી મુકીને ફકીરની કફની પહેરી મસજીદના ખુણામાં જઇ બેઠો. એ વિષેની ખબર જ્યારે હજુરના જાણવામાં આવી ત્યારે તેની જુની નોકરી (મજકુર બાદશાહના અમલ

પહેલાંની) અને કૃપા જે ચાલુ હતી તે ઉપરથી હુકમ થયો કે, તેણે પોતાનો નાનો ભાઇ શરીઅતખાન કે જે હાલમાં સુબાની દીવાનગીરી ઉપર છે તેને, પોતાની છ માસની રજા ભોગવીને પાછા ફરતાંસુધી પોતાના નાયબ દરજ્જે બોલાવી લે. તે ઉપરથી સુબાના દીવાનનું કામ કરવા શરીઅતખાનના પુત્ર **મુતેશર્રેખાનને** નાયબ તરીકે ઠરાવવામાં આવ્યો. આ ઠરાવથી ખાજા અબ્દુલ હમીદ ઘણોજ ખુશી થઇ અમદાવાદ આવ્યો, અને શરીઅતખાંએ જઇને હજુરનું સુપ્રત કામ કરવા માંડ્યું.

આ વખતે શહામતખાન સાબરમતી કાંઠાના જમીનદારો અને કોળી લોકો પાસેથી પેશકશીની વસુલાત તથા બંદોબસ્ત કરવા માટે **કડી** તથા **બીજાપુર** પરગણામાં ગયો, અને કેટલાંક માથાંનાં ફરેલ ગામડાંઓને લુંટીને જોઇતી શિખામણો દઇ દગો ફિસાદ નહિ કરવાના જામીનો લેવાના કામમાં રોકાયો હતો; તેવામાં તેને બાબા પ્યારાના ઘાટ ઉપર મરેઠાઓના આવી પહોંચવાની ખબર મળી, તેથી તે પાછો ફરી તોપખાનાનો સરંજામ, તેનાતી મનસબદારોનો જમાવ અને સોરઠના ફોજદાર **સૈઇદ તોહ્ફાની** મદદ લઇ કુચ ઉપર કુચ કરી એકદમ વડોદરે પહોંચી ગયો. ત્યાં જઇને લશ્કરને જુદું કરી બહાદુર ટુકડીને ભરૂચમાં મોકલી અને લશ્કરને પૂરજોશમાં જમાવી ચડાઇ કરી. આ ખબર સાંભળીને મરેઠા લોકો નદીને સામેપાર જતા રહ્યા. શહામતખાંએ કુચ કરી તેના બીજા દીવસે વહાણમાં તેઓ આગળ નાશી ગયા અને તેમના ઉતારા ઉપર શહામતખાં જઇ પહોંચ્યો. એવી રીતે તેણે છેક **અંકલેશ્વર** સુધી તેઓની પુઠ પકડી તે પછી જે દીવસે મુસલમાનોનું લશ્કર ત્યાંથી કુચ કરી ગયું તેજ દીવસે રસ્તાની અંદર **ચંદાવલ** આગળ લડાઇ થઇ. તેમાં મરેઠા લોકો સારી પેઠે માર ખાઇ પીઠ ફેરવી નાશી ગયા અને શહામતખાન સુરતબંદર સુધી જઇ કેટલાક મુકામો કરી દક્ષિણીઓના જતા રહ્યા પછી પાછો ફરીને અમદાવાદ આવ્યો.

---

**જન્નતવાસી શાહેઆલમ બહાદુરશાહ બાદશાહ ગાઝીના દીકરા—**

# અબુલફતહ મુઈજ્જુદ્દીન જહાંદારશાહનું રાજ્ય.

સને ૧૧૨૪થી ૧૧૨૫ હિજરી.

**તારીખ ૧૯ માહે મોહર્રમ સને ૧૧૨૪ હિ૦ના રોજ લાહોર રાજધાનીમાં શાહેઆલમ બહાદુરશાહ બાદશાહ ગાઝીના** જન્નતવાસી થવાનો માઠો બનાવ બન્યો. **ત્યારબાદ** બાદશાહજાદાઓમાં માંહોમાંહે આમન સામન ખાનગી લડાઇઓ ચાલુ થઇ અને રાજ્યની લગામ **અબુલફતહ મુઇજ્જુદ્દીન જહાંદારશાહ**ના હાથમાં આવી. આ જગ્યાએ એક કવિતના અર્થમાં બતાવેલ છે કેઃ—" એક જાયછે તો બીજો તેની જગ્યાએ કાયમ થાય છે; " અને " કન્યારૂપી દુનિયા કદીપણ પરણ્યા વગર રહેતી નથી."

આસેફુદ્દૌલા અસદખાન અને શરીઅતખાનની સુબેગીરી--મુહમદબેગખાનની નાયબી અને મોતશરૈખાનની નાયબ દિવાની.

હવે બાદશાહે દીલ્લી તરફ આવી પહોંચી તખ્ત ઉપર બીરાજીને પહેલાં પ્રમાણે વકાલતના કામ ઉપર ઉમદતુલમુલ્ક અસદખાનને ઠરાવ્યો અને વિજારતુલમુલ્ક મદારૂલ મહામ જુલફિકારખાનને વજીર નિમવામાં આવ્યો તથા સિક્કો આવી રીતે ચલાવવામાં આવ્યોઃ—

દર આફાક સિક્કા ઝદ ચું મેહરો માહ,
અબુલ ફતહ ગાઝી જહાંદાર શાહ.

**અર્થ**—અબુલફતહ ગાઝી જહાંદારશાહે ચંદ્ર–સૂર્યની પેઠે દુનિયામાં સિક્કો ચલાવ્યો.

મુહમદબેગખાન, મરહુમ બાદશાહ **ઔરંગજેબ**ના વખતથીજ આસેફુદ્દૌલાની સાથે પ્રેમાળ સંબંધ ધરાવતો હતો અને પોતાની હકીકત તથા ધરગોલ પહોંચવાની કેફીઅત તેમજ નકામા બેસી રહેવાની ખબર ઉમદતુલમુલ્કને લખી મોકલી હતી. ખાનફીરોઝજંગના મરી ગયા પછી અમદાવાદની સુબેગીરી ઉપર કોઇ પણ સુબો નિમાયો નહોતો તેથી એ સુબેગીરી હજુર તરફથી આસેફુદ્દૌલાને આપવામાં આવી, અને બાદશાહને અરજ કરીને નાયબ સુબાની જગ્યા મુહમદબેગખાનને આપવામાં આવી તેમજ તેની નિમણુંકમાં પણ ત્રણ હજાર રૂપિયાના પગારનું મનસબ, તેનાતમાં બે હજાર સ્વારો અને નોબત નિશાનનાં માનનો વધારો કરી આપી લખવામાં આવ્યું કે, જે જગ્યાએ તમે પહોંચી ગયાહો ત્યાંથી પાછા ફરીને અમદાવાદ પહોંચી જવું. પરંતુ તે પોતે પણ અહોનિશ એજ આશામાં રહેતો હતો, તેથી તે ફરમાન તેમજ માનની ભેટો મળતાંજ ઘણીજ ઉતાવળે આ તરફ આવવા રવાને થઇ સન મજકુરના જમાદીઉલ અવ્વલમાસની ૧૪મી તારીખે અમદાવાદ આવી પહોંચ્યોઃ શહામતખાનની બદલી માળવામાં થયેલી હતી,

તેથી તે પોતે પણ તે તરફ રવાને થઇ ગયો. તે પછી મુહમદબેગખાનને સુબાનો કારોબાર અને સુબાના તાબાના થાણદારો તથા ફોજદારો ઠરાવવા વિગેરે બંદોબસ્ત કરવાનું કામ પૂર્ણ રીતે ચલાવવા માંડ્યું. તેણે ફક્ત ત્રણ માસ સુધી નાયબ સુબાનું કામ કર્યું અને પછી તેને સુરતબંદરના મુસદ્દી દીલાવરખાનની બદલીમાં તે જગ્યાએ નિમવામાં આવ્યો.

## એકતાલીશમો સુબો આસેફુદ્દોલા અસદખાન.

સને ૧૧૨૪ હિજરી.

બાદશાહી હજુરમાંથી છહજાર રૂપિયાની નિમણુકવાળા અને છ હજાર ઘોડાના ઉપરીપણાની પદવીવાળા સર બુલંદખાનને નાયબ સુબાની જગ્યા ઉપર નિમવામાં આવ્યો અને તેણે પોતાને ત્યાં પહોંચતાં પહેલાં સુબાના કુમકી ઇલતિફાતખાનને પોતાના તરફથી સઘળું કામ સંભાળી લેવા માટે લખી મોકલ્યું, જેથી તેણે માહે શાબાન માસની પાંચમી તારીખે તે કામ પોતાના હસ્તક લીધું. તે વખતે મુહમદ બેગખાન સુરતબંદર તરફ રવાને થયો.

સર બુલંદખાન બહાદુરની નાયબી.

સર બુલંદખાન હજુરમાંથી માનભરેલો પોશાક લઇને અમદાવાદના સુબા તરફ પહોંચવાને મનસુબે નિકળ્યો અને મજલોપર મજલો મારતો લાંબો પંથ કાપી સુબાની સરહદ નજીક આવેલા સાગવાડે પહોંચ્યો અને તેને લુંટીને આગળ વધી માહે શવ્વાલ માસમાં ગુરૂવારના રોજ શહેરમાં દાખલ થયો અને કામકાજ કરવું શરૂ કર્યું. તેપછી અબદુર રહેમાન તથા પોતાના સાથવાળા અબદુરરહીમ જમાદાર—એ બંને જમાદારોને શણગારેલા લશ્કરની સાથે પૂર્ણ તોપખાના સહીત સુબાના બંદોબસ્તને વાસ્તે અને લુચ્ચાઓને શિક્ષા દેવા તથા પેશકશી વસુલ કરવા માટે રવાને કર્યા, તેઓએ પીસાદી કોળીઓના રહેઠાણના ચુંવાળ ટપામાં જઇને તેમનાં ગામડાંઓ લુંટી લીધાં અને તેમનામાંના કેટલાકને પકડયા તથા માર્યા; જેથી તે જીલ્લાનો ઘણોજ સારો બંદોબસ્ત થઇ ગયો, અને સર બુલંદખાને એક ટુંક લખાણના દસ્તાવેજ ઉપર મહોર કરી. તે દસ્તાવેજ ઉપર મોટા કાજી ખાજા અબ્દલ હમીદખાન અને દીવાન શરીઅતખાન, મહેરખાં બક્ષિ અને અખબારીએ પણ પોતાની મોહોર કરી. તેમજ

તે વખતે શેખુલ ઇસ્લામના ખિતાબનું માન ધરાવનાર **અકરમુદ્દીનખાં** **સદ્ર** સમાચાર અધિપતિ **નાસિરૂદ્દીન** અને કાજી અબુલ ખેરની બદલીએ આવેલા **કાજી અઝહરખાંએ** પણ તે દસ્તાવેજ ઉપર પોતાની મોહોરો કરી. તે દસ્તાવેજ એવી મતલબનો હતો કે, દક્ષિણી મરેઠાઓને શિક્ષા આપીને તેઓના પગ જડમુળથી ઉખેડી નાખવા.

**અલહયારે** રસ્તાઓ તથા ઘાટોને મજબુત કરવા અને જોઇતું તોપખાનુ રાખવા માટે દસ્તખતો પ્રમાણે સુબાહિવાન પાસેથી બે લાખ, ચાલીશ હજાર, ચારસો છપ્પન (૨,૪૦,૪૫૬) રૂપિયા ખજાનામાંથી ઉપલક લીધા; અને બાદશાહ ઔરંગજેબના વખતમાં સદર અદાલતના દરોગાના કામ ઉપર રહેલો અને સાત ચોકીની અમીનીનું કામ કરનાર તેમજ બાદશાહની હજુરમાં હાજર રહેવાનું માન ધરાવનાર **રહેમતુલ્લાખાન** કે જે, ઔરંગજેબ બાદશાહના સ્વર્ગવાસ પછી નોકરી મુકી દઇને એકાંતમાં રહેતો હતો, તે સર બુલંદખાનની સાથે મિત્રાચારી ધરાવતો હોવાથી તેનો સાથી બનીને હજ કરવાના મનસુબે શહેરમાં આવી પહોંચ્યો.

તે વખતે જજીઆવેરો વસુલ કરવાની અમીનીનું કામ મહેરઅલીખાનને સોંપવામાં આવ્યું અને સુરત બંદરનો મુસદ્દી મુહમદ બેગખાન પોતાની જીવન શકિતના ગાંસડા પોટલા બાંધીને પરભવની મુસાફરી કરવા વિદાય થયો. જ્યારે એ વાત સર બુલંદખાનના જાણવામાં આવી ત્યારે તેણે તરતજ પોતાના સાળાના પુત્રને ત્યાંના બંદોબસ્ત વાસ્તે મોકલ્યો; આ વખતે મુહમદ બેગખાનની લાશને તેના સાથીઓ લઇ આવ્યા અને શહેરથી બહાર આવેલા શાહપુર દરવાજે તેના બગીચામાં દાટવામાં આવી. તે દરમ્યાનમાં સુલતાની લડાઇ અને મુહમદ ફરોખશિયર બાદશાહની તખ્તનશિનીની ખબર આવી, સર બુલંદખાને સમયસુચક બુદ્ધિ વાપરીને સૈઇદ અકીલખાનને નાયબ સુબો ઠરાવ્યો અને પોતે સને ૧૧૨૫ હિ૦ ના માહે સફર માસની તારીખ ૧૭ મી ને સોમવારના રોજ **દિલ્હી** તરફ જવાને રવાને થઈ ગયો.

તે પછી સૈઇદ અકીલખાને ભદ્રના કિલ્લામાં દાખલ થઇને બંદોબસ્ત કરવાનું કામ પોતાના હસ્તક સંભાળી લીધું.

સૈઈદ અકીલખાનની નાયબ દીવાની.

મુજ ગ્રંથકર્ત્તાના પિતાને, સૈઇદ અફીલખાનને સોંપેલા પરગણામાંના ડભોઇ મુકામેથી બોલાવી લેવાથી તેઓ અત્રે આવ્યા, કેમકે સૈઇદ અફીલ- ખાનનો સઘળો કારોબાર તેમના ભરોસા ઉપર ચાલતો હતો. તેમણે આ- વીને હુકમો તથા રોજકામો કરવા માંડ્યાં, માસુમ કુલીને સુબાની નોકરીની શરતથી પાટણ મહાલની ફોજદારી આપી અને તેના ભાઇ રજાકુલીને શહેર બહારની ફોજદારી આપવામાં આવી, તથા સફદરખાન બાબીના ભત્રીજા **મુહમ્મદ યહયાખાન બાબી**ની પણ નિમણુંક કરી, કેમકે તે સૈઇદ અકીલખાનના અમદાવાદ આવવાના વખતથીજ તેની સાથે બંધાઇ રહેલો હતો; અને કરોડગીરી હાંસલ મહાલ સાયરની ગાંસડીઓનાં કાપડ ખાતાં ઉપર મારા કાકાના દીકરા મુહમદ જાફરને નિમ્યો. આ વખતમાં કેટલાક બદમાસ લોકોએ પ્રજાને પીડવવાનું કામ જાતિકા ધંધા તરીકે મુક- રર કરી મેલ્યું હતું તેથી સૈઇદ અફીલખાંએ નાયબ કોટવાલ અલહયારને તે લોકોને પકડી મારી નાખવાને વાસ્તે રોકયો અને તે હંમેશાં બરાબર વાટ જોતો લાગ જોઇ બેસી રહેતો હતો. તે બાદ એક દિવસે સલાપોશના રસ્તા અને બજારની વચ્ચે એકાએક ભેટો થઇ ગયો; તે વખતે તેઓને પકડવાનો મનસુબો કર્યો, પણ તે લોકો ન્હાસી જઇને રસ્તાપર આવેલા **મુસ્તફીદખાન**ના ઘરમાં જઇ ભરાયા; અલહયાર પણ તે લોકોની પાછળ પ- ડીને એજ જગ્યાએ પહોંચી ગયો. હવે કયાંયથી પણ ન્હાશી જવાનું નહિ હોવાથી તે લોકો લડવા લાગ્યા, અને લડતાં લડતાં કપાઇ પડતા જમીન- દોસ્ત થઇ ગયા.

હવે સૈઇદ અફીલખાંએ તેને (અલહયારને) બંદોબસ્ત કરવા તથા પેશકશીની વસુલાત અર્થે સફદરખાન બાબીની સલાહ પ્રમાણે કામ કરવા માટે રીસાલો આપી રવાને કર્યો હતો તેથી તે **મહેમુદાબાદ** જઇ પહોં- ચ્યો, પરંતુ તેટલામાં તો શહામતખાનને સુબેગીરી મળવાની ખબર પહોંચી, તેથી **મારા પિતા** તેને ફોજની સાથે ત્યાંથી બીજે ઠેકાણે લઇ ગયા, કે જ્યાંથી તે ખંભાત ચોરાસીમાં આવેલા વડસડા ગામના જમીનદાર દુજા- શાણ ઉપર ગયો અને તેની પાસેથી તેણે ત્રીશહજાર રૂપિયા લીધા અને સૈઇદ અકીલખાનના લગ્નનો ચોકસ ઠરાવ કરી તે રકમને સિપાઇઓના પગારમાં જમે કરી દીધી.

### ઔરંગજેબ બાદશાહના શાહજાદા મુહમ્મદ અજમુદ્દીનના શાહજાદા અબુલ મુઝફ્ફર મોઈનુદ્દીન

# મુહમ્મદ ફરૂખશિઆર બાદશાહનું રાજ્ય.

સને ૧૧૨૪ હિજરી.

**જહાંદારશાહ** સાથે સુલતાની લડાઇ થયા પછી તેના કાકા **મુહમ્મદ ફર્રૂખશિયર ગાઝીએ** મજકુર સાલ સને ૧૧૨૪ હિજરીના જીલહજ માસની ૧૩ મી તારીખે તખ્ત ઉપર વિરાજીત થઇ રાજ્યાસનની શોભા તથા વૈભવમાં વધારો કર્યો. પ્રધાન પદ્દી ઉપર **કુતબુલમુલ્ક, યમીનુદ્દૌલા, અબ્દુલ્લાખાન બહાદુર, ઝફરજંગને** મુકરર કર્યો અને અમીરૂલ ઉમરાની પદ્દી **સૈઈદ હસન અલીખાન બહાદુરને** આપવામાં આવી. હવે પવિત્રતાપુર્વક સરકારી હુકમ પ્રગટ થયો કે, જહાંદારશાહે કરેલી બાદશાહતના વખતને બનાવટી અને અજ્ઞાનતા ભરેલો ગણી તખ્તનશિનીમાં તે વર્ષોને મજરે લઇ લેવાં, તખ્તનશિનીનાં ખુશાલીનાં ફરમાનો તથા બાદશાહી નામથી ખુતબા પઢાવવાના અને બાદશાહત જાહેર કરવાના ઢંઢેરા આખા હિન્દુસ્તાનના સુબાઓ તેમજ દિવાનો ઉપર મોકલાવવામાં આવ્યા. અમદાવાદની સુબેગીરી, માળવાના સુબાનું કામ કરનાર શહામતખાનને આપવામાં આવી, જેથી તે (શહામતખાન) રવાને થઇ સરકારી હુકમ અનવે જમાદીઉલ અવ્વલ માસની વીસમી તારીખે અમદાવાદમાં દાખલ થયો અને એકદમ જોશબંધ સુબેગીરીનું કામ બજાવવા લાગ્યો. તે વખતે જે સરકારી ફરમાન થયું તે નીચે મુજબ હતું:—

શહામતખાનની સુબેગીરી, શરીઅતખાનની દિવાની અને મુતશર્રેખાનની નાયબી.

## બેતાલીશમો સુબો શહામતખાન.

સને ૧૧૨૫ હિજરી.

### બાદશાહી ફરમાનની નકલ.

ભારે ઉપકાર સંપાદન કરનાર, પરોપકાર પાત્ર અને જીવસટે પ્રેમ રાખનાર શહામતખાને બાદશાહી ઉપકારનો લાભ લેતાં જાણવું કે, અચળ અને અખંડીતપણે સદાએ કાયમ રહેનાર રાજ્ય તથા ખુદાઇ બક્ષિશરૂપી

બાદશાહતને સૂર્ય, હમેશાંને માટે અડગ રહેવાની અવિચળ રાજકિર્દી ઉપર પ્રકાશિત થયો છે અને સંસાર સુધારક રાજનિતીની લગામ ખુદાઈ મહેરબાનીથી કાયમ ટકતા હાથમાં સત્તા સાથે ગ્રહણ થઇ છે, રાજદ્રોહી લોકો પ્રતેહવંત શૂરાઓના હાથે હણાઈ ગયા છે અને કેટલાક કે જેઓ યુદ્ધસંગ્રામમાંથી હારી ન્હાસીને ભટકતા રખડતા થયા હતા તે સઘળાઓ પણ પકડાઇ ગયા છે. સંસાર વહેવારનું પવિત્ર રાજ્યાભિષેક આસન અત્યુત્તમ બાદશાહી જુલુસથી ભભકાદાર તથા શોભાયમાન થઇ રહ્યુ છે અને ભાષણ સ્થાનમાં અને મથકોમાં પણ શ્રીમંત બાદશાહનાં અતિ પવિત્ર નામથી વધારે શોભા થઇ રહી છે જેથી ખુદાનો આભાર કે જેણે આ મહાન હર્ષમય અવસરનો લાભ આપ્યો છે તો તેનો ઉપકાર માનવા માટે તેની બંદગી કરવી. તમારી હિમ્મતથી એવી ખાત્રી થાયછે કે, બની શકે ત્યાંસુધી મુસલમાની શરેહને પૂરતું માન આપી ઉત્તમ ધારાને અનુસરી રઇયતની હાલતને સંપૂર્ણ પુષ્ટી આપશો અને તમારા તાબાના માણસોને માત્ર ખુદાઇ પ્રીતી ઉપર નજર રાખી લાભ આપવા ચુકવું નહિ, કે જેથી અમે ધર્મ તથા રાજસતાના સ્તંભોને ન્યાય તથા ઇન્સાફની પુષ્ટિ આપીએ અને કાળની સત્તા હેઠળ સુખશાન્તિનો બહોળો ફેલાવો કરીએ; તેમજ ન્યાયનાં સાધનો, પ્રજાપાળક હેતુઓ અને જોરજુલમથી બચાવી જુલમીઓના નાશ કરવાના ઉપાયો તમારે અમારી સન્મુખ મુકવા, કે જેથી પ્રજા કે જે ખુદાઇ પ્રેરણાથી સોંપાએલી છે તેના લાભ વિષે બનતી કોશીશ અને ઘટતા ઉપાયો લેવામાં આવે, કે જેથી નિર્બળ માણસો પર જોરદાર જુલમીઓ તરફથી હાયકારો કે જુલમાટ ગુજારી શકાય નહિ, અને સંસાર સુધારણારૂપી બગીચાને ન્યાયરૂપી વાદળની ઘટાથી એવોતો લીલી લેહેરમાં લાવી મુકું કે, તેમાં પાનખર રૂતુનું જોર અને સુકા ગરમ વાયરાનો સપાટો બિલકુલ અસર કરી શકે નહિ. હવે તેમાં ખુદાઇ મહેરબાની માટે બંદગી કરવાની યોજનાઓ શોધી તે પ્રમાણે કરી ખુશબખ્તીનાં કામો બરાબર કરશો અને બાદશાહની મરજી સંપાદન કરવાને પોતાનુ નસિબ વધારશો, સુબેગીરીનું કામ તે દેશની મજબુતી અને પાકા બંદોબસ્તથી કરશો અને જુલમાટનાં કામનો નાશ કરવાની તકને કોઇપણ કાળે જવા દેશો નહિ અને સઘળી હીમ્મતને એજ તરફ ખર્ચ કરશો, જેથી દીવસો દીવસ રાજ્યમાં થતી સઘળી કોશિશો પ્રશંસાપાત્ર થઇ પડશે. શુક્રવારની નમાઝ પઢવાવાસ્તે ધર્માધિકારીઓએ જે ભાષણ (ખુતબો) તૈયાર

કરેલું છે તે મોકલવામાં આવ્યું છે, માટે એવું થવું જોઇએ કે, તમારી સુબેગીરીના હવાલામાં આવેલી મસ્જીદોના ખુતબા ભાષણકર્ત્તાને મોઢે યાદ કરાવી દર શુક્રવારે ઉચ્ચારતા (પઢતા) રહે તેમ કરવું. તે પછી સરકારી હુકમ પ્રમાણે ઝફરજંગ સિપેહસાલાર **અબદુલ્લાખાન**ની મોહોરથી શરીયતખાન સુબા દિવાન ઉપર હુકમ આવ્યો, તે હુકમની નકલ એવી છે કેઃ—

( નકલ. )

આ વખતે શ્રીમંત બાદશાહનો હુકમ પ્રગટ થયો છે, તેથી તમામ સુબાના દીવાનોને લખવામાં આવેછે કે, નીચે જણાવ્યા મુજબ રૂપિયા તથા મોહોરના સિક્કા પાડવા જોઇએ અને તમો પ્રધાન હજુરની આજ્ઞા પ્રમાણે તે કામ કરશો. તે કામ વિષે ઘણીજ તાકીદ સમજવી. તે સિક્કા શ્રીમંત મરહુમ બાદશાહ ઔરંગજેબના કાયદા પ્રમાણે હોવા જોઇએ.

સિક્કાઝદ અઝ્ ફઝલેહક બરસી મોઝર;
પાદશાહે બેહરોબર ફર્રૂખશિયર.

" બાદશાહ ફર્રૂખશિયરે ખુદાની મહેરબાનીથી ચાંદી તથા સોના ઉપર સિક્કો પાડ્યો " અને મોહોરનું વજન સાડા અગિયાર માસા રાખવામાં આવ્યું હતું.

હવે રોજદારી નોકરો તથા વર્ષાપન ભોગવનારા લોકોનો ઠરાવ બાદશાહ ઔરંગજેબના વખતનો કાયદો પસંદ કરી ચાલુ કરવામાં આવ્યો. તે પછી સુરતબંદરની મુસદ્દીગીરી ઉપર, અમદાવાદમાં એકાંત વાસમાં બેસી રહેલા ખાજા અબદુલ હમીદખાનને નિમવામાં આવ્યો, જેથી તે, તે તરફ ગયો અને કેટલાક દહાડા સુધી અમલદારીનું કામ કરીને અમીરોના લીધે રાજીનામું આપી હજુર દરબારમાં જતો રહ્યો અને **હજરત શેખ અહમદ ખટુની દરગાહ** કે જે **સરખેજ** ગામમાં છે, તેનું મુતવલ્લીપણું મેળવી આવ્યો; શહેરના કાજીનું કામ **ખેરૂલ્લાખાન**ને તથા બક્ષિગીરીનું કામ **ગુલામ મુહમદ**ને સોંપવામાં આવ્યું; પ્રથમથી કાયમ થયેલી **બેરાજીની** થાણદારી ઉપર **મુહમદ સાયબ**ને પહેલાં પ્રમાણે બહાલ રાખવામાં આવ્યો, કે જે વિષેનો હુકમ હજુરમાંથી આવ્યો હતો. **જુનાગઢના** ફોજદાર **સૈયદ એહમદ તોલાની**ની બદલી થવાથી તે જગ્યા **મહારાજા અજીતસિંહના** પુત્ર **કુંવર અભેસિંહ** અપાઈ અને તેની નાયબી **ફતેહસિંહ** નામના કાયસ્થને આપવામાં આવી.

# તેતાળીસમો સુબો દાઉદખાન પની.

## સને ૧૧૨૫ થી ૧૧૨૮ હિજરી.

(પુસ્તકની સમાપ્તિ સુધી.)

આ વર્ષમાં હજુર બાદશાહના દરબારથી કેટલાંક રાજદરબારી કારણોના લીધે અમદાવાદની સુબેગીરી દાઉદખાન પની ના નામ ઉપર મુકરર થઈ. આ વખતે તેને સાતહજાર રૂપિયાની નીમનોક તથા સાતહજાર વગર શરતના સ્વારોનું ઉપરીપણું મળેલ હતું. તે આ વખતે દક્ષિણમાં હતો તેથી ત્યાં હુકમ પહોંચ્યો કે, તેણે ત્યાંથીજ બારોબાર આવીને સુબેગીરીનું કામ સંભાળી લેવું, અને તેના આવી પહોંચતાં સુધી ખાજા અબદુલ હમીદખાંએ સઘળો બંદોબસ્ત રાખવો, તે વિષે શહામતખાનને ખબર આપવામાં આવી. શહામતખાને વર્ષાઋતુ હોવાને લીધે ભદ્રના કિલ્લાને ખાલી કરી દેવાની મોહલત માગી અને રાજકારોબારની સત્તા ખાજા અબદુલ હમીદખાનને હવાલે કરી દીધી, જેથી મજકુર હમીદખાને માલી–મુલ્કી કારોબારના કામમાં પૂરતું લક્ષ લગાડયું; તથા શહમતખાન, રસ્તાઓના કીચડ–પાણીથી સાફ થઈ ગયા પછી ત્યાંથી રવાને થઇ ગયો.

ખાજા અબદુલ હમીદખાનની નાયબ સુબેગીરી, શરીયતખાનની દિવાની અને મુતશરેખાનની નાયબદીવાની.

અબદુલ હમીદખાને દેશ, શહેર તથા પરગણાઓના બંદોબસ્તને માટે પચાસ હજાર રૂપિયા કરતાં પણ વધારે ખર્ચના સ્વાર તથા પેદલો રાખેલા હતા તેથી અરજ કરવામાં આવી કે, સુબાની નોકરીની શરતના મહાલો ઘણું કરીને ખરીફ ફસલની ઉપજ આપેછે, તેની વસુલાત બરતરફ થયેલો સુબો સરબુલંદખાન કબજે કરીને જતો રહેલ છે અને જે કાંઇ બાકી રહેલ હતું તે શહામતખાન લઇને ચાલતો થયેલ છે અને નવા રાખેલા સ્વારો તથા પેદલો પોતાના પગારના તકાજા કરેછે તેથી હું આશા રાખું છું કે, સિબંદીના પગારનો હુકમ સુબાના નાયબ દિવાન ઉપર આવશે. તે ઉપરથી શરીયતખાન દીવાનના નાયબ મુતશરેખાન ઉપર હુકમ આવ્યો કે, ખજાનામાંથી પગાર ચુકતે આપી દેવો. તે ફરમાન મુજબ ખજાનામાંથી પગાર આપવામાં આવ્યો.

## સુરતબંદરના મુસદ્દી મોહતરિમખાન અને કિલ્લેદાર અહમદ જમાખાન વચ્ચે ઝપાઝપી, તથા ખાલસાના દિવાન મોતેમીદખાનનો મૃત્યુકાળ.

એજ વર્ષે સુરતબંદરમાં મોહતરીમખાન ( મુસદ્દી ) અને અહમદ જમાખાન ( કિલ્લેદાર ) વચ્ચે ભારે ઝપાઝપી થઇ, અને તે એટલે સુધીતો વધી ગઈ કે, છેવટે તોપ અને બંદુકો ફોડવાનું કામ ચાલુ કરી દીધું. સૈઇદ અકિલખાન પહેલાંથીજ ખાલસાના દિવાન મોતેમીદખાન ( મોહતરિમખાનનો ભાઇ )નો મળતીઓ હતો, તેને મદદ કરવા અર્થે બોલાવ્યો, જેથી તે રવાને થઇ તેની સાથે મળી ગયો અને લાંબા વખત સુધી તે ઝઘડો ચાલુ રહ્યો.

એજ અરસામાં હજુરમાં મોતેમીદખાનના મોતનો માઠો બનાવ બન્યો. તેની જાગીરો તથા ઇવાનની ફરમાશો મોતેમીદખાનના સ્વાધિનમાં હતી, અને તે સૈઇદ અકીલખાનના તાબામાં હતી તેથી મોતશર્રેખાન નાયબ દિવાને તેનો માલ જપ્ત કરવા માટે તેના ઘર ઉપર પોતાના માણસોને મોકલી દીધા અને માલના ઓરડાઓને મોહોર કરીને જપ્ત કર્યા, હકદાર વારસોને કેદમાં બેસાડીને સખ્તાઇ કરવાનો મનસુબો હતો, તેવામાં મારા પિતાજી, કે જેઓ તે વખતે તે શહેરમાં હાજર હતા અને તે ખાનના કારોબારનો સઘળો વહીવટ પોતાના હસ્તક હતો તેમણે તેને મનાઈ કરી. અને ગુજરાતી સિપાઇઓ કે જેઓ નોકરીના કારણથી તથા ફોજદારીના સંબંધથી તેમના તાબામાં હતા તેઓને આશરે બેહજારની સંખ્યામાં ભેગા કરીને કહ્યું કે, વ્યાજબી હિસાબના કામમાં કોઇ ના પાડી શકતો નથી, અને જો બીજો કંઇ મનસુબો હોય તો ધાર્યાપ્રમાણે બનવાનું નથી. આવી રીતે ત્રણ દીવસો ગુજરી ગયા અને માંહોમાંહે લડાઇ થવાનો અવસર ઘણોજ પાસે આવી ગયો હતો. અબ્દુલ હમીદખાન આ હકીકતથી વાકેફ થઈ ગયો અને પોતાના ભત્રીજાને એ કામથી રોકી લીધો, જેથી ઝઘડો શાંત થઇ ગયો અને દીવાની દફતરની રજુઆતના વાસ્તે હિસાબ જોવા માટે મુસદ્દીઓને ઠરાવી દીધા.

## ફીરોઝખાન પની ( સુબો ) એ દક્ષિણમાંથી અત્રે આવી પહોંચ્યો, અને નાયબ સુબા અબ્દુલ હમીદખાને તેને લેવા માટે સામે જઈ તેની મુલાકાત લીધી.

દાઉદખાન સુબો, બાદશાહી ફરમાનને માન્ય કરીને આ તરફ આવ-વવાના મનસુબે ઔરંગાબાદથી રવાને થઇ મજલોપર મજલો મારતો પંથ કાપી શહેરની નજીક આવી પહોંચ્યો. તે વખતે અબદુલ હમીદખાન તથા સુબાના તેનાતીઓ તેને મળવા માટે સામે ગયા. તે સન મજકુર (૧૧૨૫ હિ૦)ના શવ્વાલ માસની પહેલી તારીખે શહેરમાં દાખલ થયો અને શુભ મુહુર્તે ભદ્રમાં દાખલ થવાના ઇરાદાથી સાબરમતી ઉપર બાંધેલા મુહમદ બેગખાનના ઘરમાં ઉતારો કરી નિર્ધારેલાં મુહુર્ત વખતે ભદ્રમાં દાખલ થયો, પરંતુ તે કિલ્લાની બહાર સાબરમતીના કિનારાપરની રેતીમાં તંબુ ઠોકીને તેમાં ઘણા દિવસો સુધી પડી રહ્યો. આ માણુસ લશ્કરી પ્રકૃતિનો અને ખાવા-પીવાનો શોખીન હતો તેથી ભદ્રનો મુલ્કી તથા માલી કારો-બાર દક્ષિણી બ્રાહ્મણોને આપી દઇ પોતે જાનવરોના ખેલ તમાસામાં વખત ગાળતો હતો અને શિકારી કુતરા જે પોતાની સાથે લાવેલ હતો તેમને રમાડી સ્વ મનરંજન કરતો હતો. આ વખતે સૈયદ અકીલખાન કે જે મદદ કરવા માટે સુરત ગયો હતો તે પાછો ફરીને અત્રે આવ્યો, તે વખતે ખંભાતબંદરના મુસદ્દી અહસનુલ્લાખાનની બદલી થવાથી તે જગ્યા હજુ-રમાંથી તેને આપવામાં આવી, જેથી તેણે સદાનંદ નામના માણુસને પો-તાનો નાયબ બનાવી ત્યાં મોકલાવ્યો.

સૈયદ અહસનુલ્લાખાને રૈયતની સાથે સારી સલુકાઇ વાપરી નહોતી તેમજ ત્યાંના લોકોના દીલમાં દંગો-ફિસાદ કરવાની કુબુદ્ધિ ફેલાઈ રહેલી હોવાથી તેના નિકળતી વખતે કેટલાક લોકોએ ભેગા મળીને ઘણું ભારે હુલ્લડ મચાવી દીધું અને ભારે બેઇજ્જતી કરીને બજાર વચ્ચે પથરા તથા ઢેખાળાનો વર્ષાદ વરસાવી દીધો. એ પ્રમાણે તેઓ બે ગાઉ ઉપર આવેલી કસારી સુધી કરતા રહ્યા, તે (અહસનુલ્લાખાન) પોતાના ઉપરી અધિકારી-ઓની સાથે ખટપટ કરતો હતો તેથી આ અણુબનાવના તુમારો અમલ-દારો અને સુબાને પહોંચતા હતા અને રઇયત પણ દિલ્લી જવા માટે ઘણી વખતે કેડ બાંધી તૈયાર થઇને અરજીઓ કરતી હતી, તેવામાં ભોગજોગે સૈયદ અકીલખાનનો મોકલેલો નાયબ સદાનંદ મરી ગયો અને આ લોકોની દીલ દુઃખાવનારી લુચ્ચાઇના લીધે સદાનંદે એક જાતની નાખુશી જણાવી હતી. રઇયત વર્ગના કેટલાક માણુસો નાખુશ થઇને બહાર નીકળી અરજી કરવા માટે અમદાવાદના રસ્તાપર અને ખંભાતબંદરથી બે ગાઉ ઉપર આવેલા સોજીત્રા ગામ આગળ આવી પહોંચ્યા.

સૈયદ અકીલખાંએ પોતાની અમલદારીની શરૂઆતના વખતે આ બનાવથી રઇયતના પોકારનું કામ સારૂં નથી, એમ ધારીને તેણે મારા પિતાને નાયબ ઠરાવીને મોકલી દીધા. તે વખતે હું પણ તેમની સેવામાં હાજર રહી ગયો હતો. મતલબકે, અમો સોજીત્રા ગામે પહોંચી ગયા. ત્યાં જઇને તે લોકોના મનમાં શું છે અને તેઓ શું માગેછે તેની માહિતી મેળવીને સંતોષ આપી કામ પુરૂં કરવાના હેતુથી ચાર-પાંચ દિવસ ત્યાં મુકામ કરીને રહ્યા, અને તે લોકોને શાંત પાડીને પોતાની સાથે ખંભાત લઇ ગયા. પછી ત્યાંના કામકાજ તથા કારોબાર કરવામાં રોકાઇને ઘટતી સલુકાઇનો ઉપયોગ કરીને જુના અમલદારોના કરેલા નવા નવા ધારાઓને કાઢી નાખ્યા, કે જે હાલ સુધી પણ કહેવતો અને કામના કાયદા સરખા થઇ પડયા છે. ત્યારબાદ હજુરમાંથી એવો હુકમ આવ્યો કે, સુબાદિવાન, અખબારી અને હલકારાઓએ માલ અને સાયરખાતાંના કામમાં હાથ ઘાલવો નહિ, અને તેમણે પોતાના ગુમાસ્તાઓને ઉઠાડી લેવા. આ વખતે મહારાજા અજીતસિંહ ઉપર અમીરૂલ ઉમરા બક્ષિ ઉલમ માલીક સૈઇદ હસન અલીખાંએ ચડાઇ કરી હતી, તેને પાસે આવવાની શરતથી ખર્ચ બદલ પચાસહજાર રૂપિયા અમદાવાદના ખજાનામાંથી આપવાનો હુકમ થયો અને તેના પરવાના આવતાં ચાલીશહજાર રૂપિયાના પરવાના રાજા મોહકમસિંહ નાગોરવાળાને મદદ ખર્ચ દાખલ આપવામાં આવ્યા.

શહેરનો સાયર મહાલ કે જે, બાદશાહ ઔરંગજેબના વખતથી સુબાની જાગીરમાં કપાતો હતો, તે આ વખતે ખાલસામાં દાખલ કરવામાં આવ્યો, અને શેરજાદખાનને કાપડ ગાંસડી અને કરોડગીરીની તેમજ દરોગાની જગ્યા

સને ૧૧૨૯ હિજરી.

ઉપર અમલદાર ઠરાવવામાં આવ્યો, જેથી તે અત્રે આવી પહોંચ્યો; અને તેની અરજ ઉપરથી હજુરમાં સાંભળવામાં આવ્યું કે, ઘી, રૂ અને બીજી જણસો છુટક મંડાઇઓમાં ખરીદ કરાય છે અને વેચાય છે, તેથી તેમનું મહેસુલ જેટલું જોઇએ તેટલું સરકારમાં વસુલ થતું નથી. તેવીજ રીતે ફળો અને ભાજીઓ ઉપર જેવી રીતે બીજા સુબાઓના રાજ્યમાં હાંસલ આપેછે તેવીરીતે અહિંઆં બિલ્કુલ હાંસલ લેવાતું નથી, તેથી એવો આશા છે કે, મંડાઇઓ ઠરાવવાના કામમાં એવો ઠરાવ કરવો કે, એક જાતનો સઘળો

માલ એકજ જગ્યાએ ભેગો થાય અને તે ઉપર મહેસુલ લેવાનો આપના આ દાસ ઉપર હુકમ આવશે અને તે સાથેજ એ કામમાં મદદ આપવા માટે સુબા તથા દીવાનોને પણ લખવામાં આવશે. તે ઉપરથી સરકારી હુકમ આવ્યો કે, જે મદદનાં સાધનો છે તે બધાં આ કામમાં લગાડવાં. રનું હાંસલ અસલથીજ મંડાઇઓમાં લેવાય છે અને એકજ જગ્યાએ ભેગું કરવાનું બની શકતું નથી; ભાજી, તરકારી તથા ઘી ઉપર ખાન ફીરોઝજંગના વખતથી નવો કર નાખેલો હતો, અને તે કરનાં નાણાં સુબાઓના ખર્ચના ઉપયોગમાં લેવાતાં હતાં, પણ તે ખાલસા મુજરે આવેલ નથી.

**આ વર્ષના બનાવો**માં હોલી (હુતાશની)નો એક તહેવાર પણ છે, કે જે વખતે હિન્દુ-મુસલમાનો વચ્ચે લડાઇ થઇ હતી. તેનો ટુંક સાર એવો છે કે, તે વખતે **મદનગોપાલ શરાફ**નો ગુમાસ્તો **હરીરામ ખજાનચી,** ખાનફીરોઝજંગની સાથે આ શહેરમાં આવેલો અને તેણે એક મોટી હવેલી શહેરમાં બંધાવી હતી. તે નાણાંવાળો હોવાને લીધે અને સુબાનો ખજાનચી હોવાના કારણથી શરાફોમાં સર્વથી શ્રેષ્ટ ગણાતો હતો. ફીરોઝજંગના મરી ગયા પછી તેણે અમદાવાદમાં શરાફીની દુકાન ખોલી, તેમાં તેને ઘણો નફો થયો. એ ગોઠવણ કરીને તે દિલ્હી તરફ ગયો હતો.

હિન્દુઓની રૂઢી પ્રમાણે હરીરામે બારણાં આગળ કેટલાક શરાફો તથા ધર્મભાઇઓને ભેગા કરીને રંગ ઉડાડવા તથા ધિંગામસ્તી કરવા અર્થે હોળીની રમત ગમતને ભભકાદાર બનાવી હતી. તેવામાં ભોગજોગે કોઈ એક મુસલમાન તે રસ્તે થઇને જતો હતો. તેની આંખ તેમની આંખ સાથે લડી ગઇ. પછી તે મુસલમાનને ઘેરી લઇને તેના ઉપર રંગ, કીચડ અને ધુળ નાખીને તેને બેઆબરૂ કરવા માંડયો. તે (મુસલમાન) ગમે તેમ કરીને લાગ મળેથી છુટી ગયો અને એજ હાલતમાં તે કેટલાકને સાથે લઇને મુખ્ય ધર્મઉપદેશક, ભાષણકર્ત્તા, મોટા વક્તા મુહમદઅલી સાહેબની રૂબરૂમાં ગયો; તેને જોઇને નાના મોટા દરેક ન્યાતના મુસલમાનો દોડી આવ્યા અને બનેલી હકીકત તથા જુલમ કરવાના પોકારો મચાવી દીધા. ધર્મની રક્ષા તથા ઇસ્લામી લાગણી દુ:ખાઇ આવી તેથી તેને જુમામસ્જીદમાં લઇ ગયા અને મુલ્લાં અબ્દુલ અઝીઝને કહાવી મોકલ્યું કે, મને જબરદસ્તીથી અહિંઆં લઈ આવ્યા છે. તેથી તે, સઘળા વહોરાની નાતને લઇને જુમામસ્જીદે આવી પહોંચ્યો.

સઘળા મુસલમાન લોકો, સિપાઇઓ, ધંધાદારીઓ વિગેરે શહેરમાં તથા પુરાંઓમાં રહેતા સર્વ લોકોનાં ટોળેટોળાં અને તમામ તાયફાઓ "દીન-દીન" કહેતા દરેક ખુણા-ખાંચા અને દરેક બાજુએથી આવીને એકઠા થયા. આવી રીતે મુસલમાનોની એક જબરદસ્ત ટોળી બંધાઇ, તે લોકોએ હિન્દુઓને કાપી નાંખવા તથા લુંટવા માટે કેડ બાંધી અને તે કામ ધર્મનું હોવાથી દીનને મદદ કરવાની ખાતર મુસલમાનોની સ્હાય કરવા અર્થે **કાજી ખેરૂલ્લાખાન**ને પોતાની સાથે લેવા માટે તેમને ઘેર ગયા.

કાજીએ એ વાતનો વિચાર કરીને પોતાના ઘરનું બારણું બંધ કરી દીધું અને એક અસાધારણ હુલ્લડની સાથે જવાથી ખોટું થશે એમ ધારીને ઘરમાં સંતાઇ રહેવાનું પસંદ કર્યું. હવે જ્યારે તે અજ્ઞાન લોકોને પાકી ખાત્રી થઇ ગઇ કે, બારણું ઉઘડશેજ નહિ ત્યારે તેઓએ કાજી સાહેબના ઘરને અગ્નિ લગાડી દીધી અને પોતે પોતાનું દંગો-ફિસાદ કરવાનું તથા લુંટફાટ તેમજ મારફાડ કરવાનું કામ ચાલુ કરી દઇને હજારખાના અને સરાફખાનાના હાટોની દુકાનો કે જે રોકડ તથા માલથી ભરપૂર હતી તે સઘળી લુંટી લીધી અને કેટલીક દુકાનોને અગ્નિ લગાડી સળગાવી નાંખી. આ સ્થળે એક કવિતના અર્થમાં દર્શાવેલ છે કે:—આ ઝગડાની અગ્નિ એવી તો જોશબંધ ચાલી કે, તેના ભડકામાં જે કાંઇ હતું તે સઘળું બળીને ભસ્મ થઇ ગયું. આ તોફાની ઝઘડો ઉભો થવાનું સ્થળ મદનગોપાલની હવેલી હતી. ત્યાં ઝવેરી લોકોની સારી સારી ઇમારતો હતી અને હિન્દુઓમાં મુખ્ય પુરૂષ ગણાતા **ઝવેરી કપુરચંદ ભંસાની** ( નગરશેઠ ) નું ઘર પણ ત્યાંજ હતું; અને વોહોરાના શેઠ **મુલ્લાં અબદુલ અઝીઝ**ની સાથે ધર્મરક્ષણાર્થે અથવા તો વોહોરાના શેઠ હોવાની દુશ્મનીના લીધે તે બન્નેમાં અરસપરસ અણબનાવ હતો.

હવે તોફાન થવાના મુળ સ્થળે તે લોકો આવી પહોંચ્યા; તેઓને રોકવા માટે હિન્દુઓએ છાપરાં તથા મેડા ઉપરથી ઇંટો ફેંકવા માંડી. કપુરચંદ ઝવેરીનો માનમર્તબો સુબા કચેરીમાં સારી રીતે હોવાથી તેની મહેરબાનીવાળા સિપાઇઓ અને ગુજરાતીઓ તેની ખુશામત કરવા માટે આવી પહોંચ્યા અને તેણે પોતાના મકાનનો બચાવ કરવા માટે તે લોકોને મોરચા બંધીની રીતથી બેસાડી દીધા. બીનરોજગારી સિપાઇઓ તથા ઝગડાખોર માણસો આ ઝગડાને પોતાનો રોજગાર સમજીને સરાફ લોકોની પોળો (ગલીઓ)

ના દરવાજા અને વહેપારીઓની પોળો ઉપર રોજીંદા પગારની નોકરી કબુલ કરીને ધર્મ વેચી આ સળગતી અગ્નિમાં લડવા માટે તૈયાર થઇ ગયા અને ધર્મવિરૂદ્ધ લોકોની મદદ કરવા માટે સ્વધર્મને વેચવાના હેતુથી તે તરફથી જે પથરા અને ઈંટોનો મારો ચલાવવામાં આવતો હતો તેના બદલામાં આ તરફથી તીર અને ગોળીઓના અવાજ થવા લાગ્યા. બન્ને તરફના કેટલાક માણસો ઘાયલ થયા અને કેટલાક મરણને શરણ થયા. આ બખેડો બે દિવસ સુધી પોતાની જગ્યાએ કાયમ ચાલુ રહ્યો હતો.

આ વખતે કે જ્યારે મજકુર બખેડો પૂરજોશમાં ચાલી રહ્યો હતો, ત્યારે દાઉદખાન ( સુબો ) કે જે સાબર જીલ્લાના જમીનદારોની પેશકશી લેવા અને તોફાની લોકોથી પૂરતો બંદોબસ્ત કરવા અર્થે શહેરથી બહાર નીકળીને શાહીબાગમાં મુકામ કરી પડેલો હતો તેણે ત્યાં એક લશ્કરી ફોજને ત્યાં ( તોફાન ચાલતું હતું તે જગ્યાએ ) મોકલી આપી, કે જેથી તે જઇને બન્ને બાજુના માણસોની વચ્ચે પડીને તેઓને હઠાવે અને કોઇ પણ રીતે કાપાકાપી કે મારામારી જેવું તોફાન થવા પામે નહિ, તે માટે મજબુત બંદોબસ્ત રાખે. જેથી અંત ઉપર વિચાર કરનારા કેટલાક વિદ્વાન ગૃહસ્થોએ તથા ડાહ્યા અને સુજ્ઞ સજ્જનોએ જીભની મીઠાશથી શિખામણો આપવા અને લાભકારક ભલામણો કરવાના કામનો ઉપયોગ કરી બન્ને બાજુના લોકોને દંગો કરતા અટકાવીને પાછા ખસેડી દઇ સળગી ઉઠેલી અગ્નિને બુઝાવી નાંખી. હવે દાઉદખાન સુબાએ મજબુત બંદોબસ્ત કરવા માટે કુચ કરી દીધી.

**મીર યહયા** મનસબદાર કે જે, સરકારી સનદ લઇને આવેલો તેને બાદશાહી પસંદગીના કચ્છી તથા અરબી ઘોડાની ખરીદીના દરોગાની જગ્યા ઉપર કાયમ કરવામાં આવ્યો; અને ઘોડાઓને ખોરાકી આપવાના ખર્ચનો પરવાનો હજુરમાંથી સુબા દિવાન ઉપર મોકલવામાં આવ્યો. આ વખતે **સૈયદ અકિલખાન** પ્રથમ કહ્યા પ્રમાણે ખંભાતબંદરની મુસદ્દીગીરીના કામ ઉપર પોતાના તાબામાં સોંપાયેલા મહાલોમાં ગયો.

એજ મોસમમાં અલી બિન સુલતાનનું વહાણ કે જેમાં તે પોતે પણ મોજુદ હતો તે તોફાનમાં આવી ગયું અને પચાસ આરબી ઘોડા સાથે લઈ બસરેથી ઘોઘાબંદરે આવીને તેણે ખંભાતમાં લંગર કર્યું, અને તેમાંનો માલ અસબાબ બધો હોડીઓમાં નાંખીને ઉતાર્યો ત્યાર પછી **મીર યહયા** તથા

**મીર હુસેન** (એ બન્ને) ખબરપત્રીઓએ માલ તથા ઘોડા ઉતારવાની ખબર હજુરમાં મોકલાવી. આ નવાઈ જેવી હકીકત સાંભળીને હજુરે સૈઈદ અકીલ-ખાન ઉપર હુકમ કર્યો, જેથી તેણે **હાજી અલીને** આરબી તથા કચ્છી ઘોડાસહિત હજુર તરફ રવાને કરી દીધો, અને તે પણ ત્યાં બે-ત્રણ માસ સુધી થોભી ગયો. હવે પહેલાંના દસ્તુર પ્રમાણે મારા પિતા કે જે બંદરના બંદોબસ્તના અધિકાર ઉપર કાયમ ઠરાવથી હતા તેઓ ત્યાંનો પાકો બંદો-બસ્ત કરીને અમદાવાદ આવ્યા. આ સમયે સુબાદિવાને હજુર હુકમ પ્રમાણે ઘોડાઓને દરબારમાં મોકલી દીધા હતા.

મજકુર હાજી અલી નામનો વેપારી માલ તથા રોકડ મળીને સિત્તેરથી એંશીહજાર રૂપિયાનો ખજાનો પોતાની સાથે વહાણમાં લાવ્યો હતો અને ખંભાતબંદરમાં રોકડઉપર સિક્કો પડાવી લઈ સઘળા માલ સાથે અમદા-વાદ આવ્યો. તે પોતાની આયુષ્યનાં પગથીયાં પૈકીનાં એંશી પગથીયાં તો ચઢી ચુકેલ હતો. આવી વૃદ્ધ અવસ્થાએ પહોંચેલ છતાં પણ તે લાભ લેવાના લોભથી વહેપારઅર્થે ઇરાનથી હિન્દુસ્તાનમાં આવ્યો હતો. તેનું કથન શેખશાદીની શેખઅલીની વાર્તાપ્રમાણે હતું કે, પેલો માલ ત્યાંથી ત્યાં લઇ જઇ મોટો વેપાર કરીશ. તે કહેતો હતો કે, અમદાવાદમાંથી રોકડ નાણાંથી લુગડાં લતાં વિગેરે કાપડ લઇને દિલ્લી જઇશ અને ખુરજા મહાલમાં ગળી સારી થાયછે તે લઇને ઇરાન જઇશ અને પછી વેપાર કરવો બંધ કરીશ. તેની સાથે તેના ભરૂસાદાર ત્રણ-ચાર ગુલામો હતા. તે પોતે સ્વભાવે ઘણોજ મખ્ખીચૂસ તથા શરીરે ઘણો કમજોર અને દુર્બળ હતો. જયારે કંઈ જરૂર પડતી ત્યારે કોઇ એક ભોઇને મજુરી ઠરાવી તેની ખાંધ ઉપર સ્વાર થઇને જતો અને ફકત એકજ ખાખરી ઉપર રહેતો હતો. તેના ગુલામો " માલ મુફત, તો દિલ બેરહેમ " ની કહેવત પ્રમાણે દારૂ પીને દંગા-ફિસાદ તથા એશઆરામમાં દિવસ ગાળતા હતા.

ટુંકમાં તે વહેપારી અમદાવાદ આવીને **ખટરકરખાનાની** ધર્મશાળા આગળ એક મકાન ભાડે લઇને રહ્યો. ત્યાં કેટલાક લુચ્ચા માણસોએ તેની માલમતાની માહેતી મેળવીને રાત્રે તેના ઘરમાં પ્રવેશ કર્યો અને તેને ગર-દનથી કતલ કરીને જેટલી લઇ શકયા તેટલી રોકડની થેલીઓ ઉપાડી ગયા. બીજે દિવસે તેનો માલ અસબાબ શ્રીમંત સરકાર બાદશાહના અમ-લદારોએ જપ્ત કર્યો.

તે પછી હજુર દરબારમાં અરજ થયેલી હોવાથી હજુરને ખબર થઈ કે, ખાન ફીરોઝજંગ તથા સુબા શહામતખાંએ પાય બાકીનો તથા ખાલસાનો હિસાબ દિવાની દફતરથી વસુલ લીધો અને બાકીવાળા મહાલોને પોતાના પગારમાં રાખી મુકેલા હતા અને તેમની વસુલાત ખજાનામાં દાખલ કરી નહોતી તેથી દિવાન ઉપર સરકાર-બાદશાહનો હુકમ આવ્યો કે, હવે પછી સુબાઓને જમા-ખર્ચ વિષે હાલ ઘાલવા દેવો નહિ.

જહાંદારશાહની બાદશાહતના વખતમાં કર લેવાના ધારામાં દાખલ કરેલા ઘરોમાંથી એક ગુજરાતી ઘર ખુદાઇ જ્ઞાન ધરાવનાર શાહ અલી રઝા સરહંદી સાહેબને ઇનામમાં આપવાનું ઠરેલું, અને એજ ઘર આ વખતે જપ્તિમાં આવેલું હતું. તેનો કર ( વેરો ) માફ કરી તેમના સ્વાધિનમાં સોંપવાનો હુકમ આવી પહોંચ્યો. એજ વર્ષે ભારે વર્ષાદ થયો હતો અને તે રાત-દીવસ મળી કેટલાક દીવસો સુધી મુશળધારે પડતો રહ્યો હતો, જેથી સાબરમતી નદીમાં પાણીની રેલ ભારે જોશમાં આવવાથી શહેરમાં પેસી ગઇ હતી અને તેના લીધે ઘણીખરી ઇમારતો પાયામાંથી ઉખડી પડી હતી તથા શહેરનો કોટ પણ ઘણેખરે ઠેકાણેથી પડી ભાંગી ગયો હતો. તે વિષેની હજુરમાં અરજ કરવામાં આવેલ હોવાથી તેની મરામત કરવાની મંજુરી આપવાનો હુકમ મોકલવામાં આવ્યો. એજ અરસામાં અમદાવાદના સુબાનો ઘરનવિસ કારકુન **મુહમદ બાકર** મરહુમ બાદશાહ ઔરંગજેબના વખતથી મોટા કાજીની નાયબીનું કામ કરતો હતો, તે જગ્યા તેનેજ આપવામાં આવી, અને તેના બદલાયાથી સુબા દિવાનની જગ્યા સુરતબંદરમાં રહેતા **મુહતરિમખાનને** આપવામાં આવી; તે સિવાય હજુરમાંથી બંદરની મુસદ્દીગીરી તથા વડોદરા, પેટલાદ પરગણું, ધોળકા, ભરૂચ અને નડિયાદની ફોજદારી **મોમીનખાનને** આપવામાં આવી. જુનાગઢના ફોજદાર કુંવર **અભયસિંહના** બદલાયાથી બાકી રહેલી રકમની વસુલાત કરવા માટે તે જગ્યા અબદુલ હમીદખાનના હવાલામાં સોંપવામાં આવી અને મુહતરિમખાને પોતાના જઇ પહોંચતાં પહેલાં પોતાને સોંપાયલું કામ ચાલુ કરવા માટે સૈઇદ અકીલખાનને પોતાનો નાયબ ઠરાવ્યો, તેથી તેણે રવાના થઇ માહે શાબાન માસની પહેલી તારીખે તે કામ સંભાળી લીધું. તે પછી અબદુલ હમીદખાન પણ જુનાગઢમાં સ્વારો તેમજ પેદલનું લશ્કર મુકીને ત્યાંથી રવાના થઇ ગયો.

હવે **મોમીનખાન** રાજધાનીથી રવાને થઇ પોતાને સોંપાયલું કામ કરવા માટે સુરતબંદર આવ્યો, અને તેણે પેટલાદ પરગણાની ફોજદારી પોતાના સગા **કદરૂદ્દીનખાન**ને, ધોળકાની નાયબી પોતાના ભાઈ **મુહમદ અબ્દુલ્લા**ને અને વડોદરાની ફોજદારી **મુહમદ અસદગોરી**ને આપી. તે વખતે મુહતરિમખાન અમદાવાદમાં આવ્યો હતો; અને **દાઉદખાનસુબો** પેશકશીની વસુલાત કરતો કાઠીયાવાડમાં વધતો જતો **નવાનગર** તરફ ગયો અને પોતાથી બની શકયું તેટલું પેશકશીમાં વસુલ કરીને પાછા ફરતી વખતે **હળવદ**ના જમીનદારની કન્યા સાથે પોતાની શાદી (લગ્ન-વિવાહ) કરીને અમદાવાદમાં આવી પહોંચ્યો.

## મોમીનખાન અને સુરતબંદરના કિલ્લેદાર જયાખાનની વચ્ચે થયેલી લડાઇ.

સને ૧૧૨૭ હિજરી.

કામકાજ કરવા બાબત સુરતબંદરના મુસદ્દી **મોમીનખાન** તથા કિલ્લેદાર **જયાખાન**ની વચ્ચે ઝગડો ઉત્પન્ન થયો અને તે એટલે સુધી વધી ગયો કે, છેક તોપો બંદુકોની મોરચાબંધીનો વખત આવી ગયો. મુસદ્દીએ કદરૂદ્દીનખાન તથા અસદગોરીને ફોજની સાથે બોલાવી લીધા એટલે કિલ્લેદારે પણ વડોદરામાં રહેતા લશ્કરી **સૈઇદ કાસમ** ( સૈઇદ હુસેનખાનનો દીકરો ) ને તેના ખર્ચ વાસ્તે નાણાં મોકલાવી નોકર રાખી બોલાવ્યો. ભોગજોગે ભરૂચ નજીકના માર્ગ પટનમાં આ બન્નેનાં લશ્કરોની ભેટાભેટ થઇ ગઇ, તે વખતે તેઓ આગળ વધવાની તકરાર કરી ઉઠયા અને કાપાકાપીનું યુદ્ધ સમારવાની અણીપર આવી ગયા. તેમાં બન્ને બાજુના કેટલાક માણસો મરાયા તથા ઘાયલ થયા. કિલ્લેદારની ફોજ હારી ગઇ અને કદરૂદ્દીનખાન ફતેહ પામીને સુરતમાં દાખલ થઇ ગયો.

## મોહતરિમખાનની તજવીજથી, ચાલુ થયેલા આંટા-વહેવારનું બંધ પડવું અને મુહમ્મદઅલી વકતા તથા કપુરચંદ ભંસાલીનું હજુર દરબારમાં રવાના થવું.

એજ સાલમાં આંટા ( હુંડિયામણ ) નો વહેવાર ધીમે ધીમે ઘણો વધી પડયો હતો અને સેંકડે વીશ કરતાં પણ વધી ગયો હતો. જેથી મોહતરિમખાન સુબાએ કપુરચંદ ભંસાલી તથા બીજા નાણાવટીઓને બોલાવીને તાકીદ કરી કે, આંટાના લેણદેણના લીધે રૈયતનો કારોબાર બંધ થઇ ગયો

છે, અને રોકડનો વહેવાર ઉઠી ગયો છે, મતલબકે આ ખોટો વહેવાર વધી પડેલો છે તેને જેમ બને તેમ તુરત ઓછો કરો. એ હુકમનો જોકે કપૂરચંદ ભંસાલીએ અમલ કર્યો, પરંતુ મદનગોપાળનો ગુમાસ્તો હરિરામ કે જે તે વખતે સર્વોત્તમ નાણાવટી ગણાતો હતો તેણે લાભના લોભને લીધે કંઇ પણ ધ્યાન આપ્યું નહિ તેથી બન્નેના કારોબારમાં છતરાજી પેદા થઈ અને કપુરચંદની સામે હરીરામે ઝગડો મચાવ્યો. બન્ને તરફથી મોરચાબંધી થવા લાગી અને લડવા માટે તૈયાર થઇ ગયા. એ પ્રમાણે બે દિવસ સુધી ચાલ્યું. છેવટે ભવિષ્યના પરિણામનો ખ્યાલ કરનારા નાણાવટીઓએ વચ્ચે પડીને સુલેહ કરાવી દઈ આંટાના વહેવારને કાઢી નાંખવાના ઉપાયો કરવા માંડ્યા.

હવે 'આંટો' કોને કહેછે તે જુઓ. ( દાખલા તરીકે ) આંટો તેને કહેછે કે, નાણાવટીઓ રોકડ નાણાંની ભીડ વખતે એ પ્રમાણે કરેછે કે, જાણે કોઇ માણસે સુરતમાં નક્કી કરેલા રૂપિયા ત્યાંના નાણાવટીને ત્યાં ભર્યા, અને ફારસીમાં 'સુફતા' કહેવાતી હુંડીને ભાગીદાર અથવા ગુમાસ્તા ઉપર અમદાવાદ મોકલી જો તેની ખુશી હોય તો રોકડા રૂપિયા ગણી લે અને તે વખતે ચાલુ ભાવથી આંટાનો વટાવ કાપી લઇ આપે, અથવા હુંડીવાળા માણસથી બીજો માણસ તેટલાજ રૂપિયા માગે અને તે તેને હુંડી વેચી દે અને તે પોતે પોતાને તેનાથી છુટો કરી દે અને તે બીજાને આપે. એમ કરતાં કરતાં તે હુંડી છેવટે, જેની પાસેથી લીધી હોય તેની પાસે પહોંચી જાય અને તે, તે જોખમથી દૂર થઈ જાય; પરંતુ રોકડ તો તેમાં લેવાતીજ નથી.

મતલબ કે, જ્યારે હોળીના હંગામાનો મુકદ્દમો અને મોરચાબંધીની હકિકત ખબરપત્રીઓના લખવાથી હજુરના સાંભળવામાં આવી અને તે સાથેજ ગુજરાતી નાણાવટી વહેપારીઓ કે જેમની દુકાનો સરકારી છાવણીમાં હતી, તેઓ લેણદેણ કરવાના કામથી પરવારી બેઠા અને સર્વેએ એકત્ર થઇને દુકાનો બાળી નાંખવાની, મારી નાંખવાની, લુંટી લેવાની અને મુહમદઅલી વકતા તથા મુલ્લાં અબદુલ અઝીઝની ઉશ્કેરણીથી એ સઘળું બન્યાની અરજી હજુરમાં કરેલી, તે ઉપરથી હુકમ થયો કે, ગુરજબરદારોએ સખ્ત તાકીદી હુકમ લઇને જવું અને કપુરચંદ ભંસાળી તથા હરીરામને ( બન્નેને ) પગમાં બેડીઓ નાંખી મુશકો બાંધીને હજુર અદાલતમાં દાખલ કરવા.

ગુરજબરદારોના આવતાં પહેલાં હજુરની છાવણીમાં જે વોહોરા લોકો હતા તેઓએ લખી મોકલેલ હોવાથી મુલ્લાં અબ્દુલ અઝીઝને ચેતવણી મળી ચુકેલ હતી અને તેણે મુહમદઅલી વકતાને ખબર કરી દીધી. પછી તે બન્ને જણાએ એવી મસલત કરી કે, હજુરમાં જવું તે લાભકારી છે, એમ ધારીને તેઓ રવાના થઇ ગયા, અને ત્યારબાદ તે હકિકત કપુરચંદ ભંસાળી તથા હરીરામના જાણવામાં આવી તેથી તેઓ બન્ને પણ હજુરમાં જવા માટે રવાના થઇ ગયા. હવે જે ગુરજબરદારો હજુરમાંથી આ તરફ આવવા માટે રવાને થયા હતા તેઓ રસ્તામાંથીજ પાછા ફર્યા. એ મુજબ તે સઘળાઓ પંથ કાપીને વહેલા–મોડા દીલ્હી જઇ પહોંચ્યા. તે પૈકીના **મુહમદઅલી**એ દિલ્લીની જુમામસ્જીદમાં ઓટલાઉપર ઉભા રહીને ઘણુંજ અસરકારક ભાષણ કર્યું; તેનામાં ભાષણ કરવાની શક્તિ ઘણીજ છટાદાર હતી, તેમજ વર્ણન કરવાની શક્તિ પણ પૂર્ણ વિસ્તારવાળી હતી. તેના ભાષણમાં એવી તો ખેંચાણકારક અસર હતી કે, જેથી થોડાજ વખતમાં તેનાં વખાણ સર્વત્ર ફેલાઇ ગયાં. તેનું ભાષણ સાંભળવા માટે ગરીબ તેમજ તવંગર મોટી સંખ્યામાં એકઠા થઇ ગયા અને તે વખતનો દેખાવ એક જબરદસ્ત મેળાવડારૂપ થઇ પડ્યો. તેનાં ભાષણની અસર એટલે સુધી વધી ગઇ કે, છેક **ફઝાઇલખાન**ની મારફતે તેનાં વખાણ હજુર દરબારમાં થવા લાગ્યાં. જેથી તેને બોલાવવાનો હુકમ હજુરમાંથી ફરમાવવામાં આવ્યો, અને મુલ્લાં અબ્દુલ અઝીઝ કે જે ઘણોજ વિદ્વાન અને જ્ઞાની હતો તે પણ હજુરમાં પહોંચી ગયો.

હવે એ બધી હકિકત વગરમધ્યસ્તાએ હજુરમાં જાહેર થઈ ગઇ, તેથી જ્યારે હજુર બાદશાહના દીલમાં એવી અસર થઇ કે, હિન્દુ લોકોએ ઉલટું બતાવીને આ જગપ્રિય પુરૂષને ઘરબારથી કાઢી ખરાબ ( હેરાન ) કર્યો છે, ત્યારે હુકમ કર્યો કે, કપુરચંદ વિગેરેને કેદ કરી પગે બેડીઓ પહેરાવી બંધીખાને સોંપવા અને સુબા તથા સુબાદિવાન ઉપર હુકમ મોકલાવ્યો કે, તેના (કપુરચંદના) ઘરને જપ્ત કરી લેવું, અને તેજ પ્રમાણે અમદાવાદમાં તેના મકાનઉપર જપ્તિ કરવામાં આવી. તે પછી જ્યારે મુહમદઅલીનું ભાષણ હજુરના સાંભળવામાં આવ્યું ત્યારે તેપર પૂરતું લક્ષ આપી પવિત્ર જીભથી તેની વાહવાહના ઉચ્ચારો ઉચરાયા અને ઘણાંજ પ્રસંશનિય વખાણ સર્વત્ર થવા લાગ્યાં, તેમજ લોકોનાં દીલ પણ ઘણાંખરાં તેની તરફ ખેંચાતાં થઇ ગયાં.

કેટલાક દીવસ પછી કપુરચંદે કેદમાંથી છુટવા માટે મુહમદઅલી તથા મુલ્લાં અબદુલ અઝીઝની પળસી (આજીજી) કર્યા સિવાય બીજો કંઇ ઇલાજ જોયો નહિ તેથી તેણે સંદેશો મોકલીને કહેવડાવ્યું કે, તમે અને અમે એકજ શહેરમાંથી અત્રે આવેલા છીએ તેથી વેરભાવ તથા લડાયક બાબતોને વચ્ચેથી કાઢી નાખીને એવી કંઇક ગોઠવણ કરો, કે જેથી તમે-અમે પાછા સ્વદેશમાં સહિસલામત પહોંચી જઇએ; પરંતુ મુલ્લાં અબદુલ અઝીઝે તો હજુરમાંથી પાછા ફરવાની રૂખસત મેળવી લીધી હતી તેથી તેતો મુહમદઅલીની રજા લઇને રવાને પણ થઇ ગયો; તે બાદ મુહમદ-અલી કે જેને આજીજી તથા વિનંતિઓ કરીને રોકી રાખ્યો હતો તે ત્યાંજ મૃત્યુ પામ્યો.

દાઉદખાન-( સુબો ) એક લશ્કરી માણસ અને ધૈર્યતાવાળો પુરૂષ હતો. તેના સિપાઇઓમાંના કોઇની પણ હિમ્મત ચાલી શકતી નહોતી કે, તેઓ લડાઇના વખતે ખેતીમાંથી એક કણુસલું સરખું પણ જબરદસ્તીથી મેળવે. પરંતુ "હકુમતની રીતી અને રાજનીતિ તો એક જુદીજ તરેહની બુદ્ધિનું કામ છે" આ અભ્યાસથી તે બીનવાકેફ હોવાથી તેના વખતમાં પૂરતો બંદોબસ્ત જામેલો નહોતો તેથી ગુજરાતમાં કોળી તથા લુટારા લોકો રાત્રે શહેર તથા પુરાઓમાં ધુસી જઇને ખાતરો (ચોરી) પાડતા અને રોકડ તથા ઘરેણાં ગાંઠાં વિગેરે માલમિલકત લુંટી જતા હતા. ધાડાં પાડવાની પહેલીજ શરૂઆત એજ વખતે થઈ હતી; અને સઘળો કારભારકર્તા દક્ષિણી પંડિતો પણ પોતાની મરજીના અધિકારથી અમલ કરતા હતા. વજીફદારો ઉપર છુટામણ અને સાદાત મદદખર્ચના જે નવા કરો નાખવામાં આવ્યા હતા તેની તથા પ્રથમના બનાવોની ખબરો હજુરમાં જાહેર થઇ, તેથી તેની બદલી કરવામાં આવી અને વકીલોનાં લખાણોથી હજુરે તેવિષે તપાસ કરીને **પાલણપુરના** ફોજદાર **ગઝનીખાનને** સુબાના આવતાં સુધી તે કામ કરવામાટે નાયબ ઠરાવવામાં આવ્યો. દાઉદખાન સુબો સન મજકુરના માહે શાબાનમાસની પહેલી તારીખે દક્ષિણ તરફ રવાને થઇ ગયો.

**સમાપ્ત.**

જલદી ચેતો, પાછળથી નહી મળી શકે !

# ખાસ ઈસ્લામી ભાઈઓ માટે

## ઇસ્લામી ધાર્મિક જુસ્સાનો આબેહુબ ચિતાર બતાવનાર

# આઈને ઉલફત અથવા પ્રેમીઓનું પરાક્રમ.

( નામની ટરકીશ તવારીખી નોવેલ )

**આ નોવેલ**–કોઇ જોડી કાઢેલી કે બનાવટી નથી, બલ્કે તુર્કી સલતનત અને યુરોપનાં ઇસાઇ રાજ્યો સાથેની લડાઇઓ પૈકીની આ એક ધાર્મીક લડાઈ ( ક્રુઝેડ ) કે જે સને ૫૮૭ હિજરીની સાલમાં થએલી તે માંહેની **ખરેખરી બનેલી** ઇતિહાસીક વાર્તા છે.

ઇસ્લામી સરદારોનો ધાર્મિક જોશ અને લડાયક જુસ્સો, તેઓની બહાદુરી અને યુદ્ધકળા, તેઓની ખંત અને તેઓના મુખમાંથી નિકળતા **" અલ્લાહો અકબર "** ના ભયંકર ઉદગારો ઘણાજ શુરાતન ઉપજાવે તેવા છે. **સુલતાન** તથા તેમના **શાહજાદા અઝીઝ**ની બહાદુરી અને હિંમતભર્યો જોશ કંઈ જેવો તેવો નથી. સામી તરફથી ઇસાઇઓનો સ્વધર્મી જોશ અને લડાયક કુશળતા પણ જાણવા જોગ છે.

તે સિવાય સુલતાનના શાહજાદાએ મોતના પંજામાંથી બચાવેલી એક ખ્રિસ્તી રાજકન્યાનો, શાહજાદાની મોહોરદાર બીબી યાને ધણિયાણી બનવાનો જીગરનો જોશ, ઇસ્લામ પ્રત્યેની વફાદારીભરી ઉમેદવારી અને મોહબ્બતભર્યા પ્રેમનો નમુનો ઘણોજ પ્રસંશાપાત્ર છે. અંતે **ઇસ્લામનો જય** તથા **ઇસાઈઓ ( ખ્રીસ્તીઓ ) નો પરાજય** થાયછે અને **શાહજાદો અઝીઝ** તે ક્રિશ્ચીયન શાહજાદીને પોતાની પત્ની યાને ધણીયાણી બનાવવામાં ફતેહમંદી મેળવે છે.

**મજકુર નોવેલ**–( બુક )–ડેમી આઠપેજી ૨૩ ત્રેવીશ ફારમની ( ૧૮૪ પાનાની ) અને સારા લીસા ગ્લેઝ કાગળપર છપાયેલી સોનેરી પાકા બાઇન્ડીંગની છે. **કિમ્મત રૂ. ૧॥ દોઢ તથા ટપાલખર્ચ જુદું.** મંગાવવા માટે લખો.

મેનેજર—" પોલીટીકલ ભોમીઓ " અમદાવાદ.

# કુદરતની કારીગીરી.

## અને

# મનુષ્ય જીવન.

**નામ પ્રમાણેજ કામ અને જ્ઞાન-ગુણના ભંડારનો ભરપુર ખજાનોછે.**

ઉપર લખ્યા નામનું પુસ્તક હાલમાંજ અમારા તરફથી બહાર પડેલ છે અને તેની થોડીજ નકલો બાકીમાં છે. આ પુસ્તક કેટલું કીમતી અથવા તો ખુબી ભરેલું છે તેના સમ્બંધમાં, જેમ કેટલાક ગ્રંથકર્ત્તા કે પ્રગટકર્ત્તાઓ વખાણ કરવામાં કચાશ રાખતા નથી, પણ તેવાં કેટલાંક પુસ્તકો વાંચ્યા પછી ખરીદીનાં નાણાંના તથા ગુમાવેલા વખતના માટે પસ્તાવાનો પાર રહેતો નથી, તેમ અમારો પ્રયાસ તેવો નથી. આ પુસ્તકના માટે ઉપર મુજબ જે ખાસ ધ્યાન ખેંચેલ છે તેની સચ્ચાઇની તુલના અગર કસોટી દરેક જ્ઞાની અને સમજુવર્ગ શીવાય સાધારણ સમજનો વાંચકવર્ગ કરી શકે તેમ નથી.

આ પુસ્તકનું ગુજરાતી ભાષાન્તર, જુનાગઢ મહોબત મદરેસાના માજી પ્રીન્સીપલ મરહુમ મી૦ અબ્દુલગની આરબી મોટલાની બી. એ. એલ. એલ. બી. એ પોતાના રંગુન ખાતેના ઘણા દોસ્તોની સલાહથી કરેલું છે તે પુસ્તક વાંચકવર્ગને કેટલુ ઉપયોગી થઇ પડશે તેની કસોટી કરવાનું કામ અમારૂં નથી. તેનો આધાર દરેક વાંચકવર્ગની સમજશક્તિના ઉપર રહેલો છે.

પુસ્તક ડેમી આઠપેજી, લગભગ ૪૦ ફર્માનું, ગ્લેઝ કાગળ, સોનેરી પાકા પુંઠાથી, દેખાવમાં સુશોભિત બનાવેલ છે. તેની કીંમત રૂા. ૧-૮-૦ રાખેલ છે.

## ' ખાસ લાભ '

જેઓ "રાણાવાવ ઇખ્વતુલ ઇસ્લામ"ના સને ૧૯૧૨ ની સાલમાં મેમ્બરો તરીકે દાખલ છે અને સાલ મજકુરમાં મેમ્બર તરીકે દાખલ થશે અને તેઓ '**પોલીટીકલ ભોમીઓ**' પેપરના પણ ગ્રાહક હશે તો તેમના પાસેથી ૦-૧૨-૦ બાર આના લેવામાં આવશે. તથા જેઓ '**પોલીટીકલ ભોમીઓ**' અને **ફયઝેઆમ**'ના સને ૧૯૧૨ ની સાલના માટે ગ્રાહક થઇ ચુકયા છે અથવા:હવે પછીના વર્ષ માટે જેઓ ગ્રાહક થશે તેમના **પાસેથી** નકલ ૧ નો રૂ. ૧-૮-૦ લેવામાં આવશે. પોસ્ટેજ મંગાવનારના **શીર** છે. ૧૦ દશ નકલ સામટી મંગાવનારને એક નકલ ભેટ અને પોસ્ટેજ માફ. નીચેના સરનામેથી મળશેઃ—

**મેનેજર—' પોલીટીકલ ભોમીઓ ' અમદાવાદ.**

### ખાસ ઈસ્લામી ભાઇઓને વાંચવા લાયક.

## ખુલફાએ રાશેદીનના સમયની સાચી વાર્ત્તા-

# મહેબુબે કુરેશ.

ઉપલી નોવેલ ( પુસ્તક ) કે જે અમારા તરફથી હાલમાંજ તૈયાર થઇ બહાર પડેલ છે તે મીસરના મહાન ખ્રિસ્તી વિદ્વાન અને "**અલહિલાલ**" નામના બહોળો ફેલાવો પામેલા અરબી માસિકના અધિપતી **મી૦ જોર્જ ઝઇદાન**ની કલમથી લખાયેલી છે તેમાં એવા એવા ધાર્મિક જુસ્સાદાર વિષયો ભરપુર રસથી લખાયેલા છે કે, જો ફકત ઉપર ઉપરથીજ નજર ફેરવી વાંચવામાં આવે તો, તે બુકને પૂરી વાંચ્યાવગર છોડવાનું મન થશેજ નહી.

મજકુર નોવેલની શરૂઆતમાં આ વાર્તાની મુખ્ય પાત્ર **અસ્મા** નામની યુવાન બાળાનું બયાન આપેલું છે, તે બાળા ઉપર પોતાની બાળ વયમાં કેવાં કેવાં અસહ્ય સંકટો આવી પડેલાં છે અને તે દુઃખો તેણીએ કેવી હિંમતથી સહન કર્યાં છે, તથા હજરત ઉસ્માન (રદી) ઉપર કેવા પ્રકારના આરોપો મુકવામાં આવ્યા અને તેઓની કતલ શા કારણથી અને કેવી રીતે થઇ, તથા હજરતઅલીની બયઅત માટે ત્યાંના લોકોમાં કેટલા અને કેવા પ્રકારના ફાંટા પડી ગયા, અસ્માનો **મોહમ્મદ** પ્રત્યે કેવી રીતે પ્રેમ થયો અને તે પ્રેમના અંગે તેણી ઉપર કેવી કેવી આફતો આવી પડી અને તે પણ તેણીએ કેવી બહાદુરીથી સહન કરી, તેણીએ એક અબળા હોવા છતાં પણ મરદની માફક લડાઇમાં કેવી બહાદુરીથી હિંમત બતાવી છે, મોહમ્મદના પ્યારસિવાય કોઇની વાત કબુલ નહી રાખતાં વાર્તાના અંતસુધી પણ અસ્માએ મોહમ્મદનો પ્રેમ કેવી રીતે જાળવી રાખ્યો અને મોહમ્મદે પણ અસ્માની મોહબ્બત પોતાના દીલમાં કેવી રીતે ટકાવી રાખી, મોહમ્મદની લડાયક બહાદુરી અને પછીથી કેદ થયા બાદ તેની કેવી દુઃખકારક સ્થિતિ થઇ અને તેના પ્યારની ખાતર તેનીજ શોધમાં અસ્માએ કેવી રીતે જીંદગી ગુજારી અને અંતે તેના પણ શા હાલ થયા વિગેરે ઘણુંજ અસરકારક વર્ણન તેમાં અપાયેલું છે. ટુંકમાં આ નોવેલ વાંચવા માટે હાથમાં લીધા બાદ પુરી કર્યા શીવાય છોડવાનું દીલ થશેજ નહી.

કિમત—રૂ. ૧-૮-૦ પોસ્ટેજ રૂ. ૦-૨-૦ જુદું.

લખો—મેનેજર

**પોલિટીકલ ભોમીઓ—અમદાવાદ.**